ૐ

શ્રી વીતરાગાય નમઃ

રાજહૃદય

(ભાગ-૧૮)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

(પત્રાંક-૮૧૨ થી ૮૯૬)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૮-૫-૨૦૧૬ (વૈશાખ સુદ ૨, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૭મો જન્મમહોત્સવ)
પ્રત : ૨૦૦
પૃષ્ઠ સંખ્યા : ૩૬૦ + ૮ = ૩૬૮
પડતર કિંમત : ૬૧૦/-
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
ભગવતી ઓફસેટ
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

પ્રસ્તાવના

'રાજહૃદય' ભાગ-૧૮નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં 'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'માં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે 'રાજહૃદય' નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઈચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે

જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઈત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજહૃદય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે 'પૂજ્ય ભાઈશ્રી'ના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ

ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, આ તો બાર અંગનો સાર છે ! એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ખાલી જગ્યા રાખવામાં આવી છે. 'પૂજ્ય ભાઈશ્રી'ના ભાવોનો પ્રવાહ યથાવત જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૫૦૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૧૯ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઈમ્પ્રેશન્સ'નો આભાર માનવામાં આવે છે. રાજહૃદયના બધા ભાગો **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

'રાજહૃદય' ભાગ-૧૮ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

શાંતિલાલ છગનલાલ શાહ, ચેન્નઈ	૪૧,૦૦૦/-
સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી	૨૫,૦૦૦/-
સ્વ.જયંતિલાલ કુરજીભાઈ મહેતાના સ્મરણાર્થે,	
હ. ડો. મહેશભાઈ મહેતા તથા ડો. ગીતાબેન મહેતા	૨૫,૦૦૦/-
શ્રી શાંતિલાલ વી. દેઢિયા, મુંબઈ	૧૭,૦૦૦/-
શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર	૧૧,૦૦૦/-
શ્રી દિક્ષીત એમ. મહેતા, મુંબઈ	૫,૫૦૦/-
શ્રીમતી નીરુબેન મણીલાલ સાવલા, મુંબઈ	૫,૦૦૦/-
શ્રીમતી શ્વેતાબેન ભાવીનભાઈ સાવલા, મુંબઈ	૫,૦૦૦/-
સારિકાબેન, મુંબઈ	૫,૦૦૦/-
શોભનાબેન દિનેશભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
તોરલબેન દિનેશભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
શ્રીમતી સરિતાબેન મીસરીફ, તેજપુર	૫,૦૦૦/-
શ્રીમતી પ્રમીલાબેન ભૂરા, તેજપુર	૫,૦૦૦/-
પૂનમબેન ભાવેશભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
પૂજાબેન પારસભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ	૫,૦૦૦/-
ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા	૫,૦૦૦/-
શ્રી રસીકભાઈ એન. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
શ્રીમતી તરુલતાબેન આર. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
મીના વી. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
માનસી શાહ, મુંબઈ	૫,૦૦૦/-
પૂજા વી. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
સ્વ. શ્રી ગુલાબભાઈ જી. ભાટિયા, મુંબઈ	૫,૦૦૦/-
શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર	૨,૫૦૦/-
શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ	૨,૫૦૦/-
શ્રીમતી ઈલાબેન દિનેશભાઈ છેડા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રીમતી માનસી મોનાક છેડા, મુંબઈ	૨,૫૦૦/-
મૈત્રી દિનેશભાઈ છેડા, મુંબઈ	૨,૫૦૦/-

શ્રીમતી મીનાબેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રીમતી ચેલણાબેન શ્રેણીકભાઈ સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રી પ્રતિકભાઈ ઝવેરીભાઈ સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
વેલબાઈ વીશનજી સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા	૨,૧૦૦/-
શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર	૨,૧૦૦/-
શ્રીમતી વાસંતીબેન જયંતભાઈ ગાલા, મુંબઈ	૨,૦૦૦/-
શ્રીમતી લીનાબેન ભરતભાઈ રાંભિયા, મુંબઈ	૨,૦૦૦/-
શ્રી જિનેન્દ્રભાઈ દિલીપભાઈ દોશી, ચેન્નઈ	૨,૦૦૦/-
શ્રીમતી રાધિકાબેન જિનેન્દ્રભાઈ દોશી, ચેન્નઈ	૨,૦૦૦/-
હર્ષ, સ્મિત ભરતભાઈ રાંભિયા, મુંબઈ	૧,૫૦૦/-
શ્રીમતી વીણાબેન મહેન્દ્રભાઈ વીરા, મુંબઈ	૧,૫૦૦/-
શ્રી પ્રકાશભાઈ શાહ, મુંબઈ	૧,૦૦૦/-
શ્રીમતી જીજ્ઞા દિપકભાઈ છેડા, મુંબઈ	૧,૦૦૦/-
હેત્વી દિપકભાઈ છેડા, મુંબઈ	૧,૦૦૦/-
શ્રી દિપકભાઈ તલકશી છેડા, મુંબઈ	૧,૦૦૦/-
શ્રી મીનાબેન લાલુભાઈ ભીખાભાઈ, મુંબઈ	૧,૦૦૦/-
રક્ષાબેન પરેશભાઈ શાહ, મુંબઈ	૧,૦૦૦/-
શ્રીમતી વર્ષાબેન તરુણભાઈ સાવલા, મુંબઈ	૧,૦૦૦/-
શ્રીમતી લીલાબેન શેઠી, તેજપુર	૧,૦૦૦/-
શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા	૧,૦૦૦/-
શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર	૧,૦૦૦/-
શ્રીમતી બેલાબેન જૈન, ભાવનગર	૧,૦૦૦/-
સ્વ. ઈન્દુમતી જસવંતલાલ કામદારના સ્મરણાર્થે, હ. જસુભાઈ કામદાર	૫૦૦/-
શ્રીમતી સ્નેહલતાબેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર	૨૫૧/-
સ્વ. કસ્તુરીબેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-
સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-
ધારા ઋષભ શાહ, ભાવનગર	૧૫૧/-

પ્રવચન અનુક્રમણિકા

પ્રવચન નં.	પત્રાંક	પાના નં.
૩૯૮.	પત્રાંક-૮૧૨ થી ૮૧૫	૦૦૧
૩૯૯.	પત્રાંક-૮૧૬ - ૮૧૭	૦૧૯
૪૦૦.	પત્રાંક-૮૧૮ થી ૮૨૧	૦૩૬
૪૦૧.	પત્રાંક-૮૨૧ થી ૮૨૫	૦૫૪
૪૦૨.	પત્રાંક-૮૨૬ થી ૮૨૯	૦૭૧
૪૦૩.	પત્રાંક-૮૨૯ થી ૮૩૧	૦૮૮
૪૦૪.	પત્રાંક-૮૩૨-૮૩૩	૧૦૪
૪૦૫.	પત્રાંક-૮૩૩	૧૨૨
૪૦૬.	પત્રાંક-૮૩૪ થી ૮૩૭	૧૩૭
૪૦૭.	પત્રાંક-૮૩૭	૧૫૮
૪૦૮.	પત્રાંક-૮૩૮ થી ૮૪૩	૧૭૪
૪૦૯.	પત્રાંક-૮૪૩-૮૪૪	૧૯૨
૪૧૦.	પત્રાંક-૮૪૫ થી ૮૫૫	૨૦૮
૪૧૧.	પત્રાંક-૮૫૬ થી ૮૫૯	૨૨૬
૪૧૨.	પત્રાંક-૮૫૯ થી ૮૬૫	૨૪૩
૪૧૩.	પત્રાંક-૮૬૬	૨૬૧
૪૧૪.	પત્રાંક-૮૬૭ થી ૮૭૫	૨૭૭
૪૧૫.	પત્રાંક-૮૭૫ થી ૮૮૧	૨૯૭
૪૧૬.	પત્રાંક-૮૮૨ થી ૮૮૬	૩૧૩
૪૧૭	પત્રાંક-૮૮૭ થી ૮૯૬	૩૨૯

ॐ

नमः श्रीसिद्धेभ्यः

રાજહૃદય

(ભાગ-૧૮)

પત્રાંક-૮૧૨

મુંબઈ, આસો સુદ ૮, રવિ, ૧૯૫૩

કોઈ એક પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનું બની શકતું નથી. વિશેષ ઊંચી ભૂમિકાને પામેલા મુમુક્ષુઓને પણ સત્પુરુષોનો યોગ અથવા સત્સમાગમ આધારભૂત છે, એમાં સંશય નથી. નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો યોગ બનવાથી જીવ ઉત્તરોત્તર ઊંચી ભૂમિકાને પામે છે. નિવૃત્તિમાન ભાવ પરિણામ થવાને નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ જીવે પ્રાપ્ત કરવા યોગ્ય છે. શુદ્ધ સાન વગરના આ જીવને કોઈ પણ યોગથી શુભેચ્છા, કલ્યાણ કરવાની ઈચ્છા પ્રાપ્ત થાય અને નિઃસ્પૃહ પરમ પુરુષનો યોગ બને તો જ આ જીવને ભાન આવવું યોગ્ય છે. તે વિયોગમાં સત્શાસ્ત્ર અને સદાચારનો પરિચય કર્તવ્ય છે; અવશ્ય કર્તવ્ય છે. શ્રી ડુંગર આદિ મુમુક્ષુને ય.

તા. ૧૮-૮-૧૯૯૨, પત્રાંક - ૮૧૨ થી ૮૧૫
પ્રવચન નં. ૩૯૮

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૧૨. પાનું-૬૧૩. 'શ્રી સોભાગભાઈ'ના પુત્ર 'ત્રંબકભાઈ' ઉપર લખાયેલો છે. '**કોઈ એક પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનું બની શકતું નથી.**' પારમાર્થિક હેતુ આમાં એ છે કે પોતાના પરિણામ નિત્યપણે સ્વરૂપ પ્રત્યયી પરિણમન થઈ રહ્યા હોવાથી પત્રાદિ લખવાની બાહ્ય પ્રવૃત્તિમાં એટલો પ્રવેશ કરી શકતા નથી. પત્ર નહિ લખવાનું પોતાનું અંગત કારણ છે. અને તેમાં બાહ્ય કાર્યમાં વિકલ્પો ન થઈ શકે એવી પરિસ્થિતિ વર્તે છે. એવી અધ્યાત્મદશાને વશ બાહ્ય પ્રવૃત્તિ થઈ નથી શકતી. આમ વિચાર આવે કે પત્રનો ઉત્તર અપાય તો સારું પણ થઈ શકતું નથી. એવી એક વિશેષ અધ્યાત્મદશા છે એમ ત્યાંથી પ્રસિદ્ધ થાય છે.

હવે '**વિશેષ ઊંચી ભૂમિકાને પામેલા મુમુક્ષુઓને પણ સત્પુરુષનો યોગ અથવા સત્સમાગમ આધારભૂત છે, એમાં સંશય નથી.**' તો પછી સામાન્ય ભૂમિકાને પામેલાને સત્સમાગમ અને સત્પુરુષનો યોગ આધારભૂત હોય એમાં કાંઈ વિશેષ વિચારવાનું રહેતું નથી. મુમુક્ષુની ભૂમિકામાં ધ્યાનમાં લેવા યોગ્ય, વિશેષપણે લક્ષ દેવા યોગ્ય આ એક વાત છે, એક મહત્ત્વપૂર્ણ વાત છે કે સંગ જોઈ વિચારીને કરવો. ગમે તેનો સંગ કરવો નહિ અથવા કુસંગ કરવો નહિ. જો જીવ કુસંગ કરે તો ક્યાંનો ક્યાં ચાલ્યો જાય એ કહેવું એને મુશ્કેલ છે.

મુમુક્ષુ થવા છતાં, મુમુક્ષુ હોવા છતાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષની વિરાધનાના પરિણામમાં આવી જવાનું કારણ કુસંગ છે. જોકે ત્યાં મુમુક્ષુતા રહેતી નથી પણ કહેવાતી મુમુક્ષુતા ત્યાં હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો કોઈ પ્રસંગ હોય કે કોઈપણ જ્ઞાની ધર્માત્મા વિષયક પ્રસંગ હોય તેના વિરુદ્ધ વિરાધનાના પરિણામ થવામાં જીવને કુસંગ જેવો બીજો કોઈ પ્રતિબંધ નથી. નુકસાનકારક કોઈ બીજું કારણ નથી, જેટલું આ કારણ છે. મુમુક્ષુ જીવે આ મહત્ત્વપૂર્ણ વાતને પૂરી ગંભીરતાથી આ વિચારવા યોગ્ય છે. અહીંયાં તો 'કૃપાળુદેવે' વિશેષ ઊંચી ભૂમિકાને પામેલા મુમુક્ષુની વાત કરી. એટલે સમર્થ વાત કરે છે. નીચેવાળાને તો એ વાત આપોઆપ લાગુ પડી જાય છે.

મુમુક્ષુ :- આધારભૂત શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આધારભૂત છે એમ કીધું.

'**વિશેષ ઊંચી ભૂમિકાને પામેલા મુમુક્ષુઓને પણ સત્પુરુષનો યોગ એટલે**

સત્સમાગમ આધારભૂત છે, એમાં સંશય નથી.' એમાં શંકા કરવા જેવો વિષય નથી. એમાંથી અનર્પિત એ નીકળે છે કે કોઈપણ કક્ષાના, કોઈપણ યોગ્યતાવાળા મુમુક્ષુએ અસત્સંગ અને કુસંગથી બચવા માટે સાવધાન રહેવું જોઈએ. નહિતર સર્પ એકાદ વખત કરડે અને મરી જવાય પણ આ કુસંગ કરડેલો કેટલી વખત જન્મ-મરણ કરાવે એનો કોઈ હિસાબ નીકળે એવું નથી. સર્વ શાસ્ત્રોમાં આ કુસંગનો ઉપચાર કર્યો છે. મહાત્માઓએ, શાસ્ત્રકારોએ, સત્પુરુષોએ અનુભવી પુરુષોએ પોતાના અનુભવથી આ ચેતવણી ઉચ્ચારી છે કે ધ્યાન રાખજો, ક્યાંય કુસંગ થાય નહિ અને સત્સંગમાં રહેવાનો નિરંતર પ્રયત્ન કરજો. એ જ તમને આધારભૂત છે. તમારી મેળે આગળ જાવા જાશો તો ત્યાં મુશ્કેલીમાં મુકાશો ખબર પડશે નહિ. કેમકે તમે રસ્તાથી અજાણ્યા છો.

'**નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો યોગ બનવાથી જીવ ઉત્તરોત્તર ઊંચી ભૂમિકાને પામે છે.**' નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો યોગ બનવાથી એટલે કે નિવૃત્તિમાં રહેવાથી. પ્રવૃત્તિ તો અસત્સંગ છે. સંસારની પ્રવૃત્તિ તો અસત્સંગ છે અને તેમાં કુસંગ થવાની વિશેષ પરિસ્થિતિ ઊભી છે. એટલે બને ત્યાં સુધી જીવે પ્રવૃત્તિ છોડીને આત્મકલ્યાણના હેતુથી નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરવો, પ્રયત્ન કરવો અને સેવવો. નિવૃત્તિ દ્રવ્ય, નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિ કાળ અને નિવૃત્તિ ભાવને સેવવા. તો ઉત્તરોત્તર ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થઈ શકે. અથવા સત્સંગનો અવકાશ વિશેષ રહે છે. નિવૃત્તિ હોય તો સત્સંગનો અવકાશ વિશેષ રહે છે. પ્રવૃત્તિ હોય તો સત્સંગનો અવકાશ રહેતો નથી.

'**નિવૃત્તિમાન ભાવ પરિણામ થવાને નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ જીવે પ્રાપ્ત કરવા યોગ્ય છે.**' એ એના નિમિત્ત છે. પોતાના નિવૃત્તિમાન પરિણામ થાય, ભાવપરિણામ થાય તે માટે નિવૃત્તિમાન દ્રવ્ય, નિવૃત્તિ ક્ષેત્ર અને નિવૃત્તિ કાળ જીવે પ્રાપ્ત કરવા જોઈએ. એ નિવૃત્તિ ભાવ માટેના નિમિત્તો છે.

મુમુક્ષુ :- ભાવ નિવૃત્તિની વાત લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અંતર નિવૃત્તિ થવા અર્થે બાહ્ય નિવૃત્તિ ઉપકારી છે એમ કહેવું છે. અંતર નિવૃત્તિ થવા અર્થે બાહ્ય નિવૃત્તિ છે તે ઉપકારી છે.

'**શુદ્ધ સાન વગરના આ જીવને...**' શું કીધું ? ભાન વગરના આ જીવને. શુદ્ધ સાન વગરના આ જીવને એટલે કાંઈ એને આત્મકલ્યાણ કેમ થાય એનું ભાન નથી એવા જીવને '**કોઈ પણ યોગથી શુભેચ્છા, કલ્યાણ કરવાની ઈચ્છા પ્રાપ્ત થાય અને નિઃસ્પૃહ પરમ પુરુષનો યોગ બને તો જ આ જીવને ભાન આવવું યોગ્ય છે.**' ક્યારે એ ભાન વગરના જીવને ભાન આવે ? એમ કહે છે. એવો કોઈ યોગ થાય કે જેથી

એની શુભેચ્છા થાય. શુભેચ્છા થાય એટલે સારી ઈચ્છા થાય કે હું મારા અવગુણનો નાશ કરું, મારા ગુણ પ્રગટાવું. અથવા મારા આત્માનું કલ્યાણ કરું એવી ઈચ્છા પ્રાપ્ત થાય. મારે મારું આત્મકલ્યાણ કરવું છે એવી ઈચ્છા એને પ્રાપ્ત થાય. અને એવી ઈચ્છા પ્રાપ્ત થાય, સાથે સાથે એને નિઃસ્પૃહ પરમ પુરુષનો યોગ બને, નિઃસ્પૃહી જ્ઞાનીનો યોગ બને. જ્ઞાની નિઃસ્પૃહી જ હોય છે. એટલે કે ત્યાગી હોય, વિદ્વાન હોય પણ સ્પૃહાવાન હોય તો તેનો યોગ આત્મકલ્યાણ માટે ઉપકારી નથી. શું કહેવું છે આમાંથી ? અનર્પિત શું નીકળે છે ? કે જેને સ્પૃહા હોય, કાંઈ પણ એનાથી પ્રાપ્ત કરવાની આશા-અભિલાષા હોય તો એવાનો યોગ આત્મકલ્યાણની ભાવનામાં અનુકૂળ પડતો નથી. કેમ? કે એને આત્મકલ્યાણમાં બાધક વાત બેધડકપણે કહી નહિ શકે. એને ધડકન આવી જશે એટલે અચકાટ આવી જશે. આને ખોટું લાગશે તો ? આને આમ કહેવા જતાં આમ લાગશે તો ? અહીંયાં આપણે રાજી રાખીએ એવું બોલીએ તો ? એવી પરિસ્થિતિ ઊભી થયા વગર નહિ રહે. જ્યારે નિઃસ્પૃહી પુરુષો છે એ કેવળ આત્મકલ્યાણ અર્થે વાત કરે છે અને એ વાત કરતાં પ્રતિકૂળતા પેલાને લાગે, અનુકૂળ ન લાગે અને અણગમતી વાત હોય તોપણ જે સત્ય છે અને જે આત્મકલ્યાણમાં નિમિત્તભૂત છે એ જ વાત કરશે. બીજી વાત નહિ કરે.

મુમુક્ષુ :- પરમ પુરુષ કીધા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પરમપુરુષ છે. નિઃસ્પૃહ પરમ પુરુષનો યોગ બને અને આ જીવને આત્મકલ્યાણની ઈચ્છા હોય. બે વાત ભેગી થઈ. પોતાની તૈયારી ન હોય અને યોગ બને તો એ યોગ નિષ્ફળ જાય છે. અને જો પોતાને આત્મકલ્યાણની ઈચ્છા થાય અને એ વખતે કોઈ નિઃસ્પૃહ જ્ઞાનીપુરુષનો યોગ બને, પરમપુરુષનો યોગ બને તો જ આ જીવને પોતાના સ્વરૂપનું ભાન આવે. અથવા એને આત્મકલ્યાણ કેવી રીતે કરવું એવી શુદ્ધ સાન આવે. સૂઝે. શુદ્ધ સાન આવે એટલે એને સૂઝે કે આ રીતે હું મારું આત્મકલ્યાણ કરું.

'**તે વિયોગમાં સત્શાસ્ત્ર અને સદાચારનો પરિચય કર્તવ્ય છે;...**' એવા વિયોગમાં. ક્યારે ? '**તે વિયોગમાં...**' એટલે સત્પુરુષનો વિયોગ હોય ત્યારે સત્શાસ્ત્રનો પરિચય કરવો અને સદાચારમાં રહેવું. સદાચાર ક્યારેય છોડવો નહિ. '**પરિચય કર્તવ્ય છે; અવશ્ય કર્તવ્ય છે.**' આ 'ત્રંબકભાઈ'ને જેને પત્ર લખ્યો છે એ સામાન્ય મુમુક્ષુ છે. તો કહે છે, ઊંચી ભૂમિકાને પામેલા મુમુક્ષુ હોય એને પણ સત્સમાગમ આધારભૂત છે તો તમારે તો સમજી લેવું કે બને એટલું સત્સમાગમમાં રહેવું. અને એ સત્સમાગમમાં રહેવા માટે નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને

ઉપાસવા. પ્રવૃત્તિમાં બહુ પડી જશો તો પણ તમને સત્સંગને માટે સમયનો અવકાશ રહેશે નહિ. એક તો સમયનો અવકાશ નહિ રહે અને બીજું તમારા પરિણામમાં પ્રવૃત્તિનો રસ હશે એ પણ તમને આત્મકલ્યાણની ભાવનાનો રસ ઉત્પન્ન થવા દેશે નહિ. કેમકે એ વિરુદ્ધ રસ છે. સંયોગોનો રસ તે વિરુદ્ધ રસ છે. અસંગતત્ત્વથી એ વિરુદ્ધ રસ છે તેથી એ રસ તીવ્ર થવાથી આત્મકલ્યાણની ભાવના મોળી પડી જાય છે અને એ દિશામાં જીવ પ્રગતિ કરી શકતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ બહુ સરસ શિખામણ આપી છે કે, ભાઈ ! આત્મકલ્યાણની ઈચ્છા થઈ છે તો તું નિવૃત્તિ લઈને સત્સંગ કર. આટલું કર તો તું આત્મકલ્યાણની દિશામાં જરૂર કાંઈને કાંઈ પ્રગતિ કરીશ. આ એક સંક્ષેપમાં ટૂંકામાં ટૂંકી શિખામણ છે.

'શ્રી ડુંગર આદિ મુમુક્ષુને ય.' 'ડુંગરભાઈ'ને યાદ કર્યા છે.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવ'ના પત્રોમાં વારંવાર સદાચારની વાત આવે છે. તો મુમુક્ષુએ સદાચારમાં કઈ રીતે...?

પૂજ્ય ભાઈશ્રી :- સજ્જનતા આદિ તો વિશેષપણે હોવા જોઈએ અને મુમુક્ષુની ભૂમિકાને યોગ્ય એના આચરણના પરિણામ હોવા જોઈએ. આચરણના પરિણામ પણ મુમુક્ષુની ભૂમિકાને છોડીને હોવા જોઈએ નહિ. 'પૂજ્ય બહેનશ્રી' પણ બહુ કહેતા હતા. મુમુક્ષુએ પોતાની મર્યાદા બહાર જઈને કોઈ પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ. કહેતા હતા ને ? મર્યાદા શબ્દ વાપરતા હતા. ગમે તેવો હોય, પોતાની મર્યાદા છોડીને મુમુક્ષુએ વર્તવું જોઈએ નહિ. એ સદાચાર છે.

મુમુક્ષુ :- સદાચારમાં ખાનપાનની અપેક્ષાએ લેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- ખાન, પાન, રહેણી, કરણી અને પરસ્પરનો વ્યવહાર. કોઈની સાથેનો પણ વ્યવહાર. મુમુક્ષુ સાથેનો વ્યવહાર કે બીજા કોઈની સાથેનો પણ વ્યવહાર એ મુમુક્ષુને યોગ્ય હોવું જોઈએ. એટલે બાહ્ય જીવન, બાહ્યાચરણવાળું જીવન એનું મુમુક્ષુને યોગ્ય હોવું ઘટે છે, એમ કહે છે. એમાં ગમે તેમ ચાલે, કેમકે આપણે તો નિશ્ચયનું કામ છે, એ વાત બરાબર નથી. એમણે બહુ શરૂઆતમાં લખ્યું છે. 'સદાચાર પવિત્રતાનું મૂળ છે.' એવા શબ્દ વાપર્યા છે. સદાચાર પવિત્રતાનું મૂળ છે. આ પુષ્પમાળા લખી છે ને ? એમાં ક્યાંક એ વાત લખી છે.

મુમુક્ષુ :- ૫૩.

પૂજ્ય ભાઈશ્રી :- ૫૩? **'પવિત્રતાનું મૂળ સદાચાર છે.'** લ્યો ! **'પવિત્રતાનું મૂળ સદાચાર છે.'** બહુ શરૂઆતથી આ વિષય ઉપર ખ્યાલ છે, એમનું ધ્યાન છે.

પવિત્રતા જો તારી પ્રગટ કરવી છે ને ? મોક્ષમાર્ગની પવિત્રતા પ્રગટ કરવી છે ને ? તો તારું સદાચારણ તો ઓછામાં ઓછું હોવું જ જોઈએ. પાનું પાંચમું છે, પાંચમું પાનું છે અને પુષ્પમાળાનો ૫૩ નંબરનો બોલ છે. '**પવિત્રતાનું મૂળ સદાચાર છે.**' છે ? ભલે સેંકડો વાત કરી હોય પણ અમુક વાત તો ચોંટી જવી જોઈએ કે આ વાત ક્યાંક લખી છે. ભલે નંબર યાદ ન રહે પણ આ વાત ક્યાંક લખી છે.

મુમુક્ષુ :- દયા, શાંતિ, સમતા, ક્ષમા હોય મુમુક્ષુ ઘટ વિષે, એ પણ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ 'આત્મસિદ્ધ'માં લીધું છે. એ પણ સદાચારના બોલ ઘણાં છે. 'આત્મસિદ્ધિ'માં પણ સદાચારના ઘણા બોલ લીધા છે.

મુમુક્ષુ :- પ્રાણ છૂટવો હોય તો છૂટી જાય પણ નીતિ ન છોડવી.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વાતો લખી છે. નૈતિક જીવનની પણ ઘણી વાતો લીધી છે. અને વિશેષ વાત તો એમણે એ લીધી છે કે કોઈપણ નવો માણસ પરિચયમાં આવે એ છાપ લઈને જાય કે આ મુમુક્ષુને કોઈ મહાપુરુષનો યોગ થયો લાગે છે કે જેને લઈને બીજા માણસ કરતાં આ જુદો પડે છે. એવું એનું વ્યવહારિક આચરણ હોય. એમ વાત છે. એ ૮૧૨ થયો.

પત્રાંક-૮૧૩

મુંબઈ, આસો વદ ૭, ૧૯૫૩

ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઈ આવે છે, અને આત્માને વારંવાર આકુળ વ્યાકુળ કરી દે છે; વારંવાર એમ થયા કરે છે કે હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે, અને વર્તમાન ભૂમિકામાં સ્થિતિ પણ ફરી થવી દુર્લભ છે. એવા અસંખ્ય અંતરાય પરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે, તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને એ કંઈ આશ્ચર્યકારક નથી. તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં આત્માર્થી જીવે પુરુષાર્થદષ્ટિ કરવી અને શૂરવીરપણું રાખવું, હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું, સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળ-વ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે, અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે. 'યોગદષ્ટિસમુચ્ચય' વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

૮૧૩. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઈ આવે છે, અને આત્માને વારંવાર આકુળ વ્યાકુળ કરી દે છે; વારંવાર એમ થયા કરે છે કે હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે, અને વર્તમાન ભૂમિકામાં સ્થિતિ પણ ફરી થવી દુર્લભ છે.**' આ જીવના પરિણામમાં, મુમુક્ષુ જીવના પરિણામમાં ચડ-ઉતર થાય છે. પરિણામ ઘડીક સારા થાય છે, ઘડીક બગડે છે, ઘડીક સારા થાય છે, ઘડીક બગડે છે. ઉપરની ભૂમિકામાં પણ આવું બને છે. ઉપરની ભૂમિકામાં પણ આવું બની જાય છે. વિશેષ મુમુક્ષુ હોય એને પણ એવું બની જાય છે. સામાન્યવાળાને તો કાંઈ ઠેકાણું ન રહે એ બનવાજોગ છે પણ ઉપરની ભૂમિકામાં પણ કોઈ એવો અવકાશ પ્રાપ્ત થયે એટલે એવા કોઈ સંયોગ-વિયોગ એવા અનેક પ્રકારના ઉદયની અંદર ફેરફારો થાય છે કે જેને લઈને અનાદિ જે પોતાની પ્રકૃતિ છે, વાસના એટલે શું છે કે જે પ્રકૃતિ છે એ પ્રકૃતિ જોર કરી જાય છે. કોઈને કોઈ પ્રકૃતિ છે, કોઈને કોઈ પ્રકૃતિ છે, કોઈને કોઈ પ્રકૃતિ છે એ જોર કરી જાય છે. અને આત્માને વારંવાર આકુળ-વ્યાકુળ કરી દે છે. એટલે એ મૂંઝાય જાય છે ત્યાં. એ જીવને શું થાય છે ? મૂંઝાય જાય છે. એને આગળ વધવું છે, આગળ વધી શકતો નથી. અને આગળ તો વધી શકતો નથી પણ એની વર્તમાન ભૂમિકા છે એ પણ સાચવી શકતો નથી. એનાથી નીચે જવું પડે છે. ત્યારે એને બહુ દુઃખ થાય છે. કોને બહુ દુઃખ થાય છે ? જેને આત્મકલ્યાણ કરવું છે એને દુઃખ થાય છે. આત્મકલ્યાણની ભાવનાવાળા મુમુક્ષુજીવને પણ એકધારા પરિણામ ચડતી શ્રેણીના રહે એવું બનતું નથી. એને પણ પરિણામમાં ચડ-ઉતર થયા કરે.

મુમુક્ષુ :- અવલોકન ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતાના પરિણામનું અવલોકન કરતો હોય એને જ ખબર પડે. બીજાને તો ખબર પણ પડે નહિ કે શું થઈ ગયું એ. ક્યાં વયો ગયો એને ખબર પડે નહિ. પણ જેને ખરેખર આત્મકલ્યાણ કરવું છે અને આત્મકલ્યાણ કરવા માટે જેને અવલોકન પણ ચાલે છે એને ખ્યાલ આવે છે કે કોઈ કોઈ વાર પ્રકૃતિનું જોર એવું થઈ જાય છે, બહારમાં ઉદય એવા ભળતા આવી જાય છે, એવું પ્રકૃતિનું જોર થઈ જાય છે કે આ જીવને આકુળતા થઈ જાય છે અને એને એમ લાગી જાય છે કે હવે આગળ નહિ વધી શકાય. હારી જાય છે. એ પુરુષાર્થને હારી જાય છે. કે અરે..રે..! હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ દુર્લભ છે. કેમ ? કે વર્તમાન ભૂમિકામાં પણ ટકી શકાતું નથી એવી પરિસ્થિતિ થઈ જાય છે.

મુમુક્ષુ :- પોતાના પરિણામ તપાસે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાના પરિણામ તપાસતો હોય એને હજી આટલો ખ્યાલ આવે કે હું આગળ વધતી શકતો નથી અને મારી વર્તમાન સ્થિતિમાં પણ ટકી શકતો નથી અને મારા પરિણામ નીચે ચાલ્યા જાય છે. આ મારી દશા થાય છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન તો ક્યાંથી થાય ? હજી તો પ્રકૃતિને વશ થઈ જાય છે ત્યાં ભેદજ્ઞાન તો ક્યાંથી કરી શકે ? ભેદજ્ઞાન તો અત્યંત આત્મકલ્યાણની ભાવના હોય અથવા પરિપૂર્ણ શુદ્ધિનું ધ્યેય અને લક્ષ હોય, મોક્ષાર્થી થયો હોય એ ભેદવિજ્ઞાન કરે. મોક્ષાર્થી થાય તે. ૧૭-૧૮ ગાથામાં મોક્ષાર્થી લીધો છે. એ ભેદજ્ઞાન કરી શકે. મોક્ષાર્થી ન હોય તે ભેદજ્ઞાન કરી શકતો નથી. વિકલ્પ કરે એ ભેદજ્ઞાન નથી. શરીર જુદું છે અને આત્મા જુદો છે, જ્ઞાન જુદું છે અને રાગ જુદો છે (એવા) વિકલ્પ કરે એ કોઈ ભેદજ્ઞાન નથી.

શું કહે છે ? '**એવા અસંખ્ય અંતરાયપરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે,...**' આગળ વધ્યા પછી પણ અંતરાયો ઊભા થાય અને પોતે ઉપર ઉપરની ભૂમિકામાં જવા માગે તો થઈ શકે નહિ. એમ બને છે. '**તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને...**' એટલે સાધારણ મુમુક્ષુને એવું બને '**એ કંઈ આશ્ચર્યકારક નથી.**' ઉત્કૃષ્ટ મુમુક્ષુને પણ એમ બને તો પછી સાધારણ મુમુક્ષુ એવું બને એ કાંઈ મોટી વાત નથી. એને તો અંતરાયના ઘણાં પ્રકાર ઉત્પન્ન થવા યોગ્ય છે.

મુમુક્ષુ :- 'અંબાલાલભાઈ'એ પોતાના પરિણામનું નિવેદન કર્યું હશે.

પૂજ્ય ભાઈશ્રી :- વાત એવી લાગે છે કે 'અંબાલાલભાઈ'એ પોતાના પરિણામનું નિવેદન કર્યું હશે, એની સામે આ લખાણ લખ્યું લાગે છે કે ભાઈ ! ઉપરની ભૂમિકામાં પણ આવું બને છે તો સાધારણ ભૂમિકાવાળાને તો પરિણામની ક્યારે ગડબડ થઈ જાય એ કહેવું મુશ્કેલ છે, એ કાંઈ આશ્ચર્યકારક વાત નથી.

'**તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં....**' આ એક રોગનું નિદાન કર્યું અથવા રોગનું વર્ણન કર્યું. પરિણામમાં આ પ્રકારની ગડબડ થાય. પરિણામનો રોગ, હોં ! તો '**તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં આત્માર્થી જીવે પુરુષાર્થદષ્ટિ કરવી અને શૂરવીરપણું રાખવું,...**' શું કરવું ? આત્માર્થી જીવે પુરુષાર્થદષ્ટિ કરવી અને શૂરવીરપણું રાખવું. પરમાર્થ દષ્ટિ કરવી એટલે આત્મકલ્યાણની દષ્ટિ વિષે જોર કરવું. મારું આત્મકલ્યાણ વિશેષે કરીને કેમ થાય ? એ દષ્ટિકોણને મુખ્ય કરવો અને હારી જવું નહિ પણ શૂરવીરપણું રાખવું. એમ જલ્દી હારી ન જવું કે આપણા પરિણામ બગડી જાય છે, આમાં આપણા પરિણામ બગડી જાય છે. આપણા પરિણામ બહુ બગડી જાય છે

એમ હારી જવું નહિ. શૂરવીરપણું રાખવું. જરા જોર કરવું.

એવા વખતે '**હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું,...**' એ વખતે શું કરવું ? '**હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું,...**' પોતાને હિત થાય એવા સત્સંગમાં જાવું, એવા ક્ષેત્રમાં જાવું. યોગ એટલે એવા સત્સંગમાં જાવું અને દ્રવ્ય ક્ષેત્રાદિ એટલે એવા ક્ષેત્રમાં જાવું કે જેથી આત્માને હિત થાય એવી ચર્ચા, એવી વાર્તા, એવું વાતાવરણ જ્યાં હોય એ પ્રકાર કરવો. '**સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને...**' એ વખતે '**સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું,...**' એ વખતે હઠ કરવાની છૂટ છે, લ્યો ઠીક!

સામાન્યપણે મોક્ષમાર્ગમાં પરિણામની સહજતાનું અનુમોદન કરવામાં આવ્યું છે. કૃત્રિમતા અને હઠનું અનુમોદન કરવામાં આવતું નથી. પણ વિશેષપણે કોઈ એક તબક્કે હઠ કરીને પણ કરવું એમ કહેવામાં આવે છે. આવી વાત છે. પરિણામને નીચે જતા અટકાવવા માટે, નીચે પડતા અટકાવવા માટે હઠ કરીને પણ ઉપર ટીંગાઈ જવું એમ કહે છે. બહુ સારી વાત કરી છે.

મુમુક્ષુ :- આદિમાં કાળ અને ભાવ લીધા છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્ય-ક્ષેત્રાદિ. કાળ પણ એમાં આવી જાય છે.

મુમુક્ષુ :- કાળ, ભાવ બેય...

પૂજ્ય ભાઈશ્રી : હા. ભાવની તો પ્રધાનતા છે. ભાવની તો પ્રધાનતા છે. ભાવ અર્થે જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળની વાત છે.

'**સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું,...**' કુવિચારમાં જતું હોય, અવિચારમાં જતું હોય તો હઠ કરીને પણ સદ્વિચારમાં શાસ્ત્રનો આધાર લઈને પણ પ્રવેશ કરવો, એમ કહે છે. એમાં શું છે કે એ વખતે પરિણામમાં અશુદ્ધિની તીવ્રતા થાય છે. જ્યારે પરિણામ નીચે ચાલ્યા જાય છે ત્યારે અશુદ્ધિની મલિનતા વધી જાય છે. એ મલિનતા રોકવા અર્થે મંદ કષાયમાં પણ આવવું પડે તો હઠ કરીને આવવું એમ કહે છે. પછી તને સૂઝશે કે આ મંદ કષાય પણ છોડીને શુદ્ધિમાં આવવા જેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય વાત એ છે. પણ કોઈ એક તબક્કે એટલે આવા તબક્કે. જ્યાં પરિણામમાં અંતરાયો ઊભા થઈને પરિણામ નીચે ચાલ્યા જતા હોય ત્યાં હઠ કરીને પણ પરિણામને વાળવા એમ કહે છે. આગળ એક પત્ર છે.

મુમુક્ષુ :- આત્માર્થીપણું હોય તો સહેજે એવી હઠ થઈ જાય. એવા પરિણામ રોકવા સહેજે હઠ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. પાનું-૩૧૮, પત્રાંક-૩૩૧. નીચેથી ત્રીજી લીટી છે. '**જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને...**' આ જીવને સંસાર અનાદિથી વહાલો થઈ પડ્યો છે. એના બદલે એને મોક્ષ વહાલો થવો જોઈએ. એ અસંસારગત એટલે મોક્ષ છે. વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી '**ખચિત કરી...**'ને. ખચિત કરીને એટલે ? ચોક્કસપણે-અવશ્ય કરીને '**અપ્રમત્તપણે પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે.**' ત્યાં અપ્રમત્તપણે એટલે હઠ કરીને પણ પુરુષાર્થ કરવો એમ કહે છે. સંસારને વહાલો ન થવા અર્થે હઠ કરવી એમાં વાંધો નહિ કાંઈ. ત્યાં હઠ કરવામાં વાંધો નથી. ઓલો પુરુષાર્થ, સહજ પુરુષાર્થ તો છે નહિ અહીંયાં. હજી મુમુક્ષુની ભૂમિકા છે એટલે સહજ પુરુષાર્થ તો અહીંયાં છે નહિ. તો હઠ કરીને પુરુષાર્થ કરવો એમ કહે છે. એમાંથી એ નીકળે છે. વારંવાર પુરુષાર્થનો સ્વીકાર કરવો યોગ્ય (છે).

દાખલા તરીકે આપણે એક ન્યાય લઈએ. ક્રમબદ્ધ મૂક એક બાજુ, હમણાં તું પુરુષાર્થ કર. કેમકે એ સિદ્ધાંતથી તો એને પરિણામ ઉપરનું પણ વજન ઉઠાવીને દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે. હવે એ યોગ્યતામાં એ સિદ્ધાંતનો પ્રયોગ ન થતો હોય અને ઉલ્ટો પ્રયોગ થતો હોય પ્રમાદ કરવા અર્થે, જે પરિણામ જે કાળે આવવના હશે ત્યારે આવશે, એમ કરીને પરિણામને છૂટો દોર આપે ત્યારે એને ના પાડે કે નહિ, તો પછી તું પુરુષાર્થ કર હવે. હઠ કરીને પણ પુરુષાર્થ કર એમ કહે. શું કહે ? હઠ કરીને પણ પુરુષાર્થ કર. એમ જુદાં જુદાં તબક્કે ઉપદેશનો પ્રકાર જુદો જુદો છે.

જેમ વ્યક્તિગત રીતે જુદી જુદી યોગ્યતાએ ઉપદેશનો પ્રકાર જુદો જુદો છે એ તે તે તબક્કાના મર્યાદિત બોધ વચનને પ્રસિદ્ધ કરે છે અને પ્રત્યેક સત્શાસ્ત્રમાં એ રીતે વાત છે. આ ગ્રંથમાં એમ વાત છે એમમ નહિ, પ્રત્યેક સત્શાસ્ત્રમાં એ વાત આવે છે. કેટલાક ત્રિકાળી સિદ્ધાંતો હોય છે એ વસ્તુના સ્વરૂપની સાથે સંબંધ રાખે છે. અને પરિણામના ઊંચા-નીચા તબક્કા સાથે જ્યાં ઉપદેશનો સંબંધ છે ત્યાં અપેક્ષિત બોધ હોય છે, અપેક્ષિત ઉપદેશ હોય છે, અપેક્ષિત મર્યાદિત સિદ્ધાંતો હોય છે. આ એક ઉપદેશની પણ પદ્ધતિ અનાદિઅનંત બધા જ્ઞાનીઓની એ જ પ્રકારે છે, બધા શાસ્ત્રોની પણ એ જ પ્રકારે છે. નહિતર એકાંત થઈ જાય. નહિતર એકાંત થઈ જાય અને જુદી જુદી યોગ્યતામાં કોઈ નથી એવો વિષય થઈ જાય. પણ એ તો વસ્તુસ્થિતિ છે નહિ. યોગ્યતા તો દરેક જીવોની જુદી જુદી છે.

એટલે આત્માર્થી જીવે એવા અંતરાયથી ખેદ નહિ પામતા પુરુષાર્થ દૃષ્ટિ કરવી.

ત્યાં ૩૩૧માં પુરુષાર્થ કરવાનું લખ્યું ને ? ખચિત પુરુષાર્થ કરવો. અહીંયાં પુરુષાર્થ દષ્ટિ કરવી એમ કહ્યું. બેય એક જ વાત છે. '**શૂરવીરપણું રાખવું, હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું,...**' 'સોનગઢ'માં 'ગુરુદેવ'ના પ્રવચન થતા હોય. કોઈ એમ કહે કે ક્રમબદ્ધ હશે તો ત્યાં જવાશે. ક્રમમાં હશે તો 'સોનગઢ' જવાનું થશે. ક્રમબદ્ધમાં નહિ હોય તો 'સોનગઢ' જવાનું નહિ થાય. પછી દુકાને જાવું હોય ત્યારે એને એમ ન વિચાર આવે કે ક્રમમાં હશે તો દુકાને જવાનું થાશે. નહિતર અત્યારે ઘરે બેઠા છે એ બરાબર છે. હવે ક્રમબદ્ધની રાહ જોઈએ. ત્યાં એમ નહિ કરે. એમ નહિ. જ્યારે તું મુમુક્ષુ છો તો સત્સંગ અને સત્શાસ્ત્ર માટે તારે પુરુષાર્થ કરવો યોગ્ય છે, એમ કહે છે. અને હઠ કરીને પણ કરવું.

'**પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું,...**' હઠ કરીને પણ મને સદ્વિચારમાં પ્રવેશિત કરવું અથવા હઠ કરીને પણ મનને નીચે જતું અટકાવવું. એમ કહેવું છે. સદ્વિચારમાં પ્રવેશિત કરવું એટલે મનના પરિણામ બગડતા અટકાવવા. '**અને મનના દુરાત્મ્યપણાથી આકુળવ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે, અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે.**' શું કહે છે ? મનના દુરાત્મપણાથી આકુળ-વ્યાકુળ નહિ પામતા. મન એટલે મનના પરિણામ. એમાં આત્માથી દૂરના પરિણામ થાય, આત્મકલ્યાણથી દૂર જવાના પરિણામ થાય, એવા પરિણામ થઈ ગયા હોય ત્યારે આકુળ-વ્યાકુળ નહિ થતાં ધીરજથી સદ્વિચારના પંથે જવાનો પુરુષાર્થ કરવો. ઉદ્યમ કરવો એટલે પુરુષાર્થ કરવો. જો પુરુષાર્થ કરવામાં આવશે તો એ પુરુષાર્થ કરતા પુરુષાર્થનો જય થશે. શું કહે છે ? કેમકે એ તો જીવની ભાવના છે પોતાનું આત્મકલ્યાણ કરવાની. અને પછી એ પુરુષાર્થ કરવા માટે તૈયાર થાય છે તો એ પુરુષાર્થની હાર થતી નથી પણ પુરુષાર્થની જય થાય છે.

ઉદ્યમ કરતા પુરુષાર્થનો જય થઈને '**ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે,...**' અને મનમાં જે વિક્ષેપ થયો હોય તે '**અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે.**' એનો વિક્ષેપ મટી જાય છે. અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે એટલે વિક્ષેપ મટી જાય છે એમ કહેવું છે. આ એક એમની કોઈ વર્તમાન સ્થિતિ ઉપર લખાયેલો પત્ર છે. 'અંબાલાલભાઈ'ની કોઈ વર્તમાન પરિણામની માનસિક સ્થિતિ કાંઈક ડામાડોળ થઈ છે અને એને પોતાના પરિણામનું અવલોકન હોવાથી 'કૃપાળુદેવ'ને નિવેદન કર્યું છે કે મારા પરિણામ ઉપર જવાને બદલે કાંઈક આ દિવસોમાં નીચે જાય છે એવા અંતરાયો ઉત્પન્ન થયા છે. મારે શું કરવું ? કૃપા કરીને મને કાંઈક રસ્તો બતાવો.

મુમુક્ષુ :- પત્રમાં અભૂતપૂર્વ માર્ગદર્શન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ સારું માર્ગદર્શન છે.

''યોગદૃષ્ટિસમુચ્ચય' વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.' તમારે આ પરિસ્થિતિમાં 'યોગદૃષ્ટિસમુચ્ચય' નામના ગ્રંથનું વારંવાર અનુપ્રેક્ષણ કરવું. કેમકે એમાં પરિણામોની અને દૃષ્ટિની વાત સારી લીધી છે. ભાવનાની વાત એની અંદર સારી લીધેલી છે. ચડ-ઉતર, ચડ-ઉતર પરિણામની વાત એમાં 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં લીધેલી છે. એ ૮૧૩ થયો.

પત્રાંક-૮૧૪

મુંબઈ, આસો વદ ૧૪, રવિ, ૧૯૫૩

ૐ

શ્રી હરિભદ્રાચાર્યે 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો છે. 'યોગબિંદુ' નામે યોગનો બીજો ગ્રંથ પણ તેમણે રચ્યો છે. હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' નામે ગ્રંથ રચ્યો છે. શ્રી હરિભદ્રકૃત 'યોગદૃષ્ટિસમુચ્ચય'ની પદ્ધતિએ ગુર્જર ભાષામાં શ્રી યશોવિજયજીએ સ્વાધ્યાયની રચના કરી છે. શુભેચ્છાથી માંડીને નિર્વાણ પર્યંતની ભૂમિકાઓમાં બોધતારતમ્ય તથા ચારિત્રસ્વભાવનું તારતમ્ય મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી તે ગ્રંથમાં પ્રકાશ્યું છે. યમથી માંડીને સમાધિ પર્યંત અષ્ટાંગ યોગ બે પ્રકારે છે; એક પ્રાણાદિ નિરોધરૂપ, બીજો આત્મસ્વભાવ-પરિણામરૂપ. 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં આત્મસ્વભાવપરિણામરૂપ યોગનો મુખ્ય વિષય છે. વારંવાર તે વિચારવા યોગ્ય છે.

શ્રી ધુરીભાઈ આદિ મુમુક્ષુઓને યથા. પ્રાપ્ત થાય.

૮૧૪મો પત્ર પણ વદ સાતમે પહેલો લખાયેલો હતો. આ વદ ચૌદશે પણ 'અંબાલાભાઈ' ઉપરનો પત્ર છે. ૩૦મા વર્ષનો છેલ્લો પત્ર છે. **'શ્રી હરિભદ્રાચાર્યે 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો છે.'** પોતે વાંચેલો હશે. સંસ્કૃત ભણેલા નહિ પણ સંસ્કૃતનું એમને કુદરતી જ્ઞાન હતું. માગધિ ભણેલા નહિ પણ માગધિનું એમને

કુદરતી જ્ઞાન હતું. હિન્દી ભણેલા નહિ પણ હિન્દીનું પણ એમને જ્ઞાન હતું. એવી બીજી ઘણી ભાષાનું જ્ઞાન હતું. શતાવધાન કર્યા ત્યારે ઘણી ભાષામાં ઉત્તર આપ્યા છે ને ? ... '**શ્રી હરિભદ્રાચાર્યે...**' એ શ્વેતાંબરના સમર્થ આચાર્ય થઈ ગયા છે. ''**યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો છે. 'યોગબિંદુ' નામે યોગનો બીજો ગ્રંથ પણ તેમણે રચ્યો છે.**' એક બીજો 'યોગબિંદુ' નામનો ગ્રંથ પણ એમણે રચ્યો છે. એટલે શ્વેતાંબર શાસ્ત્રોનું પણ એમનું અધ્યયન ઘણું છે.

'**હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' નામે ગ્રંથ રચ્યો છે.**' એટલે શું છે કે ત્રણેમાં યોગ શબ્દ આવે છે. એટલે વાત કરે છે કે બધા જુદાં જુદાં ગ્રંથ છે. 'યોગદૃષ્ટિસમુચ્ચય' જુદો ગ્રંથ છે, 'યોગબિંદુ' જુદો ગ્રંથ છે અને 'યોગશાસ્ત્ર' એ જુદો જ ગ્રંથ છે. ત્રણેમાં યોગ શબ્દ આગળ છે છતાં ત્રણે ગ્રંથ જુદા છે એમ કહે છે. '**શ્રી હરિભદ્રકૃત 'યોગદૃષ્ટિસમુચ્ચય'ની પદ્ધતિએ ગુર્જર ભાષામાં...**' એટલે ગુજરાતી ભાષામાં '**શ્રી યશોવિજયજીએ સ્વાધ્યાયની રચના કરી છે.**' એને આઠ દૃષ્ટિની સજ્ઝાય એવું નામ આપ્યું છે. એ 'યશોવિજયજી'ની કૃતિ છે અને એ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ઉપરથી એમની રચના કરેલી છે. એની વાત ઉચ્ચારી છે. 'યોગદૃષ્ટિસમુચ્ચય'ની જે વાત છે એ એમણે પોતાની આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં કાવ્યમાં ઉતારી છે.

'**શુભેચ્છાથી માંડીને નિર્વાણ પર્યંતની ભૂમિકાઓમાં બોધતારતમ્ય તથા ચારિત્રસ્વભાવનું તારતમ્ય મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી તે ગ્રંથમાં પ્રકાશ્યું છે.**' જુઓ ! આ તારણ કાઢ્યું છે એમણે. 'યોગદૃષ્ટિસમુચ્ચય'નું તારણ શું કાઢ્યું ? કે મુમુક્ષુની ભૂમિકામાં શુભેચ્છા એટલે આત્મકલ્યાણની ઈચ્છા થાય કે મારે આત્મકલ્યાણ કરવું છે. ત્યાંથી માંડીને એ મોક્ષમાં પહોંચે, એનું પરિપૂર્ણ કલ્યાણ થાય ત્યાં સુધી વચ્ચે જેટલી ભૂમિકા આવે છે એ બધી ભૂમિકાઓમાં બોધનું તારતમ્ય એટલે કોને કેવો બોધ ક્યારે આપવો ઘટે. બોધનું તારતમ્ય શું ? બધાને એકસરખો બોધ લાગુ પડે નહિ, એમ કહે છે. એક જગ્યાએ હઠ કરવાનું કહે, બીજી જગ્યાએ હઠનો નિષેધ કરવાનું કહે. બધી જગ્યાએ બોધનું તારતમ્ય છે એ શાસ્ત્રની અંદર પણ જુદું જુદું છે. એમ નથી કે 'શ્રીમદ્‌જી'એ જ ખાલી બધા મુમુક્ષુને જુદું જુદું કહ્યું છે. નહિતર વળી એમ કહે કે તો એ શાસ્ત્ર ન કહેવાય, જુદું જુદું બધા મુમુક્ષુને કીધું હોય તો. એ સિદ્ધાંત નથી રહેતો. એવું નથી. શાસ્ત્રોમાં પણ એ જ પદ્ધતિ છે. જે ભૂમિકાનો વિષય ચાલતો હોય એ ભૂમિકાને અનુકૂળ ત્યાં બોધ હોય. બીજા શાસ્ત્રમાં બીજા ભૂમિકાને અનુસાર એ વાત હોય.

'પ્રવચનસાર'માં એમ કહે કે રાગ જીવનો છે. રાગ જીવનો છે એમ કહ્યું.

'સમયસાર'માં એમ કહે કે રાગ પુદ્ગલનો છે. બેય એક જ આચાર્ય પાછા. આચાર્ય ત્યાં ફરતા નથી. કેમ જુદું જુદું કહે છે ? કે ત્યાં જુદી ભૂમિકાના જીવને લક્ષમાં લીધા છે. પેલામાં બીજી ભૂમિકાના જીવને લક્ષમાં લે છે. 'સમયસાર'નું પરિશિષ્ટ લખે તો ૪૭ શક્તિ લખે અને 'પ્રવચનસાર'નું પરિશિષ્ટ લખે તો ૪૭ નય લખે. કેમ આમ ? બોધનું તારતમ્ય ફરે છે. દરેક જગ્યાએ બોધનું તારતમ્ય ફરે છે. 'પ્રવચનસાર'માં રાગ જીવનો કહે અને 'નિયમસાર'માં ક્ષાયિક કેવળજ્ઞાનની પર્યાયને પરદ્રવ્ય, પરભાવ ને હેય કહે. તેના તે આચાર્ય પાછા. એટલે વાત ત્યાં ફરે છે. બોધનું તારતમ્ય ફરે છે.

'પ્રવચનસાર'માં અલિંગગ્રહણની ગાથામાંથી ૨૦ બોલ અલિંગગ્રહણના એક જ શબ્દમાંથી કાઢ્યા. 'સમયસાર'માં અલિંગગ્રહણમાંથી એક જ બોલ કાઢ્યો અને બીજા છ માંથી છ-છ કાઢીને છત્રીસ કાઢ્યા. કેમ ગાથા તો એકની એક છે ? અર્થ ફેર કેમ કરે છે ? કે બોધની તારતમ્યતા હંમેશા દરેક શાસ્ત્રમાં અને એક શાસ્ત્રમાં પણ જુદી જુદી હોઈ શકે છે.

મુમુક્ષુ :- કથામાં આવે છે, કાગડાનું માંસ છોડાવ્યું છે. બીજાનું ન છોડાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કથામાં આવે છે. ભીલ લોકો હોય તો એને કાગડાનું માંસ છોડાવે. એટલે એનો અર્થ એમ નથી કે કૂકડાનુ માંસ ખાવું. ત્યાં એની ભૂમિકા જોઈને એને ઉપદેશ કરાય. પછી માંસાહારી હોય એને એમ કહેવાય કે, ભાઈ ! લીલા શાકભાજી સેંકડો જાતના મળે છે તો માંસ શું કરવા ખા છો ? શાકાહારી થઈ જા ને. માંસાહારી શું કરવા થા છો ? તું શાકાહારી થા. પછી જે શાકાહારી હોય એને એમ કહે કે, ભાઈ ! લીલોતરી છોડ તું. કઠોળ ઘણું મળે છે. નહિતર એકાદ દાળથી કે એવી રીતે ચલાવતા શીખ. એ બોધની તારતમ્યતા જુદી જુદી છે એમ સમજવા યોગ્ય છે. બોધની એકસરખી તારતમ્યતા હોઈ શકે નહિ. કેમકે સામે મુમુક્ષુની અથવા જીવોની યોગ્યતા એકસરખી નથી. સીધી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આપણને ખબર નથી. કથાની મને ખબર નથી.

મુમુક્ષુ :- એ બિમાર પડે છે. એને વૈદ્યરાજ એમ કહે છે....

પૂજ્ય ભાઈશ્રી :- આ તો આમાં છે. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં પણ એવી વાત લીધી છે. જેને જેવો ઉપદેશ દેવા યોગ્ય હોય એને એવો ઉપદેશ દેવો. અધિકારી જીવને એ ઉપદેશ દેવો. કેમકે કોઈને માંસ છોડાવ્યું છે, તો કોઈને લીલોતરી છોડાવે છે. એમ જુદી ભૂમિકા છે એ પ્રમાણે ઉપદેશ આપ્યો છે. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં એ વાત લીધી છે. કથાનુયોગની અપેક્ષિત વાતો એમ કરીને લીધી છે ને ? ચારેય અનુયોગની વાત એમણે

નવમા અધિકારમાં એ વાત લીધી. સાતમા અધિકારમાં એ વાત લીધી. એ તો નીતિ છે. ઉપદેશકોની એ નીતિ છે.

શું કહે છે ? કે '**શુભેચ્છાથી માંડીને નિર્વાણ પર્યંતની ભૂમિકાઓમાં બોધ તારતમ્ય તથા ચારિત્રસ્વભાવનું તારતમ્ય મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી તે ગ્રંથમાં પ્રકાશ્યું છે.**' એટલે 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં આ રીતે ચડ-ઉતર પરિણામની અંદર કેવા કેવા પરિણામ હોય ? કેવી કેવી રીતે પુરુષાર્થ કરવો ? કઈ સ્થિતિમાં કેવી રીતે પુરુષાર્થ કરવો ? કેવી દૃષ્ટિ કરવી ? કેવું જ્ઞાન કરવું ? એ વગેરે (વાતો કરી છે). નહિતર ચાર અનુયોગની જરૂર નથી રહેતી.

મન પ્રમાદી થાય ત્યારે કરણાનુયોગનો અભ્યાસ કરવો. પોતે લખ્યું છે. ચારેય અનુયોગ માટે લખ્યું છે. કેમકે એ વખતે કરણાનુયોગ ગણિતાનુયોગ છે ને ? એટલે ઉપયોગ પ્રમાદી થઈ ગયો હોય, શિથિલ થઈ ગયો હોય તો બરાબર કામ કરતો થઈ જાય. એમ. મન કષાયયુક્ત થયું હોય તો ચરણાનુયોગનો અભ્યાસ કરવો. એવા ચાર પ્રકાર એમણે મનના લખ્યા છે.

'**ભૂમિકાઓમાં બોધતારતમ્ય તથા ચારિત્રસ્વભાવનું તારતમ્ય...**' બોધનું એટલે જ્ઞાનનું તારતમ્ય અને આચરણનું તારતમ્ય. '**મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય,...**' છે. આચરણ કરવા માટેનું તારતમ્ય પણ વારંવાર શ્રવણ કરવા યોગ્ય છે, '**વિચાર કરવા યોગ્ય અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી તે ગ્રંથમાં પ્રકાશ્યું છે.**' માટે વાંચવાની અમે તમને ભલામણ કરીએ છીએ, '**યમથી માંડીને સમાધિ પર્યંત અષ્ટાંગ યોગ બે પ્રકારે છે;...**' યમથી માંડીને સમાધિ પર્યંત.

યમ એટલે સામાન્ય પ્રયોગ. આ શ્વાસોશ્વાસના જે પ્રયોગ શરૂ કરે છે ને ? એને યમ કહે છે. યમ પછી વિશેષ યમમાં આવે એટલે સંયમ કહે છે. ત્યાંથી માંડીને નિર્વિકલ્પ સમાધિદશા થાય એવા અષ્ટાંગ યોગ બે પ્રકારે છે. '**એક પ્રાણાદિ નિરોધરૂપ, બીજો આત્મસ્વભાવપરિણામરૂપ.**' આ એક બહુ સુંદર વાત કરી છે એમણે. જે લોકો યોગાભ્યાસમાં જાય છે (એને) ખબર નથી કે આત્મસ્વભાવ પરિણામરૂપ એક બીજો યોગ છે. અષ્ટાંગ યોગમાં એક પ્રાણાદિ નિરોધરૂપ યોગ છે. પ્રાણાદિ નિરોધ એટલે શું ? શ્વાસોશ્વાસ છે ને એને પ્રાણ કહે છે ને ? શ્વાસોશ્વાસને નિરોધ કરવામાં આવે છે. શ્વાસ લે પછી એને રોકી દે. એ એનો નિરોધ છે. પછી એને છોડે. એમાં Practice એ કરવાની હોય છે કે ધીમે ધીમે શ્વાસ લે. પછી રોકાય એટલો રોકે સહજ. અને પછી

આસ્તે... આસ્તે... આસ્તે... આસ્તે એને છોડે. એમ ને એમ Practice વધારે એટલે શ્વાસને રોકવાની શક્તિ વધે. ફેફસામાં હવા ભરાય છે. શ્વાસને રોકવાની શક્તિ વધે. અને એ જે પ્રાણવાયુ છે એટલે Oxygen લે છે એને આપણે પ્રાણવાયુ કહીએ છીએ, એ અંદર રહે તો એ ફેફસામાં અને છેક નાભિ સુધી એનું પ્રસરવું થાય છે. અને એ રીતે એમાં ઉપયોગ દેતા મનની ચંચળતા ઘટે છે. સાથે સાથે મનોયોગ કામ કરે છે. શરીરયોગની સાથે મનોયોગ પણ કામ કરે છે. અને એ વખતે મૌન રહેવાનું હોય છે એટલે વચનયોગમાં મૌન થાય છે. એમ મન, વચન, કાયાના ત્રણ યોગનો એ પ્રયોગ છે. એને પ્રાણનિરોધરૂપ યોગ કહેવામાં આવે છે. એ યોગનો એક પ્રકાર છે. અને બીજો આત્મસ્વભાવપરિણામરૂપ. આત્માના પરિણામને સ્વભાવિક કરાય એવો પણ એક યોગ છે એમ કહે છે. જેને અધ્યાત્મમાં ભાવવામાં આવ્યો છે. એ અધ્યાત્મનો અનુયોગ છે. આત્મસ્વભાવરૂપ પરિણામ કરવા એ કયો યોગ છે ? કે એ અધ્યાત્મનો અનુયોગ છે. એક બીજો અનુયોગ છે.

મુમુક્ષુ :- પેલો પુદ્ગલનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પેલો પુદ્ગલનો છે અને આ જીવનો છે. પછી એમાં એમ કહે કે અમારા પરિણામની ચંચળતા ઘટે છે એ જીવનો યોગ થયો કે ન થયો ત્યાં ? એ કૃત્રિમ રીતે પરિણામની ચંચળતા ઘટે છે. એટલે એ પ્રયોગ છોડતા બહુ જ થોડા સમયમાં પાછા પરિણામમાં ફેરફાર થઈ જાય છે.

મુમુક્ષુ :- પુદ્ગલ લક્ષે જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુદ્ગલના લક્ષે છે અને પુદ્ગલના અવલંબને છે માટે એ પરિણામ ટકતા નથી એમ થાય છે. આ વિપશ્યના ધ્યાન શિબિર કરાવે છે ને ? એ અને તુલસીમાં એ ચાલે છે. આચાર્ય તુલસીમાં યુવાચાર્ય છે એ કરાવે છે. એ પણ આવા જ કોઈ પ્રયોગ કરાવે છે. આ બાજુ વેદાંતી લોકો જે આ અમેરિકામાં ને બધે કરાવે છે ને. ઓલા બૌદ્ધના છે. વિપશ્યના ધ્યાન શિબિર છે એ બૌદ્ધ શાસ્ત્રમાંથી કરે છે. આ પાતંજલ યોગદર્શનના યોગશાસ્ત્રમાંથી વેદાંતનો પ્રયોગ છે. એમાં થોડું થોડું મળતાપણું હોય છે. અમુક Line બધી એકબીજાએ એકબીજામાંથી લીધેલી છે. અને એવો વિષય દિગંબર આચાર્યોમાં 'શુભચંદ્રાચાર્યે' 'જ્ઞાનર્ણવ'માં લીધેલો છે. એ ભગવાનની દિવ્યધ્વનિમાં બધી જગ્યાઓ આવી ગઈ. ત્યાંથી બધું નીકળ્યું હતું. સૌ પોતાના નામનું Lable લગાડીને માલ વેચે. થોડો ફેરફાર કરી નાખે. થોડો ફેરફાર કરી નાખે પછી Lable પોતાનું ચોંટાડી દે. એવી રીતે.

''યોગદૃષ્ટિસમુચ્ચય'માં આત્મસ્વભાવપરિણામરૂપ યોગનો મુખ્ય વિષય છે.

વારંવાર તે વિચારવા યોગ્ય છે.' એ જે 'યોગદૃષ્ટિસમુચ્ચય' તમને કહીએ છીએ એ ગ્રંથ પ્રાણાદિ નિરોધરૂપ યોગના પ્રયોગનો નથી એમ કહે છે. પણ આત્મસ્વભાવપરિણામરૂપ યોગ છે એની વાત એની અંદર આવી છે. માટે એ તમારે વારંવાર વિચારવા યોગ્ય છે. **'શ્રી ધુરીભાઈ આદિ મુમુક્ષુઓને યથા. પ્રાપ્ત થાય.'** એ રીતે 'અંબાલાલભાઈ'ની ગ્રંથ સંબંધી કોઈ ચર્ચા ચાલી છે. તો એ સંબંધીમાં આ ઉત્તર આપ્યો છે. એ ૩૦મું વર્ષ અહીંયાં પૂરું થાય છે.

પત્રાંક-૮૧૫

મુંબઈ, કારતક વદ ૧, બુધ, ૧૯૫૩

આત્માર્થી શ્રી મનસુખે લખેલાં પ્રશ્નનું સમાધાન વિશેષે કરીને સમાગમમાં પ્રાપ્ત થવાથી યથાયોગ્ય સમજાશે.

જે આર્યો અન્ય ક્ષેત્રે હવે વિહાર કરવાના આશ્રમમાં છે, તેમણે જે ક્ષેત્રમાં શાંતરસપ્રધાન વૃત્તિ રહે, નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો લાભ થાય તેવાં ક્ષેત્રમાં વિચરવું યોગ્ય છે. સમાગમની આકાંક્ષા છે, તો હાલ વધારે દૂર ક્ષેત્રમાં વિચરવું નહીં બની શકે, ચરોતરાદિ પ્રદેશમાં વિચરવું યોગ્ય છે. એ જ વિનંતિ. ૐ

વર્ષ ૩૧મું છે. એમાં પહેલો પત્ર 'લલ્લુજીમુનિ' ઉપર લખાયેલો છે. **'આત્માર્થી શ્રી મનસુખે લખેલાં પ્રશ્નનું સમાધાન વિશેષે કરીને સમાગમમાં પ્રાપ્ત થવાથી યથાયોગ્ય સમજાશે.'** આ જ્યાં ચાતુર્માસ રહેલા છે 'ખેડા'માં. 'ખેડા'ની આજુબાજુ કોઈ ગામમાં. પહેલાં પણ 'મનસુખભાઈ'નું નામ આવેલું. એમણે કોઈ પ્રશ્ન લખ્યા છે તો એ પ્રશ્નનું સમાધાન પત્રમાં ઉત્તર દેવાને બદલે સમાગમમાં એનુ સમાધાન દેવાની વાત લખી છે. એ ઉપરથી એમ પણ વિચારી શકાય છે, કે એમના સમાગમમાં આવેલા મુમુક્ષુઓના અનેક પત્રનો ઉત્તર એમણે સમાગમમાં આપ્યો છે. કારણવશ પત્રમાં આપ્યો નથી.

મુમુક્ષુ :- સમાગમમાં જે ચર્ચાઓ થઈ છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ કોઈ મળતી નથી. કેમકે મોટા ભાગના ચાલ્યા ગયા. મોટા ભાગના તો લોકો ચાલ્યા ગયા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવે' ઘણી ચર્ચાઓ કરી છે પણ જે લોકો વયા ગયા એ

ક્યાંથી મળે ?

'જે આર્યો અન્ય ક્ષેત્રે હવે વિહાર કરવાના આશ્રમમાં છે,...' જુઓ ! ત્યાં મુનિઓ ન લીધું. એમની સાથે જે મુનિ છે ને ? આર્યો લીધું છે. **'જે આર્યો અન્ય ક્ષેત્રે વિહાર કરવાના આશ્રમમાં છે,...'** એટલે કારતક વદ એકમ છે ને ? પૂનમે વિહાર કરી શકે છે. **'તેમણે જે ક્ષેત્રમાં શાંતરસપ્રધાન વૃત્તિ રહે, નિવૃત્તિમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો લાભ થાય તેવાં ક્ષેત્રમાં વિચરવું યોગ્ય છે.'** શું કહે છે ? શાંતરસપ્રધાન વૃત્તિ રહે. શાંતરસની પ્રધાનતાવાળી વૃત્તિ રહે એવા ક્ષેત્રમાં જાવું. જ્યાં પરિણામની અંદર અશાંતિ ઉત્પન્ન થાય એવા ક્ષેત્રમાં આર્ય માણસે ન જાવું. અને એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો લાભ લે તેવા ક્ષેત્રમાં વિચરવું યોગ્ય છે.

'સમાગમની આકાંક્ષા છે, તો હાલ વધારે દૂર ક્ષેત્રમાં વિચરવું નહીં બની શકે, ચરોતરાદિ પ્રદેશમાં વિચરવું યોગ્ય છે.' તો પછી શું છે કે જેને સમાગમની આકાંક્ષા છે, કાં લઘુજી મુનિના સમાગમની જો આકાંક્ષા હોય અથવા એ 'કૃપાળુદેવ' પોતે પણ એ 'ચરોતર' ક્ષેત્રમાં જ આવતા હતા. નિવૃત્તિ ક્ષેત્રમાં એ બાજુ જ આવતા હતા. તો એમણે કોઈ દૂર ન જાવું. એ ક્ષેત્ર છોડીને (દૂર ન જવું). આજુબાજુના ક્ષેત્રમાં જ વિહાર કરવો યોગ્ય છે. **'એ જ વિનંતિ છે.'** એ પૂછાવ્યું છે. કેમકે એ એટલા બધા ભક્તિમાન અને આજ્ઞાંકિત હતા કે પુસ્તક વાંચવું હોય તોપણ પૂછાવે અને એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાવું હોય તોપણ આજ્ઞા લઈ લે કે આપની આજ્ઞા હોય એ પ્રમાણે અમે ચાલીએ. આપની આજ્ઞા પ્રમાણે ચાલવાનો ભાવ છે. એ રીતે પોતે સૂચના કરતા કે તમારે આમ કરવું, આમ કરવું. પણ એ પ્રકારે ખુબ આજ્ઞાંકિતપણે રહેતા હતા.

પોતે જ્ઞાનનો સાગર છે, આનંદનો સાગર છે, અમૃતનો સાગર છે. અનંત ભાવોનો ગંભીર સમુદ્ર છે. અનંત ભાવોની ગંભીરતાને પકડીને દ્રવ્ય બેઠું છે. અનંત ગુણોના વૈભવને પી ગયું છે જેનો મહિમા આવતાં ઉપયોગાદિ સર્વ પરિણામો તેમાં થંભી જાય છે. કારણ કે અપાર મહિમાવંત છે. મહા આશ્ચર્યકારી છે. **(અનુભવ સંજીવની-૧૩૧૭)**

પત્રાંક-૮૧૬

મુંબઈ, કારતક વદ ૧, બુધ, ૧૯૫૪

તમારા લખેલા કાગળો મળ્યા છે.

અમુક સદ્ગ્રંથો લોકહિતાર્થે પ્રચાર પામે તેમ કરવાની વૃત્તિ જણાવી તે લક્ષમાં છે.

મગનલાલ વગેરે એ દર્શનની તથા સમાગમની આકાંક્ષા દર્શાવેલી તે કાગળો પણ મળ્યા છે.

કેવળ અંતર્મુખ થવાનો સત્પરુષોનો માર્ગ સર્વદુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજાવા યોગ્ય છે. તે સમજવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે તે પણ અનિયતકાળના ભયથી ગૃહીત છે; ત્યાં પ્રમાદ થાય છે, એ ખેદ અને આશ્ચર્ય છે. ૐ

તા. ૧૯-૮-૧૯૯૨, પત્રાંક-૮૧૬ અને ૮૧૭
પ્રવચન નં. ૩૯૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, વર્ષ ૩૧મું, પત્રાંક-૮૧૫. પહેલો પત્ર વાંચીએ. બીજો પત્ર. પહેલો વાંચી લીધો છે. બીજો પત્ર લઈએ. ૮૧૬. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**તમારા લખેલા કાગળો મળ્યા છે.**' છેલ્લો પત્ર આસો વદ ૧૪ લખેલો છે. ત્યાર પછીનો પત્ર કારતક વદ ૫ છે. પંદર-વીસ દિવસના ગાળામાં કેટલાક પત્રો એમણે લખ્યા છે એની પહોંચ આપી છે. '**તમારા લખેલા કાગળો મળ્યા છે. અમુક સદ્ગ્રંથો લોકહિતાર્થે પ્રચાર પામે તેમ કરવાની વૃત્તિ જણાવી તે લક્ષમાં છે.**' 'અંબાલાલભાઈ'એ કોઈ પ્રસ્તાવ, કોઈ સૂચન મૂક્યું છે કે કેટલા સત્શાસ્ત્રો છે એ લોકોનું હિત થાય તે અર્થે પ્રચાર કરવા યોગ્ય છે એવું લાગે છે. એવી પોતાની વૃત્તિનો ઉલ્લેખ કર્યો છે. 'કૃપાળુદેવ' લખે છે કે એ વાત મારા લક્ષમાં પણ છે. એટલે કે તમારી વાત સાથે હું સંમત છું. સત્શાસ્ત્રોનો, સદ્ગ્રંથોનો લોકહિતાર્થે પ્રચાર થાય તો તે થવા યોગ્ય છે, અનુમોદન કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- સદ્ગ્રંથ પ્રકાશન કરવાની વાત જે છે....

પૂજ્ય ભાઈશ્રી :- એમણે જે 'સત્શ્રુત પ્રભાવક મંડળ' નામની સંસ્થા શરૂ કરેલી એ સત્શાસ્ત્રોના, સત્શ્રુતના પ્રચાર અર્થે કરેલી. સત્શ્રુત પ્રભાવક મંડળ. સત્શ્રુતનો પ્રભાવ જે મંડળ ઉપર પડ્યો છે તે મંડળ આ પ્રવૃત્તિ કરે છે એમ કહેવાનો અર્થ છે.

'**તે લક્ષમાં છે.**' એટલે કે થાય તો ઠીક વાત છે, સારી વાત છે. '**મગનલાલ વગેરેએ દર્શનની તથા સમાગમની આકાંક્ષા દર્શાવેલી તે કાગળો પણ મળ્યા છે.**' એટલે 'ખંભાત'ના બીજા મુમુક્ષુએ જે પત્રો લખેલા એ પત્રો પણ મળ્યા છે. એ બંનેના પત્રોની પહોંચ આપી છે. '**કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વદુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે.**' શું કહે છે ? કે સર્વ દુઃખનો, તમામ પ્રકારના દુઃખના નાશનો ઉપાય, દુઃખના ક્ષયનો ઉપાય તો કેવળ અંતર્મુખ થવું તે જ છે. કેવળ અંતર્મુખ થવું એટલે એકાંતે અંતર્મુખ થવું. એ સમ્યક્ એકાંત છે. અંતર્મુખ થવું તે સમ્યક્ એકાંત છે. તે અંતર્મુખ થવાનો માર્ગ છે, ઉપાય છે, ઈલાજ છે અને એ તમામ સત્પુરુષોએ સેવ્યો છે. જેટલા કોઈ જ્ઞાનીપુરુષ થયા એ સર્વ જ્ઞાનીપુરુષ અંતર્મુખ થવાના ઉપાયમાં, માર્ગમાં, પ્રયોજનમાં લાગેલા હતા. કોઈનો બીજો માર્ગ નથી. કોઈ સત્પુરુષનો બીજો માર્ગ નથી. અને બીજો માર્ગ હોય તો તે સત્પુરુષ નથી. આમ છે.

અંતરમાં પોતાનો સત્ પરમાત્મા બિરાજે છે. એની સન્મુખ થવું કહો, એની અંતર્મુખ થવું કહો, તેમાં અંતર્મુખ થવું કહો, એ એક જ સર્વ દુઃખના ક્ષયનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. જગતમાં દુઃખનો ઉપાય આ એક જ છે, બીજો કોઈ ઉપાય નથી. આ આખરી વાત છે. આ વિષયમાં આ આખરી વાત છે. આ વાતને બીજી અપેક્ષા નહિ લાગુ પડતી હોવાથી એને સમ્યક્ એકાંત કહેવામાં આવે છે. એકાંત કહેવામાં આવે છે અને તે યથાર્થ હોવાથી એને સમ્યક્ એકાંત પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ની શૈલી આવી ગઈ. રાગાદિનો નિષેધ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' શું અનંત સર્વ સત્પુરુષોનો એક જ માર્ગ છે પછી બીજાની ક્યાં વાત ચાલે. 'ગુરુદેવ' કહો, કોઈપણ જ્ઞાની કહો, ત્રણે કાળના જ્ઞાનીઓની આ એક જ વાત છે, બીજી કોઈ વાત નથી. બીજી વાત હોય તો આ વાત કહેવાને અર્થે છે. એમ લેવું. બીજી કોઈ વાત હોય તોપણ આ વાત કહેવા માટે બધી વાતો છે એમ સમજવું.

મુમુક્ષુ :- એકાંતનો અર્થ આમ જ છે એમ ભાર દેવો?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એકાંત એટલે આ વાતને બીજી અપેક્ષા લગાડીને ઢીલી પણ કરવા જેવી નથી. શિથિલ કરવા જેવી નથી એમ કહેવું છે.

'કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વદુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે.' આ એક સંખ્યા અપેક્ષાએ વસ્તુસ્થિતિ છે. ત્રણે કાળે સંખ્યા અપેક્ષાએ વસ્તુસ્થિતિ એવી છે કે એ માર્ગ કોઈક જ જીવને સમજાય છે. એ માર્ગ કોઈક જ જીવને સમજાય છે. કેમકે જીવ અનાદિથી બહિર્મુખ રહ્યો છે, એકાંતે બહિર્મુખ રહ્યો છે. લ્યો ! એ પણ એકાંતે બહિર્મુખ જ રહ્યો છે અને અંતર્મુખ થવાની દિશાથી તદ્દન અજાણ છે. એ માર્ગથી, એ ઉપાયથી જીવ તદ્દન અજાણ છે. એ માર્ગ એવો છે કે દિશા બિલકૂલ ઊલટી હોવાથી સૂઝ પડે એવો નથી. જલ્દી સૂઝ પડે એવો નથી.

પોતે અનંત કાળથી બહિર્મુખ ભાવે વર્તતો હોવાથી અને એનાથી આ દિશા તદ્દન ઊલટી હોવાથી કેમ અંતર્મુખ થવું ? કઈ રીતે અંતર્મુખ થવું ? એની સૂઝ જીવને આવતી નથી. શાસ્ત્ર સ્વાધ્યાય કરે કે પૂજા-ભક્તિ કરે કે કોઈપણ ધર્મની બાહ્ય ક્રિયા કરે, ધર્મના ક્ષેત્રમાં કરાતી ક્રિયા કરે એ બધા બહિર્મુખ ભાવે થતી ક્રિયા છે. વિચાર, ચિંતન, મંથન, મનન એમાં પણ બહિર્મુખપણું થાય છે, ચાલે છે.

મુમુક્ષુ :- વિચાર, ચિંતન...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પણ બહિર્મુખપણું ચાલે છે. ત્યાંથી અંતર્મુખ થવાની એક પરિસ્થિતિ છે ખરી. પણ એ કો'કને સમજાય છે. એ વિચાર મંથનમાંથી, ચિંતનમાંથી બહિર્મુખપણું છોડીને અંતર્મુખ થવાની કોઈ એક Point, કોઈ એક Stage, કોઈ એક પરિસ્થિતિ છે ખરી પણ એ કોઈકને જ સમજાય છે એમ કહે છે. બધાને એ સમજાતી નથી. અથવા ઘણાને નથી સમજાતી. કોઈક જીવને એ વાત સમજાય છે.

મુમુક્ષુ :- અંતર્મુખ પાંચમે ગુણસ્થાને પછી થાય કે...

પૂજ્ય ભાઈશ્રી :- ના, ચોથે ગુણસ્થાને થાય. અંતર્મુખ ચોથે ગુણસ્થાને થાય અને ચોથા ગુણસ્થાન પહેલા નિશ્ચય થાય ત્યારે દિશાફેર થવાની શરૂઆત થાય. પણ બધા ગુણોની ન થાય. ચોથા ગુણસ્થાને સર્વ ગુણાંશ તે સમકિત થાય. એટલે બધા ગુણો અંતર્મુખ વળે. જ્યારે ચોથા ગુણસ્થાને શ્રદ્ધા અંતર્મુખ થતી નથી પણ જ્ઞાન સ્વસન્મુખ થાય છે. એ જ્ઞાન સ્વસન્મુખ થતા, પુરુષાર્થ-વીર્યનો ક્ષયોપશમ પણ સ્વસન્મુખ થાય છે. આ બે મુખ્ય ગુણ સ્વસન્મુખ થવા લાગે છે. એ વખતે ચારિત્ર નથી થતું, આનંદ નથી થતો, બીજા ગુણો નથી થતાં, શ્રદ્ધા બિલકુલ નથી થતી પણ જ્ઞાન અને વીર્યમાં થોડો ફેર પડે છે. આંશિક સન્મુખતા ત્યાં શરૂ થાય છે. સ્વરૂપનિશ્ચય થાય ત્યારે. આ ગુણભેદે આટલી વાત છે.

મુમુક્ષુ :- ધર્મના કહેવાતા કાર્યો કરતી વખતે અંતર્મુખ કઈ રીતે થવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- અંતર્મુખ તો લક્ષ થયું હોય તો અંતર્મુખ થવાય. પહેલા તો સ્વરૂપ નિશ્ચયમાં લક્ષ થવો જોઈએ. સ્વરૂપનું લક્ષ ન થાય ત્યાં સુધી કોઈપણ ક્રિયા કરે તો બધી બહિર્મુખ ભાવે જ જીવ કરે છે. સ્વરૂપ લક્ષ થયા વિના, સ્વરૂપના લક્ષ વિના જેટલી ક્રિયા જીવના પરિણામની છે તે બહિર્મુખ પરિણામની ક્રિયા છે. અને તેનાથી ધર્મ બિલકુલ નથી. ધર્મ તો બિલકુલ નથી પણ ધર્મનું કારણ પણ બિલકુલ નથી. આમ ચોકડી મૂકવી. નહિતર એ પરિણામનો અહંમ્‌ભાવ પર્યાયદૃષ્ટિપણું હોવાને લીધે ઉત્પન્ન થયા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :- ધર્મનું કારણ પણ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ધર્મનું કારણ પણ નહિ. બહિર્મુખપણું ધર્મનું કારણ કેવી રીતે થાય એ તો સમજાવો. અંતર્મુખ ધર્મ છે, અંતર્મુખ પરિણામે ધર્મ છે એનું કારણ બહિર્મુખપણું કેવી રીતે હોય ?

મુમુક્ષુ :- તત્ત્વચિંતવન આદિ...

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતવનમાં પણ બહિર્મુખપણું છે એ કારણ નથી. મુમુક્ષુને તો નથી પણ મોક્ષમાર્ગી જીવને પણ જેટલો બાહ્ય ઉપયોગ છે એ ઉપયોગમાં ભગવાનના દર્શન કરે, એ ઉપયોગમાં સત્શાસ્ત્ર વાંચે તો એ ગણધરદેવનો ઉપયોગ પણ ધર્મ અને ધર્મનું કારણ નથી. ધર્મ પણ નથી અને ધર્મનું કારણ પણ નથી. માટે 'ટોડરમલજી'એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એ વાત કરી કે પરસત્તાઅવલંબનશીલ જ્ઞાનને કોઈ જ્ઞાની ધર્મનું સાધક કહેતા નથી. લીધું છે કે નથી લીધું ? શુભાશુભ તો ચારિત્રના પરિણામ છે. અહીં તો જ્ઞાનના પરિણામના લીધા છે અને તે શાસ્ત્રજ્ઞાનના પરિણામ લીધા છે. બાર અંગનો ઉપયોગ.

ગણધરદેવનો બાર અંગ રચવાનો ઉપયોગ 'ગુરુદેવ'ની ભાષામાં કહીએ તો એ જીવનો ઉપયોગ નથી. એ જીવનો ઉપયોગ નથી. જીવ નથી એ બધું અજીવ છે. તો કહે, હા અજીવ છે, એ જડ છે એમ કીધું. ઠીક ! ઘણા વર્ષ પહેલાંની વાત છે. (એક મુમુક્ષુ) ત્યાં 'સોનગઢ'માં રહેતા હતા. એક દિવસ પત્ર આવ્યો. અમારે થોડું એવું હતું. 'ગુરુદેવ'નો ખાસ ન્યાય આવે તો લખે. કેમકે હું તો એક અઠવાડિએ જાઉં. એ નિરંતર રહેતા હતા. આ ન્યાય એક દિ' લખ્યો હતો કે આજના પ્રવચનમાં 'ગુરુદેવે' એમ કહ્યું, કે પરસત્તાઅવલંબનશીલ એ ધર્મનું સાધક, આત્માનું સાધક નથી પણ અજ્ઞાનીનું તો નહિ પણ જ્ઞાનીનો, જ્ઞાનીમાં પણ ગણધરદેવનો, ક્યાં લીધું? 'ગુરુદેવે' સમર્થમાં સમર્થ દૃષ્ટાંત લીધું તે દિવસે 'ગુરુદેવે', સમર્થમાં સમર્થ. ગણધરદેવનો બાર અંગ રચવાનો ઉપયોગ તે જીવનો ઉપયોગ નથી. ધર્મ સાધક નથી. ઠીક ! એ જીવનો ઉપયોગ જ નથી

એમ કહીને એમ કહ્યું કે એ જડ છે, એ પુદ્ગલ છે. ઠીક ! રાગને હજી પુદ્ગલનો કહે ત્યાં રાડ પાડે છે. અહીં તો જ્ઞાનનો, બાર અંગનો રચવાવાળો ઉપયોગ અને ગણધરદેવનો ઉપયોગ. 'ગુરુદેવ'ના પ્રવચનો એવા આવતા હતા. આ એક પ્રસાદી છે. 'ગુરુદેવ'ના પ્રવચનોની પ્રસાદી છે. આવો ન્યાય આવ્યો હતો.

મુમુક્ષુ :- શાસ્ત્ર લખતા એ પણ રાગનો જ ઉપયોગ થયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- રાગ સાથેનો ઉપયોગ છે. પણ રાગ તે રાગ છે, જ્ઞાન તે જ્ઞાન છે. એ વખતે સાધક જીવને રાગથી જ્ઞાન ભિન્ન પડેલું છે. એ ઉપયોગ છે એ પણ તે વખતના રાગથી ભિન્ન પડેલો છે. પણ એ ઉપયોગ આત્માને સન્મુખ નથી. એ ઉપયોગ આત્માની સન્મુખ નથી, પરસન્મુખ છે. અને પરસન્મુખ છે માટે (આત્માનો ઉપયોગ નહિ). એણે પરમાત્માનો સંગ શું કરવા છોડ્યો ? અંદરમાં જે પરમાત્મા બિરાજે છે, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ, ધ્રુવભાવ એનો સંગ ઉપયોગે શું કરવા છોડ્યો ? સંગ છોડ્યો માટે દુષિત થયો. શું થયો ? એ ઉપયોગ દુષિત થયો. દુષિત થયો માટે એને નિષેધે છે. દોષનો નિષેધ છે. પોતાના દોષનો પણ નિષેધ છે. એમ છે.

મુમુક્ષુ :- આત્માનો ઉપયોગ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનો ઉપયોગ જ નહિ ને. જેમ કોઈ એમ કહે કે તું મારો દીકરો નહિ. દીકરો હોય એને એમ કહેવાય ને કે તું મારો દીકરો નહિ. પારકાને કહેવાની ક્યાં જરૂર પડે છે ? એના જેવી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં અખંડતા નથી. ખંડ ખંડ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન ખંડ ખંડ થઈ જાય છે અને એ સ્વરૂપને સાધતું નથી. એ જ્ઞાન તે વખતે... એ જ્ઞાનનો અંશ છે, હોં ! એ વખતે પરિણતિ સાધે છે, એ જ્ઞાનનો અંશ સ્વરૂપને સાધતો નથી, ધર્મને સાધતો નથી.

મુમુક્ષુ :- પરિણતિ સાધે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ સાધે છે. અહીંયાં ઉપયોગની વાત ચાલે છે.

એટલે કહેવાનો મતલબ એ છે કે પરિણામ ચારિત્રગુણના હો, કે પરિણામ જ્ઞાનગુણના હો, કે પરિણામ પુરુષાર્થગુણના હો, કોઈપણ ગુણના હો, એ આત્માનો આશ્રય છોડે, આત્માનું અવલંબન છોડે અને પરના અવલંબનમાં જાય એ બધાનો નિષેધ છે. એ એકાંતે નિષેધ છે એનો. એનો એકાંતે નિષેધ છે. કેમકે સત્પુરુષનો માર્ગ કેવળ અંતર્મુખ થવાનો છે. અહીંયાં જે કહ્યું કે કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ છે.

'પણ તે કોઈક જીવને સમજાય છે.' હવે કોને સમજાય છે ? કોઈક જીવ એટલે કેવો જીવ ? કેવા જીવને સમજાય છે ? આ એની પણ પોતે સ્પષ્ટતા આપે છે.

મુમુક્ષુ :- સમજાય એટલે અનુભવની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સૂઝે છે. સૂઝે છે અને સૂઝે છે એને અનુભવ થાય છે. કોઈક જીવને અનુભવ થાય. જેને સૂઝે છે, જેને સમજાય છે તેને અનુભવ પણ થાય છે. સમજવાનો અર્થ જરા વિશાળ છે કે જેને એમ સમજાયું કે અંતર્મુખ થવું એ જ સર્વદુઃખક્ષયનો ઉપાય છે તે પોતાના કોઈપણ બાહ્ય પરિણામોનું મૂલ્ય નહિ આંકે. જોકે સ્વરૂપદષ્ટિમાં તો અંતર્મુખ પરિણામોનું મૂલ્ય પણ નથી. સ્વરૂપદષ્ટિમાં તો ક્ષણિક પરિણામનું મૂલ્ય જ નથી. 'મોક્ષમાર્ગી અપને ક્ષણિક પરિણામોંકા મૂલ્ય કભી નહિ આંકતે.' છે ? 'સોગાનીજી'ના પત્રમાં આવે છે. ધર્માત્મા મોક્ષમાર્ગી જીવ અપને શુદ્ધ ક્ષણિક પરિણામોં કા મૂલ્ય ભી નહીં આંકતે. તો પછી જે બહિર્મુખ પરિણામ છે. અંતર્મુખી પરિણામોનું મૂલ્ય નથી આંકતા તો બહિર્મુખ પરિણામની કિંમત કરવી અને અહંભાવ કરવો એ તો બિલકુલ યોગ્ય નથી. એટલે જેને એવું સમજાય છે એ મૂલ્ય આંકતો પહેલા અટકે છે. બાહ્ય પરિણામોનું મૂલ્ય આંકતો અટકી જાય છે.

બાહ્ય પરિણામોનું જેને મૂલ્ય નથી તે કોઈ બાહ્ય પરિણામમાં ફસાતો નથી. એને ક્યાંય ફસાવાનું રહેતું નથી. કેમકે એને એની કિંમત જ નથી. અને અંતર્મુખી પરિણામમાં ફસાવવાનો પ્રશ્ન નથી. એ અંતર્મુખી પરિણામ તો સ્વરૂપના આશ્રયે ઉત્પન્ન થયેલા છે. એટલે એમાં તો કાંઈ પરિણામબુદ્ધિ થવાનો પ્રશ્ન રહેતો નથી. પણ જેને સમજાય એનું વજન ઉઠી જાય અને વજન ઉઠી જાય તો અંતર્મુખ થવાનો અવકાશ થાય પહેલાં. નહિતર તો એ દરવાજો જ બંધ છે. પછી એ દરવાજો ખુલવાની પરિસ્થિતિ ઊભી થાય. પણ એ પુરુષાર્થથી ખોલે ત્યારે. પછી વાત છે એ પુરુષાર્થ અપેક્ષિત છે. પછી જેટલી વાત છે એ પુરુષાર્થ અપેક્ષિત છે. પુરુષાર્થ કરે તો સ્વસન્મુખ થાય, પુરુષાર્થ કરે તો સ્વસન્મુખ થઈને અનુભવ થાય.

'મહત્ પુણ્યના યોગથી,...' મહત્ પુણ્યનો યોગ એટલા માટે લીધો કે એ અંતર્મુખ કેમ થવું એ પ્રત્યક્ષ સત્પુરુષના યોગ વિના ત્રણે કાળમાં કોઈ જીવને સમજાયું નથી. શું કહેવું છે ? 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત.' અનાદિથી વર્તમાન સુધીમાં અનંત જીવો સ્વસન્મુખ, અંતર્મુખ થયા એ સત્પુરુષના યોગ વિના, ધર્માત્માના, જ્ઞાનીના, તીર્થંકરના, ગુરુના કોઈના યોગ વિના થયા હોય એવો એક કેસ પણ નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' તો યોગ વિના થયા. 'ગુરુદેવ' તો સંપ્રદાયમાં આત્મજ્ઞાન

પામ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એ ત્યાં 'સીમંધર' ભગવાન પાસે લઈને આવ્યા હતા. ત્યાં એ સ્વસન્મુખતાના સંસ્કાર લઈને આવેલા હતા. એમ છે. 'કૃપાળુદેવ' પોતે પામ્યા છે. એમના આ ભવમાં ક્યાં ગુરુ છે ? એટલે જે પૂર્વ સંસ્કાર છે ત્યાં પણ યોગ થયો છે એમ કહેવું છે. ત્યાં પણ યોગ થયો છે. એકવાર યોગ થાય ત્યારે સંસ્કાર પડે. યોગ વિના કોઈને સંસ્કાર પડે નહિ. આ નિયમ છે. અનાદિ-અનંત આ નિયમ છે.

મુમુક્ષુ :- સંપ્રદાય..

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંપ્રદાયમાં પામે. પરિણામ તો અનેક પ્રકારના છે.

મુમુક્ષુ :- સીમંધર ભગવાન પાસે જઈને આવ્યા છે. સંસ્કાર લઈને આવ્યા તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તોપણ આવું બને છે ખરું. સમવસરણમાં પણ ગૃહીત મિથ્યાત્વના પરિણામ થઈ જાય અને આયુષ્યનો બંધ પડી જાય તોપછી એ સ્થિતિ થાય. એવું બને છે ખરું. ત્યાં પણ બને છે ખરું. ત્યાં ભલે કોઈ બીજા ધર્મ મતો ચાલતા નથી પણ થવા માટે પરિણામ સ્વતંત્ર છે. એને નિમિત્તની અપેક્ષા નથી.

મુમુક્ષુ :- શ્રેણિક મહારાજાનું ઉદાહરણ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શ્રેણિકમહારાજાનું છે.

મુમુક્ષુ :- નરકમાં છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવળા-સવળા બધા પ્રકાર બને છે. આ તો સ્થાનકવાસીમાં આવ્યા. શ્રેણિક મહારાજા હજી નારકીમાં છે. પરિણામનો ભરોસો ન રાખવો. એ એમ સૂચવે છે કે પરિણામનો ભરોસો ન રાખવો.

'**મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી,...**' લ્યો ! શુદ્ધ અંતઃકરણ. વિશુદ્ધ મતિથી એટલે શુદ્ધ અંતઃકરણ. મારે મારું આત્મકલ્યાણ કરવું છે. એ વાત મારા અંતઃકરણથી મને ઊગેલી છે. એવું પોતાનું સાફ, શુદ્ધ એટલે સાફ-ચોખ્ખું અંતઃકરણ હોય એ જીવને અંતર્મુખ થવાનો માર્ગ સમજાય ખરો. આ એક મહત્વનો મુદ્દો છે.

મુમુક્ષુ :- આંતરડીમાંથી ? માતાજીએ આંતરડીમાંથી લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આંતરડીમાંથી. એમણે આંતરડીમાંથી શબ્દ વાપર્યો છે અને અંદરમાંથી લીધું છે. જુઓ ! બીજા બોલમાં અંદરમાંથી લીધું છે. બીજો બોલ છે ને ? એમાં અંતરમાંથી લીધું છે. આંતરડીમાંથી કહો, અંતરમાંથી કહો, અંતઃકરણમાંથી કહો. '**અંતરના ઊંડાણથી...**' લ્યો. અંતર શબ્દ નહિ પણ ઊંડાણ શબ્દ બીજો વાપર્યો છે. '**અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની**

ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.' કોને ? અંતર્મુખ થવાનો માર્ગ એ લગની કરી દેશે. આમ કહેવું છે.

વાંચન, વિચાર, ચિંતન, મનન એ બધી ચર્ચા ચાલે છે પણ લગની ચર્ચા કેમ નથી ચાલતી ? જુઓ ! આ જરાક ધ્યાન ખેંચવા જેવી વાત છે. 'પૂજ્ય બહેનશ્રી'નો આ મુદ્દો બહુ મહત્વનો છે. મુમુક્ષુ વાંચન કરે, વિચાર કરે, શ્રવણ કરે, તત્ત્વચર્ચા કરે, ચિંતન મનન કરે પણ લગનીની ચર્ચા કેમ નથી અહીંયાં ? ભાઈ ! આ બાબતમાં લગની કેટલી લાગી છે ? ત્યારે બહિર્મુખપણામાં પણ કોઈ નજીકના પરિણામ હોય તો તે વાંચન, વિચાર, ચિંતન, મનનના નથી પણ લગનીના છે. કેમકે એ અંતઃકરણની શુદ્ધિને સ્પર્શ કરનારા છે. એ અંતઃકરણની શુદ્ધતાને બતાવનારા છે. આ અંતઃકરણ શબ્દ (એક મુમુક્ષુ) પણ બહુ વાપરતા હતા. એમનો અંતઃકરણ શબ્દ Special હતો. અંતઃકરણસે સમજના, અંતઃકરણસે લેના. એ એમના ...

'આત્માની ખરેખરી લગની લાગે અને અંદરમાં માર્ગ (અંતર્મુખનો) ન થાય એમ બને જ નહિ.' આ Guarantee આપી છે. અહીંયા કારણ-કાર્યની સંધિ છે. કોઈ એમ કહે કે બહિર્મુખ અને અંતર્મુખપણું તો પરસ્પર વિરુદ્ધ છે. હવે અમારા પરિણામ બહિર્મુખ છે. સીધા અંતર્મુખ કેવી રીતે થાય ? તો ઈ પહેલા શું થવું જોઈએ ? તો કહે છે, લગની લાગવી જોઈએ. અંતઃકરણથી લગની લાગે અને એને અંદરમાં માર્ગ હાથમાં ન આવે એમ કદી બને જ નહિ. Guaranted વાત છે. આ વાત તેઓશ્રીએ પોતાના અનુભવથી લખી છે. એ તો ત્યાં પામેલા હતા. ત્યાં પુરુષપર્યાયમાં હતા, બ્રહ્મચારી હતા, પામેલા હતા એટલે સંસ્કારનો પ્રશ્ન એમના માટે તો રહેતો જ નથી. આ તો 'ગુરુદેવ' મળ્યા. ન મળ્યા હોત તોપણ એ પામી જાત. 'સમયસાર'માંથી પામી જાત. કેમકે એ ... પણ એમને જે તાલાવેલી ઉપડેલી અને લગની ઉપડેલી. રડે... રડે... રડે... કાંઈ હાથ-પગ પછાડે. નાના છોકરા જેમ હાથ-પગ પછાડીને રડે એવી રીતે રડતા હતા. પંડિતજી વાત કરતા હતા. એવી વેદનામાં આવેલા. સ્વરૂપ પ્રાપ્તિની એવી વેદનામાં આવેલા. લગનીમાંથી પાછો જીવ વેદનામાં આવે છે. 'સોગાનીજી' પણ વેદનામાં આવ્યા છે. લગની ન થાય અને કોઈ પામી જાય એમ નથી પાછું. અને લગનીમાં આવે અને ન પામે એમ નથી પાછું. આ ચોખ્ખી વાત છે, લ્યો ! સીધેસીધી અને ચોખ્ખી વાત છે. આ મંદ કષાયની વાતો નથી. આ દર્શનમોહની શુદ્ધિ, દર્શનમોહનો જે અનુભાગ ઘટે એની વાત છે. દર્શનમોહની મંદતાની વાત છે અહીંયાં. ચારિત્રમોહની મંદતાની શુભાશુભની વાત નથી. આ દર્શનમોહની વાત છે. નહિતર વળી કોઈને એમ લાગે કે આ બધું શુભભાવનું ચાલે છે. કષાયની મંદતાનો વિષય વધારે ચાલે

છે. કષાયની મંદતાનો વિષય નથી ચાલતો. પાત્રતાની વાત જુદી છે અને કષાયની મંદતાની વાત તદ્દન જુદી છે. બે રસ્તા આખા જુદાં છે. પાત્રતાવાળો જીવ અંતર્મુખ થાશે અને કષાયની મંદતાનો કે જ્ઞાનના ઉઘાડવાળો એકેય થાશે નહિ. એમ છે. કેમકે બેય Line જુદી પડે છે.

'**આત્માની લગની લાગવી જોઈએ,...**' લગનીપૂર્વક '**પાછળ લાગવું જોઈએ. આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. મારું હિત કેમ થાય ? હું આત્માને કઈ રીતે જાણું ? એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.**' કદાચ આવે, કદાચ કો'કને ન આવે એમ નથી. Guaranted આવે, આવે ને આવે જ. એ પોતાના સ્વાનુભવથી એ વાતનો ઉલ્લેખ કરેલો છે. આ બીજો બોલ બહુ સારો છે.

એ '**વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી...**' મુમુક્ષુને આત્મપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી બધેથી રસ ઊડી જવો જોઈએ. તમામ ઉદયમાંથી રસ ઊડી જવો જોઈએ. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, હરવું, ફરવું, આવવું, જાવું બધેથી રસ ઊડી જવો જોઈએ. '**અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજાવા યોગ્ય છે.**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તીવ્ર વૈરાગ્ય. મુમુક્ષુની ભૂમિકામાં તીવ્ર વૈરાગ્ય એટલે ? ઘરબાર છોડીને જંગલમાં વયો જાય એમ અહીંયાં નથી કહેવું. અહીંયાં એને ચાલતા ઉદયમાં એનો રસ છૂટી જવો જોઈએ. આ બધા નુકસાનના નિમિત્તો છે. મને લાભનું એકેય કારણ નથી. અને ક્યાંય રસ લે તો એ ઝેર ખાવા બરાબર છે. ક્યાંય મને રસ પડે તો એ ઝેર ખાવા બરાબર છે. એટલું એને જો સમજાય તો એને ક્યાંય રસ પડે નહિ.

મુમુક્ષુ :- વિશુદ્ધમતિથી એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- વિશુદ્ધમતિથી એટલે શુદ્ધ અંતઃકરણથી. અભિપ્રાયમાં ક્યાંય પણ પોલ રહે નહિ. શરત નહિ. વિશુદ્ધ અંતઃકરણવાળો કોઈ શરત નથી કરતો કે આટલી શરતે મારે મારું કામ કરવું છે. નહિતર મારે મારું કામ નથી થઈ શકે એવું. અમુક મને આટલી અનુકૂળતા રહે, આટલી સગવડ હોય તો હું કામ કરું. હમણાં (એક મુમુક્ષુ) 'અમદાવાદ'થી આવ્યા હતા ને ? સત્સંગ માટે આવવું કોઈ વાર. સાંભળીને પ્રમોદ બહુ થાય છે. સાચી વાત કહું, એવા શરીરના સગવડીયા થઈ ગયા છીએ ને કે અમને ન ફાવે, અમને ન ફાવે એ મગજમાંથી જાતું નથી. આ જીવને ધર્મ કરવો છે પણ સગવડ રાખીને કરવો છે. તો જ કરવો છે નહિતર નથી કરવો. એ પોતે ને પોતે એમ કહે.

શુદ્ધ અંતઃકરણથી જેને કરવું છે, વિશુદ્ધમતિથી જેને કરવું છે એને એક આત્મકલ્યાણ સાથે જ એની બુદ્ધિનું પ્રયોજન છે. એને બુદ્ધિમાં પ્રયોજન ક્યાં અનુસંધાન થાય છે ? મારું આત્મકલ્યામ કેવી રીતે થાય ? એ જ એને બુદ્ધિમાં અનુસંધાન કરવા માગે છે. બીજું કાંઈ અનુસંધાનમાં લેતો નથી.

'મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજવા યોગ્ય છે.' તે ઉપાય એટલે અંતર્મુખ થવાનો ઉપાય. આટલા મુદ્દાઓ હોવા જોઈએ. એ જાતનો મહત્ પુણ્યનો યોગ સત્પુરુષનો સમાગમ થાય એ પ્રકારનો હોવો જોઈએ. .. એ જ્યારે 'ગુરુદેવ'નો યોગ થયો ત્યારે મહત્ પુણ્યનો યોગ થયો એમને. એ કેવો યોગ થયો ? મહત્ મહત્ પુણ્યનો યોગ થયો. એને એ મહત્ પુણ્યયોગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ... વિરાધના...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિરાધના .. દિગંબરમાં આવેલા ને. દિગંબરમાં આવેલા વિરાધના નહિ કરેલી. મૂળ દિગંબર, .. દિગંબર. વિરાધના નહિ કરેલી.

મુમુક્ષુ :- પાછા સત્ ગોત્યું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, સંપ્રદાય સાચો. એ પરિશ્રમ એમને ન લેવો પડ્યો. પણ એ અનંત વાર આવ્યો છે, એ રીતે અનંત વાર આવ્યો છે. અત્યારે ઘણા જીવો છે. એમને લગની લાગી તો કામ થયું. પુણ્યયોગ બેઠો. નહિતર આમ બહારમાં એટલો પુણ્ય નહોતા. એ લગનીએ પુણ્યયોગ ઊભો કર્યો જાણે. એની લગનીએ પુણ્યયોગને ઊભો કર્યો. કુદરત બંધાયેલી છે. પછી એ લગની સાથે કુદરત બંધાયેલી છે. છસ્સો માઈલની મુસાફરી કરીને આવ્યા.

'તે સમજવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે.' ચાર ગતિમાં એક મનુષ્યદેહ છે. કેમકે બધે ખેંચાણ ઘણું છે, ઉપાધિ ઘણી છે. નરકમાં તો ચોખ્ખી ઉપાધિ છે. ઢોરઢાંખર, પશુ, પક્ષીને પણ. માણસ તો એક વર્ષના અનાજ પણ સંઘરીને બેસે. પશુ-પક્ષીને કાંઈ ધન-ધાન્યના કોઠાર છે નહિ. એને તો રોજેરોજનું લેવા જવાનું છે. એને કાંઈ Godown ભરેલા છે ? ચકલી હોય તો એને ચણ લેવા નીકળવું પડે, કીડીને કણ લેવા નીકળવું પડે, જંગલી પ્રાણીને એના શિકાર ગોતવા નીકળવું પડે. એ ઉપાધિ... ઉપાધિ... ઉપાધિ... પેટની અગ્નિ એને ક્યાંય સખ પડવા દે નહિ. અહીંયાં શું છે ? સાધારણ પ્રાણીઓને પણ એ જ છે. સાધારણ મનુષ્યોને પેટ્યું કાઢવામાં જ બાર-તેર કલાક જાય છે. બાકી ઊંઘવામાં વયા જાય છે. અને જેને છે એને સૂઝતું નથી.

મુમુક્ષુ :- એટલે શાંતિ અનુભવી ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સંતોષ પકડીને બેસી જાય છે કે ચાલો આપણે બીજા કરતા તો સુખી છીએ. એને કાંઈ સૂઝતું નથી. મનુષ્યદેહમાં પણ આવી વાત છે.

મુમુક્ષુ :- ઈ ઝેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈ રસ લીધો એ ઝેર છે.

'તે સમજવાનો અવર એકમાત્ર આ મનુષ્યદેહ છે તે પણ અનિયત કાળના ભયથી ગૃહીત છે;...' એ પણ અનિયમિત કાળ. ક્યારે કાળ આવીને ઉપાડી લે કાંઈ કહેવાય નહિ. આ એમ કહે કે ઘડી પહેલા તો અમને મળ્યા હતા. પણ એ આગળ જરાક ચાલ્યા એમાં Accident થઈ ગયું. અહીંયા હજી અમને ભેગા થયા હતા. અમે સામે સામા મળી ગયા. અમે આમ ચાલ્યા અને એ આમ જતા હતા. પા કલાક પછી સાંભળ્યું તો એ તો ભાઈ વયા ગયા. ઠીક ! અનિયમિત કાળના ગૃહીત છે. એક Second પહેલા ખબર પડે એવી વાત નથી.

અને છતાં **'ત્યાં પ્રમાદ થાય છે,...'** અનિયમત મનુષ્ય આયુની આવી અચોક્કસતા હોવા છતાં, અનિયમિતતા એટલે અચોક્સતા હોવા છતાં જીવ પ્રમાદ કરે છે એ અમને આશ્ચર્ય થાય છે. અરે..! જીવમાં આટલી બુદ્ધિ નથી? એના સ્વાર્થ માટેની આટલી બુદ્ધિ નથી એને ? આ તે કેવી વાત છે? અને ખેદ થાય છે કે અરે..રે...! બિચારો દુઃખી થાશે. આ પ્રમાદ એને દુઃખમાં ધકેલી દેશે. બહુ સારો પત્ર છે. 'અંબાલાલભાઈ'ને ચાર લીટી લખી છે પણ મુમુક્ષુજીવને જગાડી દે એવી વાત છે. કેવી ? મુમુક્ષુને જગાડી દે એવી વાત છે. પ્રમાદ છોડ અને અંતર્મુખ થવા માટે લગની તો લગાડ, એમ કહે છે. પ્રમાદ છોડીને લગની તો લગાડ. નહિતર આ આયુષ્ય પાછું ક્યારે પૂરું થાશે એનું કાંઈ ઠેકાણું નથી. આમ છે. છેલ્લે પત્ર પૂરો કરતા 'ૐ' કર્યો છે. ૮૧૬મો પત્ર થયો.

પત્રાંક-૮૧૭

મુંબઈ, કારતક વદ ૧૨, ૧૯૫૪

પ્રથમ તમારા બે પત્રો તથા હાલમાં એક પત્ર મળ્યું છે. હાલ અત્રે સ્થિતિ થવાનો સંભવ છે.

આત્મદશાને પામી નિર્દ્વંદ્વપણે યથાપ્રારબ્ધ વિચરે છે, એવા મહાત્માઓનો યોગજીવને દુર્લભ છે. તેવો યોગ બન્યે જીવને તે પુરુષની

ઓળખાણ પડતી નથી, અને તથારૂપ ઓળખાણ પડ્યા વિના તે મહાત્મા પ્રત્યે દઢાશ્રય થતો નથી. જ્યાં સુધી આશ્રય દઢ ન થાય ત્યાં સુધી ઉપદેશ પરિણામ પામતો નથી. ઉપદેશ પરિણમ્યા વિના સમ્યગ્દર્શનનો યોગ બનતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી. તેવા મહાત્મા પુરુષોનો યોગ તો દુર્લભ છે, તેમાં સંશય નથી. પણ આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે. તોપણ ક્વચિત્ ક્વચિત્ તે યોગ વર્તમાનમાં બનવા યોગ્ય છે. સત્સમાગમ અને સત્શાસ્ત્રનો પરિચય કર્તવ્ય છે. ૐ

૮૧૭મો પત્ર 'મનુદાસ પ્રભુદાસ ...' છે. આ એક નાની ઉંમરના ભાઈ છે. '...' કરીને ગામડું છે. 'ખેડા' જિલ્લામાં 'ચરોતર'નું. નાની ઉંમરના અને વૈરાગી માણસ છે. એમના પત્રો પણ અમે જોયા હતા. '**પ્રથમ તમારા બે પત્રો તથા હાલમાં એક પત્ર મળ્યું છે.**' તમારા પહેલા બે પત્રો મળેલા. અત્યારે પણ એક ત્રીજો કાગળ મળ્યો. '**હાલ અત્રે સ્થિતિ થવાનો સંભવ છે.**' હમણા 'મુંબઈ' રોકાવાનો સંભવ છે. લગભગ પોષ મહિને 'મુંબઈ' છોડ્યું છે અને 'આણંદ' આવ્યા છે. પોષ મહિના સુધીના જે પત્રો છે, પોષ સુદ ૩નો છેલ્લો પત્ર છે એ 'મુંબઈ'થી છે. પછી પોષ વદ ૧૧નો પત્ર 'આણંદ'થી લખાયેલો છે.

'**હાલ અત્રે સ્થિતિ થવાનો સંભવ છે. આત્મદશાને પામી નિર્દ્વંદ્વપણે યથાપ્રારબ્ધ વિચરે છે, એવા મહાત્માઓનો યોગ જીવને દુર્લભ છે.**' શું કહે છે ? આત્મદશાને પામીને. આમ તો ઘણા અઘોરી ફરતા હોય એની વાત નથી. અંદરમાં આત્મદશાને પામીને. પછી નિર્દ્વંદ્વ. નિર્દ્વંદ્વ એટલે ઈષ્ટ-અનિષ્ટપણાનું દ્વંદ્વ જેને છૂટી ગયું છે. નિર્ગ્રંથ મુનિ છે. ખાસ કરીને નિર્ગ્રંથ મુનિઓની દશાને નિર્દ્વંદ્વ દશા કહેવામાં આવે છે. રાગ પણ નથી અને દ્વેષ પણ નથી. આહાર માટે નીકળે અને આહારનો યોગ ન થાય અથવા કાંઈ અંતરાય પડે તો દ્વેષ ન થાય. માટે એ દશાને નિર્દ્વંદ્વ દશા કહેવામાં આવી છે. દેહાતીત દશા છે ને !

'**આત્મદશાને પામી નિર્દ્વંદ્વપણે યથાપ્રારબ્ધ વિચરે છે,...**' યથાપ્રારબ્ધ એવો પૂર્વ કર્મનો યોગ છે એ પ્રકારે વિચરે છે. આહાર ન મળ્યો, પૂર્વ કર્મનો એવો યોગ છે. સમાધિભાવમાં જ રહે છે. સમાધિ છૂટતી નથી જેને. '**એવા મહાત્માઓનો યોગ જીવને દુર્લભ છે.**' એવા મહાત્માનો યોગ ભાગ્યે જ મળે. કેમકે જગતમાં એવા મહાત્મા

કો'ક જ હોય. અબજોમાં એક નીકળે. અબજોમાં, હોં ! કરોડોમાં નહિ પણ અબજોમાં કો'ક એવા મહાત્મા હોય. પણ '**તેવો યોગ બન્યે જીવને તે પુરુષની ઓળખાણ પડતી નથી,...**' ક્યારેક એવો ભેટો થઈ જાય છે પણ જીવને ઓળખાણ પડતી નથી. એટલે ઉપેક્ષા કરી જાય છે. એની કિંમત આવતી નથી. ઓળખાણ પડતી નથી એનો અર્થ શું છે કે એની કિંમત આવતી નથી કે આ મહાપુરુષ છે. મારા અનંત કાળના દુઃખ ક્ષયનો ઉપાય મને અહીંથી મળશે. માટે દઢપણે મારે એમના આશ્રયમાં રહેવા યોગ્ય છે. એ જાતની બુદ્ધિ એને ઓળખાણ વગર આવે નહિ. એટલે ઓળખાણ થતી નથી.

મુમુક્ષુ :- એને હિતબુદ્ધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ વગર કેવી રીતે થાય ? ઓળખાણ હોય તો હિતબુદ્ધિ થાય ને ? અથવા એને આત્મકલ્યાણ કરવું છે એના માટે એ કોઈ મહાત્માના યોગને શોધતો નથી. એટલે યોગ થાય તો પણ એને તો કાંઈ હિતની પડી નથી. આત્મહિત કરવું એવી કાંઈ પડી નથી.

મુમુક્ષુ :- અમને 'ગુરુદેવ'ની ઓળખાણ થઈ ગઈ ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. થયું નથી. થયું કે નથી થયું ? થયું નથી. એમ છે. થયું નથી. એવા મહાત્મા ક્વચિત્ જ મળે. પણ એવો યોગ બને જીવને તે પુરુષની ઓળખાણ પડતી નથી.

'**અને તથારૂપ ઓળખાણ પડ્યા વિના તે મહાત્મા પ્રત્યે દઢાશ્રય થતો નથી.**' અને જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી કિંમત આવે નહિ અને કિંમત આવે નહિ ત્યાં સુધી એને આશ્રય કરવાની દઢતા આવે નહિ. મારે વળગી રહેવું છે. હવે મારે એવું વળગવું છે કે છૂટવું નથી. આત્મકલ્યાણ ન થાય ત્યાં સુધી મારે સત્સમાગમ છોડવો નથી. એવો જીવને દઢાશ્રય થતો નથી. અને '**જ્યાં સુધી આશ્રય દઢ ન થાય ત્યાં સુધી ઉપદેશ પરિણામ પામતો નથી.**' આ બહુ સરસ Link લીધી છે. જીવ ઉપદેશ સાંભળવા બેસે છે, એમ કહે છે. પણ એનો અભિપ્રાય કાંઈક બીજો છે. આત્મકલ્યાણ કરવાનો અભિપ્રાય લઈને સાંભળવા બેસતો નથી. અન્ય અભિપ્રાયે સાંભળવા બેસે છે. એને આત્મકલ્યાણ થતું નથી.

આત્મકલ્યાણની ભાવનાથી દઢાશ્રયે જો ઉપદેશ સાંભળે તો જ ઉપદેશ પરિણમે અને નહિતર ઉપદેશ પરિણમે નહિ. આ યોગ્યતાની પરિસ્થિતિ છે. યોગ્યતા ક્યારે આવે ? મહાપુરુષના દઢ આશ્રયથી ઉપદેશ શ્રવણ કરવાનો યોગ બને તો. નહિતર એને આત્મકલ્યાણ થવાનો અવકાશ રહેતો નથી. એટલે '**જ્યાં સુધી આશ્રય દઢ ન થાય ત્યાં સુધી ઉપદેશ પરિણામ પામતો નથી.**' ઉપદેશ સંભળાય ખરો. પરિણામ પામવો

એટલે ઉપદેશ અંદરમાં ઉતરવો, આત્મામાં ઉપદેશ ઉતરવો. ઉપદેશ મળ્યો ખરો પણ ઉતર્યો કે નહિ આ સવાલ છે. એ ઉપદેશને અંતરમાં પરિણમાવવા અર્થે પોતાને દઢ આશ્રયની બુદ્ધિ હોવી જોઈએ એમ કહેવું છે.

'જ્યાં સુધી આશ્રય દઢ ન થાય ત્યાં સુધી ઉપદેશ પરિણામ પામતો નથી. ઉપદેશ પરિણમ્યા વિના સમ્યગ્દર્શનનો યોગ બનતો નથી.' જ્યાં સુધી ઉપદેશ અંદર જ ન ઉતરે એને સમ્યગ્દર્શન તો એનું ફળ છે. ઉપદેશની પ્રાપ્તિ થાય તો એનું ફળ શું ? કે એનું ફળ સમ્યગ્દર્શન અને સ્વાનુભવ છે. જો જીવને અંદરમાં ઉપદેશ ઉતરે તો. અંતરમાં ઉતરે તો. આ 'મનુદાસભાઈ'ને આખી Line સમજાવી છે, લ્યો ઠીક ! એક તો જીવને અનંત કાળમાં ક્યારેક જ મહાપુરુષ મળે છે, મહાત્મા પુરુષ મળે છે એ યોગ બહુ દુર્લભ છે. મળ્યો ત્યારે આ જીવે ઓળખાણ કરી નહિ. ઓળખાણ ન થઈ એટલે દઢાશ્રય ન થયો. દઢાશ્રયની બુદ્ધિ ન થઈ એટલે ઉપદેશ સાંભળવા છતાં પરિણમ્યો નહિ. પરિણમ્યો નહિ, અંતરમાં ઉતર્યો નહિ, અંદરમાં ઉતર્યો નહિ એટલે સમ્યગ્દર્શન થયું નહિ. એટલે જન્મ-મરણની જે સંતતિ હતી એ તોડી નહિ. એમ ને એમ એ વાત ચાલુ રહી ગઈ.

મુમુક્ષુ :- અત્યાર સુધીની બધી મહેનત વ્યર્થ ગઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- બધી મહેનત વ્યર્થ જાય છે. આમ છે. એક જગ્યાએ ખોટો આંટો થાય ને તો અંદરમાં આકુળતા થાય કે આ નકામો ધક્કો થયો. અને આ એમ ને એમ મજૂરી કર્યા કરે છે. સાંભળવાની, વાંચવાની બધી મજૂરી કર્યા કરે. અને જ્યાં ત્યાં ધોડા કરવાની. દોડીને ગમે ત્યાં જાય છે ને ? એ બધો પરિશ્રમ વ્યર્થ જાય છે. કેમકે જીવને ઓળખાણ પડતી નથી, દઢાશ્રય થતો નથી, ઉપદેશ અંદરમાં પરિણામ પામતો નથી.

એ **'ઉપદેશ પરિણમ્યા વિના સમ્યગ્દર્શનનો યોગ બનતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી.'** એ એક એવો તબક્કો છે કે જ્યાંથી જીવનો વિભાવરસ એ એવો તૂટી જાય છે, એવો તૂટી જાય છે કે પછી એ વિભાવરસ ફરીને આત્મામાં સંઘારતો નથી. સમ્યગ્દર્શન એ એવા આત્મરસના તીવ્ર પરિણામપૂર્વક જન્મ પામે છે. ક્યારે સમ્યગ્દર્શનનો જન્મ થાય છે ? કે એટલો આત્માના મહિમામાં ચૈતન્યરસ ઘોળાઈ જાય છે, એટલો બધો ઘોળાઈ જાય છે કે એના અત્યંત તીવ્રપણામાં સમ્યગ્દર્શનનો જન્મ થાય છે. પછી એ વિભાવરસની કેડ ભાંગી જાય છે. કેડ ભાંગલો હોય એનામાં કામ કરવાની શક્તિ રહે નહિ. પછી એને વિભાવની શક્તિ છૂટી ગઈ, તૂટી ગઈ બધી, ખલાસ થઈ ગઈ.

'સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી.' સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તો જ બધા પ્રકારના દુઃખ જવાની સંભાવના છે. પછી એને સર્વ પ્રકારના દુઃખ મટે. સમ્યગ્દર્શન થાય એટલે કોઈપણ પરિસ્થિતિમાં નારકીમાં જાય તોપણ એનો સમાધિભાવ છૂટતો નથી. એ પોતે લખે છે કે, બહારમાં ઉપાધિ ઘણી છે પણ અંતરમાં તો નિરંતર સમાધિ વર્તે છે. ઉપાધિમાં સમાધિ એ અમારું જીવન છે. શું જીવન છે ? કે ઉપાધિમાં સમાધિ. એ વાત બહુ લીધી છે. ઉપાધિમાં સમાધિની વાત બહુ લીધી છે.

મુમુક્ષુ :- ઉપયોગ અને પરિણતિમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપયોગ ઉપાધિમાં જોડાય છે, પરિણતિમાં સમાધિ વર્તે છે. મુખ્ય પરિણતિ સમાધિની છે. ઉપયોગ હોય એ ઉપાધિના પરિણામ ગૌણ છે. ગૌણ છે તોપણ આંખમાં કણું ખૂંચે એવી રીતે અમને ખૂંચે છે. આંખમાં કણું સમાય ભલે, પણ સમ્યગ્દૃષ્ટિના પરિણામમાં વિભાવ પોસાતો નથી. કદાચ કોઈને આંખમાં કણું પોસાય પણ સમ્યગ્દૃષ્ટિને પરિણામમાં વિભાવનો એક કણ પણ પોસાતો નથી. એ દશા થઈ જાય છે. પછી એ વિભાવ રહી શકે નહિ. એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તો જ જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય છે. જો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય તો એ દુઃખની આત્યંતિક, કોઈપણ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી. એમ અસ્તિ-નાસ્તિ બંને લઈ લેવી.

'તેવા મહાત્મા પુરુષોનો યોગ તો દુર્લભ છે, તેમાં સંશય નથી.' તેવા મહાત્મા પુરુષોનો યોગ છે, એ યોગ દુર્લભ છે એમાં કોઈ સંશય નથી. એવા મહાત્માઓ ગોત્યા જડે નહિ એવી પરિસ્થિતિ હોય છે. તો એનો યોગ દુર્લભ છે એમાં કોઈ શંકા કરવા જેવી નથી. કેમકે કરોડો-અબજોમાં કો'ક હોય તો પછી એનો યોગ દુર્લભ છે એમાં કાંઈ વિચાર કરવાની વાત રહેતી નથી. અત્યારે એવા મહાત્માનો યોગ તો દુર્લભ છે. પણ... એમ કહે છે હવે. આ કાળમાં તો **'આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે.'** ઠીક ! જ્ઞાની ધર્માત્મા મહાત્મા ને નિર્ગ્રંથ મુનિની તો ક્યાં વાત કરવી ! પણ જેની દૃઢ મોક્ષેચ્છા હોય, એવો મોક્ષાર્થી જીવ હોય, જેણે પોતાની પૂર્ણ શુદ્ધિનું ધ્યેય બાંધ્યું હોય તેવો મોક્ષાર્થી જીવ હોય એ જ આત્માર્થી હોય. મોક્ષાર્થી ન હોય તે આત્માર્થી કોઈ દિવસ હોય નહિ. એવો યોગ બનવો પણ અત્યારે કઠણ છે.

'પણ આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે. તોપણ ક્વચિત્ ક્વચિત્ તે યોગ વર્તમાનમાં બનવા યોગ્ય છે.' કેમકે એમની સમીપમાં આવેલા આત્માર્થી જીવો હતા. 'મનુદાસભાઈ'ને એમ લખે છે કે અત્યારે કદાચ મહાપુરુષનો યોગ ન બને પણ

આત્માર્થી જીવોનો યોગ તમને બનવા યોગ્ય છે. એની સંખ્યા થોડીક હજી દેખાય છે. એમ એમનું કહેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'મનુદાસભાઈ'ને જેને પત્ર લખ્યો છે એ 'ચરોતર'ના છે. અને આ 'અંબાલાલભાઈ' ને એ બધા 'ખંભાત'ના છે ને ? એ બાજુ મુમુક્ષુઓની સંખ્યા થોડી થઈ હતી. જે 'શ્રીમદ્‌જી'ના પરિચયમાં આવેલા એવા મુમુક્ષુઓની આત્માર્થી જીવોની સંખ્યા હતી. મહાપુરુષનો યોગ તો કઠણ છે પણ આત્માર્થી જીવ મળવા મુશ્કેલ છે. પણ છતાં ક્યાંક બને એવું છે. કઠણ છે એમ કહીને થોડું પાછું રાખ્યું છે.

'તે યોગ વર્તમાનમાં બનવા યોગ્ય છે. સત્સમાગમ અને સત્શાસ્ત્રનો પરિચય કર્તવ્ય છે.' એવા આત્માર્થી જીવોનો સત્સમાગમ કરવો, જ્ઞાની મળે તો એનો સત્સમાગમ કરવો અને એકાંતમાં સત્શાસ્ત્રનો પરિચય પણ કર્તવ્ય છે. કેમકે યોગ તો મર્યાદિત કાળમાં રહે. જો બાકીના કાળમાં સત્શાસ્ત્રનો પરિચય ન રાખે તો અસત્સંગ અને કુસંગ આવી પડ્યા રહે નહિ. એ તો ઘેરો ઘાલ્યો છે એણે તો. અસત્સંગ અને કુસંગે તો ઘેરો ઘાલેલો છે. એનાથી બચવું હોય તો એણે કાં સત્સંગમાં રહેવું અને કાં સત્શાસ્ત્રના પરિચયમાં રહેવું. બે પરિચય રાખવા. ત્રીજો પરિચય રાખવો નહિ એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આ પત્રમાં ...'મનુદાસભાઈ'ને ... આ પત્ર વાંચતા એવું લાગે છે. ... સારો છે. નાની ઉંમરથી સારો ... છે.

મુમુક્ષુ :- મુમુક્ષુને માર્ગદર્શન છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખે ચોખ્ખું માર્ગદર્શન છે.

સત્પુરુષનો યોગ, એની દુર્લભતા, એની ઓળખાણ, ઓળખાણ થયા પછીના પરિણામની સ્થિતિ, એ સ્થિતિને વશ ઉપદેશનું પરિણમવું કે નહિ પરિણમવું અને પરિણમે તો પછી સમ્યગ્દર્શન થાય તો એને સંસારના સર્વ દુઃખોનો અભાવ થઈ જાય. નહિતર સંસારના અનંત દુઃખોની લટકતી તલવાર માથે છે. શું રાખવું ? સંસારના અનંત દુઃખોની લટકતી તલવાર માથે છે અથવા બીજી ઉપમા આપીએ તો ખીણ છે, લ્યો ! ક્યાં ઊભો છે ? ખીણના કાંઠે ઊભો છે. આની કોર જાય તો ખીણમાં પડે અને આ બાજુ જાય તો બચી જાય. બરાબર કિનારે ઊભો છે ખીણની. ઊંડી ખીણ હોય ને ? Hill station માં હોય છે ને ? છેલ્લો Point હોય છે ત્યાં પછી બધી ખીણ આવે. ખીણમાં પડી જાય. આ મહાબળેશ્વર બાજુ બહુ મોટી મોટી ખીણ છે. એવો ખીણમાં

પડે તો પછી કાંઈ પત્તો લાગે નહિ. એક ડગલું આગળ વધે તો પડી જાય. કેટલું ? એક જ ડગલું. એક ડગલામાં આટલું બધું નુકસાન થાય ? હા. ઊંધી દિશાનું એ ડગલું પણ જીવને ક્યાંનો ક્યાં લઈ જાય એ કહેવું પણ મુશ્કેલ છે. એ કુસંગ છે એ ખીણ છે. કુસંગ છે એ ખીણ છે.

મુનિદશામાં સાવચેતી રાખી છે. આ સંગની સાવચેતી તો આચાર્યોએ મુનિને ઉપદેશી છે અને પહેલ કરી કે સર્પનો કરડેલો એકવાર મરશે, સમુદ્રનો ડૂબેલો એક વાર મરશે, ઝેર ખાશે તો એક વાર મરશે, અગ્નિમાં બળશે તો એક વાર મરશે, પણ કુસંગથી કેટલી વાર જન્મ-મરણ કરશે એનો કોઈ હિસાબ-કિતાબ લગાડવો મુશ્કેલ થઈ જશે. આમણે બહુ તારવ્યું છે. 'પરમાગમ ચિંતામણી'માં. 'પરમાગમ ચિંતામણિ' પહેલાં આપણે ... એ 'પરમાગમ ચિંતામણિ'માં બહુ બોલ લીધા છે. ... ઘરે જોવા હોય તો એ જોઈ જવા. કુસંગના બોલ છે : ૯૯૩, ૧૨૭૦, ૧૬૨૦, ૧૬૮૨, ૧૭૫૬. આ બધા કુસંગના બોલ જુદા જુદા સત્શાસ્ત્રોમાંથી તારવેલા છે. અને સુસંગ માટે ૧૮૫૯, ૧૧૦૫, ૧૪૨૦ એ બધા સત્સંગની મહિમાના બોલ છે. ત્યાંથી બચે અને અહીંથી ખીણમાં પડી જાય.

મુમુક્ષુ :- કિનારે ઊભો હોય અને નીચે જોવે તો પણ બીક લાગે. અહીં શ્રીગુરુ સમજાવે છે તોપણ બીક નથી લાગતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખીણમાં જોવે તોય ચક્કર આવે કે અહો..! આટલું બધું ઊંડું છે. પડી જઈશ તો કેટલું બધું વાગે ! આ Rope way માં બેસે છે ને ? તોપણ માણસ બીવે છે. કેમકે નીચે ખાડો હોય છે.

અહીંયા એ વાત લીધી છે કે મહાત્માના યોગે દઢાશ્રયથી સત્સંગને ઉપાસવામાં આવે તો ઉપદેશ પરિણમવાની યોગ્યતારૂપ દર્શનમોહની મંદતા થાય અને ઉપદેશ પરિણામ પામે. એ આખા પત્રનો વિષય છે.

ભાવભાસન વિના ત્રિકાળી સ્વરૂપ પ્રતિ જોર આવે નહિ. તેમ છતાં માત્ર ધારણાને લીધે ત્રિકાળીના વિકલ્પ દ્વારા જોર દેતાં, તે જોર વિકલ્પ ઉપર જાય છે, અને ભાવભાસનની વિધિ ચુકાઈ જાય છે. તેથી વિધિનો વિપર્યાસ થાય છે. તેવું જોર કદી સફળ થતું નથી. (અનુભવ સંજીવની-૧૩૩૧)

પત્રાંક-૮૧૮

મુંબઈ, માગશર સુદ ૫, રવિ, ૧૯૫૪

ૐ

ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક, પારિણામિક, ઔદયિક અને સાન્નિપાતિક એ છ ભાવનો લક્ષ કરી આત્માને તે ભાવે અનુપ્રેક્ષી જોતાં સદ્વિચારમાં વિશેષ સ્થિતિ થશે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર જે આત્મભાવરૂપ છે, તે સમજાવા માટે ઉપર કહ્યા તે ભાવો વિશેષ અવલંબનભૂત છે.

તા. ૨૪-૮-૧૯૯૨, પત્રાંક-૮૧૮ થી ૮૨૧
પ્રવચન નં. ૪૦૦

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૧૮, પાનું-૬૧૬. 'લઘુજીમુનિ' ઉપર લખેલો છે. '**ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક, પારિણામિક, ઔદયિક અને સાન્નિપાતિક એ છ ભાવનો લક્ષ કરી આત્માને તે ભાવે અનુપ્રેક્ષી જોતાં સદ્વિચારમાં વિશેષ સ્થિતિ થશે.**' આગમમાંથી પાંચ ભાવનો ... ત્યાં એ સાન્નિપાતિક નામનો ... ભાવ લીધો છે. એ પણ ઔદયિક ભાવના ... ઉદયિકભાવના ... સમાવેશ થાય છે. સાન્નિપાતિકનો અર્થ હોવો જોઈએ. આ સનેપાત કહે છે ને ? ... તીવ્ર કષાયને ... ક્ષયોપશમભાવ કર્મના ઉદય નિમિત્તે, ઉપશમભાવ કર્મના ..નિમિત્તે થતો, ક્ષાયિકભાવ કર્મના ક્ષયના નિમિત્તે થતો, ઔદયિક ભાવ કર્મના ઉદયના નિમિત્તે થતો. અને સાન્નિપાતિકમાં પણ તીવ્ર પ્રકૃતિનો ઉદય હોય છે. એ બધા કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધો થનારા પરિણામો એ પારિણામિકભાવ જીવનું મૂળ સ્વરૂપ છે. એટલે એને કર્મના ઉદય એટલે કોઈપણ પ્રકારના કર્મના ... કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. એવા પરિણામ છે, એક એવો ભાવ છે, એવું સ્વરૂપ છે. '**એ છ ભાવનો લક્ષ કરી...**' એટલે એને સમજીને, ઓળખીને. '**તે ભાવે અનુપ્રેક્ષી જોતાં...**' ખાલી પરલક્ષે વિચાર કરતા નહિ એમ કહે છે. અનુપ્રેક્ષી જોતા એટલે પોતાના પરિણામોનું અવલોકન કરીને જોતાં એના પરિણામે '**સદ્વિચારમાં વિશેષ સ્થિતિ થશે.**' પરિણામે અવલોકનથી

સદ્વિચારમાં વિશેષ આવવાનું થશે. એટલે એ પ્રકારના પોતાના ભાવોનું અવલોકન કરતા આત્મહિતનો વિચાર, સદ્વિચાર એટલે આત્મહિતનો વિચાર એમાં મુખ્યપણે થશે.

'જ્ઞાન, દર્શન અને ચારિત્ર જે આત્મભાવરૂપ છે, તે સમજાવા માટે ઉપર કહ્યા તે ભાવો વિશેષ અવલંબનભૂત છે.' સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે પ્રકારના પરિણામ આત્મભાવરૂપ છે. જ્ઞાન પણ આત્માકાર છે, શ્રદ્ધા પણ આત્માકાર છે અને ચારિત્રમાં પણ આત્માકાર દશા છે. એ દશા સમજાવવા માટે ઉપરના છએ પ્રકારના પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે. એનો હેતુ એ છે. એટલે છ પ્રકારના ભાવો શા માટે કહ્યા ? કે મુખ્ય વાત તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સમજણ કરાવવા અર્થે એ વાત કહેવામાં આવી છે. હેતુ એ નીકળે છે. પ્રતિપાદનનો હેતુ શું છે ? છ ભાવમાં પ્રતિપાદનનો હેતુ શું ? એ હેતુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેને સમજાવવા માટે એ પરિણામ ... આવે છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ પ્રકારના ભાવમાં આવી જાય છે. પછી નાસ્તિથી ઉદયભાવ કહેવામાં આવે છે. અવલંબન માટે પારિણામિકભાવ કહેવામાં આવ્યા છે. એ રીતે. એમ એ Post card માં 'લલ્લુજીમુનિ'ને દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મનો વિષય સંક્ષેપમાં આપ્યો છે. એવી ચર્ચા એમણે બહુ નથી કરી. આ તબક્કે કરી છે. આટલા પરિચય પછી કરી છે.

મુમુક્ષુ :- અજ્ઞાન અવસ્થામાં જીવ ...

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષયોપશમ ભાવ તો જ્ઞાનાદિનો છે જ. જ્ઞાનની હયાતીનો ક્ષયોપશમભાવ તો છે જ. ક્ષયોપશમ .. બીજા ભાવનું તો અવલોકન ક્યાંથી થાય ? પણ પછી એની ભાવના ભાવવાનું, અનુપ્રેક્ષામાં ભાવના ... આવે, અનુપ્રેક્ષામાં અવલોકન પણ આવે છે અને ભાવના પણ આવે છે. ભાવના છે એ પ્રથમ છે અને અવલોકન છે ભાવનાથી આગળ વધતા .. પરિણામ છે. બે પ્રકાર છે.

પત્રાંક-૮૧૯

મુંબઈ, માર્ગશીર્ષ સુદ ૫, રવિ, ૧૯૫૪

ૐ

ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષય-કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત

પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.

૮૧૯. એ 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.**' શું કહે છે ? 'અંબાલાલભાઈ'ને પરિચય થયે લગભગ નવ-દસ વર્ષ થવા આવ્યા છે. યોગ્યતા સારી હતી. તોપણ મોક્ષમાર્ગમાં પ્રવેશ નહિ થતો હોવાથી, એટલા લાંબા ગાળામાં પણ મોક્ષમાર્ગમાં પ્રવેશ નહિ થતો હોવાથી ક્યારેક ક્યારેક એમને પોતાની દશા વિષે ખેદપણું ... અને એ વાત પોતે પોતાના પત્રમાં નિવેદન કરતા હશે. ખેદ થાય છે કે અરે..રે..! આ જીવને કેમ સંસારના પરિણામ વિશેષ રહે છે ? શા માટે મોક્ષમાર્ગના પરિણામમાં પ્રવેશ થતો નથી ? તો ખેદ ઘણો કરવાથી... એની પણ એક મર્યાદા છે. પોતાનો ખેદ કરવાની પણ એક મર્યાદા છે. અને પોતાના સારા પરિણામનો ઉદ્યમ અને ઉત્સાહ કરવાની પણ એક મર્યાદા છે. એ મર્યાદા બહારના અન્ય પરિણામ થાય તો વિશેષ કરીને પર્યાય પ્રધાનતા થવાની પરિસ્થિતિ થઈ જાય છે. એટલે એકલો ખેદ કરવો એ પણ યોગ્ય નથી, એમ કહેવું છે.

માત્ર ખેદ કરીને બેસી નહિ રહેતા શૂરવીરપણું ગ્રહીને એટલે કે પુરુષાર્થને ઉપાડીને એનું નામ શુરવીરપણું. અહીંયાં બીજી વાત નથી. અહીંયાં તો પુરુષાર્થનો ઉપાડ કરવો એને શૂરવીરપણું કહેવામાં આવ્યું છે. '**શુરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં...**' જ્ઞાની જે માર્ગે વિચર્યા છે, જે અનનુક્રમે આગળ વધ્યા છે, જ્ઞાનીને માર્ગે એટલે જે અનુક્રમથી એ માર્ગ સાધ્યો છે એમણે એ માર્ગે ચાલતા '**મોક્ષપાટણ સુલભ જ છે.**' પછી મોક્ષ દૂર નથી. એવા જીવને મોક્ષ દૂર નથી.

આમ તો જે મોક્ષનું ધ્યેય બાંધે છે, એવી દઢ મોક્ષેચ્છા જેને વર્તે છે એને ખરેખર મોક્ષ સુલભ છે. એને મોક્ષ સુલભ છે. એને મોક્ષ દુર્લભ નથી. પછી સમ્યગ્દર્શન એને દુર્લભ છે એ વાત તો રહેતી પણ નથી. આટલી વાત છે. નહિતર કાર્ય નથી થતું... કાર્ય નથી થતું એનું લક્ષ પણ આત્માને નુકસાનકર્તા થઈ જાય છે. એનું લક્ષ પણ આત્માને નુકસાનકર્તા થઈ જાય છે. હજી મારું કાર્ય મારે .. હજી મારું કાર્ય મારે નથી થતું... હજી

નથી થતું... એમ પછી લક્ષ ત્યાં ને ત્યાં રહ્યા કરે. ખાસ કરીને પરિણામમાં નબળાઈ વધે ત્યારે સ્વરૂપની પ્રાપ્તિ વધારે દુર્ગમ અને કઠણ લાગે છે. અરુચિના પરિણામ થઈ જાય, રુચિ મોળી થઈ જાય ત્યારે મોક્ષમાર્ગ કઠણ લાગે છે, અઘરો લાગે છે, દુર્ગમ લાગે છે. એવું બને છે. એ વિષયમાં માર્ગદર્શન આપે છે.

'કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી.' માત્ર ખેદ જ કર્યા કરે એ પ્રકાર પણ ઠીક નથી. પણ જ્યારે જ્યારે કષાયાદિ વિશેષ વધી જાય અથવા આત્માની રુચિ એકદમ શિથિલ થઈ જાય તે વખતે વિચારવાનને પોતાનું હિનવીર્યપણું જોઈને, પોતાના પુરુષાર્થની ખામી જોઈને અથવા વિપરીતતા જોઈને ઘણો ખેદ થાય છે. એ આત્માર્થી જીવનું લક્ષણ છે. આવો ખેદ થવો એ પ્રશસ્ત દ્વેષના પરિણામ છે. ચરણાનુયોગની અપેક્ષાએ તે પુણ્ય કર્મના બંધનનું નિમિત્ત છે. એનાથી પાપ નથી બંધાતું પણ પુણ્ય બંધાય છે. પ્રશસ્ત રાગ હો કે પ્રશસ્ત દ્વેષ હો, એ પુણ્યબંધના પરિણામ છે પણ પાપબંધના પરિણામ નથી. એ બધા શુભના ભેદો છે. રાગ અને દ્વેષ બંને પ્રશસ્ત છે એ શુભભાવના ભેદો છે.

ત્યારે પોતાના પુરુષાર્થની હિનતા અને વિપરીતતા જોઈને આત્માર્થી જીવને ઘણો ખેદ થાય છે. ખેદ થાય છે ત્યારે તે પોતાના આત્માને વારંવાર નિંદે છે. અરે..! ... આત્મા ! એમ કરીને પોતાને નિંદે છે. કે હજી તારે પરિભ્રમણ કેટલું કરવું છે ? અનંત વાર આખા જગતના પરમાણુઓ ભોગવાઈ ગયા છતાં પણ હજી પણ તને એમાં સુખબુદ્ધિ (રહે છે). સુખનું નામનિશાન અને ગંધમાત્ર ન હોવા છતાં કેમ સુખબુદ્ધિ મટતી નથી ? વગેરે... વગેરે. ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈને. કોના પ્રત્યે ? પોતાના આત્મા પ્રત્યે, પોતાના પરિણામ પ્રત્યે તિરસ્કાર કરે છે. ફરીને એનો રસ તોડી નાખવા માટે, ફરીને એવો રસ ઉત્પન્ન ન થાય એ માટે એના પ્રત્યે તિરસ્કાર વૃત્તિએ જોવે છે અને જ્ઞાની મહાપુરુષોના ચારિત્રનું અવલંબન લે છે, કે આવા ઝંઝાવાતવાળા ચારિત્રમોહના ઉદયમાં પણ જો જ્ઞાની માર્ગથી ચ્યુત વિના માર્ગને સાધતા રહ્યા છે એવા મહાપુરુષોના ચારિત્રનું અવલંબન ગ્રહણ કરીને અને સંતોના વચનોનું અવલંબન ગ્રહણ કરીને, મહાપુરુષો અને સંતોના વચનોનું અવલંબન ગ્રહણ કરીને, એનો આધાર લઈને. કેમકે આત્માનો આધાર નથી મળતો. તો કોનો આધાર લેવો ? કે સત્પુરુષના વચનોનું

અવલંબન લઈને.

'અવલંબન ગ્રહણ કરી,...' લીધું જોયું ? અવલંબન ગ્રહણ કરીને. એટલે પોતાના આત્મામાં એની અસર આવે છે. ગ્રહણ કરે છે ત્યારે એ વચનોની અસર આત્માને પહોંચે છે. અને **'આત્માને શૌર્ય ઉપજાવી,...'** પુરુષાર્થ પ્રધાનતા કરીને. **'તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે...'** તે વિષય-કષાયના તીવ્ર પરિણામો થાય, તેને તીવ્ર પરિણામ વખતે તો હઠ કરવી પણ વાંધો નથી. મંદતામાં હઠ કરવાનો નિષેધ છે. મંદ પરિણામ ચાલતા હોય ત્યારે એ મંદતાના પરિણામ માટે હઠ કરવાનો પ્રશ્ન નથી પણ તીવ્રતાના પરિણામ કષાયમાં આવે ત્યારે તો હઠ કરીને પણ હઠાવે છે. અને જ્યાં સુધી તે હઠે નહિ અથવા મટે નહિ, મંદ પડે નહિ **'ત્યાં સુધી નીચે મને બેસતા નથી,...'** એટલે એ સંબંધીનો પુરુષાર્થ છે એ છોડતા નથી એમ કહેવું છે. નીચે મને બેસતા નથી એટલે મન ઊંચું થઈ જાય ને ? જે નુકસાન ચાલુ થઈ ગયું હોય એ નુકસાન બંધ ન થાય ત્યાં સુધી એને મનમાં શાંતિ થતી નથી. અશાંતિ થયા કરે છે.

મુમુક્ષુ :- ૮૧૩માં પણ હઠ કરીને આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ હમણાં હમણાંના પત્રોમાં એ વાત આવે છે.

મુમુક્ષુ :- છેલ્લા ત્રણ-ચાર પત્ર પુરુષાર્થ પ્રેરક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુરુષાર્થનો વિષય લ્યે છે.

એમ હઠ કરીને બેસતા નથી **'તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી.'** અને એકલો પોતે ખેદખિન્ન થયા કરે, આખો દિવસ ખેદખિન્ન થયા કરે. અરે..! મારા પરિણામ આવા થાય છે, મારા પરિણામ આવા થાય છે એમ પણ કરીને બેસતા નથી. **'એ જ વૃત્તિનું...'** એટલે એવા જ પ્રકારનું, એવી રીતનું **'અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે.'** આ આત્માર્થી જીવોની કાર્ય કરવાની રીત કેવી છે એનું વર્ણન કર્યું છે. આ શાસ્ત્રમાં આવો વિષય વિશેષે કરીને આવે છે. આત્માર્થી જીવોની કાર્ય કરવાની રીત કેવી હોય ? ભિન્ન-ભિન્ન કોટીના આત્માર્થી જીવોને... કેમકે એક કોટીના બધા એક Class માં આવે એવું નથી બનતું. તો કોને ક્યારે કેવી રીતે, કઈ રીતે પ્રવર્તવું એનું માર્ગદર્શન બહુ સુંદર રીતે 'કૃપાળુદેવે' આપ્યું છે.

'એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે.' 'અંબાલાલભાઈ'નો કોઈ એવો પત્ર ગયો હશે કે જેમાં પોતાના પરિણામનો અત્યંત ખેદ કર્યો. એટલે કહે છે કે એકલો ખેદ કરીને અટકી જાય (કે) હું મારા પરિણામનો ખેદ તો કરું છું. લ્યો ઠીક ! પછી એનો સંતોષ આવશે. હું મારા પરિણામની નિંદા તો કરું છું, ખેદ તો કરું છું. તો

એમ પણ નહિ. એકલો ખેદ કરીને બેસી રહેવાની વાત નથી. પુરુષાર્થ ઉપાડીને પોતાના કાર્યની દિશામાં આગળ વધવું અને એ માટે એને મહાપુરુષોના ચરિત્રો અને એમના વચનોનું અવલંબન ગ્રહણ કરવું. એવી રીત, એવો પ્રકાર આત્માર્થી જીવે લીધો છે, એ રસ્તો પકડ્યો છે. **'અને તેથી જ અંતે જય પામ્યા છે.'** એનું ફળ શું આવ્યું ? કે ખરેખર એમને આત્મલાભ થયો છે, આગળ વધ્યા છે. પાછળ પડવાને બદલે આગળ વધ્યા છે.

'આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.' મુખે કરીને એટલે મુખ્ય કરીને. મુખ્યનો કોઈ વખતે અપભ્રંશમાં લખાણમાં એવી કોઈ પદ્ધતિ હતી. આ વાત બધા મુમુક્ષુએ જ્યારે જ્યારે પોતાના પરિણામમાં વિષય કષાયાદિ જોર કરી જાય ત્યારે હૃદયમાં સ્થિર કરવા જેવી વાત છે. અને આ રીતે એ પરિણામના રસને તોડવાનો પોતે એ પ્રકાર આત્માર્થીપણે કરવો ઘટે છે, આત્માર્થી થઈને એ કરવું ઘટે છે. આત્માર્થી જીવ કેવી રીતે કામ કરે છે એનું એક પડખું લીધું છે.

મુમુક્ષુ :- ફરી વાંચવા જેવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે સંક્ષેપમાં ફરીને એ રીતે લઈએ. સામાન્ય રીતે આત્માર્થી જીવને વિષયકષાયના પરિણામ અથવા આત્મરુચિના પરિણામ હિણા પરિણામ થાય ત્યારે પોતાના અપુરુષાર્થને કે વિપરીત પુરુષાર્થને જોઈને ખેદ થાય છે, પોતાની નિંદા કરે છે એવું બને છે અને એ બનવું સહજ છે. એમાં કૃત્રિમતા કરવી પડતી નથી. કેમકે એની યોગ્યતા જ એમ કામ કરે છે. તોપણ કોઈ આત્માર્થી જીવે એકાંતે એમ પ્રવર્તવું એવું અહીંયાં માર્ગદર્શન નથી, એમ કહેવું છે. એકાંતે એમ કરવા યોગ્ય નથી.

સત્પુરુષના વચનો અને એમના ચારિત્રોથી પોતે પુરુષાર્થને પ્રગટ કરવો અને જ્યાં સુધી વિશેષ લાભ ન થાય ત્યાં સુધી એ કાર્ય પોતે પુરુષાર્થપૂર્વક ચાલુ રાખવું એ વાત મુખ્યપણે હૃદયમાં એટલે અભિપ્રાયમાં રાખવા જેવી છે. હૃદયનો અર્થ અહીંયાં એ થાય છે. હૃદય એટલે આ હૃદય નહિ. અભિપ્રાયમાં એ વસ્તુ મુખ્ય હોવી જોઈએ કે આ પ્રકાર હોવો જોઈએ, આ પ્રકાર થવો જોઈએ, પરિણામ વિષયમાં આવો પ્રકાર આત્માર્થી જીવને આવવો જોઈએ. આમ તો મુખ્યપણે મેળવવાનો વિષય છે. પણ તીવ્ર કષાય થાય ત્યારે હઠ કરવાની પણ છૂટ છે.

મુમુક્ષુ :- શૂરવીરપણું ગ્રહી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શૂરવીરપણું એટલે પુરુષાર્થ. મારા આત્મામાં અનંત સામર્થ્ય ભર્યું છે. પછી હું કેમ નાની નાની બાબતમાં હારી જાઉં છું ? નાની વાતમાં

પણ હું હારી જાઉં છું એવું કેમ બને છે ? મારું સામર્થ્ય કેમ સંભાળતો નથી ? પુરુષાર્થને કેમ ખોઈ બેસું છું ? એ પ્રકારની એની વિચારણા આત્મહિતાર્થે આવે એને આત્માર્થીપણું કહેવામાં આવે છે. આત્મહિતના લક્ષે એ પ્રકારની વિચારણા ચાલે છે.

મુમુક્ષુ :- ખેદ જ વર્તતો ન હોય ત્યાં પછી શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- ખેદ જ જ્યાં વર્તતો નથી ત્યાં તો પછી નિરર્ગળ પરિણામ છે. આગળિયા વિનાના પરિણામ છે. ત્યાં એને પોતાને બહુ મોટું નુકસાન છે એનો વિચાર કરવો જોઈએ. કોઈ બહુ મોટા નુકસાનના સમાચાર આવે તો માણસને સાંભળતાવેંત ધ્રાસકો પડે છે કે નહિ ? શું થાય છે ? હેં ! એવું કાંઈ થવાનું ? એમ વાત છે કાંઈ ? એમ થાય છે કે નહિ ? એમ પાત્રતા હોય તો એને ધ્રાસકો પડ્યા વિના રહે નહિ. એમ થાય. ભય થઈ જાય. મોટું નુકસાન છે એમ સમજીને નુકસાનનો ભય થયા વિના રહે નહિ. નુકસાન થાશે અને ભય ન થાય (એમ બને નહિ). હજી ત્યાં તો નુકસાન થયું પણ ન હોય. હજી તો સમાચાર એવા કાંઈ લગભગના આવ્યા હોય તોપણ ભય થઈ જાય છે. તો પછી અહીંયાં નુકસાન થતું હોય અને એને ભય ન થાય તો પછી એનો કોઈ ઉપાય નથી. પછી નિર્ભય થઈને જીવ આત્માનું અહિત કરતો હોય એને પરિભ્રમણ ઘણું લાંબુ છે. એવા એ પરિણામનું ત્યાં આગળ લક્ષણ છે એમ વિચારીને દુઃખી થવા માટે એણે તૈયારી રાખવી. બીજું શું થાય ? એનું ફળ દુઃખ છે. ઘણું દુઃખ છે. થોડું દુઃખ નથી પણ ઘણું દુઃખ છે.

એ માર્ગદર્શન ઉપરનો ૮૧૯મો પત્ર છે. આવા પ્રકાર પણ મુમુક્ષુના પરિણામમાં ચડ-ઉતરવાળા પરિણામ થાય છે ત્યારે બને છે. અને એનું માર્ગદર્શન આ રીતે સત્પુરુષના વચનામૃતમાંથી મળી રહે છે. ૮૨૦મો પત્ર 'સોભાગ્યભાઈ'ના પુત્ર 'ત્રંબકલાલભાઈ' ઉપરનો છે.

મુમુક્ષુ :- આ હઠની જે વાત કરી છે એ પણ પુરુષાર્થની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પણ પુરુષાર્થની જ વાત છે. હઠ કરવામાં પણ પુરુષાર્થ ઉપડવાની જ વાત છે. પણ સહજ પુરુષાર્થ નથી ઉપડતો ત્યાં કૃત્રિમ પુરુષાર્થ કરવાની પણ છૂટ છે. જેમ ઓળખાણથી સહજ ભક્તિ નથી તો ઓઘભક્તિ કરવાની પણ છૂટ છે. નહિતર એથી નીચેના પરિણામ થઈ જાય છે. એવી નબળી સ્થિતિ છે. મુમુક્ષુની એવી નબળી સ્થિતિ જ છે એટલા માટે.

આ તો રોગથી નબળા પડેલાને કઈ દવાનો, કઈ માત્રામાં, ક્યારે કેટલો Doze આપવો એનું માર્ગદર્શન છે. એ પ્રકારનું માર્ગદર્શન છે.

પત્રાંક-૮૨૦

મુંબઈ, માગરશ સુદ ૫, રવિ, ૧૯૫૪

ત્રંબકલાલનો લખેલો કાગળ ૧ તથા મગનલાલનો લખેલો કાગળ ૧ તથા મણિલાલનો લખેલો કાગળ ૧ એમ ત્રણે કાગળ મળ્યા છે. મણિલાલનો લખેલો કાગળ ચિત્તપૂર્વક વાંચવાનું હજુ સુધી બન્યું નથી.

શ્રી ડુંગરની જિજ્ઞાસા 'આત્મસિદ્ધિ' વાંચવા પ્રત્યે છે. માટે તે પુસ્તક તેમને વાંચવાનું બને તેમ કરશો. 'મોક્ષમાર્ગપ્રકાશ' નામે ગ્રંથ શ્રી રેવાશંકર પાસે છે તે શ્રી ડુંગરને વાંચવા યોગ્ય છે. તે ગ્રંથ તેમને થોડા દિવસમાં ઘણું કરીને મોકલશે.

'ક્યા ગુણો અંગમાં આવવાથી માર્ગાનુસારીપણું તથારૂપે કહેવાય ?' 'ક્યા ગુણો અંગમાં આવવાથી સમ્યગ્દૃષ્ટિપણું તથારૂપે કહેવાય ?' 'ક્યા ગુણો અંગમાં આવવાથી શ્રુતકેવળજ્ઞાન થાય ?' 'અને કઈ દશા થવાથી કેળજ્ઞાન તથારૂપપણે થાય, અથવા કહી શકાય ?' એ પ્રશ્નનો ઉત્તર લખાવવા માટે શ્રી ડુંગરને કહેશો.

આઠ દિવસ ખમીને ઉત્તર લખવામાં અડચણ નથી, પણ સાંગોપાંગ, યથાર્થ અને વિસ્તારથી લખાવવો. સદ્વિચારવાનને આ પ્રશ્ન હિતકારી છે. સર્વ મુમુક્ષુભાઈઓને ય.

'ત્રંબકભાઈ'ને પત્ર લખે છે કે '**ત્રંબકલાલનો લખેલો કાગળ ૧ તથા મગનલાલનો લખેલો કાગળ ૧ તથા મણિલાલનો લખેલો કાગળ ૧...**' 'મણિલાલ' અને 'ત્રંબકલાલ' બંને ભાઈ છે. 'સોભાગભાઈ'ના દીકરા છે. 'મગનભાઈ' કોઈ મુમુક્ષુ છે. '**એમ ત્રણે કાગળ મળ્યા છે.**' એટલે 'સોભાગભાઈ'ના ગયા પછી એ લોકોએ પત્રવ્યવહાર ચાલુ રાખ્યો. '**મણિલાલનો લખેલો કાગળ ચિત્તપૂર્વક વાંચવાનું હજુ સુધી બન્યું નથી.**' કાગળનો કોઈ વિષય એવો હોય તો એમનું ત્યાં ચિત્ત લાગે નહિ અથવા મન દઈને વાંચે નહિ. ચિત્ત લાગ્યું નથી એટલે મન દઈને વાંચે નહિ. સંયોગની કોઈ વાત લખે. તો સંયોગદૃષ્ટિ તો જ્ઞાનીને છોડાવવી છે. જ્ઞાનીને સંયોગદૃષ્ટિ તો છોડાવવી છે. અને એ સંયોગની વાતમાં જ્ઞાની રસ લે નહિ અને પેલાને રસ લેતો હોય તો બંધ કરવો છે, રસ તોડાવવો છે. એટલે પોતે મન દઈને વાંચતા પણ નથી. અને

પોતે મન દઈને વાંચતા નથી એ સામાને લખે છે, કે અમને એનો કાગળ મન દઈને વાંચ્યો નથી. એણે સમજી જવું જોઈએ કે આ ત્રણ કાગળ એમાં મારો કાગળ મન દઈને કેમ વાંચ્યો નથી ? બીજા બે કાગળ (વાંચે છે). ત્રણેને પહોંચ લખે છે અને મારો કાગળ તો મન દઈને પણ વાંચ્યો નથી એવું લખે છે.

'શ્રી ડુંગરની જિજ્ઞાસા 'આત્મસિદ્ધિ' વાંચવા પ્રત્યે છે. માટે તે પુસ્તક તેમને વાંચવાનું બને તેમ કરશો.' 'ડુંગરભાઈ'ની Line થોડી ફરી છે. એમને 'શ્રીમદ્‌જી' પ્રત્યે બહુમાન થયું છે અને 'આત્મસિદ્ધિ' વાંચવા પ્રત્યે એમની જિજ્ઞાસા વ્યક્ત કરી છે કે એ પુસ્તક એમને વાંચવાનું બને એટલે તમારી પાસે જે છે એ એમને વાંચવા આપજો એમ કહેવું છે. કારણ કે નકલ કરવાની છૂટ આપી નહોતી. **''મોક્ષમાર્ગપ્રકાશ' નામે ગ્રંથ શ્રી રેવાશંકર પાસે છે તે શ્રી ડુંગરને વાંચવા યોગ્ય છે.'** લ્યો ઠીક ! એની અંદર અનેક મતોની વાત લખી છે. સર્વ .. જગતમાં ચાલતા મતોની વાત કરી છે. શ્વેતાંબર આદિ, વેદાંત આદિ, બૌદ્ધ વગેરેની. એટલા માટે તેમણે એ વાંચવું. કેમકે એમનું પણ અન્યમતિનું વાંચન અને ક્યાંક ક્યાંક એમને ભૂતકાળમાં શ્રદ્ધા થઈ હતી. એટલે હવે એ ગ્રંથ વાંચે તો એમને એ યોગ્ય છે એમના માટે.

'તે ગ્રંથ તેમને થોડા દિવસમાં ઘણું કરીને મોકલશે.' એટલે પોતે પછી 'રેવાશંકરભાઈ'ને સૂચના કરી હશે કે તમારી પાસેનો આ ગ્રંથ તમે 'સાયલા' 'ડુંગરભાઈ'ને વાંચવા માટે મોકલી આપશો. હવે થોડા પ્રશ્નો એમણે 'ડુંગરભાઈ' માટે મૂક્યા છે. **'ક્યા ગુણો અંગમાં આવવાથી માર્ગાનુસારીપણું તથારૂપે કહેવાય** ?' એક પ્રશ્ન એ મૂક્યો છે. કોઈ ગમે તે ધર્મમતમાં, ગમે તે સંપ્રદાયમાં જીવ હોય છતાં પણ એ માર્ગાનુસારી હોઈ શકે છે આવો એક જ્ઞાનીઓનો અભિમત છે. એના માટે એવું નથી કે એ જૈન કુળમાં જન્મ્યો હોય તો જ માર્ગાનુસારી હોય અને નહિતર ન હોય એવું કાંઈ નથી. માર્ગાનુસારી એટલે માર્ગને અનુસરવાની યોગ્યતા જેનામાં વિશેષ પ્રકારે છે એને માર્ગાનુસારી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગી ?

પૂજ્ય ભાઈશ્રી :- મોક્ષમાર્ગમાં આવ્યો નથી પણ મોક્ષમાર્ગમાં આવવા માટેનું અનુસરણ, એ પ્રકારના પરિણામની યોગ્યતા એ જીવમાં વિશેષ છે. કોઈ પૂર્વનું કારણ હોય છે. મોટા ભાગે એ કોઈ પૂર્વભવનું કારણ હોય છે. અને કોઈ પોતાના અપરાધને લઈને અન્યમતમાં પણ જીવ જન્મે છે. છતાં પણ જ્યાં આત્મસ્વરૂપની વાત આવે, અધ્યાત્મ તત્ત્વની વાત આવે ત્યારે એ જીવના પરિણામમાં કોઈ વિશેષ પ્રકારનું લાગણી પ્રધાનપણું જેને કહીએ, ભાવાત્મકપણું કહીએ, ભાવુકતા જેને કહીએ એ ઉત્પન્ન થઈ

આવે છે. એટલે કે એ વિષયની સૈદ્ધાંતિક સ્પષ્ટ સમજણના અભાવમાં પણ, સૈદ્ધાંતિક રીતે એને જૈનદર્શનના સિદ્ધાંતોની સ્પષ્ટ સમજણ ન હોય તોપણ એ વિષય એને રુચે છે. માર્ગ પ્રાપ્તિનો વિષય એને રુચે છે. ત્યારે એ જીવમાં માર્ગાનુસારીપણાનો ગુણ રહેલો છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- તત્ત્વ સમજવાની જિજ્ઞાસા હોય એને માર્ગાનુસારી કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં જિજ્ઞાસુપણું કહે છે એને. જિજ્ઞાસા આવે એને જિજ્ઞાસુપણું કહે છે. પણ અહીં તો કુદરતી આ પ્રકારના પરિણામ છે. એમાં શું છે કે દરેક મત તો ભગવાનની વાણીમાંથી નીકળ્યા છે. જે આસિતક્ય દર્શનો છે એ તો જિનેશ્વરની વાણીમાંથી નયાભાસ થઈને નીકળેલા છે અને .... એક અન્ય મત છે. મૂળ વાત ઉપર, મૂળ તત્ત્વ ઉપર જેનું વલણ વિશેષ થાય છે, જેની રુચિ વિશેષ જાય છે એના પરિણમનની યોગ્યતામાં એવો કોઈ પૂર્વનો પ્રકાર છે એને લઈને જીવને માર્ગાનુસારીપણું પણ હોય છે. હવે એક દૃષ્ટાંત લઈએ.

'નરસિંહ મહેતા' લઈએ. 'નરસિંહ મહેતા' 'શ્રીકૃષ્ણ'ના ભક્ત હતા, પરમભક્ત હતા. પણ તત્ત્વની વાત એવી જ કરતા હતા જેવી જૈનદર્શનમાં તત્ત્વની વાત છે એવી. 'હું કરું, હું કરું એ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે. શું કહ્યું જગ .. શું કર્યું માળા ગણ્યા થકી, શું કર્યું જાત્રા કર્યા થકી. જ્યાં સુધી આત્મા તત્ત્વ ચિહ્ન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' કીધું છે કે નહિ નાસ્તિથી ? માળા કરવાથી શું ? તપ કરવાથી શું ? જપ કરવાથી શું ? જાત્રા કરવાથી શું ? ગંગા નહાવાથી શું ? બધું ઘણું લીધું છે. આત્મા તત્ત્વ ચિહ્નો નથી ત્યાં સુધી બધી સાધના જૂઠી છે. ક્યાંથી કાઢ્યું આ ? કે એણે એના આત્મભાવમાંથી કાઢ્યું છે. એ નજીક છે, એ જીવ માર્ગની નજીક છે. ગમે ત્યારે આવી જશે. એવા 'કબીર'ના પદો છે, 'અખા ભગત'ના પદો છે, 'મીરાં'ના પદો છે. એને માર્ગાનુસારીપણું કહેવામાં આવે છે.

એટલે એ પ્રશ્ન પૂછ્યો છે કે માર્ગાનુસારીપણું કોને કહેવાય ? '**એ પ્રશ્નનો ઉત્તર લખાવવા માટે શ્રી ડુંગરને કહેશો.**' કહેજો કે .. શું વિચાર કર્યો છે એનો ઉત્તર લખે. આપણે પ્રશ્ન-ઉત્તર બધું થોડું થોડું વિચારી લઈએ. ઉત્તર તો એમણે આપ્યો હોય એ ખરો. અત્યારે એ કાંઈ ઉપલબ્ધ નથી. '**ક્યા ગુણો અંગમાં આવવાથી સમ્યગ્દૃષ્ટિપણું તથારૂપે કહેવાય** ?' તથારૂપ એટલે યથાર્થપણે કહેવાય. એમ કહેવા માત્ર નહિ, સંપ્રદાયની રીતે નહિ. ગુણ પ્રગટે જ્યારે. તે ''**ક્યા ગુણો અંગમાં આવવાથી...**'' તો કહે દૃષ્ટિ અને લક્ષ આત્મા ઉપર રહે, આત્માનું લક્ષ અને આત્માની દૃષ્ટિ છૂટે નહિ ત્યારે એને સમ્યગ્દૃષ્ટિપણું કહેવાય. અથવા તો જેની દૃષ્ટિ અનંત શાંતિના પિંડથી જુદી પડે

નહિ, છૂટી પડે નહિ ત્યારે એને સમ્યગ્દૃષ્ટિપણું કહેવાય છે. આત્માભિમુખ શ્રદ્ધા થાય. શ્રદ્ધા પૂરેપૂરી આત્માને સ્વીકારી લે ત્યારે એને સમ્યગ્દૃષ્ટિપણું કહેવાય છે. અને એના અનેક ગુણો છે. જે સત્પુરુષના ગુણો છે એ બધા ગુણો એમાં લાગુ પડે છે. પછી વાણી સંબંધીના છે, વિચાર સંબંધીના છે, શુદ્ધ પરિણમન સંબંધીના છે. એવા અનેક ગુણો સમ્યગ્દૃષ્ટિમાં સંભવે છે.

પછી '**ક્યા ગુણો અંગમાં આવવાથી શ્રુતકેવળજ્ઞાન થાય** ?' શ્રુતકેવળજ્ઞાન એટલે ભાવશ્રુતજ્ઞાન થાય. કેવળજ્ઞાન એટલે પેલું કેવળ નહિ, શ્રુતકેવળ. શ્રુતકેવળ એટલે આત્મામાં શ્રુત એને શ્રુતકેવળ કહેવામાં આવે છે. કેવળ આત્માનું શ્રુતમાં જ્ઞાન થાય, શ્રુતજ્ઞાનમાં જ્ઞાન થાય એને શ્રુતકેવળ કહેવામાં આવે છે. ભાવશ્રુત લેવું. આત્માના અવલંબને. આ શાસ્ત્રજ્ઞાનનું શ્રુતજ્ઞાન ન લેવું એમ કહે છે. દ્રવ્યશ્રુતનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન અહીંયા ન લેવું. શ્રુતકેવળ એટલે કેવળ આત્માનું જ્ઞાન. એક અખંડ આત્માનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ. અખંડ વર્તે જ્ઞાન. એને જ્ઞાન કહીએ. આત્માનું જ્ઞાન વર્તે તેને અખંડ કેવળજ્ઞાન, શ્રુતકેવળજ્ઞાન કહીએ.

મુમુક્ષુ :- 'સમયસાર'માં ૯-૧૦ ગાથા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શ્રુતકેવળી લીધા છે. એમાં વ્યક્તિ લીધી છે. શ્રુતકેવળી કોને કહેવા. અને અહીંયાં એનો ગુણ લીધો છે. જ્ઞાનગુણ કેવો છે. 'અખંડ નિજસ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.' એ કેવળજ્ઞાનમાં પણ ઉપયોગ છૂટતો નથી અને નીચે શ્રુતજ્ઞાનમાં ઉપયોગ છૂટે છે પણ જ્ઞાનની પરિણતિ છૂટતી નથી એને શ્રુતકેવળજ્ઞાન કહે છે. શ્રુતજ્ઞાનની પર્યાયને શ્રુતકેવળજ્ઞાન કહેવામાં આવે છે.

'**અને કઈ દશા થવાથી કેવળજ્ઞાન તથારૂપપણે થાય,...**' એટલે આ કેવળજ્ઞાન જે સર્વદેશીય ઉપયોગ છે એ એનું સ્વરૂપ પૂછ્યું છે. એટલે નિરવશેષપણે જે જ્ઞાન અંતર્મુખ થાય છે અને સર્વ અવિભાગ પ્રતિચ્છેદે પરિપૂર્ણ જ્ઞાનનો વિકાસ જેમાં થઈ ગયો છે. પર અપેક્ષાએ જેમાં લોકાલોકનું પ્રતિબિંબ પડે છે, સ્વ અપેક્ષા જે કેવળ આત્માને જ અવલંબીને પરિપૂર્ણ ... થઈને પરિણમે છે એવા જ્ઞાનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. '**એ પ્રશ્નનો ઉત્તર લખાવવા માટે શ્રી ડુંગરને કહેશો.**'

'**આઠ દિવસ ખમીને ઉત્તર લખવામાં અડચણ નથી,...**' શું કહે છે ? ઉત્તર લખવામાં અઠવાડીયું જાય તો એનો વાંધો નથી. '**પણ સાંગોપાંગ, યથાર્થ અને વિસ્તારથી લખાવવો.**' એ પોતે નહિ લખી શકતા હોય. વૃદ્ધ અવસ્થા છે. એ જમાનામાં તો શું છે કે આંખે જાંખપ આવે તો ઓપરેશન તો કો'ક જ કરાવે. બાકી

વૃદ્ધાવસ્થામાં એમ ને એમ (ચલાવે). વૃદ્ધપણું આવ્યું છે તો ઓછું દેખાય જ ને. એમ ને એમ ચલાવે. વાંચવા-લખવાનું બંધ કરી દે. બીજું તો કાંઈ કામ હોય નહિ. નાનું ગામ હોય. મોટા ભાગે નિવૃત્ત જીવન હોય અને આર્થિક સ્થિતિ પણ સામાન્ય રીતે તે દિવસોમાં ગામડામાં રહેતા હોય તો સામાન્ય હોય. અત્યારે જેમ બે મહીને, ચાર મહિને, છ મહિને આંખનું Checking કરાવું, પછી Operation નો Time આવે એટલે Operation કરાવી નાખે. એ બધા પ્રકાર તો હવે શરૂ થયા. બાકી વૃદ્ધાવસ્થામાં ઝાંખપ આવે, ચલાવવાનું. એમ ને એમ આયુષ્ય પૂરું થઈ જાય.

'પૂજ્ય બહેનશ્રી'ને ઘણા વખતથી થઈ ગયું હતું. વાંચન ઘણા વખતથી બંધ કરી દીધું. Operation કરાવવાનું નામ નથી લીધું. એમણે તો નિર્ણય જ કરી જ નાખ્યો હતો કે 'સોનગઢ' બહાર જાવું નહિ. દેહ છૂટી જાય તો ભલે અહીંયાં છૂટી જાય. 'સોનગઢ' છોડીને ક્યાંય જાવું નથી. એક નક્કી કરી નાખ્યું. ધાર્મિક પ્રસંગે ન જાય તો પછી બીજા પ્રસંગે તો ક્યાં જવાના ?

'સદ્વિચારવાનને આ પ્રશ્ન હિતકારી છે.' જુઓ ! શું ઉમેર્યું પાછું ? જેને આત્મહિતનો વિચાર છે એને આ પ્રશ્ન વિચારવા હિતકારી છે. આવા પ્રશ્નો એણે વિચારવા જોઈએ એટલા માટે અમે એ પ્રશ્ન પૂછ્યા છે. **'સર્વ મુમુક્ષુભાઈઓને યથાયોગ્ય.'** ત્યારપછી લગભગ એક મહિને 'ત્રંબકભાઈ'ને બીજો પત્ર લખ્યો છે. આ માગશર સુદ પાંચમનો છે.

પત્રાંક-૮૨૧

મુંબઈ, પોષ સુદ ૩, રવિ, ૧૯૫૪

ત્રંબકલાલે ક્ષમા ઈચ્છી જણાવ્યું છે કે સહજભાવથી વ્યાવહારિક વાત લખવાનું બન્યું છે, તે વિષે આપ ખેદ નિવૃત્ત કરશો. અત્રે તે ખેદ નથી, પણ તમારી દૃષ્ટિમાં તે વાત રહેશે, એટલે વ્યાવહારિક વૃત્તિ રહેશે ત્યાં સુધી આત્મહિતને બળવાન પ્રતિબંધ છે, એમ જાણશો. અને સ્વપને પણ તે પ્રતિબંધમાં ન પ્રવર્તાય તેનો લક્ષ રાખજો.

અમે આ ભલામણ આપી છે, તે પર તમે યથાશક્તિ પૂર્ણ વિચાર કરી જોજો, અને તે વૃત્તિનું મૂળ અંતરથી સર્વથા નિવૃત્ત કરી નાખશો. નહીં તો સમાગમનો લાભ પ્રાપ્ત થવો અસંભવિત છે. આ વાત શિથિલવૃત્તિથી નહીં પણ ઉત્સાહવૃત્તિથી માથે ચડાવવા યોગ્ય છે.

મગનલાલે માર્ગાનુસારીથી કેવળપર્યંત દશા વિષેનાં પ્રશ્નનો ઉત્તર લખ્યો હતો તે ઉત્તર વાંચ્યો છે. તે ઉત્તર શક્તિના પ્રમાણમાં છે પણ સદ્‌બુદ્ધિથી લખ્યો છે.

મણિલાલે લખ્યું કે ગોસળિયાને 'આત્મસિદ્ધિ' ગ્રંથ ઘેર ન આપતાં ઘણું ખોટું લાગ્યું વગેરે લખ્યું તે લખવાનું કારણ નહોતું. અમે એ ગ્રંથ માટે કાંઈ રાગદૃષ્ટિ કે મોહદૃષ્ટિ પર જઈ ડુંગરને અથવા બીજાને આપવામાં પ્રતિબંધ કરીએ છીએ, એમ હોવા યોગ્ય નથી. એ ગ્રંથનો હાલ બીજો ઉતારો કરવા પ્રવૃત્તિ ન કરવી. ૐ

૮૨૧મો પત્ર પોષ સુદ ત્રીજનો. રવિવાર-રવિવાર ચોથું અઠવાડિયું થયું. ચોથો રવિવાર જેને કહીએ. એ રવિવારે લખેલો છે, આ પણ રવિવારે લખેલો છે. '**ત્રંબકલાલે ક્ષમા ઈચ્છી જણાવ્યું છે કે સહજભાવથી વ્યાવહારિક વાત લખવાનું બન્યું છે, તે વિષે આપ ખેદ નિવૃત્ત કરશો.**' ઓલા 'મણિભાઈ'ના કાગળમાં ચિત્ત નથી લગાવ્યું ને ? એટલે એ તો સમજાય જાય એવી વાત છે કે વાત કાંઈક એમણે પોતાના સંયોગ બાબતની લખી હશે. અને આમ તો શું છે કે એમના પિતાશ્રીના મિત્ર હતા. જ્યારે પિતાશ્રીની ગેરહાજરી થાય અને વખત નબળો હોય તો માણસ સહેજે નજર ક્યાં દોડાવે ? કે પિતાશ્રીના જે મિત્રો હોય, મિત્રો એટલે હિતેચ્છુ હોય એને જ કાંઈ વાત કરવી હોય તો નિવેદન કરે ને ? એ સામાન્ય લૌકિક પ્રથા અને મનુષ્ય સ્વભાવ છે. એ રીતે લખાય ગયું હશે. હવે એમને તો પારમાર્થિક સંબંધ હતો, કોઈ લૌકિક મિત્રતા હતી નહિ. એ તો 'સોભાગભાઈ'ને પણ કહેતા કે તમે છોડો, મમતા છોડો, કુટુંબની મમતા છોડો. કુટંબનું જે થાવું હશે એ થાશે. તમે આત્માના પુરુષાર્થમાં લાગી જાવ.

એટલે ખ્યાલ આવી ગયો હશે એટલે (લખે છે), '**ત્રંબકલાલે ક્ષમા ઈચ્છી જણાવ્યું છે કે સહજભાવથી...**' એટલે કોઈ માગણી કરવાની ઈચ્છાથી નહિ કે તમે કોઈ અમને મદદ કરો કે તમે કોઈ એવી પ્રવૃત્તિ કરો એવી ઈચ્છાથી નહિ. પણ સહેજે-સહેજે '**વ્યવહારિક વાત લખવાનું બન્યું છે, તે વિષે આપ ખેદ નિવૃત્ત કરશો.**' એ વિષયનો ખેદ આપ નહિ રાખતા કે અમે કેમ આવું લખ્યું ? સહેજે લખાય ગયું હશે. એટલે એ વાતને આપ ગંભીર નહિ લેતા.

એમણે ઉત્તર લખ્યો છે કે '**અત્રે તે ખેદ નથી,...**' એવો ખેદ અમને નથી. '**અત્રે**

તે ખેદ નથી, પણ તમારી દૃષ્ટિમાં તે વાત રહેશે, એટલે વ્યાવહારિક વૃત્તિ રહેશે...' અમારા સંબંધમાં તમારી વ્યવહારિક વૃત્તિ રહેશે '**ત્યાં સુધી આત્મહિતને બળવાન પ્રતિબંધ છે, એમ જાણશો.**' જ્યાં સુધી એ પ્રકારનો વિચાર તમને રહેશે ત્યાં સુધી તમને પારમાર્થિક નુકસાન થવાની એ પરિસ્થિતિ છે. એનો અમને ખેદ છે. તમે કેમ લખ્યું એનો ખેદ નથી પણ તમને એનાથી નુકસાન શું છે એ અમારા ખ્યાલમાં છે. તમારા ખ્યાલમાં એ વાત નથી આવતી. તે તમારા આત્મહિતની વાત ઉપર ધ્યાન નહિ દઈ શકો. એવી વાત જ્યાં સુધી બંને વચ્ચેના વ્યવહારમાં રાખશો ત્યાં સુધી પરમાર્થનો વિષય અપ્રધાન એટલે ગૌણ છે. એવું મોટું નુકસાન થશે.

'**અને સ્વપને પણ તે પ્રતિબંધમાં ન પ્રવર્તાય તેનો લક્ષ રાખજો.**' જુઓ ! શું કહે છે ? સ્વપને પણ એ વાતમાં નહિ રહેવું. એ વાત જ નહિ. બીજી આત્મકલ્યાણની વાત કરો, આત્મહિતની ચર્ચા કરો. એ પ્રસંગ છે, બીજો પ્રસંગ નથી. આત્મકલ્યાણના પ્રસંગમાં સંયોગોની અનુકૂળતા અને પ્રતિકૂળતાની મુખ્યતા થઈ જાય તો ખરો જે આત્મકલ્યાણનો પ્રસંગ થયો છે એ માર્યો જાય. આમ થાય. અથવા એમ લઈ શકાય કે આત્મકલ્યાણમાં તો આત્માનું અમૃત મળવાનું છે. એ અમૃતને પડતું મૂકીને કોઈ ઝેર ખાવા જાય તો શું થાય ? કેટલું ઊંધુ થઈ ગયું ? કેટલુ વિપરીત થઈ ગયું ? એમ લ્યો. એટલે કહે છે કે સ્વપને પણ એવા પ્રતિબંધમાં ન રહેશો. જાણ્યે-અજાણ્યે નહિ પણ સ્વપને પણ ન વર્તાય એવી દઢ ઈચ્છા, એવો દઢ પ્રકાર પરિણમનમાં હોય તેનું લક્ષ તમે રાખજો એમ કહે છે. આ લક્ષ ખાસ રાખજો. જુઓ ! કેવી સૂચના, કડક સૂચના કરી છે અહીંયાં.

મુમુક્ષુ :- વ્યવહારિક વાત સહજભાવે લખ્યું છે. પણ માર્ગદર્શન માટે, કોઈ બીજા સહયોગ માટે નથી લખ્યું છતાં એટલું કડક લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વિષય જ નહિ આવવો જોઈએ. અમારી સાથે તમે તમારા આત્મકલ્યાણ માટે કાંઈ પણ વિચારો એ વાતનો અમને વાંધો નથી. પણ આત્મકલ્યાણની વિરુદ્ધ જાય એ પ્રકારની ચર્ચા અમારી સાથે તમારી હોય તો એ વાત તો સ્વપને પણ થાવી જોઈએ નહિ.

મુમુક્ષુ :- ભૂખ્યા પેટે..

પૂજ્ય ભાઈશ્રી :- ફરીથી. ભૂખ્યા પેટે? હા. ભૂખ્યા પેટે, ભરેલા પેટે જેવા પેટે થાય એવા પેટે વાત તો એક જ રાખવી. એમાં એમ છે, ભાઈ! કે આવું કામ જેટલું ભૂખ્યા પેટે વધારે થાય છે એટલું ભર્યા પેટે વધારે થાતું નથી. હવે શું કરવું ? કહો. ભર્યા પેટે કરવું કે ભૂખ્યા પેટે કરવું ? ભર્યા પેટે શું થાશે ? હાશ. આપણે વાંધો નથી.

હામ, દામ અને ઠામ બધું છે. હવે આપણે વાંધો નથી. અત્યારે વાંધો નથી. આમ ભવિષ્યની નજર દોડાવવા જઈએ તો પાંચ-પચ્ચીસ વર્ષ સુધી પણ વાંધો નથી. વાંધો નહિ આવે એમ લાગે છે. આ ભર્યું પેટ થયું. પછી શું થાય ? એ સલવાય ગયો એમાં. માથુ ક્યાં નાખ્યું ? ભેખડમાં. ભેખડમાં માથુ જાય પછી ટાંટ્યા ગમે તેટલા પછાડે માથુ નીકળે નહિ.

ખબર છે ને ? ગામડામાં નદિમાં નાવા પડે ને ? નદિમાં રેતી હોય. અમુક-અમુક ભેખડ-મોટા પથરા હોય. જ્યારે ચોમાસામાં નદિમાં પાણી આવે, પૂર આવે ત્યારે નીચેની રેતી તણાઈ જાય. નીચેના ભાગમાં પોલાણ થઈ જાય. ઉપર પથ્થર હોય. નીચે પોલાણ-બખોલ જેવું થઈ જાય. છોકરાઓ નાની ઉંમરના, મોટી ઉંમરના તરતા આવડતું હોય એ નહાવા પડે ત્યારે ઊંધા માથે, ડાય મારી, ડૂબકી મારીને નીચે જાય. નીચે જાય એમાં એને ખ્યાલ ન આવે કે મારું માથું બખોલમાં ગરી ગયું. નીકળવા માગે ત્યારે એનું માથું સલવાઈ ગયું હોય. પછી પાણીમાં પગ ગમે તેટલા પછાડે પણ શું કરે ? માથું નીકળે નહિ.

એમ આ ભર્યા પેટે ભેખડમાં જાય છે. હાંશ મારે વાંધો નથી. એ વાંધો નથી એ ગયો ભેખડમાં. કેમ એમ થયું ? કે એણે સંયોગની ઓથ લીધી. આધાર કોનો લીધો ? સંયોગનો આધાર લીધો. મારે સંયોગ સરખા છે, હવે મારે વાંધો નથી. તો કહે છે, હવે એ તારો આધાર અને અવલંબન ત્યાંથી છોડીને સ્વરૂપનું અવલંબન લેવું એ નહિ બને. કેમકે એટલો જોરથી આધાર લઈ લીધો છે. પક્કડ એવી જોરથી આવે છે કે ત્યાંથી પછી છૂટી શકે નહિ.

મુમુક્ષુ :- વિકલ્પો ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પો આવે. ભર્યા પેટના તો આવે જ ને. મને વાંધો નથી... વાંધો નથી... એ પરિણતિ તો ચાલુ રહે. કેમ વિકલ્પ ન (આવે)? નિર્વિકલ્પ થઈ ગયો તું ? વિકલ્પો તો આવવાના જ છે. હજી આથી સારા સંયોગો કરું, હજી આથી અનુકૂળતા વધારું, હજી આનાથી આનાથી અનુકૂળતા વધારું. નજર-લક્ષ તો ત્યાં જ રહેવાનું છે. દૃષ્ટિ ત્યાં પડી છે. એટલે એને વિકલ્પો વધાર્યા નથી, પરિણામ બગડ્યા નથી એવું કાંઈ છે જ નહિ. પૂરા બગડેલા પરિણામ છે. ભૂખ્યા પેટે હોય તો કાંઈક વિચાર કરે કે આ ભૂખ્યું પેટ છે. કાંઈક મારે આત્મકલ્યાણનો વિચાર કરી લેવો જોઈએ. ત્યાં વિચાર થાય. કેમકે ધાર્યું નથી થતું એટલે.

મુમુક્ષુ :- ત્રણ લોકનો નાથ હોય એ ભૂખ્યો રહે ?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ભૂખ્યો ન રહે. આ લૌકિકમાં શું કહેવાય છે ? હજાર

હાથવાળો જેને સહાય કરે એને કોઈની મદદની જરૂર નથી. 'રામ રાખે તેને કોણ ચાખે ?' અહીંયા આત્મા પોતે અનંત સામર્થ્યનો ધણી છે એ ત્રણલોકના નાથની ઓથ લે એને શું દુઃખ હોય ? એને કોઈ સંજોગોમાં કોઈ દુઃખ નથી. એમ છે.

એટલે એમ કહ્યું કે '**સ્વપને પણ તે પ્રતિબંધમાં ન પ્રવર્તાય તેનો લક્ષ રાખજો. અમે આ ભલામણ આપી છે, તે પર તમે યથાશક્તિ પૂર્ણ વિચાર કરી જોજો,...**' અમે જે વાત લખી છે એ માર્મિક વાત લખી છે. સાધારણ વાત લખી નથી. તમારા ઉદય વખતે તમને કામમાં આવે એવી વાત લખી છે, એમ કહે છે. તમે તમારી શક્તિ હોય એટલો પૂરી શક્તિથી એના ઉપર વિચાર કરજો. '**અને તે વૃત્તિનું મૂળ અંતરથી સર્વથા નિવૃત્ત કરી નાખશો.**' એનો વિચાર કરીને શું કરજો ? કે એ વૃત્તિનું મૂળ છે એને અંદરથી છોડી દેજો. અંતરથી સર્વથા નિવૃત્ત કરી નાખજો. સર્વથા. ફરીને આ વાત ઉગવી જોઈએ નહિ. ખલાસ.

'**તે વૃત્તિનું મૂળ અંતરથી સર્વથા નિવૃત્ત કરી નાખશો. નહીં તો સમાગમનો લાભ પ્રાપ્ત થવો અસંભવિત છે.**' નહિતર અમારા સમાગમનો કોઈ લાભ નથી તમને. નુકસાન થાશે. લાભ તો નહિ થાય પણ નુકસાન થાશે. જેમ કોઈ ચક્રવર્તી પાસે જાય, ચક્રવર્તી એમ કહે કે, ભાઈ ! તારે કાંઈ મદદ (જોઈતી) હોય, જરૂર હોય તો કહેજે. હું તો છ ખંડનો ધણી છું. તું જે માગ એ હું તને આપીશ. ત્યારે ઓલો માગણ માગતા ન આવડે ત્યારે શું કરે ? ભાઈસા'બ ! આ મારા જોડા ફાટી ગયા છે, એને સીવડાવવા માટે આઠ આના આપો તો સારું. જોડા સંધાવવા છે એના આઠ આના જોઈએ છે મારે. અરે..! તને માગતા પણ આવડતું નથી.

મુમુક્ષુ :- ચક્રવર્તી પાસે એવી માગણી..

પૂજ્ય ભાઈશ્રી :- એવી માગણી કરાય ? એમ જ્ઞાની પાસે સંયોગોની અભિલાષા કે માગણી ન હોય. એમાં આત્મકલ્યાણનું, ત્રણ લોકનું રાજ મળે એવું છે ત્યાં તું પરમાણુની ભીખ માગે છો. તને માગતા પણ આવડતું નથી.

'**તે વૃત્તિનું મૂળ અંતરથી સર્વથા નિવૃત્ત કરી નાખશો.**' એણે તો આઠ આના માગ્યા, આ તો ધૂળ માગે છે, એમ કહે છે. ચપટી ધૂળ આપો. એના જેવી વાત છે. '**નહીં તો સમાગમનો લાભ પ્રાપ્ત થવો અસંભવિત છે. આ વાત શિથિલવૃત્તિથી નહીં પણ ઉત્સાહવૃત્તિથી માથે ચડાવવા યોગ્ય છે.**' બોલો ! કેવું કેવું લખે છે !

મુમુક્ષુ :- કરુણાથી લખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કરુણા અને માર્ગદર્શન કેટલી હદ સુધીનું ! આ વાત ઉપર ધ્યાન દઈને એમ સાદા શબ્દો નથી લખ્યા. આ વાતને સમજવામાં, ગ્રહણ કરવામાં,

અંગીકાર કરવામાં વૃત્તિ શિથિલ નહિ રાખતા પણ તમે માથે ચડાવજો. ઉત્સાહથી, પરમપ્રેમથી, બહુમાનથી આ વાતને તમે માથે ચડાવજો. એમ કહેવું છે. બહુ, ઘણી કરુણા કરી. ... સમજે તો ઘણી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનીના કોઈપણ વચનને આ રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ છે. કોઈપણ વચનને માથે ચડાવવા યોગ્ય છે. શિથિલ કરીને અથવા ઉપેક્ષા કરીને અથવા દુર્લક્ષ કરીને શ્રવણ કરવા નહિ. પૂરું લક્ષ આપીને. 'ગુરુદેવ'ના પ્રવચન ઉપર અમે ચર્ચા કરતા. 'ગુરુદેવશ્રી' એક કલાક પરિશ્રમ કરે છે ગળું ખેંચવાનો. પછી ઉપયોગ બીજે શું કરવા જવો જોઈએ. એટલો પરિશ્રમ પોતે કરે છે તો પછી એક કલાક સુધી તો પૂરા ધ્યાનથી એ વિષયને સાંભળો, પૂરા લક્ષથી સાંભળો. એ વખતે પણ ઉપયોગ બીજે જાય તો એનો અર્થ એમ છે કે એને શ્રીગુરુના વચનનું બહુમાન નથી. એને બીજી ચીજનું બહુમાન છે એટલું એને પોતાના ગુરુના વચનનું બહુમાન નથી. એ તો નિઃસ્પૃહ છે. નિઃસ્પૃહપણે એક કલાકનો પરિશ્રમ કરે અને પોતે ધ્યાન ન દ્યે, તો પછી એનો તો કાંઈ અર્થ રહેતો નથી. એને ગુણ થવાનો કોઈ અવકાશ નથી, એને લાભ થવાનો કોઈ અવકાશ નથી. સંભવ નથી.

મુમુક્ષુ :- જિનમંદિર આવીને...

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાનની પાસે એ માગ્યું એના જેવું થયું. ભગવાનની પાસે ધૂળ માંગી. એના જેવી વાત છે. ઘણા તો એમ કહેતા. મુમુક્ષુ હોય, મોટા ધંધા કરતા હોય, વેપાર-ધંધા મોટા હોય, માથા ખરાબ થઈ ગયા હોય, માંડ-માંડ વખત લઈને 'સોનગઢ' આવ્યા હોય. પછી કહે, સાહેબ ! પણ બે-ત્રણ દિ' તો હજી માથું જ અમારું ઠેકાણે પડતું નથી. આ જાણે સાંભળ્યું, ન સાંભળ્યું. બે-ત્રણ દિ' સુધી તો પરિણામ કાંઈ ઠેકાણે જ આવતા નથી. પછી કાંઈક અહીંયાં એમ લાગે કે હવે નિવૃત્તિ ક્ષેત્રમાં આવ્યા છીએ, રોકાઈએ, થોડો ટાઈમ વધારે સાંભળીએ. બે-ત્રણ દિવસ સુધી તો કાંઈ ખબર જ પડતી નથી. કેમકે ઓલું બધું ભરાઈ ગયેલું હોય. એના રસની પરિણતિ છૂટતી ન હોય ત્યાં સુધી આ નવો રસ પ્રવેશ પામે નહિ. એનો સ્પર્શ પણ ન થાય.

મુમુક્ષુ :- ... બીજા પત્રમાં એમ લખ્યું કે .. રેવાશંકર...

પૂજ્ય ભાઈશ્રી :- હવે નહિ આવતા. બે કામે અહીંયા ન આવવું. ધંધાનું કામ પણ 'મુંબઈ' આવીને કરી લેવું અને સત્સંગ પણ કરી લેવો. બે કામ ન કરવું. આ 'મુંબઈ'વાળા એમ કહે કે તમે અહીં આવો તો અમારે બહુ ફાયદો. અમારી Office પણ સચવાય અને આપના પ્રવચન પણ અમારે સંભળાય. એ રીતે કોઈ ઠેકાણે તારું પડે

એવું નથી. એક કામ બતાવ્યું હતું કે આપનો સત્સંગ મને થશે અને થોડું 'રેવાશંકરભાઈ'ને મળવું છે. તો કહે, નહિ. તો આવતા જ નહિ હવે. એ વૃત્તિ સાથે લઈને તમે આવતા જ નહિ. 'સોભાગભાઈ' જેવા ઉત્કૃષ્ટ કોટીના મુમુક્ષુને પણ આટલી Treatment આપી છે. અહીં તો એકસાથે દસ કામ ભેગા કરવા છે. આ પણ કરવું છે, ઓલું કરવું છે અને પેલું કરવું છે. કોઈ દિવસ એનું ઠેકાણે પડે નહિ.

પછી 'મગનલાલ'ને લખે છે કે '**મગનલાલે માર્ગાનુસારીથી કેવળપર્યંત દશા વિષેના પ્રશ્નનો ઉત્તર લખ્યો હતો તે ઉત્તર વાંચ્યો છે. તે ઉત્તર શક્તિના પ્રમાણમાં છે પણ સદ્‌બુદ્ધિથી લખ્યો છે.**' શક્તિના પ્રમાણમાં એટલે સમજવાની શક્તિ બહુ ઓછી છે. પણ પોતાની શક્તિના પ્રમાણમાં લખ્યું છે. અલ્પશક્તિથી. હેતુ સારો છે. સદ્‌બુદ્ધિથી લખ્યું છે એટલે ઉત્તર લખવામાં હેતુ સારો છે. કેવું ઊંડાણ છે ! ઉઘાડ ઓછો છે પણ હેતુ સારો છે. એ બધી વાત લે છે.

'**મણિલાલે લખ્યું કે ગોસળિયાને 'આત્મસિદ્ધિ' ગ્રંથ ઘેર ન આપતાં ઘણું ખોટું લાગ્યું, વગેરે લખ્યું તે લખવાનું કારણ નહોતું. અમે એ ગ્રંથ માટે કાંઈ રાગદૃષ્ટિ કે મોહદૃષ્ટિ પર જઈ ડુંગરને અથવા બીજાને આપવામાં પ્રતિબંધ કરીએ છીએ, એમ હોવા યોગ્ય નથી. એ ગ્રંથનો હાલ બીજો ઉતારો કરવા પ્રવૃત્તિ ન કરવી.**' એટલે એ ગ્રંથનો રાગ રાખીને તમે ન આપો એમ નહિ. અમે એમ કહીએ કે એને વાંચવા આપો એટલે વાંચવા આપવાનો. પછી પકડી રાખવાની વાત નથી.

ઓઘસંજ્ઞાનું સ્વરૂપ સમજી તે નિવૃત્ત કરવા યોગ્ય છે, કારણકે તેથી, નિજ કલ્યાણરૂપ એવું જે, પ્રયોજન ચુકી જવાય છે અને મિથ્યા સંતોષ લેવાય છે. ક્રિયાકાંડ અને પદ-ગાવારૂપ ભક્તિ પ્રાયઃ ઓઘસંજ્ઞાએ થાય છે. કારણકે તેમાં વર્તમાન મુમુક્ષુ-ભૂમિકા પ્રત્યે દૃષ્ટિ જતી નથી. પરંતુ સ્વાધ્યાય અને સત્સંગમાં પણ જ્યાં રુઢિગત પ્રવૃત્તિ છે, ત્યાં 'વર્તમાનમાં પ્રયોજનભૂત શું છે ?' તેના ઉપર કોઈ 'વીરલ જીવ'નું લક્ષ હોય છે. તેથી તે પ્રસંગ / પ્રવૃત્તિ પણ ઓઘસંજ્ઞાએ, જાણપણું વધારી, જિજ્ઞાસા ઘટાડી, મિથ્યા સંતોષાઈ, વિસર્જન કરાય છે. સારાંશ એ કે વર્તમાન ભૂમિકાને અનુલક્ષી પ્રયોજનની તીક્ષ્ણ અને સૂક્ષ્મ દૃષ્ટિ હોવી ઘટે છે. (અનુભવ સંજીવની-૧૩૬૧)

તા. ૨૫-૮-૧૯૯૨, પત્રાંક - ૮૨૧ થી ૮૨૫
પ્રવચન નં. ૪૦૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૨૧, પાનું-૬૧૭. 'ત્રંબકભાઈ' ઉપરનો પત્ર છે. 'સોભાગભાઈ'ના પુત્ર છે. વ્યવહારિક કારણ વિષે પત્રની અંદર લખવાની મનાઈ કરી છે. આત્મહિતનો વિષય માત્ર ચર્ચવો અને દેહાર્થનો વિષય વચ્ચે ન લાવવો. કેમકે તે આત્મહિતને બળવાન પ્રતિબંધ છે. એના ઉપરથી કોઈપણ મુમુક્ષુએ એવો ઉપદેશ લેવા યોગ્ય છે, ગ્રહણ કરવા યોગ્ય છે કે કોઈપણ જ્ઞાનીપુરુષ પાસે પોતાના સારાં-માઠાં સંયોગોની ચર્ચા કરવી નહિ. એ સંયોગોની અપેક્ષા રાખવી નહિ. બળવાન પ્રતિબંધ છે એટલે દર્શનમોહ તીવ્ર થવાનું, મિથ્યાત્વમાં ઊભો (છે) અને મિથ્યાત્વ વધુ તીવ્ર થાય એવો એક પ્રતિબંધ એમાં ઉત્પન્ન થાય છે. માટે એને લઈને જ્ઞાન છે એવા જ્ઞાનીપુરુષ એ વિષયમાં મુમુક્ષુને રોકે છે. આ દિશામાં તમારે ચાલવાનું નથી.

મુમુક્ષુ :- ચર્ચા કરવામાં અંતર્ગત અપેક્ષા રહી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષા રહી છે કે મને કાંઈક આ વિષયની અંદર એમના તરફથી સલાહ-સૂચના મળશે તોપણ મને કાંઈક લાભ થશે. અથવા મને જરૂરિયાત હશે તો પોતે અથવા પોતે કોઈના દ્વારા કાંઈક મને મદદ પહોંચાડશે. એ પ્રકારે કાંઈ ને કાંઈ જે અપેક્ષા રહે છે એ અપેક્ષા દર્શનમોહને તીવ્ર થવાનો બળવાન પ્રતિબંધ છે.

મુમુક્ષુ :- દર્શનમોહ...

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે સંયોગ આશ્રિત તો જેટલી કોઈ આત્મબુદ્ધિ છે એ પરદ્રવ્ય આશ્રિત આત્મબુદ્ધિ દર્શનમોહનું જ કારણ છે. દર્શનમોહ તીવ્ર થવાનું કારણ છે. અને અહીંયાં તો જેનાથી દર્શનમોહ છૂટે ત્યાં એણે એ પ્રયોગ કર્યો પાછો. બીજે જગતના પદાર્થો સાથે તો કરતો જ હતો. હવે જ્યાં દર્શનમોહ છૂટવાનો પ્રસંગ છે ત્યાં દર્શનમોહ વધારવાનો પ્રયત્ન કરે છે તો દર્શનમોહ ઔર વધે છે.

મુમુક્ષુ :- ત્યાં રસની તારતમ્યતા વધી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વધી જાય છે. તીવ્રતા આવે છે ત્યારે એવો પ્રકાર ભજે છે. વધારે દર્શનમોહ તીવ્ર થાય ત્યારે જ એને એવો પ્રકાર ભજે. ચારિત્રમોહનો કષાય તીવ્ર થાય તો જીવને ખબર પડે છે, દર્શનમોહ તીવ્ર થતાં જીવને ખબર પડતી નથી કે ક્યાં તીવ્ર થઈ જાય છે. એટલે એમ કહ્યું કે, **'વ્યવહારિક વૃત્તિ રહેશે ત્યાં સુધી આત્મહિતને બળવાન પ્રતિબંધ છે, એમ જાણશો. અને સ્વપને પણ તે પ્રતિબંધમાં**

ન પ્રવર્તાય તેનો લક્ષ રાખજો.' પ્રસંગો વધારવાનો વેપાર તો સ્વપને પણ કરવા જેવો નથી. કેમકે એ સાતમી નારકી કરતા ભયંકર રસ્તો છે. સાતમી નારકીને પસંદ કરાય પણ દર્શનમોહને પસંદ કરાય નહિ. ન પ્રવર્તાય તેનું લક્ષ રાખજો.

બીજા Paragraph થી શરૂ કરવાનું છે. **'અમે આ ભલામણ આપી છે, તે પર તમે યથાશક્તિ પૂર્ણ વિચાર કરી જોજો, અને તે વૃત્તિનું મૂળ અંતરથી સર્વથા નિવૃત્ત કરી નાખશો.'** અમારી આ ભલામણ ઉપર તમારી જેટલી શક્તિ છે એ સંબંધિત શક્તિ અનુસાર પૂરેપૂરો વિચાર કરજો. અને આવી વૃત્તિ છે એનું મૂળ જ્યાં હોય ત્યાંથી એ મૂળને અંદરથી કાપી નાખજો, અંતરથી એને નિવૃત્ત કરી નાખજો. કોઈ સંજોગોમાં અમારે એ કામ કરવું નથી. અમારે એક આત્મહિતનું નિમિત્ત છે. એને આત્મહિતના નિમિત્તમાં જ જોડવા છે અને બીજે ક્યાંય જોડવા નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા ને કે પેટે પાટા બાંધીને પણ આ કામ કરી લેવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પેટે પાટા બાંધીને પોતાનું કામ કરી લેવા જેવું છે અને પેટે પાટા બાંધીને માર્ગનો ઉદ્યોત પણ કરવા જેવો છે. નિશ્ચય-વ્યવહાર બંને છે.

મુમુક્ષુ :- જ્ઞાની પાસે બીજી અપેક્ષા રાખવી એ દુરુપયોગ થયો. જિનમંદિરમાં આવીને આપણે ..ની વાત કરવી એ બરાબર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નથી બરાબર. બિલકુલ બરાબર નથી. અથવા ભગવાન પાસે જેમ સંયોગોની યાચના કરવી એ જેટલું અયથાર્થ છે એટલું જ જ્ઞાની પાસે આ પ્રકારની યાચના-અપેક્ષા રાખવી અયથાર્થ છે. યાચના કહો કે અપેક્ષા કહો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈપણ, કોઈપણ. કાંઈ પણ. એ બધું બહારના સંયોગોની અપેક્ષાના જ ભેદો છે કે બીજું કાંઈ છે ? એ સિવાય એથી બહારનું કાંઈ છે ? એ જ વાત છે બધી.

મુમુક્ષુ :- એટલા માટે તો મંદિરને ... સ્થાન ગણ્યું. મંદિરમાં જેમ કોઈ ... વાત ન થાય, એવી રીતે મંદિરમાં બીજી વાત થાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. લગનની, વેવિશાળની કોઈ જાહેરાત મંદિરમાં કરાતી નથી. એ તો બધા અશુભ પ્રસંગો છે. જેમ મરણ અશુભ પ્રસંગ છે એમ એ બધા અશુભ પ્રસંગ છે.

'નહીં તો સમાગમનો લાભ પ્રાપ્ત થવો અસંભવિત છે.' નહીં તો સમાગમનો લાભ... શું કહે છે ? જો તમને વ્યવહારિક વૃત્તિ રહેશે તો અમારા સમાગમનો લાભ

થવાનો બિલકુલ સંભવ નથી. એ વાત જ ખલાસ થઈ જશે. લાભની જગ્યાએ નુકસાનનો વેપાર ચાલુ થઈ જશે.

મુમુક્ષુ :- કૃપાળુદેવની શૈલી પ્રમાણે આ .. હોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં નુકસાન જ થાય, બીજું કાંઈ ન થાય.

'આ વાત શિથિલવૃત્તિથી નહીં પણ ઉત્સાહવૃત્તિથી માથે ચડાવવા યોગ્ય છે.' અમે જે આ ભલામણ કરી છે એ તમે ઉત્સાહિત થઈને માથે ચડાવજો. બિલકુલ એમાં શિથિલતા રાખશો નહિ. ઢીલું નહિ રાખતા. નિષેધ કરવાનો તો પ્રશ્ન નથી, એમાં ઢીલાપણું પણ નહિ રાખતા.

મુમુક્ષુ :- કેવી સરસ વાત કરી છે, માથે ચડાવજો.

પૂજ્ય ભાઈશ્રી :- માથે ચડાવી લેજો. બહુ સારું માર્ગદર્શન આપ્યું છે.

'મગનલાલે માર્ગાનુસારીથી કેવળપર્યંત દશા વિષેના પ્રશ્નનો ઉત્તર લખ્યો હતો તે ઉત્તર વાંચ્યો છે. તે ઉત્તર શક્તિના પ્રમાણમાં છે પણ સદ્‌બુદ્ધિથી લખ્યો છે.' વિચારણા મર્યાદિત છે. શક્તિ એટલે બહુ મર્યાદિત વાત છે. પણ ઠીક છે અભિપ્રાય સારો છે. આ પત્ર તો પૂરો થઈ ગયો છે. **'મણિલાલે લખ્યું કે ગોસળિયાને 'આત્મસિદ્ધિ' ગ્રંથ ઘેર ન આપતાં ઘણું ખોટું લાગ્યું, વગેરે લખ્યું તે લખવાનું કારણ નહોતું. અમે એ ગ્રંથ માટે કાંઈ રાગદૃષ્ટિ કે મોહદૃષ્ટિ પર જઈ ડુંગરને અથવા બીજાને આપવામાં પ્રતિબંધ કરીએ છીએ, એમ હોવા યોગ્ય નથી.'** અમારા રાગને કારણે ના પાડીએ છીએ એવું નથી. આપ્યું હોત તો કાંઈ વાંધો નહોતો.

મુમુક્ષુ :- ઘરે લઈ જવાની ના પાડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તમારે ઘરે ન લઈ જવું. અમારે ત્યાં વાંચજો. એમ. એ દૃષ્ટિ ઉપરનો રાગ કરીને ..બુદ્ધિને લઈને.

'એ ગ્રંથનો હાલ બીજો ઉતારો કરવા પ્રવૃત્તિ ન કરવી.' અને એટલા માટે ન આપે કે ઘણા ઘરે લઈ જઈને ઉતારો કરી લે. પછી એમ વિચારે કે આપણે નકલ કરીએ છીએ એમાં આપણો આશય તો સારો જ છે ને. એવી રીતે પોતાનો મનઘડંત આશય એમાં કામ આવે નહિ. ઘણા એવી રીતે કોઈ અનુચિત વ્યવહાર કરે. તો પણ કહે આપણો આશય તો સારો જ છે ને. એમ આ જરા ઉચિત લાગે એવી વાત છે કે સદ્‌ગ્રંથની નકલ કરવી એમાં આપણો આશય તો સારો જ છે ને. જો આજ્ઞા ન હોય તો આજ્ઞા વિરુદ્ધ જઈને કરાય નહિ. અને કરે તો એને એ જ્ઞાન કદી ચડે નહિ. એમ છે.

મુમુક્ષુ :- આવું જ 'દ્રવ્યદૃષ્ટિ' માટે બન્યું હતું ને ? આવું જ. 'આત્મસિદ્ધિ' જેવું જ.

પૂજ્ય ભાઈશ્રી :- જે જે ગ્રંથોની અંદર, સમાજનો બહુભાગ કે જે સંપ્રદાયબુદ્ધિમાં હોય છે, તે કેટલીક વાતો તાત્કાલિક સહન ન કરી શકે એવી પરિસ્થિતિ હોય છે. પછી કાળે કરીને સહન કરે. પણ તાત્કાલિક સહન કરી શકે એવી પરિસ્થિતિ ન હોય ત્યારે જ્ઞાનીપુરુષ એ વિષય ઉપર મર્યાદિત રીતે પ્રતિબંધ મૂકી દે છે. સર્વથા પ્રતિબંધ ન મૂકે અને સર્વથા ખુલ્લી પણ ન મૂકે. અમુક મર્યાદામાં પ્રતિબંધ મૂકી દે. એ આચરણની રીતિ-નીતિ છે. Adujustment કરવું એ આચરણની રીતિ-નીતિ છે.

મુમુક્ષુ :- પ્રતિબંધ લગાવે તો પણ કરુણા છે અને પ્રતિબંધ ન લગાડે તો પણ કરુણા છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેયમાં કરુણા જ છે. પ્રતિબંધ ન લગાવે તો નુકસાન થાય. સાવ બંધ કરી દે તો પણ નુકસાન થાય. એટલે જેટલું કરે છે, જે કરે છે, જેમ કરે છે તે બધું યોગ્ય જ છે. જ્ઞાનીનું સર્વ આચરણ વંદનીય જ છે. એમ અભિપ્રાયમાં દઢ રાખવું. અભિપ્રાયમાં એ દઢ રાખવું. એમાં ક્યારેય ફેરફાર કરવો નહિ. ૐ કરીને એ પત્ર પૂરો કર્યો છે.

પત્રાંક-૮૨૨

આણંદ, પોષ વદ ૧૧, મંગળ, ૧૯૫૪

આજે સવારે અત્રે આવવું થયું છે. લીંમડીવાળા ભાઈ કેશવલાલનું પણ આજે અત્રે આવવું થયું છે. ભાઈ કેશવલાલે તમ વગેરે પ્રત્યે આવવા વિષે તાર કરેલો તે સહજભાવથી હતો, તો વગેરે કોઈ નથી આવી શક્યા એમ વિચારી આ પ્રસંગે ચિત્તમાં ખેદ ન પામશો. તમારા લખેલા પત્ર તથા પત્તું મળ્યાં છે. કોઈ એક હેતુવિશેષથી સમાગમ પ્રત્યે હાલ વિશેષ ઉદાસીનપણું વર્ત્યા કરતું હતું અને તે હમણાં યોગ્ય છે એમ લાગવાથી હાલ સમાગમ મુમુક્ષુઓનો ઓછો થાય એમ વૃત્તિ હતી. મુનિઓને જણાવશો કે વિહાર કરવામાં હાલ અપ્રવૃત્તિ ન કરશો. કેમકે હાલ તરતમાં ઘણું કરીને સમાગમ નહીં થાય. 'પંચાસ્તિકાય' ગ્રંથ લક્ષ દઈ વિચારશો.

પત્રાંક-૮૨૨ એ 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**આજે સવારે અત્રે આવવું થયું છે.**' 'મુંબઈ'થી 'આણંદ' આવ્યા છે. પોષ વદમાં 'આણંદ' આવ્યા છે. '**લીંમડીવાળા ભાઈ કેશવલાલનું પણ આજે અત્રે આવવું થયું છે.**' જે અહીંયાં 'ભાવનગર' નોકરી કરવા આવેલા એ 'કેશવલાલભાઈ' મૂળ 'લીંમડી'ના, એ પણ ત્યાં

આવ્યા છે. '**ભાઈ કેશવલાલે તમ વગેરે પ્રત્યે આવવા વિષે તાર કરેલો તે સહજભાવથી હતો, તમ વગેરે કોઈ નથી આવી શક્યા એમ વિચારી આ પ્રસંગે ચિત્તમાં ખેદ ન પામશો.**' એમણે નીકળતા તાર કર્યો હશે કે હું જાવ છું અને આપ બધા લોકો પણ 'ખંભાત'થી આવજો. કેમકે 'આણંદ' અને 'ખંભાત' તો બાજુ બાજુમાં જ છે. એક કલાકનો, સવા કલાકનો રસ્તો છે. પણ તમે નથી આવી શક્યા માટે કાંઈ એનો ખેદ રાખવાની જરૂર નથી.

'**તમારા લખેલા પત્ર તથા પત્તું મળ્યા છે. કોઈ એક હેતુવિશેષથી સમાગમ પ્રત્યે હાલ વિશેષ ઉદાસીનપણું વર્ત્યા કરતું હતું અને તે હમણાં યોગ્ય છે એમ લાગવાથી હાલ સમાગમ મુમુક્ષુઓનો ઓછો થાય એમ વૃત્તિ હતી.**' શું કહે છે ? નહિતર તો 'અંબાલાલભાઈ' ને એ તો ત્યાં પહોંચ્યા જ હોય. પણ આગળ-પાછળની એમની સૂચના છે કે હાલમાં અમારી દશા એવી છે કે અમે અસંગપણે રહેવા ઈચ્છીએ છીએ. મુમુક્ષુઓનો સંગ પણ હાલની પરિસ્થિતિમાં એ સંગમાં રહેવાની પણ ઈચ્છા નથી. એટલે એમાં હેતુવિશેષ એ લીધો છે. પોતાની દશા છે એ હેતુવિશેષ છે. હેતુવિશેષ એટલે ખાસ હેતુ, ખાસ કારણ. ખાસ કારણ શું છે ? કે અસંગવૃત્તિ છે એ ખાસ કારણ છે.

જ્ઞાનીને પણ જ્યાં સુધી અસંગવૃત્તિ ન ઉદ્‌ભવે ત્યાં સુધી મુમુક્ષુઓને એમનો સત્સંગ સુલભ છે. એ અસંગવૃત્તિમાં આવ્યા પછી એ સત્સંગ પણ દુર્લભ થઈ જાય છે. આવી વાત છે. સત્સંગ સૌથી દુર્લભ છે એમ લેવું. બીજી બધી જગતની ચીજો સુલભ છે. અરે..! રાજપદ પણ સુલભ છે અને દેવલોકનું દેવપદ પણ સુલભ છે પણ સત્સંગ એટલો સુલભ નથી એમ સમજવું. છે બધા પુણ્યયોગ, છતાં આ પુણ્યયોગમાં દુર્લભતા વિશેષ છે.

લખ્યું છે કે તમારા લખેલા પત્ર તથા પત્તું મળ્યા છે. અને દરેક પત્ર અને પત્તામાં આ લોકો સમાગમની ભાવના તો લખે જ કે આપના સમાગમમાં આવું છે. અમને ક્યારે એવો સમાગમ પ્રાપ્ત થશે ? એની અમે ભાવના રાખીએ છીએ. આ વાત તો દરેક લખતા. એટલે એમણે લખ્યું છે કે હાલમાં '**સમાગમ પ્રત્યે હાલ વિશેષ ઉદાસીનપણું વર્ત્યા કરતું હતું...**' સહેજે-સહેજે. જુઓ ! ભાષા શું બતાવે છે ? તે ઉદાસીનપણું સહેજે અમને વર્ત્યા કરતું હતું. સંગમાં ન આવવા માટેનું ઉદાસીનપણું સહેજે અમને વર્તતું હતું. અને તે હમણાં યોગ્ય છે. એવું ઉદાસીનપણું પણ યોગ્ય છે. એમ લાગવાથી હાલ સમાગમ મુમુક્ષુઓનો ઓછો થાય એમ વૃત્તિ હતી. એવી સહજ વૃત્તિ હતી કે હમણાં ઓછો સમાગમ થાય એ ઠીક છે.

'મુનિઓને જણાવશો કે વિહાર કરવામાં હાલ અપ્રવૃત્તિ ન કરશો.' એટલે કે પ્રવૃત્તિ કરજો. એટલે કે જ્યાં વિહાર કરવો હોય ત્યાં વિહાર કરી લ્યો. કારતક મહિના પછી તો વિહાર કરવાની છૂટ હોય છે ને. **'કેમકે હાલ તરતમાં ઘણું કરીને સમાગમ નહીં થાય.'** પોતે સમાગમમાં આવવા ઈચ્છતા નથી. આ દિવસોમાં કોઈના સમાગમમાં રહેવા ઈચ્છતા નથી. **''પંચાસ્તિકાય' ગ્રંથ લક્ષ દઈ વિચારશો.'** જુઓ ! આ દિવસોમાં દ્રવ્યાનુયોગના ગ્રંથો વાંચવાની પણ પોતે ભલામણ કરી છે. દિગંબર આચાર્યોના જે દ્રવ્યાનુયોગના ગ્રંથ છે એ વાંચવાની ભલામણ કરી છે. પછીનો પત્ર પણ 'ત્રંબકલાલભાઈ' ઉપરનો છે. પોષ વદ ત્રીજનો હતો ત્યારપછી પોષ વદ તેરશનો હતો. પંદર ને દસ પચ્ચીસ દિવસ પછીનો.

પત્રાંક-૮૨૩

આણંદ, પોષ વદ ૧૩, ગુરુ,૧૯૫૪

મંગળવારે સવારે અત્રે આવવું થયું હતું. ઘણું કરી આવતી કાલે સવારે અત્રેથી વિદાય થવાનું થશે. મોરબી જવાનો સંભવ છે.

સર્વ મુમુક્ષુ બાઈઓ, ભાઈઓને સ્વરૂપસ્મરણ કહેશો.

શ્રી સોભાગના વિદ્યમાનપણામાં કંઈ આગળથી જણાવવું થતું, અને હાલ તેમ નથી બન્યું એવી કંઈ પણ લોકદૃષ્ટિમાં જવું યોગ્ય નથી.

અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી. મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે.

'મંગળવારે સવારે અત્રે આવવું થયું હતું.' ઉપર અગિયારસે લખ્યો ને ? ગુરૂવારે લખે છે કે **'મંગળવારે સવારે અત્રે આવવું થયું હતું. ઘણું કરી આવતી કાલે સવારે અત્રેથી વિદાય થવાનું થશે. મોરબી જવાનો સંભવ છે.'** ઘણું કરીને આ પ્રકારનો પ્રસંગ બનશે એમ કહ્યું છે. **'સર્વ મુમુક્ષુ બાઈઓ, ભાઈઓને સ્વરૂપસ્મરણ કહેશો.'** ત્યાં જે 'સાયલા'માં જે પરિચિત ભાઈઓ-બહેનો છે એને આત્મસ્વરૂપનું અમારા વતી સ્મરણ કહેશો.

'શ્રી સોભાગના વિદ્યમાનપણામાં કંઈ આગળથી જણાવવું થતું, અને હાલ તેમ નથી બન્યું એવી કંઈ પણ લોકદૃષ્ટિમાં જવું યોગ્ય નથી.' એમણે એમ લખ્યું હતું કે અમારા પિતાશ્રી હતા ત્યારે તો આપનો Programme અગાઉથી જાણવા મળતો હતો. 'મુંબઈ'થી નીકળો ત્યારે સમાચાર લખો, પછી બીજે આવો ત્યારે સમાચાર

લખો. હવે એવા કાંઈ સમાચાર મળતા નથી તો સહેજે એમને ખેદ થયો હશે કે ગમે તેમ. પણ એ લોકદૃષ્ટિથી નહિ વિચારતા. અમારો કોઈ લૌકિકભાવ નથી. એ વિષયમાં અમારો કોઈ લૌકિકભાવ નથી. સહેજે-સહેજે જે પ્રકારે વિકલ્પ આવે છે, સહેજે પ્રવૃત્તિ થાય છે તે થાય છે, નથી થતી તે નથી થતી. અમે કોઈ લોકદૃષ્ટિએ વર્તતા નથી. લોકોમાં એવું બને કે જેની સાથે પરિચય હોય એ ચાલ્યા જાય પછી સહેજે પ્રસંગ ઘટી જાય છે.

'**અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી.**' શું કહે છે ? વિષમભાવ થાય તો અમે પણ બંધાઈએ અને અવિષમપણાનો ભાવ ન હોય, એના વિના તો અમને પણ અબંધપણું પ્રાપ્ત ન થાય. એટલે કુદરતનો કાયદો છે. વિષમ પરિણામથી બંધ થાય અને અવિષમ પરિણામથી બંધ ન થાય એ તો કુદરતી વ્યવસ્થા છે. એમાં કાંઈ અમારો અધિકાર નથી. ઠીક ! માટે અમે પણ ક્યાંય પણ અમારો રાગ લંબાવવા ઈચ્છતા નથી. એમ કહે છે. અમે રાગ લંબાવીએ તો અમે બંધનમાં આવી જઈએ. રાગબંધન, દ્વેષબંધન, મોહબંધન એ બંધનમાં અમે પણ પડી જઈએ. '**મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે.**' પરિસ્થિતિ જોતા એમ લાગે છે કે મૌનપણું ભજી લેવું. એમ કહે છે.

મુમુક્ષુ :- મૌનપણું ભજી લેવું એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- મૌનપણું ભજી લેવું એટલે બહાર પ્રસિદ્ધિમાં આવવું નહિ. એમ.

મુમુક્ષુ :- એટલે અંદર જવા માટે નડતર થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિચય વધે અને બીજાને સમય આપવો પડે એમ થાય.

પત્રાંક-૮૨૪

મોરબી, માહ સુદ ૪, બુધ, ૧૯૫૪

ૐ

મુનિઓને વિજ્ઞપ્તિ કે

શુભેચ્છાથી માંડીને ક્ષીણમોહપર્યંત સત્શ્રુત અને સત્સમાગમ સેવવા યોગ્ય છે. સર્વકાળમાં એ સાધનનું જીવને દુર્લભપણું છે. તેમાં આવા કાળમાં દુર્લભપણું વર્તે તે યથાસંભવ છે.

દુષમકાળ અને 'હુંડાવસર્પિણી' નામનો આશ્ચર્યભાવ અનુભવથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય એવું છે; આત્મશ્રેય-ઈચ્છક પુરુષે તેથી ક્ષોભ ન પામતાં વારંવાર તે યોગ પર પગ દઈ સત્શ્રુત, સત્સમાગમ અને સદ્વૃત્તિ બળવાન કરવા યોગ્ય છે.

પત્રાંક-૮૨૪. 'મુનીશ્રી લલ્લુજી'. એ 'લલ્લુજી' ઉપરનો પત્ર છે. માહ મહિનામાં લખાયેલો. **'મુનિઓને વિજ્ઞપ્તિ કે શુભેચ્છાથી માંડીને ક્ષીણમોહપર્યંત સત્શ્રુત અને સત્સમાગમ સેવવા યોગ્ય છે.'** આત્મકલ્યાણની શુભ ઈચ્છા થાય, સારી ઈચ્છા થાય કે મારે મારું કલ્યાણ કરવું છે એવા સાધારણ વિકલ્પથી માંડીને બારમા ગુણસ્થાન પર્યંત. ક્ષીણમોહ એટલે બારમા ગુણમાસ્થાન પર્યંત **'સત્શ્રુત અને સત્સમાગમને સેવવા યોગ્ય છે.'** એનો ક્યાંય નિષેધ કરવામાં આવ્યો નથી. ઉપયોગ જ્યાં સુધી બહાર જાય છે ત્યાં સુધી સત્શ્રુત અને સત્સમાગમ એ વિવેક કરીને સેવવા યોગ્ય છે. અવિવેકે બીજું સેવવા યોગ્ય નથી. એમ લેવું. આમ તો સાતમા ગુણસ્થાનથી ઉપયોગ બહાર નથી જતો.

સાતમા ગુણસ્થાનથી ઉપયોગ બહાર ન ગયો એનું શું કારણ ? કે છઠ્ઠા ગુણસ્થાન સુધી, જ્યાં સુધી ઉપયોગ બહાર ગયો ત્યાં સુધી ઉપયોગ આત્મામાં રાખવાનો નિશ્ચયથી અને વ્યવહારથી વિવેક ઊપજ્યો એવા કારણના ફળ સ્વરૂપે સાતથી ઉપરના ગુણસ્થાન ઉત્પન્ન થયા છે. માટે કાર્યમાં કારણનો આરોપ કરવામાં આવે છે. એવી વાત છે. નહિતર માણસને તર્ક ઉઠે. સાતમાથી બારમા ગુણસ્થાનમાં ક્યાં સત્શ્રુત અને સત્સમાગમ છે ? તો કહે એનું કારણ હતું કે નહિ ? સાતથી બાર આવ્યું ક્યાંથી ? કે નિશ્ચય અને વ્યવહારે એવું કારણ થયું. વ્યવહારમાં એને દેવ-ગુરુ-શાસ્ત્ર સત્પુરુષ અને સત્સમાગમ રાખ્યા. નિશ્ચયે પોતાના આત્મામાં ઉપયોગ રાખ્યો. એના કારણે ઉપરના નિર્વિકલ્પ ધ્યાનના ગુણસ્થાન પ્રગટ થયા. એનો અર્થ એમ છે, કે કોઈને એવું ન બને કે અક્રમે ગમે તેમ કેવળજ્ઞાન પ્રગટી જાય. એમ બનતું નથી.

નિયમ એવો છે કે જો કોઈ જીવનો શુદ્ધોપયોગ, અંતર્મુખ ઉપયોગ અંતર્મુહૂર્ત પણ જો આત્મામાં સ્થિર થાય તો કેવળજ્ઞાન પામે. તો પછી ચોથા ગુણસ્થાને કોઈ એવો પ્રયત્ન કરે તો ? ન થાય. પાંચમા ગુણસ્થાને પ્રયત્ન કરે તો ? તો કહે, ન થાય. માર્ગ જોયો છે, સ્વરૂપનું અવલંબન લઈ શકાય છે, સ્વરૂપ સ્થિરતા પ્રાપ્ત થાય છે તોપણ કેવળજ્ઞાન યોગ્ય અંતર્મુહૂર્તની સ્થિરતા છઠ્ઠા-સાતમા ગુણસ્થાન સિવાય આવી શકે નહિ. આ નિયમ છે. એમાં કોઈ છઠ્ઠું-સાતમું ટકીને પહેલા કેવળજ્ઞાન લઈ લ્યે એવું કદિ બનતું નથી. આમાં બધી કથા આવે છે એ બધી જુદી વાત છે. ગૃહસ્થદશામાં ને એ બધી. એ વાત કોઈ રીતે બની શકે નહિ. જેટલી વીતરાગતા ... ઉપયોગ સ્થિર થાય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાન યોગ્ય વીતરાગતા ન આવે અને કોઈને અંતર્મુહૂર્ત સ્થિરતા આવી જાય એ વાત કદિ બને નહિ. એ લોકો તો સ્થિરતામાં સમજતા જ નથી. એ તો આત્માના વિચારમાં ચડી ગયા અને આત્માનો વિચાર કરતા કરતા કેવળજ્ઞાન પ્રગટી ગયું. સ્વરૂપના વિચારમાં લાગી ગયા અને કેવળજ્ઞાન પ્રગટી ગયું.

મુમુક્ષુ :- વિકલ્પથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પથી કેવળજ્ઞાન પામી ગયા.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન ચૌદમા ગુણસ્થાને થાય અને છઠ્ઠે ન થાય એનું કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્થિરતા ઓછી છે, સ્થિરતા ઓછી છે. આમ છઠ્ઠું ગુણસ્થાન મુખ્યપણે તો વિકલ્પનું છે. પણ ચોથા અને પાંચમામાં નિર્વિકલ્પ દશા ક્યારેક-ક્યારેક આવે. અડધી Second, પા Secondની વાત છે.

મુમુક્ષુ :- સ્થિરતા ઓછી છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્થિરતા ઓછી છે. એ છૂટી જ જાય એને. આ ચોથા-પાંચમામાં છૂટી જાય. ન છૂટવું હોય તોય બહાર આવી જ જાય પા Secondમાં. એમ છે. એટલે એ સ્થિરતા સંભવિત જ નથી. પછી કલ્પના કરે તો એ કોઈ વાસ્તવિક રીતે બની શકે એમ નથી. એમ છે.

મુમુક્ષુ :- સાતમામાં અસંગના ભાવ કર્યા. એ અબંધભાવ છે. ...

પૂજ્ય ભાઈશ્રી :- છઠ્ઠામાં અસંગ પરિણામ છે. અસંગભાવ તો છઠ્ઠાથી છે. કેમકે છઠ્ઠામાં પણ વિશેષ કોઈ વ્યક્તિના અથવા આ શહેરની અંદર નહિ રહેવાનું કારણ શું છે ? મુનિઓ જંગલમાં રહે છે અને શહેરમાં નથી રહેતા એનું શું કારણ છે ? એમને અસંગવૃત્તિ છે. એમને કોઈનો સંગ કરવો ફાવતો નથી. અને સંગ કરવો હોય તો કુટુંબ-પરિવાર ક્યાં ખોટા હતા ? એમાં તો ઘણા સાધર્મી પણ હોય. એવા ધર્માત્માઓ થયા છે કે જેનું આખું કુટુંબ સમ્યગ્દૃષ્ટિ અને સાધર્મી હોય. લ્યો ઠીક ! બધા સભ્યો એવા હોય. જો સંગ કરવો હોય તો પછી કુટુંબ શું ખોટું હતું ? સંગ કરવો નથી એ તો સવાલ છે. અસંગપણે, કેવળ અસંગપણે આત્માને સાધવો છે એટલે તો જંગલમાં ચાલી નીકળે છે.

મુમુક્ષુ :- મારો પ્રશ્ન એ છે કે જે સાતમા સુધી અસંગના ભાવ રહ્યા એનું Result આઠમાથી તેરમા સુધીનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપર તો વીતરાગતાની, પુરુષાર્થની પણ તીવ્રતા વધે છે. વ્યવહારે એમ લેવાય કે બહારના પરિણામ એવા યથાર્થ હતા. નિશ્ચયે એમ લેવાય કે પુરુષાર્થની તીવ્રતા થઈ ત્યારે.

શું કહે છે ? કે '**શુભેચ્છાથી માંડીને ક્ષીણમોહપર્યંત સત્શ્રુત અને સત્સમાગમ સેવવા યોગ્ય છે. સર્વકાળમાં એ સાધનનું જીવને દુર્લભપણું છે.**' આ કાળમાં, પંચમકાળમાં તો દુર્લભ છે જ. પણ ચોથો કાળ સારો ગણાય છે. બાકીના કાળમાં તો પ્રશ્ન નથી. ચોથા-પાંચમામાં આ વિચાર કરી શકાય છે. પહેલા, બીજા, ત્રીજામાં એ

પ્રશ્ન નથી. છઠ્ઠામાં એ પ્રશ્ન નથી. ચોથો કાળ ઘણો સારો છે, પાંચમો કાળ સારો નથી. પણ ચોથામાં દુર્લભપણું છે તો પાંચમામાં દુર્લભપણું હોય એ કહેવાની જરૂર નથી.

'સર્વકાળમાં એ સાધનનું જીવને દુર્લભપણું છે. તેમાં આવા કાળમાં દુર્લભપણું વર્તે તે યથાસંભવ છે.' તો પછી આ કાળમાં એનું દુર્લભપણું હોય એ તો બિલકુલ સંભવિત છે. **'દુષમકાળ અને 'હુંડાવસર્પિણી' નામનો...'** આ દુષમકાળ કેવો છે ? હુંડાવસર્પિણી. અવસર્પિણી એ તો એનો ઉત્સર્પિણી અને અવસર્પિણીનો આ ક્રમ છે. પણ આ હુંડાવ એટલે વધારે ખરાબ છે. બહુ હુંડો છે. પરિણામનો **'આશ્ચર્યભાવ અનુભવથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય એવું છે;...'** એ નામનો આશ્ચર્યભાવ, આશ્ચર્યકારક જીવોના પરિણામ. **'અનુભવથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય એવું છે;...'** એ 'દૌલતરામે' લખ્યું છે કે 'જૈની જૈનગ્રંથ કે નિંદક.' જૈની હોય અને જૈનગ્રંથના જિનાગમનો વિરોધ કરે. જ્ઞાનીના વચનો કહો, જિનાગમ કહો, જૈની થઈને એનો વિરોધ કરે. હુંડાવસર્પિણી જેવા. અત્યારે કેમ આમ થાય છે ? કે આ હુંડાવસર્પિણીનું જોર છે. હુંડાવસર્પિણી એ કોઈ વ્યક્તિ નથી પણ પરિણામ ખરાબ જોઈને, એવા નિકૃષ્ટ પરિણામ જોઈને એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ૮૯૪ પાને હુંડાવરસર્પિણીનો અર્થ લખ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ શબ્દાર્થ કર્યા છે. **'અનેક કલ્પો પછી જે ભયંકર કાલ આવે છે તે, જેમાં ધર્મની વિશેષ હાનિ થઈ, અનેક પ્રકારના મિથ્યા ધર્મો પ્રચાર પામે છે.'** એ કાળ ચાલે છે. બહુ હીણો કાળ ચાલે છે. જૈન ગ્રંથના નિંદક હોય, નિષેધ કરનારા હોય, જૈન પ્રતિમાઓના નિષેધ કરનારા હોય. એ બધો પ્રકાર આવા હુંડાવસર્પિણીમાં બને છે. બીજા તો કરે પણ જૈની થઈને પણ કરે છે. એ 'દોલતરામજી'એ લીધું.

મુમુક્ષુ :- આવા કાળમાં 'ગુરુદેવશ્રી'નો જન્મ થયો એ આપણા માટે કેવું ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ અલભ્ય લાભ છે. ન મળી શકે એવો લાભ છે.

મુમુક્ષુ :- દરેક અવસર્પિણીમાં હુંડાવસર્પિણીમાં આવે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નહિ. અનેક કલ્પો પછી આવે છે. ઘણા અવસર્પિણી, ઉતસર્પિણી ગયા પછી આવો માઠો કાળ ક્યારેક આવે છે. એમ છે. દરેક વખતે નથી આવતો. એથી તો 'ગુરુદેવ'નો પ્રભાવના ઉદય થયો ત્યારે ચોથો કાળ લાગતો હતો. શું લાગતું હતું ? જાણે ચોથો કાળ આવ્યો. એવી વાત છે.

'દુષમકાળ અને 'હુંડાવસર્પિણી' નામનો આશ્ચર્યભાવ...' આશ્ચર્ય થાય એવો. અર..ર...! એમ કે આવા પરિણામ જીવના હોય છે ! **'અનુભવથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય એવું છે;...'** ... કલ્યાણ, આત્મશ્રેય. શ્રેય એટલે કલ્યાણ. જેને આત્મકલ્યાણની

ઈચ્છા છે એવા જીવે તો એવા હુંડાવસર્પિણી કાળથી ગભરાવું નહિ. એમ કહે છે. આ કાળમાં હોવા છતાં પોતે ગભરાવાની જરૂર નથી. એવા હુંડાવસર્પિણીના પ્રસંગો બને તો એના ઉપર પગ દઈને, પગ દઈને એટલે એનો સામનો કરીને, સત્શ્રુતનું આરાધન ચાલું રાખવું, સત્સમાગમ ચાલુ રાખવો અને પોતાની સદ્વૃત્તિને, આત્મકલ્યાણની વૃત્તિને બળવાન રાખવી. એમ છે. પુરુષાર્થ એવી રીતે કરવો. એની કાંઈ ગણના કરવી નહિ, એને વશ થવું નહિ, ભય પામવું નહિ અને ગણકારવું નહિ. એમ કહે છે. પગ દેવાનો અર્થ એ છે.

મુમુક્ષુ :- કુસંગ ઉપર પગ દઈને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવા યોગ એટલે એવા પ્રકારના કોઈપણ પ્રસંગો હોય. યોગની અંદર કોઈપણ પ્રસંગ એમાં આવી જાય છે.

એ 'મોરબી'થી લખાયેલો પત્ર છે. અહીંથી લખ્યું હતું ને 'મોરબી' જવાના છે. આવતી કાલે ગુરૂવારે એટલે શુક્રવારે 'મોરબી' જવાનું લખ્યું છે. પત્ર બુધવારે લખ્યો છે. 'મોરબી' છે. બીજો પત્ર પણ એ જ દિવસનો છે. બીજે, ત્રીજે, ચોથા ચાર પત્રો એ જ દિવસે જુદી જુદી વ્યક્તિઓ ઉપર લખાયેલા છે.

પત્રાંક-૮૨૫

મોરબી, માહ સુદ ૪, બુધ, ૧૯૫૪

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સત્શ્રુત અને સત્સમાગમ. પ્રત્યક્ષ સત્પુરુષોનો સમાગમ ક્વચિત્ ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે, પણ જો જીવ સદ્દદ્દષ્ટિવાન હોય તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પ કાળમાં પ્રાપ્ત કરી શકે છે; કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું છે. જીવને તેવો સમાગમયોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેના સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

એમાં બીજો પત્ર છે, 'ઝવેરચંદભાઈ' તથા 'રતનચંદભાઈ', કાવિઠા. 'કાવિઠા' ગયા હતા ને ? 'કાવિઠા'માં આ બે ભાઈઓ છે. સગા ભાઈઓ છે. 'ઝવેરચંદભાઈ' અને 'રતનચંદભાઈ'. અને એમને ત્યાં ઉતારો રહેતો હતો. એક ઘરે જમવાનું રાખતા હતા, એક જગ્યાએ સૂવા-બેસવાનો અને ધર્મ-ચર્ચાનો પ્રસંગ રાખતા હતા. ધર્મ-ચર્ચાનો જે પ્રસંગ રાખતા હતા એ બહુ મોટો હોલ હતો. આપણે અત્યારે આ બેઠા છીએ એટલી જગ્યા લગભગ છે. પહેલાં માળે 'કાવિઠા'માં. અત્યારે સ્વાધ્યાય કરીએ છીએ એટલી જગ્યા. માણસો ભરાતુ હશે. ત્યાં ધર્મ-ચર્ચા રાખતા. અને થોડેક એક-દોઢ મિનિટના અંતરે બીજા ભાઈનું મકાન છે. ત્યાં 'અંબાલાલભાઈ' રસોઈ કરતા હતા. ત્યાં એ જમવા આવતા હતા. 'અંબલાલભાઈ' ત્યાં રસોઈ (કરતા હતા). એ લોકોએ વાત કરી. અત્યારે તો એમના દીકરાના દીકરાઓ રહે છે. જે લોકો જાય છે એને બહુ પ્રેમથી બતાવે છે અને ખૂબ જ વાત્સલ્યથી રોકે છે. જમવાનો આગ્રહ કરે છે. ... ચા-પાણી. બહુ અતિશય આગ્રહ. આગ્રહ એટલે અતિશય આગ્રહ. 'કૃપાળુદેવ'ના ભક્તો અહીં સુધી ક્યાંથી ! અતિશય પ્રેમ. ઘણો પ્રેમ બતાવે છે. એ બે કુટુંબીઓ છે. મળ્યા ન હોય, એકબીજા ઓળખતા ન હોય પણ વાત્સલ્ય ઘણું છે. બધું સમજાવે છે. અહીંયાં રસોઈ થતી હતી. અહીંયાં 'અંબાલાલભાઈ' (રહેતા હતા). ત્યાં ધર્મચર્ચા ચાલતી હોય અને 'અંબાલાલભાઈ' રસોઈ કરતા હોય તો એને અહીંયાં સંભળાતું હતું. એમ કહે છે. અને એ લખી લેતા હતા. એ લોકો એમ વાત કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. રસોઈ કરતા કરતા. આવવું પડે છે. પણે એ Distance ઓછું છે.

'આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે...' જુઓ ! આત્મસ્વભાવની મુમુક્ષુની ભૂમિકામાં, હોં ! **'નિર્મળતા થવાને માટે...'** એટલે સ્વભાવિક નિર્મળતા થવાને માટે. મંદ કષાય માટે આ વાત નથી. લોકો હજી બીજું સમજે છે (કે) 'શ્રીમદ્'માં મંદ કષાયની વાતો બહુ આવે છે. એવું નથી. પાત્રતાની વાતો આવે છે અને એ પાત્રતામાં દર્શનમોહની મંદતા છે એ નિર્મળતા છે. અને જ્ઞાનમાં કષાયરસ ઘટે છે અને સ્વરૂપનો નિશ્ચય થઈ શકવા યોગ્ય જ્ઞાનની દશા ઉત્પન્ન થાય છે એ પણ નિર્મળતાનું કારણ છે. એને મંદ કષાય સાથે સંબંધ નથી. એમ છે.

'આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સત્શ્રુત અને સત્સમાગમ.' કેમકે સત્સમાગમ છે એ સર્વ કાળે ઉપલબ્ધ નથી. જ્યારે ઘરમાં ગ્રંથો વસાવ્યા હોય તો એ સર્વ કાળે ઉપલબ્ધ છે. રાત્રે

બાર વાગે, બે વાગે ઊંઘ ઊડી જાય તો ઘરમાં શાસ્ત્ર લઈને વાંચવા બેસી શકે છે. એનો નિષેધ નથી. **'આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે...'** એટલે કે સત્સમાગમ અને સત્શ્રુત એવા નિમિત્ત છે કે જેને લઈને દર્શનમોહનો અનુભાગ ઘટે છે. એને સેવવાથી દર્શનમોહનો અનુભાગ ઘટે છે અને નિર્મળતા પ્રાપ્ત થાય છે. મુમુક્ષુને યોગ્ય ભૂમિકાને. મૂળ તો મુમુક્ષુને યોગ્ય જ ભૂમિકા થતી નથી. એટલે કારણ પ્રાપ્ત નહિ હોવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ થવાનું કાર્ય સંભવિત નથી થતું. એમ વાત છે.

'પ્રત્યક્ષ સત્પુરુષોનો સમાગમ ક્વચિત્ ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે,...' એ કાંઈ હંમેશા મળે નહિ. એ તો ક્યારેક-ક્યારેક જ મળે છે. **'પણ જો જીવ સદ્દદૃષ્ટિવાન હોય...'** જો જીવને પોતાના આત્મહિતનો દૃષ્ટિકોણ પ્રગટ્યો હોય, આત્મહિતની ભાવના થઈ હોય **'તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પ કાળમાં પ્રાપ્ત કરી શકે છે;...'** જુઓ ! હવે ફેર શું પડ્યો ? પ્રત્યક્ષ-પરોક્ષનો ફેર તારવ્યો. ગ્રંથો તો આચાર્યોના હોય છે અને સત્પુરુષ તો નીચેના ગુણસ્થાને હોય છે. છતાં સત્શ્રુતના ઘણા કાળના સેવનથી જે લાભ થાય તે પ્રત્યક્ષ સત્પુરુષના યોગમાં અલ્પ સમાગમમાં પણ થઈ જાય છે. પ્રત્યક્ષની અસર જુદી આવે છે એમ કહે છે. જે પ્રત્યક્ષમાં અસર આવે એ પરોક્ષમાં અસર આવતી નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- બેમાં ભેદ પાડ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આગળ એ વાત તો ઘણીવાર કહી ગયા છે ૬૦૧, ૬૦૨માં. સત્શ્રુત છે એ પ્રત્યક્ષ સત્પુરુષથી અધિક તો નથી પણ બરાબર પણ નથી. એમ કરીને ચોખવટ કરી છે. અધિક તો નથી પણ બરાબર પણ નથી. માટે બરાબરી પણ ન કરવી. એ વાત જલદી મળવી મુશ્કેલ છે. આ ગ્રંથમાં વિશેષ એ વાત છે. બાકી બીજા ગ્રંથોમાં એ વાત જલ્દી મળવી મુશ્કેલ છે. અને એટલા માટે લગભગ એ વાતથી સમાજ વંચિત હોય એવી પરિસ્થિતિ છે. અત્યારે સમાજની આ વિષયમાં વંચિત પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- પ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ શબ્દ લખ્યો છે. જે કોઈ ગ્રંથનું, પ્રત્યક્ષ યોગથી અધિકપણું કે બરાબરીપણું કરે તો તેને અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ ઉત્પન્ન થયો છે એમ જાણવું. ઠીક ! એટલે કે એ શાસ્ત્રનો મહિમા અશુભ પરિણામે કરે છે, શુભ પરિણામે કરતો નથી. ક્યાંનો ક્યાં મૂક્યો ! અશુભ પરિણામ લઈ લીધા એના. શુભ પરિણામ પણ ન રાખ્યા.

'કેમકે...' એનું કારણ આપે છે. એમ શા માટે થાય છે ? **'કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું છે.'** લ્યો, હવે એ આ વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું એ શબ્દ શબ્દકોષમાં ગોતવા જાવ જોઈ. એમનું પોતાનું સંયોજન છે. શબ્દોનું સંયોજન પણ એ પોતે જ કરે છે. કેમ એ વાત પ્રત્યક્ષમાં વિશેષ થાય છે ? કેમકે સત્પુરુષ છે એને અહીંયાં સત્પુરુષ નહિ કહેતા પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતન એમને કહ્યું. એ પુરુષ આત્માને શું કહ્યું ? નિર્મળ ચેતન. એવું નિર્મળ ચેતન છે કે જેમાં ગુણ અતિશયપણે એટલે અલૌકિકપણે, દિવ્યપણે પ્રગટ થયેલા છે. આપણે તો એ પ્રકાર ઓછો ચાલે છે. અન્યમતમાં તો એમ જ લ્યે છે કે જ્યાં એવા મહાપુરુષ બિરાજમાન રહેતા હોય ત્યાંના વાતાવરણના પરમાણુઓની અંદર ફેરફાર થઈ જાય છે. શું કહે ? ત્યાંના હવાના પરમાણુના જે Vibration હોય છે- આંદોલનો હોય છે એ જ ફેરફારવાળા હોય છે. ત્યાં જઈને બેસો તો પણ તમને પરિણામમાં ફેર થઈ જાય એમ કહી દે. એવી વાત ચાલે છે. એ લોકો સ્પષ્ટ એમ જ કહે કે એમની પાસે જઈને બેસીએ ને તો એ જ્યાં રહેતા હોય, જ્યાં નિવાસ કરતા હોય ત્યાં જઈએ ત્યારે એમ લાગે કે વાતાવરણ જ કાંઈક જુદું છે. આત્માને વગર બોલ્યે, વગર ઉપદેશે શાંતિ મળવા માંડે છે. એમ કહે.

આ તો પ્રત્યક્ષ ગુણાતિશય. જેને ગુણાતિશય પ્રગટ થયો છે. ગુણ પ્રગટ થયા છે એમ ન લીધું. અતિશય શબ્દ સાથે લીધો. ચમત્કારિક રીતે પ્રગટ થયેલા ગુણો છે. એમની પાસે ગુણોનો ચમત્કાર છે. અને એવા ગુણો જેમને પ્રગટ્યા છે એવા નિર્મળ ચૈતન્ય છે. એનાથી પ્રભાવિત થઈને નીકળેલા વચનો છે. સામાન્ય વચનો નથી. પંડિત, અજ્ઞાની, વિદ્વાન બોલી જાય એવા વચનો નથી. નિર્મળ ચેતનના પ્રભાવવાળા વચનો છે.

મુમુક્ષુ :- કલમમાં બોળી બોળીને કહીએ છીએ આપણે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'સમયસાર' આત્માના અનુભવમાં બોળી બોળીને લખાયેલ છે. આ તો પ્રત્યક્ષની વાત ચાલે છે.

'અને વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું છે.' પોતાની જે અંતર્મુખની વૃત્તિ છે એને અનુસરીને મન-વચન-કાયાની ચેષ્ટા થાય છે એને ક્રિયાચેષ્ટિતપણું કહેવામાં આવે છે. તો કહે છે, વાણીમાં તો નિર્મળ ચેતનનો પ્રભાવ છે પણ એમના મન-વચન-કાયાના પરિણામોમાં પણ.. એમ કહેવું છે. કાંઈક અંદરથી આત્મવૃત્તિની ઝલક બહાર આવે છે. એમની આત્માની જે અંતર્મુખી વૃત્તિ છે, શાંતવૃત્તિ છે એની ઝલક બહાર આવી જાય છે એમ કહે છે. એ પ્રકાર હોય છે. જ્યારે એ વચનની સાથે સાથે એની ચેષ્ટાનો પ્રકાર મુખાકૃતિનો હોય છે. જેમ વિભાવમાં હોય છે ને ? ક્રોધ કરે ત્યારે આંખમાં, હોઠમાં

બધો એ પ્રકાર હોય. ગુસ્સો હોય ત્યારે અમુક પ્રકાર હોય, હાસ્ય હોય ત્યારે અમુક પ્રકાર હોય. આમાં પણ એ ચેષ્ટા હોય છે તો સ્વભાવમાં એની ચેષ્ટા હોય કે ન હોય ? એમ કહે છે. મલિનતામાં મલિન ચેષ્ટા હોય તો નિર્મળતામાં નિર્મળ ચેષ્ટા હોય. બહુ સીધી વાત છે.

'**જીવને તેવો સમાગમ યોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્તવ્ય છે.**' આવા ગુણાતિશયવાન સત્પુરુષના સમાગમનો યોગ પ્રાપ્ત થાય એના માટે જીવે વિશેષ-વિશેષ પ્રયત્નવાન રહેવું. એના માટે જીવે પ્રયત્નવાન રહેવું. જેમ જગતના પદાર્થો મેળવવા માટે 'અમેરિકા' સુધી જાય છે કે નહિ ? 'આફ્રિકા'માં .. થતું હોય તોપણ જાય છે. તો સત્સમાગમ માટે ક્યાં જાય છે કે નથી જતો એનો વિચાર કરવો. વિશેષ-વિશેષ પ્રયત્ન કરવા યોગ્ય છે. '**તેવા યોગના અભાવે...**' એવો યોગ સંભવિત ન હોય. કેમકે એ હાથની બાજી નથી. પરપદાર્થની વાત કોઈ પોતાના કાબુનો, વશનો વિષય નથી. તો એવો અભાવ હોય ત્યારે '**સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે.**' યોગ ન હોય ત્યારે શાસ્ત્ર વાંચવા. પણ યોગ હોય ત્યારે શાસ્ત્ર વાંચવા નહિ. સત્સમાગમ ભલે ચાલે અમે તો ઘરે બેસીને વાંચશું. એ વાત અપ્રશસ્ત છે. પ્રશસ્ત તો નથી પણ અપ્રશસ્ત છે. એમ લીધું છે. પ્રશસ્ત નથી પણ અપ્રશસ્ત છે.

'**શાંતરસનું જેમાં મુખ્યપણું છે,...**' સત્શ્રુત કોને કહેવું ? કે '**શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વ રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે,...**' પાછા બીજા રસ પણ વર્ણવ્યા હોય. શૌર્યરસની પણ વાત આવે. નવ રસમાંથી કોઈપણ રસની વાત આવે તોપણ શાંતરસ ગર્ભિત વર્ણવ્યા છે. '**એવા શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.**' આનું નામ સત્શ્રુતનો પરિચય છે. શાસ્ત્રની પરિભાષા કેવી કરી છે ! આત્મશાંતિ સાથે સંબંધ છે ને.

મુમુક્ષુ :- સત્શ્રુતનો ઉપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- એ દરેકને પોત પોતાની યોગ્યતા અનુસાર નિર્ણય કરવાનો હોય છે. એમાં એવો કાયદો નથી કે એક પુસ્તક બધાએ વાંચવું. ફલાણું પુસ્તક બધાએ વાંચવું એવો કાયદો નથી. જેવી જેની યોગ્યતા અને જેને પોતાના પરિણામોનું અવલોકન હોય, એને ખ્યાલ આવે કે કયો ગ્રંથ વાંચતા મારા આત્મા ઉપર એ વચનોની અસર વધારે થાય છે. એ એણે પોતે નિર્ણય કરવો જોઈએ. અને સદ્‌ગુરુ કે સત્પુરુષ વિદ્યમાન હોય તો એની આજ્ઞા લે. પોતાને એવી ખબર ન પડતી હોય એણે એમની આજ્ઞામાં રહીને એ પ્રકારે સ્વાધ્યાય કરવો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ ગ્રંથમાં ઘણું ભર્યું છે, આ ગ્રંથમાં ઘણું ભર્યું છે. મુમુક્ષુઓને, જ્ઞાનીઓને પણ લાભ થાય એવું ઘણું ભર્યું છે. સત્તરમાં વર્ષ પહેલાના વચનો છે. સત્તરમાં વર્ષ પહેલાના વચનો છે એના ઉપર 'ગુરુદેવે' ચાર પ્રવચનો, ચાર કલાક સુધી પ્રવચનો કર્યા છે. આપણા પહેલાં ભાગમાં છપાશે. 'ગુરુદેવ'ના સાત પ્રવચનો છે ને ? પોતાની ભાવનાના પ્રવચનોમાં 'ગુરુદેવે' આખા ગ્રંથમાંથી સત્તરમા વર્ષ પહેલાના એમના વચનો પસંદ કર્યા છે. અને એ પ્રવચનો કરતી વખતે 'ગુરુદેવ' એવું બોલ્યા છે કે બાર અંગનો સાર આમાં ભર્યો છે. કાંઈ બાકી રાખ્યું હવે ? તો એનો અર્થ એ થાય કે 'કૃપાળુદેવ'ના આત્મામાં સત્તરમા વર્ષ પહેલા જે વાત ઊગતી હતી એ બાર અંગના સારરૂપે તે દિ' ઊગતી હતી. ભલેને સમ્યગ્દર્શન પછી થયું હોય. સમ્યગ્દર્શનનું કારણ તો પહેલા પ્રગટ હતું કે નહિ ? કે સમ્યગ્દર્શન એમ ને એમ અદ્ધરથી આવ્યું ? 'ગુરુદેવશ્રી' જેવા 'ગુરુદેવે' જેને આટલું બહુમાન આપ્યું એનો કાંઈક વિચાર આપણે તો કરવો પડે કે નહિ કે આનું કેટલું બહુમાન કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- એ ક્યા બોલો હતા?

પૂજ્ય ભાઈશ્રી :- પંદરમે પાને. પંદરમે પાને છે ને ? તેરમે પાને છે. તેરમા પાને છે. પાંચમો આંક. આંક પાંચમો. બોધ વચન. સત્તરમાં વર્ષ પહેલા ૧૨૫-સવાસો બોધ વચન લખ્યા છે. એમાં ૧૦૮ થી માંડીને ૧૧૭ સુધીના જે વચનો છે એમાં એકલું ભેદજ્ઞાન અને વિધિનો વિષય લેવાણો છે. એકલો ભેદજ્ઞાન અને સમ્યક્ વિધિનો વિષય લીધો છે. તો કહે બાર અંગનો સાર એમાં છે. બાર અંગમાં એ જ કહેવા માગે છે. પોતે 'ગુરુદેવે' એવું કહ્યું છે.

મુમુક્ષુ :- ૧૦૩ નંબરમાં એમાં જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી : ૧૦૩ નંબરનો ? પરભાવથી વિરક્ત થા.

અહીંયાં અનંત શાંતિના પિંડ ઉપર જેની દૃષ્ટિ છે અને પછી જે વચનો નિકળ્યા છે અને ગ્રંથારૂઢ થયા છે એને એ દૃષ્ટિથી મૂલવે છે. શાસ્ત્ર વચન કેવા છે ? કે જે વચનો અનંત શાંતિના પિંડ ઉપર દૃષ્ટિ મૂકવાથી થયેલા છે. અથવા એ દૃષ્ટિના જોરમાં, સ્વરૂપના અનંત શાંતિના પિંડ ઉપર ભીંસ દઈને, પુરુષાર્થની ભીંસ દઈને જે વચનો નીકળ્યા એને આપણે શાસ્ત્ર કહીએ છીએ. અને એની પરિભાષા એવી રીતે કરી છે કે શાંતરસનું જેમાં મુખ્યપણું છે. કેમકે એ દૃષ્ટિએ નીકળેલા છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે અને શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે. આખો ઉપદેશ, બધો ઉપદેશ, ગમે તે ઉપદેશ કર્યો હોય તોપણ શાંતરસના હેતુથી છે. અને '**સર્વે રસ...**' બીજા પણ નવ રસ છે એ બધા શ્રૃંગાર રસ એ બધા શૌર્ય રસ, ભયાનક રસ એ બધા રસ.

'શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવા શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.' એ સત્શ્રુતનો પરિચય છે અને એવા શ્રુતનો પરિચય જેને આત્મશાંતિ પ્રાપ્ત કરવાની ભાવના છે એણે એ પરિચય કરવા યોગ્ય છે. જેને જેવી ભાવના હોય ત્યાં જાય. એ તો સીધી વાત છે. જેને જેવી ભાવના હોય ત્યાં તે જાય. એ તો સીધી વાત છે. એને એ જ ભાવે અને ત્યાં જ જાય. જ્યાં એ મળતું હોય અને ભાવતું હોય ત્યાં લેવા જાય ને. એ તો સીધી વાત છે. એટલે સત્શ્રુતનો પરિચય મુમુક્ષુએ.. મુમુક્ષુએ એટલે જેને આત્મશાંતિ જોઈતી હોય એની વાત છે. જગતના પદાર્થો અને એની અશાંતિ જોઈતી હોય એને સત્શ્રુતનો પરિચય પરિચયરૂપે રહેતો નથી. એ ૮૨૫ થયો. અહીં સુધી રાખીએ.

અનાદિથી માત્ર પર્યાયમાં 'સ્વપણું' અનુભવાઈ રહ્યું છે. તેથી પર્યાયદૃષ્ટિ પણ નિવિડ થઈ ગઈ છે. રૂઢ થઈ ગયેલી આવી સ્થિતિનો અભાવ થવો દુષ્કર છે. તોપણ અશક્ય નથી જ. સત્પુરુષના યોગે બીજજ્ઞાનની પ્રાપ્તિ થયે, અપરિણામી, અવિનાશી પરમ સ્વરૂપનું લક્ષ થતાં, પર્યાયબુદ્ધિ શિથિલ થઈ, દ્રવ્યદૃષ્ટિ પ્રગટવાનું કારણ બને છે. 'અનંત સુખધામ' નિજપદના નિર્ણયનું બળ, સ્વાનુભૂતિ પ્રગટ કરે છે, ત્યારે દૃષ્ટિ સમ્યક્ થાય છે. ધ્રુવપદમાં પોતાપણું સ્થપાય છે, અનુભવાય છે, પરિણામનું એકત્વ મટે છે અને સહજ પુરુષાર્થ, વિવેક, નિર્મળતા, પર્યાયની ગૌણતા, સાક્ષીભાવ, આદિ પ્રગટ થઈ, વૃદ્ધિગત થવા લાગે છે. તોપણ 'ત્રિકાળી છું' તે જ મુખ્ય રહે છે.

(અનુભવ સંજીવની-૧૩૭૦)

પત્રાંક-૮૨૬

મોરબી, માહ સુદ ૪, બુધ, ૧૯૫૪

ૐ

જો બની શકે તો બનારસીદાસના જે ગ્રંથો તમારી પાસે હોય (સમયસાર-ભાષા સિવાય), દિગંબર 'નયચક્ર', 'પંચાસ્તિકાય' (બીજી પ્રત હોય તો), 'પ્રવચનસાર' (શ્રી કુંદકુંદાચાર્ય કૃત હોય તો) અને 'પરમાત્મપ્રકાશ' અત્રે મોકલવાનું કરશો.

સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્તવ્ય છે. મળ, વિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે, કેમકે દીર્ઘ કાળ પરિચિત છે; પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમ થઈ શકે એમ છે. મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે.

તા. ૨૬-૮-૧૯૯૨, પત્રાંક - ૮૨૬ થી ૮૨૯
પ્રવચન નં. ૪૦૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૮૨૬. પાનું-૬૧૮. શ્રી 'સુખલાલ છગનલાલ', 'વિરમગામ' ઉપરનો પત્ર છે. **'જો બની શકે તો બનારસીદાસના જે ગ્રંથો તમારી પાસે હોય (સમયસારભાષા સિવાય), દિગંબર 'નયચક્ર', 'પંચાસ્તિકાય' (બીજી પ્રત હોય તો), 'પ્રવચનસાર' (શ્રી કુંદકુંદાચાર્ય કૃત હોય તો) અને 'પરમાત્મપ્રકાશ' અત્રે મોકલવાનું કરશો.'** આ મુમુક્ષુભાઈ પાસે અવારનવાર દિગંબર શાસ્ત્રો એમણે મંગાવ્યા છે. અગાઉ પણ એ વિષયમાં પત્રો ચાલ્યા છે.

મુમુક્ષુ :- મૂળ દિગંબર હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમની પાસે આ બધા ગ્રંથો હશે એવો એમને ખ્યાલ છે. એટલે એમની પાસેથી મંગાવે છે. અથવા એવો કોઈ Source હોય કે દિગંબર ગ્રંથો મેળવી શકતા હોય એ કારણથી પણ મગાવતા હોય.

'સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્તવ્ય છે.' જે ઉપરના ગ્રંથો મંગાવ્યા છે એની સાથે સાથે માર્ગદર્શન આપે છે કે સત્શ્રુતનો પરિચય મુમુક્ષુજીવે અવશ્ય કરીને

કર્તવ્ય છે. અથવા નિયમિત રીતે, નિત્યપ્રતિ સત્શ્રુતનું અધ્યયન મુમુક્ષુએ કરવા યોગ્ય છે. કેમકે સત્શ્રુત છે એ શાંતરસનું જેમાં મુખ્યપણું છે. આગળના પત્રમાં એમણે એ વાત કરી છે. એ જ દિવસે આ પત્ર લખ્યો છે. '**શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે,...**' એવા સત્શ્રુતનો પરિચય મુમુક્ષુજીવે કરવા યોગ્ય છે.

'**મળ, વિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે, કેમકે દીર્ઘ કાળ પરિચિત છે;...**' ઘણા કાળ સુધી પ્રમાદ પણ સેવ્યો છે, પરિણામમાં પણ મલિનતા છે અને અધ્યયન કરતા વચ્ચે વિક્ષેપ ઊભા થાય એવા પણ પરિણામ છે. પોતાના જ પરિણામનો વિક્ષેપ છે. એ પ્રકારના અંતરાય વારંવાર થાય છે અને એ પ્રકારના અંતરાયથી આ જીવને પરિચય પણ એટલે કે ટેવાયેલો પણ ઘણો છે. પરિચિત છે એટલે એ પ્રકારના પરિણામથી જીવ ટેવાયેલો છે.

'**પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં...**' અપરિચિત કરવું એટલે એનાથી છૂટવાની પ્રવૃત્તિ કરવામાં આવે. કેવી રીતે ? નિશ્ચય કરીને, નિર્ધાર કરીને. નિશ્ચય કરીને એટલે નિર્ધાર કરીને. અહીંયાં '**નિશ્ચય કરી...**' એનો અર્થ એ છે કે મારે મારું આત્મહિત કરવું છે અને એ આત્મહિત કરવામાં મારે પ્રમાદ કરવો નથી. પ્રમાદ એટલે શું ? ફાલતુ કામોમાં સમયને વૃથા બગાડવો એને પ્રમાદ કહે છે. પ્રમાદ એટલે સૂઈ જવું કે આળસથી બેસી રહેવું એમ નહિ પણ અનેક પ્રકારના શુભાશુભ ઉદયમાં, જેમાં કાંઈ માલ ન હોય, કાંઈ કિંમત ન હોય, કાંઈ મહત્ત્વ ન હોય છતાં પણ એમાં રોકાય રહેવું, સમયને બરબાદ કરવો એ પ્રમાદ છે.

કહે છે કે એ પ્રકારના પરિણામોને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે એટલે ત્યાંથી ખસવાની પ્રવૃત્તિ કરવામાં '**આવે તો તેમ થઈ શકે એમ છે.**' તો એ કાંઈ ન થઈ શકે, અશક્ય છે એવી કોઈ વાત નથી. જીવને પોતાનું હિત કરવાનો નિર્ધાર હોવો જોઈએ. મક્કમ નિર્ણય કે જે નિર્ણય કર્યો છે એ નિર્ણય કાર્યાન્વિત ન થાય તો એને ચેન પડે નહિ. '**તેમ થઈ શકે એમ છે. મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે.**' લ્યો ઠીક ! મળ, વિક્ષેપ અને પ્રમાદ એ અંતરાય છે. જીવ પ્રમાદ કરે છે, જીવના પરિણામમાં મલિનતા છે, અધ્યયન-વાંચન કરવા બેસે ત્યારે ઉપયોગ બીજે બીજે ચાલ્યો જાય એવા વિક્ષેપના પરિણામ પણ પોતે કરે છે. છતાં એ મુખ્ય અંતરાય નથી લીધો. એ અંતરાય-મુખ્ય અંતરાય કેવો લીધો છે ? કે જીવ પોતાનું આત્મહિત કરવાનો નિશ્ચય નથી કરતો, નિર્ધાર નથી કરતો આ મુખ્ય અંતરાય છે.

મુમુક્ષુ :- લક્ષ બાંધ્યું નથી એ મોટામાં મોટું અંતરાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ બાંધ્યું હોય તો તો ઘણી સારી વાત છે પણ લક્ષ ન બાંધ્યું હોય તો એને એક નિર્ધાર તો હોવો જોઈએ ને કે મારે આ કામ કરી છૂટવું છે. એવી મક્કમતા તો હોવી જ જોઈએ. નહિતર જે અનાદિથી પરિચિત પરિણામો છે એ પરિણામમાં ચાલ્યા જતાં તો વાર લાગશે નહિ. એટલું જ નહિ એ પરિણામોમાં એવી રીતે એકાકાર થશે કે પોતે આત્મહિત કરવું છે એ વાત જ જાણે વિસ્મૃત થઈ ગઈ હોય, ભૂલાઈ ગઈ હોય એવી રીતે ઉદયમાં પ્રવૃત્તિ થશે.

મુમુક્ષુ :- દઢ મોક્ષેચ્છા લેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દઢ મોક્ષેચ્છા લેવી અને દઢ મોક્ષેચ્છા ન થઈ હોય તોપણ આત્મહિતનો નિર્ધાર રહે એવો એક પ્રકાર હોવો જોઈએ. તો લક્ષ પણ બંધાય, તો પૂર્ણતાનું લક્ષ પણ બંધાય.

આ ત્રણ લીટીમાં એક વાત બહુ સરસ કરી છે કે, જીવને આત્મહિત કરવામાં કોઈ મુખ્ય અંતરાય હોય તો પોતાનો અનિશ્ચય છે, અનિર્ધાર છે. એ વાત ઉપર પોતાનું ધ્યાન હોવું જોઈએ. એ વાત પણ ખ્યાલમાં ન હોય તો રૂઢિગતપણે પ્રવૃત્તિ કરશે તો પણ એનો અર્થ નથી અને બીજા બીજા ઉદયોમાં રોકાઈ જશે તો તો એ સીધે સીધો સમયનો દુર્વ્યય છે. બીજું કાંઈ નથી. એ એક Post card માં શાસ્ત્રો મગાવ્યા છે એની સાથે સાથે સત્શ્રુતનો પરિચય કેવા પ્રકારના પરિણામપૂર્વક કરવો, કેવા પ્રકારના પરિણામે કરીને કરવો એ વાત એમણે સાથે સાથે માર્ગદર્શનમાં લીધી છે.

મુમુક્ષુ :- બે-ત્રણ લીટીમાં પણ કેટલું માર્ગદર્શન આપી દીધું !

પૂજ્ય ભાઈશ્રી :- હા. જુઓ ! ખાલી ત્રણ લીટી છે. પણ એક બહુ મહત્ત્વની વાત કરી નાખી છે. કાલે રાત્રે ચર્ચામાં થોડી વાત ચાલી. નિર્ધાર હોવો જોઈએ ખરી વાત તો એ છે. ૮૨૬ થયો.

મુમુક્ષુ :- ધ્યેય બાંધવું અને નિર્ધારમાં શું ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ધાર તો ઓછામાં ઓછો હોવો જોઈએ. તો ધ્યેય બાંધવાનો કોઈ પ્રકાર ઉત્પન્ન થાય. અને નહિતર પછી કોઈ પરિણામના ઠેકાણા નહિ રહે એમ કહે છે. કેમકે જે મળ, વિક્ષેપ અને પ્રમાદ છે એનો આ જીવને પરિચય એટલો બધો છે એટલે એવું સહજ થઈ ગયું છે કે થોડું ઘણું જે કાંઈ કરતો હોય એ પછી એને રૂઢિગત થઈ જાય. એ પ્રકારે સત્શ્રુતનો પરિચય કરવા યોગ્ય નથી.

૮૨૭. 'ખીમજીભાઈ દેવજીભાઈ' ઉપરનો પત્ર છે. અગાઉ એમના પત્રો આવ્યા છે. આ પત્ર ઘણા વખતે આવ્યો છે. અહીંથી પછી બુધવારે, આ પત્રો લખ્યા પછી ગુરૂવારે 'વવાણિયા' આવેલા છે.

મુમુક્ષુ :- વિક્ષેપ એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- વિક્ષેપ એટલે આપણે જેને એમ કહીએ ને કે વચ્ચે વચ્ચે Disturb થવું એને વિક્ષેપ કહે છે. Disturbance થવો. એટલે વાંચવા બેસે ને વિચાર બીજે ચાલ્યા જાય. એને વિક્ષેપના પરિણામ કહે છે. અને મલિનતાને લઈને-ભાવમલિનતાને લઈને એટલે નિર્મળતાના અભાવને લઈને, જે નિર્મળતાપૂર્વક અધ્યયન થવું જોઈએ એ અધ્યયન નથી થતું. શાસ્ત્ર વાંચી જાય. પણ વાંચવા-વાંચવામાં ફેર છે. વાંચવા-વાંચવામાં ફેર છે. આપણે ૮૦૭ નંબરનો પત્ર હમણાં વાંચ્યો. વાંચ્યો ને ? હવે એ પત્ર લગભગ જેટલા આપણા મુમુક્ષુઓ વાંચે એ બધાને 'કૃપાળુદેવ'ની પ્રાયઃ અભક્તિ થઈ જાય એવી વાત લખી છે એમણે.

આપણે બે વાત ઉપર ધ્યાન ખેચ્યું કે અધિકારી યોગે ઉપકારનો હેતુ છે એમાં અધિકારી યોગે એના અર્થની ખબર નથી હોતી અને જાણે શબ્દ છે કે નથી એનો ખ્યાલ પણ રહેતો નથી. અને પોતાનું જે મતાગ્રહીપણું છે એમાં દિગંબરપણું અને શ્વેતાંબરપણું બે ઉપકારનો હેતુ લખી નાખ્યો છે. બે ઉપકારનો હેતુ લખી નાખ્યો છે. આ ભૂલ કરી લાગે છે... આ ભૂલ કરી લાગે છે... આવ્યા વગર રહે નહિ. પણ અધિકારી યોગેનો અર્થ શું ? કપડાસહિત ત્યાગીપણું અને કપડારહિત ત્યાગીપણું. બેય ત્યાગીપણું છે. એમને અધિકારીયોગે ત્યાગીપણું ઉપકારી છે એમ લેવું છે.

કોઈ ગૃહસ્થદશામાં ત્યાગ કરે તોપણ ઉપકારી છે, વધુ ત્યાગ કરે તોપણ ઉપકારી છે, એથી વધુ ત્યાગ કરે તોપણ ઉપકારી છે. એનો નિષેધ કેમ કરે ? એમ કહે છે. લગભગ એ પત્ર એવો છે. કાં તો પત્ર લખનારને લખતા આવડ્યો નથી અને કાં તો વાંચનારને વાંચતા આવડ્યો નથી. હવે લખનારને લખતા આવડ્યો નથી એ કહેવું જોખમ છે. એ વાત કહેવી એ મુમુક્ષુને માટે તો એના માથે મોટું જોખમ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક વર્તતા વાંધો નથી. જ્ઞાનીની મર્યાદા શું? કે તું સાધુ ન હોય તો તું તને સાધુપણે માની મનાવીશ નહિ. મિથ્યાદષ્ટિ હોય તો મિથ્યાદષ્ટિ કહેજે, સમ્યગ્દર્શન થયું હોય તો સમ્યગ્દર્શન કહેજે. દિગંબર પણ મિથ્યાદષ્ટિ સાધુ થાય છે. દ્રવ્યલિંગી થાય કે ન થાય ?

મુમુક્ષુ :- એને આ લાગુ પડે ને ? અધિકારી યોગ શબ્દ લાગુ પડે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને લાગુ પડે. પછી ચોથું ગુણસ્થાન આવે અને દિગંબર એમ ને એમ સાધુ તરીકે જ હોય. પાંચમું ગુણસ્થાન પણ એમાં આવે અને છઠ્ઠું-સાતમું પણ આવે. દ્રવ્યલિંગી તો ત્રણ ભેદે છે. મિથ્યાદષ્ટિ, અવિરત સમ્યગ્દષ્ટિ અને દેશવિરત

સમ્યગ્દૃષ્ટિ. ત્યાં સુધી દ્રવ્યલિંગી છે. એ દ્રવ્યલિંગી ક્યારે ? કે બહારની અંદર જ્ઞાનીએ કહ્યું છે એવી મર્યાદાપૂર્વક વર્તે ત્યારે. નહિતર દ્રવ્યલિંગી નહિ.

કોઈ સાધુપણું લે છે. કાંઈ વાંધો નહિ, ભાઈ ! પણ જે વ્યવહાર જિનોક્ત વ્યવહાર છે એ તો પાળીશ કે નહિ ? કે એ પાળવો નથી ને તારે સાધુપણું મનાવવું છે ? એમ કહેવું છે. જો એ વાંચતા ન આવડે તો પડીશ તો મરીશ. તો મરવાનું કીધું અમને. અમને મરવાનું કહે છે. આવી રીતે બોલાતું હશે ? આવું તો બોલાતું હશે ? એમ કહે. પણ, ભાઈ ! બચાવવા માટે કહે છે. એવી બધી વાત છે આ બધી.

એટલે વાંચવા વાંચવામાં ઘણું અંતર છે. એટલે વિચારની નિર્મળતાએ કરીને અથવા પોતાની ભૂમિકા અનુસારની જ્ઞાનની નિર્મળતાએ કરીને અધ્યયન થાય તો જ જીવને એ હિતકારી થાય. નહિતર એનું વિપરિણામ પણ આવવાનો સંભવ છે.

પત્રાંક-૮૨૭

વવાણિયા, માહ વદ ૪, ગુરુ, ૧૯૫૪

આ જીવને ઉતાપના મૂળ હેતુ શું છે તથા તેની કેમ નિવૃત્તિ થતી નથી, અને તે કેમ થાય ? એ પ્રશ્ન વિશેષ કરી વિચારવા યોગ્ય છે, અંતરમાં ઉતારીને વિચારવા યોગ્ય છે. જ્યાં સુધી એ ક્ષેત્રે સ્થિતિ રહે ત્યાં સુધી ચિત્તને વધારે દૃઢ રાખી વર્તવું. એ જ વિનંતિ.

૮૨૭ મો પત્ર 'ખીમજીભાઈ દેવજીભાઈ' ઉપરનો છે. '**આ જીવને ઉતાપના મૂળ હેતુ શું છે...**' ઉતાપ એટલે આકુળતા... આકુળતા.. આકુળતા રહ્યા કરતી હોય તો એનું મૂળ કારણ શું છે ? '**તથા તેની કેમ નિવૃત્તિ થતી નથી,...**' કેમ એ ઉતાપ મટતો નથી ? '**અને તે કેમ થાય ?**' એની નિવૃત્તિ કેમ થાય ? '**એ પ્રશ્ન વિશેષ કરી વિચારવા યોગ્ય છે,...**' કેવી રીતે વિચારવા યોગ્ય છે ? કે '**અંતરમાં ઉતારીને વિચારવા યોગ્ય છે.**' આ ઉતાપનો પ્રશ્ન આવ્યો. આકુળતા રહ્યા કરે, જીવને ક્યાંય ચેન પડે નહિ, ચિંતા રહ્યા કરે, આકુળતા રહ્યા કરે, ઉતાપ રહ્યા જ કરે. કારણ વગર. એને પોતાને ન સમજાય કે આમ કેમ થાય છે. કેમકે એ રીતે ટેવાઈ ગયો છે. પરિણામ કરવા એ રીતે પ્રકૃતિગત રીતે ટેવાઈ ગયો છે. તો એનો મૂળ હેતુ શું છે ? એમાં અભિપ્રાય શું કામ કરે છે ? કેવા અભિપ્રાયથી જીવ પરિણમે છે ? એ એનો મૂળ હેતુ ન વિચારે તો એને એ મૂંઝવણ મટવાનો અવસર કદી આવે નહિ. અથવા ઉતાપ મટવાનો અવસર કદી આવે નહિ.

મુમુક્ષુ :- 'ખીમજીભાઈ' 'મુંબઈ'ના છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'વવાણિયા'થી 'મુંબઈ' પત્ર લખ્યો છે. 'મુંબઈ'માં રહેતા હતા.

સામાન્ય રીતે સંસારી જીવને શાંતિ ક્યાં છે એ કહો ને. અશાંતિ કહો કે ઉતાપ કહો. શાંતિ છે ક્યાંય ? દેખાય છે ક્યાંય શાંતિ ? લગભગ બહારમાં ગમે તે પ્રકારના મધ્યમ, જઘન્ય, ઉત્કૃષ્ટ કોઈપણ પ્રકારના સંયોગ-વિયોગના પ્રકાર થાય, જીવને અશાંતિ... અશાંતિ... અશાંતિ... અશાંતિ... રહ્યા જ કરે છે. ઉતાપ મટતો નથી.

'**આ જીવને ઉતાપનો મૂળ હેતુ શું છે તથા તેની કેમ નિવૃત્તિ થતી નથી,...**' એટલે એ કેમ થાય ? '**એ પ્રશ્ન વિશેષ કરી વિચારવા યોગ્ય છે,...**' એને ગૌણ ન કરવો. વિશેષ કરીને એટલે મુખ્ય કરીને વિચારવા યોગ્ય છે. '**અંતરમાં ઉતારીને વિચારવા યોગ્ય છે.**' ખાલી પૂછીને એનો જવાબ લેવો છે એમ નથી, શાસ્ત્રમાંથી એનો જવાબ ખોળવો છે એમ નથી પણ અંદરમાં તપાસ કરીને, અવલોકન કરીને પોતાનો જવાબ પોતે ખોળી કાઢવો જોઈએ કે જીવને શું કારણ છે ? તારે શું જોઈએ છે આખરમાં ? તારું ધ્યેય શું છે ? કયો અભિપ્રાય બાંધીને તું જીવન જીવે છો ? આનો અંદરમાં-અંતરમાં ઊતરીને, મુખ્ય કરીને એ વાતનો નિર્ણય કરવો જોઈએ. '**વિચારવા યોગ્ય છે.**' વિચારવું જોઈએ.

'**જ્યાં સુધી એ ક્ષેત્રે સ્થિતિ રહે...**' એટલે 'મુંબઈ'માં. એ તો અમસ્તું પણ અજંપા નગરી છે. 'મુંબઈ' છે અજંપા નગરી છે. લગભગ ત્યાં રહેનારા માણસોનો વગર વાતચીત કર્યે દેખાય આવે એવો હોય છે. ક્યાંય ઝંપ ન મળે. ગાડી પકડવા દોડે, બસ પકડવા દોડે. દોડાદોડ જાણે. ઘોડાને કોઈ દિવસ બેઠેલો જોયો છે ? આ એમાંથી ઈ થાય. ઘોડાને કોઈ દિવસ બેઠેલો જોયો છે ? ઘોડો ઊભો જ હોય. કાં ચાલતો હોય અને બહુ બહુ તો ઊભો રહે. બાકી ચાલતો હોય. ઘોડાને કોઈ દિ' બેઠેલો જોયો છે ? કે પગવાળીને બેસી ગયો હોય. પગ તો વાળી શકે છે. પણ એણે અજંપો એટલો સેવ્યો છે. 'ગુરુદેવ' તો કહેતા. 'મુંબઈ'માં જાય ત્યારે ખાસ કહેતા કે અહીંયાં બધા માણસો ઘોડાની જેમ દોડતા જોવામાં આવે છે. એટલે મનુષ્યપર્યાયમાં એ ઘોડો દેખાય જાય છે. બહુ પાપ નહિ કરે અને સાધારણ પાપ કરીને તિર્યંચમાં જાશે તો ઘોડો થઈ જાય. ભાર વેંઢાર્યા જ કરે, ખેંચ્યા જ કરે.

'**જ્યાં સુધી એ ક્ષેત્રે સ્થિતિ રહે ત્યાં સુધી ચિત્તને વધારે દૃઢ રાખી વર્તવું.**' રહેવું જ પડે એવું હોય તો. બને તો વિશેષ પ્રવૃત્તિવાળા ક્ષેત્રે મુમુક્ષુએ નિવાસ કરવો નહિ.

પણ કોઈ પ્રારબ્ધયોગે પ્રવૃત્તિ કરવી જ પડે એવું હોય તો ચિત્તને વધારે દઢ રાખીને વર્તવું. એ વખતે આત્મકલ્યાણની વધારે દઢતા પરિણામમાં રાખવી કે આ ક્ષેત્રની અંદર અકલ્યાણનું કારણ ઘણું છે, અસત્સંગ ને કુસંગના પ્રકારો ઘણાં છે, એનાથી બચવા માટે મારે ઘણી દઢતા હોવી જરૂરી છે અને નહિતર અહીંયાં તો પરિણામની અંદર પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવૃત્તિ.. દોડા-દોડ અને એકલી પ્રવૃત્તિ. ત્યાં કોઈને પ્રવૃત્તિમાં કલાક-બે કલાકની નિવૃત્તિ રહેતી હોય તો કઈ પ્રવૃત્તિ કરવી એ ગોતે. એને ત્યાં એ જ વિચાર આવે. કે આ બે કલાકમાં Tution કરી લેવું ? આ બે કલાકમાં ક્યાંક Part time કામ ગોતી લેવું. કાંઈને કાંઈ પ્રવૃત્તિ વધારવી અને એ પ્રવૃત્તિમય જીવન રાખવું. એવા વાતાવરણની અંદર એમ જ બધા વિચારો ચાલે છે. એ કોઈ આગળ-પાછળના પત્રના અનુસંધાનમાં ઉત્તર આપ્યો હોય એવું લાગે છે.

મુમુક્ષુ :- ઈચ્છાનો નિરોધ કરવાથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે જ. ઈચ્છા તો મૂળ આકુળતા છે. નિરોધ કરવો એટલે સહજપણે અટકવું. અને એ તો સમ્યક્ પ્રકારે જ બને છે. બાકી તો ઈચ્છાનો ભડકો શાંત થાય એવું નથી. કાં તો જીવને અંદરથી શાંતિ પ્રગટે તો નિરોધ થાય, નહિતર શાંતિ પ્રગટ્યા વગર સમ્યક્ પ્રકારે શાંતિ પ્રગટ કર્યા વિના ઈચ્છાનો નિરોધ થવો સંભવ નથી.

૮૨૭ થયો.

પત્રાંક-૮૨૮

મુંબઈ, સં. ૧૯૫૪

શ્રી ભાણજીસ્વામી પ્રત્યે કાગળ લખાવતાં જણાવશો કે : 'વિહાર કરી અમદાવાદ સ્થિતિ કરવામાં મનને, ભય, ઉદ્વેગ કે ક્ષોભ નથી, પણ હિતબુદ્ધિથી વિચારતાં અમારી દૃષ્ટિમાં એમ આવે છે કે હાલ તે ક્ષેત્રે સ્થિતિ કરવી ઘટારત નથી. જો આપ જણાવશો તો તેમાં આત્મહિતને શું બાધ થાય છે તે વિદિત કરીશું, અને તે અર્થે આપ જણાવશો તે ક્ષેત્રે સમાગમમાં આવીશું. અમદાવાદનો કાગળ વાંચીને આપ વગેરેએ કંઈ પણ ઉદ્વેગ કે ક્ષોભ કર્તવ્ય નથી, સમભાવ કર્તવ્ય છે. જણાવવામાં કંઈ પણ અનમ્રભાવ થયો હોય તો ક્ષમા કરશો.'

જો તરતમાં તેમનો સમાગમ થાય તેમ હોય તો એમ જણાવશો કે 'આપે

વિહાર કરવા વિષે જણાવ્યું તે વિષે આપનો સમાગમ થયે જેમ જણાવશો તેમ કરીશું.' અને સમાગમ થયે જણાવશો કે 'આગળના કરતાં સંયમમાં મોળપ કરી હોય એમ આપને જણાતું હોય તો તે જણાવો, જેથી તે નિવૃત્ત કરવાનું બની આવે; અને જો આપને તેમ ન જણાતું હોય તો પછી કોઈ જીવો વિષમભાવને આધીન થઈ તેમ કહે તો તે વાત પ્રત્યે ન જતાં આત્મભાવ પર જઈને વર્તવું યોગ્ય છે.'

એમ જાણીને હાલ અમદાવાદ ક્ષેત્રે જવાની વૃત્તિ યોગ્ય લાગતી નથી; કેમકે રાગદૃષ્ટિવાન જીવના કાગળની પ્રેરણાથી, અને માનના રક્ષણને અર્થે તે ક્ષેત્રે જવા જેવું થાય છે, જે વાત આત્માને અહિતનો હેતુ છે. કદાપિ આપ એમ ધારતા હો કે જે લોકો અસંભાવ્ય વાત કહે છે તે લોકોના મનમાં પોતાની ભૂલ દેખાશે અને ધર્મની હાનિ થતી અટકશે, તો તે એક હેતુ ઠીક છે; પણ તેવું રક્ષણ કરવા માટે ઉપર કહ્યા તે બે દોષ ન આવતા હોય તો કોઈ અપેક્ષાએ લોકોની ભૂલ મટવાને અર્થે વિહાર કર્તવ્ય છે. પણ એકવાર તો અવિષમભાવે તે વાત સહન કરી અનુક્રમે સ્વાભાવિક વિહાર થતાં થતાં તેવે ક્ષેત્રે જવું થાય અને કોઈ લોકોને વહેમ હોય તે નિવૃત્ત થાય એમ કર્તવ્ય છે; પણ રાગદૃષ્ટિવાનનાં વચનોની પ્રેરણાથી, તથા માનના રક્ષણને અર્થે અથવા અવિષમતા નહીં રહેવાથી લોકની ભૂલ મટાડવાનું નિમિત્ત ગણવું તે આત્મહિતકારી નથી, માટે હાલ આ વાત ઉપશાંત કરી અમદાવાદ આપ દર્શાવો કે ક્વચિત્ લલ્લુજી વગેરે મુનિઓ માટે કોઈએ કંઈ કહ્યું હોય તો તેથી તે મુનિઓ દોષપાત્ર થતા નથી; તેમના સમાગમમાં આવવાથી જે લોકોને તેવો સંદેહ હશે તે સહેજે નિવૃત્ત થઈ જશે, અથવા કોઈ એક સમજવાફેરથી સંદેહ થાય કે બીજા કોઈ સ્વપક્ષના માનને અર્થે સંદેહ પ્રેરે તો તે વિષમ માર્ગ છે, તેથી વિચારવાન મુનિઓએ ત્યાં સમદર્શી થવું યોગ્ય છે, તમારે ચિત્તમાં ક્ષોભ નહીં પામવો યોગ્ય છે, એમ જણાવો. આપ આમ કરશો તો અમારા આત્માનું, તમારા આત્માનું અને ધર્મનું રક્ષણ થશે. એ પ્રકારે તેમની વૃત્તિમાં બેસે તેવા યોગમાં વાતચીત કરી સમાધાન કરશો, અને હાલ અમદાવાદ ક્ષેત્રે સ્થિતિ કરવાનું ન બને તેમ કરશો તો આગળ પર વિશેષ ઉપકારનો હેતુ છે.

તેમ કરતાં પણ જો કોઈ પણ પ્રકારે ભાણજીસ્વામી ન માને તો અમદાવાદ ક્ષેત્ર પ્રત્યે પણ વિહાર કરજો, અને સંયમના ઉપયોગમાં સાવચેત રહી વર્તશો. તમે અવિષમ રહેશો.

૮૨૮મો પત્ર 'લલ્લુજી' મુનિ ઉપરનો છે. એ 'મુંબઈ' આવી ગયા છે. મહા વદ ચોથે, ગુરૂવારથી પત્ર લખ્યા પછી આ પત્ર 'મુંબઈ'થી લખાયેલો છે. માગશર મહિનામાં, પોષ મહિનામાં 'મુંબઈ' હતા. પોષ સુદ ત્રીજનો છેલ્લો પત્ર 'મુંબઈ'થી છે. પાછા દોઢેક મહિનો દેશમાં રહ્યા હશે. પાછા 'મુંબઈ' આવી ગયા છે.

મુમુક્ષુ :- પાછળ 'મોરબી'ના પત્ર આવશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'આણંદ', 'આણંદ'થી 'મોરબી' આવ્યા છે, 'વવાણિયા' આવ્યા છે. 'વવાણિયા' થઈને પાછા 'મુંબઈ' આવ્યા છે.

મુમુક્ષુ :- ફરી પાછા 'મોરબી' ને 'વવાણિયા'ના પત્ર આવ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અને પછી ચૈત્ર મહિનો છે સીધો. એ 'મોરબી' આવ્યા છે. ચૈત્ર મહિનામાં 'મોરબી' આવ્યા છે.

મુમુક્ષુ :- આ મહા વદ અમાસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ મહા વદ અમાસ છે. ફાગણ અને ચૈત્ર એટલે મહિના .. 'મુંબઈ' ગયા છે. પાછા 'મોરબી-વવાણિયા' આવ્યા છે. પાછા જેઠ મહિને 'મુંબઈ' ગયા છે. પાછા 'કાવિઠા' ને એ બધે આવ્યા છે. શ્રાવણ મહિને પાછા નિવૃત્તિમાં છે. 'કાવિઠા' આવ્યા છે. અને 'ઉત્તરસંડા' ને ઈ બાજુ આવ્યા છે. 'કાવિઠા', 'ઉત્તરસંડા'. આ વખતે (એક મુમુક્ષુ) કહેતા હતા કે 'ઉત્તરસંડા'માં બહુ શાંત ક્ષેત્ર છે. આશ્રમ બનાવ્યો છે. એ લોકો ગયા હશે. 'ઉત્તરસંડા' સ્વાધ્યાય માટે પાંચ-પંદર દિ' ફાળવો. અમે બધા 'અમદાવાદ'થી આવશું. તમારે 'ભાવનગર'થી આવવું.

મુમુક્ષુ :- 'ઉત્તરસંડા' ક્યાં આવ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- 'ઉત્તરસંડા' 'નડિયાદ'થી ચાર-પાંચ માઈલ દૂર છે. સાત-આઠ કિલોમીટર. 'નડિયાદ'થી બહુ નજીક છે. પણ આમ નિવૃત્તિ ક્ષેત્ર છે. વન ક્ષેત્ર. ત્યાં લગભગ રાત્રે વનમાં નીકળી જતા હતા.

મુમુક્ષુ :- એણે પોતે ૮૪૬માં લખ્યું છે કે વનક્ષેત્ર 'ઉત્તરસંડા'.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વનક્ષેત્ર 'ઉત્તરસંડા.' અત્યારે તો ત્યાં નિયમિત રીતે માણસોનું આવાગમન ઓછું છે અને વ્યવસ્થા તો કોઈ જાય તો રસોડાની વ્યવસ્થા કરે. બધું સાધન છે. નિયમિત રીતે ત્યાં માણસો આવતા નથી અને ત્યાં રસોડું ચાલતું પણ

નથી. એ કહે અમે બધી વ્યવસ્થા કરશું. આવો તમે. બહુ આગ્રહ કરતા હતા. જઈ આવ્યા હશે એક-બે વખત. એમને બહુ પસંદ પડ્યું. બહુ સારું છે. નિવૃત્તિ માટે બહુ શાંત ક્ષેત્ર છે. 'ઈડર'તો આપણે જતા હતા. 'ઉત્તરસંડા'ની વાત આવી છે. 'નડિયાદ' આવ્યા પહેલા Train માંથી દેખાય છે. 'ઉત્તરસંડા'નું Station આવે છે. બસમાં પણ આવે છે. બસ રસ્તે પણ આવે છે, Train રસ્તે પણ આવે છે. 'નડિયાદ'થી 'આણંદ'ની વચ્ચે શરૂઆતમાં જ આવે છે.

'શ્રી ભાણજીસ્વામી પ્રત્યે કાગળ લખાવતાં જણાવશો કે : 'વિહાર કરી અમદાવાદ સ્થિતિ કરવામાં મનને ભય, ઉદ્વેગ કે ક્ષોભ નથી,...'' એ એમની સાથે જે સાધુ હોય છે. **''વિહાર કરીને અમદાવાદ સ્થિતિ કરવામાં મનને ભય, ઉદ્વેગ કે ક્ષોભ નથી, પણ હિતબુદ્ધિથી વિચારતાં અમારી દૃષ્ટિમાં એમ આવે છે કે હાલ તે ક્ષેત્રે સ્થિતિ કરવી ઘટારત નથી.''** ઘટારત નથી. જુઓ ! શબ્દપ્રયોગ કેવો કર્યો છે. ઘટતું નથી એમ નહિ, ઘટારત નથી. 'અમાદવાદ'માં કોઈ વિરોધ પણ કદાચ હશે. એટલે કહે જાવ તો બહુ વાંધો નથી. મનમાં ભય ન રાખવો, ઉદ્વેગ ન રાખવો, કોઈ હિચકિચાટ ન રાખવી. પણ પરિણામમાં તો કોઈ સ્થિરતા ન રહી શકે એવું હોય તો હમણાં ન જાવું.

'જો આપ જણાવશો તો તેમાં આત્મહિતને શું બાધ થાય છે તે વિદિત કરીશું અને તે અર્થે આપ જણાવશો તો તે ક્ષેત્રે સમાગમમાં આવીશું.' એટલે કેમ ન જવું ? આત્મહિતને શું વાંધો આવે ? એવી કોઈ જાણવાની ઈચ્છા હોય તો એ પણ તમને અમે ખુલાસો લખીશું એમ કહે છે. **'અમદાવાદનો કાગળ વાંચીને આપ વગેરેએ કંઈ પણ ઉદ્વેગ કે ક્ષોભ કર્તવ્ય નથી,...'** ત્યાંથી કોઈ એવો વિવાદાસ્પદ પત્ર આવ્યો હશે. તો એવા પત્રથી કાંઈ ઉદ્વેગ કરવો નહિ. **'સમભાવ કર્તવ્ય છે.'** પરિણામને સમભાવમાં રાખવા. રાગ અને દ્વેષ તીવ્ર ન થાય. અહીં તો એ પ્રકાર છે. બીજો સમ્યક્ પ્રકારનો તો પ્રશ્ન નથી. શાંત રાખવા. સમભાવ એટલે શાંત રાખવા. ખેંચાવું નહિ. **'જણાવવામાં કંઈ પણ અનમ્રભાવ થયો હોય તો ક્ષમા કરશો.'** ચોખ્ખી વાત લખી છે. એટલે એમ લાગ્યું હોય કે આ નમ્રતા નથી રહી. સ્પષ્ટ લખ્યું છે. પોતે તો બહુ જ વિનમ્રતાવાળા પરિણામ છે એટલે ક્ષમા પણ એમણે લખી છે.

'જો તરતમાં તેમનો સમાગમ થાય તેમ હોય તો એમ જણાવશો કે 'આપે વિહાર કરવા વિષે જણાવ્યું તે વિષે આપનો સમાગમ થયે જેમ જણાવશો તેમ કરીશું.'' એટલે રૂબરૂ મળીને કેટલીક ચર્ચા કરવાનો વિચાર રાખ્યો છે. **'અને સમાગમ થયે જણાવશો કે 'આગળના કરતાં સંયમમાં મોળપ કરી હોય એમ આપને જણાતું**

હોય તો તે જણાવો,..'' આગળના કરતા સંયમમાં મોળપ કરી હોય એમ આપને જણાતું હોય તો તે જણાવો. **'જેથી તે નિવૃત્ત કરવાનું બની આવે; અને જો આપને તેમ ન જણાતું હોય તો પછી કોઈ જીવો વિષમભાવને આધીન થઈ તેમ કહો તો તે વાત પ્રત્યે ન જતાં આત્મભાવ પર જઈને વર્તવું યોગ્ય છે.'** એટલે કોઈ પ્રસંગ એ પ્રકારનો છે કે 'લઘુજી' અને એ મુનિઓ ઉપર કોઈ સંયમમાં શિથિલતા વધી ગઈ છે. એમ કે 'શ્રીમદ્‌જી' સાથેના પરિચય પછી બાહ્યાચારની અંદર સાધુપણામાં શિથિલતા વધારે કરે છે. એમ આરોપ કરતા હશે. અને એમાં આ 'ભાણજીસ્વામી' વચ્ચે સંપર્ક હશે, વ્યવહાર હશે. એટલે કહે છે, સીધું પૂછજો કે આગળ કરતા સંયમમાં અમારી મોળપ થઈ હોય અને એવું આપને લાગતું હોય તો જણાવો. કે જેથી અમે એ મોળપ અમારી નિવૃત્ત કરી નાખીએ. અને **'તેમ ન જણાતું હોય તો પછી કોઈ જીવો વિષમભાવને આધીન થઈ તેમ કહે...'** એટલે ખોટો આરોપ કરતા હોય. **'તો તે વાત પ્રત્યે ન જતાં...'** તમે એ બાબતમાં સંમત ન થતાં અથવા એ બાજું તમે ખેંચાણ ન કરતા **'આત્મભાવ પર જઈને વર્તવું યોગ્ય છે.'**

'એમ જાણીને હાલ અમદાવાદ ક્ષેત્રે જવાની વૃત્તિ યોગ્ય લાગતી નથી, કેમકે રાગદૃષ્ટિવાન જીવના કાગળની પ્રેરણાથી, અને માનના રક્ષણને અર્થે તે ક્ષેત્રે જવા જેવું થાય છે, જે વાત આત્માને અહિતનો હેતુ છે.' લ્યો ! આ ખુલાસો લખી નાખ્યો. જો આપ જણાવશો તો 'અમદાવાદ' જવામાં આત્મહિતને શું બાધ થાય છે તે વિદિત કરશું. એ વાત એમણે લખી નાખી. કોઈએ એમના વિશેષ રાગવાળા પરિચિત વ્યક્તિઓએ પ્રેરણા કરી છે કે આપ 'અમદાવાદ' આવો. તો કહે ઠે. એ પ્રેરણાથી અથવા ત્યાં વધારે માન-પાન મળતું હોય એ અર્થે એ ક્ષેત્રે જવું થાય તો આત્માને અહિતનો હેતુ છે. એટલે પોતાનો રાગ પોષાય, માન પોષાય, અનુકૂળતા પોષાય. રાગવાળા જીવો હોય તો વધારે અનુકૂળ વર્તે. તો અનુકૂળતા પોષાય. અને સામાન્ય રીતે શું કરે ? જ્યાં જેના રાગી હોય ત્યાં એ જવાનું વધારે ચાહે.

'તે લોકોના મનમાં પોતાની ભૂલ દેખાશે અને ધર્મની હાનિ થતી અટકશે, તો તે એક હેતુ ઠીક છે; પણ તેવું રક્ષણ કરવા માટે ઉપર કહ્યા તે બે દોષ ન આવતા હોય તો કોઈ અપેક્ષાએ લોકોની ભૂલ મટવાને અર્થે વિહાર કર્તવ્ય છે.' એટલે આક્ષેપ પણ 'અમદાવાદ'થી થયો હશે. એટલે અમે ત્યાં રૂબરૂ જઈએ અને અમારી ચર્યા જોવે તો એમણે આરોપ ખોટો કર્યો છે એમ એમને લાગે. અને એમની ભૂલ મટી જાય તો એ માટે જવામાં વાંધો નથી. પણ સાથે સાથે પોતાનું માન અને અનુકૂળતાનું પોષણ

થવાની પણ વાત જો અંદરમાં પરિણામમાં-અભિપ્રાયમાં ગર્ભિતપણે રહી હોય તો ન જાવું. એમ કહે છે.

માટે '**પણ એક વાર તો અવિષમભાવે તે વાત સહન કરી...**' એકવાર તો અવિષમભાવે તે વાત સહન કરી '**અનુક્રમે સ્વાભાવિક વિહાર થતાં થતાં તેવે ક્ષેત્રે જવું થાય અને કોઈ લોકોને વહેમ હોય તે નિવૃત્ત થાય એમ કર્તવ્ય છે;...**' સીધું જવું એના બદલે વિહાર કરતા કરતા વચમાં સહેજે ત્યાં જવાનું થાય અને લોકો તમારું આચરણ જોવે એ વધારે સારું છે. તમે તમારું આચરણ દેખાડવા જાવ એ વધારે સારું નથી. એમાં તો તમે દેખાડવા જાવ છો એટલે ત્યાં તો કૃત્રિમતા થયા વિના રહેશે નહિ. જુઓ ! કેવું માર્ગદર્શન આપ્યું છે ! આ તો એક દૃષ્ટાંત છે. બાકી કોઈપણ પોતાના આચરણમાં મુમુક્ષુએ પણ એ વાત વિચારવી રહે છે.

'**પણ રાગદૃષ્ટિવાનનાં વચનોની પ્રેરણાથી, તથા માનના રક્ષણને અર્થે અથવા અવિષમતા નહીં રહેવાથી લોકની ભૂલ મટાડવાનું નિમિત્ત ગણવું...**' પોતાને અંદરમાં ઉદ્વેગ થાય છે, કે આ લોકો ખોટો આરોપ કરે છે, આ આપણા ઉપર ખોટી આળ મૂકે છે. એને જઈને ત્યાં બરાબર દેખાડવું જોઈએ કે જુઓ, અમે કેવી રીતે રહીએ છીએ. એમ નહિ. અવિષમતા નહિ રહેતી હોવાથી લોકોની ભૂલ મટાડવાનું નિમિત્ત ગણવું ત્યાં જવા માટે '**તે આત્મહિતકારી નથી,...**' એ આત્માના હિતની વાત નથી. એટલે કોઈને દેખાડવા માટે કાંઈ કરવું તે યોગ્ય નથી. એમાં તો કૃત્રિમતા થયા વિના રહે નહિ.

'**માટે હાલ આ વાત ઉપશાંત કરી અમદાવાદ આપ દર્શાવો કે ક્વચિત્ લલ્લુજી વગેરે મુનિઓ માટે કોઈએ કંઈ કહ્યું હોય તો તેથી તે મુનિઓ દોષપાત્ર થતા નથી;...**' કોઈ આરોપ કરે એટલે આરોપ કરવાથી કાંઈ દોષિત થઈ જાય છે એવું કાંઈ છે નહિ. '**તેમના સમાગમમાં આવવાથી જે લોકોને તેવો સંદેહ હશે તે સહેજે નિવૃત્ત થઈ જશે,...**' પ્રત્યક્ષ પરિચયમાં આવશે તો એને ખ્યાલ આવી જશે કે આ લોકો કાંઈ સ્વચ્છંદ સેવતા નથી.

'**અથવા કોઈ એક સમજવાફેરથી સંદેહ થાય કે બીજા કોઈ સ્વપક્ષના માનને અર્થે સંદેહ પ્રેરે તો તે વિષમ માર્ગ છે, તેથી વિચારવાન મુનિઓએ ત્યાં સમદર્શી થવું યોગ્ય છે,...**' અને એવી રીતે કોઈ ખોટી ઈરાદાપૂર્વક પ્રવૃત્તિ કરતા હોય તો પછી એને સારું દેખાડવા માટે કાંઈ એમ કરવાની જરૂર નથી. પછી પોતે સમદર્શી એટલે એને ભૂલી જવું, ન રાગ કરવો, ન દ્વેષ કરવો. '**તમારે ચિત્તમાં કંઈ ક્ષોભ નહીં પામવો યોગ્ય**

છે,...' ચિત્તમાં પણ એને લઈને ખળભળાટ કરવો નહિ. '**એમ જણાવો.**' એમ તમે 'ભાણજીસ્વામી'ને 'અમદાવાદ' જણાવો.

'**આપ આમ કરશો તો અમારા આત્માનું, તમારા આત્માનું અને ધર્મનું રક્ષણ થશે.**' આમ કરવાથી તમને પણ ફાયદો છે, અમને પણ ફાયદો છે અને જે ધર્મનું કાર્ય કરવું છે એનાથી વિપરીત જવાનું નહિ બને. ધર્મનું રક્ષણ થશે એટલે ધર્મથી વિરુદ્ધ જવાનું નહિ બને. '**એ પ્રકારે તેમની વૃત્તિમાં બેસે તેવા યોગમાં વાતચીત કરી સમાધાન કરશો, અને હાલ અમદાવાદ ક્ષેત્રે સ્થિતિ કરવાનું ન બને તેમ કરશો તો આગળ પર વિશેષ ઉપકારનો હેતુ છે. તેમ કરતાં પણ જો કોઈ પણ પ્રકારે ભાણજીસ્વામી ન માને તો અમાદાવાદ ક્ષેત્ર પ્રત્યે પણ વિહાર કરજો, અને સંયમના ઉપયોગમાં સાવચેત રહી વર્તશો.**' લોકોને કહેવાનું કારણ મળે એવી રીતે નહિ વર્તતા. અથવા આરોપ સિદ્ધ થાય એવી કોઈ તમારી પ્રવૃત્તિ હોવી જોઈએ નહિ. '**તમે અવિષમ રહેશો.**' એટલે એની સાથે સાથેના મુનિ લાગે છે. અને એનો આગ્રહ 'અમદાવાદ' જવાનો વધારે લાગે છે. એટલે એને સમજાવવા માટે પ્રાસંગિક વાતો લખી છે.

મુમુક્ષુ :- આવી ગડબડમાં પણ કેવું આમ...

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગદર્શન આપે છે. પોતાનું માન પોષવું, પોતાની અનુકૂળતા પોષવી એવો પ્રકાર ન થવો જોઈએ. તેમ કૃત્રિમતા પણ નહિ થવી જોઈએ. બે-ત્રણ મુદ્દા છે એ સારા છે. લોકસંજ્ઞા ન થાય એ પ્રકારના મુદ્દા છે. કોઈપણ પ્રસંગમાં લોકસંજ્ઞાથી બચવા માટેના મુદ્દા છે. ૮૨૯મો છે.

મુમુક્ષુ :-'ગુરુદેવ'નો બહાર વિરોધ થતો હતો તો એને સ્પષ્ટ કરવા જાવાનું ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને કાંઈ દેખાડો કરવાનો તો પ્રશ્ન હોઈ શકે જ નહિ. ખરી વાત એ છે કે પોતે જે છે તે છે. અને પોતાના વિષે જેને પોતાની નિઃશંકતા છે, પોતાની નિર્દોષતા માટે જેને નિઃશંકતા છે. એને નિર્દોષતા સાબિત કરવાની જરૂર હોય નહિ. જે અવિચારથી એને દોષિત માને તો એને નુકસાન છે. અને વિચારવાન થઈને કે પોતાના જે ભૂતકાળમાં આરોપ કર્યો હોય તો એ નિવૃત્તિ કરે એને ફાયદો છે. પણ જે નિર્દોષ છે એને તો પોતાને કાંઈ શંકા કરવાનું પોતાને માટે કારણ મળતું નથી. એ તો નિઃશંક હોય છે.

કોઈના કહેવાથી કોઈ નીચો થાય કે કોઈના કહેવાથી કોઈ ઊંચો થાય એવું તો કાંઈ જગતમાં બનતું નથી. લોકસંજ્ઞા હોય તો માણસને રાગ-દ્વેષ થયા વગર રહે નહિ.

લોકોની નજરમાં સારું દેખાવા માટે ધર્મ કરવો કે આચરણ કરવું એ આત્માના હિતનું કારણ નથી. સત્ય આચરણમાં, લોકોની નજરમાં સારા દેખાવા માટે અસત્ય આચરણ કરવું એ તો પ્રશ્ન જ નથી પણ સત્ય આચરણ કરવામાં પણ લોકસંજ્ઞાનો નિષેધ છે. એમ વાત છે.

સામાન્યપણે તો લોકો લોકોથી બીને-ડરીને અસત્ય આચરણ કરે છે. લોકોનું આમ અપમાન થશે, લોકોને આમ લાગશે. લોકોને બરાબર લાગે એવું આપણે કરો. તો અસત્યમાં પણ ખેંચાય જાય છે. તો કહે નહિ, સત્યનું આચરણ પણ એ રીતે નહિ (થવું જોઈએ). લોકસંજ્ઞા છે એ આત્મહિતની ઘાતક છે એમ લેવું.

મુમુક્ષુ :- આજ સત્યમાં છે, કાલે અસત્યમાં વયો જશે લોકસંજ્ઞામાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચાલ્યો જાશે. લોકસંજ્ઞા સામાન્ય ધ્રુવ થઈ જશે એટલે અસત્યમાં ચાલ્યો જશે, અસત્યમાં ગયા વગર રહેશે નહિ. સીધી વાત છે.

પત્રાંક-૮૨૯

મોરબી, માહ વદ ૦)), ૧૯૫૪

મુમુક્ષુપણું જેમ દઢ થાય તેમ કરો; હારવાનો અથવા નિરાશ થવાનો કંઈ હેતુ નથી. દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો તો પછી થોડોક પ્રમાદ છોડી દેવામાં જીવે મૂંઝાવા જેવું અથવા નિરાશ થવા જેવું કંઈ જ નથી.

૮૨૯ 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**મુમુક્ષુપણું જેમ દઢ થાય તેમ કરો; હારવાનો અતવા નિરાશ થવાનો કંઈ હેતુ નથી.**' આગળ જે પત્ર આવી ગયો ને ? એના અનુસંધાનમાં છે. મેળવો. ૮૧૯મો પત્ર એમના ઉપરનો છે. એના અનુસંધાનમાં છે. '**ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.**' એમનું આ વચન તો બહુ પ્રસિદ્ધ છે. અહીંયાં પણ કહે છે કે હારવાનો કે નિરાશ થવાનો કોઈ હેતુ નથી. ખેદ કરે છે ને ? પોતાના પરિણામનો ખેદ કરે છે. તો કહે છે, એમાં ખેદ કરવો એક વાત છે અને હારી જવું અને નિરાશ થવું એ બીજી વાત છે. આ (એક મુમુક્ષુની) ચર્ચામાં એ વાત આવતી હતી. નિરાશ ન થવું. એ મુદ્દો એ લેતા હતા.

મુમુક્ષુ :- શૂરવીરપણુ ગ્રહીને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શૂરવીરપણું. પુરુષાર્થ ઉપાડવો એમ કહે છે.

'**મુમુક્ષુપણું જેમ દઢ થાય તેમ કરો; હારવાનો અથવા નિરાશ થવાનો કંઈ હેતુ**

નથી. દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો...' અત્યારે જે એમને યોગ થયો છે એ અતિ દુર્લભ યોગ પ્રાપ્ત થયો છે. **'દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો તો પછી થોડોક પ્રમાદ છોડી દેવામાં જીવે મૂંઝાવા જેવું...'** નથી. જે કાંઈ અટક્યું છે એ થોડા પ્રમાદથી અટક્યું છે એમ કહે છે. પુરુષાર્થ કરે તો.. મુમુક્ષુતા તો ઠીક ઠીક આવી ગઈ છે. 'અંબાલાલભાઈ'ની મુમુક્ષુતા સારી હતી. પણ પ્રમાદમાં એટલે શુભાશુભ પ્રવૃત્તિની અંદર સમય ચાલ્યો જાય છે અને પુરુષાર્થ ઉપાડતા નથી. તો કહે છે કે એ થોડો પ્રમાદ છે. તમારા કોઈ વિશેષ અપરાધવાળા પરિણામ નથી પણ થોડો પ્રમાદ છે એ વાત નક્કી છે. પ્રમાદ શિથિલતાથી દેખાય આવે છે. પરિણામમાં પુરુષાર્થનો ઉપાડ નથી એટલે કે શિથિલતા છે. અને એ શિથિલતાને કારણે પ્રમાદ છે એમ જાહેર થાય છે. નહિતર પ્રમાદ દેખાય એવો નથી. ચોર જેવો છે. પ્રમાદ છે એ ચોર છે. ચોર રાત્રે આવે, દિવસે ન આવે. દેખાય નહિ. દેખીને ચોરી ન કરે. એમ જીવના ગુણરત્નને ચોરે છે. પ્રમાદ છે એ જીવના ગુણરત્નને ચોરે છે. દેખાતો નથી.

કેવી રીતે ખબર પડે કે પ્રમાદ છે ? કે આ જે પરિણામમાં શિથિલતા છે અને પુરુષાર્થનો ઉપાડ નથી એને મુમુક્ષુજીવે પ્રમાદ સમજવા યોગ્ય છે. અને એ ચોર છે. દુશ્મનની અપેક્ષાએ તે મહા રિપુ છે. આમ બધા શાસ્ત્ર વચનો છે. પ્રમાદ ચોર છે, પ્રમાદ મહા રિપુ છે. રિપુ એટલે શત્રુ.

મુમુક્ષુ :- અર્પણતા તો ઘણી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ છતાં નિરાશ થઈ જતા હતા. પુરુષાર્થ નહોતો ઉપડતો. પરિણામનું અવલોકન હતું એટલે ખ્યાલ આવતો હતો એટલે ખેદ થતો હતો. બહુ ખેદ કરતા હતા. ઘણાં ખેદાઈ જતા હતા. એટલી બધી યોગ્યતા સારી હતી તો એ ખેદમાં ને ખેદમાં પાછા નીચે ન ચાલ્યા જાય. આ બચાવે છે ને ? ઉપાડી લ્યે છે. અદ્ધર લેવા છે. વળી નીચે ન વયા જાય.

પ્રમાદ છે એ દેખાય છે. તમારા પરિણામમાં પ્રમાદ છે એ પ્રમાદ છોડી દેવામાં આવે તો **'મૂંઝાવા જેવું અથવા નિરાશ થવા જેવું કંઈ જ નથી.'** થોડી સારી પરિસ્થિતિ થઈ છે. થોડોક પ્રમાદ છોડી દ્યો તો તમારે કાંઈ નિરાશ થવા જેવું પણ નથી અને મૂંઝાવા જેવું પણ નથી. આમ છે, લ્યો ! સવા બે લીટી લખી છે પણ એમને To the point માર્ગદર્શન જેને આપ્યું હોય એવી વાત એ યોગ્યતામાં કરી છે.

સામાન્ય રીતે પુરુષાર્થ ન ઉપડે, શિથિલતામાં-પ્રમાદમાં જીવ રહે અને શુભયોગની પ્રવૃત્તિ વિશેષ હોય તો એને એમ લાગ્યા કરે કે કાંઈ નહિ આપણે શાસ્ત્ર-સ્વાધ્યાય તો ચાલુ જ રાખ્યો છે, સત્સંગ પણ ચાલુ જ રાખ્યો છે અને એ તો બરાબર છે. આપણે

કાંઈક કરીએ તો છીએ. એટલે કાંઈક પ્રવૃત્તિ કરે છે એને પુરુષાર્થમાં ખતવે. પણ છે એ બધા બાહ્ય પરિણામ. અને એ બાહ્ય પરિણામ છે એ બાહ્ય પરિણામ છે આખરમાં. એ પરિણામથી કોઈ લાભ છે એમ તો એણે વિચારવું જોઈએ નહિ. પણ એ શિથિલતા અને એ પ્રમાદ જીવને રોકે છે. અને એ વિષયની ગંભીરતા આવવી જોઈએ એના બદલે જે અગંભીરતા રહ્યા કરે છે, આ વાત વિશેષે કરીને વિચારવા યોગ્ય છે. પછી એ વિષયની ગંભીરતા નથી આવતી કે મને નુકસાન કેવી રીતે થાય છે ? કેટલું થાય છે ? કેમ થાય છે ? એ પછી અગંભીરતાને લઈને એમ ને એમ એ પ્રકારમાં જીવ સમયને વ્યતીત કરી નાખે છે, આયુષ્યને વાપરી નાખે છે એમ કહીએ તો ચાલે. પ્રમાદમાં ને પ્રમાદમાં આયુષ્ય વપરાય જાય છે પછી. એને એમ લાગે કે ના, હું કાંઈક પ્રવૃત્તિ તો કરું છું, વાંચન કરું છું, સ્વાધ્યાય કરું છું. પણ અંતર્મુખ થવા અર્થે શું કરું છું ? એ બાબતમાં પ્રમાદ સેવાય છે, દુર્લક્ષ સેવાય છે, ગૌણતા કરાય છે, અગંભીરતા રહે છે, ગંભીરતા નથી આવતી તો આયુષ્ય ખવાઈ જાય છે. આ પરિસ્થિતિ છે.

હવે '**મુમુક્ષુપણું જેમ દઢ થાય તેમ કરો;...**' એમ કહ્યું ને ? ભલે બે લીટી છે પણ જરા વિચારવા જેવો વિષય વધારે સારો છે. ઉપરનો પત્ર તો વિસ્તારવાળો હતો પણ એમાં પ્રાસંગિક વાત છે અને એ પણ મુનિઓના વિહાર સંબંધીના પ્રસંગની વાત છે. અહીંયાં તો મુમુક્ષુપણું એટલે મોક્ષની દઢ ઈચ્છા. આત્મકલ્યાણનો વિશેષ ભાવ તીવ્ર થાય, દઢ થાય, આત્મહિતનો ભાવ વધારે દઢ થાય એવા પ્રકારના પરિણામમાં આવો, '**હારવાનો અથવા નિરાશ થવાનો કંઈ હેતુ નથી.**' એથી હારી જવું કે નિરાશ થવું એ કાંઈ કરવાની જરૂર નથી.

'**દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો...**' એમને જે 'કૃપાળુદેવ'નો સમાગમ છે એ બહુ સારો, એમના માટેનો વિષય ઘણો સારો છે. કેમકે બીજા મુમુક્ષુઓ કરતા કાંઈક વિશેષ પાત્રતા હોવાને લીધે, વિશેષ પાત્રતાવાન જીવો પ્રત્યે સત્પુરુષોનો કરૂણાદૃષ્ટિ, અનુગ્રહદૃષ્ટિ, કૃપાદૃષ્ટિ જેને કહેવામાં આવે છે એ સહેજે-સહેજે સ્વભાવિકપણે વિશેષ જ હોય છે. અને એ સ્થિતિને 'અંબાલાલભાઈ' પ્રાપ્ત હતા એમ કહી શકાય. એમના પત્રો જોઈને એમ કહી શકાય કે એમને 'અંબાલાલભાઈ' ઉપર એમનો વિશેષ અનુગ્રહ હતો. જોકે અત્યારે તો બધા એમ માને છે કે એમનાથી પામી ગયેલા. એમ પણ માને છે. પણ એવો કોઈ સબુત મળતો નથી. એટલી વાત જરૂર છે.

મુમુક્ષુ :- અહીંયાં .. થોડો પ્રમાદ છોડી દ્યો. એટલે થોડો પ્રમાદ જોયો હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે શું છે કે એ કોઈ બહુ પ્રમાદમાં રહેતા હતા એવું નહોતું. યોગ્યતા તો સારી હતી એમાં કાંઈ સવાલ નથી. અને છતાં અટકતા હતા એ

વાત પણ બરાબર છે. તો એ થોડાક પ્રમાદ માટે અટકતા હતા. 'બહેનશ્રીના વચનમૃત'માં એક વચનામૃત એવું આવે છે, કે કોઈ પુરુષાર્થ કરતા નથી, કોઈ થોડો પુરુષાર્થ કરીને અટકે છે. કોઈ કર્યા વિના અટકે છે, કોઈ થોડો કરીને અટકે છે. એમ બે-ત્રણ-ચાર મુદ્દા લીધા છે કે નહિ ? કોઈ શુભમાં અટકે છે.

મુમુક્ષુ :- થોડો પુરુષાર્થ આગળ કરે તો થઈ જાય એવું છે. થોડા પુરુષાર્થ માટે અટકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કહે છે. એમને યોગ્યતા સારી હતી. પણ થોડો પ્રમાદ (ચાલતો હતો). 'શ્રીમદ્‌જી'ની નજરમાં પ્રમાદ દેખાતો હતો. એમ હતું. જીવ પાત્ર છે. પુરુષાર્થ કરે તો પામી જાય એવી યોગ્યતા છે અને છતાં વર્તમાનમાં પામતો નથી એટલે એનો ખેદ પણ એને વર્તે છે, અતિશય ખેદ પણ વર્તે છે. ઠીક ! કૃત્રિમતાથી નહિ, સહેજે-સહેજે. હવે વાત તો થોડી પ્રમાદની જ બાકી છે એના માટે. થોડો પ્રમાદ છોડી દે તો મૂંઝાવા જેવું કે નિરાશ થવા જેવું કાંઈ જ નથી એમ કહે છે. મોકળો રસ્તો છે. તમારા માટે માર્ગ સુગમ છે. પાત્રતાવિશેષ માટે, વિશેષ પાત્રતાવાન જીવ માટે માર્ગ છે એ દુર્ગમ નથી. દુર્ગમતા તો એને માટે છે કે જેની પાત્રતા નથી. અપાત્રતા છે એના માટે દુર્ગમતા છે. પાત્રમાં આવ્યા પછી માર્ગ એટલો દૂર પણ નથી અને એટલો કઠણ પણ નથી.

'કૃપાળુદેવ'ના પત્રોમાં પાત્રતાનો વિષય સીધી રીતે અને આડકતરી રીતે વિશેષપણે નિરૂપિત થયો છે. 'ગુરુદેવશ્રી' અને 'પૂજ્ય બહેનશ્રી' શરૂ શરૂમાં કોઈપણ મુમુક્ષને પહેલાં આ વાંચો એમ કહેતા હતા એનું કારણ આ હતું. ઠીક ! પહેલા 'શ્રીમદ્' વાંચવું એમ શું કરવા કહેતા હતા ? કે પાત્ર થવું હોય તો એમાં ઘણી વાતો છે. અને પાત્રતા વગર કોઈ વાત ગમે તે પ્રકારની જીવ ધાર્મિક પ્રવૃત્તિ કરે તો એ બધું રૂઢિગતપણે થઈ જાય છે. એમાં કાંઈ વાતમાં માલ નથી. ઓઘે-ઓઘે કર્યા કરે. પાત્રતામાં આવે નહિ તો મોક્ષમાર્ગમાં આવે નહિ. એ પરિસ્થિતિ છે. એ તો મુમુક્ષુની ભૂમિકામાં પાત્ર છે. અને એ પાત્રતા અનેક પ્રકારે, અનેક પ્રકારની યોગ્યતાવાળાને પાત્રતામાં આવવાનું થાય. ભિન્ન-ભિન્ન પ્રકારની યોગ્યતાવાળા એમના પરિચયમાં હતા. તો ભિન્ન-ભિન્ન પ્રકારે એ પાત્રતામાં આવે એવી જાતનું માર્ગદર્શન મળે. એમાં પોતાને માટે, પોતાની યોગ્યતાને માટે લાગુ પડી જાય એવી વાત આવી જાય. તો એ સહેલાઈથી ગ્રહણ કરી શકે અને માર્ગદર્શન મળી જાય. આ ખાસ વાત 'અંબાલાલભાઈ' પ્રત્યે છે.

તા. ૧૫-૯-૧૯૯૨, પત્રાંક - ૮૨૯ થી ૮૩૧
પ્રવચન નં. ૪૦૩

પત્રાંક :-૮૩૦.

મુમુક્ષુ :-૮૨૯મો ફરીથી.

પૂજ્ય ભાઈશ્રી : બાકી છે ?

મુમુક્ષુ :-નહિ. ફરી વખત લ્યો.

પૂજ્ય ભાઈશ્રી : હા. પત્રાંક-૮૨૯. પાનું-૬૧૯. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે.

'મુમુક્ષુપણું જેમ દઢ થાય તેમ કરો; હારવાનો અથવા નિરાશ થવાનો કંઈ હેતુ નથી.' શું કહે છે? 'અંબાલાલભાઈ' પરિચય આવ્યા લગભગ આઠેક વર્ષ થઈ ગયા છે. આ પત્ર લખ્યો છે ત્યારે. ૨૩મા વર્ષમાં લગભગ ઘણાં ખરા મુમુક્ષુઓ પરિચયમાં આવ્યા છે. એમાં 'અંબાલાલભાઈ' પણ છે. મુમુક્ષુતા તો એમનામાં હતી પણ એ મુમુક્ષુતા વધારે ઉત્કૃષ્ટ દશાને પ્રાપ્ત થાય તો જ પોતાના સ્વરૂપના પ્રત્યક્ષ દર્શન થાય. એટલે મુમુક્ષુતામાં વધારે વખત રહેવાથી મનમાં તેમને ખેદ થાય છે અને એ ખેદમાંથી કાંઈક નિરાશાનો સૂર પણ એમણે જોયો એટલે એ બાબતમાં પ્રેરણા આપી છે કે હારી જશો નહિ, નિરાશ થશો નહિ. તો શું કરવું ?

'મુમુક્ષુપણું જેમ દઢ થાય...' મુમુક્ષુતા જેમ દઢ થાય તેમ કરો. અને એ વાત તો ખોલીને કાંઈ અહીંયાં નથી કરી. પણ અનેક પત્રોમાં એ વિષય-પાત્રતાનો વિષય તો એમણે ખોલ્યો છે. મુમુક્ષુતા દઢ થાય, મુમુક્ષુતા વૃદ્ધિગત થાય એટલે કેવી રીતે થાય ? અથવા શું થાય ? કે જેમ જેમ પોતાના હિત અને અહિતના વિષયમાં પોતાના પરિણામને વિશે જાગૃતિ વિશેષ રહે અને પોતાના હિત-અહિતનો વિવેક વધારે તીક્ષ્ણ થાય, સૂક્ષ્મ થાય તો મુમુક્ષુતામાં વૃદ્ધિગતપણું થાય અથવા મુમુક્ષુતા દઢ થાય. અને એ રીતે મુમુક્ષુતામાં ઉત્કૃષ્ટ દશા થાય તો જ એને આત્મલાભ થાય. નહિતર અનેકવાર મુમુક્ષુતામાં આવ્યા પછી એ મુમુક્ષુતા ધોવાઈ જતા વાર નથી લાગી.

ઘણાં વર્ષ સુધી સત્સંગ ઉપાસ્યો હોય, મુમુક્ષુતા પણ આવી હોય, પણ એક પ્રસંગ બને અને Secondમાં બધું ધોવાઈ જાય. કેટલી વાર લાગે ? એને થોડીક Second જ લાગે છે. ચડવામાં વાર લાગે છે, પડવામાં વાર લાગતી નથી. સાત માળ ચડવું હોય તો શ્વાસ ચડી જાય અને સાત માળેથી પડતું મૂકવું હોય તો ત્રીજી Second નીચે પડી જાય. જમીન ઉપર આવી જાય.

મુમુક્ષુ :- એનું શું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ એ છે કે એક તો અનાદિથી જીવનો આ માર્ગ અનઅભ્યાસેલો છે. નહિ સેવેલો માર્ગ છે, નહિ અભ્યાસેલો છે, નહિ આદરેલો છે. અને આ જીવ ઘણો હિનવીર્ય છે. પોતાનો પુરુષાર્થ છે એ ઊલટો ઘણો છે. પૂર્વ સંસ્કાર પણ સારા નથી. અનેક પ્રકારના તરવા માટેના અવરોધો ઊભા છે. એ બધા અવરોધોને હટાવીને આગળ વધવાનું છે. એટલે આગળ વધી શકાતું નથી. એમ લખે છે. શું છે ? શા માટે એ હાર્યા છે ? શા માટે મૂંઝાય છે, નિરાશ થાય છે ? કે એમને આગળ વધવું છે પણ વધી શકાતું નથી. નિર્ભ્રાંત દર્શનમાં પ્રારંભમાં...

મુમુક્ષુ :- 'અંબાલાલભાઈ'ની પાત્રતા તો ઘણી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાત્રતા ઘણી હતી છતાં નથી પામ્યા એવી પાત્રતા હતી. સારી હતી છતાં પણ પામ્યા નથી એવી પાત્રતા તો હજી હતી. અને એ ... હતું. જે જીવની દષ્ટિ ઉપર હોય છે, એને નથી પ્રાપ્ત થયું એનો ખેદ હોય છે. પ્રાપ્તિનો સંતોષ નથી હોતો પણ નથી પ્રાપ્તિનો અસંતોષ હોય છે. જ્ઞાનીને પણ એમ જ છે. સમ્યગ્દર્શન થયું એનો સંતોષ નથી. મુનિપણું આદિ નથી આવ્યું એનો અસંતોષ છે. મુનિને મુનિપણાની દશા પ્રાપ્ત થઈ એનો સંતોષ નથી, કેવળજ્ઞાન નથી થયું એનો અસંતોષ છે. અને એ ઉપર જવાની નિશાની છે. એવા પ્રકારના પરિણામ તે ઊર્ધ્વ ગતિના, ઉપરની શ્રેણી પ્રાપ્ત થવાની નિશાનીવાળા પરિણામ છે. સંતોષ થાય તો એમાંથી પતન થયા વગર રહે નહિ. એના પરિણામ નીચે જ જાય.

જુઓ ! શરૂઆતમાં પહેલો Paragraph એના ઉપર લીધો છે. '**પૂર્વે સન્માર્ગને આરાધેલ નહિ હોવાથી...**' એટલે એ સંબંધીના સંસ્કાર નથી. તેમ જ તથા પ્રકારની હિણી યોગ્યતાને લીધે. માર્ગ નથી પ્રાપ્ત થતો તે યોગ્યતાની હિણપ છે એ વાત ચોક્કસ છે. આત્મહિત સંબંધિત પુરુષાર્થ ઉત્પન્ન ન કરી શકે તેવા જીવોનો પ્રકાર સામાન્યતઃ જોવામાં આવે છે. તે આત્મહિત નથી કરી શકતો. એટલે આ કાળને વિષે શું સ્થિતિ છે જીવની ? કે પૂર્વે કદી નહિ જાણેલો, નહિ પ્રતીત કરેલો, જે એને વિશ્વાસ પણ જેટલો સંયોગમાં સુખબુદ્ધિનો છે એટલો એને વિશ્વાસ આ આત્મહિતમાં કેટલું સુખ થવાનું છે એનો વિશ્વાસ એને નથી.

એટલે '**પૂર્વે કદિ નહિ જાણેણો, નહિ પ્રતીત કરેલો, નહિ આરાધેલો એવો જે સન્માર્ગ જીવને પ્રાપ્ત થવો દુષ્કર છે એમ સ્વભાવિક જણાય છે.**' આ માર્ગ જલ્દી હાથમાં આવે એવો નથી. એવી પરિસ્થિતિમાં સંસારીજીવ વર્તે છે. '**તેમ છતાં પણ...**' ન જ થાય એવું નથી. હારવાની કે નિરાશ થવાની જરૂર નથી. '**તેમ છતાં પણ જો કોઈ**

મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પ્રાપ્તિનો એક માત્ર લક્ષ હોય...' એણે નિર્ધાર કર્યો હોય કે મારે કરવું જ છે, કર્યે છૂટકો છે, કર્યા વગર રહેવું નથી અને કર્યા વગર રહેવાનો પણ નથી. એવો '**એક માત્ર લક્ષ હોય તો માર્ગપ્રાપ્તિ અવશ્ય થવી સંભવે છે.**' તો માર્ગ પ્રાપ્તિ અવશ્ય થાય. Guaranted છે. ન થાય એવું પાછું નથી. થશે કે નહિ થાય એવું પણ નથી.

ફરી વાંચીએ શરૂઆતથી. એટલે પ્રેરણા આપે છે અહીંયાં. હજી પણ મુમુક્ષુતા જેમ વૃદ્ધિગત થાય કે દૃઢ થાય તેમ કરો. એટલે હજી પણ આત્મહિતના વિષયમાં વિશેષ જાગૃતિ જરૂરી છે. નિરાશ થવાની જરૂર નથી. નિરાશ થવાને બદલે પુરુષાર્થને આત્મજાગૃતિમાં વિશેષ લગાવો. એમ કહે છે. મુમુક્ષુને તો બે પ્રકારના પરિણામ એને પોતાને સાધનરૂપ છે. એક જ્ઞાન સાધન છે અને એક પુરુષાર્થ સાધન છે. પુરુષાર્થ-વીર્યનો ક્ષયોપશમ અને જ્ઞાનનો ક્ષયોપશમ. કઈ બાજુ લગાવે તો ? કે આત્મહિતના લક્ષે એનો પ્રયોગ કરે તો, ઉપયોગ કરે તો. નહિતર ઊલ્ટો ઉપયોગ તો થવાનો જ છે.

'**દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો...**' શું કહે છે ? અત્યારે તમને તો દુર્લભયોગ પ્રાપ્ત થયો છે. 'કૃપાળુદેવ'નો જે પ્રત્યક્ષ સમાગમ છે, એમને સમાગમ છે એટલું જ નહિ પણ સમીપતા પણ છે. એમની અર્પણતા એટલી વિશેષ હતી, પાત્રતા એટલી વિશેષ હતી કે પાત્ર જીવો છે એ સત્પુરુષના સમીપમાં, ભાવથી સમીપમાં આવી જાય છે. દ્રવ્યે તો સમીપમાં ન આવવું એ પૂર્વ પ્રારબ્ધ આધીન છે અથવા પુણ્યયોગને આધીન છે પણ ભાવે તો સમીપતા આવી જાય છે. સત્પુરુષને પણ એના ઉપર પ્રસન્ન ચિત્ત રહે છે અને એને પણ સત્પુરુષ પ્રત્યે અહોભાવ રહે છે.

કહે છે કે તમને દુર્લભયોગ તો પ્રાપ્ત થયો, '**તો પછી થોડોક પ્રમાદ છોડી દેવામાં જીવે મૂંઝાવા જેવું અથવા નિરાશ થવા જેવું કંઈ નથી.**' આ તો વ્યક્તિગત રીતે એમને કહ્યું કે તમારા પરિણમનમાં થોડો પ્રમાદ છે. પ્રમાદ છે એટલે આળસુ થઈને સૂઈ જાય છે કે નવરા બેઠા કાંઈ કામ કરતા નથી એમ નથી. આત્માના હિત પ્રત્યેની પુરુષાર્થની જાગૃતિ જે આવવી જોઈએ, એ જાગૃતિ હોવાને બદલે અન્ય શુભાશુભ પરિણામમાં જે જાગૃતિ અને સાવધાની છે એને અહીંયાં પ્રમાદ કહેવામાં આવે છે. આમ જોઈએ તો સીધી Torch light ફેંકી છે એમના પરિણામ ઉપર. જુઓ ! તમારા પરિણામમાં જે સ્વરૂપ સાવધાની અથવા આત્મહિતની સાવધાની હોવી જોઈએ તે ઓછી દેખાય છે અને બીજા બીજા પરિણામોમાં તમારી સાવધાની દેખાય છે. આ પ્રમાદ છે. હવે આવો કોઈ અપૂર્વ યોગ તમને ઉત્પન્ન થયો છે તો આત્મહિતની ઈચ્છા નથી, ભાવના નથી એમ નથી. થોડો પ્રમાદ છે. તમને કોઈ પ્રતિબંધરૂપ કે અવરોધરૂપ હોય તો થોડો પ્રમાદ

છે. વિશેષ નથી. એ તો કહ્યું પાછું. થોડોક શબ્દ વાપર્યો છે. થોડોક જ પ્રમાદ છે. આ થોડોક પ્રમાદ હટી જાય તો તમે તો કામ કરી શકો એમ છો. નિરાશ થવાની તમારે જરૂર નથી. વર્તમાન યોગ્યતા જોઈને એ વાત કરી છે.

મુમુક્ષુ :- આવી વાત સત્પુરુષ સિવાય કોણ બતાવી શકે ?

પૂજ્ય ભાઈશ્રી :- કોણ બતાવી શકે અને જેને બતાવી છે એના સદ્ભાગ્ય છે કે સીધી એને વાત કરી કે, જો તારે આટલો વાંધો છે. તારે જરાય મૂંઝાવાની જરૂર નથી. એવા જીવને પામતા વાર ન લાગે. આવા જીવને પામતા વાર લાગે નહિ. એમના લોકોમાં તો એવી માન્યતા પણ છે કે એ પામી ગયા છે. એવી માન્યતા છે. 'કૃપાળુદેવ'ના શબ્દોમાં એવો અણસાર મળતો નથી.

એટલે કહે છે કે મૂંઝાવા જેવું કે નિરાશ થવા જેવું કંઈ જ નથી. તમે વિશેષ પુરુષાર્થ કરો, પ્રમાદ છોડો, સાવધાન થાવ, આગળ વધો, મુમુક્ષુતામાં વૃદ્ધિગત કરો. એક Post card લખ્યું છ પણ 'અંબાલાલભાઈ'ને તો કદાચ જે જગ્યાએ તીર વાગવું જોઈએ મર્મ સ્થાનમાં એ જગ્યાએ તીર વાગ્યું હોય તો કાંઈ ના કહેવાય નહિ. બહુ પાત્રતાવાન જીવ હતા. ત્યાર પછીનો પત્ર પણ 'અંબાલાલભાઈ' ઉપરનો છે.

પત્રાંક-૮૩૦

મોરબી, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૪

'પંચાસ્તિકાય' ગ્રંથ બુકપોસ્ટ રજિસ્ટર્ડ કરીને મોકલવાનું બને તો કરશો.

'મોક્ષમાર્ગપ્રકાશ' આદિથી અંત સુધી તમારે, છોટાલાલે, ત્રિભોવને, કીલાભાઈએ, ધુરીભાઈએ અને ઝવેરભાઈ વગેરેએ વાંચવા અથવા શ્રવણ કરવા યોગ્ય છે. નિયમિત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી શાસ્ત્રાવલોકન કર્તવ્ય છે.

''**પંચાસ્તિકાય' ગ્રંથ બુકપોસ્ટ રજિસ્ટર્ડ કરીને મોકલવાનું બને તો કરશો.**' પોતે મંગાવ્યો છે. 'પંચાસ્તિકાય' ગ્રંથ મંગાવ્યો છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની રચના છે. ''**મોક્ષમાર્ગપ્રકાશ' આદિથી અંત સુધી તમારે, છોટાલાલે, ત્રિભોવને, કીલાભાઈએ, ધુરીભાઈએ અને ઝવેરભાઈ વગેરેએ વાંચવા અથવા શ્રવણ કરવા યોગ્ય છે.**' 'મોક્ષમાર્ગપ્રકાશક' મુમુક્ષુએ શ્રવણ અને વાંચન કરવા યોગ્ય છે એ વાત એમણે આટલા મુમુક્ષુઓના નામ દઈને લખી છે. તમે આ બધા આ ગ્રંથનો સ્વાધ્યાય અવશ્ય કરજો, કરવા યોગ્ય છે. અને સત્શ્રુતમાં નામ પણ એનું 'મોક્ષમાર્ગપ્રકાશક'નું નાખ્યું છે.

'**નિયમિત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી શાસ્ત્રાવલોકન કર્તવ્ય છે.**' શાસ્ત્ર

સ્વાધ્યાય તો શાસ્ત્રનું અવલોકન તો મુમુક્ષુજીવે નિયમિતપણે કરવું જોઈએ. પછી જેવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. પણ એના અભિપ્રાયમાં તો એ વાત સ્પષ્ટ હોવી જોઈએ કે શાસ્ત્ર સ્વાધ્યાય નિયમિત રીતે કરવો છે. જેમ રોજ આહાર લેવો છે, નિંદ્રા લેવી છે એ જ પ્રકારે શાસ્ત્ર સ્વાધ્યાય એ પણ ખોરાક થઈ જવો જોઈએ.

મુમુક્ષુ :- દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એટલે શું છે કે કોઈ વખત કોઈને બહારગામ જવાનું થાય, કોઈની તબિયત નરમ-ગરમ હોય. તો એ અનુસાર. ન પહોંચી શકે એવું હોય તો એને ત્યાં કોઈ આવે. જે પ્રકારના સંયોગ અનુસાર. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એટલે સંયોગ અનુસાર. પણ કર્તવ્ય છે. અકર્તવ્ય છે એમ નથી. નિયમિત રીતે કર્તવ્ય છે. બહાર જાય, કામકાજે જાય તો ત્યાં શાસ્ત્ર સાથે રાખે, ત્યાં પણ શાસ્ત્ર લઈ જાય. રસ્તામાં ભાતાનો ડબ્બો લઈ જાય છે કે નહિ ? સવાર પડશે તો દાંતણ જોઈશે, બ્રશ જોઈશે. હાથ લુછવા માટે નેપકિનનો ટૂકડો જોશે. આમાંથી કોઈ ચીજ ભૂલાઈ જશે તો આપણને તકલીફ પડશે. માટે એક List કરી રાખો, પછી બધું સામાનમાં મૂકાઈ ગયું છે કે નહિ એ જોઈ લે.

દેહાર્થે એટલી કાળજી લે તો એણે આત્માર્થે કયું બાહ્ય સાધન સાથે લેવું એની પણ વ્યવસ્થા વિચારવી જોઈએ કે મારે ક્યું શાસ્ત્ર વાંચવું ? અને મારે કયાં વાંચવું ? ક્યા Time વાંચવું ? કેવી રીતે Time કાઢવો ? આવા કામે જાવ છું તો Time મળશે કે નહિ ? નહિ મળે તો કેવી રીતે ત્યાંથી Time કાઢી લેવો ? આ બધી દરકાર અને કાળજી હોવી જોઈએ. કામની જેટલી કાળજી છે, સંસારી પ્રસંગોની જેટલી કાળજી છે, શરીરની જેટલી કાળજી છે એથી અનંતગુણી આત્માની કાળજી આવવી જોઈએ. તો આત્મહિત થવાનો અવસર છે, નહિતર તો વેઠ ઉતારવા જેવું થઈ જાય. ઠીક છે, વખત મળે એટલે કરશું. ન વખત મળે તો શું કરવું ? ભાઈ ! આપણને વખત ન મળે તો કરવું શું ? વખત મળે એટલું આપણે કરીએ છીએ. એ કોઈ આત્મહિત થવાના લક્ષણ નથી.

મુમુક્ષુ :- એના માટે .. હોય

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જાણવું. જાણવું પોતાના આત્મહિતાર્થે જાણવું. ...માં પ્રવૃત્તિ બીજા સાથે થાય છે અને જાણવાની પ્રવૃત્તિ આત્મહિતાર્થે થાય છે. સત્ય શું છે એ અવશ્ય જાણવું જોઈએ. અને સત્ય જાણતા અસત્ય શું છે એ પણ અવશ્ય જાણવું

જોઈએ. પણ પોતાની માન્યતા અને પોતાના વિચારોને બીજા ઉપર લાદવા (એ યોગ્ય નથી). માર્ગઉપદેશક તો નથી. માર્ગઉપદેશકપણું તો મુનિપણામાં સમાપ્ત થઈ જાય છે. પરમગુરુ શ્રીતીર્થંકરદેવ છે એ માર્ગના ઉત્કૃષ્ટક ઉપદેશક છે અને ત્યાર પછી ગણધર આદિ નિર્ગ્રંથ મુનિઓ છે એ માર્ગના ઉપદેશકો છે જેને ગુરુપદ છે. .. નથી.

સમ્યગ્દૃષ્ટિની બાહ્યાભ્યંતર અવિરોધદશા નથી. માટે વાત તો એ પોતાના અભિપ્રાય અને આદર્શ પ્રમાણે કરશે કે પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત કરવા યોગ્ય છે. પૂર્ણ વીતરાગતાનું ધ્યેય લઈને ઉપડવું જોઈએ. એની પ્રવૃત્તિ રાગ-દ્વેષવાળી જોવામાં આવે. એનું જીવન રાગ-દ્વેષવાળું જોવામાં આવે. એ ઉપદેશકના સ્થાને નથી. છતાં પણ સમ્યગ્દૃષ્ટિ માર્ગપ્રાપ્ત હોવાથી, માર્ગ જોયેલો હોવાથી, જિજ્ઞાસુને માર્ગ દર્શાવી શકવા યોગ્ય હોવાથી જિજ્ઞાસુને એ માર્ગ દર્શાવે છે અથવા માર્ગ પ્રાપ્તિ માટે જિજ્ઞાસુ એની પાસે જાય છે. પણ એ સમજે છે કે હું કાંઈ ઉપદેશક નથી. આ ધર્મનો જિજ્ઞાસુ છે માટે ભલે એને ધર્મની જિજ્ઞાસા છે તો આ રીતે .. પદ્ધતિ સમજે, વસ્તુનું સ્વરૂપ સમજે અને એનું આત્મહિત પોતાના નિમિત્તે થઈ શકવા યોગ્ય છે એમ જાણે છે. પણ ક્યારે ? કે યોગ્યતા હોય ત્યારે. નહિતર ન થાય. એ એની મર્યાદા છે.

તો પછી મુમુક્ષુએ માર્ગદર્શક ઉપદેશક થવું કે થોડી વિદ્વતા કે પંડિતપણું હોય એટલે માર્ગઉપદેશકપણું થવું એ તો બિલકુલ યોગ્ય નથી. અયોગ્યતા થઈ જાય. એ ચર્ચામાં લઈશું કોઈ દિવસ. વિષયાંતર થાય એટલે નથી લેતા. કેટલું જોખમ છે, ઉપદેશક થવામાં કેટલું જોખમ છે. અથવા પ્રતિપાદન કરવામાં પણ કેટલું જોખમ છે. પ્રતિપાદન કરવામાં કરતાં ભૂલ થાય તો એ તો સ્વપર અહિતકારી પ્રવૃત્તિ થઈ જાય કે જે ખરેખર તત્ત્વ પ્રતિપાદન સ્વપર હિતકારી પ્રવૃત્તિ છે. ઘણાં પડખાં છે. એ બધાનો નિચોડ કાઢીને જ્ઞાનીઓએ વાત કરી છે. ભાઈ ! તું આત્મહિત કરી લે. આત્મહિત ઉપરનું મુખ્ય વજન ... રાખ. બાકી મુનિપદ ન આવે ત્યાં સુધી ઉપદેશકનું સ્થાન ગ્રહણ કરવા યોગ્ય નથી.

'શ્રીમદ્‌જી' તો એવું જ રાખ્યું હતું. એમનામાં તો બહુ સામર્થ્ય હતું. માર્ગને સ્થાપવાનું ઘણું સામર્થ્ય હતું તોપણ એ પોતે ગુપ્ત રહ્યા. જિજ્ઞાસુઓને સમજાવ્યા છે. જિજ્ઞાસુઓ એમની પાસે આવ્યા છે. એમનાથી બીજા પામ્યા પણ ખરા. જાહેરમાં ગૃહસ્થદશા હતી એટલે એમ નથી કર્યું. 'પૂજ્ય ગુરુદેવ'ને તો બહારમાં જ ત્યાગની દશા હતી એટલે વિરોધ સીધો ન આવે. સીધો વિરોધ ન આવે.

પત્રાંક-૮૩૧

મોરબી, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૪

શ્રી દેવકીર્ણાદિ મુમુક્ષુઓને યથાવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.

'કર્મગ્રંથ', 'ગોમ્મટસારશાસ્ત્ર' આદિથી અંત સુધી વિચારવા યોગ્ય છે. દુષમકાળનું પ્રબળ રાજ્ય વર્તે છે, તોપણ અડગ નિશ્ચયથી, સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરી જે પુરુષો અગુમવીર્યથી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રને ઉપાસવા ઈચ્છે છે, તેને પરમ શાંતિનો માર્ગ હજી પણ પ્રાપ્ત થવા યોગ્ય છે.

૮૩૧. એ 'લલ્લુજી' મુનિ ઉપરનો પત્ર છે. '**શ્રી દેવકીર્ણાદિ મુમુક્ષુઓને યથાવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.**' શું શબ્દ વાપર્યો ? '**શ્રી દેવકીર્ણાદિ મુમુક્ષુઓને...**' આગળ મુનિઓ શબ્દ વાપર્યો છે. તો મુનિમાંથી મુમુક્ષુ થઈ ગયા ? મુમુક્ષુ તરીકે છે પણ મુનિનો વેશ હતો એટલે મુનિ કહેતા હતા. પણ મુમુક્ષુ છે એ એમના ખ્યાલમાં છે. કેમકે એ એમની પાસેથી માર્ગ સમજવા માટે જિજ્ઞાસા ધરાવતા હતા. એ કાંઈ ઉપદેશ આપી શકવાને યોગ્ય સ્થિતિમાં નહોતા. ઉપદેશ ગ્રહણ કરવા માટે એ એમની પાસે- 'કૃપાળુદેવ' પાસે આવ્યા હતા.

...માં હશે એટલે એમને 'કર્મગ્રંથ' અને 'ગોમ્મટસાર' કરણાનુયોગના શાસ્ત્રો વિચારવા માટે સૂચના આપી છે. કોઈને કયું શાસ્ત્ર, કોઈને કયું શાસ્ત્ર. જ્ઞાનીઓ તો જેવો રોગ એવી દવા આપે છે. લૂ લાગી હોય તો એને બરફ ઘસવાનું કહે. એને મીઠાના પાણીના પોતા મૂકી અને બરફની કોથળી ઉપર માથે મૂકજો. ૧૦૫ ડિગ્રી થઈ ગયો છે. પણ શરદીથી તાવ આવ્યો હોય અને એને બરફની કોથળી મૂક તો Double pneumonia થઈને ઊપડી જાય. તાવ તો તાવ છે બેયને. પણ કારણ-કાર્ય સમજ્યા વગર ઉપચાર કરે તો લાભ થવાને બદલે નુકસાન થાય. એટલે જ્ઞાની છે એ કુશળ વૈદ્ય છે. 'સદ્ગુરુ વૈદ્ય સુઝાણ' સુઝાણ એટલે Expert. એમને ખબર છે ક્યુ શાસ્ત્ર ક્યારે કોને વાંચવું ? ક્યુ પ્રકરણ ક્યારે કોને વાંચવું ? કઈ વાત કોને ક્યારે સમજવી ?

'**દુષમકાળનું પ્રબળ રાજ્ય વર્તે છે,...**' આ તો ૧૦૦ વર્ષ પહેલા લખે છે, હોં ! ૪૮ + ૬ = ૫૪, ૯૪ વર્ષ થયા આ પત્રને. '**દુષમકાળનું પ્રબળ રાજ્ય વર્તે છે, તોપણ અડગ નિશ્ચયથી, સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરી જે પુરુષો અગુમવીર્યથી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રને ઉપાસવા ઈચ્છે છે, તેને પરમ શાંતિનો**

માર્ગ હજી પણ પ્રાપ્ત થવા યોગ્ય છે.' ભલે દુષમકાળ વર્તતો હોય એમ કહે છે. ધર્મને અનુકૂળ પરિસ્થિતિ નથી. બહારની પરિસ્થિતિ એ કોઈ ધર્મને અનુકૂળ અત્યારે નથી. છતાં પણ. દુષમકાળ કેટલો વર્તે છે એ બતાવવા માટે શું કહ્યું ? કે પ્રબળ એનું રાજ વર્તે છે. રાજમાં શું છે ? સત્તા એની ચાલે છે એમ કહે છે. સત્તાની સામે કોઈ થાય તો મરાય જાય. આ તો કહે છે કે જેનું રાજ વર્તે છે એની સામે તમારે બંડ પોકારવાનું છે.

'દુષમકાળનું પ્રબળ રાજ્ય વર્તે છે, તોપણ અડગ નિશ્ચયથી,...' જોયું ! પહેલા તો નિર્ધાર એનો અડગ હોવો જોઈએ. અડગ નિશ્ચયમાં થોડો વિચારવા યોગ્ય વિષય એટલો છે કે કોઈ જીવ ભાવુકતામાં આવે અને નિશ્ચય કરે છે અને કોઈ જીવ યથાર્થ ભાવનામાં આવીને નિશ્ચય કરે છે. આ બેમાં ફર્ક છે. ભાવુકતા અને ભાવનામાં ફર્ક છે. ભાવુક્તા છે એ દૂધના ઊભરા જેવી છે. કેવી છે ? દૂધના ઊભરા જેવી છે. ઉત્પન્ન જલ્દી થાય આવેશની જેમ, બેસી જાય પણ જલ્દી. અને એની અસર બહુ દીર્ઘકાળ સુધી નથી રહેતી. થોડા કાળામાં પાછી વિલય થઈ જાય છે.

જ્યારે શુદ્ધ અંતઃકરણથી જે ભાવના ઉત્પન્ન થઈ હોય એ આવેગની જેમ ભલે ન દેખાતી હોય પણ એનું ધૈર્ય ગંભીર એ બધું જે છે એ ભાવના દિન-પ્રતિદિન વૃદ્ધિગત થતી જાય છે અને એમાં જે આમાં ભરતી પછી ઓટ આવી જાય છે એવું બનતું નથી. એટલે ભાવુકતામાં અને ભાવનામાં અંતર છે. અડગ નિશ્ચય ભાવનાપૂર્વક થવો જોઈએ, માત્ર ભાવુક્તામાં આવીને નહિ. એમ.

મુમુક્ષુ :- ભાવુક્તાથી પરિણતિ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ના. ભાવનાથી પરિણતિ થાય. ભાવુક્તાથી પરિણતિ ન થાય પણ ભાવનાથી પરિણતિ થાય.

મુમુક્ષુ :- નિર્ભ્રાંત દર્શનમાં ભાવનાનું પ્રકરણ છે ને. બહુ સરસ છે. આખું ભાવનાનું પ્રકરણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

શું કહે છે અહીંયાં ? ભલે દુષમકાળ હોય તોપણ એમ કરીને. એ જાણવાનો વિષય છે કે પરિસ્થિતિ વર્તમાનમાં કેવી છે. તેમ છતાં પણ **'અડગ નિશ્ચયથી, સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરી જે...'** જુઓ ! મુમુક્ષુને આ લક્ષ્મણરેખા બાંધી છે. સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરીને. આ વાત એને એકદમ ચુસ્તપણે પ્રતિપાલન કરવા જેવી છે. આજ્ઞા બહાર ગયો તો ગયો. ક્યાં ગયો કેટલો નીચે ગયો એનું કહેવું, એનો પત્તો લાગવો મુશ્કેલ છે. બચવું હોય તો. કેમકે એ વગર એને ખબર નથી કે મારે શું કરવું અને શું ન કરવું. એને ખબર નથી. આમ

Doctor નું બધું માનવું પડે. Heart નો દુઃખાવો થયો હોય તો Doctorનું બધું માનવું પડે. ત્યાં Doctor એમ કહે કે અડધી જ ગોળી જ લેવાની છે તો અડધી. પા કહે તો પા. પાંચ કહે તો પાંચ. બોલવાનું બંધ એટલે બોલવાનું બંધ. ખાવાનું બંધ એટલે ખાવાનું બંધ. બહાર નહિ નીકળવાનું એટલે નહિ નીકળવાનું. એક Hospital માં ગયા હતા. મોઢે પટ્ટી બાંધીને વાત કરવાની. તમારા ચપ્પલ બહાર કાઢો. ઓલા Sterilised બહાર મૂક્યા છે Sleeper (પહેરીને) અંદર જાવ. ઉઘાડા પગે નહિ. ઈ જેટલું કહે એટલું અક્ષરસઃ પાલન કરવું પડે. ગંભીર રોગ હોય તો. અને ... દે એવું લાગતું હોય તો. પછી ઉથલો મારશે તો ખલાસ. Case પૂરો થઈ જશે. આત્માર્થે પણ એવું ચૂસ્ત પ્રતિપાલન કરવાની મુમુક્ષુની દઢ વૃત્તિ હોવી જોઈએ.

એવું '**અનુસંધાન કરી જે પુરુષો અગુમવીર્યથી...**' જુઓ ! કેવો શબ્દ વાપર્યો છે ! વીર્યને ગોપવીને નહિ. એમ કહે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે, એના પુરુષાર્થના વર્તમાન ઉઘાડમાં, પુરુષાર્થની વર્તમાન ઉઘડેલી પર્યાયમાં, પ્રગટ પર્યાયમાં તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરી શકે, મોક્ષમાર્ગમાં આવી શકે એવી શક્યતા છે, યોગ્યતા છે અથવા ક્ષમતા છે. પણ આ જીવ પૂરી શક્તિ કામે લગાડતો નથી. શક્તિને વહેંચી નાખે છે. અધૂરી શક્તિ કામે લગાડે છે. થોડી સંસારના કાર્યોમાં, થોડી દૈહિક કાર્યોમાં અને થોડીક...

એમાં વીર્ય ગોપવે એટલે શક્તિને ગોપવે. જેમ આપણે માણસ નથી કહેતા કે આ માણસ ધારે તો આટલું મોટું દાન દઈ શકે એમ છે. પણ બહુ ઓછા આપે છે. (શક્તિ) તો મોટી દેખાતી હોય પણ એના પ્રમાણમાં ઓછા આપે છે. કેમ ? કે એ પોતાની શક્તિને ગોપવે છે. એમ નથી કહેતા ? શક્તિ તો ઘણી છે. જેની પાસે કરોડો-અબજો હોય એ લાખ રૂપિયાનું દાન આપે એમાં શું ? બે-પાંચ લાખનું દાન આપે એમાં શું ? એ તો કાંઈ ન કહેવાય. એ તો દસ-વીસ-પચ્ચીસ લાખ આપી શકે. છતાં બહુ મહેનત કરો ત્યારે લાખ, બે લાખ, પાંચ લાખ માંડ માંડ લખાવે. તો કહે એ એની શક્તિ ગોપવે છે. એ તો દૃષ્ટાંત છે.

એમ પુરુષાર્થમાં પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરી શકીએ એવી શક્યતા, એવી યોગ્યતા પુરુષાર્થમાં છે. છતાં આ જીવ પોતાની શક્તિનો ઉપયોગ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં કરવાને બદલે જે એનું વ્યવહારિક જીવન, દેહનું જીવન જીવવામાં જે એને પુરુષાર્થ ખર્ચવો છે એટલે એને આત્મામાં પુરુષાર્થ ખર્ચવાની જગ્યા રહેતી નથી.

અહીંયાં એવું છે કે એકવાર પૂરી શક્તિથી પાછળ પડ્યા વિના (ખામ થતું નથી). એવો અભિપ્રાય તો બંધાય જવો જોઈએ કે પૂરી શક્તિથી આજે આ કામ કરી લેવું છે.

કાલની વાત કાલે. એવી ચર્ચાઓ ચાલી છે કે બીક લાગે છે કે જો સંસારિક કાર્યોમાંથી પુરુષાર્થ અને લક્ષ ઓછું કરી નાખશું તો પછી પ્રતિકૂળતાઓ આવી પડશે, નુકસાન જાશે, પ્રતિકૂળતાઓ આવી જશે તો શું કરશું ? આવી એક બીક લાગે છે. હવે પુરુષાર્થ અને લક્ષ આપશે તો પ્રતિકૂળતા નહિ આવે એની કોઈ Guarantee ખરી ? તો કહે ના. એ તો નથી દેખાતું. એવી કોઈ Guarantee નથી દેખાતી. તો પછી કેવી રીતે બધું બને છે ? તમારા લક્ષથી અને પુરુષાર્થથી બરાબર થાય છે ? ન હોય તો બરાબર ન થાય એવું કાંઈ બને છે ? નહિ. હવે એમ કહી શકાય એવું નથી. પહેલાં ભલે એમ માનતા હતા. હવે તો એમ કહી શકાય એવું નથી. તો ક્યારે ? કે ત્યારે તો ભય છે. સમજીએ છીએ કે પૂર્વ પ્રારબ્ધપણે નફો-નુકસાન થવાના છે તોપણ ભયને લીધે એ બાજુનું લક્ષ અને પ્રયત્નો છોડી શકાતા નથી. અને જ્યાં સુધી એવી દશા છે ત્યાં સુધી સમજી સમજીને, વાંચી વાંચીને, સાંભળી-સાંભળીને ગમે તેટલું સમજે છતાં પુરુષાર્થ ઉપડે એવું નથી. કેમકે પુરુષાર્થ બીજી જગ્યાએ જાય છે. પુરુષાર્થ તો બીજી જગ્યાએ જવાનું ચાલુ જ છે. એટલે એ પુરુષાર્થ ત્યાંથી પાછો વાળવા માટે તો આ બાજુ લગાવે તો જ પાછો વળે. એકવાર તો એણે પૂરી શક્તિથી આત્મકલ્યાણ કરવાનો નિર્ધાર કરીને એ દિશામાં પ્રયત્ન ચાલુ કરી દેવો જોઈએ અને ઉપેક્ષા આવી જવી જોઈએ.

જે સંયોગોની અપેક્ષાવૃત્તિમાં ઊભો છે એ સંયોગોની ઉપેક્ષાવૃત્તિમાં ન આવે ત્યાં સુધી પુરુષાર્થ એ બાજુથી ખસે એવું બની શકવા યોગ્ય નથી. બહુ Scientific છે- એકદમ વૈજ્ઞાનિક છે આ. કેમકે ચીજ એક છે. અને એનો ઉપયોગ કરવાના સ્થાન બે છે. એક આત્માનું કલ્યાણ કરવું, પુરુષાર્થ એક ચીજ છે. કાં તો આત્માના કલ્યાણ કરવામાં વાપરે, કાં તો આત્માનું અકલ્યાણ કરવામાં વાપરે. આ વિવેક કરવાનો છે કે મારે મારું અકલ્યાણ કરવું છે કે મારે મારું કલ્યાણ કરવું છે. કલ્યાણ કરવું હોય તો મારે પૂરી શક્તિથી જવું જોઈએ. જેમ થાવું હોય તેમ થાવ. જેમ થવાનું હશે તેમ થશે. પણ મારે મારું આત્મકલ્યાણ સાધી લેવું છે. એમાં કાંઈ બાંધછોડ કરવી નથી.

'**અગુપ્તવીર્ય...**' શબ્દ વાપર્યો છે. '**જે પુરુષો અગુપ્તવીર્યથી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રને ઉપાસવા ઈચ્છે છે, તેને પરમ શાંતિનો માર્ગ...**' આજે પણ, અત્યારે પણ '**હજી પણ પ્રાપ્ત થવા યોગ્ય છે.**' ભલે આ દુષમકાળ છે તોપણ. દુષમકાળ છે એટલે નહિ થાય એમ હારી જવાની જરૂર નથી. અગુપ્તવીર્યથી, દઢ નિશ્ચયથી માર્ગને ઉપાસવામાં પોતાના પુરુષાર્થને યોજે તો Guaranted કામ થાય એવું છે. આજે પણ, 'કઈ નર પંચમકાળમેં દેખી વસ્તુ અભંગ.' કહ્યું કે નહિ ? દેખી વસ્તુ અભંગ. અભેદ અભંગ સ્વરૂપ, અખંડ સ્વરૂપ આ કાળમાં પણ ઘણાંએ દર્શન કર્યા છે, કરી શકે છે. એ

પણ આપણા જેવા જ મનુષ્યો છે. જેણે પ્રાપ્ત કર્યું એ મનુષ્યો આપણા જેવા જ પહેલા હોય છે. કોઈ બીજી જાતના હોય છે એવું કાંઈ હોતું નથી.

મુમુક્ષુ :-બે લીટીમાં નિર્ભ્રાંતદર્શના ત્રણે મુદ્દા આવી ગયા. ભાવના, સત્પુરુષનો યોગ અને સ્વરૂપ નિશ્ચય.

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષની આજ્ઞામાં તો બીજું પ્રકરણ આખું લખેલું છે. ૩૦ પાનાનું. સત્પુરુષની આજ્ઞા શું ચીજ છે એ સમજવા માટે તો આખું પ્રકરણ વિસ્તારથી લખ્યું છે. એક જ મુદ્દા ઉપર લખ્યું છે. ધર્મના ક્ષેત્રમાં આવ્યા પછી જે કોઈ મોટામાં મોટી ક્ષતિ રહી જાય છે, તો આ રહી જાય છે.

એટલે 'કૃપાળુદેવ'ના અનુયાયીઓને પૂછીએ કે પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાના વિષયમાં ત્યાં પણ ચર્ચા નથી, ત્યાં પણ વિચારણા નથી અને એ બાજુનો લક્ષ પણ જોવામાં આવતો નથી. આપણને પણ 'ગુરુદેવ' પ્રત્યક્ષ મળી ગયા છતાં પણ એ સત્પુરુષની આજ્ઞા શું, એ વિષયની ચર્ચા કે એ વિષયનો વિચાર આપણા સમાજમાં પણ જોવામાં આવતો નથી. જે મુદ્દો બહુ કિંમતી છે, જે મુદ્દો અત્યંત કિંમતી છે એની ઉપેક્ષા અથવા અજાણપણું જોવામાં આવે છે. બહુ મહત્ત્વનો વિષય છે.

ગંભીર રોગ હોય એ અબજપતિ માણસ હોય તો એને Hopital માં Hopitalised શું કરવા કરે છે ? કેમ એના ઘરે Doctor ને નથી બોલાવી શકતો ? Nurse ને નથી રાખી શકતો ? ચોવીસ કલાક Nurse રાખી હોય તો ? Male nurse, Female nurse બધા મળે છે. અને પૈસા દેતા તો એકના બદલે પાંચ મળે. એક મળે તો બે મળે અને બે મળે તો પાંચ મળે. Doctor પણ એકના બદલે પાંચ મળે. શા માટે એને Hospitalised કરે છે ? કે Under strict medical supervision એને રાખવાની જરૂર છે. એવો દર્દી છે.

એમ આ સંસારીજીવ કેવો દર્દી છે ? કે સત્પુરુષની નજરમાં, સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરીને રહે તો જ એનું આત્મકલ્યાણ થાય અને નહિતર ન થાય. અવર્ણવાદ બોલવો, પંદર આની બોલવું એ તો વાત જ નથી. એનો તો Class જ નથી. એનો વિચાર પણ કરવા જેવો નથી. ઉપેક્ષા કરવી એનો પણ કોઈ Class નથી. પણ એની આજ્ઞામાં રહેવાની વૃત્તિનું અનુસંધાન જેણે કર્યું હોય તોપણ તેઓ અગુપ્તવીર્યથી પુરુષાર્થ કરે, તોપણ પાછું. અગુપ્તવીર્યથી પુરુષાર્થ કરે તો પામે અને નહિતર ન પામે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણું ઘણું મૂકી ગયા છે એ તો.

વાત એમ છે કે સત્પુરુષ એટલે કોણ ? આ કાળે મુનિ અને તીર્થંકરદેવનો, સર્વજ્ઞદેવનો યોગ નથી, કેવળીનો યોગ નથી, તીર્થંકર તો ચાલો ચોવીસ પૂરા થયા. પણ વચ્ચે વચ્ચે કેવળીઓ થાય છે. તો એનો કાળ ગયા, વિચ્છેદ ગયા. તો સત્પુરુષ કોણ છે ? કે જેને કેવળજ્ઞાનની લબ્ધિ ઉત્પન્ન કરી છે તે સત્પુરુષ છે. છે ? 'ગુરુદેવ' કહેતા હતા. જ્યારે કોઈ જીવને સ્વાનુભવ થાય છે ત્યારે તે જ કાળે એને કેવળજ્ઞાનની લબ્ધિ ઉત્પન્ન થાય છે. અને એના અનુસંધાનમાં વચનામૃતમાં ઘણા સારો બોલ આવ્યો છે કે બાર અંગધારી ગણધરદેવ જે ન્યાય કાઢે તે ન્યાય સત્પુરુષ કાઢી શકે એમ છે. કેમ ? કે એની પાસે લબ્ધિ છે. ગણધરદેવને બાર અંગની લબ્ધિ પ્રગટ છે. અને સત્પુરુષને કેવળજ્ઞાનની લબ્ધિ છે. પણ એમને લબ્ધમાં પડ્યું છે અને આમને લબ્ધિમાં પડ્યું છે એટલો ફેર છે. બાર અંગ લબ્ધમાં પડ્યા છે. જ્યારે આમને લબ્ધિ છે.

લબ્ધિ અને લબ્ધમાં ફેર છે. લબ્ધિ છે એ ઋદ્ધિ-સિદ્ધિ જેવી વાત છે. તેને ખબર પણ નથી કે મને કેટલી લબ્ધિ છે. આ મુનિઓને થાય છે ને ? ચોસઠ ઋદ્ધિધારી વગેરે. એને ખબર પણ ન હોય ક્યારે કેટલી લબ્ધિ ઉત્પન્ન થઈ છે. કોઈ વખત વિકલ્પ આવે અને પ્રયોગ થઈ જાય ત્યારે ચમત્કાર લાગે. એમ સમ્યગ્દૃષ્ટિ કોઈ ન્યાય કાઢે ત્યારે ચમત્કાર લાગે. અને એવા ઘણાં ચમત્કારો છે. એવા ઘણાં ચમત્કારો આ ગ્રંથમાં છે, 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં છે, 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં છે અને 'સમયસાર'માં 'જયચંદ્રજી'ના ભાવાર્થમાં એવી વાતો ઘણી છે. પાંચમી ગાથાનો ભાવાર્થ જુઓ, અગિયારમી ગાથાનો ભાવાર્થ જુઓ, 'ગુરુદેવ' પોતે આમ આફરીન થઈ જતા. ટીકામાં આચાર્યોએ નથી લખ્યું એ 'જયચંદ્રજી' આમાં કાઢે છે. ભાવાર્થમાં કાઢે છે. ક્યાંથી કાઢે છે ? એ તો મહા આચાર્યો છે. તો કહે એમને પણ કેવળજ્ઞાનની લબ્ધિ છે અને આમને પણ કેવળજ્ઞાનની લબ્ધિ છે. એ તો સમ્યગ્દર્શન થયું એ બધાને કેવળજ્ઞાનની લબ્ધિ છે. પણ એનો પ્રયોગ ક્યારેક થાય, થઈ જાય ક્યારેક. એનો પ્રયોગ ક્યારેક થઈ જાય. એવી વાત છે. નીકળી જાય ત્યારે નીકળી જાય. લબ્ધિ છે એ લબ્ધિ છે. એટલો મહિમા છે.

શું કહે છે ? એટલે બધી વાતો એવી આવે છે. એટલા માટે એમણે એક જગ્યાએ પોતે લખ્યું છે કે '**સત્પુરુષના એક શબ્દમાં અનંત આગમ રહેલા છે.**' એના ઉપર તો 'ગુરુદેવે' રાત્રિ ચર્ચા કરી હતી. બહુ જ ઉલ્લાસિત પરિણામથી, બહુ જ પ્રમોદભાવથી કરતા હતા. એવો .. છે કે એક વચનમાં અનંત આગમ ભરેલા છે. એક શબ્દમાં, હોં ! વચનમાં નહિ. એક શબ્દમાં અનંત આગમ ભરેલા છે. એક આગમ નહિ, અનંત આગમ ભરેલા છે. કેમ ? કે કેવળજ્ઞાનની લબ્ધિ લઈને બેઠા છે. એનો એક શબ્દ નીકળે એમાં અનંત આગમ ભરેલા છે. બહુ પ્રમોદ કરતા. રાત્રિ ચર્ચામાં.

મુમુક્ષુ :- એક શબ્દ કોઈ અજ્ઞાનીનો હોય અને એ જ શબ્દ જ્ઞાનીનો હોય તો આશયફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આશયફેર છે. અજ્ઞાની અંધારામાં છે અને જ્ઞાની અજવાળામાં છે. ચૈતન્યના પ્રકાશમાંથી બોલે છે. એ શબ્દનું Background શું છે ? ..ભૂમિ શું છે એની ? પાર્શ્વભૂમિ શું છે ? આ પાર્શ્વ ગાયક કહે છે ને ? પડદા પાછળ ગાય. ગાતો દેખાય બીજો અને ગાતો હોય બીજો. એમ શબ્દની પાછળ એની પાર્શ્વ ભૂમિ શું છે ? કે એની પાર્શ્વભૂમિ, એની ધ્વનિનો આધાર સાક્ષાત્ પરમેશ્વરપદ છે. જેના અવલંબને એનું શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વર્તે છે એવું પરમોત્કૃષ્ટ તત્ત્વ. એની પાસે કેવળજ્ઞાનની પર્યાય અનંતમા ભાગે છે. કેવળજ્ઞાનની પર્યાયની મહિમા કરી, આગમની મહિમા કરી પણ એ અનંતમા ભાગે છે. એવો પરમોત્કૃષ્ટ પદાર્થ, એવા અનંત જ્ઞાનનો ધણી, એના આધારે ઉત્પન્ન થયેલી, એ ભૂમિમાંથી ઊગેલી ચીજ છે એ. ક્યાંથી ઊગી છે એ તો વિચાર કરો. શેમાંથી ઊગી એ ચીજ છે ? એ ભૂમિમાંથી ઊગેલી ચીજ છે.

આચાર્યોએ સમ્યગ્દૃષ્ટિને વંદન કેમ લખ્યા ? નમસ્કાર અને વંદન કેમ લખ્યા ? આપણે જે ૧૭૫ આધાર મૂક્યા છે ને ? ૫૫-૬૦ આગમ છે એ બધા આચાર્યો અને મુનિઓના છે. કોઈ સમ્યગ્જ્ઞદૃષ્ટિઓના નથી લખ્યા. કેમકે વિષય સમ્યગ્દૃષ્ટિને વંદનનો છે એટલે સમ્યગ્દૃષ્ટિ લખે એ તો આરોપ (કરે) કે એ તો પોતાના માટે આમ કર્યું હશે. અવળું લેવું હોય એને તો કાંઈ ઉપાય નથી. એટલે એકેય આધાર 'શ્રીમદ્જી'નો નહિ, 'બનારસીદાસજી'નો નહિ, એકેય આધાર 'ટોડરમલજી'નો નહિ. કોઈનો નથી લીધો. બધા મુનિઓના આધાર લીધા છે. ૫૫-૬૦ ગ્રંથમાંથી. એમને શું કહેવું છે એની અંદર ?

ભાઈ ! પરમોત્કૃષ્ટ પદાર્થ આત્મામાંથી ઊગેલી વાત છે. એ અમારી નાતમાં ભળેલો છે. મુનિરાજ છે એ તીર્થંકરદેવના મોટા પુત્ર છે, અને આ નાનો પુત્ર છે. લઘુનંદન છે. એમાં બીજો કોઈ ફેર નથી. છે એ જ ચીજ છે, બીજી ચીજ નથી. એટલે એ વાત કરી.

મુમુક્ષુ :- વચનામૃત...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે આપણે ત્યાં તમે જોયા હોય તો. મેં તો જોયા છે. 'કૃપાળુદેવ'ના ગ્રંથને ચાંદીનું પૂઠું ચડાવ્યું છે. બે ગ્રંથને. અને એક કેસમાં રાખતા હતા. 'કૃપાળુદેવ'ના ગ્રંથને સોનગઢમાં... મારા પ્રવેશ પહેલાની વાત છે. ચાંદીના પૂંઠા ચડાવીને એક કેસમાં મૂકેલા છે. બે ભાગમાં આવતા હતા ને ? એટલે બેય ગ્રંથને ચાંદીના પૂંઠા ચડાવેલા હતા. અને એક પ્રવચનમાં 'ગુરુદેવ' બોલ્યા છે. ટેપમાં રહી ગયું

છે. જુઓ ! ઓલો ફોટો છે ને ? આગળ ઓલા 'શ્રીમદ્'ના ચાંદીના ગ્રંથો પડ્યા ને એની ઉપરનો જે ફોટો છે ને ? એમ બોલ્યા છે. એટલે ઈ ટેપમાં આવી ગયું છે. ત્યારે યાદ આવ્યું. નહિતર તો આપણે ભૂલી ગયા હતા. એ ગ્રંથનો પણ મહિમા ઘણો કર્યો છે, પોતે સ્વાધ્યાય પણ કર્યો છે અને પોતે સ્વાધ્યાય કર્યો છે એ શું બતાવે છે ? મિથ્યાદષ્ટિના ગ્રંથનો સ્વાધ્યાય જ્ઞાની ન કરે. સ્વાધ્યાય ક્યારે કરે ? સ્વાધ્યાયમાં તો આત્મલક્ષ હોય, હિતનું લક્ષ હોય છે.

'પૂજ્ય બહેનશ્રી'એ પણ એ ગ્રંથનો સ્વાધ્યાય કર્યો છે. એકાવતારી છે, 'સોગાનીજી' એકાવતારી છે. ફાટ ફાટ દષ્ટિનો Power છે. છેલ્લે દિવસે 'શ્રીમદ્'નો ગ્રંથ લઈને બેઠા હતા. છેલ્લે દિવસે, દેહાંત થયું તે દિ' તે જ ગ્રંથ હાથમાં હતો. જ્ઞાનીઓ જેને સાક્ષાત્ પરમાત્મદર્શન વર્તે છે, પરમાત્મા પ્રગટ્યો છે આનો ગ્રંથ લે છે તો એમાં છે શું ? એ તો કાંઈ વિચારવું જોઈએ કે ન જોઈએ ? અને જ્યારે 'ગુરુદેવ' એમ કહે છે કે એ આગમ છે. પછી પધરાવવા, ન પધરાવવાનો પ્રશ્ન બાજુમાં રહી જાય છે. આગમ છે અને ન પધરાવવા. બે વાતને કાંઈ મેળ ખાય છે ? એ તો આખી વિરુદ્ધ વાત થઈ ગઈ. એને આગમ કહેવું પણ પધરાવવું નહિ. વાત જ વિરૂદ્ધ થઈ ગઈ. આગમ તરીકે તો 'ગુરુદેવે' પ્રત્યક્ષ સંમત કરેલું છે. એ તો કોઈની સાંભળેલી વાત નથી. સામે સામે જ થયેલી વાત છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ની હાજરીમાં આ કાર્ય થયું...

પૂજ્ય ભાઈશ્રી :- થયું ને. કહું છું ને ચાંદીના પૂંઠા ચડાવ્યા છે. તો થયું જ કહેવાય ને.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' ... 'સોનગઢ'માં...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો કોઈ શ્વેતાંબરના પુસ્તક આપો જોઈ ચાંદીનું પૂઠું ચડાવીને ? બીજું કોઈ પુસ્તક આપો જોઈ, .. પુસ્તક આપો જોઈ. સ્વીકાર્યું ક્યારે ? એનું બહુમાન કર્યું ક્યારે ?

મુમુક્ષુ :- સ્વીકાર્યું હોય તો જ કરે ને.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વીકાર્યું હોય તો જ કરે.

મુમુક્ષુ :- ૐ લખતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૐ કરી દેતા હતા. આ પુસ્તક આપો ત્યારે ૐ કરી દેતા હતા. આખો ૐ કરી દેતા હતા. એ Registered mark થઈ ગયો. 'ગુરુદેવ'ની સહિ થઈ ગઈ. એના ઉપર 'ગુરુદેવ'ની સહિ થઈ ગઈ. એમનો Cheque પાછો ફરે નહિ. અબજપતિ, કરોડપતિનો Cheque પાછો ફરે ? સહિ કરી એટલે ખલાસ. આ તો સહિ

કરી દીધેલી.

મુમુક્ષુ :- ... સહિ કરાવવા ... રૂબરૂ વાત થયેલી. ૐ કરાવવા ગયા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- મારે તો સીધી જ ચર્ચા થયેલી છે 'ગુરુદેવ' સાથે. પ્રત્યક્ષ જ સામે-સામે ચર્ચા થઈ હતી. અમારા બે વચ્ચેની વાત છે. કોઈ બીજા ત્રીજા વચ્ચેની વાત પણ નથી. પછી ક્યાં પ્રશ્ન જ છે. વાતમાં શંકા કરવી એ મુમુક્ષુને યોગ્ય નથી.

જ્ઞાનીના ગ્રંથોનું, જ્ઞાનીના આચરણોનું, જ્ઞાનીના વચનોનું કે જ્ઞાનીની કોઈ વાતનું મુમુક્ષુઓ કોઈ તુલના કરવી, સરખામણી કરવી, ચર્ચા કરવી, ... વાત કરવી એ અધિકાર બહારની વાત છે. અપરાધમાં પડવા માટેનું એ કામ છે. તમને શ્રદ્ધા હોય તો માનો, બીજાના શ્રદ્ધા હોય તો નહિ માનવા માટે જરાય આગ્રહ રાખવો નહિ. તમારા આત્મામાં શ્રદ્ધા ન થતી હોય તો મૌન રાખો તો થોડો ઓછો અપરાધ થશે. પણ બીજાને બહુમાન હોય એ ઘટાડવા માટેનો કોઈ પ્રયત્ન કરવો એ તો જરા પણ કરવા યોગ્ય નથી. કેમકે એ ચર્ચા કરવાનો અધિકાર નથી. આ જ્ઞાની કરતા આ જ્ઞાનીનું વચન સારું, આ જ્ઞાની કરતા આ જ્ઞાનીનું વચન, આ જ્ઞાનીનું પુસ્તક આમ અને આ જ્ઞાની... એ બિલકુલ મુમુક્ષુનો અધિકાર નથી. એ યોગ્યતા વગરની વાતો છે. કોઈ ડોક્ટરી લાઈન આપવા જાય તો ડોક્ટર ફેંકી દે. આઘો જા... આઘો જા... તારું કામ નથી આમાં. મારી વાતમાં બડબડ કરીશ નહિ એમ કહી દે. અહીં તો ઠેકાણા ન હોય ને વચ્ચે કૂદવા માંડે. હજી તો કાંઈ યોગ્યતાના ઠેકાણા ન હોય, સમજણના ઠેકાણા ન હોય, વાંચનના ઠેકાણા ન હોય અને જ્ઞાનીઓના Judgement આપવા માંડે. એ તો વધારે પડતો સ્વચ્છંદ થયો. સ્વચ્છંદ એટલો દુઃખી રહે. એ હદ બહારનો સ્વચ્છંદ છે.

મુમુક્ષુ :- આપણા એક મુમુક્ષુ 'ગુરુદેવ'ને સલાહ આપવા ગયા હતા. 'બહેનશ્રીના વચનામૃત' વાંચો છો એમાં મિથ્યાત્વ લાગે છે. 'ગુરુદેવે' બહુ ખખડાવ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વચ્છંદ વધે ત્યારે તો કાંઈ કહેવાય નહિ.

મુમુક્ષુ :- વચનામૃત માટે તો કહ્યું, એક લાખ છપાવો. બીજા આગમો માટે કાંઈ આદેશ નથી આપ્યો. બીજા આચાર્યોના...

પૂજ્ય ભાઈશ્રી :- બધું આવી ગયું એમાં. બધા જ્ઞાની આવી ગયા. આડોડાઈ કરવી હોય તો એમ પણ કરે છે, બહેનશ્રીના વચનામૃત એક લાખ છપાવવાના કીધા અને 'સમયસાર'નું કાંઈ ન કીધું, 'કુંદકુંદાચાર્ય'ના વચનો એના કરતા ઓછા છે કાંઈ ? નીચા છે કાંઈ ? હવે, બાપુ ! એ ચર્ચા કરવાને તું લાયક નથી. મૂકને માથાકૂટ. નકામો અપરાધમાં પડી જઈશ તું. તર્ક કાઢવામાં તો હજાર તર્ક કાઢે માણસ.

મુમુક્ષુ :- 'સમયસાર' તો છપાયા જ કરે છે. ચાલીસ વર્ષથી એકાધારા છપાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આના માટે આમ બોલ્યા હતા, આમ નહોતા બોલ્યા. તર્ક કાઢવો છે એને તો શું છે, શબ્દોની જ મારામારી કવાની છે ને. ઠીક ! એ અધિકાર બહારની વાત છે. અણસમજણની બધી વાતો છે અને આત્માને બહુ મોટું નુકસાન છે. સૌથી મોટી વાત એ છે કે એવા પરિણામ થવામાં આત્માને દર્શનમોહનીનો બહુ લાંબી સ્થિતિમાં બંધ પડે છે. કેવો ? દર્શનમોહનીયનો અનુભાગ પણ તીવ્ર પડે અને સ્થિતિ પણ તીવ્ર પડે. અને એ ધ્રુજારી આવી જાય એવી વાત છે. કેવી વાત છે એ ? ધ્રુજારી આવી જાય.

મુમુક્ષુ :- નરક-નિગોદમાં જાવું ૩૩ સાગરથી વધારે..

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સાતમી નારકીના અનંતા ભવ પડ્યા છે. એ દર્શનમોહનીમાં સાતમી નારકીના અને નિગોદના અનંતા ભવ પડ્યા છે. વિચાર કરવા જેવો નથી, વિકલ્પ સુદ્ધા કરવા જેવો નથી. ભય પામવા જેવો વિષય છે. સાતમી નારકી પસંદ કરીશ પણ દર્શનમોહનીયને પસંદ નહિ કરું એમ કીધું છે. કેવી વાતો લખી છે ! મને સાતમી નારકી પસંદ છે, દર્શનમોહનીય મને પસંદ નથી. એ તો ભયંકર ભાવ છે. બહુ વિચારવા જેવું છે.

સર્વ જ્ઞાનીપુરુષોની સત્સંગની ઉપાસના કરવા, આજ્ઞા છે. તેમાં રહસ્ય એ છે કે પાત્ર જીવને, વિશેષ ગુણીના પરિચયથી તેનું પરિણમન જોવા મળે છે. જેથી પોતાના પરિણામ ઉપર તુરત સીધી અસર આવે છે. પરિણામ ઉપર અસર થવાનો આ સુગમ અને શ્રેષ્ઠ ઉપાય છે- પ્રયોગ છે અનેક ગ્રંથના પઠનથી જે અસર થાય, તેથી વધુ અસર આ પ્રયોગે થાય છે. કારણકે આ અનુભવ પદ્ધતિ છે. આવુ 'સત્સંગ-રહસ્ય' જેને સમજાય છે, તેને સત્સંગનું ખરું મૂલ્યાંકન થાય છે, અને તે સર્વાર્પણબુદ્ધિએ સત્સંગને ઉપાસે છે.

(અનુભવ સંજીવની-૧૩૮૦)

તા. ૧૬-૯-૧૯૯૨, પત્રાંક - ૮૩૨ થી ૮૩૩
પ્રવચન નં. ૪૦૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૩૨. પાનું-૬૨૦.

છેલ્લો એ વિષય ચાલ્યો. '**દુષમકાળનું પ્રબળ રાજ્ય વર્તે છે,...**' એટલે કે ધર્મ પામવા માટે કાળ એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. સંયોગો, વાતાવરણ અનુકૂળ નહિ હોવા છતાં, અત્યંત પ્રતિકૂળ હોવા છતાં. કેમકે જ્ઞાનીઓનો સંગ થવો મુશ્કેલ છે, મુનિઓ, સર્વજ્ઞ છે નહિ અને જીવોના પરિણામો અનેક પ્રકારે ચિત્ર-વિચિત્રપણે છે, પોતે પણ હિનવીર્ય છે, અસત્સંગ ઘણો છે, કુસંગ પણ ઘણો છે. એમ અનેક પ્રકારે ધાર્મિક પ્રવૃત્તિ, ધાર્મિક પરિણામમાં બાધા પહોંચે એવા સંયોગો હોવા છતાં પણ જે કોઈ જીવ '**અડગ નિશ્ચયથી, સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરી...**' એ શરત છે. '**સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરી...**'ને પછી પુરુષાર્થ કરે તો પુરુષાર્થની દિશા એને સમ્યક્ થવા યોગ્ય છે. પુરુષાર્થ તો બધા જીવ પાસે છે પણ એ પુરુષાર્થની દિશા વિપરીત હોય તો ફળ પણ વિપરીત આવે.

અત્યારે દશા સમ્યક્ નથી. દશા સમ્યક્ ન હોય તો કાંઈ વાંધો નહિ. જેની દશા સમ્યક્ છે તેની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કર. તારી પાસે સમ્યક્પણું ન હોય તો જેની પાસે સમ્યક્તા છે તેની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરીને પુરુષાર્થ કર. અને તે પણ '**અગુપ્તવીર્યથી...**' એટલે કે પોતાના પુરુષાર્થને અને શક્તિને ગોપવ્યા વિના. '**સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રને ઉપાસવા ઈચ્છે છે,...**' મોક્ષમાર્ગને ઉપાસવા ઈચ્છે છે, મોક્ષનું કારણ ઉપાસવા ઈચ્છે છે '**તેને પરમ શાંતિનો માર્ગ હજી પણ પ્રાપ્ત થવા યોગ્ય છે.**' તેને અત્યારે પણ આત્માની પરમ શાંતિનો ઉપાય પ્રાપ્ત થઈ શકવા યોગ્ય છે. એ ઉપાય ન થાય એવું કાંઈ અત્યારે નથી.

ભલે બાહ્ય સંયોગો અનુકૂળ નથી તોપણ મુખ્યપણે આ કાર્ય તો અંતરંગ પરિણામોનું છે તેથી તે થઈ શકવા યોગ્ય છે. પરાધીન નથી કાંઈ. એ 'લલ્લુજી' ઉપરનું Post card છે. ત્યાર પછીનો પત્ર છે મુખ્યપણે એમાં પ્રેરણા આપી છે, માર્ગદર્શન આપ્યું છે.

પત્રાંક-૮૩૨

વવાણિયા, જયેષ્ઠ, ૧૯૫૪

દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પના પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઈન્દ્રિયો આર્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે ?

પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઈચ્છું છું. અમારે પરિગ્રહને શું કરવા છે ?

કશું પ્રયોજન નથી.

'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.'

હે આર્યજનો ! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો.

'**દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ.**' વચન કેવું છે જોયું ! આંતરધ્વનિ બહુ સારો છે. જેને Undertone કહેવાય એ બહુ સારો છે. '**દેહથી ભિન્ન...**' એટલે આ ખોખુ છે. અત્યારે જ આ દેહ છે એ ખોખું છે. તેમાં અંદર કોઈ સ્વપરપ્રકાશક પરમજ્યોતિ બિરાજમાન છે. પોતાને પ્રકાશન કરનારી, બીજાને પણ પ્રકાશન કરનારી એવી માત્ર પ્રકાશન કરે છે. બીજા પદાર્થો સારાં-નરસા છે એમ નથી એને. એ પરમજ્યોતિને એવું કાંઈ નથી. માત્ર સ્વપર હયાતીને પ્રકાશ કરનારી પરમ જ્યોતિસ્વરૂપ એવી આ આત્મપરિણતિ-આત્મદશા અને આત્મા, '**તેમાં નિમગ્ન થાઓ.**' એવા પરમજ્યોતિ એવા આત્મામાં નિમગ્ન થાઓ, એમાં લીન થાઓ. એ સિવાય બીજે ક્યાંય લીન થવા યોગ્ય નથી, ઉપયોગ દેવા યોગ્ય નથી, ઉપયોગ લઈ જવા યોગ્ય નથી, લક્ષ કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- આ આત્મા કહીને પ્રત્યક્ષતા કહેવી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરમ જ્યોતિ સ્વપરપ્રકાશક પ્રત્યક્ષ છે ને ? સ્વને પ્રકાશે છે એ પરોક્ષપણે કેમ સ્વને પ્રકાશે ? કે નહિ.

'**દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ...**' ગમે તે અવસ્થામાં એવો જ છે. કોઈપણ અવસ્થામાં આત્મા એવો જ છે. '**એવો આ આત્મા,...**' એવો આ પ્રત્યક્ષ આત્મા, એવો આ વિદ્યમાન આત્મા, એવો મોજૂદ-હયાતી ધરાવનારો આત્મા. '**તેમાં નિમગ્ન થાઓ.**' તેમાં લીન થાઓ. 'હે **આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ,...**' એટલે જેને આત્મકલ્યાણ કરવું છે એ આર્યજનો છે. 'હે **આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.**' એ કોઈ વચનાતીત, મનાતીત એવા કોઈ અવર્ણનીય આનંદનો અનુભવ કરી શકશો. કલ્પના નથી, વાસ્તવિકતા છે. એવી વાત છે. 'હે **આર્યજનો !**' પ્રેરણા આપી છે.

મુમુક્ષુ :- બે લીટીમાં તો રત્નત્ર્ય .. બાર અંગનો સાર...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો વાતે વાતે એવી વાત છે.

'હે **આર્યજનો ! અંતર્મુખ થઈ,...**' સ્વરૂપમાં '**સ્થિર થઈ, તે આત્મામાં જ રહો...**' તે આત્મામાં રહેતા, તે આત્માના અનુભવમાં રહેતા અનંત અપાર આનંદનો અનુભવ થશે. કોઈ એવો અવર્ણનીય આનંદનો અનુભવ થશે કે પછી કાંઈ અતૃપ્તપણું રહેશે નહિ. એક આત્માની તૃપ્તિ ઉત્પન્ન થશે. અને જ્યાં સુધી એવા આનંદની પ્રાપ્તિ ન થાય, આત્માના આનંદની પ્રાપ્તિ ન થાય, અમૃતમય એવો આનંદ છે, કેવો છે ? જેનો આસ્વાદ અમૃત સમાન છે, તેવા આનંદનો અનુભવ થયા વિના જીવને કોઈપણ રીતે ઈચ્છાની આકુળતા શાંત થઈ શકે એવું નથી. કોઈ પ્રકારે પણ એને દુઃખમાંથી શાંતિ ઉત્પન્ન થાય એવું બની શકે એવું નથી. આ એક જ ઉપાય છે. ઈચ્છાની અગ્નિને ઠારવા માટે આત્માનો આનંદ આ એક જ શાંત જળ છે. બીજું કોઈ જગતની અંદર શાંત જળ નથી.

બહુ સારા પત્રો આવે છે. ૮૩૨, ૮૩૩ બહુ સારા પત્રો છે. એમણે પોતાની સ્વરૂપ ભાવનાને પ્રગટ કરી છે. ભલે વચનો આદેશાત્મક છે, પ્રેરણાત્મક છે. તોપણ પોતાની આત્મભાવનાને વ્યક્ત કરી છે. કેમકે પહેલા એમ કહ્યું કે '**આ આત્મા...**' આ આત્મા એટલે પોતાનો આત્મા. '**સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા,...**' આ આત્મા એટલે પોતાનો આત્મા. આવો આત્મા છે એમાં હું નિમગ્ન

થાઉં છું, મારી ભાવના પણ નિમગ્નપણે રહેવાની છે, તમે પણ નિમગ્ન થાઓ.

'સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે;...' જગતના સર્વ જીવો... આ દેખિતી વાત છે, સમજી શકાય એવી વાત છે કે આખા જગતના જીવો, એક કીડી પણ દરની બહાર નીકળવા માટે પ્રવૃત્તિ કરે છે, દરની બહાર નીકળે છે કે નહિ ? તોપણ એ કણ ગોતે છે સુખ લેવા માટે અને હાથી મણ ગોતે છે તોપણ સુખ લેવા માટે. **'સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે;...'** એને પરાધીનપણે સુખ પ્રાપ્ત કરવું છે, કોઈ ચીજ મળે તો સુખ થાય એ કલ્પનામાં પ્રવૃત્તિ કરે છે. પછી **'મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે.'** ચક્રવર્તી પણ એમ કહે છે કે છ ખંડ જીતી લ્યો. જેવું ચક્રરત્ન ઉત્પન્ન થાય એટલે એને છ ખંડ જીતવાના વિકલ્પ આવે છે. એ પણ પોતાના વૈભવને વધારવો, પરિગ્રહને વધારવો, એના સંકલ્પમાં પ્રયત્નવાન છે. અથવા એ પરિગ્રહસંજ્ઞા અનાદિથી છે.

કોઈપણ જીવને કેટલો પણ પરિગ્રહ હોય તો હજી આમ હોય તો ઠીક... હજી આમ હોય તો ઠીક... હજી આમ હોય તો ઠીક... એ કાંઈ ને કાંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં છે. અને મેળવવામાં જ સુખ માને છે. ઈચ્છા થાય છે. ઈચ્છિત પદાર્થની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી આકુળતા વધે છે. ઈચ્છિત પદાર્થની પ્રાપ્ત થતાં કલ્પના થાય છે કે મારે જોઈતું હતું એ મને મળ્યું, મારે જેમાંથી સુખ લેવું હતું એ મળ્યું અને એને એ વખતે આકુળતા થોડી મંદ થાય છે. કેટલી ? થોડીક મંદ થાય છે. એની પાછળ તો આખી જિંદગીના ઢસરડા ઢસડે છે. આકુળતાને થોડી મંદ કરવા માટે જે સાધનો જોઈએ, જે વસ્તુ જોઈએ એની પાછળ આખી જિંદગીનો મોટો ભાગ ખર્ચી નાખે છે.

'અને મેળવવામાં સુખ માને છે; પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.' જુઓ ! શૈલી કેવી કરી છે ! જગત આખું આમ ચાલે છે ત્યારે... એમ કહે છે. આખું જગત આ રીતે ચાલે છે ત્યારે જ્ઞાનીએ કોઈ વિપરીત જ નિર્ણય કર્યો છે કે પરપદાર્થને કોઈ પણ, થોડા પણ પરપદાર્થને ગ્રહણ કરવાનો વિકલ્પ એ જ આકુળતા એટલે સુખનો નાશ છે. એ ગ્રહણ કરવાથી સુખ થશે એવી માન્યતા, એવી ઈચ્છા, એવી સમજણ એ બધું સુખનો નાશ કરવાનું કારણ છે, સુખનો નાશ કરવાના જ સાધનો છે. એના એ જ પરિણામો છે. **'જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ...'** નિર્ણય કર્યો છે.

આગળ પણ બહુ શરૂઆતમાં વીસમાં વર્ષમાં એ વાત પોતે કહી ગયા છે, કે અતિ

બુદ્ધિશાળીને તો જગત પણ માન્ય રાખે છે કે, ભાઈ ! આ કો'ક અસાધારણ બુદ્ધિશાળી જીવ છે. એની બુદ્ધિ માટે કોઈને પણ ઊભા રહી જવું પડે. એવા અતિ બુદ્ધિશાળી જ્ઞાનીઓએ શું કર્યું ? શું સરવાળો માર્યો ? કે જે જગત એની પ્રશંસા કરે, જે જગત એને બહુમાન આપે, એ જગતનો એણે ત્યાગ કર્યો. એકાંત શાંત જંગલમાં જઈને સ્વરૂપની આરાધના કરી, જગતથી છૂટા પડીને. કેવો નિર્ણય લીધો ?

સામાન્ય રીતે કોઈપણ જીવને પ્રશંસા થાય ત્યારે એને ગમે છે અને એ પ્રશંસકોની વચ્ચે રહેવાનું એને મન થાય છે. ત્યારે કહે છે કે આ અતિ મેધાવી પુરુષો હતા. મેધાવી શબ્દ વાપર્યો છે. મેધા એટલે બુદ્ધિ. જેની સમ્યક્ બુદ્ધિ છે, સુબુદ્ધિ છે એને મેધા કહેવામાં આવે છે. અને મેધા જેવી મેધા જેને પ્રાપ્ત છે એને મેધાવીપુરુષ કહેવામાં આવે છે. સાહિત્યની પરિભાષા છે. ચાલુ ભાષામાં એ શબ્દો ઓછા વપરાય છે. ચાલુ ભાષામાં બુદ્ધિમાન, બુદ્ધિશાળી, વિચિક્ષણ એમ વપરાય છે. ત્યાં એવો શબ્દ વાપર્યો છે કે તે અતિ મેધાવીપુરુષોએ એ જગતનો ત્યાગ કર્યો. એની મેધા-એની બુદ્ધિનો એ સરવાળો છે. એમ કહે છે. જેને આખું જગત માન્ય કરે છે કે નહિ, તમારા જેવું કોઈ નહિ, તમે અતિ બુદ્ધિશાળી, શ્રેષ્ઠ બુદ્ધિશાળી, તો એણે એની બુદ્ધિમાં શું નક્કી કર્યું ? કે આ જગતથી છૂટા પડી અને સ્વરૂપના આરાધનમાં નિમગ્ન થાવું. લ્યો ! એમની બુદ્ધિનો એ સરવાળો છે.

મુમુક્ષુ :- બુદ્ધિશાળી એને કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ મેધાવીપુરુષો છે એમ કહેવું છે. એવી શૈલી બહુ કરી છે એમણે. લખવાની શૈલી બહુ કરી છે. કલમમાં શક્તિ ઘણી છે ને.

'વિષયથી જેની ઈન્દ્રિયો આર્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે ?' જુઓ ! જેને હજી આ જોઈએ અને તે જોઈએ... આ જોઈએ ને તે જોઈએ... આ અનુકૂળતા (જોઈએ)... એક અનુકૂળતામાં પાંચેય ઈન્દ્રિયોના વિષયો આવી જાય છે. આટલી અનુકૂળતા જોઈએ, હજી આટલી અનુકૂળતા જોઈએ. અનુકૂળતા આવી હોવી જોઈએ, અનુકૂળતા આમ જોઈએ. એમ જેની ઈન્દ્રિયોમાં આર્તધ્યાન વર્તે છે, અપેક્ષા વર્તે છે, આર્ત્તિ વર્તે છે તેને શાંત શીતળ એવું જે આત્મસુખ છે અને એવું જે આત્મસ્વરૂપ છે, આત્મતત્ત્વ છે એનો વિશ્વાસ, એની પ્રતીતિ ક્યાંથી આવશે કે આત્મામાં સુખ છે ? કેમકે એની સુખબુદ્ધિ તો બહાર પડી છે, અનુકૂળતામાં સુખબુદ્ધિ પડી છે. એને આત્મતત્ત્વની પ્રતીતિ આવી શકે નહિ કે હોઈ શકે નહિ. એમ છે. જુઓ ! વાતને ક્યાંથી ક્યાં લઈ જાય છે !

'પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ...' જુઓ ! ધર્મને ચંદ્રની ઉપમા

આપી છે. '**પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ...**' છે. પરિગ્રહ છે એને રાહુ કહ્યો છે. પરિગ્રહની ઈચ્છા. પરિગ્રહ તો પરપદાર્થ અને અચેતન છે પણ પોતાની જે પ્રત્યેની ઈચ્છા છે એ શીતળ ચંદ્રનો ઘાત કરનાર રાહુ છે. '**પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઈચ્છું છું.**' હું તો તેથી વિરામ પામવાની ઈચ્છા ધરાવું છું. મારી તો એ ભાવના છે કે હવે મારે કાંઈ જોઈએ નહિ. ૩૧મું વર્ષ છે ને ? છૂટા થઈ ગયા છે, વ્યવસાયથી છૂટા થઈ ગયા છે.

'**અમારે પરિગ્રહને શું કરવો છે ? કશું પ્રયોજન નથી.**' જંગલમાં ચાલ્યા જતા હતા. આહાર પણ લેવો હોય તો લે, ન લેવો હોય તો ન લે. એક વખત લેતા. એક રોટલી, દોઢ રોટલી જેવું. ક્યારેક ન પણ લે. તે 'ઉત્તરસંડા'ના જંગલમાં, 'ઈડર'માં ચાલ્યા જતા હતા. '**કશું પ્રયોજન નથી. 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.**'' જ્યાં આત્મશુદ્ધિ ઉત્કૃષ્ટ હોય ત્યાં સિદ્ધિ પણ સર્વોત્કૃષ્ટ છે. પછી કોઈ સિદ્ધિ બાકી રહેતી નથી. રિદ્ધિ-સિદ્ધિમાંથી કોઈ સિદ્ધિ બાકી નથી રહેતી એમ કહે છે. જ્યાં સર્વોત્કૃષ્ટ શુદ્ધિ છે ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે. અને જેટલી માત્રામાં જ્યાં શુદ્ધિ છે એટલી માત્રામાં ત્યાં સિદ્ધિ છે. એમ લેવું. ખરેખર તો સુખની સિદ્ધિ છે, શાંતિની સિદ્ધિ છે. પુદ્ગલની રિદ્ધિ-સિદ્ધિ એ કોઈ રિદ્ધિ-સિદ્ધિ ખરેખર જ્ઞાનીઓની નજરમાં તો નથી. એને તો એ વિષ્ટા તુલ્ય ગણે છે.

એક જગ્યાએ આવશે કે એક શુદ્ધોપયોગમાં સર્વ નિયમ, સર્વ સંયમ, ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટ જપ, ઉત્કૃષ્ટ યાત્રા આદિ બધું એમાં સમાઈ જાય છે. એક શુદ્ધોપયોગમાં બધું સમાઈ જાય છે. ઉત્કૃષ્ટ સંયમ એ એમાં સમાઈ જાય છે. આપણે આ ચાલી ગયું ને દસ ધર્મ ? ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ, આર્જવ એ બધા ઉત્તમ અથવા ઉત્કૃષ્ટ લ્યો. ઉત્તમ અથવા ઉત્કૃષ્ટ લ્યો તો એ બધા એક શુદ્ધોપયોગમાં સમાય છે. શુદ્ધોપયોગની બહાર કાંઈ રહેતું નથી. કેમકે ત્યાં શુદ્ધિ છે.

''**સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.**' **હે આર્યજનો ! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો.**' શું કહે છે ? '**આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો.**' મારો આત્મા એવો છે. સર્વોત્કૃષ્ટ શુદ્ધ એવો આત્મા છે અને એ જ મારું સર્વસ્વ છે. સિદ્ધિ એટલે એ જ મારું સર્વસ્વ છે એમ આત્માપણે તમે અનુભવ કરો. કાલે ચર્ચામાં એ વાત આવી હતી કે સમ્યગ્દર્શન છે એ સમ્યગ્દર્શન પર્યાય નથી પણ સમ્યગ્દર્શન છે તે આત્મા છે. સમ્યગ્જ્ઞાન એ પર્યાય નથી, શુદ્ધોપયોગ એ પર્યાય નથી પણ એ આત્મા છે એમ કહ્યું ત્યાં. આવ્યું ને ? કેમ ? કે અનુભવમાં દ્રવ્ય-પર્યાયના ભેદ જોવામાં આવતા નથી. આ પર્યાય ને આ દ્રવ્ય, આ હેય ને આ ઉપાદેય,

આ મુખ્ય અને આ ગૌણ કાંઈ રહેતું નથી. નિર્દ્વંદ્વ અને અદ્વૈત્ય થઈ જાય છે. એકાકાર અનુભવમાં કાંઈ છે નહિ. ત્યાં છે એમ વિચારવું હોય તો શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ પર્યાય સિવાય બીજું કાંઈ નથી. કઈ રીતે એ દશા પ્રાપ્ત થાય એ વિધિનો વિષય જુદો છે. પ્રાપ્ત થયેલી દશા શું છે એનો અનુભવ જુદો છે.

'હે **આર્યજનો ! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો.**' વાક્ય એટલે એનો વાચ્યાર્થ. સર્વોત્કૃષ્ટ શુદ્ધિ છે ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે એ ભાવનો તમે આત્માપણે, આત્મામય થઈને અનુભવ કરો. એ પત્ર બહુ સારો આવ્યો છે. ૮૩૨ છે. આત્મભાવ વ્યક્ત કર્યા છે, આત્મ ભાવના વ્યક્ત કરી છે.

મુમુક્ષુ :- ૮૩૧, ૮૩૨ બેય સારા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૮૩૧માં તો બે લીટીમાં કેટલું માર્ગદર્શન આપ્યું છે !

મુમુક્ષુ :- શુદ્ધોપયોગમાં સર્વ જિનશાસન સમાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક શુદ્ધોપયોગમાં... 'કુંદકુંદાચાર્યદેવે' એ કહ્યું. પંદરમી ગાથામાં. જ્યાં શુદ્ધોપયોગ થયો '**जिणसासणं सव्वं**'. એ જિનશાસન છે, એ ભાવ જિનશાસન છે. એના વિના જિનશાસન નામમાત્ર છે. જ્યાં શુદ્ધોપયોગ છે, ભાવશ્રુત છે ત્યાં દ્રવ્યશ્રુત આદિ પછી બાહ્ય સાધનોને જિનશાસન કહેવામાં આવે છે. મંદિર છે, શાસ્ત્રો છે, પછી જે એની પ્રાપ્તિ કરનાર એને ઈચ્છનારો જનસમૂહ છે એ બધું જિનશાસન ક્યારે કહેવામાં આવે છે ? ભાવ જિનશાસન હોય ત્યારે. એ ૮૩૨ થયો.

પત્રાંક-૮૩૩

વવાણિયા, જયેષ્ઠ સુદ ૧, શનિ, ૧૯૫૪

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિર થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધસ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે

મહાત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધિચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવથી વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ? નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.

શાંતિઃ શાંતઃ શાંતિઃ

૮૩૩. આ પત્ર પણ બહુ સારો છે. '**સર્વ દ્રવ્યથી,...**' ભેદજ્ઞાનથી શરૂઆત કરે છે. ભેદજ્ઞાન, સ્વરૂપમહિમા બે વિષય આ પત્રની અંદર વધારે આવ્યા છે. '**સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.**' પહેલાં જ એમણે માંગળિક કર્યું છે. પત્રના ઉદ્ઘાટનમાં પોતાના સ્વરૂપમાં સ્થિર થયા. કેમ કરતા સ્થિર થયા ? કે પ્રથમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ હતો. તે કોઈપણ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોવા છતાં જેને એનો પ્રતિબંધ રહ્યો નથી. જેના પરિણામ કોઈપણ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી બહારમાં ખેંચાતા નથી, પ્રતિબદ્ધપણાને પામતા નથી, રોકાતા નથી, અટકાતા નથી અને પોતાની સ્વયંની શક્તિથી જે અંતર્મુખ થાય છે. ગમે તેવી પિડા હો, વેદના હો, સાતમી નારકીની વેદના હો તોપણ સમ્યગ્દૃષ્ટિ ત્યાં અંતર્મુખ થાય છે કે નહિ ?

'સોગાનીજી'એ લીધું છે. રૂવાંડે-રૂવાંડે ધગધગતા સૂયા કોઈ (પરોવે) તોપણ તૈયારી છે. આ બધા Extreme point સુધીનો અભિપ્રાય છે. ચારિત્રની અપેક્ષાએ ભલે અસ્થિરતા આવે પણ અભિપ્રાય, શ્રદ્ધા એટલે શ્રદ્ધા ને જ્ઞાન-અભિપ્રાય જ્ઞાનનો પર્યાય છે, એમાં તો એમ જ છે કે મને કોઈ સ્પર્શી શકતું નથી. અવ્યાબાધ એવા મારા સ્વરૂપમાં કોઈ બાધા પહોંચાડી શકે એવી કોઈની પહોંચ નથી.

એ રીતે '**સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.**' પોતાના સ્વરૂપમાં સ્થિત થયા. ખાસ કરીને એમની મુનિદશાની ભાવના વિશેષ હતી. મુનિઓ છે એને કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ હોતો નથી. '**દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અપ્રતિબંધ વણ, વિચરવું ઉદયાધીન વિત્તલોભ જો.**' વિત્તલોભ એટલે અપેક્ષા વગર. આમ હોય તો ઠીક એ વાત અમને રહી નથી.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ આ બધા પદો અમને લખ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાને જ લખ્યા છે. એમ જ લાગે. લાગે તો એમ જ.

પોતાના સ્વરૂપમાં સ્થિત થયા. એવું શું હશે સ્વરૂપમાં ? કે સ્વરૂપમાં એવું જ કોઈ સ્વરૂપ છે કે, 'જગત ઉલ્લંઘી જાય જિનેશ્વર ગાઉ હું રંગ શું ?' આખા જગતનું ઉલ્લંઘન કરી જાય એવું સ્વરૂપ અંદર છે. આત્મસ્વરૂપ એવું છે કે આખા જગતનું ઉલ્લંઘન કરી જાય.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કહ્યું ને એકવાર મારું પલ્લુ નમી જાય, પેલું ઉલ્લી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- આખું જગત ઉલળી જાય. આખા જગતને ઉલાળી મૂકે છે. એવી વાત છે. છે પણ એવું જ. કલ્પના નથી. 'યહી નહીં હૈ કલ્પના, યહી નહીં

વિભંગ, કઈ નર પંચમકાલમેં દેખી વસ્તુ અભંગ.' એવી વસ્તુ જોઈ છે એમણે. આ કાળમાં જોનારા છે એમ કહે છે. એવા પુરુષોને, પરમ પુરુષોને નમસ્કાર.

'**જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી,...**' વીતરાગ કોને કહે ? '**જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી,...**' કોઈની સાથે લેવા કે દેવા. '**જેને માન-અપમાન...**' નથી. એ બધી કલ્પનાઓ છે. માન-અપમાન જેવું જગતમાં છે જ નહિ. કેમકે મને કોઈ જોઈ શકતા નથી, મને ઓળખી શકતા નથી એનું મને માન ક્યાંથી આપે ? અને મારું અપમાન પણ ક્યાંથી કરે ? એમ કહે છે. '**જેને માન-અપમાન,...**' નથી. અથવા માન આપવાથી જે મપાતો નથી, અપમાન આપવાથી જેને કાંઈ લાગુ પડતું નથી. અપમાન કાંઈ એને લાગુ પડતું નથી.

જેને '**હર્ષ-શોક,...**' નથી. જેને '**જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ...**' ગયો છે. મારો જન્મ નથી, મારું મૃત્યુ નથી. અજરા-અમર, શાશ્વત પદાર્થ હું છું. એ સર્વ પ્રકારના પરિણામનો, દ્વંદ્વનો એટલે બે જાત. દ્વંદ્વ એટલે જોડકા. તેવા જોડકા, સાપેક્ષ જોડકા. જે હંમેશા એક હોય તો બીજું હોય જ. અપમાન અપ્રિય થાય એને માન પ્રિય લાગ્યા વગર રહે નહિ. માન પ્રિય લાગે એને અપમાનમાં અણગમો થયા વગર રહે નહિ. એ બે સાથે રહે છે એટલે એને દ્વંદ્વ કહે છે.

મુમુક્ષુ :- રાગ હોય ત્યાં દ્વેષ હોય જ.

પૂજ્ય ભાઈશ્રી :- એ સિક્કાની બીજી બાજુ છે. રાગ હોય ત્યાં દ્વેષ હોય, દ્વેષ હોય ત્યાં રાગ હોય, હોય ને હોય જ.

'**આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે,...**' શું થયું છે ? કે પોતાના શુદ્ધ ચૈનત્ય વીતરાગસ્વરૂપને વિષે વીતરાગભાવે ઠરી ગયા છે, જામી ગયા છે, લીન થઈ ગયા છે, પામ્યા છે, પામે છે અને પામશે. ત્રણે કાળના લઈ લીધા, જુઓ ! '**આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે,...**' સ્થિતિ અત્યારે પામી રહ્યા છે. કોઈપણ ક્ષેત્રમાં હો. ભલે મહાવિદેહમાં હો, અહીંયાં હો, ગમે ત્યાં. અને ભવિષ્યમાં જે કોઈ જીવો '**પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.**' એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નહિ ખેંચાતા પોતાના સ્વરૂપમાં લીન થઈ જનારા ત્રણે કાળના મહાપુરુષો, મહાત્માઓનું ઉત્કૃષ્ટ પરાક્રમ છે, એ એમના પુરુષાર્થનું પરાક્રમ છે. એ અમને તો આનંદ પણ ઊપજાવે છે અને આશ્ચર્ય પણ ઊપજાવે છે. ધન્ય છે તમને કે ગમે તે પરિસ્થિતિમાં તમે સ્વરૂપમાં ડૂબકી મારી. એમ છે. એ પુરુષાર્થવંત ધર્માત્માઓના ગુણગ્રામ કર્યા છે અહીંયાં. શું કર્યું

છે ? ધર્માત્માઓના ગુણગ્રામ કર્યા છે, એમની સ્તુતિ કરી છે, એમની ભક્તિ કરી છે. આનું નામ ભક્તિ છે, લ્યો ! એ આજે આવશે.

પદાર્થને-સ્વરૂપને ઓળખીને એનો રસ ઉત્પન્ન થવો, આત્માને ઓળખીને એનો રસ ઉત્પન્ન થવો, આત્મરસ આવવો તે ભક્તિ છે. ભક્તિનું સ્વરૂપ શું છે ? આત્માનો રસ ઉત્પન્ન થવો તે આત્માની ભક્તિ છે. .... અવાજ તે ભક્તિ છે, ઢાળ છે તે ભક્તિ છે એમ નથી. પછી એ રસ આવે ત્યારે બહારમાં એ બધા પ્રકાર થાય છે એમ છે. બાકી મૂળમાં તો એ રસ છે તે ભક્તિ છે. પછી વિકલ્પ ઉપર, વાણી ઉપર પછી આરોપ આવે છે ભક્તિનો. પણ એ ખરેખર ભક્તિ નથી. એટલે ત્યાં તો એમ કહેશે કે એ તો બધો કચરો છે, કચરો. રાગ છે એ કચરો છે, મેલ છે એમ કહેશે. આ જે રસ આવે છે, આત્મરસ છે એ ખરેખર અમૃત છે એમ કહેવું છે. '**તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ...**' એટલે એમનો પુરુષાર્થ જોઈને અમને આશ્ચર્ય થાય છે, એમનો પુરુષાર્થ જોઈને અમને આનંદની ઉત્પત્તિ થાય છે.

'**દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે,...**' જુઓ ! આ ભેદજ્ઞાન કરાવે છે. '**દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે,...**' છૂટું છે ને ? જેમ દેહથી વસ્ત્ર છૂટું છે એમ આત્માથી દેહ છૂટો છે. '**તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે,...**' એ છે એવો અને દેખ્યો છે પણ એમ જ દીઠો છે.

'**મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે...**' બરાબર ફીટોફીટ તરવાર હોય છે. '**મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે,...**' આ ૧૪મી-૧૫મી ગાથામાં છે ને ? નહિ બંધાયેલો અને કર્મથી નહિ સ્પર્શાયેલો આત્મા જેણે પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. '**તે મહત્ પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.**' આ છેલ્લે લીધું ને ? જન્મ-મૃત્યુ આદિ બંધનો અભાવ થઈ ગયો છે એને. એને દેહસહિતપણું હો. જીવન એટલે દેહસહિતપણું હો કે દેહરહિતપણું હો. એથી એને કાંઈ ફરક પડતો નથી. અહીંથી Traffic જાય છે. આપણે અહીંયાં બેઠા છીએ અને રસ્તા ઉપર કોઈ આવે છે ને જાય છે... આવે છે ને જાય. કોઈ આમથી આવે ને આમ જાય... આમથી આવે ને આમ જાય. આપણને શું ફરક પડે છે ? અહીંયાં મંદિરમાં બેઠેલાને એથી શું ફરક પડે છે કે કોણ આવ્યું ને કોણ ગયું ? કે ખબરેય નથી. એમ જ્ઞાનીઓને દેહ આવ્યો અને દેહ ગયો એ Traffic છે એનો. એને કાંઈ એથી ફરક પડતો નથી. પરમાણુ આવ્યા, પરમાણુ ગયા. હું એમ ને એમ અડીખમ ઊભો છું. મારે પરમાણુના આવાગમન સાથે

કાંઈ લેવા-દેવા નથી. જાવ.

'અબદ્ધસ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.' અ મહાપુરુષોની ભક્તિ જ કરી છે, હોં ! એમણે. અને સ્વરૂપનો મહિમા કરતા ગયા છે અને મહાપુરુષની ભક્તિ કરતા ગયા છે. હવે સ્વરૂપની વાત લ્યે છે કે **'જે અચિંત્ય દ્રવ્યની...'**

મુમુક્ષુ :- પોતે પુરુષાર્થવંત છે ... કેટલી ભક્તિ કરી છે !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ભક્તિ કરી છે. પોતે પુરુષાર્થવંત છે એ તો આમ ભાવનામાં પુરુષાર્થ જ્ઞાનીઓને, મોક્ષમાર્ગીને તો હોય જ છે. નજર ઊંચે છે ને ? એમની નજર છે એ ઊંચી દશાવાળા ઉપર છે. એટલે એ ભાવના ભાવે છે. આવો હું ક્યારે થાવ ? આ દશા આવી આગળ ક્યારે વધે ? આવી અપૂર્વ દશા ક્યારે થઈ જાય ? થવાની છે એ ખાત્રી છે. પણ શીઘ્ર થાય એવી ભાવનામાં એક વાત પડી છે.

ચોથું ગુણસ્થાન હોય તો એમ કહે કે ઉપયોગ બહાર નીકળ્યો કે જમનો દૂત સમજી લ્યો. વિકલ્પ શાસ્ત્રમાં જાય, દેવ-ગુરુ પ્રત્યે જાય તો કહે મને મારા ઉપયોગમાં, સ્વરૂપમાં ઉપયોગનું અનુસંધાન કરવું છે, એના પુરુષાર્થમાં હું લાગેલો છું એમાં અંતરાય ઊભી થાય છે. એને અંતરાય કહે છે. વિકલ્પને અંતરાય કહે છે. એવું છે. સ્થિતિ એવી છે, પુરુષાર્થની સ્થિતિ કોઈ એવી જ હોય છે. મોક્ષમાર્ગી ધર્માત્માઓના પુરુષાર્થની એ સ્થિતિ બતાવી છે. આમ સીધો પુરુષાર્થ ન બતાવી શકાય તો લાક્ષણિક ઢબથી બતાવ્યો છે, પુરુષાર્થને લાક્ષણિક પદ્ધતિથી બતાવ્યો છે

'જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ...' કાંતિ એટલે તેજ. કાંતિ એટલે તેજ. જે અચિંત્ય દ્રવ્ય છે, જેને ચિંતવનમાં ન લઈ શકાય, અનુભવમાં લઈ શકાય પણ ચિંતવન મનનમાં એ ન આવી શકે. મનની મર્યાદામાં એ આવતું નથી. એવું જે અચિંત્ય. **'અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ...'** છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનું તેજ છે. તે **'પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે,...'** એ જ્યારે પ્રગટે છે ત્યારે એ દશા પણ કોઈ અચિંત્ય દશા થાય છે.

'તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે...' તે અચિંત્યદ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે **'એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.'** શું કહે છે ? જેણે આવી અચિંત્ય દશા પ્રગટ કરી અને એ અચિંત્ય દશા પ્રગટ કરીને એમ કહ્યું કે તારું સ્વરૂપ આવું છે. જેવું સ્વરૂપ મેં અનુભવ્યું એમ કહીને એમ કહે છે કે તારું સ્વરૂપ આવું છે. એવું પરમ કૃપાળુ સત્પુરુષોએ અનંત કરુણાથી જેણે એ પ્રકાશ્યું તેનો કોઈ ઉપકારનો પાર નથી. એવું પ્રકાશનારના ઉપકારનો

પાર નથી એમ કહે છે. ઠીક !

સ્વરૂપમાં લીન થાય, ધ્યાનમાં (આવે) ત્યારે તો મૌન ભજે છે. એ મૌનમાં, મુનિદશામાં અંતર્મુહૂર્ત રહે તો કેવળી થઈ જાય. અને ..નીચે બહાર નીકળવું અનિવાર્ય છે. નીકળી જ જાય. રહી શકે જ નહિ. ત્યારે એ શું કરે છે ? કે જે અચિંત્ય દ્રવ્યનો અનુભવ કર્યો એને પ્રકાશે છે, એના સામર્થ્યને પ્રકાશે છે, એના તેજને પ્રકાશે છે અને એમ કહે છે કે એ આત્માનું નિજસ્વરૂપ છે. મારું એ નિજસ્વરૂપ છે, તમારું પણ એવું જ નિજસ્વરૂપ છે. એવું પ્રકાશે છે, વીતરાગભાવે પ્રકાશે છે. અભિપ્રાય જોઈએ તો રાગ કરવાનો અભિપ્રાય નથી. એ તો પરાણે અનિવાર્યપણે નીકળી ગયા. વીતરાગભાવે પ્રકાશે છે. તો કહે (છે), એ પ્રકાશ્યું એનો ઉપકાર અમાપ છે. એનો ઉપકાર છે એ અપાર છે. એના ઉપકારનો પાર ગણી શકાય નહિ. કેમ ? આ કોઈ ઉપમા અને કોઈ અતિશયોક્તિ ઠપકારી દેવું છે એવું નથી. એ પ્રકાશતા જે કોઈ જીવને આત્મહિત અને આત્માનું અનુસંધાન થાય છે એનું હિત કેટલું થાય ? 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો'. તો પાર ક્યાં આવ્યો એનો ? કેટલું હિત થયું કે અપાર હિત થયું. અપાર હિતમાં જે નિમિત્ત થયા એને અપાર ઉપકારી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ને અનંત અનંત ઉપકારી કહીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંત ઉપકારી કહેવાય. પણ એ પછી રૂઢિગત થઈ જવું જોઈએ નહિ. કહેતા એ વખતે, એ પ્રકારના ભાવનો આવિર્ભાવ થવો જોઈએ. નહિતર શબ્દો ગોખાય ગયેલા પછી એમ ને એમ મફતના ભાવમાં અનંત શબ્દ થઈ જશે. અનંત શબ્દની પછી કોઈ કિંમત રહેશે નહિ.

કેવી વાતો કરી છે ! સ્વરૂપની મહિમા કરતા કરતા સત્પુરુષોનો પણ ઉપકાર ગાતા (જાય છે). સ્વરૂપનો મહિમા કરતા જાય છે, સત્પુરુષનો ઉપકાર ગાતા જાય છે. કેમકે એ વાત નક્કી છે કે આ આત્માએ અનંત કાળમાં ઘણાં ફાંફાં માર્યા છતાં પોતાના સ્વરૂપને જોઈ શક્યો નથી, સ્વરૂપના દર્શન કરી શક્યો નથી. કોઈ સ્વરૂપના અનુભવી પુરુષોએ એ સ્વરૂપનો પ્રકાશ કર્યો છે, પોતાની વાણીમાં એ સ્વરૂપ પ્રકાશ્યું છે. અને એ પ્રકાશતા કોઈ ભવ્ય જીવને, આસન્નભવ્ય જીવને, પાત્ર જીવને એનું અનુસંધાન થયું છે. પોતે જ લખે છે ને, હે 'કુંદકુંદાદિ આચાર્યો' ! આપના વચનામૃત આ પામરને... પોતાને પામર ગણાવ્યા છે. આ પામરને સ્વરૂપ અનુસંધાન વિષે નિમિત્તભૂત થયા છે, તે અર્થે આપને હું અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરું છું. છે કે નહિ ? એ પ્રકાશ્યા છે. મહાપુરુષોએ પોતાના વચનોમાં સ્વરૂપને પ્રકાશ્યું છે. અને એવા કોઈ ઉત્કૃષ્ટ પાત્ર

જીવને તે સ્વરૂપ અનુસંધાનમાં નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- આ વાક્ય 'સમયસાર'માં પ્રસ્તાવનામાં લીધેલું છે. આપ જે બોલ્યાને હમણાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે.

મુમુક્ષુ :- જે 'સોનગઢ'થી પ્રકાશિત થયું છે 'સમયસાર'...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે. એમને ઉપકાર થયો છે. 'સમયસાર'નો જ ઉપકાર થયો છે. 'શ્રીમદ્‌જી'ને પણ 'સમયસાર'નો જ ઉપકાર થયો છે. જેમ 'ગુરુદેવશ્રી'ને 'સમયસાર' ઉપકારી છે એમ એમને પણ ઉપકારી છે. બંને સંસ્કાર લઈને આવેલા છે. જોકે 'કૃપાળુદેવ' તો આરાધનાને પણ પામેલા છે. ભૂતકાળમાં તો આત્મદશાને પામેલા છે.

હવે ફરીને ભેદજ્ઞાનનો વિષય લે છે કે '**ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે,...**' જ્યારે પૂર્ણિમાનો ચંદ્ર પ્રકાશે છે ત્યારે તેના કિરણના તેજથી 'ક' એ 'ક' લીધો. '**કિરણની કાંતિ...**' એના કિરણોના તેજથી, તેજના પ્રભાવથી જાણે કે એ સફેદ ચાદર પૃથ્વી ઉપર પાથરી દીધી હોય. એવી ભૂમિ શ્વેત થઈ જાય છે. બધું ઉજળું-ઉજળું લાગે છે. પૂર્ણ ચંદ્રના અજવાળામાં બધું ઉજળું-ઉજળું લાગે છે. '**પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી,...**' છતાં પણ એ ચંદ્રનો પ્રકાશ કે ચંદ્ર ભૂમિરૂપ થયો નથી. એ ચંદ્રનું તેજ ભૂમિ સાથે ચોંટી ગયું છે એમ છે નહિ. ભૂમિ ઉજળી થઈ તોપણ તેની તે જ છે અને ભૂમિ તે ભૂમિ છે. ભિન્ને ભિન્ન છે એમ કહેવું છે. ભલે આમ Physically જુદું પાડવું મુશ્કેલ પડે પણ જ્ઞાનમાં એને જુદું જોઈ શકાય છે.

'**ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા...**' આખા વિશ્વનું પ્રતિબિંબ ઝીલતો, આખા વિશ્વની હયાતીને પ્રગટ કરતો, જાહેર કરતો એવો આ આત્મા '**તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી,...**' પોતાની મર્યાદામાં રહે છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાની બહાર જતો નથી. '**તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી,...**' ભલે આખા વિશ્વને જાણતો હોય તોપણ વિશ્વરૂપ બિલકુલ થતો નથી. ભિન્ન રહી જાય છે. ભિન્ન રહીને જાણે છે.

'**તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે.**' એ તો સદા સર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. પોતાના સ્વરૂપમાં જ રહે છે. આખા જગતમાં તો અનંત જડ પરમાણુઓ છે. અથવા બીજા પાંચ દ્રવ્યો છે એ પણ જડ છે. એક આત્મા સિવાય બધા જડ છે. પોતે પોતાના ચૈતન્યસ્વરૂપ રહે છે. '**વિશ્વમાં જીવ અભેદતા**

માને છે...' એ કાંઈ જે જ્ઞેયાકાર જ્ઞાન થતાં જે અભેદતા થઈ જાય છે **'એ જ જીવની ભ્રાંતિ છે.'** જીવ તો સદા ચૈતન્યસ્વરૂપ રહે છે પણ સ્વપરપ્રકાશકપણાને લીધે જ્ઞાન જે જ્ઞેયાકાર થાય છે, જ્ઞાન જ્ઞેયાકાર થાય છે એટલે જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી, જ્ઞાન તો જ્ઞાન જ રહે છે પણ જ્ઞાન જે જ્ઞેયાકાર થાય છે ત્યારે તે જીવ જ્ઞેય પદાર્થોમાં એકત્વપણાના ભાવનો અનુભવ કરે છે એ અવાસ્તવિક, કાલ્પનિક અને ભ્રાંતિ છે. કેમકે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અથવા ચૈતન્યસ્વરૂપ એવો આત્મા કોઈપણ બીજા પદાર્થની સાથે સંબંધપણાને પામી શકે નહિ. એને કોઈ સંબંધ થઈ શકે નહિ. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી.

મુમુક્ષુ :- પોતે જ્ઞાનાકાર જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે જ્ઞેયાકાર છે ત્યારે જ્ઞાનાકારપણું છોડીને જ્ઞેયાકાર થયો છે એવું બન્યું નથી. અને એ જ જ્ઞેયાકારોમાં અનેક ભેદ-પ્રભેદો જ્ઞાનમાં ઉત્પન્ન થતાં હોવા છતાં...

'સમયસાર'માં બહુ સુંદર એ વાત લીધી છે કે અનેક ભેદો જ્ઞાનમાં ઉત્પન્ન થતાં હોવા છતાં કોઈપણ ભેદથી જ્ઞાન ભેદાતું નથી. જ્ઞેયાકારોના ભેદથી તો જ્ઞાન ભેદાતું નથી, અભેદ જ્ઞાનાકાર રહે છે પણ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય અને કેવળ એવા જ્ઞાનના ભેદોથી પણ એ જ્ઞાન ભેદાતું નથી. ત્યાં તો ત્યાં સુધી વાત લીધી છે. જ્ઞાન તો જ્ઞાન જ છે. મતિજ્ઞાન કહેવું, શ્રુતજ્ઞાન કહેવું એ જ્ઞાનની પર્યાય ઉપર આવરણના નિમિત્તને દર્શાવનારી વાત છે. જ્ઞાનના આવરણ અને આવરણના નિમિત્તને દર્શાવનારી વાત છે. છતાં જ્ઞાન જ્ઞાન જ રહે છે. જ્ઞાન ક્યારેય જ્ઞાન મટીને બીજું કાંઈ થતું નથી.

ત્યારે જેની દૃષ્ટિ અભેદ ઉપર છે એ એમ જોવે છે એટલે ત્યાં 'સમયસાર' એમ કહે છે કે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ આદિ જે જ્ઞાનના ભેદો છે, તે જ્ઞાનના ભેદો જ્ઞાનના ભેદોને પ્રકાશતા નથી. પણ એક અભેદ જ્ઞાનને અભિનંદે છે. ત્યાં અભિનંદન શબ્દ વાપર્યો છે. તે એક અભેદ જ્ઞાનને અભિનંદે છે. એટલે કે ભેદને જાણતાં તને એનું સાપેક્ષ એવું જે અભેદપણું એનું લક્ષ થવું જોઈએ. લક્ષ કરવા યોગ્ય તો એ છે. ભેદ કાંઈ લક્ષ કરવા યોગ્ય નથી. જણાય બીજી વાત છે પણ ભેદ ઉપરથી અભેદનું લક્ષ થવું જોઈએ.

જો ભેદોનું જ્ઞાન થતાં અભેદનું જ્ઞાન ન થાય તો એ ભેદોના જ્ઞાનના ચકરાવે ચડીને ગોથું ખાધા વગર રહેશે નહિ. એવી ગડબડ ઊભી થાશે. નવી ગડબડ, સમજણની ગડબડ નવી ઊભી થાશે. કેમકે ભેદ-પ્રભેદો તો અનેક પ્રકારના, અનંત

પ્રકારના છે. એટલે એમ કહે છે કે કાલે તો આપણે ચર્ચામાં એ વાત લીધી હતી. ઉપદેશબોધના અનેક વચનો, ભેદ-પ્રભેદો, સિદ્ધાંતબોધના અનેક ભેદ-પ્રભેદો અને શાસ્ત્રોમાં તો અનેક વાતો છે. ચૌદ બ્રહ્માંડની વાતો શાસ્ત્રમાં કરણાનુયોગમાં કરી છે. તો કહે છે, એક અભેદને વળગીને વાત છે. કરનારે પણ અભેદને વળગીને કરી છે. તારે પણ અભેદને વળગીને સાંભળવું હોય તો સાંભળજે, નહિતર ભૂલો પડી જઈશ. એમ છે. પછી ભલે ઓછું જણાય એનો વાંધો નથી.

અભેદને વળગતા, અભેદનો અનુભવ થતાં કેવળજ્ઞાનની લબ્ધિ ઉત્પન્ન થઈ ગઈ તને. કેવળજ્ઞાન આગળ જતાં ઉત્પન્ન થશે. હવે તારે ભેદ-પ્રભેદનો લોભ રાખવાની જરૂર નથી. છોડી દે એ લોભને. અને જ્ઞાનીને ભેદ-પ્રભેદનો લોભ હોતો નથી. એટલે વિશેષ જાણવાની અપેક્ષા બંધ થાવ એમ કહે છે. ભેદોના વિશેષ જાણપણાની અપેક્ષા બંધ થાવ અને કહેનાર એમ પણ કહે છે કે અલમ્ અલમ્ અતિ જલ્પેન વિકલ્પેન. મારા જલ્પ અને વિકલ્પ પણ બંધ થઈ જાવ.

મુમુક્ષુ :- પ્રયોજન તો અભેદમાં આવવાનું જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધાનું પ્રયોજન, ભેદોનું પ્રયોજન ભેદને પ્રકાશવાનું નથી પણ તે ભેદના માધ્યમ દ્વારા પણ અભેદને પ્રકાશવાનું પ્રયોજન છે. એમ લેવું.

શું કહે છે ? કે '**સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આત્મા, તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.**' વિશ્વમાં પછી ભલે જેટલા પ્રારબ્ધને હોય એટલા સંયોગોમાં અભેદતા માને. આ શરીર મારું, આ કુટુંબ મારું, ફલાણું આટલું ઘર મારું, આ મારું, આ મારું. ભલે એક પુદ્ગલ પરમાણુમાં પણ અભેદતા માને તે આખા વિશ્વમાં અભેદતા માને છે. અભિપ્રાયની દૃષ્ટિએ તો એમ છે કે આખા વિશ્વમાં એ અભેદતા માને છે.

'**જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી,...**' આકાશ સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ આકાશ દ્રવ્યમાં વિશ્વનો પ્રવેશ નથી. જ્યાં વિશ્વ છે ત્યાં આકાશ છે, આકાશ છે ત્યાં વિશ્વ છે. સંયોગ અપેક્ષાએ. નિમિત્ત અપેક્ષાએ એક બીજાની જગ્યાએ એકબીજા છે. ઉપાદાનની અપેક્ષાએ કોઈની જગ્યાએ કોઈ નથી. શું કહે છે ? '**જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે,...**' એટલે કોઈપણ ભાવો કે દ્રવ્યો આકાશમાં વસ્યા જ નથી. એની વાસનાથી આકાશ રહિત છે. આકાશ આકાશ જ નિર્મળપણે રહે છે.

'**તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ...**' જુઓ ! અહીંયાં સમ્યગ્દૃષ્ટિ શબ્દ વાપર્યો છે. '**તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ...**' કેવો ? પ્રત્યક્ષ આત્મા દીઠો છે. કેવો પ્રત્યક્ષ દીઠો છે ?

'સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.' એવો પ્રત્યક્ષ દીઠો છે. પ્રત્યક્ષ દીઠો હોવાથી એમને એમાં ભ્રાંતિ થતી નથી. નહિતર તો આશ્ચર્ય થાય એવું છે કે આ પીડા થાય છે, શરીરમાં વેદનાની પીડા છે અને એની સાથે આ આત્મા અભેદતા, ભાવમાં લઈને દુઃખનો અનુભવ, પીડાનો અનુભવ કરે છે કે નહિ ? પણ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ એ વેદનાની દશાને શરીરની પર્યાય જાણી છે. ચૈતન્ય જીવની પર્યાયમાં એનો અભાવ અનુભવ કર્યો છે, સદ્‌ભાવ અનુભવ નથી કર્યો પણ અભાવ અનુભવ કર્યો છે. પીડા કેટલી છે એનું જ્ઞાનમાં પ્રતિબિંબ આવે છે પણ એનું વેદન કે અનુભવન આવતું નથી. એને ચેતતો નથી. એવો પ્રત્યક્ષ આત્મા... એવો પ્રત્યક્ષ અનુભવતો હોવાથી તે પીડાને અનુભવતા નથી એમ કહેવામાં આવે છે તે સત્ય છે. કેમકે પીડાનો ખરેખર એમને અનુભવ નથી. પીડાનું જ્ઞાન થાય પણ અનુભવ ન થાય. જ્ઞાન થઈ શકે. કેટલી છે, થોડી છે, વધારે છે એનો ખ્યાલ આવે છે. પણ મારામાં નથી એવું જ્ઞાન થાય છે. કેવું જ્ઞાન થાય છે ? આ વેદના શરીરમાં છે અને આત્મામાં નથી. આમ છે, લ્યો !

આત્મા વ્યાપ્ય-વ્યાપકપણે માત્ર પોતાના જ્ઞાનવેદનમાં રહેલો ચૈતન્યપદાર્થ છે અને એ જ વખતે એ વેદનામાં નહિ વેદાતો એવો, વેદનામાં નહિ જાતો, નહિ પ્રવેશતો, નહિ સ્પર્શતો અને વેદનાથી ભિન્ન રહેતો એવો પ્રત્યક્ષ જોવામાં આવે છે. આ ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ શબ્દ વાપર્યો છે. અહીંયાં મુનિદશાની વાત નથી લીધી. પ્રયોગ ત્યાંથી શરૂ કરેલા છે. વેદનાના વખતે પ્રયોગ ચાલેલા છે તો એ ભેદજ્ઞાનના પ્રયોગથી સિદ્ધિ શું ? કે ભિન્નપણે રહીને અનુભવ થવો એ એની સિદ્ધિ છે. પ્રયત્નના કાળમાં તો વેદનાથી ભિન્ન પડીને પ્રયોગો જે કરેલા છે એ પ્રયોગોની સિદ્ધિથી ભિન્ન પડેલો છે. એટલે એમાં કોઈ નવી વાત એને નથી. એ સાધ્ય છે. Practiceથી સાધ્ય થયેલી દશા છે, નિષ્પન્ન થયેલી દશા છે એ તો.

એટલે એમણે તો **'જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ...'** સર્વપ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી રહિત જ **'સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ...'** આત્માને પ્રત્યક્ષ દીઠો છે. એવો પ્રત્યક્ષ ચૈતન્યગોળો જુદો ભિન્ને-ભિન્ન (પરિણમે છે). દેહમાં રહેલો આત્મા ચૈતન્ય ચોસલું જુદું પડીને પરિણમન કરે છે, ચોસલું જુદું પડીને પરિણમન કરે છે. એ દેહની પીડા સાથે સંબંધ પામતો નથી. એવું ભિન્નપણું એ ભેદજ્ઞાન છે. એને ભેદજ્ઞાન શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે.

હવે એક વચન કહે છે એમાં આત્મભાવના ભાવી છે કે **'જેની ઉત્પત્તિ કોઈ પણ**

અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?' એમ કહે છે. **'જેની ઉત્પત્તિ...'** આ શાશ્વત આત્માની ભાવના છે. કોઈપણ આત્માએ ભય પામવાની જરૂર નથી કે મને ક્યારેક કાંઈ થાશે તો ? તારા ચૈતન્યગઢની કાંકરી પણ ખરે એમ નથી. કેવો કિલ્લો છે ? ઓલા બીજા તો તોપના ગોળા વાગે તો ક્યાંક ગાબડું પડે, ક્યાંક ફલાણું થાય, ઢીંકણું થાય. અહીંયાં તો કહે છે કે અભેદ કિલ્લો છે. કેવો ? અભેદ્ય કિલ્લો છે.

કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ચૌદ બ્રહ્માંડ વજ્રપાતથી ખળભળી ઊઠે તોપણ આત્માના ચૈતન્યગઢની કાંકરી પણ ખરે એવું નથી. આવો શાશ્વત પદાર્થ છે. અવ્યાબાધ અને શાશ્વત પદાર્થ છે. કોઈ દિ' કોઈથી ઉત્પન્ન થયો નથી, કોઈ દિ' કોઈથી નાશ થવાનો નથી. એમ કરીને એ સ્વરૂપની ભાવના એક વચનમાં ભાવી છે. વિશેષ લઈશું... પત્ર બાકી રહી ગયો.

જેમ સમકિતનું મૂળ 'સત' ની પ્રતીતિ છે. તેમ આત્મજ્ઞાનનું મૂળ આત્મવિચાર છે, આત્મ-કલ્યાણનો નિર્ધાર છે, જેથી યથાર્થતા ઉત્પન્ન હોય છે.

જેમ સત્પુરુષની પ્રતીતિ, અને સ્વરૂપની અનુભવાંશે પ્રતીતિરૂપ કારણમાં કાર્યનો ઉપચારથી તેને સમકિત કહેવાય છે, તેમ આત્મવિચારરૂપ યથાર્થ સુવિચારણારૂપ કારણમાં આત્મજ્ઞાનનો ઉપચાર કરવામાં યથાર્થતા છે. બંન્ને પ્રકારના પરિણામો સમકાળે હોય છે.

પરિપૂર્ણદશારૂપ પરમાત્મપદનો આ નક્કર પાયો છે. જે પાયાની મજબૂતાઈ ઉપર સિદ્ધપદ સુધીનું ચણતર થાય છે. મુમુક્ષુજીવ માટે આ મહત્વપૂર્ણ ભૂમિકા પૂરી તાકાતથી ઉપાસનીય છે; પૂરા ઉદ્યમથી પ્રાપ્ત કરવા યોગ્ય છે. **(અનુભવ સંજીવની-૧૩૯૮)**

તા. ૨૧-૯-૧૯૯૨, પત્રાંક - ૮૩૩
પ્રવચન નં. ૪૦૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૩૩. પાનું-૬૨૦.

ફરીથી લઈએ. **'સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.'** પહેલું નમસ્કાર વચન છે. જે મહાપુરુષો કોઈપણ પ્રકારના બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પ્રતિબંધપણું પામ્યા નહિ. ક્યાંય પણ એમને ઉપયોગ ખેંચાવાનું કારણ બન્યું નહિ. નિજસ્વરૂપ જે અનંત સુખધામ છે તેના ખેંચાણમાં રહ્યા. પણ સુખથી શૂન્ય એવા કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ખેંચાણમાં ન રહ્યા. મૂળ તો ખેંચાણનું કારણ તો જીવને સુખ છે.

જેણે સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સુખથી શૂન્ય જોયા અને પોતાનું સ્વરૂપ જેણે અનંતસુખથી ભરપૂર જોયું. એ પ્રકારે જેઓ સહજપણે અપ્રતિબંધ રહ્યા. કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પોતાનો ભાવ અટક્યો નહિ, રોકાયો નહિ, પ્રતિબદ્ધપણું પામ્યો નહિ અને નિજસ્વરૂપમાં સ્થિર રહી ગયા તે પરમ પુરુષોને નમસ્કાર છે. એવા પુરુષોને હું નમસ્કાર કરું છું, હું નમું છું. એવું થવા અર્થે, એવું પરિણમન થવા અર્થે હું નમું છું. નમવાનું કારણ એ છે કે પોતાને પણ એવો જ થવાનો ભાવ છે. એટલે હું નમું છું એમ કહે છે.

એ વીતરાગ પુરુષો કેવા છે ? કે **'જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી,...'** જગતમાં બધા જ પદાર્થો જેને માત્ર જ્ઞાનનું જ્ઞેય છે, માત્ર જ્ઞેય તરીકે જ્ઞાનમાં પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ આવતાં કાંઈ પ્રિય નથી લાગતું, કાંઈ અપ્રિય નથી લાગતું. **'જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી,...'** એટલે કે કોઈ જીવ મારું અહિત કરશે. શત્રુ છે તે અહિત ચિંતવે છે. કોઈ જીવ મારું હિત કરી દેશે. કોઈ અહિત કરશે કે કોઈ હિત કરશે એવું જેને દેખાતું નથી. કેમકે એ પણ જ્ઞેય છે. જગતના કોઈપણ પ્રકારના ભાવોને ધારણ કરનાર... એવા જીવ હોય શકે છે કે જે પોતાનું બુરુ ચિંતવે અથવા પોતાનું ભલુ ચિંતવે એવા બીજા જીવો હોઈ શકે છે. પણ એ એના પરિણામ છે. આ જીવના પરિણામ તો માત્ર એને જ્ઞેય તરીકે જોવે છે.

એટલે **'જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન,...'** નથી. કોઈ પ્રશંસા કરે તોપણ જેને કાંઈ માન મળ્યું એવી અસર થતી નથી. કેમકે પોતે

ત્રણ લોકનો નાથ છે. બીજા એને શું માન આપે ? કેટલું માન આપે ? એને કોઈ અપમાન કરે તો એ કલ્પનામાત્ર છે. પોતાને કાંઈ લાગે કે વળગે. એવું માન અને અપમાનનો અનુભવ થવાનો જેને અભાવ થઈ ગયો છે. '**લાભ-અલાભ,...**' જેને કાંઈ નથી. આમ થયું તો લાભનું કારણ છે, આમ થયું તો નુકસાનનું કારણ છે એ પણ જેને ચાલ્યું ગયું છે. કેમકે આત્માને વિષે કાંઈ આવવું થતું નથી, આત્માના સ્વરૂપમાંથી કાંઈ ગુમાવવાનું થતું નથી. અખંડ શુદ્ધ ચૈતન્ય અનાદિઅનંત એમ ને એમ એટલું ને એટલું રહે છે. એમાં હાનિ-વૃદ્ધિ થવાનો કોઈ અવકાશ નથી.

એમ હોવાથી જેને '**લાભ-અલાભ,...**' નથી. જેને '**હર્ષ-શોક,...**' નથી. એ પણ લાભના કારણે હરખ થાય અને અલાભના કારણે શોક થાય. હર્ષ-શોક તો એનું પરિણામ છે. લાભ-અલાભ કારણ છે. કારણ નથી તો કાર્ય પણ નથી. એ તો આપોઆપ છે. જેનું કારણ નથી તેનું કાર્ય નથી. એટલે '**લાભ-અલાભ, હર્ષ-શોક,...**' કારણ-કાર્ય જેને નથી. અને '**જન્મ-મૃત્યુ...**' પણ જેને નથી. હું જન્મ્યો કે હું મરીશ એ કલ્પના પણ જેની વિલય પામી છે. કેમકે પોતે શાશ્વત સ્વરૂપનો અનુભવ કરે છે. ત્રિકાળી શાશ્વત પદનો અનુભવ કરે છે. જન્મ-મૃત્યુ તો દેહના ધર્મો છે, દેહની અવસ્થાઓ છે, આત્માની અવસ્થાઓ નથી. જે દેહની અવસ્થાઓ છે એ ભ્રાંતિગતપણે પહેલાં જીવપદમાં જણાતી હતી.

'આત્મસિદ્ધિ'માં લીધું છે ને ? દેહની અવસ્થા જીવપદમાં જણાય છે. અધ્યાસથી, ભ્રાંતિથી જીવપદમાં જણાતી હતી. હવે શુદ્ધ ચૈતન્ય શાશ્વત તત્ત્વ ભિન્ન જોયું તો એને જન્મ-મૃત્યુ એ દ્વંદનો પણ જેને અભાવ થયો. આ બધા દ્વંદ્વ. દ્વંદ્વ એટલે જોડકા. રાગ, દ્વેષ અને મોહના નિમિત્તભૂત એવા જે પ્રકારો છે તે બધા પ્રકારોનો અભાવ થઈને '**જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે,...**' અત્યારે પણ જેઓ શુદ્ધ ચૈતન્યમાં સ્થિતિ '**પામે છે,...**' પામી ગયા છે. પૂર્ણ વર્તમાન લીધો. પામ્યા છે એટલે ભૂત-વર્તમાન લીધો. પામી ગયા છે, '**પામે છે...**' એટલે ચાલુ વર્તમાન લીધો. '**અને પામશે...**' ભવિષ્યમાં જે કોઈ જીવો '**તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્રયે ઉપજાવે છે.**' એવા પુરુષાર્થવંત મહાપુરુષોનું ઉત્કૃષ્ટ પરાક્રમ, એ પરાક્રમ જાણીને આનંદ થાય છે અને આશ્ચર્ય પણ થાય છે. એકસાથે બેય ભાવ થાય છે.

વાહ ! સ્વરૂપની અંદર લીનતા કરી, રાગ-દ્વેષના નિમિત્તો સંપ્રાપ્ત હોવા છતાં પણ જેને રાગ-દ્વેષ થયા નહિ અને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા, તેમનો પુરુષાર્થ છે તે આશ્ચર્ય ઊપજાવે એવો પુરુષાર્થ છે. શું કહે છે ? એ પુરુષાર્થ આશ્ચર્ય ઊપજાવે

એવો છે. અને એમના આનંદને જોઈને આનંદ પણ ઊપજાવે એવો છે. આનંદમયદશા છે એ આનંદને પણ ઊપજાવે છે. જુઓ ! કેવી શૈલીથી વીતરાગપુરુષોનું વર્ણન કર્યું છે !

એ મહાપુરુષોને '**દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે,...**' દેહથી જેમ વસ્ત્ર ભિન્ન છે એમ આત્માથી પણ જેને દેહ ભિન્ન છે. અને જેવો ભિન્ન છે તેવો જ સંબંધ એણે દીઠો છે. સંયોગ હોવા છતાં પણ એ જોડે રહેલું પુદ્ગલનું ખોખું છે. વસ્ત્ર જેમ ભિન્ન છે એમ દેહ પણ ભિન્ન છે. યથાતથ્ય જેવો છે તેવો. દેહનો ભિન્ન સંબંધ જેણે દીઠો છે. બીજું દષ્ટાંત લીધું છે કે '**મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે,...**' તરવાર છે તે મ્યાન નથી અને મ્યાન છે તે તરવાર નથી. ભલે આકાર બંનેનો સરખો છે તોપણ ભિન્ને ભિન્ન છે. એમ શરીરનો અને આત્માનો આકાર સરખો છે પણ અંદર ચૈતન્યતત્ત્વ ભિન્ન છે અને બહારનું ખોખું પુદ્ગલ મ્યાન દેહનું છે એ ભિન્ન છે. એ દષ્ટાંત બહુ સરસ લીધો છે. મ્યાન અને તરવારનો. બરાબર મ્યાન તરવાર છે. છતાં તરવાર છે એ ચકચકીત છે મ્યાન છે એમાં કાંઈ પોલું છે. એમ આત્મા ચૈતન્યચમત્કારથી ચકચકીત છે. 'स्वानुभूत्या चकासते'. આ ખોખું છે એમાં કાંઈ નથી, અંધારું ઘોર છે.

મુમુક્ષુ :- આ 'આત્મસિદ્ધિ' છે એનો વિસ્તાર છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'આત્મસિદ્ધિ'ની ઘણી વાતો છે. ઘણું આવે છે. પદમાં એટલો વિસ્તાર ન થાય. ગદ્યમાં વિસ્તાર થાય પણ મુદ્દા તો બધા એમણે 'આત્મસિદ્ધિ'માં ૧૪૨ કડીમાં એમની જે વિચારધારા હતી, પારમાર્થિક જે વિચારધારા હતી અને જે વિચારધારાને લીધે આત્માની સિદ્ધિ એટલે પ્રાપ્તિ થાય, સિદ્ધિ એટલે પ્રાપ્તિ થાય. એ લીધું છે ને ? આમાં લક્ષ-લક્ષણની ચર્ચામાં 'સિદ્ધિ' શબ્દ વાપર્યો છે. 'ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात्ः'. સ્વસંવેદનથી એ જ્ઞાનમાત્રની પ્રાપ્તિ છે. 'प्रसिद्धं हि ज्ञानं' જ્ઞાન પ્રસિદ્ધ છે. 'ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात्ः'. જ્ઞાનમાત્રને તો સ્વસંવેદનથી એની પ્રાપ્તિ છે. પ્રાપ્તિ એટલે અનુભવ છે અને અનુભવ છે એ પ્રાપ્તિ છે. એમ 'આત્મસિદ્ધિ' છે. આત્માની પ્રાપ્તિ થાય. એવી સઘળી વિચારણા પ્રયોજનભૂત બધા પડખેથી એમણે લઈ લીધી છે. મતાર્થીમાં પ્રતિપક્ષ દર્શાવ્યો, આત્માર્થીમાં પાત્રતા દર્શાવી. જે આત્માર્થી નથી તે મતાર્થી છે, મતાર્થી છે તે કદી આત્માર્થી નથી.

'**મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે,...**' ભિન્ન સંયોગમાત્ર. '**અબદ્ધસ્પૃષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે,...**' લ્યો !

આ પંદરમી ગાથા. '**અબદ્ધસ્પૃષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે,...**' એવા અબદ્ધસ્પૃષ્ટ આત્માને અનુભવનાર મહાપુરુષોને તો '**જીવન અને મરણ બન્ને સમાન છે.**' એટલે કે દેહ રહે તો જ્ઞાનનું જ્ઞેય છે, દેહનો વિયોગ થાય તો તે પ્રસંગ પણ જ્ઞાનનું જ્ઞેય છે. પોતે જ્ઞાન સ્વરૂપે છે. અન્ય પદાર્થો જ્ઞેયપણે જણાય છે તે અન્ય પદાર્થો આવે કે જાય એમાં જ્ઞાનને શું લેવા-દેવા ? રસ્તા ઉપર માણસો, Traffic આવે-જાય એમાં જોનારને શું લેવા-દેવા ? કાંઈ નહિ. એને કાંઈ સંબંધ નથી. આવે છે એ પોતાના કારણે આવે છે, જાય છે એ પોતાના કારણે જાય છે.

શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે. એક માણસ રણમાં બેઠો હતો. નિર્જન સ્થળમાં. એમાં રાજા એની સેના સહિત નીકળ્યો એટલે રાજી-રાજી થઈ ગયો. રાજાની સેના આવતી જોઈ એટલે રાજી-રાજી થઈ ગયો. આહા..હા..! હું એકલો હતો એમાં આટલા બધા આવ્યા. હવે સેના તો એના રસ્તે જાતી હતી. એટલે એ તો પાછી આગળ નીકળી ગઈ. એટલે માંડ્યો રોવા. અરે..રે..! આ બધા આવીને વયા ગયા. એમ આ જીવ સંસારમાં કુટુંબ પરિવારમાં આવે છે ત્યારે રાજી થાય છે અને એમાંથી Time થાય ત્યારે એક પછી એક ચાલવા માંડે ત્યારે રોવા બેસે છે. એમ આવ્યા પણ એને કારણે અને ગયા પણ એને કારણે.

મુમુક્ષુ :- એ ગાંડો હતો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ગાંડો હતો એટલે એમ કરતો હતો. ત્યાં દૃષ્ટાંતમાં શાસ્ત્રકારે ગાંડો લીધો છે. પાગલ માણસ હતો. રાજા સૈન્ય આવ્યું એટલે રાજી-રાજી થઈ ગયો. ઠેકડે-ઠેકડા મારવા માંડ્યો. નાચવા માંડ્યો. અહીં નાચે છે ને ? લગ્ન-પ્રસંગ હોય, બીજું-ત્રીજું હોય ત્યારે માણસો નાચવા માંડે છે કે નહિ ? પાછા એના એ રોવા માંડે. વળી પાછું કોઈ એમાંથી આઘુપાછું થાય એટલે પોક માંડે પોક મૂકીને રોવા. ઓલાને ગાંડો ગણીને.. બરાબર ગાંડો તો એવું જ કરે. ગાંડાને તો એવું જ થાય. અને અહીંયાં ? અહીંયાં પણ એ જ પ્રકારનું ગાંડપણ સિવાય બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વળી વધારામાં છે. ગાંડો થઈને ડહાપણ જાજું કરે છે. એવું છે.

કહે છે કે જેણે દેહથી ભિન્ન આત્માને અનુભવ્યો. અનુભવ્યો લીધું છે, હોં ! જેણે દેહથી ભિન્ન એવો આત્મા અનુભવ્યો એને તો '**જીવન અને મરણ બન્ને સમાન છે.**' દેહનો સંયોગ હો કે દેહનો વિયોગ હો. મારા ચૈતન્યસ્વરૂપને દેહના એક રજકણ પરમાણુ સાથે કાંઈ પણ સંબંધ નથી. લેવા કે દેવા. અનંતા પરમાણુ સંયોગમાં આવ્યા,

અનંતા પરમાણુ ગયા. જીવ એમ ને એમ એવો ને એવો છે. એથી એનામાં કાંઈ લેવા-દેવા વધઘટ થાતી નથી. જો દેહનો સંયોગ-વિયોગ એ હરખ-શોકનું કારણ નથી તો પછી સંસારના જેટલા કોઈ પ્રસંગો છે એ બધા એનાથી નીચેના લાભ-નુકસાનની ગણતરીવાળા છે. સંસારની લાભ-નુકસાનની ગણતરી છે પણ એથી બધા એની નીચે વાળાના છે. પછી કાંઈ પ્રશ્ન રહેતો નથી.

'જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધિચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે,...' હવે સ્વરૂપનો મહિમા કરે છે. જેમાં એ લીન થાય છે, સ્થિતિ પામે છે, સ્થિરતા ધારણ કરે છે એ કેવું તત્ત્વ છે ? કે જે અચિંત્ય દ્રવ્ય છે. જેનું ચિંતવન કરી શકાય નહિ. ચિંતવનથી પેલે પાર જવું પડે. અનુભવ કરવા માટે તો ચિંતવનથી આગળ વધીને પરિણામ અતીન્દ્રિય દશા ધારણ કરે ત્યારે એ અનુભવમાં આવે છે. એવું જે દ્રવ્ય અચિંત્ય છે એની શુદ્ધ ચિતિસ્વરૂપ કાંતિ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવું જે એનું તેજ છે. કાંતિ એટલે તેજ છે. શુદ્ધ ચૈતન્ય એટલે ચેતનાનું જે તેજ છે. આ પુદ્ગલ તેજ નહિ. ચેતનાનું જે તેજ છે. એને પ્રકાશશક્તિ લીધી છે ને ? વેદનને પ્રકાશશક્તિમાં લીધી છે.

એ **'પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે,...'** એ જ્યારે શાંત, નિરાકુળ આત્માનું સ્વસંવેદન પ્રગટ થાય છે, ત્યારે પણ કોઈ અચિંત્ય દશા પ્રગટ થાય છે, ત્યારે પણ જે અચિંત્ય દશા પ્રગટ થાય છે **'તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વભાવિક નિજસ્વરૂપ છે...'** એવું જે અચિંત્ય દ્રવ્ય છે એ બીજું કાંઈ નહિ પણ પોતાનું જ સ્વરૂપ છે. આત્મસ્વરૂપ જ છે એ. પોતે જ છે એ. બીજું કોઈ નથી. શું કહે છે ? આ કિંમત આવવાની વાત છે. જેને સ્વરૂપનું મૂલ્યાંકન થયું છે એ સ્વરૂપનો મહિમા કરે છે. ઘરમાં પચાસ કિલો સોનાનો ઢાળિયો પડ્યો હોય, મોટી પાટ. પચાસ કિલોની સોનાની પાટ પડી હોય તો એને મહિમા એને ખસે નહિ. અહીંયાં ત્રણ લોકનો નાથ, અચિંદ્રવ્ય બિરાજમાન છે. ઓલાની તો કિંમત પણ થાય છે કે ચાલો એની પચાસ લાખ કિંમત તો છે. આની તો કાંઈ કિંમત થાય એવું નથી. એવી અચિંત્ય વસ્તુ પડી છે, એમ કહે છે. તે સ્વભાવિક, સહજ સ્વભાવિક એવું પોતાનું સ્વરૂપ છે.

'એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.' એવો નિશ્ચય જેમણે પ્રકાશ્યો, એવો નિશ્ચય કરવાનું જેણે પ્રકાશ્યું કે, હે જીવો ! એવો નિશ્ચય કરો કે તમારું દ્રવ્ય છે તે અચિંત્ય છે. એનો પ્રકાશ પણ, એનું સંવેદન પણ અચિંત્ય છે. એવું પ્રકાશનાર, એવું સ્વરૂપ છે એમ નિશ્ચય પ્રકાશનાર, એવો નિશ્ચય જેણે પ્રકાશ્યો, નિશ્ચય સ્વરૂપ એવું છે એમ જેણે પ્રકાશ્યું તે સત્પુરુષોનો પણ અપાર-અપાર ઉપકાર છે. કેમકે પોતે દીન હિન રાંકો થઈને ફરતો હતો. પોતાના સુખની ભીખ પુદ્ગલ

પરમાણુમાં એ માંગતો હતો. અનંત સુખ અંદરમાં ભર્યું છે. અને પુદ્ગલ રજકણ જેમાં સુખ નથી એની પાસે સુખની ભીખ માગે. આવી સ્થિતિ જેણે બદલાવી નાખી. કેમ કરીને બદલાવી નાખી ? કે આવું તારું દ્રવ્ય છે એમ નિશ્ચય પ્રકાશીને જેણે આખી પરિસ્થિતિ બદલાવી નાખી. એવું પ્રકાશ કરનાર, એવું કહેનાર, એ કહેનારનો પણ અપાર-અપાર ઉપકાર છે. એ કહેનારનો પણ એટલો ઉપકાર છે, જુઓ ! કહેનાર કહેનાર છે, સાંભળનાર સાંભળનાર છે. પણ જુઓ ! સાંભળનારની સ્થિતિ !

અરે..! મારા ધ્યાન ઉપર આ વાત અનંતકાળમાં કોઈવાર આવી નથી. મારું લક્ષ જેણે મારા અચિંત્ય દ્રવ્ય ઉપર દોર્યું એ અચિંત્ય દ્રવ્ય ઉપર લક્ષ જવાનું કોઈ કારણ અત્યાર સુધી આવું બન્યું નથી જે બન્યું. જેના વચનના યોગે સ્વરૂપ લક્ષ થાય છે એનો ઉપકાર માનવામાં પણ બેહદ ઉપકાર એનો જોવામાં આવે છે. અપાર એટલે બેહદ ઉપકાર એનો જોવામાં આવે છે. કેમકે હિત પણ બેહદ થશે ને. તે '**પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો...**' એવું તારું સ્વરૂપ છે એમ નિશ્ચય જેણે પ્રકાશ્યો '**તેનો અપાર ઉપકાર છે.**' દ્રવ્ય સ્વરૂપનો મહિમા કર્યો છે અને સ્વરૂપને દર્શાવનાર એવા સત્પુરુષનો પણ મહિમા કર્યો છે.

'**ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે,...**' ચંદ્ર છે એ ભૂમિને પ્રકાશે છે. એમ કહેવાય છે કે ચંદ્ર ભૂમિને પ્રકાશે છે. કેમકે પહેલા અંધારામાં જે જમીન નહોતી દેખાતી એ બધું દેખાવા માંડ્યું. '**તેના કિરણની કાંતિના પ્રભાવથી...**' આખી જાણે એક સફેદ ચાદર બિછાવી હોય. સફેદ નહિ પણ રૂપેરી ચાદર બિછાવી હોય એવું ચંદ્રની ચાંદનીના પ્રકાશમાં પૃથ્વી જોવામાં આવે છે. તેમ છતા '**પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી.**' તેથી પણ કાંઈ ચંદ્ર છે એ ભૂમિરૂપ થાય છે કે ભૂમિ ચંદ્રરૂપ થાય છે (એમ નથી). બે એક થઈ ગયા હોય એવું લાગે. ચાંદની અને જમીન જાણે એક થઈ ગયા હોય એવું લાગે છતાં બંને ભિન્ને-ભિન્ન છે. એમ સમસ્ત વિશ્વનો પ્રકાશક એવો આ આત્મા... આખું વિશ્વ જેનામાં પ્રતિબિંબિત થાય છે.

એ 'પ્રવચનસાર'માં તો બહુ લે છે. આખું સચરાચર વિશ્વ જાણે કે જ્ઞાનમાં ખોડાય ગયું હોય, જ્ઞાનમાં ચિતરાય ગયું હોય અને જ્ઞાનમાં કોતરાય ગયું હોય. એટલું બધું લીધું છે. તેમ લાગે છે. એવો પ્રકાશ કરે છે. તોપણ તે પ્રકાશ જ્ઞાનનો પ્રકાશ છે એ વિશ્વરૂપ થતો નથી. જ્ઞાન, જ્ઞાન રહે છે અને વિશ્વના અનંત જ્ઞેયો તે જ્ઞેય રહે છે. ભિન્ને ભિન્ન રહે છે. કોઈ એકબીજાને સ્પર્શતા નથી.

'**સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે.**' એવો આ આત્મા, વિશ્વનો પ્રકાશક એવો

આ આત્મા એ તો સદાસર્વદા પોતાના ચૈતન્યસ્વરૂપ જ રહે છે. ચૈતન્યસ્વરૂપનું ઉલ્લંઘન કરીને પોતાની મર્યાદા બહાર ક્યાંય જાતો નથી. '**સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.**' અને જે જણાય છે એ પદાર્થોની અંદર અભેદતા થઈ જાય છે એને. આ મારું છે, આ શરીર મારું છે. એનું છૂટું પડવું થવું જ ન જોઈએ. મરવું નથી ને. એટલે એ છૂટું પડવું જ ન જોઈએ. આ સંયોગો છે એ જુદાં થવા ન જ જોઈએ.

'**વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.**' એવું જે પોતાનું સંબંધપણું માને છે એ જ ભ્રાંતિ છે. જીવની આ ભ્રાંતિ અનાદિની છે. શ્રીગુરુના વચનથી એને શંકા પડી જાય કે નહિ, હું ભૂલ્યો છું. આ જે અનુભવ થાય છે એ જૂઠનો અનુભવ છે. પરપદાર્થથી મને લાભ, પરપદાર્થથી મને નુકસાન, પરપદાર્થથી મને કાંઈક થાય એ ભ્રાંતિ છે. એમ સત્પુરુષના વચનથી સમજાતા જેને શંકા પડે અને સત્યને શોધવા નીકળે તો એ ભ્રાંતિ આપોઆપ મોળી પડે. ભ્રાંતિ મોળી પડે તો જે ભાવો એને સુખરૂપ, વિભાવભાવો સુખરૂપ લાગતા હતા એ દુઃખરૂપ લાગે.

જ્યાં સુધી રાગાદિ ભાવોમાં વિકલ્પમાં દુઃખ નથી લાગતું ત્યાં સુધી ભ્રાંતિમાં કાંઈ ફેર પડ્યો નથી. લ્યો ! આ એક આંક છે. ભ્રાંતિને માપવાના Metre નો આ એક આંક છે કે જે વિકલ્પો દુઃખમય છે તે વિકલ્પોમાં દુઃખ નથી લાગતું ત્યાં સુધી ભ્રાંતિ ગઈ નથી. અથવા ભ્રાંતિમાં ફેર પણ પડ્યો નથી. ગઈ તો નથી એ તો દશા થાય ત્યારે જ્ઞાનદશામાં જાય પણ ફેર પડ્યો નથી. જે પાત્રતામાં આવીને ફેર પડવો જોઈએ, આ જગ્યાએ અનુભવમાં ફેર પડવો જોઈએ. જાણવામાં ફેર પડે ત્યારે એને એમ થાય કે મને જ્ઞાન થયું. શાસ્ત્ર વાંચીને જાણવામાં ફેર પડે ત્યારે જ્ઞાન માને છે. પણ આ અનુભવના માર્ગમાં તારા અનુભવમાં શું ફેર પડ્યો એ દેખાડને. જાણવાનું મારે દેખાડવાનું કામ નથી. જાણપણું કાંઈ દેખાડ માં, એ કાંઈ દેખાડવાની જરૂર નથી. તારો અનુભવ દેખાડ. વિકલ્પમાં દુઃખ લાગે છે તો પાત્રતા આવી છે, તો ભ્રાંતિ મોળી પડી છે અને ભ્રાંતિ મોળી પડે તો ભ્રાંતિનો અભાવ થાય. દર્શનમોહ મોળો પડ્યા વિના કોઈ દિવસ અભાવ થતો નથી. એ ૨૦૩માં લીધું છે 'ગુરુદેવશ્રી'એ. દર્શનમોહ પહેલાં મોળો પડે છે પછી જ એનો અભાવ થાય છે. એવો ક્રમ છે, કારણ પરંપરાનો એ ક્રમ છે. જિનવાણી એ ક્રમને બતાવે છે, જિનવાણી એ ક્રમને બતાવે છે. કારણ પરંપરા...

કહે છે કે એ અભેદતા માને છે એમાં દુઃખ છે છતાં દુઃખ જણાતું નથી. એ પણ અભેદતાને સૂચવે છે. એ પણ રાગના એકત્વને સૂચવે છે. અને એ જ જીવની ભ્રાંતિ છે. એ ભ્રાંતિ છે એ ભ્રાંતિ મટે તો સુખનો ભંડાર છે એમાંથી સુખનો અનુભવ થયા

વિના રહે નહિ. પણ ભ્રાંતિથી દુઃખમાં જ સુખ માન્યું હોય એને સાચા સુખનો પત્તો લાગે એવું તો કદી બનતું નથી.

'જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી,...' અરૂપી એવું આકાશ છે. ભલે એમાં પોલાણ જેવું લાગે છે તોપણ વિશ્વનો એમાં જરાય પ્રવેશ નથી. આકાશ આકાશ જ રહે છે. આકાશ કોઈ પદાર્થને સ્પર્શતું નથી. આખા ચૌદ બ્રહ્માંડને અવગાહન દેનારું આકાશ એ ચૌદ બ્રહ્માંડના એક રજકણને પણ અડતું નથી. આકાશ-આકાશ રહે છે. પોતાના સ્વરૂપથી અચલિત રહે છે. **'સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે,...'** કોઈ ભાવ એમાં વસતો નથી. જીવનો કે પુદ્ગલનો, ધર્માસ્તિનો કે અધર્માસ્તિકાયનો, આકાશ તો નિર્લેપ રહે છે.

'તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્માને દીઠો છે.' સમ્યગ્દૃષ્ટિઓએ તો આત્માને સર્વ અન્ય દ્રવ્યો અને અન્ય પર્યાયોથી ભિન્નેભિન્ન દીઠો છે. સંયોગમાં છે ત્યારે પણ. આકાશમાં ચૌદ બ્રહ્માંડ છે ત્યારે પણ ચૌદ બ્રહ્માંડથી આકાશ જુદું છે. એમ શરીરાદિ સંયોગ છે, રાગાદિ સંયોગ છે તોપણ એનાથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા ભિન્ને ભિન્ન જ દીઠો છે. કેમકે જાત ફેર છે. ચૈતન્ય મટીને રાગરૂપ કે પુદ્ગલરૂપ થાય કે પુદ્ગલ કે ચૈતન્ય ઘણા સંયોગમાં રહીને ચૈતન્યરૂપ થાય એવું કદી બનતું નથી. આત્મા એમણે ભિન્ન જ દીઠ્યો છે. સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ તો ભિન્ન જ દીઠ્યો છે. સમ્યગ્દૃષ્ટિ પુરુષનું લક્ષણ એ છે કે ભિન્નપણું જોવે તે સમ્યગ્દૃષ્ટિ છે. ભિન્નપણું અનુભવે તે સમ્યગ્દૃષ્ટિ છે. અભિન્નપણું અનુભવે એ તો અનાદિથી ભ્રાંતિથી અનુભવે છે. એ મિથ્યાદૃષ્ટિપણું છે.

મુમુક્ષુ :- આત્મા છે ત્યાં છએ દ્રવ્ય છે પણ ભિન્ન જોવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ અવગાહનની વ્યાખ્યા એવી કરી છે 'શ્રીમદ્જી'એ. એક ક્ષેત્રે રહેવા છતાં પણ પોતપોતાના સ્વરૂપે રહે. અવગાહન એટલે શું ? કોઈએ પ્રશ્ન પૂછ્યો છે કે કેમકે એક પારિભાષિક ખાસ પ્રકારનો શબ્દ છે. એ અન્યમતમાં નથી. કેમકે અન્યમતમાં અવગાહનાનો એ વિષય જ નથી. આમ તો કેવળજ્ઞાન અનુસારનો વિષય છે ને ? આમ તો શું છે કે જે જગ્યા જે પદાર્થની હોય એ જગ્યાએ બીજો પદાર્થ આવી ન શકે. કેમકે દરેક પદાર્થ ઘન છે, પોલાણ નથી. છતાં એક અવગાહન નામનો એક પરસ્પર એવો ગુણ છે કે જે જગ્યાએ એક દ્રવ્ય છે એ જગ્યાએ બીજા પાંચ દ્રવ્યો છે. એટલે છએ દ્રવ્યો. આકાશ છે ત્યાં કાળાણુ છે, ત્યાં જ ધર્માસ્તિકાય, ત્યાં જ અધર્માસ્તિકાય, ત્યાં જ પુદ્ગલ. પુદ્ગલ વગરનો કોઈ લોકનો પ્રદેશ ખાલી નથી. અને જીવ વગરનો કોઈ લોકનો પ્રદેશ ખાલી નથી.

.. પોતાના સ્વરૂપને જે છોડતા નથી. એક ક્ષેત્રે રહેવા છતાં પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના એક ક્ષેત્રે રહે તેને અવગાહન કહેવામાં આવે છે. એવી વ્યાખ્યા કરી છે. અહીંયાં કહે છે કે જીવમાં અન્ય પદાર્થો જણાયા એનું શું ? તો કહે ના. અન્ય પદાર્થો અન્ય પદાર્થમાં રહ્યા છે. અહીંયાં પ્રતિબિંબ આવ્યું છે. જ્ઞાન જ્ઞેયાકાર થયું. જ્ઞાન જ્ઞેયરૂપે થયું નથી, જ્ઞેય જ્ઞાનરૂપે થયા નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધે માત્ર પ્રતિબિંબ આવ્યું છે. અથવા જ્યાં શરીર છે ત્યાં દેહ છે તોપણ એ અવગાહન છે એક ક્ષેત્રે. દેહ આત્મારૂપે થયો નથી, આત્મા દેહરૂપે થયો નથી. પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના જડ અને ચૈતન્ય ભિન્ને-ભિન્ન રહ્યા છે. એવો જેણે અનુભવ કર્યો છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

'**જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય** ?' એમ કહે છે. જેની ઉત્પત્તિ કોઈ પણ બીજા પદાર્થને કારણે ક્યારેય થઈ જ નથી. નવો ઉત્પન્ન થયો જ નથી. પોતે અનાદિનો છે, છે ને છે. એનો આત્માનો નાશ પણ ક્યાંથી હોય અને કેવી રીતે થાય ? કે નાશ થવાનો પણ પ્રશ્ન નથી. જીવને મૃત્યુનો ભય સૌથી વધારે છે ને ? કહે છે કે એ તો તું સાવ ખંખેરી નાખ. તારી ઉત્પત્તિ નથી તો પછી તારો નાશ થવાનો પણ કોઈ અવસર છે જ નહિ. અશક્ય છે.

'**અજ્ઞાનથી અને સ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે.**' લ્યો ! દર્શનમોહ અને ચારિત્રમોહ બેય લઈ લીધા છે. અજ્ઞાનમાં દર્શનમોહ સાથે છે અને પ્રમાદમાં ચારિત્રમોહ છે. સંસાર અવસ્થામાં બંને મોહ પ્રવર્તે છે. એકલો દર્શનમોહ છે અને ચારિત્રમોહ નથી એવું નથી. બેય કામ કરે છે. '**અજ્ઞાનથી અને સ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે.**' એ માત્ર એનો ખોટો ભય છે, જૂઠો ભય છે. તે જ '**ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણ સ્વરૂપમાં પરમ જાગૃત થઈ...**' એ ભ્રાંતિને છોડીને પોતાનો શુદ્ધ ચૈતન્ય કેવો છે ? નિજઅનુભવપ્રમાણ આત્મા છે. જેટલામાં જ્ઞાનનું વેદન થાય છે એટલામાં વ્યાપેલો છે. નિજઅનુભવપ્રમાણ. કેટલું ક્ષેત્ર છે ? નિજવેદન પ્રમાણ કહો કે નિજઅનુભવપ્રમાણ કહો. એટલું ક્ષેત્ર છે પોતાનું. બહુ સારો વિષય લીધો છે.

'**તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવ-પ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ...**' એટલામાં જ પોતાપણું અનુભવગોચર કરીને. સારી રીતે. પરમ જાગૃત થઈને એટલે એટલામાં જ પોતે છે એમ જાગૃતપણે અનુભવમાં રહીને '**જ્ઞાની સદાય નિર્ભય છે.**' જ્ઞાનીને કોઈ ભય થતો નથી. સપ્તભય રહિત લીધા કે નહિ ? સમ્યગ્દૃષ્ટિ

સપ્તભય રહિત છે. સાત કળશ લીધા છે. સાતેય ભયના સાત કળશ લીધા છે. જ્ઞાનીને કોઈ ભય નથી. કેમ નથી ? કે એ '**सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति**'. એવા શબ્દો લીધા છે. '**सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति**'. એ સહજપણે, સતતપણે જ્ઞાનને વેદે છે. અને નિજઅનુભવપ્રમાણ પોતાના શુદ્ધ ચૈતન્યને વેદતા એમને મૃત્યુના ભયની, લુંટાવાની, ચોરીની, અકસ્માતની કોઈ ભ્રાંતિ રહેતી નથી. માત્ર એ ભ્રાંતિ છે.

મુમુક્ષુ :- છે તો સંજ્ઞા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંજ્ઞા છૂટી જાય છે. ચોથા ગુણસ્થાને ભય સંજ્ઞા તૂટી જાય છે. લ્યો ઠીક ! છઠ્ઠા ગુણસ્થાને આહારસંજ્ઞા તૂટી જાય છે. જેમ જેમ મોક્ષમાર્ગમાં જાય છે એમ એની ચારેય સંજ્ઞા તૂટી જાય છે. છઠ્ઠા ગુણસ્થાને આહારસંજ્ઞા નથી હોતી. આહાર લે છે પણ આહાર સંજ્ઞા નથી. ચોથા ગુણસ્થાને ચારિત્રમોહનો ભય છે પણ ભયસંજ્ઞા નથી. એમ છે. એવું છે. એ તો એ છૂટી જાય ત્યારે મુક્તિની જે મસ્તી છે એ જુદી ચીજ છે આખી.

જ્યારે એ બંધનથી છૂટે છે,... સંજ્ઞાના બંધનથી, ભાવ બંધનથી અનાદિથી બંધાયેલો એવો જીવ એ સંજ્ઞાથી છૂટે છે ત્યારે એની મુક્તિની જે મુક્તપણાની, સ્વતંત્રપણાની જે મસ્તી છે એ કોઈ અલૌકિક ચીજ છે. એ વસ્તુ અલૌકિક છે, અવર્ણનીય વસ્તુ છે. એનું કોઈ વર્ણન થઈ શકે એવું નથી. જેમ ઓલા વાંછડાને સાંજે છોડે ત્યારે ઠેકડા મારે એ એના જેવું છે. એવી સ્વતંત્રાનો આહ્લાદ કોઈ જુદી જાતનો છે.

'**તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણ સ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે.**' જ્ઞાનીને ક્યારેય ભય નથી. સ્વપ્નામાં પણ ભય નથી. લ્યો ઠીક ! જ્ઞાનીને સ્વપનામાં પણ ભય નથી. ચારિત્રમોહનો સહેજ ઉપરનો આવી જાય એ સહેજ છે. બાકી ખરેખર એને ક્યાંય ભય નથી. એવી અંદર શુદ્ધ ચૈતન્યની જાગૃતિની એક ધારા, ધારાવાહી પરિણતિ જાગૃત દશાની છે. એમાં જાગૃત છે. સ્વરૂપમાં જાગૃત છે. ઉપયોગ બહાર જાય છે એમાં જાગૃત અને સાવધાન નથી. એમાં સાવધાની છૂટી ગઈ છે.

'**જ્ઞાની સદાય નિર્ભય છે.**' મિથ્યાદષ્ટિ ગમે તેટલો સાધન સંપન્ન હોય ને તોપણ એને અનિત્યતાનો ભય એના કાળજાને કોરી નાખે છે. કડક કડક ઉંદર કાપે એમ એનું કાળજું કપાતું હોય. અરે..રે..! શું થાશે ? ક્યારે શું થાશે ? અરે..રે..! ક્યારે શું થાશે ? કેમકે આંખ તો ઓંચિતી જ મીંચાય છે. મૃત્યુના ભયથી સદાય ફડફડતો રહે છે. મૃત્યુના ભયથી સદાય ફફડતો રહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંયોગમાં એને સંયોગનો વિયોગ થશે તો, ક્યારેક આમ થાશે તો ? ક્યારેક આમ થાશે તો ? અકસ્માત થાશે તો ? ધરતીકંપ થશે તો ? મોટો રોગ આવી પડશે તો ? પરલોકમાં કોને ખબર કેવા પરિણામના ફળ આવશે ? કોને ખબર આપણને કાંઈ ખબર નથી રહી. સાતે સાત ભયથી... એની ભયની પરિણતિ ચાલુ છે. બહારમાં હસે અને આનંદ કરતો દેખાય એ વખતે ભયની પરિણતિ એની ચાલુ છે. ભયથી મુક્ત નથી થયો. આનંદથી નાચતો હોય ત્યારે ભયથી મુક્ત નથી થયો. એ ભયમાં રહ્યો-રહ્યો આનંદ કરે છે. એ એનો કૃત્રિમ આનંદ છે. સાચો આનંદ નથી. જ્ઞાનીની પ્રસન્ન મુદ્રા જુદી જાતની છે. એની મુદ્રાની પ્રસન્નતા જુદી જાતની હોય છે. એ અજ્ઞાનીની હોઈ શકે નહિ. કેમકે એને અંદરમાં ભય... ભય... ભય... ભય... આમ થશે... કાંઈક થાશે... કાંઈક થાશે... એ ચાલુ જ છે એનો એ.

એ '**જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે.**' શું કહે છે ? કે આત્મા શાશ્વત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, એવું જે પોતાના સ્વરૂપનું લક્ષ થયું, એવા જે સર્વ જીવોને જોવે છે અને એને સામ્યભાવ ઉત્પન્ન થાય છે. બીજા જીવોની પર્યાયને ગૌણ કરી જાય છે એ. મુખ્યપણે તો કોઈ બીજાને પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપે જોવે છે. એમાં પણ બે ભાગ કરી નાખે છે : મુખ્ય અને ગૌણ. એની પર્યાય ગૌણ, એનું સ્વરૂપ મુખ્ય.

'**એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.**' અને એમની દશા સમાધિમય રહે છે. પોતે તો ઉપાધિમાં સમાધિ છે એ વાત કેટલીવાર લખી છે એમણે. બહારમાં ઉપાધિ છે અને અંતરંગમાં સમાધિ છે. એટલે સંયોગો જેને ઉપાધિ કહીએ એવા છે. અંદરમાં તો અમને સમાધિ બરાબર છે. અમારી સમાધિમાં કાંઈ ફેર નથી. કેમકે ભિન્ન જાણ્યું છે. એ બધા સંયોગો ભિન્ન જાણ્યા છે.

'**સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી..**' નાખી છે. છેદી નાખી છે. વ્યાવૃત્ત કરી છે એટલે ? સર્વ પરદ્રવ્ય પ્રત્યેની વૃત્તિને જેણે છેદી નાખીને '**આત્મા અક્લેશ સમાધિને પ્રાપ્ત થયો છે.**' આત્મામાં શાંત... શાંત... શાંત... સમાધિમય દશા વર્તે છે. અસમાધાનનું કોઈ કારણ રહ્યું નથી. જુઓ ! કેવી વસ્તુ છે ! એટલે સમ્યક્ સ્વભાવ કીધો છે. જ્યાં અનુભવ કરે છે ત્યાં અનંત પડખેથી અસમાધાનનો અભાવ થાય છે. જ્યાં સુધી સ્વાનુભવ નથી ત્યાં સુધી અનંત પડખેથી અસમાધાન છે. અને એક સ્વાનુભવ થતાં સર્વાંગ સમાધાન થઈ ગયું. સર્વાંગ સમાધાન. કોઈ અંગે, કોઈ અંશે,

કોઈ ભેદે, કોઈ પ્રભેદે અસમાધાન નથી. આમ છે.

'ગુરુદેવે' એક વાત કરેલી છે. આમાં 'પરમાગમસાર'માં પણ આવે છે. કેવળજ્ઞાનમાં કાંઈ આશ્ચર્ય થાય કેવળજ્ઞાનીને ? કે આ અકસ્માત થઈ ગયો આવો. એવું કોઈ આશ્ચર્ય કેવળજ્ઞાનમાં થાય ? કે ન થાય. કેમ ? કે પહેલાં સમયે અનંતકાળનું બધું જણાય ગયું છે. નહિ પ્રગટ થયેલા પ્રસંગો અનંત કાળના કેવળજ્ઞાન થવાના પહેલાં સમયે જણાય ગયા છે. તો કેવળજ્ઞાનમાં જેમ આશ્ચર્ય નથી. તેમ જે કેવળજ્ઞાન સ્વભાવને સ્પર્શીને ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું, જેમાં સ્વ અને પર બંને કેવળજ્ઞાનની પ્રતીતિ વર્તે છે કે કેવળજ્ઞાન આવું હોય એને શ્રુતજ્ઞાનમાં પણ આશ્ચર્ય નથી. એને આશ્ચર્ય નથી એટલે એને ક્યાંય અસમાધાન નથી થતું. આમ કેમ થયું ? ઓચિંતુ આમ કેમ થયું ? એ પ્રશ્ન એને નથી.

એમ લીધું છે કે '**આત્મા અક્લેશ સમાધિને પામે છે.**' એકલી સમાધિ નથી લીધી. ક્લેશ રહિત દશા થઈ એવી સમાધિને પામે છે. અને ત્યાં સુધી ક્લેશ મટે એવું નથી. આવી આત્મસમાધિ પ્રગટ થયા વિના કોઈને ક્લેશ મટે એવું નથી. અંદરમાં ક્લેશની પરિણતિ ચાલુ ને ચાલુ રહે. આકુળતા... આકુળતા... આકુળતા... એ સંક્લેશ સમાધિ દશાથી મટે છે અને એ સમાધિ પહેલી વહેલી નિર્વિકલ્પ દશામાં ઉત્પન્ન થાય છે. એને નિર્વિકલ્પ સમાધિ કીધી છે. સમાધિ જો કે નિર્વિકલ્પ જ હોય છે. ઉપયોગમાં હોય કે પરિણતિમાં હોય સમાધિ તો નિર્વિકલ્પ જ છે.

'**આત્મા અક્લેશ સમાધિને પામે છે. પરમસુખસ્વરૂપ,...**' આ કોઈ રીતે મૂલ્યાંકન આવે ને ? એટલે બધા વિશેષણો વાપર્યા છે. કોઈ રીતે આ ચીજનું મૂલ્ય આવે અને જીવ એક વખત આખા જગતને ગૌણ કરે. આખા જગતમાં એનું માનેલું એટલું જગત એને છે. બાકી બીજાની સાથે એને શું લેવા-દેવા છે ? જેટલામાં પરિચીત છે એટલું જ એનું જગત છે. બીજું શું છે ? બાકી તો કોણ ઓળખે છે ? તો કહે છે, એ બધું ગૌણ કરીને, ખોબા જેટલું હોય કે જેટલું હોય એટલું. એકવાર પોતાના સ્વરૂપનું મૂલ્યાંકન કરે અને પોતાના સુખને પ્રાપ્ત કરવા માટે કોઈ રીતે પ્રયત્ન કરે.

શું કહે છે ? '**પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર.**' લ્યો ! આ દેવને લીધા. અને '**તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને પણ નમસ્કાર.**' આ ગુરુને લીધા. બેયને લીધા છે આમાં.

મુમુક્ષુ :- સત્પુરુષો કેવા છે એ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'**પરમસુખસ્વરૂપ,..**' છે. ભગવાન કેવા છે ? પરમસુખસ્વરૂપ છે. એટલે નિરંતર ડૂબેલા રહે છે. અહીંયાંથી બહાર નીકળતા નથી. '**પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત...**' ઉત્કૃષ્ટ, પરમ ઉત્કૃષ્ટ શાંતિ. શાંતપણાને બે વિશેષણ લગાડ્યા છે. પરમશાંત અને પરમ ઉત્કૃષ્ટ શાંત એવા '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા...**' એટલે હવે પછી એ સમાધિમાંથી બીજી દશા કોઈ દિ' કદી થવાની નથી. સર્વ કાળને માટે એવી પરમસુખસ્વરૂપ પરમોત્કૃષ્ટ શાંત સમાધિમય દશા જેની રહેશે તે ભગવંતોને નમસ્કાર છે. એવા ભગવંત અરિહંત સિદ્ધ આદિ ભગવંતોને નમસ્કાર છે. પંચ પરમેષ્ઠીને એમાં નમસ્કાર કરી દીધા.

'**તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો...**' લક્ષ છે એમ નહિ. લક્ષરૂપ પ્રવાહ છે જેનો. પરિણતિ લઈ લીધી, જુઓ ! લક્ષ છે એ પરિણતિરૂપ છે. એ કોઈ અદ્દર રહેલી ચીજ નથી. એ પ્રગટ પરિણતિરૂપ જ્ઞાનની દશા છે. '**તે પદમાં...**' એવા શુદ્ધ ચૈતન્યપદમાં જેનો '**નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે...**' જેના જ્ઞાનના લક્ષરૂપ પ્રવાહ નિરંતર (વર્તે છે). એ પદમાં લક્ષ ચોંટી ગયું છે એવા સત્પુરુષોને પણ હું નમસ્કાર કરું છું. એ બંને પદને નમસ્કાર કર્યા છે.

હવે સ્વરૂપની ભાવના ભાવે છે. આત્મભાવના જેને કહે છે ને ? એ આ આત્મભાવના છે, લ્યો ! આત્મભાવના એમણે ભાવી છે. આ ૮૩૩માં ભાવી છે. '**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું,...**' લ્યો ! આ ભિન્નપણાની ભાવના આવી ગઈ. બાર ભાવના હોય છે ને ? એમાં સ્વરૂપથી એકત્વ અને પરદ્રવ્યથી અન્યત્વ. એ અન્યત્વભાવના થઈ. '**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર...**' છું. અને '**એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું,...**' બધે હું છું, હું છું લઈ લેવું. જેટલા વિશેષણ છે ત્યાં બધે એવો હું છું... એવો હું છું... એવો હું છું... વારંવાર એમ થાય એને ભાવના કહેવામાં આવે.

ભાવના છે એ એક વખત થાય ને રહી જાય એમ નથી. આજ થાય અને પછી વળી કાલે થાય. આજે સ્વાધ્યાયમાં આવે ત્યારે આત્માની ભાવના થઈ, હવે કાલે સ્વાધ્યાયમાં આવીએ ત્યારે આત્માની ભાવના થાય. એમ ભાવના નથી. થયા જ કરે. ભાવના તો થયા જ કરે એનું નામ ભાવના છે. ભાવુક્તામાં એવું થાય.

મુમુક્ષુ :- ભાવુક્તા અને ભાવના જુદી જુદી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જુદી જુદી વસ્તુ છે. ભાવુક્તામાં ભાવુક્તા આવી જાય. એ ઊભરા જેવું છે. પાછું સમાઈ જાય. બંધ થઈ જાય. વળી પાછી ક્યારેક ભાવુક્તા આવે.

એમ નહિ. ભાવના છે એ તો નિરંતર રહે છે.

'**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું,...**' બીજા પદાર્થો સાથે પરિણામોનો વ્યવહાર ચાલુ છે ને ? તો ભાવના હોય એને ભિન્નપણું ભાસ્યા વગર રહે નહિ. તો એને ભાવના છે. ભિન્નપણું એમાં ન આવે, ભિન્નપણાનો ભાવ ન આવે તો સ્વરૂપની અભિન્નતાની કે અન્યત્વતાની ભાવના ક્યાં રહી ? એ ભાવના રહી નહિ. '**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ,...**' છું. આ એકત્વભાવના. '**એક કેવળ શુદ્ધચૈનત્યસ્વરૂપ,...**' છું. '**પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખ-સ્વરૂપ માત્ર...**' છું. અને '**એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું,...**' લ્યો ! આ મિથ્યા એકાંત થાય ? સમ્યક્ એકાંત છે.

'**એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું,...**' લ્યો ! ભાવનામાં એકાંત લીધું છે. એવી ભાવના જોરદાર છે ને ? '**એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું,...**' કેમકે મારામાં બીજાનો અનુભવ થઈ શકે એ પરિસ્થિતિ નથી. માટે '**એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું.**' અન્યભાવનો અને અન્યદ્રવ્યનો મને અનુભવ નથી. '**ત્યાં વિક્ષેપ શો** ?' પછી આવી ભાવના હોય એને પરિણામમાં ખળભળાટ શેનો ? એમ કહે છે. શેનો વિક્ષેપ ? કોઈ એને વિક્ષેપ નથી. '**ત્યાં વિક્ષેપ શો** ? **ત્યાં વિકલ્પ શો** ?' પછી બીજો વિકલ્પ શું આમાં ? આવા નિર્વિકલ્પ સ્વરૂપને વિષે વિકલ્પનો અવકાશ નથી. પોતાના નિર્વિકલ્પ સ્વરૂપને વિષે નિર્વિકલ્પ ભાવના અને સમાધિ છે ત્યાં વિકલ્પનો કોઈ અવકાશ નથી.

'સોગાનીજી'ના અમુક શબ્દો બહુ સારા નીકળી ગયા છે. આત્માને એક વિકલ્પ થાય છે એને ફાંસી લાગે છે. શું કહે છે ? કેવા શબ્દો કાઢ્યા છે ! નિર્વિકલ્પ સ્વરૂપ છે, અંદરમાં નિર્વિકલ્પ સમાધિની પરિણતિ ચાલે છે. બહારમાં અવસ્થાના એક ખૂણામાં જોડે એક વિકલ્પ થાય છે તો આત્માને ફાંસી લાગે છે. એવું દરદ થાય છે કે આત્માને જાણે કોઈ ફાંસી દેવા તૈયાર ન થતું હોય.

'**ત્યાં વિકલ્પ શો** ? **ભય શો** ?' આવું જ્યાં સર્વથી ભિન્ન અવ્યાબાધ ચૈતન્ય શાંત સ્વરૂપ પરમોત્કૃષ્ટ સુખસ્વરૂપ છે ત્યાં ભય શો ? જ્યાં દુઃખનો પ્રવેશ નથી ત્યાં ભય શો ? ત્યાં '**ખેદ શો** ?' કાંઈ નુકસાન જાય કે લુંટાય જાય કે ઓછું થઈ જાય કે કાંઈ કમી થઈ જાય. એનો ખેદ શો ? '**બીજી અવસ્થા શી** ?' આ સિવાયની કોઈ પણ પ્રકારની અવસ્થા કેમ થાય ? એકાંત અનુભવ શાંત સુખસ્વરૂપ છું ત્યાં બીજી અવસ્થા શી ?

'**હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ...**' જુઓ ! કેવી ભાવનામાં શબ્દો

આવ્યા છે ! '**હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ...**' છું. એકદમ ભાવનામાં આવે છે ને ! એટલે શુદ્ધ-શુદ્ધ લંબાઈ ગયું છે. '**શુદ્ધ, શુદ્ધ,...**' ઉત્કૃષ્ટ શુદ્ધ. પ્રકૃષ્ટ શુદ્ધ એટલે ઉત્કૃષ્ટ શુદ્ધ '**પરમશાંત ચૈતન્ય છું.**' પરમ શાંત. પૂરેપૂરી અનંત શાંતિનો પિંડ એવો ચૈતન્યપદાર્થ છું '**હું માત્ર નિર્વિકલ્પ છું.**' હું તો માત્ર નિર્વિકલ્પ છું. વિકલ્પનો મારામાં કોઈ અવકાશ નથી. શક્તિસ્વરૂપ છે ને ? નિર્વિકલ્પ અને વિકલ્પ વિશેષણ એ પર્યાયને લાગુ પડે છે. આ તો સમજાવવા માટે કોઈ ને કોઈ ભાષા આવે છે.

'**હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.**' નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. સ્વરૂપનો ઉપયોગ કરું છું. નિજસ્વરૂપ કેવું છે ? કે ઉપયોગસ્વરૂપી આત્મા છે. ઉપયોગમય થાવ છું. '**હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.**' એટલે મારા સ્વરૂપમાં હું લીન થાઉં છું. '**શાંતિઃ શાંતિઃ શાંતિઃ**' આ રીતે એમણે છેલ્લી ચાર લીટીમાં, સાડા ત્રણ લીટીમાં આત્મસ્વરૂપની ભાવના ભાવી છે. આત્મસ્વરૂપની ભાવના આત્મસ્વરૂપના અનુભવનું કારણ છે. અનુભવને બીજી ભાષામાં પ્રાપ્તિ કહે છે. સ્વરૂપની ભાવના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ છે. અને શુદ્ધ ભાવના, સ્વરૂપની શુદ્ધ ભાવના કદી નિષ્ફળ જતી નથી. આ Guaranted વાત છે.

અનંત જ્ઞાનીઓનો એ અનુભવ બોલે છે. અનંત જ્ઞાનીઓના અનુભવનો એ પોકાર છે કે શુદ્ધ અંતઃકરણથી સ્વરૂપની ભાવના ઉત્પન્ન થાય તેને સ્વરૂપ પ્રાપ્તિ ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ. આમ છે. તો પછી આમાં વિટંબણા ક્યાં રહી ? આમાં કઈ જાતની વિટંબણા રહી ? ક્યાં વિટંબણા રહી ? કેવી રીતે વિટંબણા છે ? ભગવાનનો માર્ગ તો આવો સુગમ અને સરળ છે. વિટંબણા વગરનો છે માટે સુગમ અને સરળ છે. સીધી વાત છે.

તારું આવું મહાન સ્વરૂપ છે. પરમોત્કૃષ્ટ શાંત અને પરમોત્કૃષ્ટ સુખરૂપ સ્વરૂપ છે એની ભાવના કરવી એમાં કોણ રોકે ? એની ભાવના કરવી એને કોણ રોકે ? એમ જેને પોતાની ભાવના કરવી છે એને જગતમાં કોઈ રોકનાર નથી. એને કાંઈ વચ્ચે અંતરાય પડે એવું છે નહિ. અંતરાય નાખે તોપણ પોતે અને અંતરાય ન થાય તોપણ પોતે છે.

મુમુક્ષુ :- સાચો પ્રયત્ન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાચો પ્રયત્ન. અંતરથી સાચો પ્રયત્ન કર્યો નથી. ખરી વાત તો એ છે. બાકી કરે તો સુગમ અને સરળ છે.

પત્રાંક-૮૩૪

વવાણિયા, જયેષ્ઠ સુદ ૬, ૧૯૫૪

મહત્‌ગુણનિષ્ઠ સ્થવિર આર્ય શ્રી ડુંગર જયેષ્ઠ સુદિ ૩ સોમવારની રાત્રીએ નવ વાગ્યે સમાધિ સહિત દેહમુક્ત થયા.

મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય.

તા. ૨૨-૯-૧૯૯૨, પત્રાંક - ૮૩૪ થી ૮૩૭
પ્રવચન નં. ૪૦૬

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૩૪. પાનું-૬૨૦. અંબાલાલભાઈ ઉપરનું Post card છે. **'મહત્ ગુણનિષ્ઠ સ્થવિર આર્ય શ્રી ડુંગર જયેષ્ઠ સુદિ ૩ સોમવારની રાત્રીએ નવ વાગ્યે સમાધિ સહિત દેહમુક્ત થયા. મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય.'** 'ડુંગરભાઈ' છે એનું દેહાંત થયું. લગભગ એક વર્ષ થયું. ઓલા જેઠ વદમાં હતા. આ જેઠ સુદે. બે મિત્રો એક એક વર્ષના આંતરે ગયા છે. છેલ્લા વર્ષમાં એમના પરિણામ સારા રહ્યા છે. 'સોભાગભાઈ' હતા ત્યારથી એમના પરિણામમાં ફેર છે. એટલે એમના માટેના સારા શબ્દો વાપર્યા છે.

પત્રાંક-૮૩૫

વવાણિયા, જયેષ્ઠ વદ ૪, ૧૯૫૪

ૐ નમઃ

મનની વૃત્તિ શુદ્ધ અને સ્થિર થાય એવો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. વળી તેમાં આ દુષમકાળ હોવાથી જીવને તેનો વિશેષ અંતરાય છે. જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્પુણ્યવાનપણું છે. સત્સમાગમના વિયોગમાં સત્શાસ્ત્રનો સદાચારપૂર્વક પરિચય અવશ્ય કરવા યોગ્ય છે.

૮૩૫મો છે 'રાયચંદ મનજીભાઈ દેસાઈ' **'મનની વૃત્તિ શુદ્ધ અને સ્થિર થાય એવો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે.'** સામાન્ય રીતે... આમાં હશે. વીતરાગ ટ્રસ્ટમાં બીજા શબ્દકોષ છે. લાઈબ્રેરીમાં. બધા પુસ્તકો 'સોનગઢ' મોકલી દીધા. એમાં

એક ગુજરાતી અને હિન્દી શબ્દકોષ બેય છે. શબ્દકોષ અહીં લઈ આવીએ. અહીં મંદિરમાં રાખશું. અહીં જોવા થાય.

'મનની વૃત્તિ શુદ્ધ અને સ્થિર થાય એવો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે.' સત્સમાગમમાં સામાન્ય રીતે... પરિણામ શુદ્ધ થાય. મનની વૃત્તિ એટલે મનના પરિણામ શુદ્ધ થાય અથવા ચંચળતા ઘટે. સ્થિર થાય એટલે ચંચળતા ઘટે. એવા પ્રકારનો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. અને એ અનુભવે સમજાય છે. કોના સંગમાં રહેતા, કોના સંગથી પરિણામમાં કાંઈક વૃત્તિ નિર્મળ થાય છે કે પરિણામની ચંચળતા ઘટે છે ? જોકે જેના સંગમાં રહેતા આત્મકલ્યાણની ભાવના ઉત્પન્ન થાય અથવા ઉત્પન્ન થયેલી આત્મકલ્યાણની ભાવના વૃદ્ધિગત થાય. આ પણ સત્સમાગમ યોગ્ય છે કે અયોગ્ય છે એ માપવા માટેનો મુદ્દો છે. એના ઉપરથી પોતાને નિર્ણય થાય કે આ સત્સમાગમ કર્તવ્ય છે અને આ સમાગમ અકર્તવ્ય છે.

'વળી તેમાં આ દુષમકાળ હોવાથી જીવને તેનો વિશેષ અંતરાય છે.' આ કાળમાં તો એવો સત્સમાગમ મળે એવું ભાગ્યે જ બને. એવા કોઈ પાત્રજીવો પણ ભાગ્યે જ હોય છે, બહુ ઓછી સંખ્યામાં હોય છે. અને તે પણ પોતે જે ક્ષેત્રે હોય તે જ ક્ષેત્રે મળવા એ તો આ કાળની અંદર ઘણું દુર્લભ છે. અથવા એવો સત્સમાગમ મળે તોપણ અંતરાય પડવાના, અંતરાય થવાના અનેક પ્રસંગો અને કારણો ઉત્પન્ન થઈ જાય છે.

'જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્પુણ્યવાનપણું છે.' જો કોઈ મહત્પુણ્યના યોગે પ્રત્યક્ષ સત્પુરુષનો પ્રત્યક્ષ સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય. વિશેષ લાભ એટલે સત્પુરષ લેવા ત્યાં. **'જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્પુણ્યવાનપણું છે.'** તો તે ઘણો પુણ્યનો અસાધારણ પુણ્યનો યોગ છે એમ સમજવા યોગ્ય છે. **'સત્સમાગમના વિયોગમાં સત્શાસ્ત્રનો સદાચારપૂર્વક પરિચય અવશ્ય કરવા યોગ્ય છે.'** એટલી શરત નાખી. શાસ્ત્ર વાંચી જવા એમ નહિ પણ **'સદાચારપૂર્વક પરિચય અવશ્ય કરવા યોગ્ય છે.'** એટલું પણ સાથે સાથે એમને બાહ્યાચરણની અંદર પણ એ વાત લીધી છે.

કેમકે શાસ્ત્રનું અધ્યયન છે એ એક પ્રકારની જ્ઞાનોપાસના છે. અને જ્ઞાનની ઉપાસના થતા શુષ્કતા ન આવે, જ્ઞાન શુષ્ક ન થાય એને માટે સત્પુરુષોએ અનેક પ્રકારે સૂચના આપી છે. અને એની અંદર સદાચાર છે એ મુખ્ય વાત છે. બાહ્યાચરણ છે એનો પણ સાથે સાથે ખ્યાલ કરવા યોગ્ય છે. નહિતર એ વિષય એવો છે, જ્ઞાનનો તો વિષય એવો છે. કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી. એવો બધો દ્રવ્યાનુયોગનો વિષય શાસ્ત્રમાં આવે છે. તો બહારમાં આત્મકલ્યાણના હેતુપૂર્વક

સદાચરણ ન હોય તો જ્ઞાન શુષ્કતાને પામ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- સદાચારપૂર્વક શાસ્ત્ર અભ્યાસ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ છે. સદાચારપૂર્વક શાસ્ત્ર અભ્યાસ કરવો. એટલે એ ખ્યાલ રાખવા યોગ્ય છે કે મુમુક્ષુને યોગ્ય જે સદાચરણ છે એ સદાચરણ જળવાવું જોઈએ, એની મર્યાદા બહાર કોઈ પ્રવૃત્તિ થાય તો જ્ઞાનની શુષ્કતા થતાં સ્વચ્છંદ વૃદ્ધિગત થઈને આત્માને પારાવાર નુકસાનનું કારણ થઈ જાય.

મુમુક્ષુ :- બાહ્ય સદાચાર...

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. ચોક્કસ. જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ છે ત્યારે ત્રણે ગુણોના પરિણમનનો મેળ ખાવો જોઈએ. સામાન્ય રીતે ત્રણેનો મેળ ખાવો જોઈએ. એક આમ ચાલે અને બીજો આમ ચાલે, ઊંધો ચાલે એ વાત એની સાથે સુસંગતતાને પામતી નથી. વિસંગત લાગે એવું તો ન હોવું જોઈએ. સીધી વાત એ છે.

'પૂજ્ય બહેનશ્રી' ચર્ચામાં કહેતા. મુમુક્ષુએ મુમુક્ષુની મર્યાદા બહાર જઈને કાંઈ નહિ કરવું જોઈએ. મુમુક્ષુની મર્યાદામાં રહીને ગમે તેવા પ્રસંગ બને. 'ગુરુદેવ' ગયા પછી જરા ખળભળાટ થયો. તોપણ એ વાત કહેતા. મર્યાદામાં, મુમુક્ષુની મર્યાદામાં રહીને થવું જોઈએ. મુમુક્ષુની મર્યાદા બહાર જઈને કોઈ કાર્ય કે કોઈ પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ કે ન થવી જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્યાનુયોગ તો બહુ ગંભીર છે ને. એટલે કાચો પારો છે. 'ગુરુદેવ'ની ભાષામાં કહીએ તો કાચો પારો છે. પાત્રતા વગર પચે નહિ. કહેતા કે જેમ ફૂટી નીકળે. કાચો પારો પચાવી ન શકે તો ફૂટી નીકળે. ફૂટી નીકળે એટલે ? એમાંથી રોગ થઈ જાય. એવી રીતે એમાંથી રોગની ઉત્પત્તિ થાય છે. ઉપદેશ તો ઉપદેશ છે, બોધ છે એ બોધ છે પણ કઈ ભૂમિકામાં, કયા જીવને કયા કાળમાં એ યોગ્ય છે એના ઉપર બધો નિર્ણય કરવાનો હોય છે. એમ ને એમ ગમે તે ગમે તે હાથમાં લઈ લે, ગમે તેવો જીવ ગમે તે વાત હાથમાં લઈ લે એવો આ વિષય નથી. બહુ જ ગંભીર છે. અને એમાં ઘણું જોખમ છે. લાભ કરતા નુકસાન થવાનું પહેલું ધ્યાનમાં રાખવું જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું નથી. લાભ કરવા જતા નુકસાન થઈ જાય એવું છે. અને આ નુકસાન કોઈ સાધારણ નુકસાન થતું નથી. અનેક ભવભવાંતરની અંદર નાખી દે. ક્યાંયનો ક્યાંય પત્તો લાગે નહિ. એ ૮૩૫ થયો.

૮૩૬. '**ઉત્પાદ, વ્યય, ધ્રુવ...**' એમાં મિતિ નથી નાખી. કોઈ પત્ર એમના હાથનો લખેલો મળ્યો હશે કાગળ એટલે એ નાખ્યો છે.

મુમુક્ષુ :- મુમુક્ષુની મર્યાદા શું ?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુની મર્યાદામાં શું છે કે સામાન્ય રીતે લૌકિક નીતિ-અનીતિ તો પહેલી ધ્યાનમાં રાખવી જોઈએ. પછી કોઈ એમ કહે કે જુઓ આ 'કાનજીસ્વામી'વાળા આવી ઊંચી તત્ત્વજ્ઞાનની વાતો કરે છે અને અંદરોઅંદર તો આવું બધું થયું છે. મુમુક્ષુની મર્યાદા છૂટી જાય છે. દેવ, ગુરુ, શાસ્ત્ર, સત્પુરુષ એની ક્યાંય અવમાનના, અવગણના ન થવી જોઈએ. ભક્તિ ઓછી હોય જુદી વાત છે. પણ ઊંધુ ચાલવાનું થાય, અવર્ણવાદ થાય, અવગણના થાય, અપમાન થાય, અવિનય થાય એ બધું મુમુક્ષુની મર્યાદા બહારનો વિષય થઈ જાય છે.

મુમુક્ષુ :- મુમુક્ષુના દરેક આચરણ ગુરુને છેડે અડે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે જ. કોને માને છે, કોના મુમુક્ષુ છે એમ નામ તો એની સાથે જોડાયેલું છે. એ ગંભીરતા ધ્યાનમાં રાખવા યોગ્ય છે. આપણો સંબંધ કોની સાથે જોડાયેલો છે ? કોઈ એક મહાન ભાવિ તીર્થંકર જેવી વ્યક્તિ છે, એ વ્યક્તિની સાથે આપણું નામ જોડાયેલું છે, આપણો સંબંધ જોડાયેલો છે. તો આપણી કોઈ પ્રવૃત્તિ, કોઈપણ આચરણ, કોઈપણ પ્રસંગમાં એવું ન થવું જોઈએ કે લોકો સીધું એનું નામ લે. એમ થવું જોઈએ નહિ.

મુમુક્ષુ :- આ વાત જ ભૂલાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- વાત ભૂલાય ગઈ પણ બહુ મોટુ જોખમ છે. જે મહાપુરુષનો ઉપકાર કોઈ રીતે વાળી ન શકાય, એનો ઉપકાર વાળવો એક બાજુ રહ્યો પણ એનો અપકાર થઈ જાય તો પછી મર્યાદા બહારની વાત થઈ ગઈ. એનો દંડ પણ બહુ મોટો છે. અસાધારણ છે. સાધારણ નથી પણ અસાધારણ છે.

મુમુક્ષુ :- સમજતો નથી એ ભૂલ કરે પણ સમજનાર ભૂલ કરે એ બહુ મોટી...

પૂજ્ય ભાઈશ્રી :- એને શું સમજનાર કહેવા ? સમજનાર ભૂલ કરે એને સમજનાર શું કહેવા ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું છે. એ એક આ કાળની કરુણતા છે એમ કહીએ. જે કહીએ તે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે, ભાઈ ! આમાં એવું છે કે દરેક બાબતમાં

Expert નો Opinion કામ આવે. Lay-man નો ન કામ આવે. ત્યારે આપણે ત્યાં Lay-man એમ કહે છે કે મારો કામ આવે, તમારો કામ ન આવે. આટલી ઊંધી ગાડી ચાલી છે એનું શું કરવું ? ડોક્ટર પાસે જો આ જાય તો ઝેરની ટીકડી ખવરાવે તો ખાઈ જાવી છે એને. Poison લખેલી ટીકડી ખાવી છે એને. ત્યાં માનવું છે. મકાન ચણાવવું હોય તો Engineer કહે તે માનવું પડે. એમ ન થાય ને આમ થાય. એમ દરેક બાબતમાં જે તેના તજજ્ઞો હોય એનું માનવું જોઈએ. ગમે તે માણસ ગમે તે કહે કે આમ થવું જોઈએ, તેમ થવું જોઈએ એ કેમ ચાલે ? આ ધર્મનું ક્ષેત્ર છે. પોપાબાઈનું નથી આ. હોથા નીકળી જાય. અપરાધ કરે તો હોથા નીકળી જાય. ક્યાં ક્યાંનો ક્યાં જઈને પડે એ કહેવું મુશ્કેલ છે. વંટોળિયાનું તણખલું છે આ તો.

મુમુક્ષુ :- વિવેક તો બરાબર રાખવો જોઈએ. લૌકિકમાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કરુણતા છે. આ કાળની એ કરુણતા છે.

મુમુક્ષુ :- માન-મર્યાદા...

પૂજ્ય ભાઈશ્રી :- શું થાય ? અશાંતિ થતી હોય તો શાંતિ રાખવાનું Board બનાવવું પડે. મુમુક્ષુ Board ઉપર ગમે તે આવીને લખી ગયા. મંદિરને ન શોભે એવું લખાણ. એટલે કહ્યું કે આ ન લખાય. આ બધું તો અશુભ છે. અમને શું ખબર પડે. તમારે Board મારવું જોઈએ કે આવું બધું ન લખાય. ઠીક ! અમારો વાંક નથી. વાંક તમારો છે કે તમે કેમ Board નથી માર્યુ કે આવું ન લખાય. કાલે તમે એમ કહેશો કે મંદિરમાં બીડી પીવી નહિ એવું Board કેમ નથી માર્યું ? અમને ખબર નહિ એટલે અમે બીડી પીતા હતા. દારૂ ન પીવો એમ કેમ Board નથી માર્યું ? કેટલાક Board તમે મરાવશો ? એવો સ્વચ્છંદ વધ્યો છે. શું થાય ? મંદિર તો સમવસરણ છે. ભગવાનનું મંદિર તો સમવસરણ છે.

મુમુક્ષુ :- સાક્ષાત્ ભગવાન બેઠા છે...

પૂજ્ય ભાઈશ્રી :- હાજર નહોતા પણ પાછળથી સાંભળીએ છીએ કે મંદિરમાં પર્યુષણના દિવસોમાં જ ધમાલ થાય છે. એટલે પછી શાંતિ રાખવાનું Board મારીએ. જોર જોરથી લોકો બોલવા માંડે છે. ભગવાન બિરાજે છે એ ભૂલી જાય છે. ઘણું ખરાબ કહેવાય, બોલાય જ નહિ. અને આ તો પર્વના દિવસો છે. દસ દિવસ તો માણસોએ ગમે તેવા માણસ હોય તો એણે સંયમ રાખવો જોઈએ.

મુમુક્ષુ :- મીટિંગ માટે બીજી જગ્યાએ કરવી...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે પણ.. ન કરવું જોઈએ. બરાબર છે. પણ છતાં બધા જોર જોરથી બોલવા માંડે છે કે નહિ ?

મુમુક્ષુ :- ભૂલી જાય છે કે આપણે ક્યાં છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આપણે ભૂલી જઈએ છીએ કે મંદિરમાં છીએ કે ક્યાં છીએ.

મુમુક્ષુ :- કોઈપણ વ્યવહારિક બાબતમાં ન રાખવી જોઈએ. એ અદબ રાખવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ના પણ રાખે જ ક્યાં ? Meeting જ ન હોય. એમ ને એમ ચાલુ કરી દે છે. વગર Meeting જ બધા ચાલુ કરી દે છે. લડાઈનું ક્ષેત્ર હોય એમ બધા વગર Meeting ચાલુ કરી દે છે. Meetingનું ક્ષેત્ર ન નક્કી થયું હોય તો ત્યાં સુધી સંયમ રાખવાનું તો શીખે. બોલવામાં તો મર્યાદા રાખે કે ભાઈ, આ ભગવાનનું મંદિર છે. અહીં તો આપણે કાંઈ ન કરવું જોઈએ. એ બધો મુમુક્ષુ બહારનો વ્યવહાર છે.

મુમુક્ષુ :- થોડીક જાહેરાત કરવાની હતી...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે પણ છેડો ત્યારે ધમાધમ થાય ને. શા માટે છેડવું જોઈએ ? આપણે ક્યાં એકબીજાના ઘરે મળી શકતા નથી કે મંદિરમાં ધમાલ કરવા માંડીએ ? આપણે આપણી મર્યાદા કેમ ભૂલી જઈએ છીએ ? આ તો પ્રશ્ન કાઢ્યો હતો કે મુમુક્ષુને બહારની વાત શું છે ? આ બધી મુમુક્ષુને બહારની વાત છે કે આપણે ભગવાનની મર્યાદા રાખતા નથી, ભગવાન બિરાજે છે છતાં આપણે ગમે તે એક જણો બોલો, બીજો બોલે, ચાર બોલે, પાંચ બોલે. થઈ જાય શાકમાર્કેટ. મુમુક્ષુને તો શોભતુ નથી.

પત્રાંક - ૮૩૬

ઉત્પાદ
વ્યય
ધ્રુવ

આ ભાવ એક વસ્તુમાં એક સમયે છે.

જીવ અને પરમાણુઓનો

કોઈ એક જીવ	એકેન્દ્રિયપણેપર્યાય	વર્તમાન ભાવ
કોઈ એક જીવ	બે ઈન્દ્રિયપણેપર્યાય	
કોઈ એક જીવ	ત્રણ ઈન્દ્રિયપણેપર્યાય	
	ચાર ઈન્દ્રિયપણેપર્યાય	
	પાંચ ઈન્દ્રિયપણેપર્યાય	
	સંજ્ઞી	વર્તમાન ભાવ
	અસંજ્ઞી	
	પર્યાપ્ત	
	અપર્યાપ્ત	
સિદ્ધભાવ	મિથ્યાદષ્ટિ	વર્તમાન ભાવ
	સમ્યગ્દષ્ટિ	
	એક અંશ ક્રોધ	વર્તમાન ભાવ
	યાવત્ અનંત અંશ ક્રોધ	

૮૩૬માં '**ઉત્પાદ, વ્યય, ધ્રુવ આ ભાવ એક વસ્તુમાં એક સમયે છે.**' ત્રણ ભાવ. ત્રણેનો જુદો જુદો પ્રકાર છે. ઉત્પાદ વ્યય-ધ્રુવથી જુદાં છે. વ્યય ઉત્પાદ-ધ્રુવથી જુદાં પ્રકારનો છે અને ધ્રુવ છે તે ઉત્પાદ-વ્યયથી વિરુદ્ધ પ્રકારનો છે. ઉત્પાદ-વ્યય આપસમાં વિરુદ્ધ પ્રકારમાં છે. ઉત્પાદ-વ્યય ધ્રુવથી આપસમાં વિરુદ્ધ પ્રકારના છે. આમ વિરુદ્ધ પ્રકારના ભાવો એક વસ્તુમાં એક સમયે છે. વારાફરતી સમયે નહિ પણ એક જ સમયે છે. '**જીવ અને પરમાણુઓનો સંયોગ.**' સંયોગ નીચે લખ્યું છે. '**જીવ અને પરમાણુઓનો સંયોગ.**' એમાં જીવો. જીવ અને પરમાણુ એક ખાનામાં લીધા છે. વર્તમાનકાળ લીધો છે. એને ભાવ અને પરમાણુ. જીવો, ભાવ પરમાણુઓ. શું પોતાને વિચાર આવ્યો છે એ આના ઉપરથી સમજવો મુશ્કેલ છે. પણ અને જીવ અને પરમાણુના સંયોગ લોકની અંદર અનાદિ અનંત છે. એનો કોઈ પોતાના વિચાર મુજબ નક્શો દોર્યો છે.

મુમુક્ષુ :- વર્તમાન ભાવ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વર્તમાન ભાવ. પાછુ પરમાણુઓ ફરીને લીધું છે. જીવો અને પરમાણુ. ઓલામાં એક જીવ, એક પરમાણુ. આમાં અનેક જીવો, અનેક પરમાણુઓ. વર્તમાન ભાવ. શું એનો અર્થ કાઢવો એ તો લખનાર પોતે જ જાણે એવો છે.

'**કોઈ એક જીવ એકેંદ્રિયપણેપર્યાય**' કોઈ એક જીવ '**બે ઈંદ્રિયપણેપર્યાય...**' કોઈ એક જીવ '**ત્રણ ઈંદ્રિયપણે-પર્યાય**' કોઈ એક જીવ '**ચાર ઈંદ્રિયપણેપર્યાય**' અને કોઈ એક જીવ '**પાંચ ઈંદ્રિયપણે-પર્યાય વર્તમાનભાવ...**' બધામાં વર્તમાનભાવ લીધો છે. પછી '**સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્ત, અપર્યાપ્ત વર્તમાન ભાવ...**' '**જ્ઞાની, અજ્ઞાની વર્તમાન ભાવ..**' બધી દશાઓ લીધી છે. જીવની જુદી જુદી દશાઓ લીધી છે. '**જ્ઞાની, અજ્ઞાની વર્તમાન ભાવ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ વર્તમાનભાવ**' આ જોડકા લીધા છે.

'**એક અંશ ક્રોધ, યાવત્ અનંત અંશ ક્રોધ...**' એક અંશ ક્રોધ અને ઘણો ક્રોધ. થોડો ક્રોધ અને ઘણો ક્રોધ '**વર્તમાનભાવ...**' આ બધાની સામે એક '**સિદ્ધ ભાવ**' લીધો છે. અનેક અવસ્થા હોવા છતાં મૂળ વસ્તુ છે એ સિદ્ધસ્વરૂપે, સિદ્ધભાવે સદાય સિદ્ધ સ્વભાવે રહેલી છે. એની સામે બધા પર્યાયોની સામે એક જ લઈ લીધું છે.

મુમુક્ષુ :- સર્વ અવસ્થાઓ વિષે ન્યારો સદા જણાય. આ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. સિદ્ધભાવ.

પત્રાંક-૮૩૭

સં. ૧૯૫૪

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.

આત્મસિદ્ધિશાસ્ત્ર પદ ૧૦મું

(૧) સદ્‌ગુરુ યોગ્ય આ લક્ષણો મુખ્યપણે ક્યા ગુણસ્થાનકે સંભવે ? અને

(૨) સમદર્શિતા એટલે શું ?

ઉત્તર : (૧) સદ્‌ગુરુ યોગ્ય એ લક્ષણો દર્શાવ્યાં તે મુખ્યપણે વિશેષપણે ઉપદેશક અર્થાત્ માર્ગપ્રકાશક સદ્‌ગુરુનાં લક્ષણ કહ્યાં છે. ઉપદેશક ગુણસ્થાન છઠ્ઠું અને તેરમું છે; વચલાં સાતમાંથી બારમા સુધીનાં ગુણસ્થાન

અલ્પકાળવર્તી છે એટલે ઉપદેશકપ્રવૃત્તિ તેમાં ન સંભવે. માર્ગઉપદેશક પ્રવૃત્તિ છઠ્ઠેથી શરૂ થાય.

છઠ્ઠે ગુણસ્થાનકે સંપૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન નથી. તે તો તેરમે છે, અને યથાવત્ માર્ગઉફદેશકપણું તેરમે ગુણસ્થાને વર્તતા સંપૂર્ણ વીતરાગ અને કૈવલ્યસંપન્ન પરમ સદ્‌ગુરુ શ્રી જિન તીર્થંકરાદિને વિષે ઘટે. તથાપિ છઠ્ઠે ગુણસ્થઆનકે વર્તતા મુનિ, જે સંપૂર્ણ વીતરાગતા અને કૈવલ્યદશાના ઉપાસક છે, તે દશાઅર્થે જેનાં પ્રવર્તન પુરુષાર્થ છે, તે દશાને સંપૂર્ણપણે જે પામ્યા નથી તથાપિ તે સંપૂર્ણ દશા પામવાના માર્ગસાધન પોતે પરમ સદ્‌ગુરુ શ્રી તીર્થંકરાદિ આપ્તપુરુના આશ્રયવચનથી જેણે જાણ્યાં છે, પ્રતીત્યાં છે, અનુભવ્યાં છે અને એ માર્ગસાધનની ઉપાસનાએ જેની તે દશા ઉત્તરોત્તર વિશેષ વિશેષ પ્રગટ થતી જાય છે, તથા શ્રી જિન તીર્થંકરાદિ પરમ સદ્‌ગુરનું, તેના સ્વરૂપનું ઓળખાણ જેના નિમિત્તે થાય છે, તે સદ્‌ગુરુને વિષે પણ માર્ગનું ઉપદેશકપણું અવિરોધરૂપ છે.

તેથી નીચેના પાંચમા ચોથા ગુણસ્થાનકે માર્ગનું ઉપદેશકપણું ઘણું કરી ન ઘટે, કેમકે ત્યાં બાહ્ય (ગૃહસ્થ) વ્યવહારનો પ્રતિબંધ છે, અને બાહ્ય અવિરતિરૂપ ગૃહસ્થ વ્યવહાર છતાં વિરતિરૂપ માર્ગનું પ્રકાશવું એ માર્ગને વિરોધરૂપ છે.

ચોથાથી નીચેના ગુણસ્થાનકે તો માર્ગનું ઉપદેશકપણું ઘટે જ નહીં, કેમકે ત્યાં માર્ગની, આત્માની, તત્ત્વની, જ્ઞાનીની ઓળખાણ પ્રતીતિ નથી, તેમ જ સમ્યગ્ વિરતિ નથી; અને એ ઓળખાણ પ્રતીતિ અને સમ્યગ્ વિરતિ નહીં છતાં તેની પ્રરૂપણા કરવી, ઉપદેશક થવું એ પ્રગટ મિથ્યાત્વ, કુગુરુપણું અને માર્ગનું વિરોધપણું છે.

ચોથે પાંચમે ગુણસ્થઆને એ ઓળખાણ પ્રતીતિ છે અને આત્મજ્ઞાનાદિ ગુણો અંશે વર્તે છે અને પાંચમામાં દેશવિરતિપણાને લઈ ચોથાથી વિશેષતા છે, તથાપિ સર્વવિરતિના જેટલી ત્યાં વિશુદ્ધિ નથી.

આત્મજ્ઞાન, સમદર્શિતા આદિ જે લક્ષણો દર્શાવ્યાં તે સંયતિધર્મ સ્થિત વીતરાગદશાસાધક ઉપદેશક ગુણસ્થાને વર્તતા સદ્‌ગુરુના લક્ષે મુખ્યતાએ

દર્શાવ્યા છે, અને તેમના વિષે તે ગુણો ઘણા અંશે વર્તે છે. તથાપિ તે લક્ષણો સર્વાંશે સંપૂર્ણપણે તો તેરમા ગુણસ્થાનકે વર્તતા સંપૂર્ણ વીતરાગ અને કૈવલ્યસંપન્ન જીવન્મુક્ત સંયોગીકેવલી પરમ સદ્‌ગુરુ શ્રી જિન અરિહંત તીર્થંકરને વિષે વર્તે છે. તેમના વિષે આત્મજ્ઞાન અર્થાત્ સ્વરૂપસ્થિતિ સંપૂર્ણપણે વર્તે છે, તે તેમની જ્ઞાનદશા અર્થાત્ 'જ્ઞાનાતિશય' સૂચવ્યો. તેઓને વિષે સમદર્શિતા અર્થાત્ ઈચ્છારહિતપણું સંપૂર્ણપણે વર્તે છે, તે તેમની વીતરાગ ચારિત્રદશા અર્થાત્ 'અપાયાપગમાતિશય' સૂચવ્યો. સંપૂર્ણપણે ઈચ્છારહિત હોવાથી વિચાર આદિની તેઓની દૈહિકાદિ યોગક્રિયા પૂર્વપ્રારબ્ધોદય વેદી લેવા પૂરતી જ છે, માટે 'વિચરે ઉદયપ્રયોગ' કહ્યું. સંપૂર્ણ નિજ અનુભવરૂપ તેમની વાણીનું અપૂર્વપણું કહ્યું તે તેમનો 'વચનાતિશય' સૂચવ્યો. વાણીધર્મે વર્તતું શ્રુત પણ તેઓને વિષે કોઈ પણ ન ન દુભાય એવું સાપેક્ષપણે વર્તે છે, તે તેમનો 'પરમશ્રુત' ગુણ સૂચવ્યો અને પરમશ્રુત જેને વિષે વર્તે તે પૂજવા યોગ્ય હોઈ તેમનો તેથી 'પૂજાતિશય' સૂચવ્યો.

આ શ્રી જિન અરિહંત તીર્થંકર પરમ સદ્‌ગુરુને પણ ઓળખવાવનારા વિદ્યમાન સર્વવિરતિ સદ્‌ગુરુ છે એટલે એ સદ્‌ગુરુના લક્ષે એ લક્ષણો મુખ્યતાએ દર્શાવ્યા છે.

(૨) સમદર્શિતા એટલે પદાર્થને વિષે ઈષ્ટઅનિષ્ટબુદ્ધિરહિતપણું, મમત્વરહિતપણું, સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે. ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ, મમત્વ, ભાવાભાવનું ઊપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે, આ ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય. સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્તે તેવા ભાવે દેખે, જાણે, જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઈષ્ટઅનિષ્ટપણું ન કરે.

આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા જાણવાનો હોવાથી તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે, જાણે; પણ જે આત્માને સમદર્શીપણું પ્રગટ થયું છે, તે આત્મા તે પદાર્થને દેખતાં, જાણતાં છતાં તેમાં મમત્વબુદ્ધિ, તાદાત્મ્યપણું, ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે. વિષમષ્ટિ આત્માને પદાર્થને વિષે તાદાત્મ્યવૃત્તિ થાય;

સમષ્ટિ આત્માને ન થાય.

કોઈ પદાર્થ કાળો હોય તો સમદર્શી તેને કાળો દેખે, જાણે, જણાવે. કોઈ શ્વેત હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ સુરભિ (સુગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ દુરભિ (દુર્ગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ ઊંચો હોય, કોઈ નીચો હોય તો તેને તેવો તેવો દેખે, જાણે, જણાવે. સર્પને સર્પની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. વાઘને વાઘની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. ઈત્યાદિ પ્રકારે વસ્તુમાત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે, તે ભાવે સમદર્શી દેખે, જાણે, જણાવે. હેય (છાંડવા યોગ્ય)ને હેયરૂપે દેખે, જાણે, જણાવે. ઉપાદેય (આદરવાયોગ્ય)ને ઉપાદેયરૂપે દેખે, જાણે, જણાવે. પણ સમદર્શી આત્મા તે બધામાં મારાપણું, ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ, રાગદ્વેષ ન કરે. સુગંધ દેખી પ્રિયપણું ન કરે; દુર્ગંધ દેખી અપ્રિયતા, દુગંછા ન આણે. (વ્યવહારથી) સારું ગણાતું દેખી આ મને હોય તો ઠીક એવી ઈચ્છાબુદ્ધિ (રા, રતિ) ન કરે. (વ્યવહારથી) માઠું ગણાતું દેખી આ મને ન હોય તો ઠીક એવી અનિચ્છાબુદ્ધિ (દ્વેષ, અરતિ) ન કરે. પ્રાપ્ત સ્થિતિસંજોગમાં સારુંમાઠું, અનુકૂળ-પ્રતિકૂળ, ઈષ્ટાનિષ્ટપણું, આકુળવ્યાકુળપણું, ન કરતાં તેમાં સમવૃત્તિએ અર્થાત્ પોતાના સ્વભાવે, રાગદ્વેષરહિતપણે રહેવું એ સમદર્શિતા.

શાતા-અશાતા, જીવન-મૃત્યુ, સુગંધ-દુર્ગંધ, સુસ્વર-દુસ્વર, રૂપ-કુરૂપ, શીત-ઉષ્ણ આદિમાં હર્ષ-શોક, રતિ-અરતિ, ઈષ્ટ-અનિષ્ટપણું, આર્તધ્યાન ન વર્તે તે સમદર્શિતા.

હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર સમદર્શીને વિષે અવશ્ય હોય. અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શીપણું ન સંભવે. સમદર્શિતા અને અહિંસાદિ વર્તોને કાર્યકારણ, અવિનાભાવી અને અન્યોન્યાશ્રય સંબંધ છે. એક ન હોય તો બીજું ન હોય, અને બીજું ન હોય તો પહેલું ન હોય.

સમદર્શિતા હોય તો અહિંસાદિ વ્રત હોય.

સમદર્શિતા ન હોય તો અહિંસાદિ વ્રત ન હોય.

અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શિતા ન હોય.

અહિંસાદિ વ્રત હોય તો સમદર્શિતા હોય.

જેટલે અંશે સમદર્શિતા તેટલે અંશે અહિંસાદિ વ્રત અને

જેટલે અંશે અહિંસાદિ વ્રત એટલે અંશે સમદર્શિતા.

સદ્‌ગુરુયોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા, મુખ્યતાએ સર્વવિરતિ ગુણસ્થાનકે હોય; પછીનાં ગુણસ્થાનકે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય, વિશેષ પ્રગટ થતી જાય; ક્ષીણમોહસ્થાને તેની પરાકાષ્ઠા અને પછી સંપૂર્ણ વીતરાગતા.

સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાન ભાવ, અભેદભાવ, એકસરખી બુદ્ધિ, નિર્વિશેષપણું નહીં; અર્થાત્ કાચ અને હીરો એ બે સમાન ગણવા, અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું, અથવા સદ્‌ધર્મ અને અસદ્‌ધર્મમાં અભેદ માનવો, અથવા સદ્‌ગુરુ અને અસદ્‌ગુરુને વિષે એકસરખી બુદ્ધિ રાખવી, અથવા સદ્ દેવ અને અસદ્‌દેવને વિષે નિર્વિશેષપણું દાખવવું અર્થાત્ બન્નેને એક સરખા ગણવા, ઈત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નહીં, એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેકવિકળતા. સમદર્શી સત્‌ને સત્ જાણે, બોધે; અસત્‌ને અસત્ જાણે, નિષેધે; સત્શ્રુતને સત્શ્રુત જાણે બોધે; કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે; સદ્‌ધર્મને સદ્‌ધર્મ જાણે, બોધે; અસદ્‌ધર્મને અસદ્‌ધર્મ જાણે, નિષેધે; સદ્‌ગુરુને સદ્‌ગુરુ જાણે, બોધે; અસદ્‌ગુરુને અસદ્‌ગુરુ જાણે, નિષેધે; સદ્‌દેવને સદ્‌દેવ જાણે, બોધે; અસદ્‌દેવને અસદ્‌દેવ જાણે, નિષેધે; ઈત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે, તેમાં રાગદ્વેષ, ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે; એ પ્રકારે સમદર્શીપણું સમજવું. ૐ

પછી ૮૩૭ નંબરના પત્રમાં 'આત્મસિદ્ધિ' શાસ્ત્રના દસમી ગાથા ઉપરનો પત્ર છે. એ મથાળામાં લીધો છે. અને એના ઉપર પોતે વિવેચન કરેલું છે. દસમી ગાથા ઉપર પોતાનું વિવેચન છે.

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;

અપૂર્વવાણી પરમશ્રુત સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.

આગળ 'આત્મસિદ્ધિ'માં આમનો અર્થ સંક્ષેપમાં લીધો છે. વિસ્તાર કર્યો છે.

એના ઉપર આમણે પણ વિસ્તાર કર્યો છે.

મુમુક્ષુ :- ૫૩૨ પાને...

પૂજ્ય ભાઈશ્રી :- ૫૩૨-૩૩માં એનો વિસ્તાર કરેલો છે. આત્મજ્ઞાન છે તે સ્વરૂપસ્થિતિ છે ત્યાં શંકા-સમાધાન કરીને લીધું છે. ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનનો નિષેધ છે, ચોથા ગુણસ્થાને તે આત્મજ્ઞાનનો સંભવ થાય છે. આત્મજ્ઞાનની મુખ્યતાથી ચર્ચા કરી છે. સ્વરૂપસ્થિતિ સ્થાપી છે. ચોથા ગુણસ્થાને પણ સ્વરૂપસ્થિતિ સ્થાપી છે. મુખ્યપણે ઉપદેશક ગુણસ્થાનક તો છઠ્ઠું અને તેરમું છે. બાકીના ગુણસ્થાનકો ઉપદેશકની પ્રવૃત્ત કરી શકવા યોગ્ય નથી. અને એટલે તેરમે અને છઠ્ઠે ગુણસ્થાનકે તે પદ પ્રવર્તે છે. સરવાળો એ નાખ્યો છે. અભિપ્રાય એક જ છે.

પ્રશ્ન બે મૂક્યા છે. '**(૧) સદ્‌ગુરુ યોગ્ય આ લક્ષણો મુખ્યપણે કયા ગુણસ્થાનકે સંભવે ? અને (૨) સમદર્શિતા એટલે શું ?**' ગાથામાંથી બે પ્રશ્ન ઉઠાવ્યા છે. સદ્‌ગુરુનું લક્ષણ બતાવ્યું અથવા સદ્‌ગુરુનું સ્વરૂપ બતાવ્યું આ ગાથામાં. તો એ મુખ્યપણે ક્યા ગુણસ્થાનકે હોવા યોગ્ય છે ? એક પ્રશ્ન. અને '**સમદર્શિતા એટલે શું ?**' બીજો પ્રશ્ન. બેના ક્રમથી ઉત્તર આપ્યો છે. એમાં પહેલો ઉત્તર એ છે કે સદ્‌ગુરુનું સ્વરૂપ શું ?

'**ઉત્તર : (૧) સદ્‌ગુરુ યોગ્ય એ લક્ષણો દર્શાવ્યાં તે મુખ્યપણે વિશેષપણે ઉપદેશક અર્થાત્ માર્ગપ્રકાશક સદ્‌ગુરુના લક્ષણ કહ્યાં છે.**' અહીંયાં જે સદ્‌ગુરુના લક્ષણો દર્શાવ્યા છે તે મુખ્યપણે, વિશેષપણે જે ઉપદેશ આપવાને યોગ્ય છે, જિનમાર્ગનો પ્રકાશ કરવાને યોગ્ય છે એ માટે અહીંયાં સદ્‌ગુરુની વાત કરી છે. મુખ્યપણે એ વાત છે.

'**ઉપદેશક ગુણસ્થાન છઠ્ઠું અને તેરમું છે;...**' ઉપદેશકનું ગુણસ્થાન છે એ છઠ્ઠું અને તેરમું છે. તેરમા ગુણસ્થાને અરિહંત પરમાત્મા છે. સામાન્ય કેવળી હોય કે તીર્થંકર કેવળી હોય. બે પ્રકારે હોય છે. તે પરમગુરુ છે. અરિહંત પરમાત્મા છે તે પરમગુરુ છે. અને છઠ્ઠું ગુણસ્થાન છે એ શ્રીગુરુ છે. પરમગુરુ અને શ્રીગુરુ. બસ. ઉપદેશકની મર્યાદા અહીં સમાપ્ત થઈ જાય છે. ઉપદેશ આપવાનો અધિકાર અહીંયાં સમાપ્ત થઈ જાય છે. '**વચલા સાતમાથી બારમા સુધીના ગુણસ્થાન અલ્પકાળવર્તી છે...**' અલ્પકાળવર્તી છે અને નિર્વિકલ્પ છે. એટલે સવિકલ્પ દશાના એ ગુણસ્થાન નથી. '**એટલે ઉપદેશક પ્રવૃત્તિ તેમાં ન સંભવે.**' એક તો અંતર્મુહૂર્તનો કાળ છે અને એમાં પણ નિર્વિકલ્પ દશાનો કાળ છે. એટલે એમાં ઉપદેશક પ્રવૃત્તિ ત્યાં સંભવતિ નથી.

આમ તો તેરમું ગુણસ્થાન પણ નિર્વિકલ્પ છે. એમાં કાંઈ સવિકલ્પપણું નથી. છતાં પણ ત્યાં પરિપૂર્ણ વીતરાગતા હોવા છતાં પણ ઈચ્છા વિના વાણીનો યોગ બને

છે. અને તે દિવ્યધ્વનિ, ૐકાર ધ્વનિ હોય છે. અક્ષરાત્મકવાણી હોતી નથી. એટલે ત્યાં ઉપદેશકની પ્રવૃત્તિ ચાલે છે.

'**માર્ગઉપદેશક પ્રવૃત્તિ છઠ્ઠેથી શરૂ થાય.**' માર્ગના ઉપદેશકની પ્રવૃત્તિ છઠ્ઠેથી શરૂ થાય. '**છઠ્ઠે ગુણસ્થાનકે સંપૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન નથી.**' છઠ્ઠા ગુણસ્થાનકે સંપૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન નથી. '**તે તો તેરમે છે, અને યથાવત્ માર્ગઉપદેશકપણું તેરમે ગુણસ્થાને વર્તતા સંપૂર્ણ વીતરાગ અને કૈવલ્યસંપન્ન પરમ સદ્‌ગુરુ શ્રી જિન તીર્થંકરાદિને વિષે ઘટે.**' એનું કારણ છે કે તેઓ કોઈ વાતથી અજાણ્યા નથી. એટલે કોઈપણ પ્રશ્ન ધર્મસભામાંથી આવે છે, તો ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાતા હોવાથી તેનો ઉત્તર જરા પણ અજાણપણાને લઈને પણ ફેરફારવાળો આવતો નથી.

કોઈપણ વાતનું સમાધાન કરવા જતાં બે પ્રકાર ઉત્પન્ન થાય છે. એક અજાણપણાને કારણે ફેરફાર થવાનો, અન્યથાપણું થવાનો સમાધાનમાં સંભવ છે અને એક રાગના સદ્‌ભાવને લીધે પણ અન્યથાપણું થવાનો સંભવ છે. આ કોઈપણ સમાધાનમાં અન્યથાપણું થવાનો સંભવ આ બે પ્રકારે છે. અને સર્વજ્ઞ વીતરાગને એ બંને પ્રકાર નહિ હોવાથી કોઈપણ પ્રશ્નનો ઉત્તર સત્ય જ આવે છે. જરા પણ અસત્ય એમાં આવતું નથી. કેમકે એમને એ કહેવાનો પ્રસંગ નથી કે હું કાંઈ જાણતો નથી અને મને એ બાબતની ખબર નથી. એ વાત ત્યાં રહેતી નથી. એ સર્વના જ્ઞાતા છે. એટલે બધું જ જાણે છે. એટલે એમ લીધું છે.

'**માર્ગઉપદેશપણું તેરમે ગુણસથાને વર્તતા સંપૂર્ણ વીતરાગ અને કૈવલ્યસંપન્ન પરમ સદ્‌ગુરુ શ્રી જિન તીર્થંકરાદિને વિષે ઘટે. તથાપિ છઠ્ઠે ગુણસ્થાનકે વર્તતા મુનિ, જે સંપૂર્ણ વીતરાગતા અને કૈવલ્યદશાના ઉપાસક છે,...**' .. માર્ગે છે અને એ હેતુ એમના ઉપદેશની અંદર જળવાય છે. જેની ઉપાસના પોતે કરી રહ્યા છે. તે હેતુ એમના ઉપદેશમાં જળવાય છે. '**તે દશા અર્થે જેનાં પ્રવર્તન પુરુષાર્થ છે,...**' સંપૂર્ણ વીતરાગતાની દશા અર્થે જેના પ્રવર્તન અને પુરુષાર્થ છે, '**તે દશાને સંપૂર્ણપણે જે પામ્યા નથી...**' એ દશાને સંપૂર્ણપણે જે પામ્યા નથી '**તથાપિ તે સંપૂર્ણ દશા પામવાના માર્ગસાધન પોતે પરમ સદ્‌ગુરુ શ્રી તીર્થંકરાદિ આપ્તપુરુષના આશ્રયવચનથી જેણે જાણ્યાં છે, પ્રતીત્યાં છે, અનુભવ્યા છે...**' તે દશાને સંપૂર્ણપણે જે પામ્યા નથી. હજી એ પહોંચ્યા નથી. પ્રવૃત્તિ અને પુરુષાર્થ છે.

'**તથાપિ તે સંપૂર્ણ દશા પામવાના માર્ગસાધન પોતે પરમ સદ્‌ગુરુ શ્રી**

તીર્થંકરાદિ આપ્તપુરુષનાં આશ્રયવચનથી જેણે જાણ્યા છે,...' એ જીવ પોતે માર્ગનું સાધન કરે છે એ સાધન કોનાથી જાણ્યું છે એણે ? તીર્થંકરથી જાણ્યું છે. તીર્થંકરે જે કહ્યું એ પ્રકારે પોતે પ્રવર્તે છે, એમ જાણીને પ્રવર્તે છે, એના માર્ગે બરાબર ચાલી રહ્યા છે. '**જેણે જાણ્યાં છે, પ્રતીત્યાં છે, અનુભવ્યા છે...**' એ સાધનોને. '**અને એ માર્ગસાધનની ઉપાસનાએ જેની તે દશા ઉત્તરોત્તર વિશેષ વિશેષ પ્રગટ થતી જાય છે,...**' એટલે બરાબર આરાધક ભાવમાં વર્તી રહ્યા છે.

'**તથા શ્રી જિન તીર્થંકરાદિ પરમ સદ્‌ગુરુનું, તેના સ્વરૂપનું ઓળખાણ જેના નિમિત્તે થાય છે,...**' જુઓ ! મુનિરાજના નિમિત્તે. શું કહે છે ? તીર્થંકરાદિ પરમ સદ્‌ગુરુનું તેના સ્વરૂપનું ઓળખાણ પણ મુનિરાજના નિમિત્તે થાય છે. '**તે સદ્‌ગુરુને વિષે પણ માર્ગનું ઉપદેશકપણું અવિરોધરૂપ છે.**' એમની બાહ્યાભ્યંતર દશા એવી છે કે એ પૂર્ણ વીતરાગતાના માર્ગને સાધતા સાધતા પૂર્ણ વીતરાગતાના ઉપદેશને નિરૂપણ કર્તા હોય, પ્રરૂપણ કરતા હોય તો તે અવિરોધપણે કરી રહ્યા છે. એમાં અંતર-બાહ્ય ક્યાંય વિરોધ આવતો નથી. આમ છે.

હવે નીચેના ગુણસ્થાનની ચર્ચા કરે છે કે '**તેથી નીચેના પાંચમા ચોથા ગુણસ્થાનકે માર્ગનું ઉપદેશકપણું ઘણું કરીને ન ઘટે, કેમકે ત્યાં બાહ્ય (ગૃહસ્થ) વ્યવહારનો પ્રતિબંધ છે,...**' જે ચોથા અને પાંચમા ગુણસ્થાનકે ગૃહસ્થ હોય તે પૂર્ણ વીતરાગતાના ઉપદેશકમાં આવે તો એને બાહ્ય દૃષ્ટિએ વિરોધપણું છે, અવિરોધપણું નથી. જેટલા રાગનો એમને સદ્‌ભાવ છે કે આ જોઈએ, તે જોઈએ એ વાત હજી ચોથા-પાંચમા ગુણસ્થાને એ રાગના સદ્‌ભાવની ઊભી છે. એટલે બાહ્યદૃષ્ટિએ સળંગ અવિરોધપણું ત્યાં આવતું નથી.

'**અને બાહ્ય અવિરતિરૂપ ગૃહસ્થ વ્યવહાર છતાં વિરતિરૂપ માર્ગનું પ્રકાશવું...**' જુઓ ! '**બાહ્ય અવિરતિરૂપ ગૃહસ્થ વ્યવહાર છતાં વિરતિરૂપ માર્ગનું પ્રકાશવું એ માર્ગને વિરોધરૂપ છે.**' સુસંગતતા ત્યાં ઊભી રહેતી નથી. વિસંગતતા આવી જાય છે એમ કહે છે. જ્ઞાની છે. ચોથા અને પાંચમા ગુણસ્થાને સ્થિત જે જ્ઞાનીપુરુષ છે, સત્પુરુષ છે એ માર્ગ દર્શાવવા યોગ્ય છે. પોતે માર્ગ જોયેલો હોવાથી માર્ગ કહી શકવા યોગ્ય છે, માર્ગ દર્શાવવા યોગ્ય છે. પણ તે જિજ્ઞાસુને દર્શાવે છે. જિજ્ઞાસુને એ દર્શાવે છે પણ એ પોતે ઉપદેશકપણું કરતા નથી.

એ પોતે આગળના પત્રોમાં કહેશે હવે કે અમે કોઈને ઉપદેશક થઈને હજી કાંઈ વાત નથી કરતા. કોઈ પૂછે છે, જિજ્ઞાસુ આવે છે એને આત્માનું સ્વરૂપ કહીએ છીએ.

આત્માનું સ્વરૂપ પામવાનો માર્ગ પણ દર્શાવીએ છીએ. કેમકે પોતે સ્વરૂપ જોયું છે અને પોતે એ માર્ગે ચડ્યા છે. એટલે કહી શકવા યોગ્ય છે પણ ઉપદેશપણે એ પ્રવૃત્તિ કરતા નથી.

'**ચોથાથી નીચેના ગુણસ્થાનકે...**' હવે મુમુક્ષુની વાત લીધી. '**ચોથાથી નીચેના ગુણસ્થાનકે તો માર્ગનું ઉપદેશકપણું ઘટે જ નહીં,...**' પેલા તો ચોથે-પાંચમે ગુણસ્થાને કહી શકવાને યોગ્ય છે. પણ જેણે માર્ગ જોયો નથી, જેણે આત્મા જોયો નથી, જેણે આત્મા કઈ રીતે પ્રાપ્ત કરવો એ માર્ગ પણ જોયો નથી, એ રીતની પણ જેને ખબર નથી. એને તો માર્ગનું ઉપદેશકપણું ઘટે જ નહીં '**કેમકે ત્યાં માર્ગની, આત્માની, તત્ત્વની...**' જ્ઞાનીની ઓળખાણ પ્રતીતિ નથી. કેટલું બાદ કર્યું ? ત્યાં માર્ગની પ્રતીતિની ઓળખાણ નથી. ઓળખાણ-પ્રતીતિ નથી, આત્માની ઓળખાણ અને પ્રતીતિ નથી, તત્ત્વની ઓળખાણ અને પ્રતીતિ નથી અને જ્ઞાનીની ઓળખાણ અને પ્રતીતિ નથી. આટલું અજાણપણું ત્યાં વર્તે છે. ત્યાં પ્રતીતિ નથી તેમ જ '**સમ્યક્ વિરતિ નહીં...**' અને ત્યાગ કોઈએ કર્યો હોય તો તે સમ્યક્ વિરતિ પણ નથી. સમ્યગ્દર્શન પહેલા કોઈએ ત્યાગ કર્યો હોય. માનો કે કોઈએ ક્ષુલ્લક-એલ્લકપણું લઈ લીધું અને દીક્ષા પણ લઈ લીધી. દ્રવ્યલિંગી થઈ ગયા. તોપણ ત્યાં સમ્યક્ વિરતી નથી.

એ '**ઓળખાણ, પ્રતીતિ અને સમ્યક્ વિરતી નહીં છતાં...**' તે ઓળખાણ અને પ્રતીતિ અને સમ્યક્ વિરતી નહિ છતાં '**તેની પ્રરૂપણા કરવી, ઉપદેશક થવું...**' તેની પ્રરૂપણા કરવી અથવા ઉપદેશક થવું '**એ પ્રગટ મિથ્યાત્વ, કુગુરુપણું અને માર્ગનું વિરોધપણું છે.**' કેટલી વાત નાખી છે ! અ પ્રગટ મિથ્યાત્વ છે, એ કુગુરુપણું છે અને માર્ગનું વિરોધપણું છે. માર્ગથી વિરુદ્ધ જાય છે. આ પત્ર આપણે લીધો હતો. વાંચનકારની Meeting બોલાવી હતી. ચાર-પાંચ વર્ષ પહેલા 'સોનગઢ'માં. વાંચનકારને મોકલવાની જ્યારે હાથમાં વાત લીધી ત્યારે આ પત્રનો સંદર્ભ લીધો હતો. કે જુઓ ! 'શ્રીમદ્જી' શું કહે છે. એટલે કોઈપણ વાંચનકાર ભાઈ જાય તો ભૂલેચૂકે પણ ઉપદેશક ન થાય એ ધ્યાનમાં રાખવાનું છે. મૂળ તો સૂચના એ દેવી હતી. ઉપદેશકના Tone માં ઉપદેશક થઈને કોઈપણ રીતે પ્રરૂપણા કે નિરૂપણ મુમુક્ષુએ ન કરવું.

આપણને 'ગુરુદેવ' પાસેથી જે ચીજ મળી છે, તો 'ગુરુદેવ'નો ઉપકાર ગાતા ગાતા, 'ગુરુદેવ'નો ઉપકાર ગાતા ગાતા એમ કહેવું કે 'ગુરુદેવ' આમ ફરમાવતા હતા, 'ગુરુદેવ' આમ ફરમાવતા હતા, 'ગુરુદેવ' આમ ફરમાવતા હતા. એ રીતે 'ગુરુદેવ'ના નામે વાત મૂકવી. પોતે જે સમજ્યા હોય તે. પોતે ઉપદેશક થાવું નહિ. આ વિષય એટલા માટે લીધો હતો. બધાને આની ઝેરોક્ષ કરી એક એક નકલ આપી હતી. જુઓ !

'શ્રીમદ્‌જી' શું કહેવા માગે છે.

'ચોથે પાંચમે ગુણસ્થાને એ ઓળખાણ પ્રતીતિ છે...' માર્ગની ઓળખાણ પ્રતીતિ છે. આત્માની ઓળખાણ-પ્રતીતિ છે, નવે તત્ત્વની ઓળખાણ અને પ્રતીતિ છે. જ્ઞાની કેવા હોય એની પણ ઓળખાણ અને પ્રતીતિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ પ્રતીત ચોથા-પાંચમા ગુણસ્થાનકે છે. **'અને આત્મજ્ઞાનાદિ ગુણો અંશે વર્તે છે...'** આત્મજ્ઞાન પ્રગટ થયું છે અને એને અનુસરતા ગુણો પણ અમુક અંશે પ્રગટ થયેલા છે.

'અને પાંચમામાં દેશવિરતિપણાને લઈ ચોથાથી વિશેષતા છે,...' પાંચમા અને ચોથા ગુણસ્થાનમાં એ ફેર છે. યથાર્થ પાંચમું ગુણસ્થાન આવે તો ચાથા કરતા એ જરૂર વિશેષ છે. **'તથાપિ સર્વવિરતિના જેટલી ત્યાં વિશુદ્ધિ નથી.'** તથા સર્વવિરતિ જે મુનિરાજની દશા એ મુનિરાજની દશા છે. ચોથા, પાંચમા કરતા છઠ્ઠા-સાતમાની દશામાં અંતર ઘણું છે. કેમકે અંતર્મુહૂર્તમાં અંદર ડૂબકી મારી જાય છે. ઉપદેશ આપે છે કે ઉપદેશ લખે છે. શાસ્ત્ર લખે છે ને ? મુનિરાજ તો શાસ્ત્રો પણ લખે છે. ઉપદેશ આપે છે કે ઉપદેશ લખે છે તો એ આત્માના અનુભવમાં કલમ બોળી બોળીને લખે છે. કેમકે વારંવાર અંદરમાં લીન થઈ જાય છે. એટલે કેવલ્ય દશાની ઉપાસના કરતા કરતા એ પ્રવૃત્તિ થઈ જાય છે. તો એ પણ ઉપદેશના અધિકારી ખરેખર તો એ છે. એમ કહેવું છે.

'આત્મજ્ઞાન, સમદર્શિતા આદિ જે લક્ષણો દર્શાવ્યાં તે સંયતિધર્મે સ્થિત વીતરાગદશાસાધક ઉપદેશક ગુણસ્થાને વર્તતા સદ્‌ગુરુના લક્ષે મુખ્યાતાએ દર્શાવ્યા છે,...' શું કહે છે ? **'આત્મજ્ઞાન, સમદર્શિતા આદિ જે લક્ષણો દર્શાવ્યાં તે સંયતિધર્મે સ્થિત...'** સંયમમાં સ્થિત એવા જે મુનિરાજ છે, **'વીતરાગદશા સાધક'** છે. તે ઉપદેશક ગુણસ્થાને વર્તે છે. એવા **'સદ્‌ગુરુના લક્ષે મુખ્યતાએ દર્શાવ્યા છે,...'** નીચેના ગુણસ્થાન માટે દર્શાવ્યા નથી. 'આત્મસિદ્ધિ'ની વાત ચાલે છે ને ?

'અને તેમના વિષે તે ગુણો ઘણા અંશે વર્તે છે. તથાપિ તે લક્ષણો સર્વાંશે સંપૂર્ણપણે તો તેરમા ગુણસ્થાને વર્તતા સંપૂર્ણ વીતરાગ અને કૈવલ્યસંપન્ન જીવન્મુક્ત સયોગીકેવલી પરમ સદ્‌ગુરુ શ્રી જિન અરિહંત તીર્થંકરને વિષે વર્તે છે.' જુઓ ! કેવી સ્પષ્ટતા કરી છે ચોખ્ખી ! બહુ સારી સ્પષ્ટતા કરી છે. મુનિરાજને ઘણાં અંશે વર્તે છે પણ સર્વાંશે તો કોને વર્તે છે ? તેરમા ગુણસ્થાને જે કેવલસંપન્ન છે, પરિપૂર્ણ વીતરાગ સંપૂર્ણ વીતરાગ છે, દેહ હોવા છતાં પણ જે સયોગ જે મન, વચન,

કાયાનો સયોગ કેવળી છે એવા પરમસદ્‌ગુરુ, પરમગુરુ શ્રી જિન, અરિહંત અને તીર્થંકર ત્રણ શબ્દો લીધા છે. તીર્થંકર શબ્દ સાથે લીધો છે. મુખ્યપણે તીર્થંકર છે. બાકી તો કોઈક જ અરિહંતને દિવ્યધ્વનિમાં ઉપદેશનો યોગ હોય છે. તીર્થંકર સિવાય લગભગ તો મૂક કેવળી થાય છે.

'તેમના વિષે આત્મજ્ઞાન અર્થાત્ સ્વરૂપસ્થિતિ સંપૂર્ણપણે વર્તે છે,...' તેમના વિષે આત્મજ્ઞાન પણ પૂરેપૂરું વર્તે છે અને સ્વરૂપની સ્થિરતા પણ સંપૂર્ણપણે વર્તે છે. **'તે તેમની જ્ઞાનદશા અર્થાત્ 'જ્ઞાનાતિશય' સૂચવ્યો.'** એ એમની જ્ઞાનદશા અથવા જ્ઞાનનો અતિશય સૂચવ્યો છે. એ કેવળજ્ઞાન સંપન્ન છે. એ જ્ઞાનનો અતિશય છે. **'તેઓને વિષે સમદર્શિતા અર્થાત્ ઈચ્છારહિતપણું સંપૂર્ણપણે વર્તે છે,...'** પૂર્ણ વીતરાગ છે એટલે ક્યાંય પણ રાગનો અંશ અનંતમા ભાગે પણ રાગનો અંશ ત્યાં નથી હોતો. એવી **'ઈચ્છારહિતપણું સંપૂર્ણપણે વર્તે છે, તે તેમની વીતરાગ ચારિત્રદશા અર્થાત્ 'અપાયાપગમાતિશય' સૂચવ્યો.'** એ શાસ્ત્ર પરિભાષા છે. અપાય-અપગમ-અતિશય. એ નામનો અતિશય સૂચવ્યો. એટલે એ ચારિત્રને લગતો અતિશય છે. કે ક્યાંય પણ એમને ચારિત્રનો દોષ પણ નથી. ઈચ્છારહિતપણું છે. કોઈ ઈચ્છા નથી એને.

'સંપૂર્ણપણે ઈચ્છારહિત હોવાથી વિચરવા આદિની તેઓની દૈહિકાદિ યોગક્રિયા પૂર્વપ્રારબ્ધોદય વેદી લેવા પૂરતી જ છે, માટે 'વિચરે ઉદયપ્રયોગ' કહ્યું.' મુનિ પણ વિચરે ઉદયપ્રયોગ છે અને કેવળી પણ વિચરે ઉદયોપ્રયોગ છે. મુનિરાજને કેમ વિચરે ઉદયપ્રયોગ કહ્યો છે ? કે અલ્પ ઈચ્છા એટલા માટે છે કે એક સ્થાનકે રહેતા તે સ્થાનનો એક ક્ષેત્રનો રાગ થવા યોગ્ય છે. એટલે એ રાગને તોડી નાખે છે અને ત્યાંથી એ વિહાર કરી જાય છે. વિહાર કરવાનો અલ્પ રાગ છે. પણ ક્યાં વિહાર કરવો એને માટે કોઈ નિદાન કરતા નથી કે અહીંથી આ જગ્યાએ જાઉં તો મને ઠીક પડશે એ વાત ત્યાં નથી. ગમે ત્યાં ચાલ્યા જાય છે. એટલે ક્યારેય પણ પૂર્વ એની યોજના નથી હોતી. વિહારની કોઈ પૂર્વ યોજના એમની હોતી નથી. અને જ્યાં વિહાર કરવો હોય ત્યાં અનુકૂળતા-પ્રતિકૂળતાનો કોઈ વિકલ્પ હોતો નથી. જ્યાં ઉદય હશે ત્યાં જવાનું થશે. વિહારમાં પણ જ્યાં ઉદય હશે ત્યાં જવાનું થાશે. જે દ્રવ્યે, જે ક્ષેત્રે, જે કાળે, જે સ્થિતિ થવાની હશે તે થશે એમ કરીને ચાલી નીકળે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ચોથે ગુણસ્થાને તો વિચરે ઉદય પ્રયોગ બહુ ભાગ લાગુ ન પડે. બહુ અલ્પ ભાગ છે. કેમકે ત્યાં રાગનો સદ્‌ભાવ ઘણો છે. ચોથા ગુણસ્થાને રાગનો

સદ્‌ભાવ એટલો દેખાય છે કે જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેને તફાવત જગતના જીવો સમજી શકતા નથી. જેવા અજ્ઞાની એવા જ જ્ઞાની દેખાય છે જગતના જીવોને. કેમકે એવો રાગ અને રાગમય પ્રવૃત્તિ, રાગને અનુસરતી એવી, રાગ-દ્વેષ બંને. રાગ, દ્વેષ અને મોહ ત્રણે ચારિત્રમોહના એટલા છે. એટલે વિચરે ઉદયપ્રયોગ શું કહેવું એને ?

અનુકૂળતા-પ્રતિકૂળતાનો વિકલ્પ છે. અભિપ્રાય નથી પણ નિષેધ સહિતનો વિકલ્પ છે. વિકલ્પ છે અને નિષેધ સહિત વિકલ્પ છે. પણ છે. મુનિદશામાં એ અનુકૂળતા-પ્રતિકૂળતા ખલાસ થઈ ગઈ છે. જેને કાંઈ પ્રિય નથી, જેને કાંઈ અપ્રિય નથી. દ્વંદ્વ ચાલ્યા ગયા છે. જેને કાંઈ પ્રિય નથી, જેને કાંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી. જ્ઞાની તો લડાઈ કરતા હોય. બહારમાં લોકો શું સમજે ? જેને માન નથી, અપમાન નથી, લાભ નથી, અલાભ નથી, હરખ નથી, શોક નથી. બધા દ્વંદ્વ છૂટી ગયા. એ વિચરે ઉદયપ્રયોગ છે. કેમકે અપ્રતિબંધ વિહારી હોય છે. મુનિરાજ છે તે અપ્રતિબંધ વિહારી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ નથી.

શું કહે છે ? **''વિચરે ઉદયપ્રયોગ' કહ્યું. સંપૂર્ણ નિજ અનુભવરૂપ તેમની વાણી અજ્ઞાનીની વાણીથી વિલક્ષણ અને એકાંત આત્માર્થબોધક હોઈ તેમને વિષે વાણીનું અપૂર્વપણું કહ્યું...'** આ અપૂર્વ વાણી. અપૂર્વ વાણી જ્ઞાનીની વાણીને પણ અપૂર્વ વાણી કહેવાય છે, મુનિની વાણીને અપૂર્વ વાણી કહેવાય છે અને તીર્થંકરની વાણીનો તો સવાલ નથી. એ તો દિવ્યધ્વનિ છે એને તો અપૂર્વ વાણી છે જ. છદ્મસ્થની વાણી અને દિવ્યધ્વનિ વચ્ચે તો પાછો બહુ મોટો આંતરો છે. કેમકે છદ્મસ્થની વાણી અક્ષરાત્મક છે અને તીર્થંકરની વાણી અનક્ષરાત્મક છે. ૐકાર નાદ છે ખાલી. એમાંથી બધાને સાતસો મહાભાષા અને ચૌદસો બીજી ઘણી ભાષાઓમાં એ બધું એને બધાને સમજાય જાય છે. સંપૂર્ણ ઈચ્છારહિત.

એ **'સંપૂર્ણ નિજ અનુભવરૂપ તેમની વાણી અજ્ઞાનીની વાણીથી વિલક્ષણ અને એકાંત આત્માર્થબોધક હોય તેમને વિષે વાણીનું અપૂર્વપણું કહ્યું...'** તેમને વિષે વાણીનું અપૂર્વપણું કહ્યું. **'તે તેમનો 'વચનાતિશય' સૂચવ્યો.'** તે તેમનો વચન અતિશય સૂચવ્યો છે. એ એમની વાણીનો વચનનો અતિશય છે. **'વાણીધર્મે વર્તતું શ્રુત પણ તેઓને વિષે કોઈ પણ નય ન દુભાય એવું સાપેક્ષપણે વર્તે છે,...'** જુઓ ! કોઈ નય ન દુભાય. એકેય નયનું ખૂન ન કરે. કયો નય કઈ રીતે આત્માર્થમાં લઈ જાય છે ? આ વિષય જરા સમજવો હોય તો ૪૭ નય ઉપરના 'પૂજ્ય ગુરુદેવશ્રી'ના જે પ્રવચનો છે એ વાંચી લેવા જેવા છે. આપણે એવું લાગશે તો વાંચનમાં લઈશું. પણ એ પ્રવચનોની અંદર ૪૬મો અશુદ્ધ નય છે. કેવો ? ૪૬મા નયનું નામ અશુદ્ધનય છે. જે

સમ્યક્ શ્રુતજ્ઞાનનો એક અંશ પોતામાં વર્તમાન વર્તતી અશુદ્ધિ રાગાદિને જાણે અને એ રાગાદિને જાણતા શુદ્ધિને સાધે પાછો. સ્વરૂપમાં લઈ જાય એને. નય. નિ નય To lead. સ્વરૂપમાં લઈ જાય. જાણે અશુદ્ધિને અને લઈ જાય સ્વરૂપમાં એને. તો એ કેવી રીતે લઈ જાય ? એનું 'ગુરુદેવે' વિવેચન કર્યું છે.

આ જે વર્તમાન અશુદ્ધ અંશ મારી અવસ્થામાં વર્તે છે એટલો ને એવડો હું અશુદ્ધ નથી. પરિપૂર્ણ શુદ્ધ છું એની અપેક્ષાએ અશુદ્ધિનું માપ નીકળે છે ત્યાં. એવી રીતે શુદ્ધતાના જ્ઞાનપૂર્વક, શુદ્ધ સ્વરૂપના જ્ઞાનપૂર્વક પોતાની અવસ્થાનો અશુદ્ધ અંશ જણાય છે. અને એ જણાતા પણ શુદ્ધિ કેળવાય છે. અશુદ્ધિ થાતી નથી. એ તો 'ગુરુદેવ' કહેતા રાગને જાણતા જ્ઞાન મલિન થાય એ વાત ખોટી છે. 'પરમાગમસાર'માં એક બોલ આવ્યો છે. રાગને જાણતા જ્ઞાનને દોષ થાય છે કે જ્ઞાન મલિન થાય છે એ વાત બરાબર નથી. કેમકે એ તો સમ્યગ્જ્ઞાન પણ જાણે છે પોતાની અશુદ્ધિ. સાધકદશાની અંદર.

એટલે કોઈપણ નય '**વાણીધર્મે વર્તતું શ્રુત...**' જ્ઞાનપૂર્વક વર્તે છે ને ? એટલે '**વાણીધર્મે વર્તતું શ્રુત પણ તેઓને વિષે કોઈ પણ નય ન દુભાય એવું સાપેક્ષપણે વર્તે છે, તે તેમનો 'પરમશ્રુત' ગુણ સૂચવ્યો...**' એ પરમશ્રુતની આ વિશેષતા છે, લ્યો ! એ કાઢી એમણે. શ્રુતજ્ઞાનનું નિરૂપણ છે પણ ક્યાંય પણ કોઈ નય દુભાતો નથી. જે નયની જે મર્યાદા છે, તે નયની તે મર્યાદા તેમને જ્ઞાનપણે વર્તે છે, સમ્યગ્જ્ઞાન હોવાને લીધે અને જ્ઞાનપણે વર્તતી હોવાથી વાણીધર્મે પણ એ જ્ઞાનની મર્યાદા જળવાય રહે છે. એટલે ક્યાંય એકાંત થતો નથી. જ્યાં નય દુભાય ત્યાં એકાંત થયા વિના રહે નહિ. '**તે તેમનો 'પરમશ્રુત' ગુણ સૂચવ્યો અને પરમશ્રુત જેને વિષે વર્તે તે પૂજવા યોગ્ય હોઈ તેમનો તેથી 'પૂજાતિશય' સૂચવ્યો.**' એ વિશેષ કાઢ્યું છે પોતે. ત્રણ અતિશય લીધા. જ્ઞાનાતિશય, બીજો અપાયઅપગમઅતિશય અને ત્રીજો પૂજાતિશય. એ શ્રુતમાંથી કાઢ્યું.

'**આ શ્રી જિન અરિહંત તીર્થંકર પરમ સદ્‌ગુરુને પણ ઓળખાવનારા વિદ્યમાન સર્વવિરતિ સદ્‌ગુરુ છે...**' આ અરિહંત તીર્થંકર પરમ સદ્‌ગુરુને ઓળખાવનારા પણ સર્વવિરતિ (છે). કેમકે એમના જેવો જ એમનો વેશ છે. કેવો એમનો વેશ છે ? જેવા અરિહંત છે એવા જ શ્રીગુરુ છે, પરમગુરુ છે એવા જ શ્રીગુરુ છે. બાહ્ય દેખાવમાં તો બેમાંથી કોઈનો કાંઈ ફેર નથી. એવા જ છે. નિષ્પરિગ્રહી અંતર-બાહ્ય નિર્ગ્રંથ. એટલે એ '**સદ્‌ગુરુના લક્ષે એ લક્ષણો મુખ્યતાએ દર્શાવ્યા છે.**' એથી એ સદ્‌ગુરુના લક્ષે એટલે કે સર્વવિરતી સદ્‌ગુરુના લક્ષે એ બધા લક્ષણો મુખ્યપણે દર્શાવવામાં આવ્યા છે.

આ રીતે તેમણે એક બહુ વિશેષ વાત આ ૮૩૭માં ખોલી છે. ૧૯૫૪માં પત્ર લખ્યો છે. કોને લખ્યો છે એ ખ્યાલ નથી આવતો. પણ ઘણું કરીને તો 'અંબાલાલભાઈ'ને લખ્યો હોય કે પછી 'લલ્લુજી' મુનિને લખ્યો હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સમદર્શીપણાની તો બહુ સ્પષ્ટતા આવશે. પાછળ છે. સમદર્શી માટે તો એમણે ઘણું લીધું છે. આ ઘણા મધ્યસ્થતામાં ભૂલે છે ને ? એવું નથી. સત્‌ને સત્ કહે, અસત્ ને અસત્ કહે, સત્‌ને સ્થાપે, અસત્‌ને ઉથાપે બધી વાત લીધી છે.

મુમુક્ષુ :- એ સમદર્શીતા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સમદર્શીતા લીધી છે. નહિતર તો એક થઈ ગયું ને ? નહિતર સુગુરુ ને કુગુરુ બેય સરખા થઈ ગયા. કેમકે અમારે તો સમદર્શીતા છે. સત્‌દેવ અને અસત્‌દેવ અથવા કુદેવ. કુદેવ અને સુદેવ. અમારે તો બધા સરખા છે. મંદિર ને મસ્જિદ અમારે તો બધા સરખા છે. એવું હોતું નથી. એમ સમદર્શીતા નથી. આચાર્યોએ પણ એ વિષયને એવી રીતે સત્‌ને સ્થાપ્યું છે. અસત્‌ને ઉથાપ્યું છે.

એ રીતે એમણે અહીંયાં મુખ્યપણે જે સમજવા યોગ્ય વાત એ છે કે જ્યારે મુમુક્ષુની મર્યાદા આટલે હદ સુધીની છે તો વાંચન-લેખન કરનારને પોતાના સ્થાનનો બરાબર ખ્યાલ રહેવો જોઈએ. જો પોતાના સ્થાનનો ખ્યાલ ન રહે તો ઉપદેશકવૃત્તિ આવી જાય અને ઉપદેશકવૃત્તિ આવી જાય તો કુગુરુપણું, મિથ્યાત્વીપણું અને માર્ગવિરોધપણું ઊભું થઈ જાય. માર્ગનું વિરોધપણું ઊભું થઈ જાય છે. એમ કહે છે. એ વિષય તો પોતે પત્રમાં વિશેષ ખોલે છે. પોતાની ગૃહસ્થદશા છે ને ? એટલે આગળ પત્રમાં હજી એ વિષય વધારે ખોલશે...

આત્માને નિર્મળ થવાને અર્થે આત્મારૂપ એવા જ્ઞાનીપુરુષની નિષ્કામ ભક્તિયોગ રૂપ સંગ એ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે. ઘણાં શાસ્ત્રોનો તથા તીર્થંકરદેવનો 'માર્ગબોધ' જોવા જતાં એ જ છે. એવા માર્ગબોધ ઉપર કોઈ મહાભાગ્યનું લક્ષ જાય છે, તે સંસાર તરી જાય છે, સુગમપણે તરી જાય છે.

(અનુભવ સંજીવની-૧૪૦૧)

તા. ૨૩-૯-૧૯૯૨, પત્રાંક - ૮૩૭
પ્રવચન નં. ૪૦૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૩૭. 'આત્મસિદ્ધિ' શાસ્ત્રની દસમી ગાથા ઉપરનું વિવેચન છે-સ્પષ્ટીકરણ છે. સદ્ગુરુનું લક્ષણ દર્શાવતી ગાથા છે. એમાં ત્રણ વિશેષણ વાપર્યા છે, ચાર વિશેષણ વાપર્યા છે. એક આત્મજ્ઞાન, બીજું સમદર્શીતા, ત્રીજું ઉદયપ્રયોગે વિચરવું અને ચોથું અપૂર્વવાણીરૂપ પરમશ્રુત. આ ચાર પ્રકાર જેમાં હોય તે સદ્ગુરુ કહેવા યોગ્ય છે. અથવા સદ્ગુરુનું સ્વરૂપ એવું છે કે તેને આત્મજ્ઞાન તો હોવું જોઈએ, એ સિવાય સમદર્શિતાનો એનો ગુણ હોવો જોઈએ. એ સિવાય ઉદય અનુસાર વિચરવું હોવું જોઈએ. એટલે પહેલેથી યોજનાબદ્ધ નિદાન રીતેની અને ઉપદેશની વાણી જેને પરમશ્રુત કહેવાય છે એ અપૂર્વ હોય છે. એવા ચાર પ્રકારની જેનામાં વિશેષતા હોય છે એ સદ્ગુરુ કહેવા યોગ્ય છે.

સદ્ગુરુનુ વર્ણન કરતા વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવ છે એ પરમગુરુ છે, તેમની વાણી પણ પરમશ્રુત છે, આત્મજ્ઞાન તો એમને ચોથા ગુણસ્થાને બહુ અગાઉ પ્રાપ્ત થયેલું છે. સંપૂર્ણ વીતરાગતા હોવાથી સમદર્શિતા એમને વર્તે છે અને એમનું વિચરવું પણ ઉદય અનુસાર છે, કોઈ વિકલ્પ અનુસાર નથી. બીજા સદ્ગુરુ લીધા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી. તે પણ ચોથા ગુણસ્થાને આત્મજ્ઞાન પ્રાપ્ત થયેલા છે. તેમની પણ વીતરાગતા વિશેષ છે એટલે એમને સમદર્શીતાપણું પણ છે. એમનું વિચરવું પણ ઉદયાધીન છે. કોઈ નિર્ણય કરીને, નક્કી કરીને વિચરતા નથી કે અહીંયાં રહેવું અને અહીંયાં જાવું. અને એમની વાણીને પણ પરમશ્રુત કહેવામાં આવે છે. અપૂર્વ વાણી છે એ. આમ ઉપદેશકપણાની મર્યાદા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને સમાપ્ત થાય છે.

ત્યારપછી આત્મજ્ઞાની પુરુષ ચતુર્થ ગુણસ્થાન અને પંચમ ગુણસ્થાનવર્તી હોવા છતાં તેઓ ઉપદેશકને યોગ્ય નથી. એટલા માટે કે એમને બહારમાં સંપૂર્ણ વિરતિ નથી. સંપૂર્ણ વિરતિ ન હોવા છતાં પૂર્ણ વીતરાગતાનો ઉપદેશ છે એ સુસંગત થતો નથી એવું પોતે પણ જાણે છે. તેથી પોતે ઉપદેશકના સ્થાને રહીને ઉપદેશ આપતા નથી. મોક્ષમાર્ગને આત્માનું સ્વરૂપ તેઓ દર્શાવવા યોગ્ય છે. કેમકે તે તેમને અનુભવગોચર છે. એટલે જિજ્ઞાસુ જીવોને તે દર્શાવે છે. કોઈ જીવ જિજ્ઞાસુ હોય તો એને એ આત્મજ્ઞાનનો વિષય કહે, એને પ્રાપ્તિનો ઉપાય પણ કહે અને એમ સંભવિત છે.

ચોથાથી નીચેના ગુણસ્થાને તો બિલકુલ ઉપદેશકપણાનો વિકલ્પ પણ વિચારવા

જેવો રહેતો નથી. કેમકે તે તો ઉપદેશ લેવાને યોગ્ય છે, એ ઉપદેશ દેવાને યોગ્ય જરાપણ નથી. છતાં પણ સ્વાધ્યાય આદિમાં મુખ્યપણે વાંચન, વિવેચન કરવાનો ઉદય હોય, પ્રસંગ હોય તો સત્પુરુષનું બહુમાન કરવું, શ્રીગુરુના ગુણગ્રામ કરવા, જિનવાણીના ગુણગ્રામ કરવા એ વગેરેની મુખ્યતાથી દેવ-ગુરુ-શાસ્ત્ર આમ કહે છે એમ મને સમજાય છે. આ વાત મને પણ પ્રિય લાગે છે. તમને સૌને પણ પ્રિય લાગવી જોઈએ. એ પ્રકારે સ્વાધ્યાય આદિ કરવાનો નિષેધ નથી. અથવા આત્મજ્ઞાની સત્પુરુષની આજ્ઞાએ એ રીતે એ સ્વાધ્યાય કરે, કરાવે તો બહુભાગ એને દોષ થવાનું કારણ બનતું નથી. પ્રાયઃ નિર્દોષ રહે છે. પણ આત્મજ્ઞાની પુરુષના નિર્દેષ વિના એમ ને એમ કોઈ કરે તો પ્રાયઃ એ દોષિત થાય છે. કેમકે ધર્મ સ્થાપવાનું માન પણ બહુ મોટું છે, ખ્યાતિ પણ મળે છે અને એ ખ્યાતિ ભોગવતા પરિણામને દોષિતપણું થયા વિના રહેતું નથી. આવી પરિસ્થિતિ જોઈને બહુ ઊંડાણથી એમણે સદ્‌ગુરુ વિષેનો પોતાનો અભિપ્રાય અહીંયાં વ્યક્ત કરેલો છે.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવ' અને 'ગુરુદેવ'. 'ગુરુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ કૃપાળુદેવને સમષ્ટિગત ન હતો....

પૂજ્ય ભાઈશ્રી :- એમણે તો કર્યું પણ નથી, ઘટતું પણ નથી. પોતે આગળ લખશે એવું કે અમે કોઈને એક વ્રત-પચ્ચખાણ પણ આપ્યું નથી. 'ગુરુદેવ'ની વાત એક વિશિષ્ટ પ્રકારની છે. તેઓ એક ભાવિ તીર્થંકરદ્રવ્ય છે અને એમના સમવસરણની તૈયારી આ ભવથી થઈ છે. આગળના ભવથી સમવસરણની તૈયારી નથી થઈ. પણ જે જીવો એમની સાથે સૂર્યકીર્તિ ભગવાનના સમવસરણમાં સાથે હશે એમ એ જીવો અહીંયાંથી એમની સાથે શરૂ થયા છે. અને પોતાને પણ અહીંયાં આ ભવથી આત્મજ્ઞાન થયું. પોતે પહેલેથી ત્યાગી અવસ્થામાં રહ્યા અને ગૃહસ્થ અવસ્થામાં ન રહ્યા. એટલે એ પ્રકારની જે વિસંગતતા ચોથા ગુણસ્થાને ઉત્પન્ન થાય એવી તેમના વિષે ઉત્પન્ન ન થાય એવો એમનો બાહ્ય જીવનનો પ્રકાર રહ્યો.

જેમ મુનિરાજને જંગલમાં જ્ઞાન, ધ્યાન સિવાય કોઈ પ્રવૃત્તિ નથી હોતી. એમ 'ગુરુદેવશ્રી'ને પણ બાહ્ય જીવનમાં જ્ઞાન, ધ્યાન સિવાય કોઈ બીજી પ્રવૃત્તિ નહોતી. એટલે એમને ઉપદેશકપણા સાથે અંદરમાં તીર્થંકરદ્રવ્ય અને બહારની અંદર પણ એક સુયોગ્ય એવો યોગ હતો. એટલે એમના વિષે ઉપદેશકપણું આવે તો તે બાધિત થતું નથી. કેમકે એ પોતે જ ભાવિ તીર્થંકર છે અને અહીંથી સમવસરણની તૈયારી થઈ છે. એમની સાથે બીજા જ્ઞાનીઓને સરખાવવા જઈએ તો મેળ ન પડે. બીજા જ્ઞાની ગૃહસ્થદશામાં હોય છે અને એમના ઉપદેશકણાને અને બાહ્ય વ્યવહારને સુસંગતતા

હોતી નથી, થતી નથી. લોકોને અંદેશાનું કારણ થાય. એટલા માટે 'ગુરુદેવ'ના વિષયમાં એ થોડી વિશેષતા છે.

હવે બીજું એમને જે વિશેષણ લેવું છે, પહેલાં જે સદ્‌ગુરુનો વિષય લીધો એમાં આત્મજ્ઞાન, ઉદયપ્રયોગ અને અપૂર્વવાણી ત્રણ વાત લઈ લીધી. સમદર્શિતાને એમણે જુદું પાડ્યું છે. અને અહીંયાં એનું વિવેચન કરે છે. પાનું-૬૨૩ છે. '**સમદર્શિતા એટલે પદાર્થને વિષે ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ-રહિતપણું, ઈચ્છારહિતપણું, મમત્વરહિતપણું. સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે.**' એક તો એનું મુખ્ય લક્ષણ વીતરાગતા છે. સમદર્શિતાનું મુખ્ય લક્ષણ છે વીતરાગતા. અને એ વીતરાગતામાં પ્રથમ ચોથા ગુણસ્થાને ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિરહિતપણું ઉત્પન્ન થાય છે. બુદ્ધિ એટલે અહીંયાં અભિપ્રાય લઈ લેવો. કોઈ પદાર્થ આ જગતમાં પ્રિય છે, ઈષ્ટ છે, કોઈ પદાર્થ અનિષ્ટ અને અપ્રિય છે એવો અભિપ્રાય ચોથા ગુણસ્થાને આત્મજ્ઞાન થતાં ચાલ્યો જાય છે. કેમકે એવું ઈષ્ટઅનિષ્ટ બુદ્ધિપણું એ દર્શનમોહ સાથે સંબંધ ધરાવે છે અને દર્શનમોહ હોય ત્યાં ચારિત્રમોહ તો હોય, હોય ને હોય જ. ત્યાં દર્શનમોહ જાય ત્યાં અનંતાનુબંધીનો ચારિત્રમોહ પણ સાથે સાથે જાય.

મુમુક્ષુ :- અભિપ્રાય...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં અભિપ્રાયનો વિષય લેવો.

ઈચ્છારહિતપણું. સમદર્શિતા એટલે ઈચ્છારહિતપણું એટલે કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાને અને તેરમા ગુણસ્થાને ઈચ્છારહિતપણું છે. એમને કોઈપણ પદાર્થોની ઈચ્છા થતી નથી. જે અલ્પ ઈચ્છા આહારની છે એને પણ એ નિષેધપણે અથવા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિ છે એનો વિકલ્પ છે એમાં પણ વિશેષપણે નિષેધ વર્તે છે. અને મમત્વરહિતપણું. કોઈપણ પદાર્થમાં એમને મમત્વ હોતું નથી. એટલી વીતરાગતા હોય છે. મુખ્યપણે એ સમદર્શીતા વીતરાગતારૂપ ચારિત્રદશાને અહીંયાં સૂચવે છે.

'**રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે. ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ, મમત્વ, ભાવાભાવનું...**' ભાવ એટલે પ્રિય થવું અને અભાવ થવો એટલે અપ્રિત થવું. '**ભાવાભાવનું ઊપજવું...**' ભાવ-અભાવનું ઊપજવું એ રાગદ્વેષ છે. ઈષ્ટઅનિષ્ટ બુદ્ધિમાં રાગ-દ્વેષ થાય, મમત્વ થાય ત્યાં રાગ-દ્વેષ થાય, પ્રિય-અપ્રિય લાગે ત્યાં રાગ-દ્વેષ થાય છે. એ રાગ-દ્વેષ છે. '**આ મને પ્રિય છે, આ મને ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય.**' સર્પ કરડવા આવે તો મુનિને અણગમો થાય કે કોઈ એને મારવા આવે તો અણગમો થાય એમ મુનિને બનતું નથી. એટલી વીતરાગતા છે. ચક્રવર્તી વંદન કરવા આવે એટલે એને ગમે, શેઠિયા નહિ,

છ ખંડનો રાજા, ઈન્દ્રો એને વંદન કરવા આવે, દેવલોકમાંથી ઈન્દ્રો પણ આવે, દેવો પણ મુનિ પાસે આવે તો એમને ગમે એવું પણ એમને નથી. એવું પ્રિય, અપ્રિયપણું જેને ચાલ્યું ગયું છે. '**એવો ભાવ સમદર્શીને વિષે ન હોય.**' તેરમે ગુણસ્થાને તો સવાલ જ રહેતો નથી. આ તો મુનિને પણ ન હોય.

'**સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને,...**' એટલે બાહ્ય પદાર્થના કોઈપણ પ્રકારના પર્યાયને '**તે પદાર્થ તથા પર્યા/ જેવા ભાવે વર્તે તેવા ભાવે દેખે, જાણે, જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઈષ્ટઅનિષ્ટપણું ન કરે.**' એટલે એમને જ્ઞાન નથી થતું એમ નથી. જે પદાર્થોમાં ગળ્યો રસ છે તેનું ગળપણ જણાય છે અને કડવો રસ છે તેનું કડવાપણું જણાય છે. એટલે જે પદાર્થની જે પર્યાય હોય તેવી તેને જાણે, જણાવે પણ તેમાં ઈષ્ટ-અનિષ્ટપણું ન કરે. અથવા તે પર્યાયને વિષે મમત્વ ન કરે કે આ મારી ચીજ છે, મારી પાસે રાખું, આ મારી વસ્તુ છે એવું કોઈ એમને હોતું નથી. શાસ્ત્ર સુદ્ધા નહિ. એ 'સોગાનીજી'એ લીધું છે કે મુનિરાજ પાસે શાસ્ત્ર (હોય) અને કોઈ માગે તો તરત જ આપી દે છે. એમ ન કહે કે હું હવે પાંચ-પંદર દિ' વાંચ્યા પછી તમને આપીશ. તરત જ આપી દે છે. તરત જ આપી દે છે એમાં આટલું છે કે મમત્વ નથી એમને. શાસ્ત્ર એમની પાસે હોવા છતાં મમત્વ હોતું નથી કે આ મારું શાસ્ત્ર છે, મારું પુસ્તક છે. એ જાતનું મમત્વ નથી આવતું.

'**આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા જાણવાનો હોવાથી તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે, જાણે;...**' આત્માનો સ્વભાવિક ગુણ જે દેખવા જાણવાનો છે તે જેવા જ્ઞેય પદાર્થો છે તેને જેવા છે તેવા જાણે. જે પદાર્થ જેવો હોય તેવો જાણે. કાળો રંગ હોય તેને કાળો રંગ જાણે, અંધકારને અંધકાર જાણે, પ્રકાશને પ્રકાશ જાણે, સફેદ રંગને સફેદ રંગ જાણે. જેવા જ્ઞેયો હોય તેવું તેને જાણે. '**પણ જે આત્માને સમદર્શીપણું પ્રગટ થયું છે, તે આત્મા તે પદાર્થને દેખતાં, જાણતાં છતાં તેમાં મમત્વબુદ્ધિ, તાદાત્મ્યપણું, ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે.**' આ ત્રણ પ્રકારના પરિણામ એમને ન થાય. એ મારું છે એવું એને ભાસે નહિ. એટલે શરીર, મુનિને પૂર્વ પ્રારબ્ધયોગે જે શરીરનો સંયોગ છે એ મુનિનું શરીર કહેવાય. વ્યવહારે શું બોલાય ? એ મુનિનું શરીર છે. પણ મુનિને પોતાના શરીરમાં મમત્વપણું થતું નથી. આ શરીર મારું છે એવું પરિણમન આવતું નથી. બાજુમાં પુદ્ગલનો એક જથ્થો છે, પુદ્ગલનો પિંડ છે, એક જથ્થો છે એટલું એ જોવે છે. સ્કંધ. શરીર છે એ પુદ્ગલ સ્કંધ છે એટલું જોવે છે. મારું છે એમ જોતા નથી. એટલે તો એમને દુર્ગંચ્છા નથી થતી. મલિનતા થાય છે, પસીનો વળે છે, ધૂળ ચોંટે છે, શરીર મેલું દેખાય છે છતાં એને સાફ કરવાનો, નાહી લઈએ એટલે શરીર

સાફસુથરું થઈ જાય એવું પણ એ કરતા નથી. અસ્નાનતા એમને જે હોય છે (એનું) એ કારણ છે કે શરીરમાં મમત્વબુદ્ધિ નથી. નિર્વસ્ત્ર છે. જંગલમાં ડાંસ, મચ્છર અને બીજા જંગલના જીવડા છે એ કરડે છે. મમત્વ નથી. એના રક્ષણ માટે એ કાંઈ કપડું રાખતા નથી. મચ્છર બેઠું હોય અને ડંખ મારે તો એને ઉડાડવા માટે કોઈ વિકલ્પ પણ ન થાય, ચેષ્ટા તો ન થાય પણ વિકલ્પ પણ ન થાય. કેમકે એને મારું દેખાતું નથી. મારું છે એવું દેખાતું નથી, જણાતું નથી. એવી અદ્‌ભુત વીતરાગી દશા છે ! મુનિદશા એટલે દેહથી ચૈતન્યગોળો છૂટો પડી ગયો છે એવી દશા છે. એમને એ કાંઈ મમત્વનો એકેય વિકલ્પ આવતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ બીજા જીવોનો પ્રાણઘાત ન થાય એટલા માટે છે. જે જગ્યાએ શરીર... એને આદાનનિક્ષેપણ સમિતિ કહે છે. એટલા માટે એ સાફ કરે છે. એ પણ પીંછીથી. બીજું ન લે પાછું. જેનાથી કોઈ નાના જીવજંતુ હોય એ મરી ન જાય. એટલા પૂરતી વાત છે. એથી કોઈ શરીરના રક્ષણનું કારણ નથી ત્યાં કાંઈ. પછી એ જ કીડી-મકોડા કે જીવજંતુ આવીને કરડે તો એને કાંઈ દૂર નથી કરતા. ત્યાં પીંછી નથી ફેરવતા. ત્યાં પીંછી નથી ફેરવતા કે આ મચ્છરને પીંછીથી ઉડાડી દઈએ. એમ નથી રાખતા. કાંઈ નહિ, એક પાતળું વસ્ત્ર રાખો ને. મચ્છર બેસે નહિ. એમ પણ નથી. શરીરનું રક્ષણ બીજી વાત છે અને બીજા જીવોની યત્ના પાળવી એ બીજી વાત છે. બે જુદી જુદી વાત છે. ક્રિયાથી મતલબ છે ? કે ક્રિયા પાછળનો ભાવ શું છે એનાથી એની સમજણ કરવી છે ? એનું મૂલ્યાંકન કેવી રીતે કરવું છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કપડું ન પહેરે. નિર્વસ્ત્ર રહે ત્યારે મુનિ. અને પછી બીજું લાકડું, ખડ ને બીજી-ત્રીજી (વસ્તુ રાખે). વસ્ત્રના પુદ્‌ગલને ન અડે. બીજા પુદ્‌ગલોનો ઢગલો પાછો. કેમકે જંગલમાં રહેતા નથી ને. આ તો જંગલમાં રહેતા હતા. મુનિઓ છે એ જંગલવાસી. આ તો મકાનમાં રહે છે. મકાનમાં પણ ઘાંસ કે એવું રાખે કે લાકડાના Partition છે. હવા ન આવે, ઠંડી ન લાગે.

મુમુક્ષુ :-...

પૂજ્ય ભાઈશ્રી : એ તો હવે ગયું, આખું ખાડે ગયું.

શું કહે છે ? કે જેવા ભાવે વર્તે, તેવા ભાવે દેખે, જાણે, જણાવે પણ તે પદાર્થ કે તે પર્યાયને વિષે મમત્વબુદ્ધિ કે અનિષ્ટપણું ન કરે. અને આત્મા તે પદાર્થને દેખતા-જાણતા છતાં પણ '**વિષમદષ્ટિ આત્માને પદાર્થને વિષે તાદાત્મ્યવૃત્તિ થાય;...**'

એકતા. તાદાત્મ્યવૃત્તિ એટલે તન્મયપણું ન થાય. જાણે પણ તન્મયભાવે જાણતા નથી. શરીરને પણ તન્મયભાવે જાણતા નથી. એવું સમદષ્ટિ આત્માને તન્મયપણું ન થાય.

જુઓ ! એ લીધું. '**કોઈ પદાર્થ કાળો હોય તો સમદર્શી તેને કાળો દેખે, જાણે, જણાવે. કોઈ શ્વેત હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ સુરભિ (સુગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે.**' પણ એને પ્રિય ન લાગે એમ કહે છે. '**કોઈ દુરભિ (દુર્ગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે.**' એટલે પ્રકાર ન જાણે એમ નથી. '**કોઈ ઊંચો હોય, કોઈ નીચો હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. સર્પને સર્પની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. વાઘને વાઘની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. ઈત્યાદિ પ્રકારે વસ્તુમાત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે, તે ભાવે સમદર્શી દેખે, જાણે, જણાવે.**' ઈત્યાદિ પ્રકારે વસ્તુમાત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે, તે ભાવે સમદર્શી દેખે, જાણે, જણાવે. અહીં સુધી તો દેખે, જાણે અને જણાવે લીધું. હવે આગળ લેશે.

'**હેય (છાંડવા યોગ્ય)ને હેયરૂપે દેખે, જાણે, જણાવે.**' રાગને રાગ જાણે તો કહે હેય છે એમ કહે પાછા. રાગને રાગ જાણે એટલું નહિ. રાગ છે તે હેય છે એમ જાણે, જણાવે. '**હેય (છાંડવા યોગ્ય)ને હેયરૂપે દેખે, જાણે, જણાવે. ઉપાદેય (આદરવા યોગ્ય)ને ઉપાદેયરૂપે દેખે, જાણે, જણાવે.**' જેમકે આત્માનું જ્ઞાન કરાવે કે આત્મા અનંત ગુણનું ધામ છે. તો કહે તે ઉપાદેય છે. પોતે પણ એમ જાણે અને બીજાને પણ એમ જણાવે.

'**પણ સમદર્શી આત્મા તે બધામાં મારાપણું, ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ, રાગદ્વેષ ન કરે.**' આમ છે. જો હેય, ઉપાદેય કરે, જાણે, જણાવે અને છતાં રાગ-દ્વેષ ન કરે. કેમકે મમત્વબુદ્ધિએ નથી. અથવા ઈષ્ટ-અનિષ્ટપણાના અભિપ્રાયથી નથી. '**સુગંધ દેખી પ્રિયપણું ન કરે; દુર્ગંધ દેખી અપ્રિયતા,...**' ન કરે. '**દુર્ગંછા ન આણે. (વ્યવહારથી) સારું ગણાતું દેખી આ મને હોય તો ઠીક એવી ઈચ્છાબુદ્ધિ (રાગ, રતિ) ન કરે. (વ્યવહારથી) માઠું ગણાતું દેખી આ મને ન હોય તો ઠીક એવી અનિચ્છાબુદ્ધિ (દ્વેષ અરતિ) ન કરે. પ્રાપ્ત સ્થિતિ સંજોગમાં સારુંમાઠું, અનુકૂળપ્રતિકૂળ, ઈષ્ટાનિષ્ટપણું, આકુળવ્યાકુળપણું ન કરતાં તેમાં સમવૃત્તિએ અર્થાત્ પોતાના સ્વભાવે, રાગદ્વેષરહિતપણે રહેવું એ સમદર્શિતા.**' છે. આ સમદર્શિતાની વ્યાખ્યા કરી.

શું કહે છે ? કે વ્યવહારથી સારું ગણાતુ હોય તો એની ઈચ્છા ન કરે, ખરાબ

ગણાતું હોય તો એની અનિચ્છા ન કરે. આ જે લૌકિક દૃષ્ટિએ (લોકો કરે છે). જ્ઞાનના જ્ઞેય તરીકે રાખે. અને જે કોઈ પ્રાપ્ત સ્થિતિ છે એમાં સારું, નરસું, અનુકૂળ, પ્રતિકૂળ, ઈષ્ટ, અનિષ્ટ એ પ્રકારે વર્તીને આકુળ-વ્યાકુળ થાય નહિ. ત્યારે એને વીતરાગભાવસહિત, રાગદ્વેષરહિત, વીતરાગભાવસહિત, રાગદ્વેષરહિત સમદર્શિતા પ્રાપ્ત થઈ એમ કહેવામાં આવે છે.

'**શાતા-અશાતા, જીવન-મૃત્યુ, સુગંધ-દુર્ગંધ, સુસ્વર-દુસ્વર,...**' સુસ્વર એટલે કોઈનો મીઠો અવાજ હોય, કોઈનો એવો કડછો અવાજ હોય એટલે કે કઠોર અવાજ હોય. '**રૂપ-કુરૂપ, શીત-ઉષ્ણ આદિમાં હર્ષ-શોક, રતિ-અરતિ, ઈષ્ટ-અનિષ્ટપણું, આર્તધ્યાન ન વર્તે તે સમદર્શિતા.**' કહેવામાં આવે છે. આ શું છે કે પાંચ ઈન્દ્રિયોના જે વિષયો છે એમાં ક્યાંય વીતરાગતા હોય એને ઈષ્ટ-અનિષ્ટપણું કે રાગ-દ્વેષ થતાં નથી. માત્ર એ જ્ઞાતાના જ્ઞેય તરીકે રહે છે. પોતે જ્ઞાતા તરીકે રહે છે, માત્ર જ્ઞાતા તરીકે રહે છે, સામેના પદાર્થો માત્ર જ્ઞેય તરીકે જેવા છે તેવા જણાય છે.

હવે આગળ કહે છે કે, '**હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર સમદર્શીને વિષે અવશ્ય હોય.**' આ પાંચ મહાવ્રત હોય છે ને ? એટલે અહિંસા, સત્ય એમ. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. એ પાંચ પ્રકારના પાંચ મહાવ્રત થયા ને ? એ પાંચેય પ્રકારનો પરિહાર, એથી વિરુદ્ધ છે એનો પરિહાર સમદર્શીને વિષે અવશ્ય હોય છે. એટલે જે શ્રીગુરુ છે એ સમદર્શી હોય છે અને પંચમહાવ્રતના પાલન કરનારા અવશ્ય હોય છે.

'**અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શીપણું ન સંભવે.**' અહિંસાદિ વ્રત ન હોય, એને અહિંસાનું મહાવ્રત હોય છે, અહિંસાદિ મહાવ્રત ન હોય તો તેને સમદર્શીપણું ન સંભવે. કેમકે ત્યાં તો અવશ્ય રાગ-દ્વેષ હોય જ તે. આ પાંચેય મહાવ્રતના વિરુદ્ધ પરિણામ છે : હિંસા, અસત્ય, અદત્ત આદિ એ તો રાગદ્વેષ સહિત જ હોય, કહે છે. એટલે ત્યાં સમદર્શીતા ક્યાંથી હોય ? કહે છે. '**સમદર્શિતા અને અહિંસાદિ વ્રતોને કાર્યકારણ, અવિનાભાવી અને અન્યૌન્યાશ્રય સંબંધ છે.**' જ્યાં સમદર્શિતા હોય ત્યાં અહિંસા આદિ વ્રતોને કાર્યકારણ સંબંધ છે. સમદર્શિતા હોય તો એકબીજાને કારણરૂપ પડે છે. ત્યાં પેલા વ્રતો, મહાવ્રતો કાર્યરૂપે હોય જ. મહાવ્રત હોય તો અહીંયાં સમદર્શીતા આવે નહિતર આવે નહિ. એને કાર્યકારણ પરસ્પર સંબંધ છે. અવિનાભાવિ હોય છે. એટલે જ્યાં સમદર્શીતા હોય ત્યાં જ અહિંસાદિ પાંચ મહાવ્રત સાથે હોય, હોય ને હોય જ. અને એક બીજાને અન્યોન્યાશ્રય સંબંધ છે. એક ન હોય તો બીજું ન હોય અને બીજું ન હોય તો પહેલું ન હોય. એ રીતે લેવું. એના બોલ લીધા છે. કે...

સમદર્શિતા હોય તો અહિંસાદિ વ્રત હોય.

સમદર્શિતા ન હોય તો અહિંસાદિ વ્રત ન હોય.

અહિંસાદિ વ્રત નથી તો કહે સમદર્શિતા નથી. ચાલો, વાત પૂરી થઈ ગઈ. અને સમદર્શિતા છે તો એ પંચમહાવ્રતના પાલન કરનારા હોય, હોય ને હોય જ. હવે અહીંથી લે છે કે...

અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શિતા ન હોય. અહિંસાદિ વ્રત જ ન હોય તો એને સમદર્શિતા હોય ક્યાંથી ? અને

અહિંસાદિ વ્રત હોય તો સમદર્શિતા હોય. દ્રવ્યલિંગી ન લેવા અહીં ભાવલિંગીની વાત છે. હવે એ તો જાણે પૂર્ણની વાત લીધી. પછી અપૂર્ણની લે છે.

જેટલે અંશે સમદર્શિતા તેટલે અંશે અહિંસાદિ વ્રત અને

જેટલે અંશે અહિંસાદિ વ્રત એટલે અંશે સમદર્શિતા. સામેસામા લેવા. એટલે એ ચોથા-પાંચમા ગુણસ્થાનમાં લઈ લેવા. એ પ્રકારે બહારના બીજા જીવોની અહિંસાને અને આત્માના વીતરાગીપણાને કાર્યકારણ સંબંધ નિમિત્ત-નૈમિત્તિકપણે લાગુ પડે છે એમ જાણવું.

'**સદ્‌ગુરુયોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા, મુખ્યતાએ સર્વવિરતિ ગુણસ્થાનકે હોય;...**' એટલે છઠ્ઠા ગુણસ્થાને હોય. મુખ્યપણે આ વાત છે એ છઠ્ઠા ગુણસ્થાનની છે. '**પછીના ગુણસ્થાનકે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય, વિશેષ પ્રગટ થતી જાય;...**' છઠ્ઠા ગુણસ્થાનથી શરૂ થાય છે. ઉપરના ગુણસ્થાને તે વધી જાય છે, વિશેષ પ્રગટ થતી જાય છે અને '**ક્ષીણમોહસ્થાને તેની પરાકાષ્ઠા અને પછી સંપૂર્ણ વીતરાગતા.**' પ્રગટે છે. એ બારમા ગુણસ્થાને પ્રગટી જાય છે. ક્ષીણમોહ ગુણસ્થાને.

હવે એ વિષયમાં થોડો વિશેષ ખુલાસો કરે છે. વચમાં હેય ઉપાદેયનું જરાક એક વાક્ય નાખી દીધું હતું. એના ઉપર હવે આખું સ્પષ્ટીકરણ આપશે અહીંયાં. '**સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાન ભાવ, અભેદભાવ, એકસરખી બુદ્ધિ, નિર્વિશેષપણું નહીં; અર્થાત્ કાચ અને હીરો એ બે સમાન ગણવા, અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું, અથવા સદ્‌ધર્મ અને અસદ્‌ધર્મમાં અભેદ માનવો, અથવા સદ્‌ગુરુ અને અસદ્‌ગુરુને વિષે એકસરખી બુદ્ધિ રાખવી, અથવા સદ્‌દેવ અને અસદ્‌દેવને વિષે નિર્વિશેષપણું દાખવવું અર્થાત્ બન્નેને એક સરખા ગણવા, ઈત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નહીં,...**' એને સમદર્શિતા કહેવામાં આવતી નથી. તો કહે એને શું કહેવાય ?

'**એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેક વિકળતા.**' છે. ઠીક ! આવી

વાત લીધી છે. પાછું કોઈ એમ કહે કે ભાઈ સમદર્શિ હોય એટલે બધું સરખું ગણવું. આપણે અસત્શ્રુત હોય તો એની નિંદા કરી કહેવાય ને. આ ગુરુ તે અસત્ગુરુ છે એમ કહીએ તો એની નિંદા થઈ જાય ને.

મુમુક્ષુ :- એનું મન દુભાય.

પૂજ્ય ભાઈશ્રી :- એનું મન દુભાય જાય. કોઈનું મન દુભાય એવું શું કરવા કરવું ? એવું નથી આમાં. એ વિવેકશૂન્યતા છે. સાધુ એટલે જેટલાએ ત્યાગ કર્યો એ બધા સાધુ. પછી ભલે કોઈ ઓછો કરે, કોઈ વધારે. પણ એ સંસાર છોડીને સાધુ થઈ ગયા ને ? ઘર છોડ્યું, બૈરા-છોકરા છોડ્યા, દુકાન છોડી પછી એ સાધુ થઈ ગયા ને. પછી ભલે દુનિયામાં બધા સાધુ. ણમો લોએ સવ્વ સાહુણં. એમ હશે કાંઈ ? એમ નથી. સદ્ગુરુ છે તે સદ્ગુરુ છે, અસદ્ગુરુ છે તે અસદ્ગુરુ છે. એમ લેવું. સત્શ્રુત છે તે સત્શ્રુત છે, અસત્શ્રુત છે તે અસત્શ્રુત છે. જે સુદેવ છે તે સુદેવ છે અને જે સુદેવ નથી તે કુદેવ છે. એમ લેવું જોઈએ.

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રની નિંદા કરે તો નરકે જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વાત છે કે નામધારીની વાત છે ? નિંદા કરવાનો પ્રશ્ન નથી પણ જે જેવા હોય તે તેવા તો જાણવા જોઈએ ને ? રાગી ગુરુ હોય તો એને રાગી ગુરુ જાણવા જોઈએ. રાગી દેવ હોય એને રાગી દેવ સમજવા જોઈએ. (એમ ન જાણે અને સમાન જાણે તો) એ વિવેક છે કે મૂંઢતા છે ? તો કહે એ મૂઢતા છે. એ મૂઢતા છે એમ કહેવું છે. છે ને પાંચ પ્રકારના મિથ્યાત્વમાં વિનય મિથ્યાત્વ છે કે નહિ ? એ વિનય મિથ્યાત્વ શેનું છે ? દેવ-ગુરુ-શાસ્ત્ર છે અથવા જે શાસ્ત્ર રાગ-દ્વેષનું નિરૂપણ કરે છે એવા સિદ્ધાંતોવાળા છે એમાં વંદનીય, પૂજનીય, સ્તુતિ આદિની જે બુદ્ધિ છે તે વિનય મિથ્યાત્વ છે. એનો વિનય પ્રશંસા કરે તે મિથ્યાત્વમાં જાય છે. એ ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. વિનય મિથ્યાત્વ છે તે ગ્રહિત મિથ્યાત્વનો ભેદ છે.

મુમુક્ષુ :- ...બોલી ગયા તેમ...

પૂજ્ય ભાઈશ્રી :- દુકાને સમજ્યા વગર વેપાર કરીએ આપણે ? એક બાર આનાની ટોપી વેચતા હોય તો એની કેવી રીતે સિલાય થાય ? એને કેવી વેતરવી જોઈએ જેથી એક તાકામાંથી વધારેમાં વધારે ઉતરે. ભલે બાર આનાની ચીજ આપણે મજૂરી સહિત, સિલાઈ સહિત બાર આનામાં વેચતા હતા. એમને ત્યાંથી પહેલીવહેલી ટોપી બાર આનાની ખરીદી હતી. ટોપી પહેરવાનું શરૂ કર્યું ત્યારે બાર આનાની ટોપી એમની દુકાનેથી લઈ આવ્યો હતો. અત્યારે તો બાર રૂપિયા થઈ ગયા છે.

મુમુક્ષુ :- અગિયાર પૈસા, ૩૪ની સાલ...

પૂજ્ય ભાઈશ્રી :- અગિયાર પૈસા. ૩૪ની સાલમાં. ઓહો..હો..! બરાબર. તે દિ' તો જનમ મારો... અગિયાર પૈસાની ટોપી. પણ ત્યાં સમજ્યા વગર કાંઈ ન કરીએ આપણે. ત્યાં કેટલી સમજણ રાખીએ ? ઝીણામાં ઝીણી સમજણ રાખીએ કે આટલો દોરો જોઈએ, આટલી મજૂરી ગણવી જોઈએ. ભલે એક પૈસો આપણે ગણતા હોય, અડધો પૈસો ગણતા હોય. તો હજાર ટોપીએ પાંચસો પૈસા ગણીએ કે ન ગણીએ ? ચોસઠ પૈસાનો રૂપિયો ગણીને પાંચ-સાત રૂપિયા ગણીએ કે ન ગણીએ ? બાર મહિને આટલા દોરા વપરાય, આટલી મજૂરી ચુકવવી પડે. ઘરના માણસ કામ કરે તો મજૂરી ન ગણીએ કે ગણીએ ? એ કહો. ગણીએ કે ન ગણીએ ? એવું ઝીણામાં ઝીણું ત્યાં ગણીએ છીએ એનું કારણ કે ત્યાં લાભ-નુકસાન છે. તો અહીંયાં આપણે લાભ-નુકસાન નથી ? અહીંયાં એ ગણતરીએ સમજણ નહોતા કરતા તો લાભ-નુકસાન નથી એમ સમજીને ચાલ્યા ને ?

વાણિયા એનું નામ કહેવાય કે એક એક વાત સમજીને કરે. સમજ્યા વગર ન કરે. નહિતર તો કુંભારને એ બધા સમજ્યા વગર કરે જ છે. વાળંદ ને કુંભારને બીજા, ત્રીજા. વાણિયા કોને કહે ? એક એક વાત સમજીને કરે. વૈશ્યવૃત્તિ છે એનામાં. એ ગુણ છે એનામાં. અવગુણ નથી. સમજ્યા વગર કાંઈ ન કરે. ધર્મ તો કાંઈ મફતની ચીજ છે ? બાર આનાથી પણ નીચેની કિંમતવાળી ચીજ છે ? બાર આનાની ચીજમાં સમજણ કરવી છે. ઓલી બાર આનાથી ઓછી કિંમતવાળી ચીજ છે કે સમજણ કર્યા વગર કામ કરવું ? ધર્મને તો સાવ નિર્મૂલ્ય બનાવી દીધો. આની કાંઈ કિંમત જ નથી. હાંકે રાખો ગાડુ. એવું ન ચાલે. આ તો જગતમાં કોઈપણ પદાર્થ કરતા વિશેષ મૂલ્યવાન છે. હીરા કરતા પણ વધારે મૂલ્યવાન છે. એટલી બધી ઝીણવટથી આ ધર્મ તો સમજવાનો છે.

મુમુક્ષુ :- સ્થાનકવાસીમાં પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વ કહેવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. અને મિથ્યાત્વના પચ્ચીસ દોષનો તો વિષય આવે છે.

મુમુક્ષુ :-...

પૂજ્ય ભાઈશ્રી : બોલી જાવ. ગોખી જાવાનું, મોઢે કરી જાય. કડકડાટ જાવા દે. પછી અડધું બોલે, ન બોલે ચાલે બધું પછી. ગોખાય ગયું હોય ને ? પછી અડધું બોલે, અડધું ન બોલે. ફટફટાટ ગાડી ઉપડી તો જલ્દી પૂરું કરી નાખો. ભાવનું તો ઠેકાણું જ ન હોય કાંઈ. ભાવમાં તો પછી 'ગુરુદેવ' હસાવતા હતા કે વીહા રોઈ મળ્યા. લોગસ્સના પાઠમાં વહુય રય મળા આવે છે ને ? ઓલા દશા બોલતા હતા. દશાને વિશા ઉપર પ્રેમ

બહુ. તો કહે, જુઓ ! વિહા રોઈ મળ્યા આવ્યું કે ન આવ્યું ? પણ વિહુય રય મળા છે. વિહા રોઈ મળ્યા નથી. એવું બધું ચાલે પછી.

મુમુક્ષુ :- સમન્વય બહાને એક મંચ આવી...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ શક્ય જ નથી. જે વસ્તુ શક્ય નથી એ શક્ય નથી, એ કેવી રીતે બને ? જ્યાં અભિપ્રાયભેદ હોય, સિદ્ધાંતભેદ હોય...

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. સર્વ ધર્મનું સમન્વય કરે છે ને ? ઘણા કરે છે. સર્વ ધર્મ સમન્વય કરે છે. સમન્વય ન થાય. સહિષ્ણુતા થાય. સહિષ્ણુતા જુદી વસ્તુ છે. સમન્વય જુદી વસ્તુ છે. એને સૂઝે એ એમ કરે. એની સાથે આપણે કાંઈ બીજી વાત નથી. પણ સમન્વય કરવો એમાં તો સરખાપણું આવે છે. એ પણ સરખું અને આ પણ સરખું. તાંબુ સરખું, લોઢુ સરખું અને સોનુ પણ સરખું. એ તો કેવી રીતે બને ? લોઢુ લોઢાની જગ્યાએ હોય, તાંબુ તાંબાની જગ્યા રહે, સોનું સોનાની જગ્યાએ રહે. એનું નામ સહિષ્ણુતા છે. એ કાંઈ સમન્વય થાય નહિ. સરખું હોય એનો સમન્વય થાય. જે સરખું ન હોય એનો સમન્વય કેમ થાય ? થાય ? થઈ શકે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુસલમાન એમ કહે કે અભક્ષ્ય ખાનારા એમ કહે કે અમે તો ઉદાર છીએ. અમારા ઘરે તમે જમવા પધારો. અમે તો તમને સારામાં સારું અમે જે જમીએ છીએ એ સારામા સારી Item બનાવીને જમાડશું. તો જમવા જાવું કે નહિ ? અમે તમારા ઘરે આવવા તૈયાર છીએ. અમારામાં એટલી ઉદારતા છે. તમે એટલી ઉદારતા નહિ રાખી શકો ? ઠીક ! એને શું કહેવું ? ઉદારતા કહેવી કે ન કહેવી પછી ? અમે તો બાંધછોડ કરીને તમારા ઘરે ખુશીથી આવવા તૈયાર છીએ. તમે જે જમાડો એ અમે જમશું. આટલી ઉદારતા અમે રાખી એની સામે તમે એટલી ઉદારતા ન રાખો ? વધારે અમે નથી માગતા. અમે તમને જમાડીએ એ તમારે જમવું. તમે અમારે ત્યાં જમવા આવો. તો જાવું કે ન જાવું ? એ ઉદારતા રાખે એટલી આપણે ઉદારતા ન રાખી શકીએ ? અને આપણે પાછા ઊંચા. એ ઉદારતાવાળા નીચે અને આપણે આપણી જાતને ઊંચા કહેવરાવીએ. લેવું હોય તો લે કે ન લે ? એ બધો વિવેક કરવાનો વિષય છે. એમ કાંઈ ઉદારતા કહેવાથી કોઈ ઉદારતાનો ગુણ પ્રાપ્ત નથી થતો. એમાં હિત-અહિત એનો વિવેક હોવો જોઈએ.

આત્માને હિતરૂપ શું છે ? આત્માને અહિતરૂપ શું છે ? એનો જેને વિવેક નથી એને બીજા ઉદારતાદિના ગુણ છે, સમન્વય આદિના ગુણ છે એ વાત કાંઈ માનવા

જેવી નથી. એમ નથી. પોતાનો હિત-અહિતનો વિવેક તો હોવો જ જોઈએ. પાયાની વાત એ છે કે હિત-અહિતનો વિવેક હોવો જોઈએ. આ સમદર્શિતામાં તો ખુલાસો કરવો છે એમને કે એને અમે સમદર્શિતા નથી કહેતા કે આત્માને અહિતરૂપ હોય એને પણ એમ જ માને અને હિતરૂપ હોય એને બેયને એક લાકડીએ હાંકે. એનું નામ સમદર્શિતા બિલકુલ નથી એમ કહે છે. તો હવે સમદર્શિ શું કરે ત્યારે ? એ સમદર્શિતા નહિ એ નાસ્તિથી કીધું. તો કહે હવે સમદર્શિતા કઈ ? તો હવે એ જ વિષયમાં પાછુ એ સ્પષ્ટ કરે છે.

'સમદર્શિ સત્‌ને સત્ જાણે, બોધે; અસત્‌ને અસત્ જાણે, નિષેધે;...' ભલે સત્‌ને સત્ જાણીને બોધતા સત્‌નો રાગ થશે. અસત્‌ને અસત્ જાણીને નિષેધતા અસત્ પ્રત્યેનો દ્વેષ પણ થશે. પણ ત્યાં સમદર્શિતાનો વિષય નથી લાગુ પડતો. આ એની મર્યાદા છે. 'કુંદકુંદાચાર્ય' સંક્રાંતિકાળમાં થયા. સંક્રાંતિકાળ એટલે કે નવો મત, મૂળમાર્ગમાંથી કોઈ નવો સિદ્ધાંત કાઢીને નવો મત કરે ત્યારે એનો નિષેધ હોય તે સમકાલીન સત્પુરુષ હોય એ કર્યા વિના રહે નહિ. એ મુનિરાજ હતા. વીતરાગતામાં ઝુલતા હતા. આચાર્યપદે બિરજતા હતા તો એમણે એ વખતે 'અષ્ટપાહુડ' નામનો જે ગ્રંથ લખ્યો છે એ આખો દાર્શનિક ગ્રંથ લખ્યો છે. જે શ્વેતાંબર સંપ્રદાય શરૂ થયો છે એ સંપ્રદાય આગળ જતા ઘણા જીવોનું અહિત થઈ જશે એવા પ્રકાર એમાંથી ઉત્પન્ન થઈ જશે. તો બહુ મોટું ઘણા જીવોનું અહિત થાય એવું ભવિષ્ય જોવે છે એની અંદર અને એમની પરમ કારુણ્યવૃત્તિને લઈને, એનાથી બચાવવા માટે એ વખતે પોકાર કરે છે. લાયક જીવો છે એ સાંભળે છે, લાયક નથી એ સાંભળતા પણ નથી. પણ છતાં એનો પોકાર તો થયા વગર રહે નહિ. સત્‌ને સત્ જાણે, બોધે, અસત્‌ને અસત્ જાણીને નિષેધે. એ નિષેધ તે નિંદા નથી. એ નિષેધ તે ખરેખર નિંદા નથી.

નિંદા એને કહેવાય કે જેનામાં જે અવગુણ ન હોય એવા અવગુણનો આરોપ કરવો એનું નામ નિંદા કહેવાય. પણ જે આત્માને અહિતનું કારણ હોય એને અહિતનું કારણ દર્શાવવું એને કાંઈ નિંદા ન કહેવાય. હિતના કારણને હિતના કારણરૂપે દર્શાવવું, આત્માને અહિતનું કારણ હોય તો અહિતના કારણરૂપે દર્શાવવું એ સમદર્શિતા છે એમ કહે છે. એ સમદર્શિજીવની પ્રવૃત્તિ લીધી અહીંયાં. સમદર્શિ એવા હોય છે. ત્યાં મધ્યસ્થ રહે એમ ન હોય.

મુમુક્ષુ :- પોતાના પરિણામમાં દ્વેષ આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પ્રશસ્ત દ્વેષ છે.

મુમુક્ષુ :- પોતાના પરિણામને સંભાળવા, બીજામાં શું લેવા-દેવા ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પણ જ્યાં અસત્ છે ત્યાં અસત્ને અસત્ જાણીને નિષેધે. એને એનો નકાર આવે. પોતાના પરિણામમાં કુદરતી આવે. કાંઈ કર્તાબુદ્ધિથી કરવાનો સવાલ નથી. કુદરતી જ આવે. એ યોગ્યતાનો જ વિષય છે એ તો. આવ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- ન આવે તો અવગુણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો અવગુણ છે. આવ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- યોગ્યતા ખાતામાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. યોગ્યતા હોય છે. યોગ્યતા અનુસાર પરિણામ થયા વગર રહે જ નહિ. આચાર્યથી માંડીને સુપાત્ર જીવ સુધીના. એને યોગ્યતા અનુસાર પરિણામ થયા વિના રહે નહિ એમ છે.

મુમુક્ષુ :- કૃત કારીતા, અનુમોદનનો દોષ લાગે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનુમોદનનો દોષ આવી જાય. ન થાય તો અનુમોદનનો દોષ આવે. બરાબર છે. કરતો નથી, કરાવતો નથી પણ અનુમોદન થઈ જાય છે.

'સમદર્શી સત્ને સત્ જાણે, બોધે; અસત્ને અસત્ જાણે, નિષેધે; સત્શ્રુતને સત્શ્રુત જાણે, બોધે; કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે;...' જુઓ ! ઓલાપણે અસત્શ્રુત લીધો હતો. અહીંયાં કુશ્રુત શબ્દ વાપર્યો છે. **'સદ્ધર્મને સદ્ધર્મ જાણે, બોધે; અસદ્ધર્મને અસદ્ધર્મ જાણે, નિષેધે; સદ્ગુરુને સદ્ગુરુ જાણે, બોધે; અસદ્ગુરુને અસદ્ગુરુ જાણે, નિષેધે;...'** એની નિંદા કરી કહેવાય કે ન કહેવાય ? નહિ ? આત્માનું અહિત થાય છે. કરે નહિ, કરાવે નહિ, થાતું હોય તો એનું અનુમોદન કરે નહિ.

મુમુક્ષુ :- જણાવું કે નિષેધ...

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે અહીંયાં તો. અહીંયાં તો એકાર્થમાં જ છે.

મુમુક્ષુ :- નિષેધે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિષેધે. પણ ત્યાં અસત્ને અસત્ જણાવે એટલે એની અંદર નિષેધ થઈ જ ગયો ને કે આ અસત્ છે. નિષેધ છે એટલે એમાં શું છે કે ઉપાદેય નથી, ઉપાસનીય નથી, આરાધના કરવા યોગ્ય નથી એમ એની અંદર વાત છે. એટલો સ્પષ્ટ Tone છે.

'સદ્દેવને સદ્દેવ જાણે, બોધે; અસદ્દેવને અસદ્દેવ જાણે, નિષેધે; ઈત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે, તેમાં રાગદ્વેષ, ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે; એ પ્રકારે સમદર્શીપણું સમજવું.' હવે એને પ્રરૂપે અને નિષેધે બે વાત આવે અને છતાં

રાગદ્વેષ કરે કે ન કરે એમ કહ્યું સાથે સાથે. ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે એમ કહ્યું. ઈ કેવી રીતે ? આ ભેદરેખા સમજવી મુશ્કેલ પડે એવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીને.. એટલે શું છે કે એ પદાર્થને ઈષ્ટઅનિષ્ટ નથી જાણતા. દોષને દોષ જાણીને નિષેધે. જેમ કે કોઈ દોષ જે જીવમાં થાય છે તો એ આખો જીવ છે એમ નથી લેતા. એના એક અંશમાં દોષ થાય છે. એનો આત્મા તો પરમાત્મા છે. એટલે ઈષ્ટઅનિષ્ટબુદ્ધિ એ રીતે નથી થતી. પણ એની દોષિત વૃત્તિનો જો નિષેધ ન આવે તો એનું અનુમોદન થઈ જાય છે. માટે દોષિત વૃત્તિનો તો નિષેધ આવે, આવે ને આવે જ. જેને પોતોની દોષિત વૃત્તિનો નિષેધ આવે એને બીજાની પણ દોષિત વૃત્તિનો નિષેધ આવે. જેને પોતાની આરાધનાનો અનુરાગ હોય એને બીજાની આરાધનાનો પણ અનુરાગ જ હોય. એમ છે.

મુમુક્ષુ :- ... બહુ સરસ વાત કરી છે. ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ચોખ્ખું કર્યું છે. સમદર્શિતામાં એ ઘણું ચોખ્ખું કર્યું. એ તો બધા જ્ઞાનીઓનો એ અભિપ્રાય છે. ૭૨૩માં 'પરમાગમસાર'માં 'ગુરુદેવે' લીધું છે.

મુમુક્ષુ :- આચાર્ય મનુષ્યને પશુ કહે છે...

પૂજ્ય ભાઈશ્રી :- દ્વેષ નથી. હા. કરુણા છે.

હવે અહીંયાં જુઓ કુગુરુ છે, કુશાસ્ત્ર છે, કુદેવ છે એનો નિષેધ કરે છે. તો એમાં રાગદ્વેષરૂપ કષાયબુદ્ધિ નથી. એમાં કરુણાબુદ્ધિ છે. પોતે તો માનતા નથી પણ જે માનતા હોય એને એ બાજુથી પાછા વાળવામાં એમનું કારુણ્ય છે એમ લેવું. અજ્ઞાનીને પશુ કહે તો એમાં એમની કરુણાબુદ્ધિ છે કે એ જીવ દુઃખી થશે. મિથ્યાત્વને લઈને એ જીવ દુઃખી થશે. તો કોઈ જીવ દુઃખી થાય એમ કેમ જ્ઞાની ઈચ્છે ? એમ છે. કોઈ જીવને દુઃખ હોય એમ કેમ ઈચ્છે ? કોઈને દુઃખ ન હોય એમ જ ઈચ્છે એ તો. એટલા માટે એ નિષેધે છે. રાગદ્વેષ અને કષાય માટે નથી નિષેધતા. એ જુદી વસ્તુ થઈ ગઈ. એમાં ભેદરેખા શું છે ? કારુણ્યવૃત્તિ છે એમની એટલે નિષેધે છે. કરુણાતાને કારણે એ જીવ દુઃખી ન થાય એને બચાવવા માટે નિષેધે છે. કોઈ એના ઉપર રાગ-દ્વેષ અને કષાય થાય છે માટે એને નિષેધે છે એમ નથી કહેવું. પણ એનું ફળ દુઃખ જાણીને દુઃખમાંથી એને બચાવવાની એની કારુણ્યવૃત્તિ છે. કોઈપણ જીવને. તો એમાં શું અનિષ્ટ છે ? ઈષ્ટ જ છે. એમ છે.

મુમુક્ષુ :- ગચ્છના ભેદ ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... ગચ્છ મતના ભેદ કરી એમાંથી પેટ ભરવાની જે વૃત્તિ

થઈ જાય છે. એમની બહુ આંતરડી કકળી છે. 'આનંદઘનજી'ની આંતરડી બહુ કકળી ઉઠી છે. આવો કળિકાળ છે કે વીતરાગના માર્ગના નામે લોકો પેટ ભરતા થઈ ગયા ! નામ ભગવાનનું લે. તીર્થંકરદેવનું, વીતરાગદેવનું નામ લે. ઉદય ભરવાની વૃત્તિથી. આ તો એટલા મોહના તીવ્ર નડિયા છે. નડિયા એટલે જથ્થા. આ તો કળિકાળ પણ લાજે એવું થઈ ગયું છે. કાળને પણ લાજવું પડે એવું થઈ ગયું છે. 'આનંદઘનજી'ને કેટલા વર્ષ થયા ? ૨૫૦ વર્ષ થયા. ૨૫૦ વર્ષ પહેલા આ પોકાર કર્યો છે. અત્યારે તો વિપરીતતા ઘણી વધી ગઈ.

મુમુક્ષુ :- વ્યાખ્યાની પાટ છોડી ચાલ્યા ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા ચાલ્યા જાય. સમાજમાં રહીને શું કરે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એ સમાજમાં રહીને શું કરે ? એ સમાજમાં કાંઈ શકરવાર દેખાય નહિ. સમાજનો ત્યાગ કરી દે છે. 'ગુરુદેવે' શું કર્યું ? સમાજનો ત્યાગ જ કર્યો ને, બીજું શું કર્યું ? આ સમાજમાં ફેરફાર થાય એવું નથી. આખો સ્થાનકવાસી સમાજ છોડીને નીકળી ગયા, એકલા નીકળી ગયા. જ્યારે એમ જોવે કે આમાં કોઈ ફેરફાર થવાની શક્યતા દેખાતી નથી. પોતે તો સંગ છોડી જ દે. સીધી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. બરાબર છે. ઓલા મહારાજે કીધું ને તમે સાચી વાત કરવા જશો તો બધા ભેગા થઈને મારશે. રોટલા કાલથી બંધ થઈ જશે. કોઈ વહોવરાવશે નહિ. પાત્રામાં રોટલી નહિ મૂકે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દામોદર શેઠે કીધું હતું અને 'પુરુષોત્તમલાલજી'ને મળ્યા હતા. ભગવાનની પ્રતિમાનું જ્યારે શાસ્ત્રમાં વાંચ્યું કે સ્થાનકવાસીના ૩૩ આગમમાં પણ તીર્થંકરદેવની પ્રતિમાની સ્થાપનાનું વિધાન છે. આપણે તો નિષેધીએ છીએ અને શાસ્ત્રો તો આમ કહે છે. એટલે 'પુરુષોત્તમલાલજી' કરીને હતા. જૂના મહારાજ હતા. જૂના દીક્ષિત. બહુ જૂની દીક્ષા હતી. એની પાસે ખાનગીમાં ગયા કે આમાં તો આમ છે. વાત સાચી છે. બોલાય એવું નથી. બોલશું તો લોકો મારવા માંડશે. એટલો પ્રતિમા પ્રત્યેનો વિરોધ. સ્થાનકવાસી સંપ્રદાયમાં તીર્થંકરની પ્રતિમાનો એટલો બધો વિરોધ કે જો કોઈ સાધુ નામ લે તો માર ખાય બેસે. મંદિર બનાવતા કષાય થાય પણ પ્રતિમાનું નામ લઈને મારવા માંડે ત્યારે કષાય ન થાય ! આવી બધી અંદરની પરિસ્થિતિ ઘણી ખરાબ. પછી એ સમાજમાં રહીને શું કરે ? જ્યારે અમુક મર્યાદા બહાર સમાજની

અંદર બગાડો થઈ જાય ત્યારે એ સમાજનો સત્પુરુષો પણ ત્યાગ કરી દે છે.

એ રીતે અહીંયાં સમદર્શિતાનું વ્યાખ્યાનું સ્પષ્ટીકરણ કરતા એટલા માટે એ વાત એમણે કરી છે કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાને વીતરાગી દશામાં ઝૂલનારા ભાવલિંગી સંતોએ પણ એ રીતે પોતાના પરિણામને વ્યક્ત કરેલા છે. 'કુંદકુંદાદિ' આચાર્યોએ પણ એ વાતને વ્યક્ત કરેલી છે, સ્પષ્ટ કરેલી છે. વસ્ત્રનો એક તાણોવાણો રાખે, સાધુ તરીકે માને કે મનાવે એ નિગોદં ગચ્છઈ. ક્યાં ફળ લીધું ? 'ગુરુદેવ' તો એ વાતને બહુ સ્પષ્ટ કરતા હતા. કે અરે..! પ્રભુ ! આ તમે ચીભડાના ચોરને ફાંસીની સજા કાં આપો ? આટલો ત્યાગ તો કર્યો છે. વસ્ત્ર એકાદુ રાખ્યું, કે થોડું વસ્ત્ર રાખ્યું પણ ત્યાગ તો કર્યો, બૈરા-છોકરા તો છોડ્યા, દુકાન-ધંધા તો છોડ્યા. ઊના પાણી પીવે છે, ઉઘાડા પગે ચાલે છે, બ્રહ્મચર્ય આદિ પાળે છે. એટલું તો કાંઈક રાખો. (એ તો) ચીભડાના ચોરને ફાંસીની સજા થઈ છે. આ ચીભડાની ચોરી નથી. આ સર્વજ્ઞ તીર્થંકરદેવના માર્ગને ઉથલાવે છે. આખો માર્ગ ઉથલાવવાની પ્રવૃત્તિ છે. માર્ગ ફરી ગયો આખો, જુદો માર્ગ થઈ ગયો આખો. એટલે એ કોઈ સાધારણ અપરાધ નથી.

દોષ નહિ ઉત્સૂત્ર પ્રરૂપણ સરીખો. અપસિદ્ધાંતનું નિરૂપણ કરવું, સિદ્ધાંત બદલવો, સિદ્ધાંતમાં ફેરફાર કરવો એના જેવડો બીજો કોઈ દોષ નથી. પ્રતિમાખંડન કરતા પણ મોટો દોષ છે. કેટલો ? ભગવાનની પ્રતિમાને કોઈ તોડે, મંદિરને તોડે એના કરતા પણ મોટો દોષ છે. ભયંકર દોષ છે. એના જેટલો બીજો કોઈ મોટો દોષ નથી. એનાથી આખો માર્ગ બદલાય જાય છે. ભગવાનનો માર્ગ બદલાય જાય છે એ જોઈને એમણે, 'કુંદકુંદાચાર્યે' પણ એ વખતમાં પોકાર કર્યો. બધા અધિકારોમાં એ વિષય લીધો છે. સાધુદશા કેવી હોય ? મૂર્તિમંત જિનમાર્ગ એવો જે સાધુપદ એ કેવું હોય. બહુ સુંદર વર્ણન કર્યું અસ્તિથી. નાસ્તિથી એમાં જરાક ફેરફાર કરે તો એનો મોટો નિષેધ કરી નાખ્યો. જબરદસ્ત નિષેધ કરી નાખ્યો.

એ રીતે સમદર્શીતાના ગુણમાં એનો સમાવેશ થાય છે અને ત્યાં વિષમદર્શિતા છે એમ ક્યારેય પણ વિચારવા યોગ્ય નથી એમ લેવું.

પત્રાંક-૮૩૮

મુંબઈ, જયેષ્ઠ વદ ૧૪, શનિ, ૧૯૫૪

નમો વીતરાગાય

મુનિઓના સમાગમમાં બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરવા સંબંધમાં યથાસુખ પ્રવર્તશો, પ્રતિબંધ નથી.

શ્રી લલ્લુજી મુનિ તથા દેવકીર્ણાદિ મુનિઓને જિનસ્મરણ પ્રાપ્ત થાય. મુનિઓ પ્રત્યેથી કાગળ મળ્યો હતો. એ જ વિજ્ઞાપન.

શ્રી રાજચંદ્ર દેવ

તા. ૨-૧૦-૧૯૯૨, પત્રાંક - ૮૩૮ થી ૮૪૩
પ્રવચન નં. ૪૦૮

'**મુનિઓના સમાગમમાં બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરવા સંબંધમાં યથાસુખ પ્રવર્તશો, પ્રતિબંધ નથી.**' કોઈને પ્રતિજ્ઞા આપવાના કોઈ પ્રસંગ સંબંધિત અભિપ્રાય પૂછાવેલો હશે. તો એમાં કોઈ પ્રતિબંધ નથી. કોઈ પ્રતિજ્ઞા લેવા આવે તો આપવી. '**શ્રી લલ્લુજી મુનિ તથા દેવકીર્ણાદિ મુનિઓને જિનસ્મરણ પ્રાપ્ત થાય. મુનિઓ પ્રત્યેથી કાગળ મળ્યો હતો. એ જ વિજ્ઞાપન.**' નોંધ લખી છે ખાલી. લખવામાં 'શ્રી રાજચંદ્ર દેવ' એમ લખ્યું છે. પોતે ને પોતે જ લખ્યું છે. દેવ શબ્દ પોતે વાપર્યો છે. એ સૂચક છે જરા કે પોતે પોતાનો આત્મા નમસ્કાર કરવા યોગ્ય છે અને પોતાનો જ આત્મા દેવ છે. તો ખરેખર તો પરમગુરુ સર્વજ્ઞદેવ પોતાનો આત્મા જ છે. એવું આત્માનું બહુમાન વાચકપણું ત્યાં છે. પહેલા 'રાયચંદ' એવો શબ્દ લખતા હતા. હવે 'રાજચંદ્ર' શબ્દ અહીંથી વાપર્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક કાવ્યમાં વાપર્યું છે. 'અપૂર્વ અવસર'માં. 'તોપણ નિશ્ચય રાજચંદ્ર મનેને રહ્યો.' એ રાયનો રાજ. ચંદનો ચંદ્ર એકાર્થમાં છે ને ?

પત્રાંક-૮૩૯

મુંબઈ, અસાડ સુદ ૧૧, ગુરુ, ૧૯૫૪

અપાર મહામોહજળને અનંતઅંતરાય છતાં ધીર રહી જે પુરુષ તર્યા તે શ્રી પુરુષ ભગવાનને નમસ્કાર.

અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.

'આત્મસિદ્ધિ'ની પ્રત્ત તથા કાગળ પ્રાપ્ત થયાં.

નિવૃત્તિયોગમાં સત્સમાગમની વૃત્તિ રાખવી યોગ્ય છે.

'આત્મસિદ્ધિ'ની પ્રત વિષે આ કાગળમાં તમે વિગત લખી તે સંબંધે હાલ વિકલ્પ કર્તવ્ય નથી. તે વિષે નિર્વિક્ષેપ રહેવું.

લખવામાં વધારે ઉપયોગ હાલ પ્રવર્તવો શક્ય નથી.

ૐ

પત્ર-૮૩૯. એ ઘણું કરીને 'અંબાલાલભાઈ' ઉપરનો છે. '**અપાર મહામોહજળને અનંત અંતરાય છતાં ધીર રહી જે પુરુષ તર્યા તે શ્રી પુરુષ ભગવાનને નમસ્કાર.**' અપાર મહામોહજળ. દર્શનમોહ છે એ અપાર મહામોહજળ છે. જેમ સમુદ્રમાં અપાર જળ હોય છે એવું આ દર્શનમોહનો જળ એવું છે. અનંત અનંત કાળથી બીજા અનેક પ્રકારના દેહકષ્ટના પ્રયોગો કરવા છતાં પણ દર્શનમોહને જીતી શકાયો નથી. ઉગ્રમાં ઉગ્ર તપશ્ચર્યા કરી છે, ઉગ્રમાં ઉગ્ર સંયમ પાળ્યો છે. તોપણ દર્શનમોહ એવો ને એવો રહ્યો છે. એને ધીર રહીને, સ્વરૂપની અંદર જેણે પોતાની મતિને પરોવી છે એને ધીર કહે છે. જેમ સોયના નાકામાં દોરો પરોવવો હોય, ઝીણી સોય હોય (તો) ઉતાવળે ન થાય. એમ સૂક્ષ્મ એવો જે આત્મસ્વભાવ, એને ગ્રહણ કરવામાં મતિની ધીરજ ઘણી હોય ત્યારે એ કાર્ય થાય છે. અંતર્મુખ થવું, અંતર્મુખ થઈને સ્વરૂપને ગ્રહણ કરવું એ અત્યંત ધીરજનું કામ છે.

યોગના પ્રયોગો કરવાવાળા પરિણામની ચંચળતા એટલી ઘટાડે કે રિદ્ધિ, સિદ્ધિ, લબ્ધિ આદિ પ્રાપ્ત થાય. છતાં સ્વરૂપ ગ્રહણ કરવું એ એથી આગળની વાત છે. સ્વરૂપને ગ્રહણ કરવું એ તો એથી આગળની વાત છે. મહામોહજળને તરનારા પુરુષોને અહીંયાં ભગવાનપુરુષ ગણીને નમસ્કાર કર્યા છે.

'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.' પત્રની શરૂઆતમાં બે નમસ્કાર વચનો લખ્યા છે. પહેલું નમસ્કાર વચન સંસારના તરનારા એવા ભગવાન પુરુષને કર્યા છે અને બીજા નમસ્કાર સમ્યગ્દર્શનને કર્યા છે. સમ્યગ્દર્શનને નમસ્કાર કર્યા એટલે એમાં ત્રણે કાળના સમ્યગ્દૃષ્ટિઓ આવી ગયા. એક સમ્યગ્દર્શનને નમસ્કાર કરે એટલે ત્રણે કાળના સમ્યગ્દૃષ્ટિ એમાં આવી ગયા.

શા માટે સમ્યગ્દર્શન નમસ્કાર કરવા યોગ્ય છે ? કે એક સમયમાં મતિ-શ્રુતજ્ઞાન જે ભવના કારણરૂપ થતું હતું તે ભવના અભાવના કારણરૂપ થવા લાગ્યું. જે નવો ભવ થવાના કારણરૂપ હતું એ ભવનો પ્રતિબંધ, ભવ અટકી જાય હવે એવી એણે આખી જ્ઞાનની જાતિને બદલી નાખી. એક સમયમાં જેણે જ્ઞાનની (જાતિ બદલી નાખી). મતિ-શ્રુત તો મતિ-શ્રુત જ છે. મતિ-શ્રુત હોય તેને કોઈ કેવળજ્ઞાન નથી થયું સમ્યગ્દર્શન થયું ત્યારે. પણ તે જ મતિ-શ્રુતની જાતિ પલ્ટીને ભવના અભાવરૂપ પ્રવૃત્તિ જે જ્ઞાનની મતિ-શ્રુતની થવા લાગી. અને જેને આત્મકલ્યાણમાં નિમિત્ત થયું. સમ્યગ્દર્શન પોતે જ આત્મકલ્યાણની મૂર્તિ છે. લ્યો ઠીક ! સમ્યગ્દર્શન પોતે આત્મકલ્યાણની મૂર્તિ છે.

સત્પુરુષમાં પણ એ ભાવ ભાસે છે કે મારા આત્મકલ્યાણની આ મૂર્તિ છે. એમનું તો આત્મકલ્યાણ સાધે છે પણ મારા કલ્યાણમાં પણ એક જેમ ભગવાનની પ્રતિમા છે એમ આ સજીવનમૂર્તિ છે. એને સજીવનમૂર્તિ કહી છે. જુઓ !

મુમુક્ષુ :- કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન...

પૂજ્ય ભાઈશ્રી :- કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન. આત્મામાંથી આ બધા વચનો નીકળેલા છે.

સમ્યગ્દૃષ્ટિને નમસ્કાર ન થાય (એમ કેટલાક કહે છે). અહીંયાં પોતે જ્ઞાની થઈને ૩૧મા વર્ષે સમ્યગ્દર્શનને નમસ્કાર કરે છે. મુનિઓ સમ્યગ્દર્શનને નમસ્કાર કરે છે. મુનિઓએ જે સમ્યગ્દૃષ્ટિને નમસ્કાર લખ્યા છે એ ખરેખર તો સમ્યગ્દર્શનને લખ્યા છે. એની તો પૂજા છે. પૂજવા યોગ્ય છે. સમ્યગ્દર્શન તો પૂજવા યોગ્ય છે. સમ્યગ્જ્ઞાન પણ પૂજવા યોગ્ય છે, સમ્યક્ચારિત્ર પણ પૂજવા યોગ્ય છે. એ નમસ્કાર કરવો, પૂજન કરવું, વંદન કરવા, સ્તુતિ કરવી એ બધા પૂજાના અંગ છે. નમસ્કાર પોતે પૂજા છે. નમસ્કાર પોતે એક પૂજાનું જ અંગ છે ખરેખર તો.

''આત્મસિદ્ધિ'ની પ્રત તથા કાગળ પ્રાપ્ત થયાં.' નકલ કરાવી હશે. **'નિવૃત્તિયોગમાં સત્સમાગમની વૃત્તિ રાખવી યોગ્ય છે.'** નિવૃત્તિ હોય ત્યારે પણ

સત્સમાગમની વૃત્તિ રાખવી. સત્સમાગમ ન હોય ત્યારે કાંઈ નહિ હવે આપણે શાસ્ત્ર લઈને બેસી જાવ એમ નહિ. ત્યારે ઈચ્છા અને ભાવના તો સત્સમાગમની રાખવી જ એમ કહે છે. જેમ કોઈ પ્રિયજનના વિરહનું દુઃખ લાગે એમ સત્પુરુષના સમાગમના વિરહનું જીવને દુઃખ લાગવું જોઈએ. એ વિરહનો તાપ છે, જેમ સૂર્યનો તાપ વરસાદને લઈ આવે છે. ઉનાળામાં સૂર્ય ઘણો તપે તો વરસાદ પણ ઘણો આવે. એમ વિરહનો તાપ છે એ સત્સમાગમરૂપી શાંત જળને લઈ આવે છે. આ કુદરતની વ્યવસ્થા છે. જેમ વાદળા થવા અને આવવા એ કુદરતની વ્યવસ્થા છે. વાદળા થાય છે તો ત્યાં સમુદ્ર ઉપર થાય છે. પાણીનું બાષ્પીભવન થઈને વાદળા બંધાય છે એ તો ત્યાં બંધાય છે. પછી જમીન ઉપર આવે છે પાછા. એ કાંઈ દોરી બાંધીને ખેંચી શકાતા નથી. એ કુદરતની વ્યવસ્થા છે. એમ વિરહના અગ્નિના તાપથી, વિરહાગ્નિ કહે છે એને, એ સત્પુરુષના યોગમાં જીવને લઈ જાય છે, ત્યાં ઉત્પન્ન કરે છે. અહીંયાં ન હોય તો જ્યાં હોય ત્યાં એને ભવાંતરમાં ઉત્પન્ન કરી દે. એક પત્ર છે આગળ, હોં !

મુમુક્ષુ :- ૪૫૪

પૂજ્ય ભાઈશ્રી :- ૪૫૪ નથી પણ ૧૫૪ની પહેલા છે. સત્સમાગમના વિયોગમાં એને વિરહ પ્રાપ્ત થાય છે અને એને ફળ શું છે. બે વાત લખી છે એમાં. ડાબા હાથ બાજુ નીચે છે. પત્ર સારો હતો. પછી એમ લીધું છે, સત્પુરુષ નહિ મળે તો...

મુમુક્ષુ :- ૨૩૮.

પૂજ્ય ભાઈશ્રી :- સંભવ છે ૨૩૮. બરાબર. ૨૩૮ છે. નીચેની છેલ્લી લીટીઓ છે. વચ્ચેથી લ્યો. '**માયામય અગ્નિથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે.**' એટલે ચૌદે રાજલોકમાં ચૌદ બ્રહ્માંડમાં સંસારના જીવો સળગે છે એમ કહે છે. દુઃખની અગ્નિમાં સળગે છે. '**તે માયામાં જીવની બુદ્ધિ રાચી રહી છે, અને તેથી જીવ પણ તે ત્રિવિધતાપ-અગ્નિથી બળ્યા કરે છે; તેને પરમ કારુણ્યમૂર્તિનો બોધ એ જ પરમ શીતળ જળ છે;...**' પરમકારુણ્યમૂર્તિ ત્યાં લીધું છે. '**તથાપિ જીવને ચારે બાજુથી અપૂર્ણ પુણ્યને લીધે તેની પ્રાપ્તિ હોવી દુર્લભ થઈ પડી છે.**' આ કાળમાં. '**પણ એ જ વસ્તુની ચિંતના રાખવી.**' ભલે પ્રાપ્તિ દુર્લભ હોય, ન દેખાતા હોય તોપણ એની જ ચિંતના રાખવી. ''**સત્'ને વિષે પ્રીતિ, 'સત્'રૂપ સંતને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જિજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવા વૈરાગ્યાદિક ચરિત્રવાળાં પુસ્તકો...**' જુઓ ! પુસ્તકો એવા લેવા મુમુક્ષુએ. '**વૈરાગ્યાદિક ચરિત્રવાળાં પુસ્તકો અને વૈરાગી, સરળ ચિત્તવાળાં મનુષ્યનો સંગ...**' કોનો સંગ કરવો ?

'વૈરાગી, સરળ ચિત્તવાળા મનુષ્યનો સંગ...' કરવો. અસરળતા, વક્રતા એવાનો સંગ ન કરવો. હઠ હોય, જિદવાળા હોય, હઠવાળા હોય. **'અને પોતાની ચિત્તશુદ્ધિ...'** સંગ **'અને પોતાની ચિત્તશુદ્ધિ એ સારા કારણો છે. એ જ મેળવવા રટણ રાખવું કલ્યાણકારક છે. અત્ર સમાધિ છે.'** આ કેવા પરિણામ મુમુક્ષુજીવને હોવા યોગ્ય છે એનો બહુ સારો ચિતાર આપ્યો છે.

'નિવૃત્તિયોગમાં સત્સમાગમની વૃત્તિ રાખવી યોગ્ય છે. 'આત્મસિદ્ધિ'ની પ્રત વિષે આ કાગળમાં તમે વિગત લખી તે સંબંધી હાલ વિકલ્પ કર્તવ્ય નથી. તે વિષે નિર્વિક્ષેપ રહેવું.' કોઈ વાતનું સૂચન કર્યું હશે. એ વિકલ્પ અત્યારે તમે કાંઈ નહિ કરતા અને ચિત્તનો વિક્ષેપ પણ નહિ રાખતા. **'લખવામાં વધારે ઉપયોગ હાલ પ્રવર્તવવો શક્ય નથી.'** આટલો પત્ર લખ્યો છે. એવું કારણ નથી આપ્યું કે શા માટે 'આત્મસિદ્ધિ' વિષે નિક્ષેપ નહિ રાખતા. એ વાતનો વિકલ્પ તમે છોડી દ્યો. શા માટે એનું કોઈ વિશેષ એમણે કારણ નથી આપ્યું. કેમકે લખવામાં બાહ્ય વૃત્તિ છે એમાં ઉપયોગ અત્યારે પ્રવર્તી શકતો નથી. પ્રવર્તાવવો હોય તોપણ શક્ય નથી એમ લખ્યું છે. અશક્ય છે. કેવી પરિણતિ ચાલતી હશે ! ઉપયોગ અમુક મર્યાદાની બહાર જાય એ થઈ શકતું નથી. અસહ્ય પરિસ્થિતિ થાય છે. 'ૐ' કર્યો છે છેલ્લે. નામ લખવાને બદલે ૐ લખેલો છે. આત્માનો વાચક. આત્મા એનું વાચ્ય છે. ૐનો વાચ્ય છે. આત્માનું મૂળ પરમપદ છે એ ૐ શબ્દનું વાચ્ય છે. એ ૮૩૯ થયો.

પત્રાંક-૮૪૦

મોહમયીક્ષેત્રે, શ્રાવણ સુદ ૧૫, સોમ, ૧૯૫૪

'મોક્ષમાર્ગપ્રકાશ' ગ્રંથ વિચારયા પછી 'કર્મગ્રંથ' વિચારવાથી પણ સાનુકૂળ થશે.

દ્રવ્ય મન આઠ પાંખડીનું દિગંબર સંપ્રદાયમાં કહ્યું છે. શ્વેતાંબર સંપ્રદાયમાં તે વાત વિશેષ ચર્ચિત નથી. 'યોગશાસ્ત્ર'માં તેના ઘણા પ્રસંગો છે. સમાગમે તેનું સ્વરૂપ સુગમ્ય થવા યોગ્ય છે.

૮૪૦. 'કેશવલાલ મીઠુભાઈ' 'લીંબડી'. 'લીંબડી'વાળા 'કેશવલાલભાઈ' ઉપરનો પત્ર છે. **''મોક્ષમાર્ગપ્રકાશ' ગ્રંથ વિચાર્યા પછી 'કર્મગ્રંથ' વિચારવાથી પણ સાનુકૂળ થશે.'** કેમકે એ એમને કરણાનુયોગની શૈલીથી લખેલો ગ્રંથ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'

'ટોડરમલજી'નો કરણાનુયોગ સંબંધીનો ક્ષયોપશમ અને ઉપયોગ ઘણો હતો. એટલે તો એમણે ગોમ્મટસારની ટીકા લખી છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ એમણે આગમપદ્ધતિ એટલે કરણાનુયોગની પદ્ધતિથી મુખ્યપણે ઘણી વાતોનું નિરૂપણ કર્યું છે. એ ગ્રંથ પહેલા વિચાર્યા પછી તમે કર્મગ્રંથ વિચારશો.

'દ્રવ્ય મન આઠ પાંખડીનું દિગંબર સંપ્રદાયમાં કહ્યું છે. શ્વેતાંબર સંપ્રદાયમાં તે વાત વિશેષ ચર્ચિત નથી.' શ્વેતાંબરના શાસ્ત્રોમાં એ વાતની ખાસ ચર્ચા જોવામાં આવતી નથી. **''યોગશાસ્ત્ર'માં તેના ઘણા પ્રસંગો છે. સમાગમે તેનું સ્વરૂપ સુગમ્ય થવા યોગ્ય છે.'** 'યોગશાસ્ત્ર' એટલે જે યોગના શાસ્ત્રો છે એમાં મનના પરિણામ અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધની ઘણી વાતો છે તો એ રૂબરૂમાં ચર્ચા કરશો. પત્રમાં એટલી ચર્ચા કરવા પોતે ઈચ્છતા નથી. એ પણ સંક્ષેપમાં એક Post card લખ્યું છે.

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં દ્રવ્યમનની વાત જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમણે જોયા છે, બધા આગમ ઘણાં જોયા છે. લખ્યું છે કે એ વાતની ખાસ ચર્ચા શ્વેતાંબર સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવામાં આવતી નથી.

મુમુક્ષુ :- આઠ પાંખડીનું...

પૂજ્ય ભાઈશ્રી :- આઠ પાંખડીનું કમળ હોય ને ? એવા આકારનું સૂક્ષ્મ પુદ્ગલોની રચનાવાળું છાતીના મધ્ય ભાગમાં એક અવયવ છે. જેમ આંખ એક અવયવ છે, કાન એક અવયવ છે. એ સ્થૂળ છે, આપણે જોઈ શકીએ છીએ. એમ આ પણ એક શરીરની પુદ્ગલ રચના છે. મન એ શરીરની એક પુદ્ગલ રચના છે કે જે આઠ પાંખડીના કમળના આકારે હોય છે. આઠ પાંખડી લખીને ? એમ દ્રવ્યમન આઠ પાંખડી. એટલે આઠ પાંખડીનું કમળ. એવા આકારનું હોય છે. એને દ્રવ્યમન કહે છે. જેમ આ કાનને દ્રવ્યકાન કહેવાય. ત્યાં ઉપયોગ જાય તેને ભાવ કર્ણેન્દ્રિય કહેવાય, ભાવેન્દ્રિય કહેવાય. આંખ છે એ દ્રવ્યચક્ષુ ઈન્દ્રિય છે. ત્યાં પ્રવર્તતા ઉપયોગને ભાવચક્ષુ ઈન્દ્રિય કહેવામાં આવે છે. ભાવેન્દ્રિય કહો. એમ દ્રવ્યમન છે, એ દ્રવ્યઈન્દ્રિય છે. અને ત્યાંથી વિચારથી, એના સંગમાં વિચારથી ઉપયોગ ચાલે એને ભાવમન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ઈન્દ્રિયગોચર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નથી. એટલા સૂક્ષ્મ પરમાણુ છે કે ઈન્દ્રિયજ્ઞાનને ગમ્ય નથી. ઈન્દ્રિયજ્ઞાનગોચર થઈ શકતા નથી. પછી એ ઈન્દ્રિયજ્ઞાનમાં ગમે તે સાધન લે તોપણ એ જ્ઞાનનો એ વિષય નથી.

મુમુક્ષુ :- ભાવઈન્દ્રિય...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વિચારથી, ન્યાયથી પણ સંમત થાય છે. શ્રુતજ્ઞાનમાં એ સંમત થઈ શકે છે. પાંચ ઈન્દ્રિયનું જ્ઞાન તો એક વિષય પાછું એ જગ્યાએ થાય છે. પાંચેય ઈન્દ્રિય પોતપોતાના વિષયનું જ્ઞાન કરે છે પાછો એનો વિચાર એક જગ્યાએ થાય છે. થાય છે કે નહિ ? અને એ મનથી થાય છે.

મુમુક્ષુ :- ... ન ચાલતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ લાગે.

મુમુક્ષુ :- ... ન ચાલતા હોય તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ પણ લાગે અને એમ પણ લાગે. બેય લાગે.

'સમાગમે તેનું સ્વરૂપ સુગમ્ય થવા યોગ્ય છે.' એટલે રૂબરૂમાં તેની ચર્ચા કરશો તો તમને એ વાત સમજાય જશે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનનું જે .. છે શ્વેતાંબરમાં નથી, આ દિગંબરમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાનનો તો ઘણો વિષય શ્વેતાંબરમાં નથી. એ તો ભગવાનને... જે રીતે અરિહંત પરમાત્માની દશા સ્થાપી છે એ જોતા કેવળજ્ઞાનનો વિષય તો એ લોકો માટે ઘણો અજાણ્યો છે. સમ્યગ્દર્શનથી જ અજાણ્યા હોય, તો કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજવું તો એથી વધારે અઘરું છે. એટલે તો કહ્યું કે સર્વજ્ઞને પણ સમ્યક્દૃષ્ટિપણે જાણ્યા હોય તો એનું ફળ મોટું છે. એટલે એનો અર્થ શું છે ? કે કેવળજ્ઞાન કરતા સર્વજ્ઞપણું કરતા સમ્યગ્દર્શન છે એને જાણવું હજી કાંઈક સુગમ છે. પણ કેવળજ્ઞાન જાણવું એટલું સુગમ નથી. કેવળજ્ઞાનનું જાણવું તો એથી વધારે સૂક્ષ્મ છે એ સ્વરૂપ તો. સમ્યગ્દર્શનથી અજાણ્યા હોય એટલે કેવળજ્ઞાનની ભૂલ થવી એ તો આપોઆપ જ વગર કીધે છે.

મુમુક્ષુ :- દ્રવ્યમન મનઃપર્યયજ્ઞાનનો વિષય થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મનઃપર્યયજ્ઞાનનો વિષય છે. મનઃપર્યયજ્ઞાન અતીન્દ્રિય જ્ઞાન ગણાવ્યું છે. મનઃપર્યયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન નથી પણ અતીન્દ્રિય જ્ઞાન છે એટલે એને પ્રત્યક્ષ જ્ઞાનમાં લીધું છે. મતિ-શ્રુતને પરોક્ષમાં લીધું છે અને આને પ્રત્યક્ષમાં લીધું છે. પણ પૂરું પ્રત્યક્ષ નહિ હોવાથી અંશપ્રત્યક્ષ ગણ્યું છે. પણ જેટલું છે એટલું પ્રત્યક્ષ છે.

પત્રાંક-૮૪૧

મોહમયીક્ષેત્રે, શ્રાવણ વદ ૪, શુક્ર, ૧૯૫૪

ૐ

સમાધિ વિષે યથાપ્રારબ્ધ વિશેષ અવસરે.

૮૪૧. Post card માં ખાલી એક લીટી લખીને મૂકી દીધી છે. '**સમાધિ વિષે યથાપ્રારબ્ધ વિશેષ અવસરે.**' એમ લખીને કોઈ સમાધિ વિષયક પ્રશ્ન હશે કોઈનો. કોના ઉપરનો પત્ર છે એ મળતું નથી. પણ એ વિષયમાં કોઈ ખાસ પ્રસંગે, યથાપ્રારબ્ધ એટલે જે કાંઈ વચનો નીકળવા હશે તે નીકળી જાશે. યથાપ્રારબ્ધ એટલે અત્યારથી ગોઠવીને વાત નથી એમ. યથાપ્રારબ્ધ એટલે ત્યારે જે વચનયોગ હશે તે પ્રમાણે વાત થઈ જશે.

બીજા માણસોને વાત કરવા માટે પૂર્વ તૈયારી કરવી પડે છે. અહીંયાં પૂર્વ તૈયારીના વિકલ્પનો પણ નિષેધ છે. યથાપ્રારબ્ધ, જે વાણી, જે શબ્દો નીકળવા હશે તે નીકળી જશે. નિઃશંક જ્ઞાન કેટલું છે ! કેમકે એને વસ્તુદર્શન હોવાથી કોઈ અજાણપણું તો લાગતું નથી કે આનો કેમ જવાબ દઈશું ? કેવી રીતે હશે ? અને કેમ થતું હશે ? એ તો કાંઈ નથી. જે નીકળવું હશે એ નીકળી જશે. વચનયોગનું પ્રકાશવું થશે તે થઈ જશે.

મુમુક્ષુ :- તૈયારી કરીને પછી મારે વાત કરવી એ ... પરિણામ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કોઈવાર તો જ્ઞાનદશામાં એવું બને છે કે પોતે વિચાર્યું ન હોય, ચિંતવ્યું ન હોય એ કહેતી વખતે જ્ઞાન ખુલી જાય. વિકલ્પ કહેવાનો આવે એ વખતે બોલવાના વિકલ્પ વખતે એ જ્ઞાન ખુલી જાય અને એ વખતે એ વાત થઈ જાય. એની વચનરચના તો એને પોતે આમ બોલવું એમ વિકલ્પ ન હોય એને સહેજે સહેજે કોઈ દિવ્યધ્વનિ છૂટે એવી રીતે વચનરચના પણ ગોઠવાયને નીકળી જાય. અને એનું આશ્ચર્ય સાંભળનાર શ્રોતાને તો થાય એટલું નહિ પણ જ્ઞાનીને પોતાને પણ કોઈવાર થાય. અરે..! આ શું જ્ઞાનમાં આવી ગયું ! અને આ શું બોલાઈ ગયું ! આ તો વિચાર્યું નહોતું, વિકલ્પ પણ નહોતો.

'ગુરુદેવ'ના પ્રવચનમાં તો અનેકવાર એવું બન્યું છે કે આજનું પ્રવચન તો ધાર્યા બહારની વાત નીકળી ગઈ છે. એટલે પોતે પણ નહિ ધારેલું કે આવું બોલાશે. એટલે બોલવાનો વિકલ્પ હોય એ વખતે અંતરજ્ઞાનના ઉઘાડમાં એવો પ્રકાર ઉત્પન્ન થઈ જાય છે. એનું કારણ સમ્યગ્દર્શન વખતે જે કેવળજ્ઞાનની લબ્ધિ પ્રાપ્ત થઈ છે તે છે. કેવળજ્ઞાનની લબ્ધિ પ્રાપ્ત થઈ છે તે છે. એટલે પોતાને ખબર નથી લબ્ધિમાં કેટલું પડ્યું છે. એ તો કેવળજ્ઞાનની લબ્ધિમાં શું બાકી હોય ? ક્યારે શું નીકળે એનો કાંઈ ભરોસો નથી. એની કોઈ ચિંતવના, વિકલ્પ, પૂર્વ વિચારણા કાંઈ કરવાની જરૂર નથી. જ્યારે જે નીકળવાનું હશે તે નીકળી જશે. યથાપ્રારબ્ધ, જાવ! તમારું નસીબ.

જેમ એમ કહે ને કે, ભાઈ! અમે તો મુઠી ભરીને ફેંકીએ છીએ. જેના નસીબમાં હશે એના હાથમાં જે આવવું હશે એ આવી જશે. એમ એ કેવળજ્ઞાનની લબ્ધિમાંથી જે

નીકળ્યું, વચન પ્રકાશાય ગયા તે પ્રકાશાય ગયા. જેવા જે પાત્ર હશે અને જેવું જેને ગ્રહણ કરવું હશે એ ગ્રહણ કરી લેશે. એ બધું યથાપ્રારબ્ધ છે. અમને બોલવાનો પણ વિકલ્પ નથી અને સામાનો પણ વિકલ્પ અમને નથી. જાવ, તમારી યોગ્યતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ ને. તૈયાર કરીને શું ? આજે જે ગાથા ઉપર પ્રવચન કર્યું હોય એ જ ગાથા પૂરી થઈ ગયા પછી બીજે દિવસે કોઈ એમ કહે કે, સાહેબ ! કાલની ગાથા ફરીને સાંભળવી છે, ત્યારે બીજું જ પ્રવચન આવે. અને પોતે કહે, જુઓ ! કાલની વાત જ આવે એવું કાંઈ નથી.

પત્રાંક-૮૪૨

કાવિઠા, શ્રાવણ વદ ૧૨, શનિ, ૧૯૫૪

ૐ નમઃ

શુભેચ્છાસંપન્ન, શ્રી વવાણિયા.

ઘણું કરીને મંગળવારને દિવસે તમારો લખેલો કાગળ એક મુંબઈ મળ્યો હતો. બુધવારની રાત્રિએ મુંબઈથી નિવૃત્ત થઈ ગુરુવારે સવારે આણંદ આવવાનું બન્યુ હતું, અને તે જ દિવસે રાત્રિના આશરે અગિયાર વાગ્યે અત્રે આવવું થયું.

અહીં દશથી પંદર દિવસ પર્યંત સ્થિતિ થવાનો સંભવ છે.

તમારી વૃત્તિ હાલ સમાગમમાં આવવા વિષે જણાવી, તે વિષે તમને અંતરાય જેવું થયું. કેમકે આ પત્ર પહોંચશે તે પહેલાં પર્યુષણનો પ્રારંભ લોકોમાં થયો ગણાશે. જેથી તમે આ તરફ આવવાનું કરો તો ગુણ-અવગુણનો વિચાર કર્યા વગર મતાગ્રહી માણસો નિંદે, અને તેવું નિમિત્ત ગ્રહણ કરી ઘણા જીવોને તે નિંદા દ્વારાએ પરમાર્થપ્રાપ્તિ થવાનો અંતરાય ઉત્પન્ન કરે; જેથી તેમ ન થાય તે અર્થે તમારે હાલ તો પર્યુણમાં બહાર ન નીકળવા સંબંધી લોકપદ્ધિ સાચવવી યોગ્ય છે.

'વૈરાગ્યશતક', 'આનંદઘન-ચોવીશી', 'ભાવનાબોધ' આદિ પુસ્તકો તમે તથા મહેતાજી વાંચવા વિચારવાનું કરીને જેટલો બને તેટલો નિવૃત્તિનો લાભ મેળવજો.

પ્રમાદ અને લોકપદ્ધતિમાં કાળ સર્વથા વૃથા કરવો તે મુમુક્ષુ જીવનું લક્ષણ નથી. બીજા શાસ્ત્રોના યોગ બનવો કઠણ છે, એમ જાણી ઉપર જણાવેલાં પુસ્તકો લખ્યા છે. જે પુસ્તકો પણ વિશેષ વિચારવા યોગ્ય છે. માતુશ્રી તથા પિતાશ્રીને પાયલગણપૂર્વક સુખવૃત્તિમાં છે એમ જણાવશો.

અમુક વખત જ્યારે નિવૃત્તિને અર્થે કોઈ ક્ષેત્રે રહેવાનું થાય છે, ત્યારે ઘણું કરીને કાગળ પત્ર લખવાની વૃત્તિ ઓછી રહે છે; આ વખતે વિશેષ ઓછી છે, પણ તમારો કાગળ એવા પ્રકારનો હતો કે જેનો ઉત્તર ન મળવાથી શું કારણથી આમ બન્યું છે તે તમને ન જણાય.

અમુક સ્થળે સ્થિતિ થવા વિષે ચોક્કસ નહીં હોવાથી મુંબઈથી કાગળ લખવાનું બન્યું નહોતું.

... લગભગ 'સોનગઢ' કરતા પણ થોડુંક નાનુ હશે. ૧૦-૧૦-૧૫-૧૫ દિવસ ત્યાં રહ્યા છે. 'કાવિઠા'માં.

'તમારી વૃત્તિ હાલ સમાગમમાં આવવા વિષે જણાવી, તે વિષે તમને અંતરાય જેવું થયું. કેમકે આ પત્ર પહોંચશે તે પહેલાં પર્યુષણનો પ્રારંભ લોકોમાં થયો ગણાશે.' શું કહ્યું ? લોકો એમ કહે છે, હવે અમારા પર્યુષણ આવ્યા. સમસ્ત લોકસંજ્ઞાએ ધર્મ કરે છે. દાન દેવું તોપણ લોકસંજ્ઞાએ, પૂજા ગોઠવાવી, વિધિ-વિધાન તોપણ લોકસંજ્ઞાએ. એટલે બધી જે લોકસંજ્ઞાએ પ્રવૃત્તિ થાય છે એમ પર્યુષણ પણ લોકસંજ્ઞાએ આવે છે અને પૂરા કરે છે માણસો. આ દિવસોમાં આપણે પૂજા કરવી, આ દિવસોમાં આપણે દેરાસર જાવું, આ દિવસોમાં થોડુંક આમ કરવું, ઉપવાસ કરવો, ફલાણું કરવું, સામાયિક કરવી કે પ્રતિક્રમણ કરવા. એ બધું લોકોને મુખ્ય રાખીને (કરે).

શું કહે છે ? કે **'આ પત્ર પહોંચશે તે પહેલાં પર્યુષણનો પ્રારંભ લોકોમાં થયો ગણાશે.'** કેમકે વદ બારશથી પર્યુષણ શરૂ થાય છે અને પહોંચતા એક-બે દિવસ લાગે. એ પહેલા તો શ્વેતાંબરના પર્યુષણ શરૂ થઈ ગયા છે. **'જેથી તમે આ તરફ આવવાનું કરો તો ગુણ-અવગુણનો વિચાર કર્યા વગર મતાગ્રહી માણસો નિંદે,...'** જોયું ! અહીંયાં પર્યુષણ છે અને એ ત્યાં ગયા. પર્યુષણમાં અહીંયાં રહેવાય કે ત્યાં જવાય ? તો ક્યાં રહેવાથી આત્માને ગુણ થાય અને ક્યાં રહેવાથી આત્માને અવગુણ થાય એનો વિચાર કર્યા વિના નિંદા કરશે. અહીં ગામમાં પર્યુષણ છે, આપણો આખો સમાજ, આપણું મંડળ આખુ પર્યુષણ ઉજવે છે અને આ તો બધાને છોડીને ત્યાં વયા જાય છે.

લોકોને નિંદાનું કારણ થાશે.

'અને તેવું નિમિત્ત ગ્રહણ કરી ઘણા જીવોને તે નિંદા દ્વારાએ પરમાર્થપ્રાપ્તિ થવાનો અંતરાય ઉત્પન્ન કરે;...' એ એવા પરિણામ કરશે કે તમે અહીંયાં 'કાવિઠા' આવશો તો જે જીવો તમારી નિંદા કરશે, એ તો તમને અંતરાય નાખવા માટેનો એક પ્રયત્ન થયો. તો એ જીવને અંતરાયકર્મ બંધાશે એમ કહે છે. જે નિંદા કરે એને એ અંતરાયકર્મ એ વખતે બંધાય. એને પરમાર્થ પ્રાપ્તિમાં અંતરાય પડે. કેવો અંતરાય પડે ? ભોગ-ઉપભોગનો નહિ. પરમાર્થ પ્રાપ્તિમાં અંતરાય પડે. એ પ્રકારનું એને કર્મ બંધાય. **'જેથી તેમ ન થાય તે અર્થે તમારે હાલ તો પર્યુષણમાં બહાર ન નીકળવા સંબંધી લોકપદ્ધતિ સાચવવી યોગ્ય છે.'** એ પણ એના પરિણામ જોઈને જરા લખતા હોય છે. જેને કોઈ લોકપદ્ધતિનો વિકલ્પ જ ન હોય એ કાંઈ વિચાર ન કરે. એ તો જેને જે કહેવું હોય એ કહો. હું તો આ ચાલ્યો. એની જે યોગ્યતા હોય એના પ્રમાણમાં એને એની અનુકૂળ વાત લખે છે કે તમારે ત્યાં રહેવું અને તમે ત્યાં નહિ રહો તો લોકોને અંતરાયકર્મ બાંધવાનું કારણ થશે. એના કરતા તમે ત્યાં રહેજો. એની યોગ્યતા જોઈને લખ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એમ જ છે ને. ગુણ અવગુણનો વિચાર કર્યા વગર મતાગ્રહી, મતાગ્રહી એટલે આપણા મતમાં આમ થાય. કોઈપણ ફેરફાર ગુણપ્રાપ્તિને કારણે જ્ઞાનીઓ કરે એટલે મતાગ્રહીઓ બુમાબુમ પાડે. આપણામાં પણ આવી પરંપરા છે. આપણે ત્યાં તો આમ ચાલ્યું આવે છે. આમાં આમ ફેરફાર ન થવો જોઈએ, આમાં આમ ફેરફાર ન થવો જોઈએ. ગુણ-અવગુણનો વિચાર ન કરે. અહીંયાં આમ ન થવું જોઈએ અને અહીંયાં આમ થવું જોઈએ. કેમકે અહીંયાં પહેલા આમ નથી થયું માટે આમ અત્યારે ન થવું જોઈએ.

મુમુક્ષુ :- બધા આમ કહે છે માટે...

પૂજ્ય ભાઈશ્રી : હા. બધા આમ કહે છે માટે આમ થવું જોઈએ. એમાં એને ગુણ-અવગુણ (નો વિચાર નથી). મને શું ગુણ થશે ?

મુમુક્ષુ :- વીતરાગતા કેટલી વધશે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અથવા દેવ-ગુરુ-શાસ્ત્રનુ બહુમાન થશે, સત્પુરુષનુ બહુમાન થશે તો એની અંદર દર્શનમોહનો અનુભાગ ઘટશે. એવો ગુણનો વિચાર કર્યા વગર.. આપણે ત્યાં આમ નથી થતું માટે એમ ન થવું જોઈએ અને આપણે ત્યાં આમ થાય છે માટે આમ થવું જોઈએ. એ મતાગ્રહ કહેવામાં આવે છે. આપણે ત્યાં આમ

એટલે આપણા સંપ્રદાયમાં આમ. એ સંપ્રદાયબુદ્ધિ, સંકુચિતબુદ્ધિ પાપની જનક ઉત્પન્ન થાય છે. એનાથી પાપની ઉત્પત્તિ થાય છે.

મુમુક્ષુ :- પરમાર્થની પ્રાપ્તિ થવામાં અંતરાય ઉત્પન્ન કરે...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ જીવને ભવિષ્યની અંદર આત્મકલ્યાણની પ્રાપ્તિના નિમિત્તોમાં અંતરાય પડશે.

મુમુક્ષુ :- કેવા પરિણામ ?

પૂજ્ય ભાઈશ્રી :- આવા પરિણામ કરે ત્યારે. કોઈ જીવ સત્પુરુષનો યોગ-લાભ લેવા જાય અથવા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવા જાય, કોઈપણ પ્રકારે, તો એની નિંદા કરવી, એની વિરુદ્ધતા કરવી એ પોતાને આત્મકલ્યાણમાં અંતરાય કર્મ બાંધે એટલે ભવિષ્યમાં એને એવો ઉદય આવે કે આત્મકલ્યાણનો યોગ પ્રાપ્ત થવામાં અંતરાય આવીને ઊભો રહે. યોગ હોય તોપણ યોગ ન થાય. કાંઈને કાંઈ અંતરાય પડે એની અંદર, બાધા ઉત્પન્ન થાય અને કલ્યાણની પ્રાપ્તિ ન થાય એવી પરિસ્થિતિ ઊભી થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તોપણ એ પણ અંતરાયકર્મ બાંધવાનું કારણ છે. કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિને વિષે કોઈને ધર્મલાભ થાય. ધર્મનું કારણ, કારણનું કારણ કાંઈ પણ પ્રાપ્તિની અંદર. તો અંતરાયનું કારણ થાય છે. પોતાને પરમાર્થ પ્રાપ્તિમાં અંતરાયનું કારણ છે, અંતરાય ઉત્પન્ન કરે છે. એટલે એવું ન કરવા યોગ્ય છે.

''વૈરાગ્યશતક', 'આનંદઘન-ચોવીશી', 'ભાવનાબોધ' આદિ પુસ્તકો તમે તથા મહેતાજી વાંચવા વિચારવાનું કરીને જેટલો બને તેટલો નિવૃત્તિનો લાભ મેળવજો.' મહેતાજી એટલે ઘણું કરીને એમના પિતાશ્રી માટે મહેતાજી લખ્યું હશે. મહેતા અટક હતી ને ? 'રાયચંદ રવજીભાઈ મહેતા' મહેતા અટક હતી. એમના પિતાશ્રીના કદાચ સમવયસ્ક હોય. સાથે મળીને તમારે આવા પુસ્તકો વાંચવા, વિચારવા અને બને તેટલો નિવૃત્તિનો લાભ મેળવજો.

'પ્રમાદ અને લોકપદ્ધતિમાં કાળ સર્વથા વૃથા કરવો તે મુમુક્ષુ જીવનું લક્ષણ નથી.' જોયું ! કેવી વાત લખી. પ્રમાદમાં કાળ ગાળવો કે લોકોની પદ્ધતિને અનુસરવું કે લોકો આમ કહે છે.. લોકો આમ કહે છે. લોકો એમ નથી કહેતા, તારો અભિપ્રાય પણ એની અંદર ભળે છે માટે લોકોના બહાને રજુઆત થાય છે. એ પદ્ધતિમાં આવવું એ મુમુક્ષુજીવનું લક્ષણ નથી. લોકપદ્ધતિ, લોકસંજ્ઞા કાળકૂટ ઝેર છે. એને કેવું ઝેર કીધું છે ? કાળકૂટ ઝેર કીધું છે. એનાથી દૂર રહેવું. ગુણ-અવગુણ શું એનો સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ મુમુક્ષુ જીવમાં હોવી જોઈએ. કે આમાં ગુણ શું થાય ? આમાં અવગણુ શું થાય ?

આ આત્માને ગુણ શું થાય ? આ આત્માને અવગુણ શું થાય ? મારા આત્માને ગુણ શું ? મારા આત્માને અવગુણ શું ? એનો મુખ્ય વિચાર કરવો જોઈએ. લોકો શું વિચારશે એનો વિચાર મુમુક્ષુએ કરવો તે મુમુક્ષુ જીવનું લક્ષણ નથી.

'બીજા શાસ્ત્રોનો યોગ બનવો કઠણ છે,...' ત્યાં 'વવાણિયા'માં. **'એમ જાણી ઉપર જણાવેલાં પુસ્તકો લખ્યા છે. જે પુસ્તકો પણ વિશેષ વિચારવા યોગ્ય છે.'** એ પુસ્તકો એટલે ઉપરના પુસ્તકો પણ જે લખ્યા છે તે વિશેષ વિચારવાયોગ્ય છે. **'માતુશ્રી તથા પિતાશ્રીને પાયલાગણપૂર્વક સુખવૃત્તિમાં છે એમ જણાવશો.'** એટલે અમારા ખુશીખબર આ પત્રથી આપજો.

'અમુક વખત જ્યારે નિવૃત્તિને અર્થે કોઈ ક્ષેત્રે રહેવાનું થાય છે, ત્યારે ઘણું કરીને કાગળ પત્ર લખવાની વૃત્તિ ઓછી રહે છે; આ વખતે વિશેષ ઓછી છે,...' ઠીક ! સામાન્ય રીતે નિવૃત્તિ ક્ષેત્રમાં આવીએ છીએ ત્યારે કોઈને પત્ર લખવાની વૃત્તિ અમારી ઘટી જાય છે. અને આ વખતે તો વધારે ઘટી ગઈ છે. આ તો એમને કાગળ લખ્યું છે ત્યારે ભેગુભેગુ લખી નાખ્યું છે કે હું આ પંદર દિવસ અહીંયાં છું પણ બહુ પત્રવ્યવહાર કરવાની મારી ઈચ્છા નથી. પત્રથી સમાગમ કરતા હતા પણ આવા દિવસોમાં તો પત્ર લખવાની પણ ઈચ્છા નથી રહેતી અને આ વખતે વિશેષ ઈચ્છા ઘટી ગઈ છે.

'પણ તમારો કાગળ એવા પ્રકારનો હતો કે જેનો ઉત્તર ન મળવાથી શું કારણથી આમ બન્યું છે તે તમને ન જણાય.' એટલે તમને કાંઈ તર્ક-વિતર્ક વિશેષ થવાનું કારણ જાણીને આટલો ઉત્તર લખ્યો છે. નહિતર પત્ર લખવાની ઈચ્છા નથી. **'અમુક સ્થળે સ્થિતિ થવા વિષે ચોક્કસ નહીં હોવાથી મુંબઈથી કાગળ લખવાનું બન્યું નહોતું.'** અહીંથી ક્યાં જવું એવું પહેલેથી નક્કી નહિ કરેલું. નહિતર તો યોજના કરી હોય કે આ જગ્યાએ રહેશું. અને 'ચરોતર'માં ખાસ કરીને 'ખેડા' 'આણંદ' જિલ્લાના કોઈને કોઈ ગામમાં રહેતા હતા. પહેલેથી કાંઈ નક્કી નહિ હોય, ચોક્કસ નહિ હોય એટલે એ રીતે 'મુંબઈ'થી કાગળ નહોતો લખ્યો કે આ જગ્યાએ અમે જવાના છીએ. એટલે 'કાવિઠા'થી પત્ર લખ્યો છે.

એ તો એવું છે કે ભલે એમ લખ્યું કે તમારે લોકપદ્ધતિ સાચવવી પણ એ તો લોકપદ્ધતિ સાચવ્યા વગર નીકળી પણ જાય. એને એમ થાય કે મારે શું ? મારે તો મારું કરવું છે. એ ૮૪૨ થયો.

અહીંયાં એક પ્રશ્ન ઉઠે એવો છે કે બીજાને ભાવ બગડે માટે તો આપણે આપણું

કાર્ય રોકી રાખવું કે નહિ ? એ તો એક દિવ્યધ્વનિ સાંભળીને પણ જીવોના પરિણામ બગડીને સાતમી નારકી સુધી જવાના થયેલા. એટલે કાંઈ ભગવાનની વાણી અટકી જાય એવું બને નહિ. એ તો જે સત્કાર્યો છે એ સત્કાર્યો ભાવના અનુસાર થાય છે. થવા યોગ્ય ભાવના અનુસાર થાય છે. એમાં ભાવનાવાળાને દોષ નથી. ભાવનાવાળાને પોતાની ભાવનાનું ફળ છે અને અંતરાય કરવાવાળાને એના ભાવનું ફળ છે. એના ભાવનું ફળ ભાવના કરવાવાળાને બને છે એવું બનતું નથી.

મુમુક્ષુ :- રાયચંદભાઈને 'રાયચંદભાઈ'ની ભાષામાં જ જવાબ આપ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની યોગ્યતા જોઈને જવાબ આપ્યો છે. જેમકે કોઈ મુનિરાજ છે. કોઈને ભાવલિંગી મુનિ થવાની યોગ્યતા પ્રાપ્ત થઈ ગઈ હોય, જ્ઞાનીપુરુષ હોય અને મુનિદશા પ્રાપ્ત કરે તો કુટુંબ પરિવારના બધાના પરિણામ બગડે એવું હોય. ચક્રવર્તીને તો એમ થાય જ છે. કેમકે ચક્રવર્તીના પરિવારમાં જે મિથ્યાદષ્ટિ જીવો હોય છે એ તો હજારોની સંખ્યામાં હોય છે. છન્નુ હજાર તો રાણી હોય છે એના સગા કેટલા હોય. એના એટલા પુત્રો હોય, એટલા વેવાઈ હોય, સાસુ, સસરા, સાળા, સાળીઓ કેટલું બધું હોય ! ગામ ભરાય એવું હોય. બધાની યોગ્યતા ક્યાંથી સરખી હોય. ચક્રવર્તી દીક્ષા લે ત્યારે સમ્યગ્દષ્ટિ રાણીઓથી મૂકીને મિથ્યાદષ્ટિ રાણીઓ તો એના વાળ ખેંચી ખેંચીને રોવે. 'ગુરુદેવ' કહેતો ને જંટીયા ખેંચે. આપણી કાઠિયાવાડી ભાષા-જાલાવાડી ભાષામાં એને જંટિયા કહે. એટલું બધું એને દુઃખ થાય. તો એને દુઃખ થાય માટે દીક્ષા ન લેવી ?

'પ્રવચનસાર'નો અધિકાર વાંચતી વખતે 'ગુરુદેવ' ખુલાસો કરતા હતા. બધાની પાસે યાચના કરે છે ને ? હે માતા ! હવે મારે બીજી માતા કરવી નથી. મને રજા આપ. હે પિતાજી ! મને રજા આપો. એની સ્ત્રી પાસે રજા માગે છે, પુત્ર પાસે રજા માગે છે. સામાન્ય વ્યવહાર લીધો છે. રજા ન આપે તો દીક્ષા ન લેવી ? એવું નથી. એ તો આત્મા ઉપડ્યો એની ભાવના રોકી શકાય નહિ. કોઈ માને, ન માને, કોઈ રજા આપે, ન આપે, સુખી થાય, દુઃખી થાય એ બધું એના કારણે છે. એના પરિણામ એના કારણે અને પોતાના પરિણામ પોતાના કારણે. એમ લેવું. બધે ન્યાય એ રીતે લાગુ પડે છે. એ ૮૪૨ થયો.

પત્રાંક-૮૪૩

વસો, પ્રથમ આસો સુદ ૬, બુધવાર, ૧૯૫૪

શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો

અચિંત્ય ચિંતામણિસ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્‌ભુત,

સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો,

ત્રિકાળ જયવંત વર્તો.

તે શ્રીમત્ અનંત ચતુષ્ટસ્થિત ભગવતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે. જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્‌ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી.

ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી.

દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે.

હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું, તે અદ્‌ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે. નિર્વિકલ્પ

૮૪૩માં મથાળું છે એ નમસ્કાર વચન જેમ મથાળામાં લે છે ને ? એમ આ જયવંત વર્તો... જયવંત વર્તો...

'શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્‌ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ

જયવંત વર્તો.' ધર્મ સદાય જીવંત રહો. જોકે સદાય જીવંત રહેવાનો જ હોય છે. કેમકે જગતમાંથી ધર્મ અને ધર્માત્માઓ ક્યારે પણ નિઃશેષ થતા નથી. કોઈપણ ધર્મ અને ધર્માત્માઓ જગતમાં ત્રણે કાળ હોય જ છે. ન હોય એવું બનતું નથી. હમેશાં હોય જ છે એ તો. અહીંયાં એ પોતાની ભાવના વ્યક્ત કરી છે અને કોઈ ધર્મ છે એ કેવો છે એના વિશેષણો લીધા છે. જે આત્મધર્મ છે એ કેવો છે ?

'**શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો...**' છે. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ જૈન પરમેશ્વર, જિનેશ્વરદેવે નિશ્ચિતાર્થ કરેલો છે. આવો જ ધર્મ છે. આમ છે અને બીજી રીતે નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એ રીતે વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો છે. '**એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ,...**' છે. ચિંતામણિ જે ચિંતવે એ આપે. આ તો એના ફળ અચિંત્ય છે. ચિતવનમાં ન આવી શકે એવા જેના ફળ છે અથવા જેનું સ્વરૂપ છે એવો '**અચિંત્ય ચિંતામણિસ્વરૂપ,...**' છે. અતીન્દ્રિય છે ને ? ધર્મ છે એ આત્માનું અતીન્દ્રિય પરિણમન છે અને તે ઈન્દ્રિયજ્ઞાનમાં સમાવિષ્ટ થતું નથી. એટલે એને અચિંત્ય કહેવામાં આવે છે. મનથી ચિંતવી ન શકાય, મનથી કલ્પની શકાય. મનની કલ્પનામાં ન આવી શકે એવું જેનું અચિંત્ય સ્વરૂપ છે. મહિમા કર્યો છે.

'**પરમહિતકારી,...**' છે. આ આત્માને એ ધર્મ છે એ પરમહિતકારી છે. એના જેવું બીજું હિત નથી. પરમ એટલે ઉત્કૃષ્ટ. ઉત્કૃષ્ટ હિતકારી છે. ચાર ગતિના જન્મ-મરણના દુઃખ મટાડે, અહિત કેટલું ઓછું થાય ? ચાર ગતિના જન્મ-મરણના દુઃખ મટાડે, ચાર ગતિમાં પીડા-બાધાના દુઃખ મટાડે અને ચારેય ગતિમાં જે મુંઝવણ થાય, Tension જેને કહે છે. માણસો Tension માં આપઘાત કરે છે ને ? એ બધા જ પ્રકારના દુઃખનો અભાવ કરીને સાદિ અનંત અનંત સમાધિ સુખમાં અનંત દર્શન, અનંત જ્ઞાન સહિત બિરાજમાન થાય. એવું પરમ હિત સાધ્ય થાય તે ધર્મના કારણે પ્રાપ્ત થાય છે. એવા હિતની પ્રાપ્તિ વીતરાગ ધર્મના કારણે થાય છે. એટલે એને પરમહિતકારી કહ્યો છે. એનાથી આગળ બીજું હિત નથી.

'**પરમ અદ્‌ભુત,...**' છે. મહા આશ્ચર્યકારી છે. કેટલું અદ્‌ભુત છે ? પરમ અદ્‌ભુત છે. એનાથી કોઈ અદ્‌ભુત જગતની અંદર બીજો વિષય નથી. એટલો અદ્‌ભુત વિષય છે. '**સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર...**' છે. દુઃખ મટશે કે નહિ મટે એવી શંકાની પણ જ્યાં કોઈ ગુંજાઈશ નથી કે અવકાશ નથી એવો નિઃશંક સર્વ દુઃખનો સંપૂર્ણ ક્ષય કરનારો છે. '**પરમ અમૃત સ્વરૂપ...**' છે. લ્યો ! અનુભવમાં પરમ અમૃત સ્વરૂપ છે. જેનો અનુભવ છોડવો ગમે નહિ. જે અનુભવથી છૂટવું ગમે નહિ. એ

'સમયસાર'માં લીધું છે કે નહિ ? અનુભવી જીવની ભાવના એવી લીધી છે કે હવે પછીની મારી અનંત કાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં વહો. કેમકે એ ભોગવટો પરમ અમૃત સ્વરૂપ છે માટે.

એવો '**પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ...**' છે. જગતમાં એથી કોઈ ઉત્કૃષ્ટ પદાર્થ નથી, ઉત્કૃષ્ટ કોઈ તત્ત્વ નથી. '**એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો,...**' શાશ્વત એટલે ત્રણે કાળ. આવો ધર્મ હોય છે એ ત્રણે કાળ જયવંત વર્તો. જગતમાં આ ધર્મ તત્ત્વનો અભાવ ક્યારેય થતો નથી. કોઈ ક્ષેત્રે, કોઈ કાળ પર્યંત અભાવ હોય પણ જગતમાં એનો સર્વથા અભાવ હોય એવું બની શકે નહિ. સરવાર્થસિદ્ધિમાં તો ધર્મી જીવો, મુનિરાજો જાય છે, દેવલોકમાં જાય છે. ધર્માત્માઓ ત્યાં છે. ધર્મતત્ત્વ ત્યાં છે. મહાવિદેહમાં તીર્થંકર આદિથી માંડીને, મુનિઓથી માંડીને, સમ્યગ્દિઓથી માંડીને ધર્મનો પ્રવાહ ચાલુ ને ચાલુ રહે છે. હિનાધિકપણું આવ્યા કરે. અત્યારે ૧૨૦ તીર્થંકર છે. વધીને ૧૬૦ તીર્થંકર થાય. ત્યાં. બધા થઈને ૧૭૦ થાય. અત્યારે ઘટીને ૨૦ થાય. એ વધ-ઘટ થાય છે. પણ સર્વથા અભાવ થાય નહિ. શાશ્વત વસ્તુ છે. એવો '**ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો.**'

એમ પોતે ધર્મનો મહિમા કરીને એ ધર્મની ભાવના ભાવી છે. ધર્મ પોતાને પ્રાપ્ત છે, એ ધર્મ વૃદ્ધિગત થાઓ, એ ધર્મ સંપૂર્ણ પરિપૂર્ણ થાઓ અને જગતના પણ બધા જીવોને એની પ્રાપ્તિ થાઓ. એમાં તો કોઈ જીવને બાકી રાખતા નથી. વિશાળતા કેટલી છે ! ધર્મીનું વિશાળ માનસ કેટલું છે એવું જો વિચારવામાં આવે તો આખા જગતનું કલ્યાણ થાવ એ અભિપ્રાયમાં ઊભા છે. એમાં એક પણ જીવને એ બાદ કરતા નથી. એટલી વિશાળ ભાવના અને એટલું વિશાળ માનસ ધર્મની પ્રાપ્તિની સાથે જોડાયેલું છે. આ અભિપ્રાય વગર વિચાર્યો પ્રત્યેક ધર્મીનો હોય, હોય ને હોય જ. એ બધાનો મત.. આ અભિપ્રાય છે ને ? અભિપ્રાય એટલે મત. અનંત જ્ઞાનીઓનો એક જ મત અને એક જ અભિપ્રાય હોય છે. એમ વિચારવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ધર્મી થવું હોય એને ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેને ધર્મી થવું હોય એણે એટલી વિશાળતા કેળવવી જોઈએ. એણે એટલી વિશાળતા કેળવવી જોઈએ. એટલે તો સંપ્રદાયબુદ્ધિનો બહુ જોરથી નિષેધ કરેલો છે. જ્ઞાનીઓએ સંપ્રદાયબુદ્ધિનો જોરથી નિષેધ કરેલો છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' બહુ કહેતા.

પૂજ્ય ભાઈશ્રી : હા. 'ગુરુદેવશ્રી' કહેતા.

'શ્રીમદ્‌જી'એ લખ્યું ને ? અમે કોઈ ગચ્છમાં નથી, મતમાં નથી, વાડામાં નથી.

અમે તો આત્મામાં છીએ. એટલે મહાપુરુષો તો ગચ્છ-મતવાળાના બંધન તોડીને બહાર નીકળી ગયા છે. પણ જે એમને સમજી શકતા નથી એવા જીવો એમના જ નામે નવો ગચ્છ ને મત ને વાડો પાછો બાંધી દે છે કે અમે ફલાણાવાળા.. અમે ફલાણાવાળા... અમે 'સોનગઢ'વાળા, અમે 'કાનજીસ્વામી'વાળા, અમે 'શ્રીમદ્ રાજચંદ્ર'વાળા, અમે શ્વેતાંબરવાળા, અમે દિગંબરવાળા.

મુમુક્ષુ :- નુકસાનનો ધંધો થયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સંપ્રદાયબુદ્ધિ પાપની જનક છે. એ વિસ્મરણ કરવા જેવું નથી.

આ વચનમાં ધર્મનો મહિમા કર્યો છે એમ કહો કે એમણે સ્વાનુભૂતિનો મહિમા કર્યો છે એમ કહો. આપણે પંદરમી ગાથા હમણાં ચાલી ગઈ. સમસ્ત જિનશાસન છે. સ્વાનુભૂતિનો મહિમા 'કુંદકુંદ' ભગવાને કેટલો કર્યો ? કે આ સમસ્ત જિન સાસન. જિન સાસણં સવ્વં. સ્વાનુભૂતિ જેને પ્રાપ્ત થઈ એ સમસ્ત જિનશાસન છે. એ જીવંત જિનશાસન છે. એ તો સજીવનમૂર્તિ છે ને ? એટલે એ તો જીવંત જિનશાસન છે. આખું જિનશાસન સ્વાનુભૂતિમાં સમાય જાય છે. અહીં સુધી રાખીએ...

સમ્યક્દર્શન આદિ મોક્ષમાર્ગની અંતરથી ભાવના થઈ હોય જરૂરત લાગી હોય તેને પરિભ્રમણ કે જે અનંતકાળથી થઈ રહ્યું છે, તેની ચિંતના થઈ આવે છે, તેવી ચિંતના વર્ધમાન થઈ વેદના / ઝૂરણામાં પરિણમે છે, ત્યારે તે જીવનો દર્શનમોહ ગળવાની શરૂઆત થઈ, યથાર્થ ઉન્નતિ ક્રમમાં પ્રવેશ થાય છે. તે સિવાઈ યથાર્થતાનો પ્રારંભ બીજા કોઈ પ્રકારે થતો નથી અથવા વર્તમાન અને ભાવિ સંયોગોની ચિંતાના ઘેરાવામાંથી યથાર્થ પ્રકારે જીવ બહાર આવી શકતો નથી, અને તે ઘેરાવામાં રહીને જે કાંઈ ધર્મ-સાધન કરાય છે તે નિષ્ફળ જાય છે, કારણ તેમાં ક્રમ વિપર્યાસ છે અથવા તે કલ્પિત સાધન છે.

(અનુભવ સંજીવની-૧૪૦૫)

તા. ૩-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૪૩ અને ૮૪૪
પ્રવચન નં. ૪૦૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૪૩, પાનું-૬૨૬. મથાળું વંચાય ગયું છે. મથાળામાં જિનેન્દ્ર પ્રરૂપિત ધર્મનો જયકાર કર્યો છે. '**શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો...**' નિશ્ચિતાર્થનો અર્થ એ થાય છે કે વીતરાગદેવોએ જે ધર્મ કહ્યો છે એ નિશ્ચિત કરીને કર્યો છે. અનુભવથી નિશ્ચિત કરેલો છે. નિશ્ચિત કરેલો છે એટલું જ નહિ પણ અનુભવથી નિશ્ચિત કરેલો છે. અને તેથી એ નિશ્ચયથી અન્યથા પ્રકારે ધર્મનું આરાધન થઈ શકવા યોગ્ય નથી. એટલે બીજા કોઈ પ્રકારે ધર્મનું આરાધન કોઈ કરવા ચાહે કે કોઈ ધારે તો તે અન્ય માર્ગમાં જાય છે, અન્ય મતમાં જાય છે, જિનમાર્ગથી એ પરાન્મુખ છે. એમાં વિરાધના થશે. ગૃહીત મિથ્યાત્વ (થશે), આરાધના નહિ થાય. કેમકે માર્ગનો વિષય છે એટલે ગૃહીત મિથ્યાત્વ થશે.

'**શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો...**' નિશ્ચયથી અને વ્યવહારથી બંને પ્રકાર લેવા. '**એવો અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ,...**' કેટલું એનું મૂલ્ય છે ? કે જેનું મૂલ્ય ચિંતામણિથી પણ મૂલવી શકાય નહિ. '**અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો.**' એવો ધર્મ મારા આત્મામાં જયવંત વર્તો અને જગતમાં તો ત્રણે કાળ જયવંત વર્તો. કેમકે એ એક ધર્મ પ્રગટ રહેવાથી બીજા આત્માઓને પણ એ ધર્મ પામવાનું કારણ બને છે. એ ધર્મ જયવંત રહેવાથી, જીવંત રહેવાથી બીજા આત્માઓને પણ એ ધર્મ પ્રાપ્તિનું કારણ બને છે.

'**તે શ્રીમત્ અનંત ચતુષ્ટયસ્થિત ભગવંતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે.**' લ્યો ! એ ભગવાનનો આશ્રય પણ કર્તવ્ય છે અને એ ધર્મનો આશ્રય પણ કર્તવ્ય છે. એક વ્યવહાર છે અને એક નિશ્ચય છે. ધર્મ છે તે નિશ્ચય છે, ભગવાનનો આશ્રય કરવો તે વ્યવહાર છે. કેમકે ધર્મની ઉત્પત્તિનું મૂળ સર્વજ્ઞ પરમાત્મા છે.

'**જેને બીજું કાંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી.**' એક

ગૂઢ વાત અહીંયાં એ છે કે '**તે આશ્રયના બળથી પરમ સુખ હેતુ એવા અદ્‌ભુત ફળને પામ્યા છે,...**' મુખ્યપણે અહીંયાં અનંત ચતુષ્ટ્ય સ્થિત ભગવંતની વાત લીધી છે એટલે સજીવન મૂર્તિની વાત લીધી છે.

'**અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્‌ભુત ફળને પામ્યા છે,..**' એટલે મોક્ષમાર્ગને પામ્યા છે. સુખનો હેતુ છે ને ? મોક્ષમાર્ગ છે એ પરમ સુખનો હેતુ છે. તો આશ્રયનું ફળ શું ? કે પરમ સુખના હેતુરૂપ મોક્ષમાર્ગ એમ કહે છે. પરમ સુખ છે તે મોક્ષ છે, એનો હેતુ છે તે મોક્ષમાર્ગ છે. એનો જીવંત દૃષ્ટાંત 'સોભાગભાઈ' છે.

'સોભાગભાઈ' તત્ત્વજ્ઞાનના વિષયમાં સીધા બહુ નથી ગયા. તે સીધા ગયા છે સજીવનમૂર્તિના આશ્રયમાં. એક જગ્યાએ લખે છે કે તમને સત્પુરુષની ઓળખાણ થઈ એવું પ્રથમ સમકિત થયું પછી આગળની વાત કેમ મળતી નથી ? કેમ થતી નથી ? એટલે પદાર્થ નિર્ણયમાં તમે કેમ આવતા નથી ? એ દિશામાં એમનો પ્રયત્ન જ નહોતો. એ દિશામાં પ્રયત્નવંત થવું જોઈએ. પણ એ દિશાનો એમનો પ્રયત્ન નહોતો. 'શ્રીમદ્‌જી'ને જોયા પછી એમને બીજું કાંઈ સૂઝતું નહોતું એમ કહીએ તો ચાલે. અને ત્યાં સુધી કે છેલ્લે મરણ પથારીએ માંદગીમાં આવી ગયા ત્યારે પણ એમણે એક જ માગણી કરી છે કે તમે અહીંયાં આવો. મારે તમારા દર્શન કરવા છે અને તમે અહીંયાં આવો. આ સિવાય એમણે કોઈ પત્રમાં તત્ત્વજ્ઞાનની માગણી નથી કરી. મને સમ્યગ્દર્શન પમાડો, મને આત્મા દેખાડો. એવું કાંઈ નથી કહ્યું, ઠીક !

સત્પુરુષ પ્રત્યેનો અનહદ ભક્તિભાવ એમનો હતો. કેટલો ? અનહદ ભક્તિભાવ હતો. એટલે છેલ્લે એ લખ્યું કે હવે તમારા વિયોગમાં મારા પ્રાણ છૂટી જશે. હવે મંદવાડને કારણે, માંદગીને કારણે મારું મૃત્યુ નહિ થાય પણ તમારા વિયોગને કારણે, તમારા વિરહને કારણે મારું મૃત્યુ થઈ જશે. એ છેલ્લી હદે આવી ગયા. ત્યારે એમણે જોયું હવે આ પામવાના અધિકારી થઈ ગયા. પછી વાર નથી લાગી. કેમકે પદાર્થ નિર્ણય કરતા તો વાર જ નથી લાગતી. કેમકે પદાર્થને અનુભવાંશે જોવાનો છે અને અનુભવઅંશ હર સમયે પ્રત્યક્ષ મોજૂદ છે. એમાં કેટલીવાર લાગે ? પછીના પુરુષાર્થમાં કલાકો કે દિવસો લાગે. નિર્ણયમાં તો કાંઈ પ્રશ્ન જ નથી. એટલે પદાર્થ નિર્ણયમાં તરત આવ્યા. 'ઈડર' લઈ ગયા ભેગા. અનુભવમાં અઠવાડિયામાં આવી ગયા, પાંચ-સાત દિવસમાં આવી ગયા. એટલે એમ કહ્યું છે.

હવે જુઓ ! '**જેને બીજું કાંઈ સામર્થ્ય નથી એવા અબુધ...**' કાંઈ શાસ્ત્ર ભણ્યા નથી. કોઈ દિગંબરના શાસ્ત્રો ભણ્યા નથી. '**જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ**

અને અશક્ત મનુષ્યો...' એટલે આની શું શક્તિ છે ? સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની આની શું શક્તિ છે ? '**પણ તે આશ્રયના બળથી...**' સત્પુરુષના સજીવનમૂર્તિના અને ભગવંત કહો. અનંત ચતુષ્ટય સ્થિત ભગવંત લીધા છે અહીંયાં. પણ એમાં સજીવનમૂર્તિ ત્રણે સમાય જાય છે.

'**પરમ સુખહેતુ એવાં અદ્‌ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે.**' ત્રણે કાળે. '**માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે,...**' માટે ધર્મ પામવાનો નિર્ધાર કર્તવ્ય છે અને આશ્રય જ કર્તવ્ય છે. હેતુ તો ધર્મ પામવાનો છે, હેતુ કોઈ બીજો નથી. અને બીજો હેતુ હોય તો નિષેધ કરે છે. જરાક બીજા હેતુની વાત આવે, તમારા સત્સંગમાં આવવું છે અને સાથે સાથે 'રેવાશંકરભાઈ'ને પણ મળવું છે. તો કહે નહિ. તો નહિ આવતા. હા પાડીને ના પાડી દીધી. એક જ વાત રાખો. મારી સાથે બીજી વાત નહિ રાખો. '**માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી.**' અધીરજનો વિષય 'અંબાલાલભાઈ'નો અવાર-નવાર આવ્યો છે. આ પત્રમાં કોઈ નામ નથી. કેટલાક પત્રો એમણે સંબોધન વગર સીધા જ શરૂ કરેલા છે. એ આપણે 'ઈડર'માં જોયા હતા. એટલે એનું Cover હોય તો ખબર પડે. Post card માં તો સીધી ખબર પડી જાય સંબોધન ન કર્યું હોય તો સરનામા ઉપરથી. Cover ની ખબર ન પડે. પણ શંકા એ જાય છે. માટે '**આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી.**'

'**ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી.**' અને હવે દેહનું શું થાશે ? કાંઈ ધાર્યું નહિ ઉતરે. ઉંમર થઈ ગઈ આટલી. એ પણ કર્તવ્ય નથી. '**ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી. દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી...**' દેહાદિમાં બધા સંયોગો લઈ લેવા. પ્રતિકૂળતાનો ભય પણ કર્તવ્ય નથી. એમ. પ્રતિકૂળતાઓ આવશે તો શું થાશે ? એ ભય પણ કર્તવ્ય નથી. '**દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો.**' ઠીક ! બાર અંગનો સાર એણે હાથમાં રાખ્યો. '**એ જ દૃષ્ટિ કર્તવ્ય છે.**'

એટલે દેહાત્મબુદ્ધિ જેણે છોડી અને આત્મદૃષ્ટિ જેણે પ્રાપ્ત કરી એ દ્વાદશાંગના સારને, બાર અંગના સારને એણે સંક્ષેપમાં સમજી લીધો છે. લ્યો, આવી વાત સહેલી, સુગમ, સરળ છે. એ મથાળું બાંધશે કે અગમ્ય છતાં સરળ માર્ગ છે. માર્ગ કેવો છે ? અગમ્ય છતાં સરળ માર્ગ છે. અગમ્ય એટલે કે આ વિચાર કરવા જાય ને વિચાર કરી કરીને ઊંડો ઉતરવા જાય. તે ઈન્દ્રિયજ્ઞાનથી તે અગમ્ય અને અગોચર છે. ઈન્દ્રિયજ્ઞાનથી એનો પત્તો લાગશે નહિ. આગળ એક મથાળું આવે છે.

મુમુક્ષુ :- ૬૩૭ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- ૬૩૭. ૮૮૭મો પત્ર. **'અગમ્ય છતાં સરળ એવા મહત્પુરુષોના માર્ગને નમસ્કાર.'** કેવો માર્ગ લીધો ! માર્ગનું વિશેષણ કેવું આપ્યું ! **'અગમ્ય છતાં સરળ એવા મહ્તપુરુષોના માર્ગને નમસ્કાર.'** એવું છે.

મુમુક્ષુ :- દેહાત્મની...

પૂજ્ય ભાઈશ્રી :- મંદ કષાયમાં ન થાય. મંદ કષાયમાં કષાય મંદ થાય તોય દેહાદિનો અહંભાવ કેવી રીતે થઈ શકવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવું કાંઈ નથી. મંદ કષાય જુદી વાત છે અને દર્શનમોહને લઈને દેહાત્મબુદ્ધિ છે એનું મટવું એ બીજી વાત છે. મંદ કષાય ચારિત્રમોહનો કષાય મંદ થાય છે અહીંયાં દર્શનમોહનો વિષય છે. ચારિત્રમોહનો વિષય નથી પણ દર્શનમોહનો વિષય છે. એ ઘણાં ભૂલ કરે છે. ઘણાં તો એવું જ માની બેઠા છે કે 'શ્રીમદ્જી'નો ગ્રંથ એટલે મંદ કષાયની વાતો. 'શ્રીમદ્દે' બધી મંદ કષાયની વાતો કરી છે. 'સમયસાર'ની 'ગુરુદેવ'ની જેમ સમ્યગ્દર્શનની વાતો નથી કરી. એ ભૂલ છે. ત્રણે કાળના સત્પુરુષો એક જ વાત કરે છે, કોઈ બીજી વાત કરતા નથી.

કોઈ બીજી વાત કરે છે એવું લાગે ત્યારે એ બુદ્ધિની મતિની અસરળતા છે, બુદ્ધિની એ વક્રતા છે અને સ્થૂળતા પણ છે. કેમકે એને સૂક્ષ્મપણે આશય પકડવામાં આવ્યો નથી. ઘણા એ અભિપ્રાય બાંધી લે. આ તો બધી મંદ કષાયની વાતો છે. સમ્યગ્દર્શન પહેલાની બધી વાત તો મંદ કષાયની જ હોય ને ? ના. એવું નથી. સમ્યગ્દર્શન પહેલાં સમ્યગ્દર્શન પામવું કઈ રીતે એવી વાતો પણ હોઈ શકે છે. જેને સમ્યગ્દર્શનના કારણરૂપ પરિણામો કહેવામાં આવે છે. અને તેથી એમણે એનું નામ સમ્યગ્દર્શન આપ્યું છે. કારણને પણ સમ્યગ્દર્શન કહ્યું અને કારણના કારણને પણ સમકિત કહી દીધું. ત્યાં સુધી Line સાંધી દીધી. એ મુમુક્ષુઓ ઉપર ઉપકાર કર્યો છે કે તમારે મૂંઝાવાની જરૂર નથી. તમે પહેલા સમકિતને પ્રાપ્ત કરી શકો છો, ત્યાર પછી બીજા સમકિતને પણ પ્રાપ્ત કરી શકો છો. અને એ ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, માન્ય કરવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે એમ કરીને વીતરાગોએ આ માન્ય કરેલું અને સંમત કરેલું છે. એમ ભગવાનને પણ વચ્ચે લઈ આવ્યા છે.

મુમુક્ષુ :- મંદ કષાયની...

પૂજ્ય ભાઈશ્રી :- ના કરતા નથી. મંદ કષાયની વાત નથી. એ દર્શનમોહનો અભાવ બતાવે છે. દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષ-વિષાદ કેમ કરતા નથી ? મમત્વ

ઊડી ગયું માટે. એ મમત્વ ચારિત્રમોહનું નથી ઉડ્યું. જ્ઞાનીને ચારિત્રમોહનું મમત્વ તો છે. પણ દર્શનમોહ નથી એને શરીરમાં પોતાપણું દર્શનમોહના અભાવને લઈને ભાસતું નથી. દેહ ભિન્ન ભાસે છે.

મુમુક્ષુ :- .. પોતાની મેળે..

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવું નથી. મંદ કષાયની વાતો નથી. પણ એ પુરુષો પૂર્ણ બાર અંગના સંક્ષેપને સમજ્યા છે એનો અર્થ શું થાય ? બાર અંગનો સંક્ષેપ કોના હાથમાં આવે ? સમ્યગ્દષ્ટિના હાથમાં આવે કે મિથ્યાદષ્ટિના હાથમાં આવે ? મંદ કષાય તો અગિયાર અંગ, નવ પૂર્વ ભણીને દિગંબરી દીક્ષા અંગીકાર કરીને, પંચ મહાવ્રત સમિતિ, ગુપ્તિ, જિનાજ્ઞા પ્રમાણે નિરતિચાર પાળીને મિથ્યાત્વમાં રહ્યો એને કાંઈ સાર હાથમાં આવ્યો નથી. એનું તો અનંત પરિભ્રમણ હોય છે. કેટલું ? હજી અનંત પરિભ્રમણ ઊભું છે ત્યાં.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' કહેતા જરાય નિવર્ત્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જરાય નિવર્ત્યો નથી. અને એને પરિભ્રમણનો એક આંટો પણ ઓછો થયો નથી. એમ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાળે એમ નહિ, પછી પરિષહની વાત લે કે એ નિરતિચાર પાળતા કોઈ એવો ઉપસર્ગ કરે કે જીવતી ચામડી ઉતરડીને ખાર છાંટે. 'ગુરુદેવ' તો સમર્થમાં સમર્થ દષ્ટાંત લેતા હતા. તોપણ જેની મુખની રેખા ફરે નહિ. આંખનો ખૂણો લાલ થાય નહિ. અરે..! હું તો જિન મુનિ, હું તો જૈન મુનિ છું ને. મારે કોઈના ઉપર ક્રોધ કરવા યોગ્ય નથી. શું આધાર લીધો ? હું જૈનમુનિ થયો છું એનો. હું આત્મા છું એનો નહિ. દીક્ષા તો ઉદયના ઘરની છે એને. ઉદયનો આધાર લીધો. આત્માનો આધાર ન લીધો અને ઉદયનો આધાર લીધો. કષાય તીવ્ર થવામાં પણ ઉદયનો આધાર, કષાય મંદ થવામાં પણ ઉદયનો આધાર.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં મંદ કષાયમાં જાય છે. ત્યાં ક્રોધ નથી કર્યો એ મંદ કષાયમાં જાય છે. અને મેં ક્રોધ કર્યો નથી, મેં ક્ષમાભાવ રાખ્યો છે, એવો જે શુભભાવમાં અહંપણું કર્યું એ દર્શનમોહમાં જાય છે. દર્શનમોહને તીવ્ર કરે છે. ચારિત્રમોહને મંદ કરે છે અને દર્શનમોહને તીવ્ર કરે છે. છ-છ મહિનાના ઉપવાસ કરે. ઉપસર્ગ કોઈ ન કરે તો છ-છ મહિનાના પોતે ઉપવાસ કરે. પણ દર્શનમોહને મંદ કરવાને બદલે તીવ્ર કરી લે. એવી બધી પરિસ્થિતિ બને છે.

'એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે.' આવી આત્મદૃષ્ટિ કર્તવ્ય છે કે જેમાં દેહાદિ ભિન્ન ભાસે. હવે નિરાશા દૂર કરવા માટેની પ્રેરણા આપે છે. કે અરે..રે..! **'હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહીં કરતા વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે,...'** જુઓ ! કોનો આધાર લેવાનો છે ? આ **'આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે, એવી વૃત્તિનો...'** આત્માકાર વૃત્તિનો **'નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું,...'** નિશ્ચય અને આશ્રય બે જુદાં જુદાં પદ લીધા, જોયું ! જેણે નિર્ણય નથી કર્યો એણે નિર્ણય કર્યો અને નિર્ણયપૂર્વક આશ્રય કરવો. સીધો આશ્રય નથી થતો. નિર્ણયપૂર્વક આશ્રય થાય છે.

મુમુક્ષુ :- ... તો આ વૃત્તિ અને સંસારના પરિણામ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ તો વૃત્તિ અને પરિણામ એકાર્થમાં પણ વપરાય અને જુદાં અર્થમાં પણ વપરાય. વૃત્તિનો અહીંયાં બુદ્ધિ અર્થ કરવો જોઈએ, અભિપ્રાય અર્થ કરવો જોઈએ. પણ કોઈવાર એકાર્થમાં પણ વપરાય છે. પણ જ્યાં જે કહેવાનો આશય હોય, અભિપ્રાય હોય, Tone હોય એ પ્રમાણે અર્થ થાય છે.

મુમુક્ષુ :- અભિપ્રાય લઈ શકાય ?

પૂજ્ય ભાઈશ્રી :- લઈ શકાય. અહીંયાં અભિપ્રાય લઈ શકાય.

'હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહીં કરતાં...' એમ. એકલા ખેદમાં નહિ રોકાતા. એવો ખેદ આવે ખરો. મુમુક્ષુને એ પ્રશસ્ત દ્વેષ છે. પોતે ધર્મ ન પામે તો એનું દુઃખ એને લાગે ખરું. સર્વથા ન લાગે એમ અહીંયાં કહેવાનો અભિપ્રાય નથી. પણ જેને પત્ર લખ્યો છે એને વિશેષ ખેદ રહે છે. બનતા સુધી 'અંબાલાલભાઈ' હોવા જોઈએ. જેને પત્ર લખ્યો છે એને વિશેષ ખેદ રહે છે. એટલે એને હવે ખેદ પમાડવાની વાત નથી કરતા. જુઓ ! શરદીથી તાવ આવ્યો હોય એને માથે બરફના પોતા ન મૂકાય. તો Double pneumonia થાય. લૂ લાગી હોય તો એને બરફના પોતા મુકાય. પણ શરદીનો તાવ આવ્યો હોય અને ભલે ૧૦૪ ડિગ્રી હોય તોપણ એને માથે કાંઈ બરફના પોતા ન મૂકાય. એને શિતોપચાર કરાય જ નહિ. કેમકે એને તો શરદી લાગી ગઈ છે. એટલે એનો તાવ તો એની શરદીના કફને સુકવવા માટે છે. એના ઉપર પાછું ક્યાં ઠંડામાં ઠંડુ કરે ? એમ જેને વિષાદ થઈ રહ્યો છે એને ન થાવો જોઈએ એમ કહે. અને નથી થતો એને શું કહે ? કે ધર્મ પામ્યો નથી એનો કાંઈ ખેદ થાય છે ? એનું કાંઈ દુઃખ લાગે છે ? અને એમ પણ કહે. એટલે આ એક વ્યક્તિગત સંબોધન છે. અથવા ઉપદેશની કક્ષા પણ એવી છે કે ભિન્ન-ભિન્ન કોટીના

જીવને ભિન્ન-ભિન્ન પ્રકારનો ઉપદેશ હોય છે. એક ઉપદેશ બધાને લાગુ પડે એવું બનતું નથી. ભલે સિદ્ધાંતિક ગ્રંથ હોય તોપણ.

મુમુક્ષુ :- ઘણા શાસ્ત્રોમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે જ. એક પ્રકારનો ઉપદેશ આવે તો ગ્રંથરચના ક્યાંથી થાય ? એક જ વાત ઉપદેશની કરવી હોય તો ગ્રંથરચના ક્યાંથી થાય ? એટલે એમાં તો જુદી જુદી કોટીના જીવોને આવ્યા વગર રહે નહિ.

'સમયસાર'માં એમ પણ કહ્યું કે રાગ જીવ કરે છે. એ જ 'સમયસાર'માં એમ પણ કહ્યું કે રાગ જીવ કરતો જ નથી, પુદ્ગલ કરે છે. વળી પાછા આગળ જઈને 'સમયસાર'માં એમ કહ્યું કે ના, ના. રાગ જીવ કરે છે, હોં ! નહિતર તું જૈનના મત અરિહંતના મતનો નથી. આ ૨૦૩-૪-૫ કળશમાં એ વાત લીધી છે. તું અરિહંતના મતનો નથી. નહિતર સાંખ્ય થઈ જઈશ તું પાછો. એમ કહે છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી જીવ રાગ કરે છે એમ લેજે. પણ એમ તો અત્યાર સુધી તો લેતા જ આવ્યા છીએ. હવે મૂકાવી દેવાની વાત આવે છે, પાછી કરવાની વાત આવે છે, પાછી મૂકાવી દેવાની વાત આવે છે. કરવું શું ? કોઈ વાર શ્રદ્ધા અપેક્ષાના શ્રદ્ધાના બળથી આવે છે, શ્રદ્ધાની પ્રધાનતાથી આવે છે, કોઈ વાત જ્ઞાનની પ્રધાનતાથી આવે છે, કોઈ વાત આચરણની પ્રધાનતાથી આવે છે. કેમકે ગ્રંથ તો આખો મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ બનાવવા માટેનો ગ્રંથ છે. તોપણ ફેરવી ફેરવીને આવી વાત આવે છે. એક પ્રકારે વાત આવતી નથી. અને છતાં કાંઈ પણ પૂર્વાપર વિરોધતા નથી. અવિરોધપણું છે. હવે એનો વાદવિવાદે ક્યાં એનો છેડો આવે ? રાગ જીવ કરતો જ નથી.. રાગ જીવ કરતો નથી. ભાઈ, નથી એ કરતો. રાગ જીવ કરે છે તો કહે કરે છે. બેય વાત પોતપોતાના સ્થાનમાં જે મહાપુરુષોએ કરી છે એ યથાર્થ જ છે. એમાં કાંઈ આઘુપાછું કરવાનું ડહાપણ કરી શકાય નહિ. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- 'સદ્ગુરુ વૈદ્ય સુજાણ'.

પૂજ્ય ભાઈશ્રી :- 'સદ્ગુરુ વૈદ્ય સુજાણ.' એ એમ કહે કે દવા લે. તો કહે લાવો. દવા બંધ કર. તો કહે બહુ સારું. દવા આપે તોપણ એનો રોગ મટાડવા અને દવા બંધ કરાવે તોપણ એનો રોગ મટાડવા.

અહીંયાં આમ કેમ કહ્યું ને અહીંયાં આમ કેમ કહ્યું ? સત્ને સત્ સ્થાપે અને અસત્ને નિષેધે. બરાબર છે ? હવે પાછું એમ કહ્યું કે મતમતાંતરમાં મુમુક્ષુએ પડવું નહિ. હવે મુમુક્ષુએ શું કરવું લ્યો કહો ? મુમુક્ષુએ મતમતાંતરમાં પડવું નહિ. સમદર્શીપણામાં એમ સ્થાપ્યું કે સત્ને સત્ કહે, સ્થાપે. અસત્ને અસત્ કહે અને

નિષેધે અને ઉથાપે. બેય એક જ વાત છે. તો બેય વાત બરાબર છે. જ્યાં જે વાત કરી તે બે બરાબર છે.

મુમુક્ષુ :- 'આનંદઘનજી'એ કહ્યું...

પૂજ્ય ભાઈશ્રી :- છે, આવે છે. એમણે સંક્ષેપમાં ભગવાનની સ્તુતિ કરતાં કરતાં તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કર્યું છે. ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરતાં કરતાં તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કર્યું છે. અને ક્યાંક તો પોતાને સ્ત્રીપર્યાયમાં લઈને ભગવાનની ભક્તિ કરી છે. ભગવાનને પતિ બનાવ્યા છે. પોતે એની સ્ત્રી તરીકે રહ્યા છે. અને એવી રીતે (ભક્તિ કરી છે). આમાં એ જ છે ને ? 'હવે મારે બીજો કંથ ન જોઈએ...' એમ કરીને આવે છે કે નહિ ? મેં એક કંથ ધાર્યો છે. હવે મારે બીજો કંથ ન જોઈએ. જેમ પતિવ્રતા સ્ત્રીને બીજો પતિ ન હોય એમ મારે પણ હવે જિનેશ્વર સિવાય બીજો કોઈ દેવ ન હોઈ શકે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આપણે 'ઋષભ જિનેશ્વર પ્રિતમ મ્હારો, ઔર ન ચાહુ કંથ. બીજો સાહેબ સંગ ન પરિહરે..' મારો ધણી એવો છે. સાદિઅનંત હવે ભાંગી નાખશે.

એટલે જ્યાં જે યોગ્ય છે તે કહ્યું છે. પછી ગમે તેમ પકડી લે કે એક પકડીને બેસી જાય તો આમાં કામ આવે એવું નથી. પોતાના ને પોતાના પરિણામમાં ફેરવવું પડે એવું છે. કેમકે પોતાની યોગ્યતા પણ ફરે છે. બીજાની તો ક્યાં વાત કરવી, એક જ જીવની યોગ્યતા ફરે છે. એક જ જીવને પહેલા એમ કહે કે તું ધર્મ પામ્યો નથી એનું કાંઈ દુઃખ લાગે છે તને ? અને બહુ દુઃખ લાગે એને એમ કહે કે એવો ખેદ નથી કરવાનો. એવો ખેદ કરીને અટકવાનું નથી કાંઈ.

'એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ...' હવે જેને ખેદ ન થતો હોય એ ઉપાડી લે તો પાછું ખોટું છે. જેને એમ કહે કે કર વિચાર તો પામ. તો વિકલ્પ જ કર્યા કરે અને વિકલ્પાતિત દશાનો પ્રયત્ન ન કરે તો એ કર વિચાર તો પામને પકડી લીધું. તો કહે, કર વિચાર તો પામ, એનાથી વિચારથી પમાતું નથી. તો મૂકો પડતા. આપણે વિચાર કરવા જ નથી. વળી સંસારના કાર્યોમાં ડૂબ્યો. આત્માનો વિચાર સુદ્ધા ન કરતો હોય એને એમ કહ્યું કે તું વિચાર કર. એના વિચારમાં જ અટક્યો હોય એને એમ કહે વિચાર છોડ તો પામીશ. કર વિચાર તો પામ નહિ, છોડ વિચાર તો પામ. ત્યાં એમ કહેવું પડે. ઠીક ! એક જ જીવની દશા બદલાય એમ ઉપદેશ પણ બદલાય છે.

'વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી...' એમણે

એમ લીધું હશે કદાચ કે હવે ઉંમર થઈ છે, શરીરનો ભરોસો નથી. હજી સુધી આ આત્મા ધર્મ પામ્યો નહિ. અરે..રે..! આ મનુષ્યપણું આમ ને આમ ચાલ્યું જાય છે. બહુ ખેદ.. બહુ ખેદખિન્ન... ખેદખિન્ન... ખેદખિન્ન બહુ થઈ ગયા હોય તો એને કહે કે પણ આત્મા અસંગ શુદ્ધ ચૈતન્ય છે. દેહનો વિકલ્પ છોડી દ્યો. દેહ કાલ પડતો હોય તો ભલે આજ પડે. પણ મારું જે સ્વરૂપ છે એનું સીધું અવલંબન અત્યારે મારે લેવું છે. એ અત્યારે લેવું છે.

એ '**હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે,...**' પોતાનું સ્વરૂપ નિશ્ચય સ્વરૂપ. '**એવી વૃત્તિનો નિશ્ચય...**' કરી. એટલે એવી વૃત્તિનો નિશ્ચય કરીને એટલે સ્વરૂપાકાર વૃત્તિ, એનો નિર્ણય કરી, નિર્ધાર કરી અને સ્વરૂપનો આશ્રય કરવા જેવો છે. અને '**તે જ વૃત્તિનું બળ રાખવું,...**' એ જ પરિણામનો, આત્માકાર પરિણામનો, આત્મઆશ્રિત પરિણામનો, આત્મભાવનું બળ રાખવું. વિકલ્પનું બળ ન રાખવું પણ આત્મભાવનું બળ રાખવું. અહીંયાં વૃત્તિનો અર્થ આત્મા અસંગ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવી વૃત્તિ. હું આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય છું.

મુમુક્ષુ :- પાપનો પશ્ચાતાપ...

પૂજ્ય ભાઈશ્રી :- પાપનો પશ્ચાતાપ ? મુમુક્ષુ હોય તો પાપનો પશ્ચાતાપ થયા વિના રહે નહિ. કરવો એ પ્રશ્ન હજી પરાણે કરવાની વાત છે. ન કરતો હોય એને કરાવવાની. પણ મુમુક્ષુજીવ હોય તો એને પોતાના દોષનો પશ્ચાતાપ થયા વિના રહે નહિ.

ખીચું કાણું થઈ ગયું હોય ને પૈસા પડી જાય. શું થાય ? ખીસ્સુ કાંઈ ઉંદર કાપ્યુ હોય કે સિલાઈ નીકળી ગઈ હોય અને પાકિટ પડી જાય તો એનું દુઃખ લગાડવું કે ન લગાડવું ? એ લાગ્યા વગર રહે નહિ. નુકસાન થાય, અમથા-અમથા પૈસા પડી જાય એનું દુઃખ લાગે કે ન લાગે ? નુકસાન થાય એનું દુઃખ લાગે તો અહીંયાં અપરાધનું દુઃખ લાગ્યા વગર રહે નહિ. કેમકે એ આત્માને નુકસાન છે. એ આત્માની શાંતિને બાળે છે. આત્માની શાંતિને એ બાળે છે. એટલે પાપ તો ઠીક, પાપનું તો દુઃખ લાગે પણ એથી વધારે દુઃખ તો એકત્વવૃત્તિનું લાગવા જેવું છે. જે સંયોગો સાથેની એકતાબુદ્ધિ ને મમત્વબુદ્ધિ છે, જે દેહાદિ સાથેની એકત્વ અને મમત્વબુદ્ધિ છે અને રાગાદિ સાથેની એકત્વ અને મમત્વબુદ્ધિ છે, ખરું તો એનું દુઃખ લાગવા જેવું છે. એનો જીવ બળે. શું થાય ? પૈસા પડી જાય તો એનો જીવ બળે કે ન બળે ? કે અર..ર..! અમથે અમથું. એમાં વળી પાકીટમાં સોનાનો ચેઈન હોય તો ? ગળામાં પહેરવા જતો હતો એના બદલે પાકીટમાં મૂક્યો કે કાંઈ નહિ, અત્યારે કાંઈ નહિ એમાં પડી ગયો. ઠીક !

મુમુક્ષુ :- આખો ખોવાઈ ગયો...

પૂજ્ય ભાઈશ્રી :- આખે આખો. ત્યાં એને ખેદ કરવો જોઈએ એ વાત નથી રહેતી. કેમકે નુકસાન થયું છે. થઈ જાય છે.

એમ અહીંયાં પણ આત્માને અહિતકારી પરિણામ, વિરાધક પરિણામ, વિરાધનાના પરિણામ, એકત્વબુદ્ધિના પરિણામ (થાય એમાં) જીવ બળવો જોઈએ. તો એને કાંઈક પાત્રતા છે. જીવ બળે તો એને કાંઈક પાત્રતા છે. પણ એ પાત્રતામાં આવ્યા પછી આગળ ચાલવા માટે એણે આત્મવૃત્તિ ઉત્પન્ન કરવી એમ કહે છે. એકલા એ ખેદના પરિણામમાં નહિ રહેતા હું એક અસંગ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. અસંગ એટલે ભિન્ન. હું એક ભિન્ન-દેહથી, રાગાદિથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. એવી આત્માકાર વૃત્તિ, એનો નિશ્ચય અને આશ્રય કરી તે જ વૃત્તિનું બળ રાખવું. આત્મવૃત્તિનું બળ રાખવું. વિકલ્પનું બળ ન રાખવું પણ આત્મવૃત્તિનું બળ રાખવું.

'**અને મંદ વૃત્તિ થાય...**' અને પોતાનો પુરુષાર્થ મંદ થાય. લ્યો, આ પુરુષાર્થ લીધો છે એમાં તો. મંદ વૃત્તિ થાય એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રનો પુરુષાર્થ મંદ થાય. '**ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું,...**' કે અરે..રે..! આ 'રામચંદ્રજી' જેવા, 'પાંડવ' જેવા મહાપુરુષોએ કેવા કેવા ઝંઝાવાતની અંદર શ્રદ્ધા-જ્ઞાનમાં મચક ખાધી નથી. 'ભરત' ચક્રવર્તી જેવાએ છ-છ ખંડના રાજ ભોગવતા શ્રદ્ધા-જ્ઞાનમાં મચક ખાધી નથી. અંદરમાં અસંગ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અંદરમાં વળગીને રહી ગયા છે.

એવી એમની '**વીતરાગી પુરુષોની દશાનું સ્મરણ કરવું,...**' એ પણ કરતા હતા, હોં ! એટલા માટે લખે છે કે પોતે એમ કરતા હતા. એવી ઉથલ-પાથલના સંયોગોના પ્રકારો ઉદયમાં ભજે ત્યારે એમ કહે 'ઋષભદેવ' આદિ પુરુષોએ, 'ઋષભદેવ' આદિ ભગવાને ગૃહસ્થની અંદર કેવી રીતે સ્થિરતા રાખી હશે ! આ વાત તો બહુ કઠણ છે. એમના ચારિત્રનું હું સ્મરણ કરું છું એમ કહે છે. કેમકે મારામાં એવી શક્તિ નથી કે હું આમાં ટકી શકું. એમ લાગે છે. બહુ કામ કર્યું છે પણ છતાં એમ માનવાની બુદ્ધિ નથી થતી કે મેં બહુ કામ કર્યું છે. એવો અભિપ્રાય નથી થતો. પણ જ્યાં પ્રસંગોના ઉલ્કાપાત મચે છે ત્યારે એવા 'ઋષભદેવ' ભગવાન જેવા મહાપુરુષો જે ગૃહસ્થાશ્રમમાં રહીને... ક્ષાયિક સમકિતી હતા ને ? સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા હતા. સર્વાર્થસિદ્ધિમાંથી ક્ષાયિક સમ્યગ્દર્શન લઈને આવ્યા છે. એવી રીતે રહેવાની હજી મારામાં શક્તિ નથી એમ કહે છે.

જરાક વૃત્તિ શિથિલ થાય, વૃત્તિ મંદ થાય ત્યાં, હોં ! પુરુષાર્થની '**વૃત્તિ જ્યાં મંદ થાય ત્યાં વીતરાગપુરુષોની દશાનું સ્મરણ કરવું, તે અદ્‌ભુત ચારિત્ર પર દૃષ્ટિ પ્રેરીને**

વૃત્તિને અપ્રમત્ત કરવી,...' એવા મહાપુરુષોના આચરણમાંથી પ્રેરણા લેવી. એવા મહાપુરુષના આચરણથી પ્રેરણા લેવી. પ્રમાદ થાય ત્યારે મહાપુરુષોના આચરણરૂપ કથાનુયોગને ચિંતવનમાં લેવો. વૃત્તિ જડ જેવી થાય, કાંઈ આત્મવિચાર ન ચાલે તો કરણાનુયોગમાં બુદ્ધિને-મતિને પરોવવી, જ્ઞાનને કરણાનુયોગમાં પરોવવું. એમણે ચારેય અનુયોગમાં લીધું છે એક જગ્યાએ. ચારેય અનુયોગની વાત લીધી છે કે આમ થાય ત્યારે આમ કરવું, આમ થાય ત્યારે આમ કરવું.

મુમુક્ષુ :- કરણાનુયોગમાં વૃત્તિ પ્રેરવી એ વાત સમજાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એમ કહેવા માગે છે કે કોઈ વખત એનું મન સુસ્ત થઈ જાય. કેવું થઈ જાય ? આત્માનો કાંઈ વિચાર જ ચાલે નહિ. સાવ સુસ્ત મન થઈ જાય. બીજી પણ પ્રવૃત્તિનો વિચાર ન ચાલે. સુસ્ત મન થઈ જાય. તો એ મનને ગતિ આપવા માટે... વિચારને ફેરવવા. આનું આમ થાય છે, આવા ભાવનું આવું ફળ મળે છે, આવા ભાવનું આવું ફળ મળે છે, આવા ભાવનું આવું ફળ મળે છે. એ રોગ અનુસારની દવા છે લ્યો ઠીક ! બહુ વિશિષ્ટ પ્રજ્ઞાવંત પુરુષ હતા. 'શ્રીમદ્‌જી' છે એ કોઈ વિશિષ્ટ પ્રજ્ઞાવંત પુરુષ હતા ! એટલે કયા રોગ વખતે કઈ દવા આપવી એ બધું લખતા ગયા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સ્થૂળ વિષય પણ છે અને સૂક્ષ્મ વિષય પણ છે. એમાં એકલો સૂક્ષ્મ વિષય નથી. સ્થૂળ વિષય પણ છે. આવી રીતે સુસ્ત મન હોય અને મન સહિત મતિ-શ્રુતનો સારો એવો પોતાનો ઉઘાડ હોય, છતાં એનું પરિણમન સાવ સુસ્ત થઈ જાય તો તિર્યંચગતિનું આયુષ્ય બંધાય જાય. ગતિ પડી જાય તો તિર્યંચની પડી જાય. કામે લાગ તું. એક એક સમય જાય છે એ રત્નચિંતામણિથી અધિક છે. ચક્રવર્તીની સંપત્તિથી પણ અધિક છે એવું મૂલ્ય જાણીને એનો સદુપયોગ તું કર.

કથાનુયોગ પણ કામ આવે છે. જ્ઞાનીઓને પણ, હોં ! મુમુક્ષુને તો કામ આવે એમ નહિ, જ્ઞાનીઓને પણ કામ આવે છે. જુઓ ! 'ગુરુદેવ'ના પ્રવચનોમાં તમે જોજો કથાનુયોગની ઘણી વાત આવશે. 'રામચંદ્રજી'ની, 'પાંડવો'ની એવી ઘણી વાતો એમાં આવે છે. એનું કારણ શું ? ચારેય અનુયોગ આવવાના. એક પ્રવચનમાં ચારેય અનુયોગ આવવાના. કરણાનુયોગની વાત આવ્યા વગર રહે નહિ, દ્રવ્યાનુયોગની વાત આવ્યા રહે નહિ, દ્રવ્યાનુયોગ તો 'ગુરુદેવ'નો મુખ્ય વિષય હતો. પણ કરણાનુયોગની પણ આવે. આમાંથી આમ બંધાય, આમાંથી આમ બંધાય, આનું આમ થાય, આનો રસ મંદ થાય, ફલાણું થાય, આની આ લેશ્યા થાય, એ બધું કરણાનુયોગમાં જાય છે. ચૌદ બ્રહ્માંડનો

જેટલો વિષય છે એ બધો કરણાનુયોગમાં જાય છે. વત્તા-ઓછા પ્રમાણમાં બધું આવ્યા વિના રહે નહિ. કેમકે કોઈ જીવ કઈ સ્થિતિમાં બેઠો છે, કોઈ જીવ કઈ સ્થિતિમાં બેઠો છે, કોઈ કઈ સ્થિતિમાં બેઠો છે. સભાની અંદર તો અનેક જાતના જીવો છે. કોઈને કાંઈ કામમાં આવી જાય... કોઈને કાંઈ કામમાં આવી જાય. જેવી જેની યોગ્યતા. ગ્રહણ કરવા તૈયાર થયેલો હોવો જોઈએ. જેને અડવું નથી એને તો કાંઈ અડવાનું નથી. જે લેવા માટે તૈયાર થયો છે એને તો કાંઈ કાંઈ માલ મળ્યા વગર રહે નહિ.

એ 'પરમાગમસાર'ના ઉપોદઘાતમાં નાખ્યું છે, હોં ! 'પરમાગમસાર' ના ઉપોદ્ઘાતમાં લખ્યું છે. 'ગુરુદેવ'ના પ્રવચનોમાં એ વાત હતી કે એક અભણમાં અભણ મનુષ્યથી માંડીને વિદ્વાનમાં વિદ્વાન, ઘણો શાસ્ત્રનો વિદ્વાન હોય એ બધાને માલ મળે એવું એમનું પ્રવચનનું વક્તવ્ય હતું. શ્રુતની લબ્ધિ હતી ને એમ કરીને એ લીધું છે. શ્રુતની લબ્ધિ હતી. વાણીને એવી રીતે વર્ણવી છે.

'**તેઓશ્રીના નિર્મળભાવ શ્રુતજ્ઞાનમાં અધ્યાત્મના અનેક ગૂઢ રહસ્યો ભાસ્યમાન થઈને વચનરૂપે વ્યક્ત થયા છે. સાદી ભાષામાં પણ...**' એટલે કાઠિયાવાડી ભાષા સાદી. '**સાદી ભાષામાં છણાવટ કરવાની વિષદ શૈલી...**' એટલે સ્પષ્ટ શૈલીમાં. '**અધ્યાત્મની અનેકવિધ સૂક્ષ્મતા, (આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ અને પ્રાપ્તિની વિધિ), પુરુષાર્થ પ્રેરક તીક્ષ્ણતા, સ્વાનુભવની અભેદતા આદિ અલૌકિક ગુણોથી વિભૂષિત એવી તેઓશ્રીની વાણીમાં, લૌકિક વક્તૃત્વકળાની કૃત્રિમતા...**' ન હોતી. આ જે લોકો વક્તાઓ હોય ન, છટા એ જાતની ભલે ન હોય છતાં પણ સભાની અંદર '**વિદ્વાનમાં વિદ્વાન શ્રોતા...**' હોય, સભાની અંદર વિદ્વાનમાં શ્રોતા બેઠો હોય '**અને અભણમાં અભણ...**' કોઈ શ્રોતા ગામડિયો આવીને બેઠો હોય, ચાર ચોપડી પણ ન ભણ્યો હોય. છતાં પણ '**અભણમાં અભણ શ્રોતા ઉપર કોઈ એવી અવર્ણનીય પ્રભાવિત...**' એ પ્રભાવિત થતા. બધા જ પ્રભાવિત થાય. તેવી '**અસર થતી કે હજારો શ્રોતાઓ પ્રવચનમાં જાણે મંત્ર મુગ્ધ થઈને ડૂબી જતાં.**' Pindrop silence હોય. દસ હજારની મેદની હોય તોપણ ઘોંઘાટ ન હોય. એ વિદ્વાનમાં વિદ્વાન અને અભણમાં અભણ માણસોને પ્રભાવિત કરનારી વાણી હતી. એ બધો વિષય આવતો. સ્થૂળ, સૂક્ષ્મ બધો વિષય.

જેને જે કોટીમાં હોય એને લગભગ કામમાં આવી જાય. એને એમ થાય કે મને કામમાં આવે એવી વાત પ્રવચનમાં છે ખરી. એને એમ લાગે. જો ધ્યાન એનું કાંઈ લેવા માટેનું હોય તો લાગે. નહિતર ન લાગે. મારે કાંઈક આમાંથી મેળવવું છે એમ લાગે તો એને કામની કોઈ ને કોઈ વાત આવ્યા વગર રહે નહિ. પ્રવચન પછી ઘણા શ્રોતાઓ

'ગુરુદેવ'ને કહેતા કે, સાહેબ ! એક પ્રશ્ન ઘણા વખતથી મૂંઝવતો હતો ને પણ વગર પૂછ્યે આપના પ્રવચનમાં જવાબ આવી ગયો. આવા તો સેંકડો દાખલા બન્યા છે. પૂછયા વગર પણ જવાબ આવી ગયો છે એમનો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે. એવો વચનઅતિશય હોય છે.

'તે અદ્‌ભુત ચારિત્ર પર દૃષ્ટિ પ્રેરીને...' એટલે ઘણાં શું વિચારે કે આપણે તો હવે કથાનુયોગનું કાંઈ કામ નહિ. આપણે તો એકલું દ્રવ્યાનુયોગ પકડવાવાળા. કરણાનુયોગનું કામ નહિ ને આપણે તો. પણ ભાઈ ! બધું કામમાં આવે એવું છે. વૃત્તિ કોઈને એકધારી જ્ઞાનીઓની રહેતી નથી. આ તો મોક્ષમાર્ગે ચડેલા એકાવતારી પુરુષો છે તોપણ તીવ્ર-મંદ, તીવ્ર-મંદ પુરુષાર્થ થયા કરે છે. એ પણ 'ઋષભદેવ' ભગવાનના ચારિત્રને જનકવિદેહીના ચારિત્રને સંભારે છે.

તેમની '**દશાનું સ્મરણ કરવું, તે અદ્‌ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે.**' એ પ્રકારે સુગમપણે અને ઉત્કૃષ્ટ પ્રકારે આત્માને ઉપકાર થાય અને કલ્યાણ થાય એવો એ પ્રકાર છે. માટે એ પ્રકારમાં આવવું. જેને પત્ર લખ્યો છે એને એ પ્રકારમાં આવવા માટે લખ્યું છે. લિખિતન શબ્દ વાપર્યો છે '**નિર્વિકલ્પ.**' આટલું લખ્યા પછી શબ્દ વાપર્યો છે '**નિર્વિકલ્પ.**' હું તો નિર્વિકલ્પ છું. આ બધા વિકલ્પ છે તે હું નથી. વિકલ્પ છે તે હું નથી અને વિકલ્પ છે તે મારા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જિનવાણીની એને મહિમા ઓછી થઈ નહિ, જિનવાણીનો તિરસ્કાર થયો. શું થયો ? 'ટોડરમલજી'એ 'ગોમ્મટસાર' ઉપરની 'સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા' ટીકા લખી છે. એમાં એક જરા ધ્યાન ખેંચવા જેવી વાત લખી છે. ટીકા 'ખંડવા'માં વાંચી હતી. કરણાનુયોગ છે એની ઉપેક્ષા કરતા જિનવાણીનો તિરસ્કાર થશે. માટે ચારેય અનુયોગમાંથી કોઈપણ અનુયોગનો તિરસ્કાર જાણ્યે-અજાણ્યે ન થાય તેવું લક્ષ, એવો ખ્યાલ મુમુક્ષુને બરાબર હોવો જોઈએ. કાંઈ ન થવું જોઈએ. જેટલું 'સમયસાર' પૂજ્ય છે એટલું જ 'ગોમ્મટસાર' પૂજ્ય છે. જેટલું 'સમયસાર' પૂજ્ય છે એટલું જ 'ગોમ્મટસાર' પૂજ્ય છે. એ 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીદેવ'ની વાણી છે. એ જિનવાણી છે. ભલે કરણાનુયોગ ઉપર લખાણી. ત્યારે એમને એ જરૂરી લાગ્યુ હશે.

જે જે મહાત્માઓને જે જે કાળમાં વર્તમાન પરિસ્થિતિ અનુસાર જે શાસ્ત્રોની,

જે અનુયોગ ઉપર શાસ્ત્રોની રચના કરવી યોગ્ય લાગે તે કરે છે. અને તે યોગ્ય જ છે. 'પુષ્પદંત' અને 'ભૂતબલિ' 'ષટ્‌ખંડાગમ'ની રચના કરી. કરણાનુયોગના ગ્રંથ છે. 'વીરસેનસ્વામી' જેવાએ એના ઉપર ટીકા કરી. અધ્યાત્મ ગ્રંથ ન લીધો. 'ષટ્‌ખંડાગમ' ઉપર ટીકા કરી. 'ધવલ', 'જયધવલ' આદિ. કરણાનુયોગના ગ્રંથો છે. 'વીરસેનસ્વામી' એટલે કલિકાળ સર્વજ્ઞ કહેવાણા ! કેવા ? આ કાળના સર્વજ્ઞ કહેવાણા. એટલો ફાટ ફાટ જ્ઞાનનો દરિયો જોઈ લ્યો.

એ વખતમાં તો લોકો એમ કહેતા કે જૈનમાં કેવળજ્ઞાની થાય છે એની ખાતરી કરવી હોય તો જાવ વીરસેન સ્વામી પાસે. એ છદ્મસ્થ છે પણ તમને ખાતરી થઈ જશે કે આત્માને કેવળજ્ઞાન થાય છે કે ન થાય. કેવળજ્ઞાની લાગે એમનો પરિચય કરતા કે આ તો કોઈ કેવળજ્ઞાની લાગે છે. એવા આચાર્યો હોય છે એ કરણાનુયોગ હાથમાં લે છે.

મુમુક્ષુ :- કરણાનુયોગ એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- કરણાનુયોગ એટલે આ કર્મનો વિષય. કર્મબંધનો વિષય અને કર્મના ફળનો વિષય. કર્મફળ ચૌદ બ્રહ્માંડમાં છે. દેવલોક, મનુષ્યલોક, ચારેય ગતિ, અધોલોક બધા કર્મના ફળ છે ને ? 'તે તે ભોગ્ય વિશેષના સ્થાનક દ્રવ્ય સ્વભાવ.' એ ભોગવવાના સ્થાનો છે. કર્મ ભોગવવાના સ્થાનો છે. એ બધા કરણાનુયોગમાં આવે. એનું કારણ છે. પ્રથમ શ્રુતસ્કંધ છે ને એ ? એ વખતે અન્યમતોનું ઘણું જોર હતું. ભગવાનને પાંચસો વર્ષ થયા શ્વેતાંબર મતની શરૂઆત થઈ અને બીજા આ વેદાંત આદિ મતો પણ બહુ ફૂલ્યા ફાલ્યા. એની સામે આવા ચમત્કારિક મહાત્મા હોય તો સમાજ ઢળતો, વળતો પાછો વળી જાય. નહિતર બહુ મોટો પ્રવાહ આખો પલટાઈ જાય, અન્યમતમાં પલટાઈ જાય. જૈનમાંથી અજૈન થઈ જાય. એટલે આવા જ્ઞાનધારી, સાતિશય જ્ઞાનધારીની રચનાઓ જોઈને એમ થાય કે નહિ, જૈનમાં છે એ ક્યાંય જોવામાં આવતું નથી. કેમકે અન્યમતમાં કોઈ કર્મનો વિષય આટલો સૂક્ષ્મ અને ઊંડો છે નહિ. એટલે એને એ ચમત્કારિક લાગે.

મુમુક્ષુ :- કથાનુયોગ એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- કથાનુયોગ ? મહાપુરુષોનો પુરાણો-કથા એને કથાનુયોગ કહે છે. જે પુરાણપુરુષો થઈ ગયા, જૂના પુરુષો થઈ ગયા એમની કથા કરવી તે કથાનુયોગ. અને મુનિઓના અને ગૃહસ્થોના જે વ્યવહાર આચરણ, નિશ્ચય આચરણ, આચરણપૂર્વકના જે વ્યવહાર આચરણ એને ચરણાનુયોગ કહે છે. ક્યા ગુણસ્થાને કેટલું આચરણ હોય, કયા ગુણસ્થાને કેટલું આચરણ હોય એને ચરણાનુયોગ કહે છે. અને પદાર્થનું વિજ્ઞાન જ્યાં છે એને દ્રવ્યાનુયોગ કહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-

ધ્રુવ, ગુણ-ગુણી અને ધર્મોની ચર્ચા કરી હોય એ દ્રવ્યાનુયોગ છે. અને ચારેય અનુયોગમાં આત્મકલ્યાણનો, અધ્યાત્મનો વિષય બરાબર સાંકળી લેવામાં આવ્યો હોય છે. ક્યાંય પાછું અધ્યાત્મ નથી એવું નથી. ચારેયમાં સળંગ અધ્યાત્મ છે. એ ૮૪૩મો પત્ર થયો.

પત્રાંક-૮૪૪

આસો, ૧૯૫૪

કરાળ કાળ ! આ અવસર્પિણી કાળમાં ચોવીશ તીર્થંકર થયા. તેમાં છેલ્લા તીર્થંકર શ્રમણ ભગવાન શ્રી મહાવીર દીક્ષિત થયા પણ એકલા ! સિદ્ધિ પામ્યા પણ એકલા ! પ્રથમ ઉપદેશ તેમનો પણ અફળ ગયો !

૮૪૪. '**કરાળ કાળ !**' છે. અત્યારે કેવો કાળ છે ? કરાળ કાળ છે. એટલે બહુ હીણો કાળ છે. આ તો ૧૯૫૪ અને અત્યારે છે ૪૮, ૪૮ ને ૬ = ૫૪. ૯૪ વર્ષ પહેલાની વાત છે. ૯૪ વર્ષ પહેલા એમ કહે છે કે કરાળ કાળ છે. અત્યારે તો વિપરીતતા ઘણી વધી છે. '**આ અવસર્પિણી કાળમાં ચોવીશ તીર્થંકર થયા.**' ભગવાનને ૨૫૦૦ વર્ષ થઈ ગયા છે. ૨૪ તીર્થંકર થયા. તેમાં છેલ્લા તીર્થંકર '**શ્રમણ ભગવાન શ્રી મહાવીર દીક્ષિત થયા પણ એકલા ! સિદ્ધિ પામ્યા પણ એકલા !**' લગભગ પોણા ત્રણ મહિના બાકી હતા. બે મહિના ને વીસ દિવસ જેવું. અને એ નિર્વાણપદને પ્રાપ્ત થયા. અને એમના પછી ત્રણ કેવળી થયા. ગૌતમસ્વામી, સુધર્મસ્વામી અને જંબુસ્વામી.

જુઓને ! તીર્થંકર જેવા તીર્થંકર થયા તો સિદ્ધિ પામ્યા નિર્વાણપદમાં એકલા ગયા અને દીક્ષિત થયા પણ એકલા. દીક્ષા પણ એમણે એકલાએ લીધી. નહિતર તો હજારો રાજાઓ, હજારો માણસો, સેંકડો માણસો એની સાથે દીક્ષિત થઈ જાય. એવા પ્રભાવિત પુરુષો હોય કે હજારો-સેંકડો એની સાથે દીક્ષિત થઈ જાય. 'ઋષભદેવ' ભગવાનની દીક્ષામાં ચાર હજાર રાજાઓ હતા. પોતે રાજા હતા અને બીજા ચાર હજાર રાજાઓ રાજપાટ છોડીને દીક્ષિત થઈ ગયા. પછી ન પાળી શક્યા એ જુદી વાત છે પણ થઈ ગયા તે થઈ ગયા. મિથ્યાદષ્ટિ હોય તોપણ થઈ જાય. એમ નહિ. સમ્યગ્દષ્ટિ થાય નહિ, મિથ્યાદષ્ટિ હોય તોપણ એટલો વૈરાગ્ય હોય.

મુમુક્ષુ :- ગણધરદેવ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિયમથી ગણધરો મોક્ષગામી જ હોય.

'દીક્ષિત થયા પણ એકલા ! સિદ્ધિ પામ્યા પણ એકલા ! પ્રથમ ઉપદેશ તેમનો પણ અફળ ગયો.' કેવો વિચિત્ર કાળ છે એમ કહે છે. એવું નથી કે કોઈ સમર્થ પુરુષ થાય એટલે સામે ઘણાં પામે. એવું નથી. એવું હોય પણ ખરું અને એવું ન પણ હોય. ન પણ હોય તો એ આવા કરાળકાળમાં ન હોય એમ સમજવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તે કારણથી વાત હશે કોઈ. નહિતર તો એમ હશે કદાચ કે ભગવાનની વાણી નીકળે અને તરત જ કોઈને સમ્યગ્દર્શન થાય.

મુમુક્ષુ :- ગોતમ ગણધર હતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગૌતમ ગણધર હતા. એમને તો તરત જ લાભ થયો છે.

મુમુક્ષુ :- ... ફરી ફરીને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ હશે. પ્રથમ ઉપદેશ તેમનો ૬૬ દિવસે થયો. એ અપેક્ષાથી વાત છે.

કહેવાનો આશય એ છે, વિગતમાં આપણે ન જઈએ તો કાળ ઘણો હીણો છે. એમ કહેવું છે. કાળ ઘણો હીણો છે. હુંડાવસર્પિણી કાળ છે. એ 'ઘાનતરાયજી'એ ન ગાયું? 'જૈની જૈનશાસ્ત્રના નિંદક હુંડાવસર્પિણી જોરા' જૈન શાસ્ત્રની પણ નિંદા કરશે. જૈન હોવા છતાં પણ જૈન શાસ્ત્રની, જ્ઞાનીની વાણીની નિંદા કરશે. 'જાણીને જ્ઞાની ચૂપ રહીએ હુંડાવસર્પિણ જોરા' હુંડાવસર્પિણીનું જોર છે તો એ જિનવાણીની પણ નિંદા કરશે, જિનપ્રતિમાની પણ નિંદા કરશે એવા જૈનો થાશે. આ હુંડાવસર્પિણીનું સ્વરૂપ બતાવે છે.

એ ૮૪૪માં વર્તમાનકાળ વિષેના ઉદ્‌ગારો એમના નીકળેલા છે કે આ અત્યારે પરિસ્થિતિ છે. વિશેષ આવશે...

એક મરણની અથવા મૃત્યુના કારણની જીવને જેટલી ગંભીર ચિંતા થઈ જાય છે, તેથી અલ્પ ચિંતા અનંત જન્મ-મરણ અને તેના કારણની, પણ ન થતી હોય ! તો જીવને 'માર્ગ' ક્યાંથી સૂઝે ? અથવા તેને દઢ મોક્ષેચ્છા ક્યાંથી પ્રગટ થાય ? **(અનુભવ સંજીવની-૧૪૦૮)**

પત્રાંક-૮૪૫

આસો, ૧૯૫૪

ૐ

મોક્ષમાર્ગસ્ય નેતારં ભેત્તારં કર્મભૂભૃતાં,
જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં વંદે તદ્‌ગુણલબ્ધયે.
અજ્ઞાનતિમિરાધાનાં જ્ઞાનાંજનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ

યથાવિધિ અધ્યયન અને મનન કર્તવ્ય છે.

તા. ૪-૧૦-૧૯૯૨, પત્રાંક - ૮૪૫ થી ૮૫૫
પ્રવચન નં. ૪૧૦

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृतां।
ज्ञातारं विश्वतत्त्वानां वंदे तद्‌गुणलब्धये।।१।।

મોક્ષમાર્ગના જે નેતા છે. એટલે મોક્ષમાર્ગના દોરનારા છે. અનેક અનેક જીવોને મોક્ષમાર્ગમાં લઈ જનારા છે. આચાર્યદેવે તીર્થંકરદેવની સ્તુતિ કરી છે. અને જે કર્મરૂપી પર્વતને ભેદનારા છે. પર્વતને ભેદવો એ કઠિન છે. પણ જેનું પરાક્રમ એવું છે એ કર્મરૂપી પર્વતને ભેદનારા છે. 'સમંતભદ્રાચાર્ય'નો છે ઘણું કરીને.

મુમુક્ષુ :- તત્ત્વાર્થસૂત્રની ટીકા કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- તત્ત્વાર્થસૂત્રની ટીકા છે. એ જ છે. 'સમંતભદ્રાચાર્ય'ના...

મુમુક્ષુ :- ૮૪૪ પાને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તત્ત્વાર્થસૂત્ર ટીકા. આચાર્ય ક્યા એ નથી લખ્યું. બરાબર છે. એ ઘણું કરીને 'સંમતભદ્રાચાર્ય'નો છે. મારો એવો ખ્યાલ છે.

બીજું તો ગુરુનું મંગળાચરણ છે. ગુરુગીતા. ગુરુગીતા-૪૫. ૪૫મું પદ છે. ગુરુગીતા નામનો કોઈ ગ્રંથ છે. એમાં ગુરુના ગુણગાન કરવામાં આવ્યા હોય એને ગુરુગીતા કહે છે.

મોક્ષમાર્ગના જેઓ નેતા છે. કર્મરૂપી પર્વતના જેઓ ભેદનારા છે અને સર્વજ્ઞ હોવાથી સમસ્ત વિશ્વના તત્ત્વોના જાણનારા છે. કોઈ વાતથી અજાણ્યા નથી. એવા સર્વજ્ઞ પરમાત્માને તેમના ગુણોની પ્રાપ્તિ અર્થે 'વંદે તદ્‌ગુણ લબ્ધયે' તેમણે જે ગણો

પ્રગટ કર્યા છે એવા ગુણો પ્રગટ કરવાને અર્થે હું તેમને વંદન કરું છું, નમસ્કાર કરું છું.

મુમુક્ષુ :- આ બધા વંદન કરે છે એ એને માટે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરેખર વંદન જેને કરવામાં આવતા હોય એવા ગુણવાન આત્માના ગુણો પ્રાપ્ત કરવા માટે વંદન કરવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિને વંદન એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે છે. સમ્યગ્દૃષ્ટિને વંદન નથી કરવા એટલે કે એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી કરવી. એમ એમાંથી નીકળે છે. અન્યમતમાં તો સ્વર્ગાદિની પ્રાપ્તિ માટે કે અનુકૂળતાઓની પ્રાપ્તિ માટે ભગવાનને વંદન, પૂજનાદિ કરવામાં આવે છે. જિનમાર્ગમાં એવું નથી. અહીંયાં કોઈ પુણ્યના ફળ માટે વંદન કરવાનો પ્રકાર નથી. એટલે એ સ્પષ્ટ કર્યું છે. 'વંદે તદ્‌ગુણલબ્ધયે' એવા જ ગુણોની પ્રાપ્તિ અર્થે હું વંદન કરું છું. એ અસ્તિમાં નાસ્તિ આવી જાય છે કે ગુણોની પ્રાપ્તિ અર્થે એટલે કે પુણ્ય અને પુણ્યના ફળની પ્રાપ્તિ અર્થે નહિ. એ એમાં આવી જાય છે.

અજ્ઞાનતિમિરાધાનાં જ્ઞાનાંજનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ'

જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે, જ્ઞાનરૂપી સળીના અંજનથી. આ આંખની અંદર સળીથી સુરમો વગેરે અંજન આંજવામાં આવે છે ને ? આંજવાના પદાર્થને અંજન કહે છે. જેણે જ્ઞાનરૂપી શલાકા દ્વારા ચક્ષુને ખોલી નાખ્યા. ઉન્મીલીતં એટલે ખોલ્યા, મીલિતં એટલે મીંચવા. ઉન્મીલિતં એટલે ખોલવા. જેણે ચક્ષુને ખોલ્યા-જ્ઞાનચક્ષુને ખોલ્યા અને અજ્ઞાનઅંધારાનો જેણે નાશ કર્યો એવા શ્રીગુરુને હું નમસ્કાર કરું છું. એમ દેવ-ગુરુને નમસ્કાર કરવાનું બે પદ લખીને એક Post card માં ખાલી '**યથાવિધિ અધ્યયન અને મનન કર્તવ્ય છે.**' એટલે યથાર્થ પ્રકારે, યથાર્થ વિધિથી. '**યથાવિધિ...**' એટલે યથાર્થ વિધિથી સમ્યક્ પ્રકારે, સાચી રીતે શાસ્ત્ર અધ્યયન અને મનન કર્તવ્ય છે. એટલું ખાલી સંક્ષેપમાં એક Post card લખેલું છે.

પત્રાંક-૮૪૬

વનક્ષેત્રે ઉત્તરસંડા,
પ્ર. આસો વદ ૯, રવિ, ૧૯૫૪

ૐ નમઃ

अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ;
मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा. अध्ययन ५-९२

ભગવાન જિને આશ્ચર્યકારક એવી નિષ્પાપવૃત્તિ (આહારગ્રહણ) મુનિઓને ઉપદેશી. (તે પણ શા અર્થે ?) માત્ર મોક્ષસાધનને અર્થે. મુનિને દેહ જોઈએ તેના ધારણાર્થે. (બીજા કોઈ પણ હેતુથી નહીં.)

अहो निच्चं तवो कम्मं, सव्व बुद्धेहिं वण्णिअं;
जाव लज्जासमा वित्ती, एगभत्तं च भोयणं.
दशवैकालिक अध्ययन ६-२२

સર્વ જિન ભગવંતોએ આશ્ચર્યકારક (અદ્‌ભુત ઉપકારભૂત) એવું તપઃકર્મ નિત્યને અર્થે ઉપદેશ્યું. (તે આ પ્રમાણે :) સંયમના રક્ષણાર્થે સમ્યક્‌વૃત્તિએ એક વખત આહારગ્રહણ. (દશવૈકાલિકસૂત્ર.)

તથારૂપ અસંગ નિર્ગ્રંથપદનો અભ્યાસ સતત વર્ધમાન કરજો. 'પ્રશ્નવ્યાકરણ', 'દશવૈકાલિક', 'આત્માનુશાસન' હાલ સંપૂર્ણ લક્ષ રાખીને વિચારશો. એક શાસ્ત્ર પૂરું વાંચ્યા પછી બીજું વિચારશો.

અહીં બધા પત્રો એક એક Post card ના સંક્ષેપવાળા છે. ઉત્તરસંડાથી લખેલા છે. વનક્ષેત્રમાં આવેલા છે. વનક્ષેત્રમાં એટલે ત્યાં એકાંતમાં રહેતા અને ક્યારેક ક્યારેક જંગલમાં પણ ચાલ્યા જતા હતા.

'अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ;
मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा. अध्ययन ५-९२'

ઘણું કરીને ઉત્તરાધ્યયનનું (હશે).

મુમુક્ષુ :- દશવૈકાલિક.

પૂજ્ય ભાઈશ્રી :- દશવૈકાલિકનો.

એનો અર્થ કર્યો છે. '**ભગવાન જિને આશ્ચર્યકારક એવી નિષ્પાપવૃત્તિ (આહારગ્રહણ) મુનિઓને ઉપદેશી.**' આહારગ્રહણની પણ. અહીંયાં પ્રકરણ આહારગ્રહણનું ચાલતું હશે. એટલે કહે (છે), જિનેન્દ્ર ભગવાને મુનિઓને નિષ્પાપવૃત્તિએ આહાર ગ્રહણ કરવાનો ઉપદેશ કર્યો છે. ક્યાંય પણ થોડું પણ પાપ થાય એ પ્રકારે મુનિ આહાર ગ્રહણ કરે નહિ. કેમકે દીક્ષા અંગીકાર કરતી વખતે એ એમનો મૂળગુણ છે કે સર્વસાવદ્યયોગનો હું ત્યાગ કરું છું. સાવદ્યયોગ એટલે પાપ થાય એવા કોઈ પણ મન-વચન-કાયાના યોગથી પ્રવૃત્તિ ન થાય.

'**આશ્ચર્યકારક એવી નિષ્પાપવૃત્તિ...**' કેવી લીધી છે ? બીજાને આશ્ચર્ય થાય કે

આવી રીતે આહાર લે છે ! કેમકે એ ૪૬ દોષ રહિત આહારમાં એક દોષની શંકા પડે તોપણ મુનિરાજ તે દિવસે આહાર કરતા નથી. એમ નહિ કે અહીંયાં દોષ પડ્યો છે એટલે બીજાના ઘરે આહાર કરી લે. એમ નથી. એક ઘરે અનુકૂળ ન પડ્યું, કાંઈ દોષની શંકા પડી કે દોષ દેખાણો એટલે બાજુના ઘરે જઈને આહાર લઈ લે એવી રીતે નહિ. એમની વૃત્તિ એટલી આત્મામય હોય છે કે શંકા પડે કે દોષ લાગે એટલે આત્માકાર વૃત્તિ થઈને અને આત્મા અનાહારી પદાર્થ હોવાથી, આત્માકાર વૃત્તિ થઈને તેમનો આહારનો વિકલ્પ શાંત થઈ જાય છે. આહારનો વિકલ્પ મટી જાય છે.

જેમ કોઈ પેટ ભરીને જમે એને આહારનો વિકલ્પ મટી જાય છે તેમ. કેવી રીતે ? પેટ ભરાય ગયા પછી આહારનો વિકલ્પ નથી રહેતો એમ મુનિરાજને આહાર લેવા નીકળ્યા હોવા છતાં પણ જો આહારમાં કોઈપણ બાધા ઉત્પન્ન થાય તો એમનો વિકલ્પ પેટ ભર્યું હોય એવી રીતે શાંત થઈ જાય છે. આજે આહારનો યોગ લાગતો નથી. અનાહારી આત્માના આનંદમાં, શાંતિમાં ગરકાવ થઈ જાય છે. ત્યારપછી એમને બીજા દિવસ સુધી કે કેટલા દિવસ સુધી એનો કાંઈ મેળ નથી એમને. વધુમાં વધુ ચોવીસ કલાકે એકવાર આહાર કરે. ઓછામાં ઓછું તો ગમે તેટલા દિવસો આહાર વગરના જાય એમનો કાંઈ એ હિસાબ રાખતા નથી.

'**આશ્ચર્યકારક એવી...**' એમ લીધું છે ને ? '**આશ્ચર્યકારક એવી નિષ્પાપવૃત્તિ (આહારગ્રહણ) મુનિઓને ઉપદેશી.**' છે કે મુનિદશા તો આવી હોય. આત્મારામ પરિણામી છે એવા મુનિઓની દશા તો આવી હોય. ૮૬૬માં એના વિશેષણ વાપર્યા છે. ૬૩૨ પાને. દ્રવ્યાનુયોગનો વિષય લીધો છે ને ? ત્યાં. ચોથો Paragraph. '**સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે.**' એટલે ગમે તે માણસ 'સમયસાર' વાંચી લે એવું આમાં નથી. '**સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમવીતરાગ-દૃષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.**' આ મુનિઓની વાત લીધી છે. આત્મારામ પરિણામી છે. પરમવીતરાગ દૃષ્ટિવંત છે અને અસંગદશામાં રહેવાવાળા છે. જંગલમાં અસંગપણે રહેવાવાળા છે. તે દ્રવ્યાનુયોગને પરિણમવાના મુખ્ય પાત્ર છે.

અહીંયાં આહારનો વિષય લીધો છે. '**માત્ર મોક્ષસાધનને અર્થે.**' તે પણ શા અર્થે ? આહારગ્રહણ પણ શા અર્થે ? કે કેવળ મોક્ષના સાધન અર્થે. બીજી કોઈ વૃત્તિ નથી. શરીરના સાધન અર્થે, દેહાર્થે નહિ. પેટમાં ભૂખ લાગી છે એમ નહિ. આરાધનાની અંદર વિક્ષેપ ઉત્પન્ન થાય છે એને ટાળવાનો અલ્પ વિકલ્પ છે. કેટલો ? પોતાને મોક્ષની આરાધના જે વર્તે છે એમાં સહેજ વિક્ષેપ થવાનું કારણ દૂર કરવા અર્થે યથાવિધિએ

આહાર મળે તો લેવો નહિતર આત્મામાં લીન થઈ જવું. આહાર નહિ તો પાણી પણ નહિ પછી. આહાર નહિ તો પાણી પણ નહિ. પાણી પણ એક આહાર જ છે. એટલે આહાર નહિ તો પાણી પણ નહિ.

'માત્ર મોક્ષનાસાધનને અર્થે. મુનિને દેહ જોઈએ તેના ધારણાર્થે. (બીજા કોઈ પણ હેતુથી નહીં).' **'साहुदेहस्स धारणा'** એક મોક્ષના કારણે, આરાધના માટે દેહને ટકાવવો છે એટલા પુરતું. એની અંદર પણ નિયમ છે કે પેટ ભરીને મુનિ આહાર લે નહિ. જોકે ઊભા ઊભા હાથથી આહાર લેવો હોય એમાં તો પેટ ભરીને અમસ્તુ પણ જમવાનું થાય જ નહિ. એકવાર કૃત્રિમ પ્રયોગ કરે તોપણ માણસને ખ્યાલ આવે કે પેટ ભરીને જમવાનું બની શકે નહિ. ભાણે બેસીને નિરાંતે જમે એવી રીતે મુનિરાજ કદી જમતા નથી. એટલે ઉણોદરી તો એમને રોજ હોય છે, કાયમ હોય છે.

બીજું દશવૈકાલિકનું સૂત્ર લીધું છે કે **'अहो निच्चं तवो कम्मं'** એ શું છે ? કે શાસ્ત્ર વાંચી જતા એમાંથી સારભૂત કોઈ શ્લોક હોય એ બીજાને ટાંકતા. એટલે આખું શાસ્ત્ર વાંચે એમાંથી નીચોડ કાઢીને બહાર મૂકી દે. એ એમની વિશિષ્ટ જ્ઞાનની વૃત્તિ હતી કે આખા શાસ્ત્રમાં કોઈ મુખ્ય વાત શું છે, ખાસ વાત શું છે એ જુદી તારવી શકે. કોઈ પદ હોય, કોઈ શાસ્ત્ર હોય બધામાં એવું દેખાય છે.

अहो निच्चं तवो कम्मं, सव्व बुद्धेहिं वण्णिअं;
जाव लज्जासमा वित्ती, एगभत्तं च भोयणं।।

'સર્વ જિન ભગવંતોએ આશ્ચર્યકારક (અદ્‌ભુત ઉપકારભૂત) એવું તપઃકર્મ નિત્યને અર્થે ઉપદેશ્યું.' નિત્ય તપ કરવું. સાધુએ હંમેશા તપ કરવું. કો'ક દિ' તપ કરવું નહિ. ચારે પ્રકારની આરાધના. દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ. એ ચારે પ્રકારની આરાધના મુનિને નિત્ય હોય છે. **'(તે આ પ્રમાણે :) સંયમના રક્ષણાર્થે સમ્યક્‌વૃત્તિએ એક વખત આહારગ્રહણ.'** કરવો. આ શાસ્ત્ર તો શ્વેતાંબરનું છે અત્યારે. એમાં પણ એક વખત આહારની વાત લીધી છે. આ તો સ્થાનકવાસીમાં પણ છે. દશવૈકાલીક તો સ્થાનકવાસીને પણ માન્ય છે. એ શ્વેતાંબર શાસ્ત્ર છે તોપણ **'एगभत्तं च भोयण'**. એક જ વખત આહાર લેવાની રજા છે. બીજી વખત આહાર લે તે સાધુ જ નહિ. ઠીક ! શાસ્ત્રોક્ત વાત છે. શું છે કે વાણિયા લોકો કોઈ શાસ્ત્ર વાંચતા નથી. એને દેખાડે કોણ ? કે, સાહેબ ! આમાં આમ લખ્યું છે ને તમે કેમ બે વખત, ત્રણ વખત આહાર લ્યો છો ? એ એને કોઈ કહેવાવાળુ ન રહ્યું. કોઈને ખબર નથી. એ લોકોને જ મોટા ભાગનાને ખબર નથી. એ લોકો પણ મોટાભાગનાને ખબર નથી. આપણા ગુરુ કરે એમ આપણે

કરીએ. એ સિવાય એ લોકોને બીજી કાંઈ ખબર નથી. આ તો જિનાજ્ઞા ઉપર પગ મૂકવા જેવું છે. જિનાજ્ઞા તોડવાની વાત છે.

આપણે ઘણીવાર આપણા લોકોને પ્રશ્ન ઊઠે છે કે સ્થાનકવાસીના, દેરાવાસીના સાધુઓ ઘરે વહોરાવા આવી જાય તો આહાર આપવો કે ન આપવો ? આ પ્રશ્ન ઉઠે છે કે નહિ ? ત્યારે બીજું કાંઈ નહિ. આહાર દેવામાં તો બીજો કાંઈ વાંધો નથી. કરુણાવૃત્તિએ, કારુણ્યવૃત્તિએ આહાર દેવો જોઈએ. ધર્મવૃત્તિએ નહિ. એક વાત. બીજી વાત એ છે કે આહાર દે ત્યારે મહારાજને શાંતિથી ઊભા રાખીને એક પ્રશ્ન પૂછવો જોઈએ કે, મહારાજ ! આપણા શાસ્ત્રોમાં મુનિએ દિવસમાં કેટલી વખત આહાર લેવો એવું લખ્યું હોય તો એવું કાંઈ આપના જાણવામાં છે ? આપણે અજાણ્યા થઈને પૂછવામાં કાંઈ વાંધો છે ? પછી ઉત્તરાધ્યયનના છઠ્ઠા અધ્યયનો બાવીસમો શ્લોક યાદ રાખવો. ઈ એમ કહે કે મને ખબર છે. તો તો કહેશે જે ખબર હશે ઈ. અમે કાંઈ હજી વાંચ્યું નથી. તો કહે, આ વાંચી લેજો. એટલે જો આ પ્રમાણે આહારનો નિયમ ન રાખવામાં આવે તો જિનેન્દ્રદેવે જે શાસ્ત્રમાં આજ્ઞા કરી છે એ આજ્ઞા વિરૂદ્ધતા થાય કે ન થાય ? એમાંથી કેટલા સાધુને બાદ કરવા પડે ? એકેય સાધુનો પછી એમાં નંબર લાગે એવું નથી. શ્વેતાંબરમાં તો. દિગંબરમાં તો હજી એક જ વખત આહાર છે. એ લોકો તો ઊભા ઊભા એક જ વખત આહાર-પાણી લે છે. ભલે આહારના બીજા દોષ છે એ હજી નિવારતા નથી. પણ આવડી મોટી વાતનું ઉલ્લંઘન નથી કર્યું.

મુમુક્ષુ :- આચારંગ પુસ્તકમાં બધું લખેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આચારંગમાં બધું લખેલું છે.

મુમુક્ષુ :- આહાર ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ બધું લખેલું છે.

'રામસૂરી' મહારાજે મને 'અમદાવાદ'માં પૂછ્યું હતું. સાધુને આવું હોય એવું ક્યા શાસ્ત્રમાં આવે છે ? કીધું, આચરણના શાસ્ત્રમાં, ચરણાનુયોગના શાસ્ત્રોમાં આવે છે. એમ નહિ ક્યા શાસ્ત્રમાં આવે છે ? પ્રશ્ન તો મને યાદ નથી રહ્યો. 'પ્રવચનસાર'માં આવે છે એમ જવાબ દીધો. પછી કાંઈ બોલ્યા નહિ. પછી થોડી ચર્ચા કરીને બીજો પ્રશ્ન કર્યો. અંતરિક્ષ પાર્શ્વનાથની ચર્ચા બીજી કરી હતી. એ લોકો Test કરે છે કે એ એમ ને એમ વાત કરે છે કે કાંઈ વાચ્યું છે કે અધ્યય છે કે નહિ. પછી નામ ન લે. એમ ખબર પડે કે આ જાણકાર માણસ છે. પછી નામ ન લે. નહિતર તો તડકાવી દે.

'તથારૂપ અસંગ નિર્ગ્રંથપદનો અભ્યાસ સતત વર્ધમાન કરજો.' ઘણું કરીને આ 'લલ્લુજી'ને પત્ર લખ્યો હશે. આમાં તો કાંઈ નામ નથી. **'તથારૂપ અસંગ નિર્ગ્રંથપદનો**

અભ્યાસ સતત વર્ધમાન કરજો.' એટલે અસંગ રહેવા માટેનો પ્રયત્ન કરજો. દીક્ષા લીધી છે પણ સમાજ સાથે, અનેક વ્યક્તિઓ સાથે પરિચય વધારીને સંગ વધારશો નહિ. **''પ્રશ્નવ્યાકરણ', 'દશવૈકાલિક', 'આત્માનુશાસન' હાલ સંપૂર્ણ લક્ષ રાખીને વિચારશો. એક શાસ્ત્ર પૂરું વાંચ્યા પછી બીજું વિચારશો.'** ક્રમથી. આદિથી અંત સુધી એક શાસ્ત્ર શરૂ કરવું. એ પૂરું કર્યા પછી બીજું શાસ્ત્ર શરૂ કરવું. એ રીતે અધ્યયન કરવું.

મુમુક્ષુ :- નિર્ગ્રંથપદ કીધું એટલે મુનિપદની ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને નિર્ગ્રંથપદની ભાવના તો દરેક મુમુક્ષુને, સમ્યગ્દૃષ્ટિને હોવી ઘટે છે. એટલે એ પદની ભાવના, ભાવનારૂપ અભ્યાસ સતત વર્ધમાન કરવા યોગ્ય છે. મુમુક્ષુ એમ ન વિચારે કે હજી મને તો સમ્યગ્દર્શન ન થયું એટલે મારે મુનિપદનો ક્યાં વિચાર કરવો ? એમ નથી. એણે તો વિચાર કર્યો છે નિર્વાણપદનો. એટલે કોઈપણ, અલ્પ પણ દોષ ન થાય એની જાગૃતિ મુમુક્ષુ પણ રાખે, રાખે છે અને રાખે તો એનું ધ્યેય બરાબર છે. ધ્યેય હોય એટલે એની કાળજી આવ્યા વગર રહે નહિ. અને ધ્યેયવાળાને કાળજી આવે જ. કાળજી ન આવે તો એમ સમજવું કે એને હજી ધ્યેયનું ઠેકાણું નથી. એ બધા ધ્યેય બાંધ્યા એના લક્ષણ છે. એ ૮૪૬ થયો.

પત્રાંક-૮૪૭

ખેડા, દ્વિ. આસો સુદ ૬, ૧૯૫૪

ૐ

અવિક્ષેપ રહેશો. યથાવસરે અવશ્ય સમાધાન થશે. અત્રે સમાગમાર્થે આવવા યથાસુખ વર્તશો.

૮૪૭ મો 'ઝવેરચંદભાઈ કાવિઠા' ઉપરનો છે. 'ઝવેરચંદભાઈ' અને 'રતનચંદભાઈ' બે ભાઈઓ ત્યાં હતા ને. 'કાવિઠા' જતા હતા. જેને ત્યાં ઉતરતા હતા તેને 'ખેડા'થી પત્ર લખેલો છે. **'અવિક્ષેપ રહેશો. યથાવસરે અવશ્ય સમાધાન થશે.'** કોઈ પ્રશ્ન લખ્યો છે. ખળભળાટ થયો હશે. તો કહે તમારે શાંતિ રાખવા જેવી છે, મનનો વિક્ષેપ રાખવા જેવો નથી. યથાવસરે અવશ્ય સમાધાન તમારું થઈ જશે. **'અત્રે સમાગમાર્થે આવવા યથાસુખ વર્તશો.'** એટલે 'ખેડા' તમારે આવવું હોય તો તમારી અનુકૂળતા પ્રમાણે આવી શકો છો એમ કહેવું છે. કોઈને આગ્રહ નથી કે તમે સત્સંગમાં આવો, કેમ આવતા નથી ? એ પ્રશ્ન નથી. જોયું ! યથાસુખ વર્તશો એટલે તમને સુખ ઊપજે એમ. એ ખાલી એક લીટીનું Post card છે.

પત્રાંક-૮૪૮

ખેડા, બી. આસો સુદ ૯, શનિ, ૧૯૫૪

લગભગ હવે ત્રણ મહિના પૂર્ણ થવા આવ્યા છે. આ ક્ષેત્રોમાં હવે સ્થિતિ કરવાની હમણાને માટે વૃત્તિ રહી નથી. પરિચય વધવાનો વખત આવી જાય.

૮૪૮મો 'રેવાશંકર જગજીવન' એમના કાકાજી સસરા ભાગીદાર હતા. એને 'ખેડા'થી પત્ર લખેલો છે. '**લગભગ હવે ત્રણ મહિના પૂર્ણ થવા આવ્યા છે.**' ક્યાં ? એ બાજુ. 'કાવિઠા' આવેલા. 'મુંબઈ'થી કે 'મોરબી'થી. 'મુંબઈ'થી શ્રાવણ મહિને આવે છે. 'કાવિઠા' શ્રાવણ વદ બારશે આવ્યા છે. શ્રાવણ, ભાદરવો, આસો.

મુમુક્ષુ :- બે આસો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બે આસો છે. બરાબર આ દ્વિતીય આસો ચાલે છે ને એટલે ત્રણ મહિના થયા.

'**લગભગ હવે ત્રણ મહિના પૂર્ણ થવા આવ્યા છે. આ ક્ષેત્રોમાં હવે સ્થિતિ કરવાની હમણાં માટે વૃત્તિ રહી નથી.**' કારણ આપ્યું છે. '**પરિચય વધવાનો વખત આવી જાય.**' ઠીક ! કોઈની સાથે વધારે પ્રીતિ નથી કરવી એમ કહે છે. અહીંયાં ધામા નાખીને પડ્યા રહીએ. કેમકે આ બાજુ બધાને બહુ ધર્મલાભ લેવાનો ભાવ રહે છે. એ બધી વાતો છે. ખરેખર તો પોતાને ગોઠતું હોય છે એટલે એક બાજુ વધારે પડ્યા રહે છે. અત્યારે તો સાધુ બાર બાર મહિના પડ્યા રહે. બબ્બે વર્ષ, પાંચ-પાંચ વર્ષ. ઘણા તો કાયમ માટે અડ્ડો જમાવીને બેસે. ક્ષેત્ર છોડતા જ નથી.

હજી તો એ સાધુપદમાં નથી આવ્યા. ગૃહસ્થપદમાં નિવૃત્તિએ છે તોપણ એક ક્ષેત્ર, એક ગામમાં તો નહિ પણ એક ઈલાકામાં. આ 'ખેડા' જિલ્લો, 'આણંદ' જિલ્લો. 'કાવિઠા' ને એ 'આણંદ' જિલ્લામાં છે, 'નડિયાદ' અને 'ઉત્તરસંડા' એ 'ખેડા' જિલ્લામાં છે. બે જિલ્લામાં ફરે તો કહે ત્રણ મહિના થઈ ગયા હવે નહિ. વધુ પડતો પરિચય નથી કરવો. મુમુક્ષુઓ સાથે પણ વધુ પડતો લગવાડ નહિ. લ્યો ઠીક ! અમારે અહીંયાં બહુ બને છે આ લોકો સાથે એ પ્રકાર નથી. આ તો મુનિદશાનો અભ્યાસ કરે છે ને ? પોતે મુનિપદના પુરુષાર્થમાં આવવા માગે છે. ૩૧મું વર્ષ છે ને.

કોઈ ક્ષેત્રમાં લાંબો વખત વસવાટ કરીને ત્યાં રહેતા માણસો સાથે વધારે પડતો સંબંધ બંધાય જાય, વધારે લાગણીનો સંબંધ બંધાય જાય, આ તો કોઈ સંસારિક લાગણી નથી, ધાર્મિક લાગણીમાં પણ વધારે પડતો સંબંધ, રાગબંધન તીવ્ર થાય એની

સાવચેતી રાખી, જુઓ ! '**પરિચય વધવાનો વખત આવી જાય.**' માટે હવે અહીંથી અમે નીકળી જઈશું એમ કહે છે.

પત્રાંક-૮૪૯

ખેડા, દ્વિ. આશ્વિન વદ, ૧૯૫૪

હે જીવ ! આ ક્લેશરૂપ સંસારથી નિવૃત્ત થા, નિવૃત્ત થા.

વીતરાગ પ્રવચન.

૮૪૯ માં પણ એક લીટી નાખી છે. '**હે જીવ ! આ ક્લેશરૂપ સંસારથી નિવૃત્ત થા, નિવૃત્ત થા.**' જુઓ ! પોતે ને પોતે પોતાને સંબોધન કરે છે કે હે જીવ ! આ કેવળ ક્લેશમય જે આ સંસાર છે એનાથી નિવૃત્ત થઈ જા, નિવૃત્ત થઈ જા. હવે આમાં રહેવું નથી. આ વખતે મુનિપદની ભાવનામાં વિશેષ આવ્યા છે ને. '**વીતરાગ પ્રવચન.**' આ વીતરાગદેવનું પ્રવચન છે અને એ પ્રવચનનું પોતે ભાવનાથી સ્મરણ કરે છે. એ એક Post card લખીને મૂકી દીધું છે.

પત્રાંક-૮૫૦

આસો, ૧૯૫૫

મારું ચિત્ત, મારી ચિત્તવૃત્તિઓ એટલી શાંત થઈ જાઓ કે કોઈ મૃગ પણ આ શરીરને જોઈ જ રહે, ભય પામી નાસી ન જાય !

મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે આ શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે !

એ ૩૧મા વર્ષમાં જે છેલ્લો પત્ર છે '**મારું ચિત્ત, મારી ચિત્તવૃત્તિઓ એટલી શાંત થઈ જાઓ કે કોઈ મૃગ પણ આ શરીરને જોઈ જ રહે, ભય પામી નાસી ન જાય !**' જે હરણીયા હોય છે એ તો માણસને જોવે એટલે માંડે ભાગવા. કેમકે માણસ હરણનો શિકાર કરી જાય છે. એટલે માણસને ભાળે ત્યાં ભાગે. એટલું ચંચળ છે. સહેજ અવાજ આવે તો કોઈક માણસ આવતો લાગે છે, ત્યાં ભાગી જાય. જોવા ઊભું ન રહે. કહે છે, '**મારું ચિત્ત, મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ...**' અને એ શાંત વૃત્તિની શરીર ઉપર શાંતતાની એટલી અસર ઉત્પન્ન થાય કે જોનારને એમ લાગે કે આ તો કોઈ શાંતિની મૂર્તિ છે. શું લાગે ? જોનારને એમ લાગે કે આ કોઈ શાંતિની મૂર્તિ છે.

એવી મુનિદશામાં પરિસ્થિતિ થાય છે. ઘણી આત્માની શાંતિ પ્રગટે છે. જોનારને, દર્શન કરનારને પણ શાંતિ ઊપજી જાય છે. એવા મુનિઓ હોય છે. એ પોતે ભાવના ભાવી છ કે એટલી મારી ચિત્તની વૃત્તિઓ શાંત થઈ જાવ કે હરણને પણ ભાગવાનું મન ન થાય, એને જોઈ રહેવાનું મન થાય કે ઓહો..! આ કોઈ શાંત પુરુષ છે, કોઈ શાંતિની મૂર્તિ છે ! એને ખસવાનું મન ન થાય. ઠીક ! જોયા કરે. ભાગવાને બદલે થંભી જાય. એટલી શાંતિ મને પ્રગટ થાવ એમ કહે છે.

'મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય...' ખંજવાળે ને ? શીંગડા ખરી ગયા હોય. વૃદ્ધ મૃગ એટલા માટે લીધું છે. નહિતર તો માથુ ખંજવાળવા જાય તો શીંગડા વાગે ને ? મોટો મોટા શીંગડા હોય છે એને. પણ મોટી ઉંમરમાં શીંગડા ખરી ગયા હોય. **'વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય...'** પછી એને ચળ આવે. **'તે આ શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે !'** ઠીક !

'અડોળ આસન ને મનમાં નહિ શોભતા.' મુનિરાજ જંગલની અંદર એવા અડોલ આસનથી ધ્યાનમાં બેસે છે કે આઘાથી કો'કને એમ લાગે કે લાકડાનું ઠુંઠું લાગે છે. સાંજ પડી ગઈ હોય, આછુપાતળું અજવાળુ-અંધારુ હોય તો એમ ન ખબર પડે કે આ માણસ બેઠો છે કે અહીંયાં કોઈ ઝાડ કપાયને લાકડું બટકી ગયું છે. એ જાતની છાલ એવી શરીરના ચામડીના રંગની હોય તો કોઈ હરણીયાને, વૃદ્ધ હરણીયાને માથે ખંજવાળ આવતી હોય તો એ ભાગી જવાને બદલે શરીર સાથે માથુ ઘસે. મુનિ હલે-ચલે નહિ. કાંઈ નહિ.

એને ભૂલ થઈ એનું કારણ એ છે કે અહીંયાં શરીરની ચંચળતા ઘટી ગઈ છે. સ્થિર આસનથી સ્વરૂપધ્યાનમાં લાગેલા છે. એમ કહીને ભાવના ભાવી છે કે મારી આત્મસ્થિરતા, આત્મધ્યાન એવું અડોલ થઈ જાવ કે હરણિયા છે એ શરીર સાથે પોતાના અંગને ઘસે તોપણ એને ખબર ન પડે કે આ હું માણસના શરીર સાથે ઘસુ છું. નહિતર તો માણસને જોઈને ભાગે એ તો. એટલી શાંતિ અંદરમાં ઊપજો, ઉત્પન્ન થાવ કે જેની બાહ્ય શરીર ઉપર એટલી અસર દેખાય. એમ લેવું છે.

એ વનક્ષેત્રમાં એમને મુનિદશાના કેવા ભાવ આવ્યા હતા ! એ કારતક મહિનામાં 'મુંબઈ' આવ્યા છે. આસો મહિનાના છેલ્લા પત્રમાં 'ખેડા'માં પત્ર લખ્યા છે.

પત્રાંક-૮૫૧

મોહમયીક્ષેત્ર, કા. સુદ ૧૪, ગુરુ, ૧૯૫૫

હાલ હું અમૂક માસ પર્યંત અત્રે રહેવાનો વિચાર રાખું છું. મારાથી બનતું ધ્યાન આપીશ. આપના મનમાં નિશ્ચિંત રહેશો.

માત્ર અન્નવસ્ત્ર હોય તોપણ ઘણું છે. પણ વ્યવહારપ્રતિબદ્ધ માણસને કેટલાક સંયોગોને લીધે થોડુંઘણું જોઈએ છે, માટે આ પ્રયત્ન કરવું પડ્યું છે. તો ધર્મકીર્તિપૂર્વક તે સંયોગ જ્યાં સુધી ઉદયમાન હોય ત્યાં સુધી બની આવે એટલે ઘણું છે.

માનસિક વૃત્તિ કરતાં ઘણા જ પ્રતિકૂળ માર્ગમાં હાલ પ્રવાસ કરવો પડે છે. તમહૃદયથી અને શાંત આત્માથી સહન કરવામાં જ હર્ષ માનું છું.

ૐ શાંતિ.

હવે ત્યાંથી છૂટીને 'મુંબઈ' આવ્યા છે. '**હાલ હું અમુક માસ પર્યંત અત્રે રહેવાનો વિચાર રાખું છું.**' 'રેવાશંકરભાઈ'ને ઘણું કરીને પત્ર લખ્યો છે. 'મોરબી'. 'મુંબઈ'થી. '**અમુક માસ પર્યંત...**' એટલે થોડા મહિના અહીંયાં રહીશ. પણ થોડા મહિના રહ્યા નથી. માગશરમાં ત્યાં છે અને પાછા માગશરમાં 'ઈડર'માં નીકળી ગયા છે. કારણ કે એમની વૃત્તિ હવે મુનિદશામાં આવવાનું જોર કરે છે. એટલે મોહમયીનું ક્ષેત્ર છોડી દીધું છે. 'મુંબઈ'નું 'મોહમયી' કરી નાખ્યું છે. 'મુંબઈ'ને મોહમયી કહેતા અને 'ગુરુદેવ' એને અજંપા નગરી કહેતા. અહીંયાં કોઈને જંપ દેખાતો નથી. અજંપા-અજંપા. માણસ ઘોડાની જેમ દોડે છે અને કૂતરાની જેમ ખાય છે. શાંતિ નથી. લાખો, કરોડો, અબજો રૂપિયા થવા છતાં કોઈને ચિત્તમાં શાંતિ હોતી નથી.

'**હું અમુક માસ પર્યંત અત્રે રહેવાનો વિચાર રાખું છું. મારાથી બનતું ધ્યાન આપીશ.**' ધંધામાં ઓલા લોકો ભાગ કાઢતા નથી. આ કહે છે, મારે મારો ભાગ કાઢી નાખો. ભલે જ્યારે આવો ત્યારે, આપની અનુકૂળતાએ આવો પણ ભાગ તો તમારો રાખવો છે. કારણ બીજું છે. કારણ તો એમના કારણે એમને ધંધો ફાલ્યો-ફૂલ્યો હતો અને પછી એમની જ Capacity નો ધંધો કરનાર પેઢીમાં હતું નહિ. સામાન્ય રીતે એકદમ Capable માણસ ધંધો કરે અને નીચેના માણસો એટલા તૈયાર પણ નથી થતા. કેમકે ઓલા સંભાળનારા એટલું સંભાળતા હોય તો બીજાનો વારો પણ આવે નહિ. ધંધો તો Practical knowledge છે. એ કોઈ જોવાથી આવડી જાય એવી ચીજ નથી.

એટલે ધંધાની અંદર જે કાંઈ ખામી ઊભી થઈ હોય એ કાંઈ બીજા ભાગીદારોને પોસાય નહિ. એટલે બધા ભાગીદારોને એ વૃત્તિ રહેતી કે એ 'મુંબઈ' દુકાને બેસે. 'મુંબઈ'ની પેઢી ઉપર એ બેસે તો સારું, 'મુંબઈ'ની પેઢી ઉપર રહે તો સારું.

એટલે આશ્વાસન આપ્યું છે કે '**મારાથી બનતું ધ્યાન આપીશ. આપના મનમાં નિશ્ચિંત રહેશો.**' તમે ચિંતા કરતા નહિ. ઠીક ! બધાને ચિંતા થઈ ગઈ હતી. હવે આપણું શું થાશે ? આમણે ધંધો છોડી દીધો, નિવૃત્તિ લઈ લીધી. ૨૯, ૩૦ વર્ષે તો નિવૃત્તિ લીધી છે. અત્યારે તો હજી ૨૯, ૩૦ વર્ષે શરૂ કરતા હોય છે. ૨૫ વર્ષ સુધી ભણતા હોય. પછી તો શરૂ કરે. હજી તો ૩૦ વર્ષ સુધી તો ધંધો શીખતા હોય. આ ૩૦ વર્ષે તો નિવૃત્તિમાં આવી ગયા છે. અત્યારે ૬૦, ૭૦ વર્ષ સુધી હજી ધંધો છોડવાની વૃત્તિ ન હોય. હજી જઈ જઈને ગાદીએ બેસે. ૩૦ વર્ષે નિવૃત્તિ લીધી છે.

'**માત્ર અન્વવસ્ત્ર હોય તો ઘણું છે.**' ઠીક ! કેવો વિચાર છે ! ઘણા પૈસા હોય, ઘણો વૈભવ હોય, ઘણી અનુકૂળતાઓ હોય, ઘણા સાધનો હોય એવું વિચારતા નથી. '**માત્ર અન્નવસ્ત્ર હોય તો ઘણું છે. પણ વ્યવહારપ્રતિબદ્ધ માણસને કેટલાક સંયોગોને લીધે થોડુંઘણું જોઈએ છે,...**' એટલે વ્યવહાર પ્રતિબદ્ધ માણસને શું છે કે સગા-સંબંધીમાં કાંઈ પ્રસંગ-અવસર આવે, ભલે પોતાના સસરાપક્ષમાં હોય કે પોતાના દીકરા-દીકરીના હોય કે ક્યાંય પણ ત્યારે એને થોડુંક, વ્યવહાર પ્રતિબદ્ધ માણસને થોડુંક વધારે, અન્નવસ્ત્રથી પણ થોડુંક વધારે જોઈએ છે.

'**માટે આ પ્રયત્ન કરવું પડ્યું છે.**' અહીંયાં અમે દુકાને બેઠા એનું કારણ એ છે. કે અન્નવસ્ત્ર પૂરતું ઘણું છે એમ લાગવા છતાં પણ વ્યવહારમાં થોડુંક વધારે જોઈએ એમ માનીને, એમ રાખીને આ પ્રયત્ન કરવું પડ્યું છે. '**તો ધર્મકીર્તિપૂર્વક...**' એવો વ્યવહાર અમે કદી કોઈની સાથે કર્યો નથી કે ધર્મને કંઈ કહેવાનો વારો આવે. અરે..! આવા ધર્મવાળા આવું કરે છે ? જૈનધર્મવાળા આવું કરે છે ? એવું કોઈને કહેવાનો વારો ન આવે. એવો ધર્મકીર્તિપૂર્વક એટલે ધર્મની કીર્તિને આંચ ન આવે એવી રીતે. ધર્મની કીર્તિ તો એવી ને એવી બની રહે. સામેના કોઈને એમ થાય કે ઓહો..! તમે જૈન છો એટલે આટલા પ્રામાણિક છો એમ ! એમ લાગે કે તમે જૈન છો માટે આવા પ્રામાણિક છો.

એમ '**ધર્મકીર્તિપૂર્વક તે સંયોગ...**' વ્યવસાય આદિનો '**જ્યાં સુધી ઉદયમાન હોય ત્યાં સુધી બની આવે એટલે ઘણું છે.**' જ્યાં સુધી એ ઉદય હોય ત્યાં સુધી એ ઉદય રહે તો ઘણું છે. અમને ઉદય લંબાય અને આ પ્રમાણે આવક વધુને વધુ ચાલતી રહે એ પ્રકારની અભિલાષા નથી. '**માનસિક વૃત્તિ કરતાં ઘણા જ પ્રતિકૂળ માર્ગમાં**

હાલ પ્રવાસ કરવો પડે છે.' અમારી માનસિક વૃત્તિ તો બિલકુલ ધંધો-વેપાર કરવાની નથી એમ કહે છે. બિલકુલ નથી. છતાં અમારી વૃત્તિથી પ્રતિકૂળ જઈને અત્યારે અમારે પ્રવાસ કરવો પડે છે. જે અત્યારે આ કરીએ છીએ એ અમારી વૃત્તિથી વિરુદ્ધ જઈને કરીએ છીએ. જરાય અમને હવે અનુકૂળ નથી.

'તમહૃદયથી અને શાંત આત્માથી...' જુઓ ! પરસ્પર વિરૂદ્ધ વાત લીધી છે. ઉદયભાવને કારણે હૃદય તપી ગયું છે. ઉદયભાવમાં થોડા પણ વિચાર વિકલ્પ કરવા પડે છે એમાં આકુળતા વધી જાય, આકુળતા સહન થતી નથી. બીજા કરતા મંદ છે, હોં ! છતાં પણ નાનો દોષ મોટો લાગે છે. એટલે **'તમહૃદયથી અને શાંત આત્માથી...'** આત્માની શાંતિ તો એવી ને એવી છે. એમાં કાંઈ ફેર નથી. **'સહન કરવામાં જ હર્ષ માનું છું.'** હવે જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિ સહન કરી લેવી એ નિર્ણય કર્યો છે. કેમકે ભાગીદારો અને બીજા બધા એમ ઈચ્છતા હતા કે આ ધંધામાં રહે. આ પોતે છૂટા થવાના વિચારમાં આવ્યા હતા. બેયને કોઈ વાતનો મેળ પડે એવું નહોતું. તો એક બાજુથી તપી જવાતું હતું એટલે કે ઘણું દુઃખ લાગતુ હતું. જે કાંઈ પ્રવૃત્તિમાં રહે પડે એનું ઘણું દુઃખ લાગતુ હતું. બીજી બાજુ આત્માની શાંતિ છે એ યથાર્થપણે રહી છે. એમાં કાંઈ ફેર પડતો નથી.

એક પરિણામના બે ભાગ છે ને ? એક ઉદયિકભાવ છે અને એક આત્મભાવ છે. આત્મભાવમાં શાંતિ છે, ઉદયભાવની અંદર અશાંતિ છે. એ શાંતિ-અશાંતિના મિશ્ર પરિણામે જે વર્તમાન પરિસ્થિતિ છે એને સહન કરી લઉ છું. બીજો કોઈ ઉપાય દેખાતો નથી. એટલી પોતાની દશાનો ભાવ વ્યક્ત કરીને આ પત્ર પૂરો કર્યો છે. **'ૐ શાંતિ'** છેલ્લે એટલું લખ્યું છે. ૮૫૧ થયો એ.

પત્રાંક-૮૫૨

મુંબઈ, માગશર સુદ ૩, શુક્ર, ૧૯૫૫

ૐ નમઃ

ઘણું કરીને આવતી કાલે રાત્રિના મેલમાં અહીંથી ઉપરામતા (નિવૃત્તિ) થશે. થોડા દિવસ પર્યંત ઘણું કરીને ઈડર ક્ષેત્રે સ્થિતિ થશે.

મુનિઓને યથાવિધિ નમસ્કાર કહેશો.

વીતરાગોના માર્ગની ઉપાસના કર્તવ્ય છે.

૮૫૨. **'ઘણું કરીને આવતી કાલે રાત્રિના મેલમાં અહીંથી ઉપરામતા (નિવૃત્તિ) થશે.'** માગર સુદ ત્રીજ. કારતકમાં આવ્યા છે. એકાદ મહિનો 'મુંબઈ' રોકાણા છે. અને પછી **'થોડા દિવસ પર્યંત ઘણું કરીને ઈડર ક્ષેત્રે સ્થિતિ થશે.'** આ ત્રીજી વાર 'ઈડર' ગયા છે. ત્રીજી વાર અને છેલ્લી વાર. 'ઉત્તરસંડા'ના વનક્ષેત્ર પછી એમણે એકાંતવાસ માટે 'ઈડર'ના પહાડોને પસંદ કર્યા છે. ત્યાં એમને વિશેષ વૈરાગ્યનો વિકલ્પ હતો.

એટલે **'ઘણું કરીને આવતી કાલે રાત્રિના મેલમાં અહીંથી ઉપરામતા (નિવૃત્ત) થશે. થોડા દિવસ પર્યંત ઘણું કરીને ઈડર ક્ષેત્રે સ્થિતિ થશે. મુનિઓને યથાવિધિ નમસ્કાર કહેશો. વીતરાગોના માર્ગની ઉપાસના કર્તવ્ય છે.'** વીતરાગમાર્ગની ઉપાસનાની ભાવના સાથે એ પત્ર પૂરો કર્યો છે.

પત્રાંક–૮૫૩

ઈડર, માર્ગશીર્ષ સુદ ૧૪, સોમ, ૧૯૫૫

ૐ નમઃ

'પંચાસ્તિકાય' અત્રે મોકલવાનું બને તો મોકલશો. મોકલવામાં વિલંબ થાય એમ હોય તો નહીં મોકલશો.

'સમયસાર' મૂળ પ્રાકૃત (માગધી) ભાષામાં છે. તેમજ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' એ ગ્રંથ પણ પ્રાકૃત ભાષામાં છે. તે જો પ્રાપ્ત થઈ શકે એમ હોય તો 'પંચાસ્તિકાય' સાથે મોકલશો. થોડા દિવસ અત્રે સ્થિતિનો સંભવ છે.

જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષણ (ચિંતવન) વિશેષ કર્તવ્ય છે. પ્રમાદ પરમ રિપુ છે; એ વચન જેને સમ્યક્ નિશ્ચિત થયું છે તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભપણે વર્તવાનું સ્વપન પણ ઈચ્છતા નથી.

૮૫૩. 'ઈડર'થી લખેલો છે. હવે 'ઈડર' પહોંચી ગયા. 'સુખલાલ છગનલાલ' 'વિરમગામ'ના એક મુમુક્ષુ ઉપરનો પત્ર છે. માગશર સુદ ત્રીજે નીકળીને ચોથે આવી ગયા છે. અને માગશર વદ ચોથ સુધી તો 'ઈડર'ના પત્ર છે. માગશર વદ અમાસ. પોષમાં પણ 'ઈડર' છે. ફાગણ મહિનામાં સીધો પત્ર 'મોરબી'થી આવ્યો છે. પોષ મહિના સુધી 'ઈડર'માં છે. કારતક, માગશર, પોષ ત્રણેક મહિના એ બાજુ રહ્યા છે. પહેલા ત્રણેક મહિના આ બાજુ 'ઉત્તરસંડા' અને 'ખેડા' બાજુ રહ્યા છે. આ ત્રણેક મહિના 'ઈડર' રહ્યા છે.

''**'પંચાસ્તિકાય' અત્રે મોકલવાનું બને તો મોકલશો.'** કોઈ ધર્મશાસ્ત્ર મગાવતા

હતા ત્યારે આ 'સુખલાલભાઈ'ને પત્ર લખ્યો છે. અગાઉ પણ કોઈ કોઈ શાસ્ત્રો મગાવ્યા છે ત્યારે આ ભાઈને પત્ર લખ્યા છે. '**મોકલામાં વિલંબ થાય એમ હોય તો નહીં મોકલશો.**' તાત્કાલિક મોકલી શકો તો મોકલજો. ''**સમયસાર' મૂળ પ્રાકૃત (માગધિ) ભાષામાં છે.**' પ્રાકૃત એટલે માગધિ ભાષામાં છે. '**તેમ જ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' એ ગ્રંથ પણ પ્રાકૃત ભાષામાં છે.**' બંને મૂળ ગ્રંથ પ્રાકૃત ભાષામાં છે.

'**તે જો પ્રાપ્ત થઈ શકે એમ હોય તો 'પંચાસ્તિકાય' સાથે મોકલશો.**' એ મૂળ ગ્રંથ વાંચવો છે. ટીકા અને કોઈએ અર્થ કર્યો હોય એવી રીતે નહિ. પોતે તો સંસ્કૃત, માગધિ બધું બરાબર વાંચી શકતા હતા. વાંચી શકતા હતા એટલે સારી રીતે સમજી શકતા હતા. વગર ભણ્યે, હોં ! સંસ્કૃત, માગધિ ભણ્યા નથી. પણ એ જાતનો ઉઘાડ વિશિષ્ટ હતો. એ શાસ્ત્રોનું બરાબર અધ્યયન કરતા હતા. '**થોડા દિવસ અત્રે સ્થિતિનો સંભવ છે.**'

હવે માર્ગદર્શનની બે લીટી લખી છે કે '**જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષણ (ચિંતવન) વિશેષ કર્તવ્ય છે.**' જેમ બને તેમ વીતરાગી શાસ્ત્રો, મુનિઓ આચાર્યોઓના શાસ્ત્રો, એનું વિશેષ પ્રકારે અનુપ્રેક્ષણ એટલે વારંવાર ભાવનાપૂર્વક અભ્યાસ કરવો એને અનુપ્રેક્ષણ કહેવામાં આવે છે. આ બાર અનુપ્રેક્ષા કહે છે ને ? બાર ભાવના. ભાવનાને બીજા શબ્દમાં અનુપ્રેક્ષા કહી છે. આમ તો પ્રેક્ષ એટલે જોવું, અવલોકન કરવું. પ્રેક્ષ એટલે અવલોકન કરવું, અનુપ્રેક્ષ એટલે અનુસરીને અવલોકન કરવું. પોતાના સ્વરૂપને અનુસરીને અવલોકન કરવું. એકલું સત્શ્રુત બાહ્ય ઉપયોગથી વાંચવું એમ નહિ. સાથે સાથે અંદરમાં મેળવણી કરતા જવી. પ્રાપ્તિની ભાવના સાથે સાથે. એટલે ભાવના, મેળવણી એ પ્રકારનો જે અભ્યાસ છે એને અનુપ્રેક્ષા કહેવામાં આવે છે.

'**જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષણ (ચિંતવન) વિશેષ કર્તવ્ય છે. પ્રમાદ પરમ રિપુ છે;...**' પ્રમાદ છે એ પરમરિપુ છે. રિપુ નામ દુશ્મન છે. મોટો દુશ્મન છે. પ્રમાદ છે એ (મોટો દુશ્મન છે). પ્રમાદ કેમ લીધો ? કે માણસો બીજા કામે લાગી જાય, ટોલટપ્પામાં લાગી જાય. નવરા હોય તો ચાલોને પાડોશમાં જઈને બેસો. કાં તો નવરા હોય તો કોના ઘરે જઈને મળવા જાવું છે, કોને મળવા બોલાવવા છે. કાં તો બોલાવે પોતે, કાં પોતે જાય અને કાં કોઈ ને કોઈ કામ ગોતી રાખે. કામ ન હોય તો ગોતી કાઢે. એ બધું પ્રમાદમાં જાય છે. એ મોટો દુશ્મન છે એમ કહે છે. આત્મહિતમાં સમય વ્યતીત કરવાને બદલે અને એ સમયનો ઉપયોગ સાવધાનીપૂર્વક આત્મહિતમાં થવાને બદલે બીજા પરિણામમાં કોઈ અન્ય પરિણામમાં થાય એને પ્રમાદ કહેવામાં આવે છે. એનું નામ પ્રમાદ છે. પ્રમાદ એટલે સૂઈ જાય એમ નહિ. કાંઈ નહિ તો ઘરના બાળકો સાથે મોટા માણસો રમવા માંડે છે. ચાલ ચાલ તું મારી સાથે આમ કર, તેમ કર એમ કરે.

વાતચીત કરવા માંડે. બીજું છે, ત્રીજું છે. એ બધો પ્રમાદ છે.

કહે છે કે '**પ્રમાદ પરમ રિપુ છે; એ વચન જેને સમ્યક્ નિશ્ચિત થયું છે...**' સમ્યક્ એટલે ? આત્મકલ્યાણના દૃષ્ટિકોણથી જેણે એ નિર્ણય કર્યો છે કે આ પ્રમાદ મોટો દુશ્મન છે '**તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્તવાનું સ્વપન પણ ઈચ્છતા નથી.**' જાગૃતિમાં તો વિકલ્પ નથી, સ્વપનામાં પણ એ વાત નથી. જ્યાં સુધી કૃતકૃત્ય એટલે પૂર્ણ દશા ન થાય એનું નામ કૃતકૃત્યપણું છે. આ પૂર્ણતાની વાત અહીંયાં લીધી.

'**તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી...**' એટલે જે પૂર્ણતાનું ધ્યેય બાંધ્યું છે તે ધ્યેય સુધી ન પહોંચે ત્યાં સુધી નિરાંતે પગ વાળીને બેસતા નથી. એટલે નિરાંતે બેસતા નથી. એને ઉહાપોહ રહે છે કે મારો સમય છે કિંમતી છે, મારું કામ મારે કરવાનું છે. અને નિર્ભયપણે વર્તવાનું... નિર્ભય એટલા માટે છે કે નહિતર પછી ભવભવાંતરની તલવાર લટકતી છે. ભવભ્રમણ છે એ ચાલુ રહેશે માટે ભવભીરુ છે. મુમુક્ષુ છે તે ભવભીરુ છે. એને ભવનો ભય ઊભો છે એટલે એ નિર્ભયપણે વર્તવાનું સ્વપ્ને પણ ઈચ્છતા નથી. જાગૃતિ તો નહિ પણ સ્વપ્ને પણ ઈચ્છતા નથી.

જ્યાં સુધી ભવભ્રમણનો અભાવ ન થાય, કૃતકૃત્યપણું ન થાય ત્યાં સુધી અવિરતપણે પુરુષાર્થમાં લાગવાનો અભિપ્રાય જે નિશ્ચિત થયો છે. તે નિશ્ચિત થયેલો અભિપ્રાય. નિશ્ચિત થયું છે એનો અર્થ કે અભિપ્રાય થઈ ગયો છે. અભિપ્રાયનું પ્રકરણ તો બહુ જ આવે છે. સત્પુરુષોના વચનોમાં અભિપ્રાયનો વિષય ઘણો આવે છે. કેમકે કોઈપણ જીવ પ્રવૃત્તિ કરે પણ અભિપ્રાય વિરુદ્ધ જઈને પ્રવૃત્તિ કરે તો એ પ્રવૃત્તિ એની સફળ નથી થતી. કેમકે અભિપ્રાય ઊંધો પડ્યો છે અને પ્રવૃત્તિ ઊંધી છે. એને વિપરિત અભિનિવેશ સહિતની પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

એવું જેણે નિશ્ચિત કર્યું છે કે જરાય પ્રમાદ કરવો નથી અને બરાબર સમયનો સદુપયોગ કરવો છે '**તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્તવાનું સ્વપ્ન પણ ઈચ્છતા નથી.**' એટલી કાળજી હોય છે. સમયનો સદુપયોગ કરવાની મુમુક્ષુની ભૂમિકામાં એટલી કાળજી અભિપ્રાયની અંદર નિશ્ચિત થઈ જાય છે અને એ રીતે પોતે પોતાની પ્રવૃત્તિનો વિવેક કરે છે.

પત્રાંક-૮૫૪

ઈડર, માર્ગ. સુદ ૧૫, સોમ, ૧૯૫૫

ૐ નમઃ

તમે તથા વનમાળીદાસે મુંબઈ ક્ષેત્રે એક કાગળ લખેલો તે ત્યાં પ્રાપ્ત થયો હતો.

હાલ એક અઠવાડિયું થયાં અત્રે સ્થિતિ છે. 'આત્માનુશાસન' ગ્રંથ વાંચવા માટે પ્રવૃત્તિ કરતા આજ્ઞાનો અતિક્રમ (ઉલ્લંઘન) નથી. તમારે તથા તેમણે વારંવાર તે ગ્રંથ હાલ વાંચવા તથા વિચારવા યોગ્ય છે. 'ઉપદેશ-પત્રો' વિષે ઘણું કરીને તરતમાં ઉત્તર પ્રાપ્ત થશે. વિશેષ યથાવસર.

રાજચંદ્ર.

૮૫૪. એ 'પોપટલાલ મોહકમચંદ' ઉપરનો પત્ર છે. 'પોપટલાલભાઈ મોહકમચંદ' એટલે જેમણે આ વડવાનો આશ્રમ સ્થાપ્યો.

મુમુક્ષુ :- ભોગીભાઈના પિતાશ્રી.

પૂજ્ય ભાઈશ્રી :- 'ભોગીભાઈ'ના પિતાશ્રી. 'ઈડર'નો આશ્રમ 'ભોગીભાઈ'એ ત્યાર પછી શરૂ કર્યો. એ પહેલા 'વડવા'નો આશ્રમ છે એ ૧૯૭૨માં 'શ્રીમદ્‌જી'નો ૫૭માં સ્વર્ગવાસ થયો. ૭૨માં શરૂ કર્યો છે. પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા હતા. એ બહુ સારા સરળ પરિણામી અને વિચારક મુમુક્ષુ હતા. તેમની ડાયરી ત્યાં 'ઈડર'માં વાંચી હતી. એમની વિચારદશા સારી હતી.

'તમે તથા વનમાળીદાસે મુંબઈ ક્ષેત્રે એક કાગળ લખેલો તે ત્યાં પ્રાપ્ત થયો હતો. હાલ એક અઠવાડિયું થયાં અત્રે સ્થિતિ છે.' આ માગશર સુદ પૂનમ, માગશર સુદ ચૌદશ. અને અત્યારે તો અઠવાડિયા પહેલાં ત્યાં આવી ગયા છે. 'મુંબઈ'થી માગશર સુદ ત્રીજ. ચોથે નીકળી ગયા છે ને ? **'તમે તથા વનમાળીદાસે મુંબઈ ક્ષેત્રે એક કાગળ લખેલો તે ત્યાં પ્રાપ્ત થયો હતો. હાલ એક અઠવાડિયું થયાં અત્રે સ્થિતિ છે. 'આત્માનુશાસન' ગ્રંથ વાંચવા માટે પ્રવૃત્તિ કરતાં આજ્ઞાનો અતિક્રમ (ઉલ્લંઘન) નથી.'** પૂછાવ્યું હશે કે આપની આજ્ઞા હોય તો અમારે 'આત્માનુશાસન' ગ્રંથનું અધ્યયન કરવું છે. તો એમણે કહ્યું કે ખુશીથી તમે વાંચજો. એમાં કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન નથી. એટલે તમે વાંચવા યોગ્ય છો એમ કહેવું છે.

'તમારે તથા તેમણે વારંવાર તે ગ્રંથ હાલ વાંચવા તથા વિચારવા યોગ્ય છે.' એ

ગ્રંથ વાંરવાર વાંચજો. એકવાર નહિ પણ અનેકવાર એનું અધ્યયન કરજો. 'આત્માનુશાસન' દિગંબર આચાર્યનું છે. 'ગુણભદ્રાચાર્ય'નો ગ્રંથ છે. મારી પાસે 'આત્માનુશાસન' છે. આપણી પાસે છે. નથી ? હશે કદાચ કબાટમાં પડ્યો હશે.

આત્માનુ અનુશાન, લ્યો ઠીક ! આત્માનુશાસન એટલે આત્માનું અનુશાસન. જેમાં આત્મસ્વભાવનો પ્રભાવ હોય. શાસનમાં તો જેનો પ્રભાવ હોય એનું શાસન ગણાય ને ? આત્મસ્વભાવનો જેમાં પ્રભાવ હોય. આચાર્ય દેવે એનું Title એવું પસંદ કર્યું છે.

''ઉપદેશ-પત્રો' વિષે ઘણું કરીને તરતમાં ઉત્તર પ્રાપ્ત થશે.' જે 'કૃપાળુદેવ'ના પત્રો છે એ પત્રના વિષયમાં કોઈ વાત લખી હશે, એનો ઉત્તર હવે પછી આપશું. એમ કહ્યું છે. 'આત્માનુશાસન' આપણે ત્યાંથી છપાણું છે. બરાબર છે. આ છે 'ખંભાત' અને 'વડવા' ક્ષેત્રથી બહાર પાડેલું છે. પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ, ખંભાત, વડવા ક્ષેત્ર. 'હીરાલાલ નાનાલાલ શાહ'. 'શ્રીમદ્ ભગવત્' 'ગુણભદ્રાચાર્ય' કૃત. 'પંડિતવર શ્રી ટોડરમલ્લજી' કૃત હિન્દી ટીકાના આધાર ઉપરથી ગુજરાતી અનુવાદ. 'ટોડરમલજી'એ તો 'આત્માનુશાસન'ની ટીકા કરી છે. 'સોમચંદભાઈ'એ અનુવાદ કર્યો છે. 'ટોડરમલજી'ની હિન્દી ટીકાના આધાર ઉપરથી.

'ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને આત્માનુભવ યુક્ત પુરુષના મુખથી શોભે એવો ધર્મોપદેશ આ ગ્રંથમાં પૂર્ણ રીતે ભરેલો છે.' સંકલનાબદ્ધ રચના છે. અગાઉ 'પંડિત બંસીધરજી' શાસ્ત્રી કૃતની ટીકા બહાર પડેલી છે. અહીંથી કોઈને વાંચવો હોય તો ગ્રંથ લઈ જવો. અહીંયા બે પ્રત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, હશે. સારો ગ્રંથ છે. મેં ઘણા વર્ષ પહેલાં વાંચેલો છે. એક અહીં રાખવો.

'વિશેષ યથાવસર.' પછી નીચે 'રાજચંદ્ર' લખ્યું છે. અહીં સુધી રાખીએ...

પત્રાંક-૮૫૬

ઈડર, માર્ગ. વદ ૪, શનિ, ૧૯૫૫

ૐ નમઃ

તમારો લખેલો કાગળ તથા સુખલાલના લખેલા કાગળો મળ્યા છે.

અત્રે સમાગમ હાલ થવો અશક્ય છે. સ્થિતિ પણ વિશેષનો હવે સંભવ જણાતો નથી.

તમને જે સમાધાનવિશેષની જિજ્ઞાસા છે, તે કોઈ એક નિવૃત્તિયોગ સમાગમમાં પ્રાપ્ત થવા યોગ્ય છે.

જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ વર્ધમાન થવાને અર્થે આત્માર્થી જીવને તથારૂપ જ્ઞાનીપુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે. તેમાં પણ વર્તમાનકાળના જીવોને તે બળની દઢ છાપ પડી જવાને અર્થે ઘણા અંતરાયો જોવામાં આવે છે, જેથી તથારૂપ શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિએ દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યકતા રહે છે. સત્સમાગમના અભાવે વીતરાગશ્રુત, પરમશાંતરસપ્રતિપાદક વીતરાગવચનોની અનુપ્રેક્ષા વારંવાર કર્તવ્ય છે. ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે.

તા. ૯-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૫૬ થી ૮૫૯
પ્રવચન નં. ૪૧૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૫૬. પાનું-૬૨૯. 'સુખલાલ છગનલાલભાઈ' 'વિરમગામ'ના મુમુક્ષુ ઉપરનો 'ઈડર'થી લખાયેલો પત્ર છે. આ દિવસોમાં આરાધના અર્થે, સાધના અર્થે આવેલા. મુનિદશાની ભાવના ઉત્કૃષ્ટ છે. એકાંતમાં સ્વરૂપની એકાગ્રતા અને ધ્યાનની પ્રવૃત્તિ આ ક્ષેત્રમાં એમણે વિશેષપણે કરી છે.

'તમારો લખેલો કાગળ તથા સુખલાલના લખેલા કાગળો મળ્યા છે. અત્રે સમાગમ હાલ થવો અશક્ય છે. સ્થિતિ પણ વિશેષનો હવે સંભવ જણાતો નથી.'

હવે 'ઈડર' છોડવાની તૈયારીમાં છે. પોષ મહિના સુધી 'ઈડર'માં છે. પોષ સુદ પૂનમ સુધીના પત્રો છે. '**તમને જે સમાધાનવિશેષની જિજ્ઞાસા છે, તે કોઈ એક નિવૃત્તિયોગ સમાગમમાં પ્રાપ્ત થવા યોગ્ય છે.**' કોઈ વિષયની જિજ્ઞાસા થઈ છે. તે પ્રત્યક્ષ સમાગમમાં અને તે પણ નિવૃત્તિના કાળમાં થઈ શકશે એમ કરીને પત્રમાં તેનો ઉત્તર નથી આપ્યો. પત્રમાં ઉત્તર લખવો, કેટલો લખવો, કેવો લખવો એ બધું સામા જીવને લાભનું કારણ થાય એ એક જ દૃષ્ટિકોણથી મહાપુરુષ નિર્ણય લે છે. જે કોઈ નિર્ણય લે છે તે સામા જીવના હિતના લક્ષે જ નિર્ણય લે છે. એમ વિચારવા યોગ્ય છે.

'**જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ...**' એટલા લીધા. મુમુક્ષુની ભૂમિકાનો વિષય છે. મુમુક્ષુને સહજ જિજ્ઞાસાનું ઘણું બળ હોવું જોઈએ. જ્યાં સુધી સ્વરૂપ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે જિજ્ઞાસા શાંત ન થાય અને અશાંતિ અને બેચેની રહે તો તે ઉચિત છે. એવું જિજ્ઞાસાબળ. પછી જે કાંઈ પોતાને સમજવામાં આવ્યું હોય તેની દૃઢતા, તેને વિચારબળ કહે છે. વૈરાગ્યબળ એટલે પરપદાર્થો તરફની સંયોગો પ્રત્યેની ઉપેક્ષા અથવા ઉદાસીનબુદ્ધિ. અને ધ્યાનબળ એટલે અહીંયાં તો ચંચળતા ઘટાડવાની વાત છે. જેટલા પરિણામ વિશેષ ચંચળ થાય છે એટલી મલિનતા ઉત્પન્ન થવાનો અવકાશ વધી જાય છે. એટલે ચંચળતા ઘટે એ પ્રકારનો વ્યવસાય, એ પ્રકારની બાહ્ય પ્રવૃત્તિ, એ પ્રકારની સ્વાધ્યાય આદિની અંતર પ્રવૃત્તિ અને જ્ઞાનબળ વર્ધમાન થવાને અર્થે વિચારબળ અને જ્ઞાનબળ એ લગભગ એકાર્થમાં જાય છે.

'**આત્માર્થી જીવને...**' આ આત્માર્થી જીવ માટે વાત છે. ધ્યાનબળ પેલું જે સ્વરૂપધ્યાન લાગે છે એનું બળ આત્માર્થીને હોય છે એમ અહીંયાં કહેવાનો અભિપ્રાય નથી. આત્માર્થી જીવને અનેક પ્રકારના પરિણામનું બળ વધવાને અર્થે એટલે કે તે તે પરિણામમાં દૃઢતા અને બળવાનપણું થવાને અર્થે અથવા પુરુષાર્થસહિત તે પરિણામ પ્રવર્તવાને અર્થે '**આત્માર્થી જીવને તથારૂપ જ્ઞાનીપુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે.**' શું કહે છે ? ગ્રંથ વાંચવાનું કહેતા નથી.

મુમુક્ષુને યોગ્યતા પ્રાપ્તિ અર્થે... આ બધા યોગ્યતા અને પાત્રતાના જુદાં જુદાં Factor છે. એ યોગ્યતા પ્રાપ્તિ અર્થે '**જ્ઞાનીપુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે.**' યોગ્યતાની પ્રાપ્તિમાં આ એક બળવાન કારણ છે. ઉપદેશાત્મક વાત છે પણ જેને ભવરોગ ટાળવો છે, ભવભ્રમણથી જેને મુક્ત થવું છે એને ભવભ્રમણથી મુક્ત થવાના રસ્તે જેઓ વિકાસ કરે છે, વિકાસ પામેલા છે, જેની પાસે એનો અનુભવ છે, અનુભવજ્ઞાન વર્તે છે, એની પાસે એના ચરણમાં જ રહેવાનો એને ભાવ આવે એમાં

બીજો કોઈ વિકલ્પ વિચારવાયોગ્ય નથી. આ તો બહુ સીધીસાદી વાત છે. ઘણી સીધી સાદી વાત છે આ તો.

રોગ થયો હોય અને Doctor પાસે જાવું પડે. એનો બીજો રસ્તો શું છે ? સોજા આવ્યા છે. તો સોજા આવ્યા નથી. કીડની બગડી હશે આમાં એમ કહેવાય છે. પછી એનું પુસ્તક વાંચવા ન બેસાય કે સોજા આવવાના કારણો ક્યા ક્યા છે જરાક પુસ્તક વાંચી લઈએ. એને શીઘ્રપણે Doctor પાસે જવું એ જ ડહાપણ ભરેલું છે, એ જ હિતાવહ છે. બીજું એના માટે હિતાવહ નથી.

એટલે '**જ્ઞાનીપુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે.**' એટલે આત્માર્થી જીવને જ્ઞાનીપુરુષના સમાગમની ભાવના અત્યંત-અત્યંત રહે એમ કહેવું છે. એ એનો સુગમમાં સુગમ, સારામાં સારો, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉપાય છે. બીજો ઉપાય નથી. અને સત્પુરુષ ન મળે, જ્ઞાનીપુરુષ ન મળે તો એની ભાવનાના વિરહમાં, એકલી ભાવના નહિ, વિરહપૂર્વકની ભાવનામાં એનું જીવન વ્યતીત થતું હોય.

'**તેમાં પણ વર્તમાનકાળના જીવોને તે બળની દૃઢ છાપ પડી જવાને અર્થે ઘણા અંતરાયો જોવામાં આવે છે.**' આ કાળ તો એટલો હીણો છે કે એ પ્રકારના જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ આદિ વધવામાં ઘણા અંતરાયો તેને ઉત્પન્ન થવા યોગ્ય છે. એટલે કોઈ કાંઈ કહે... કોઈ કાંઈ કહે... કોઈ કાંઈ કહે... કોઈ ક્યાંય દોરી જાય... કોઈ ક્યાંય દોરી જાય. અનેક પ્રકારના મતમતાંતર અને વિપરીત અભિપ્રાયવાળા જીવો વર્તે છે. આ તો ૧૯૫૫માં લખેલો છે. અત્યારે તો એનાથી પણ ઘણો હિન છે.

'**ઘણા અંતરાયો જોવામાં આવે છે, જેથી તથારૂપ શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિએ દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યકતા રહે છે.**' આત્માર્થી જીવને યોગ્યતાની પ્રાપ્તિ અર્થે દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવો. જિજ્ઞાસુવૃત્તિ રહીને સરળ પરિણામ, જિજ્ઞાસાના પરિણામ, વૈરાગ્યના પરિણામ, આ બે-ત્રણ મુદ્દા અને બહુમાન ભક્તિ આદિના પરિણામ, એ ત્રણ-ચાર મુદ્દા તો આત્માર્થી જીવના પરિણામમાં ઘર કરી જવા જોઈએ. એની તો પરિણતિ થઈ જવી જોઈએ. એની તો પરિણતિ જ થઈ જવી જોઈએ. એવી આવશ્યકતા રહે છે.

મુમુક્ષુ :- શુદ્ધ જિજ્ઞાસુ...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિ એટલે આત્મહિતના હેતુની શુદ્ધતા હોવી જોઈએ. નિજકલ્યાણના હેતુની શુદ્ધતા હોવી જોઈએ. આ સિવાય બીજું કોઈ કારણ નહિ. પોતાની જિજ્ઞાસા અને પોતાની ભાવનાનું આ સિવાય બીજું કોઈ કારણ નહિ.

એક મારું આત્મકલ્યાણ કેમ થાય ? એક જ લક્ષ છે અને બીજું લક્ષ નથી એને શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિ કહીએ.

શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિ અને બીજો એક શબ્દ 'કૃપાળુદેવે' વાપરે છે કે શુદ્ધ અંતઃકરણથી. બીજો એક શબ્દ એ વાપરે છે. શુદ્ધ અંતઃકરણથી. એટલે ક્યાંય પણ અભિપ્રાયમાં બીજી વાત નથી, બીજું સ્લથાન નથી. એટલે મલિનતા આવવાનો અવકાશ નથી. નહિતર મેલપ, મલિનતા ઉત્પન્ન થઈ જાય એવો પ્રકાર છે. સત્સમાગમમાં આવવું પણ એકલું જિજ્ઞાસાવૃત્તિએ આવવું. પોતાનું આત્મકલ્યાણ થાય એટલી જ જિજ્ઞાસા, એટલી જ ભાવના શુદ્ધ અંતઃકરણથી રહે, એ જ રીતે સત્સંગમાં ઉપસ્થિત રહેવું છે. બીજું કાંઈ જોવા-કરવાનું નથી.

'**સત્સમાગમના અભાવે...**' અને સત્સમાગમ પ્રાપ્ત ન હોય ત્યારે '**વીતરાગશ્રુત, પરમશાંતરસપ્રતિપાદક વીતરાગવચનોની અનુપ્રેક્ષા...**' જે વીતરાગશ્રુતની અંદર આત્માના પરમ શાંતરસનું પ્રતિપાદનપણું કરેલું છે. કેમકે એ પ્રતિપાદન એ રસ વિના થતું નથી. પરમશાંતરસનું પ્રતિપાદન પોતે પરમ શાંતરસમાં આવ્યા વિના થતું નથી. એ પ્રતિપાદન થવામાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એવું ઉપાસવાને આવશ્યકતા રહે છે.

'**દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યકતા રહે છે. સત્સમાગના અભાવે વીતરાગશ્રુત, પરમશાંતરસપ્રતિપાદક વીતરાગવચનોની અનુપ્રેક્ષા...**' અનુપ્રેક્ષા એટલે વારંવાર ભાવનાપૂર્વકનું અવલોકન થવું, અધ્યયન થવું એને અનુપ્રેક્ષા કહે છે. આપણે 'કુંદકુંદાચાર્યદેવ'ની બાર અનુપ્રેક્ષા છે ને ? બાર ભાવનાને બાર અનુપ્રેક્ષા કહીએ છીએ. એ '**અનુપ્રેક્ષા વારંવાર કર્તવ્ય છે.**' વારંવાર એ કરવાયોગ્ય છે. '**ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે.**' એટલે ચંચળતા ઘટવા માટે એ ખાસ દવા છે, મુખ્ય દવા છે. એમ કહીને એ કહ્યું કે આત્માર્થી જીવને નિત્યપ્રતિ વીતરાગશ્રુતનું અધ્યયન હોવું ઘટે છે. જેમાં પરમશાંતરસ પ્રતિપાદક વીતરાગ વચનો રહેલાં છે. આત્માની શાંતિ પ્રાપ્ત થાય એવી વાત જેમાં રહેલી છે. વારંવાર તેનું અધ્યયન, ચિંતન એ આત્માર્થી જીવને નિત્યપ્રત્યે નિયમબદ્ધપણે હોવા યોગ્ય છે. આ તો ખોરાક છે. આત્માર્થી જીવનો આ ખોરાક થઈ જવો જોઈએ. જેમ માણસને ખોરાક ન મળે તો એનું ચિત્ત બીજે ક્યાંય લાગે નહિ. પેટમાં ખાડો પડ્યો હોય તો કોઈ કામ કરી શકે નહિ. એમ આ એક ખોરાક છે. કોઈ કારણવશ એ ખોરાક ન મળે તો એનું ચિત્ત ત્યાં ને ત્યાં રહી જાય કે આજે ખાધું નથી... ખાધું નથી થઈ જાય છે, એવું થઈ જવું જોઈએ. એ સત્સંગની આત્માર્થી જીવને આ પત્રમાં પ્રેરણા આપેલી છે.

મુમુક્ષુ :- ... જિજ્ઞાસા વૃત્તિમાં આવી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિ હોવી ઘટે છે. શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિ વગર જે અંતરખોજ થવી જોઈએ તે નહિ થાય. બહારનું સાંભળવું, વાંચવું થઈને ક્ષયોપશમ વધશે પણ એ પરલક્ષી ક્ષયોપશમ કોઈ આત્માને હિતકારી નહિ થાય. કદાચ અહંભાવ થવાનું કારણ થઈ પડશે. શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિ હોય તો એને અંતરખોજ ચાલે. સ્વરૂપનિર્ણયની દિશામાં એનો પ્રયત્ન ચાલે. જ્યાં સુધી યથાર્થ સ્વરૂપ નિર્ણય ન થાય ત્યાં સુધી આત્મા લક્ષમાં રહે નહિ, આત્મા લક્ષમાં ન રહે તો સ્વસન્મુખનો પુરુષાર્થ થવાનો કોઈ બીજો ઉપાય છે નહિ. પરસન્મુખનો પુરુષાર્થ તો ચાલે, જેટલો વીર્યનો ક્ષયોપશમ હોય અને જ્ઞાનનો ક્ષયોપશમ હોય એ જ્ઞાનને અનુસરીને (પરસન્મુખનો પુરુષાર્થ ચાલે). પણ સ્વસન્મુખનો પુરુષાર્થ ચાલે એ જ સ્વાનુભવનું કારણ છે. સ્વસન્મુખના પુરુષાર્થ વિના સ્વાનુભવ થઈ શકે નહિ.

મુમુક્ષુ :- આ બધી મંદ કષાયની પ્રવૃત્તિમાં આવ્યા વગર કામ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- મંદ કષાયનો સવાલ નથી. અહીંયાં દર્શનમોહની મંદતાનો સવાલ છે. કષાયની મંદતા તો દ્રવ્યલિંગીને ઓછી થઈ છે ? ૩૧ સાગરની સ્થિતિએ જાય છે. પંચ મહાવ્રતાદિ પાળે છે. પણ એકલા મંદ કષાયની વાત નથી. અહીંયાં આત્માર્થીની ભૂમિકામાં તો દર્શનમોહનો અનુભાગ ઘટે એ પ્રકારના એના પરિણામ હોય તો જ એ દર્શનમોહ દબાઈને ઉપશમિત થઈને ઉપશમ સમ્યગ્દર્શનનો અવસર આવે. એકધારો એ અનુભાગ કપાતો-કપાતો દર્શનમોહ ઉપશમ થઈ જાય તો જ એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય. એ એનો Process જ એ રીતનો છે.

'ગુરુદેવે' ૨૦૩ નંબરના વચનામૃતમાં કહ્યું છે. '**દર્શનમોહ મંદ પડ્યા વિના વસ્તુ સ્વભાવ ખ્યાલમાં આવે નહિ.**' એટલે નિર્ણય ન થાય. જે સ્વ વસ્તુનો સ્વસન્મુખતામાં નિર્ણય થવો છે, પેલો નિર્ણય નહિ-શાસ્ત્ર વાંચીને નિર્ણય કરે, દ્રવ્ય-ગુણ-પર્યાયથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી એ નહિ, દર્શનમોહના મંદપણાના કાળમાં સ્વસન્મુખ થઈને જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાનસ્વભાવ છે એ ખ્યાલમાં આવે, નિર્ણયમાં આવે નહિ ત્યાં સુધી યથાર્થ નિર્ણય થાય નહિ. અને એ દર્શનમોહ મંદ થઈને એનો અભાવ થાય એટલે ઉપશમ થાય. ઉદયનો અભાવ. ઉપશમ થાય એટલે ઉદયનો અભાવ થાય, એ અભાવ કર્યા વિના અનુભવમાં આવે નહિ. અનુભવ વખતે અભાવ જોઈએ અને નિર્ણય વખતે એની મંદતા જોઈએ.

તીવ્ર દર્શનમોહ હોય એના જ્ઞાનમાં ઉઘાડ ગમે તેટલો હોય, કષાય મંદ ગમે તેટલો હોય. પણ દિશાફેર નથી થાતી. ઠીક ! શાસ્ત્રાદિક જ્ઞાનનો ઉઘાડ ગમે તેટલો હોય, વીર્યનો ઉઘાડ પણ એને અનુસરશે અને કષાયની મંદતા પણ થશે. એને આત્માર્થીની

ભૂમિકાની નિર્મળતા નહિ હોય. એને નિર્ણય નહિ થાય. યથાર્થ નિર્ણય નહિ થાય, નિર્ણયનું બળ નહિ આવે. સ્વસન્મુખનો પુરુષાર્થ નહિ ઊપડે અને અભાવ થવાનો પ્રસંગ આવતો નથી. એને આત્મા અનુભવમાં આવે એમ નથી. એટલે બે એના Stage છે. એક દર્શનમોહની મંદતાનો અને એક દર્શનમોહના અભાવનું. ત્યાંથી પછી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. બીજા પ્રકારે કોઈ મોક્ષમાર્ગની શરૂઆત થતી નથી.

મુમુક્ષુ :- પાત્રતાનો વિષય દર્શનમોહ મંદ થવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- જે પાત્રતાનો વિષય છે, આત્માર્થીપણાનો વિષય એટલે એ દર્શનમોહની મંદતાનો વિષય છે. એ કષાયની મંદતાનો વિષય નથી પણ દર્શનમોહની મંદતાનો વિષય છે. ચારિત્રમોહની મંદતાનો વિષય નથી. એ તો આપોઆપ એની પાછળ હોય છે. જ્યારે દર્શનમોહ છે એ તો તીવ્ર દોષ છે. એ મંદપણાને પામે તો પછી બીજા ચારિત્રમોહના દોષ તો આપોઆપ મંદપણાને પામે જ છે. એમાં તો કાંઈ પ્રશ્ન નથી. પણ મુખ્ય વાત એ નથી. મુખ્ય વાત આ છે.

મુમુક્ષુ :- શાસ્ત્રનો અભ્યાસ કરવા જતા કષાય તો મંદ થઈ જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- કષાય તો સહેજે મંદ થાય. એ વિચારવા જેવો વિષય છે. શાસ્ત્ર અધ્યયન મુખ્યપણે દર્શનમોહની મંદતાનું નિમિત્ત છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ મુખ્યપણે તો દર્શનમોહની મંદતાનું નિમિત્ત હોવા છતાં પણ જે અહીંયાં ૮૫૬માં કહ્યું કે શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિ શુદ્ધ અંતઃકરણથી ન થાય તો દર્શનમોહ તીવ્ર પણ થઈ શકે છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર અભ્યાસ કરતા...

પૂજ્ય ભાઈશ્રી :- કરતા પણ દર્શનમોહ તીવ્ર થઈ શકે છે. કેમકે આશય ફેર થઈ ગયો. આધાર બદલાઈ ગયો. એક આત્મકલ્યાણનું લક્ષ ન રહ્યું અને કાંઈક બીજું લક્ષ રહ્યું તો એમાં દર્શનમોહની તીવ્રતા સિવાય બીજું કાંઈ થાય નહિ. દર્શનમોહની તીવ્રતા જ થાય. એવી વાત છે. એ થાય જ એવો નિયમ નથી. શાસ્ત્રજ્ઞ હોય, શાસ્ત્રનો ઘણો ઉઘાડ હોય અને એને શાસ્ત્ર અભિનિવેશ નથી થતો ? શાસ્ત્રાભિનિવેશ નથી થતો ? એટલે શાસ્ત્ર તો એક આત્માર્થ સિવાય બીજા કોઈ હેતુએ નહિ વંચાવું જોઈએ. એક આત્માર્થ સિવાયના કોઈપણ હેતુએ શાસ્ત્રનું જ્ઞાન થાય, શાસ્ત્રનું અધ્યયન થાય, શાસ્ત્રનું અનુસરણ થાય એટલે પ્રાયઃ અભિનિવેશપૂર્વક થઈ જાય છે. આગળ ૬૬૧ આસપાસના જે પત્રો આવ્યા છે એમાં એમણે એ વિષય લીધો છે.

મુમુક્ષુ :- ... છે એ તપાસવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તપાસવું જોઈએ. તપાસવું એટલે પૂરી જાગૃતિ, હિત-અહિતના વિષય માટે પૂરી જાગૃતિ (જોઈએ). સહજપણે પ્રયોજન ભાસ્યું હોય તેને

રહે, રહે ને રહે જ છે. જગતમાં જ્યાં પ્રયોજન ભાસ્યું છે તેની જાગૃતિ રહે છે કે નથી રહેતી ? કહો. જ્યાં જ્યાં લાભ-નુકસાનનો પ્રસંગ છે ત્યાં જાગૃતિનું સ્મરણ કરવું પડે છે ? ત્યાં જીવ જાગૃત જ છે. તો જેને આત્મહિતનું પ્રયોજન ભાસ્યું છે એ આત્મહિતના વિષયમાં કેમ જાગૃત ન રહે ? કેવી રીતે એ બનવા યોગ્ય છે ? જો ન રહે તો એમ સમજવું કે એને હજી પ્રયોજન ભાસ્યું નથી. આમ સ્પષ્ટ વાત છે એ તો.

પત્રાંક-૮૫૭

ઈડર, માર્ગ. વદ ૦)), ગુરુ, સવારે, ૧૯૫૫

ૐ નમઃ

આત્માર્થી ભાઈ અંબાલાલ તથા મનુદાસ પ્રત્યે, સ્તંભતીર્થ.

મનુદાશનો લખેલો કાગળ મળ્યો. વનસ્પતિ સંબંધી ત્યાગમાં અમુક દશથી પાંચ વનસ્પતિનો હાલ આગાર રાખી બીજી વનસ્પતિથી વિરામ પામતાં આજ્ઞાનો અતિક્રમ નથી.

તમ વગેરેને હાલ અભ્યાસાદિ કેમ વર્તે છે ?

સદ્દેવગુરુશાસ્ત્ર ભક્તિ અપ્રમત્તપણે ઉપાસનીય છે.

૮૫૭. '**ૐ નમઃ આત્માર્થી ભાઈ અંબાલાલ તથા મનુદાસ પ્રત્યે, સ્તંભતીર્થ.**' 'ખંભાત'ના મુમુક્ષુ ભાઈઓને એક Post card લખેલું છે. '**મનુદાસનો લખેલો કાગળ મળ્યો. વનસ્પતિ સંબંધી ત્યાગમાં અમુક દશથી પાંચ વનસ્પતિનો હાલ આગાર રાખી બીજી વનસ્પતિથી વિરામ પામતાં આજ્ઞાનો અતિક્રમ નથી.**' આ એક 'મનુદાસ' કરીને નાની ઉંમરના મુમુક્ષુ છે. વૈરાગી છે. એમના પત્રો 'વવાણિયા'માં વાંચ્યા હતા. એમનું ત્યાગ ઉપર થોડું વધારે લક્ષ છે તો એ પોતે 'કૃપાળુદેવ'ની આજ્ઞા લઈને ત્યાગ કરે છે કે મારે આટલો ત્યાગ કરવો છે આપ આજ્ઞા આપો તો કરું. એટલે એમાં અમુક દસથી પાંચ વનસ્પતિનો આગાર રાખીને બીજી વનસ્પતિનો ત્યાગ કરી નાખો તો એમાં અમારી આજ્ઞાનો અતિક્રમ નથી. એટલે એમ કરીને એને આંશિક વનસ્પતિનો એટલે અમુક શાક ન ખાવા, અમુક ફળ-ફળાદિ ન ખાવા એ વગેરેની આજ્ઞા આપી છે. પણ એ સામાએ માગણી કરી છે ત્યારે. સામે ચાલીને કદી 'કૃપાળુદેવે' કોઈને પ્રતિજ્ઞા કે વ્રતનું કાંઈ કહ્યું નથી.

'તમ વગેરેને હાલ અભ્યાસાદિ કેમ વર્તે છે ?' અભ્યાસ લખ્યો છે. શાસ્ત્ર અભ્યાસને પણ અભ્યાસ કહે છે અને પોતાના અંતર અવલોકનના પ્રયોગના અભ્યાસને પણ અભ્યાસ કહેવામાં આવે છે. તો તમારો હાલમાં અભ્યાસ કેમ વર્તે છે એ જણાવશો. **'સદ્દેવગુરુશાસ્ત્રભક્તિ અપ્રમત્તપણે ઉપાસનીય છે.'** વીતરાગ દેવ, વીતરાગ ગુરુ અને વીતરાગી શાસ્ત્ર પ્રત્યેનું બહુમાન, ભક્તિ એની ઉપાસનામાં ક્યાંય પ્રમાદ કરવા યોગ્ય નથી. નહિતર તો અસત્સંગે ઘેરો ઘાલ્યો છે. કુટુંબ, પરિવાર, સગા, સંબંધી, દુકાન, વેપાર એ બધો તો અસત્સંગનો ઘેરો ઘાલેલો છે. એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિમાં જીવ રહે તો અસત્સંગથી બચે.

અસત્સંગ એ એક બહુ મોટા દોષની ઉત્પત્તિનું નિમિત્ત છ અને એ દોષને અહીંયાં સ્વચ્છંદ કહ્યો છે. સ્વચ્છંદની ઉત્પત્તિ થવાનું કારણ મુખ્ય અસત્સંગ છે. એટલે જેટલો જીવ અસત્સંગમાં રહે ત્યાં સ્વચ્છંદનો અવકાશ વધે છે. એકલો સત્સંગ દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિમાં રહે તો એટલો સ્વચ્છંદ થવાનો અવકાશ ઘટે છે. એટલા માટે બાહ્ય પરિણામોમાં વિવેક કરવા યોગ્ય છે અને એ રીતે જ્ઞાનીઓ, આત્માર્થીઓ એ પ્રકારે વિવેકથી વર્તે છે.

'શ્રી ૐ' લિખીતનમાં એ ૐ ને એમ જ લખે છે. પહેલાં નામ લખતા હતા. હવે એ પ્રકારના પાછળના પત્રોમાં લખાણ આવે છે. પછી...

પત્રાંક-૮૫૮

ઈડર, પોષ, ૧૯૫૫

मा मुज्झह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठअत्थेसु,
थिरमिज्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए।।४९।।
पणतीस सोल छप्पण चदु दुगमेगं च जवह झाएह;
परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण।।५०।।

જો તમે સ્થિરતા ઈચ્છતા હો તો પ્રિય અથવા અપ્રિય વસ્તુમાં મોહ ન કરો, રાગ ન કરો, દ્વેષ ન કરો. અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે પાંત્રીશ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક એમ પરમેષ્ઠીપદના વાચક છે તેનું જયપૂર્વક ધ્યાન કરો. વિશેષ સ્વરૂપ શ્રી ગુરુના ઉપદેશથી જાણવું યોગ્ય છે.

जं किंचि वि चितंतो णिरीहवित्ती हवे जदा साहू,
लद्धूणय एयत्तं तदाहु तं तस्स णिच्चयं झाणं।।५६।।

ધ્યાનમાં એકાગ્રવૃત્તિ રાખીને સાધુ નિઃસ્પૃહ વૃત્તિવાન અર્થાત્ સર્વ પ્રકારની ઈચ્છાથી રહિત થાય તેને પરમ પુરુષો નિશ્ચય ધ્યાન કહે છે.

બે ગાથાઓ લખી છે. કોના ઉપરનો પત્ર છે એ આમાં નથી મળ્યું.

मा मुज्झह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठअत्थेसु,
थिरमिज्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए।।४९।।
पणतीस सोल छप्पण चदु दुगमेगं च जवह झाएह;
परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण।।५०।।

'જો તમે સ્થિરતા ઈચ્છતા હો તો પ્રિય અથવા અપ્રિય વસ્તુમાં મોહ ન કરો, રાગ ન કરો, દ્વેષ ન કરો.' જગતના પદાર્થો જે પ્રિય લાગે છે એને પ્રિય વસ્તુ કહે છે, અપ્રિય લાગે છે તેને અપ્રિય વસ્તુ કહે છે. ખરેખર પદાર્થ કોઈ પ્રિય-અપ્રિય નથી. સુગંધ અને દુર્ગંધ એમ ગંધના બે ભેદ છે. તો જગતમાં સુગંધને પ્રિય ગણવામાં આવે છે એટલે એને પ્રિય વસ્તુ કહે છે. દુર્ગંધને અપ્રિય ગણવામાં આવે છે માટે એને અપ્રિય વસ્તુ કહે છે. એ લૌકિક વિચાર છે. વસ્તુતાએ, પરમાર્થે કોઈ પ્રિય-અપ્રિય નથી. એટલે અભિપ્રાયપૂર્વક લેવું જોઈએ. કે આ જગતમાં કોઈ પદાર્થ સારો પણ નથી અને કોઈ પદાર્થ ખરાબ પણ નથી. શાસ્ત્ર ભાષામાં એને ઈષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી એમ કહે છે. એમ જાણીને કોઈ પદાર્થ પ્રત્યે અનુરાગ, રાગ કરવા યોગ્ય નથી. અણગમો કરીને દ્વેષ કરવા યોગ્ય નથી. આમ રાગ-દ્વેષનો અભાવ થાય તો સ્વરૂપસ્થિરતા થાય. રાગ-દ્વેષના સદ્ભાવમાં સ્વરૂપસ્થિરતા નથી થતી.

'અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે...' ગાથાનો અર્થ છે, હોં ! **'અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે પાંત્રીશ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક એમ પરમેષ્ઠીપદના વાચક છે તેનું જપપૂર્વક ધ્યાન કરો.'** આ એક Exercise આપે છે. જેને પરિણામની ચંચળતા રહે છે એ ચંચળતા મટાડવાનું સૌથી સહેલું સાધન જપ છે. આ માણસ માળા કરે છે ને ? પછી એની અંદર અનેક પ્રકાર છે. જપ કરવાના પણ અનેક પ્રકાર છે. કેમકે જપ કરતા કરતા પણ ઉપયોગ બીજે ચાલ્યો જાય છે. માળા ફરતી રહે અને ઉપયોગ બીજે ચાલ્યો જાય છે. એ ન ચાલ્યો જાય એના માટે અમુક જાતના ભેદ છે. એ ભેદ-પ્રભેદના ઉપયોગને લગાવે એટલે એ બીજે ઉપયોગ લગાવી શકે નહિ. એ આનુપૂર્વિ, અનાનુપૂર્વિ એ વિષય શરૂઆતમાં એમણે લઈ લીધો છે. એટલે એની ગોઠવણી એવી રીતે હોય કે એમાં ઉપયોગ લાગે તો જ એ ગોઠવણી અનુસાર જપ

થાય. નહિતર ઉપયોગ જપ-જપ બહારમાં જપ ચાલ્યા કરે, ઉપયોગ બીજે કામ કરી જાય છે. ચંચળતા જેને વિશેષ હોય છે એને આ બધા પ્રયોગ આપેલા છે.

જોકે આ પ્રયોગ કૃત્રિમ પ્રયોગ છે. પણ કૃત્રિમ પ્રયોગ પણ કરવા સિવાય બીજો ઉપાય નથી. જેમ ૧૦૫ Degree નો તાવ આવે ત્યારે જે Injection થી થોડું નુકસાન થવા યોગ્ય હોય એ નુકસાન સહન કરીને પણ એનું Temperature down કરવું પડે. કૃત્રિમ દવા જેને કહે છે, કૃત્રિમ ઉપાય. એકવાર તો સો, એકસો એક, એકસો બે સુધી લાવી દ્યો. નહિતર પાંચમાંથી છ ને સાત એક Second માં થતા વાત પૂરી થઈ જશે. એ Control કરવા માટે રોગનો કોઈ Acute stage હોય ત્યારે કૃત્રિમ પ્રયોગ અને હઠના પ્રયોગો પણ જે નિરૂપણ કરેલા છે એ કરવાનો આદેશ-ઉપદેશ આપવામાં આવે છે. એવી કોઈ પરિસ્થિતિની વાત લેવી જોઈએ. જ્યાં જ્યાં હઠથી કરવાની વાત આવે.. કેમકે આત્માર્થીને, જ્ઞાનીઓને તો હઠ હોતી નથી. એને તો સહેજે સહેજે એ પ્રકારના પોતાની ભૂમિકાના પરિણામ યોગ્ય, યથાયોગ્ય પરિણામમાં એ વર્તે છે. એને હઠ કરવી પડતી નથી. પણ એથી નીચેની ભૂમિકામાં જ્યારે રાગ-દ્વેષ અને ચંચળતા તીવ્ર થઈ જાય ત્યારે કેટલાક હઠના પ્રયોગોનો પણ ઉપદેશ કરવામાં આવે છે.

'**વિશેષ સ્વરૂપ શ્રી ગુરુના ઉપદેશથી જાણવું યોગ્ય છે.**' લ્યો, એ પછી સાથે સાથે રાખ્યું છે. અમે આ રીતે કરાવ્યું એટલે લાગી પડવું એમ નથી. એનું વિશેષ સ્વરૂપ એટલે એના બીજા પડખા શ્રીગુરુના ઉપદેશથી જાણવા યોગ્ય છે. આના ઉપરથી એક વિશેષ વિચાર એ કર્તવ્ય છે કે ઉપદેશના સિદ્ધાંતો... કાલે રાત્રે પણ થોડી ચર્ચા થઈ હતી. ઉપદેશના સિદ્ધાંતો...

...દરેક સિદ્ધાંતોમાં વિપર્યાસ થવાનો પણ અવકાશ છે. જે ઉપદેશ બોધની અંદર આદેશ ઘણો છે (કે) આમ કરવું, આમ ન કરવું, આમ કર્તવ્ય છે, આમ અકર્તવ્ય છે. એ કર્તવ્ય, અકર્તવ્યનો વિશેષ જે ઉપદેશ બોધમાં છે એમાં પરિણામનું કર્તૃત્વ થવાનો વિપર્યાસનો અવકાશ રહેલો છે. જીવ પરિણામને આમ કરું, પરિણામને આમ કરું, પર્યાયને આમ કરું ને પર્યાયને આમ કરું.

દ્રવ્યાનુયોગ એક એવો ગંભીર વિષય છે કે જો યથાર્થપણે ન પરિણમે તો સ્વચ્છંદ અને શુષ્કતા આવવાનો પણ સંભવ છે. અધ્યાત્મનો વિષય પણ એટલો જ ગંભીર છે કે જો યથાર્થપણે અધ્યાત્મને હસ્તગત કરવામાં ન આવે તો અધ્યાત્મનો વ્યામોહ થઈને પણ શુષ્કતા આવ્યા વગર રહે નહિ. એટલે સિદ્ધાંતનો કે બોધનો ઊંચામાં ઊંચા સ્તરનો વિષય હોય કે નીચામાં નીચી કોટીનો સામાન્ય સિદ્ધાંત હોય, કોઈપણ સ્તરના સિદ્ધાંતમાં જો એની યથાર્થતા ન જળવાય તો વિપર્યાસ થવાની સંભાવના છે.

ભગવાનની દિવ્યધ્વનિ ઋષભદેવ ભગવાનની છૂટ્યા પછી અનેક મતમતાંતર થવાનું કારણ આ છે. તે કાળથી આ કાળ પર્યંત જેટલા મતમતાંતરો થાય છે એ તમામ મતમતાંતરો થવાનું કારણ સિદ્ધાંતને અયથાર્થપણે ગ્રહણ થતાં મૂળ માર્ગ ચૂકીને ઉન્માર્ગમાં ચાલ્યું જવાનું થઈ જાય છે. ગૃહીત મિથ્યાત્વ થાય છે ને એટલે ઉન્માર્ગમાં જાય છે.

એટલે મહાપુરુષોએ, પૂર્વ જ્ઞાનીપુરુષોએ તો જ્યાં જ્યાં સિદ્ધાંતનું નિરૂપણ કર્યું છે ત્યાં ત્યાં સાથે સાથે એનો વિપર્યાસ ન થાય એવી લાલબત્તી મૂકતા ગયા છે કે જુઓ, ભાઈ ! આ રસ્તે આવો વળાંક છે, એમાં આ જગ્યાએ જોખમ છે. એનો Danger point આ છે. આ વાત બહુ સુંદર છે, આત્મહિત માટે પરમહિતકારી છે, પણ એનો Danger point આ જગ્યાએ છે ખરો, જરાક ધ્યાનમાં રાખજો.

મુમુક્ષુ :- જેમકે ?

પૂજ્ય ભાઈશ્રી :- જેમકે અધ્યાત્મનો વિષય છે. આપણે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સમર્થ દૃષ્ટાંત લઈએ. અધ્યાત્મનો વિષય તો આખા જૈનદર્શનમાં ઊચ્ચમાં ઊચ્ચ કોટીનો વિષય છે. એ એમણે ૬૯૩માં લીધુંને ? ૬૯૩માં પોતે જ એ વાત કરે છે કે.. ૬૫૩ કે ૬૯૩ છે. ૭૫૩ છે ઘણું કરીને.

૭૫૩. ૭૫૩ લ્યો. 'આનંદઘનજી'ના જે પદો છે ને ? એનું વિવરણ કરતાં કરતાં એ વાત કરે છે કે 'આનંઘનજી'એ તત્ત્વજ્ઞાનને ભગવાનની ભક્તિમાં ગુંથવાનું કારણ શું છે ? એના ઉપર એમણે એ વાત લીધી છે. ૫૭૨ પાને. પાનું-૫૭૨. એમાં શું એમને લેવું છે ? કે અધ્યાત્મનો વિષય છે એ ઊંચામાં ઊંચો છે. અને એની સામે પૂજા-ભક્તિ જે જિનેન્દ્રની છે એનો વિષય એટલો ઊંચો નથી દેખાતો. હવે એમણે અધ્યાત્મનો વિષય ભગવાનના સ્તવનમાં ગૂંથ્યો છે. કારણ શું ? આ 'કૃપાળુદેવે' એની સ્પષ્ટતા કરી નાખી. 'આનંદઘનજી'એ તત્ત્વજ્ઞાનનું સીધું નિરૂપણ કરવાને બદલે ભગવાનની સ્તવનામાં આ વાત શા માટે મૂકી ? કે ભગવાન તમે આમ કહો છો. આ તો ભગવાન તમે જ આમ કહો છો. એમ કરીને એ પોતે એ વાતના પ્રતિપાદનમાંથી છૂટા થઈને ભગવાનને Involve કરી દે છે.

'દેવચંદ્રસ્વામીએ શ્રી વાસુપૂજ્યના સ્તવનમાં કહ્યું છે કે જિનપૂજા રે તે નિજપૂજના.' કરીને લીધું ને ? **'જો યથાર્થ મૂળ દૃષ્ટિથી જોઈએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે. સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપ પ્રાપ્તિનો હેતુ જાણ્યો છે. ક્ષીણમોહ ગુણસ્થાન પર્યંત તે સ્વરૂપચિંતવના જીવને પ્રબળ આલંબન છે.'** કોની ? આ

ભગવાનની જિનપ્રતિમા અને સિદ્ધની. એ પ્રબળ આલંબન છે. કેમ ? કે '**વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે;...**' શું કહે છે અહીંયાં ? આત્માર્થી જીવને માટે વાત છે. મુમુક્ષુને માટે. જ્ઞાનીને તો વ્યામોહ હોતો નથી. એટલે જ્ઞાનીની વાત અહીંયા ન લેવી. પણ જે હજી જ્ઞાની થવાના રસ્તે ચડવા માગે છે એને અધ્યાત્મનો વિષય સામે આવે છે ત્યારે એને કહે છે કે '**માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણાં જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે,...**' આ લાલબત્તી મૂકી.

'**અથવા સ્વેચ્છાચારીપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્ત પ્રલાપદશા ઉત્પન્ન કરે છે.**' કેમ ? કે અધ્યાત્મમાં તો ભગવાન ઉપર પણ ઉપયોગ લઈ જવાની ના પાડી છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપરનો પણ ઉપયોગ છે એ શુભભાવનું કારણ છે, પરસન્મુખતા છે. અને ઉપયોગ બહાર જાય તો જમનો દૂત સમજવો. અધ્યાત્મ તો આવી ચીજ છે. ઉપયોગ બહાર જાય એટલે આત્મસાધક નથી. પરસત્તા અવલંબનશીલ છે તે આત્માને સાધતું નથી. એટલે માત્ર એ પોતાના સ્વરૂપના સ્વસન્મુખતાના આધારે અધ્યાત્મમાં જીવ ન આવતો હોય તો, સ્વરૂપલક્ષ ન હોય તો જો માત્ર ધારણાથી અધ્યાત્મના વિષયમાં પ્રવેશ કરે છે, એને એકલું અધ્યાત્મનું ચિંતવન રાખે અને સાથે સાથે આ જિનેન્દ્ર પૂજા-ભક્તિ આદિ ન હોય તો, એમ કહેવું છે, એને વ્યામોહ ઉપજવાનું કારણ બને છે. જ્ઞાનીને એમ નથી બનતું. એને બંધન નથી. એને પૂજા-ભક્તિનુ બંધન નથી.

'**ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારીપણું ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્તપ્રલાપદશા ઉત્પન્ન કરે છે. ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી...**' આ મંદિરમાં પ્રતિમાજી છે ને ? '**ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દષ્ટિ થાય છે,...**' કેમકે ત્યાં ભગવાનની સીધી પર્યાય દેખાય છેલ કે ઓહો..! પરમવીતરાગતામાં નિરવશેષ અંતર્મુખ ધ્યાનમાં, શુક્લધ્યાનમાં બિરાજમાન છે. પરિપૂર્ણ સ્વસંવેદનમાં બિરાજમાન છે, અનંત સ્વસંવેદન વર્તે છે. એ ભક્તિપ્રધાન દષ્ટિ થાય છે '**અને અધ્યાત્મદષ્ટિ ગૌણ થાય છે. જેથી શુષ્કતા, સ્વેચ્છાચારીપણું અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી.**'

'**આત્મદશા બળવાન થવાથી સ્વાભાવિક અધ્યાત્મ પ્રધાનતા થાય છે.**' એ સ્વરૂપલક્ષે સ્વરૂપના આધારે આવે છે. એ સ્વાભાવિક પ્રધાનતા થાય છે અને '**આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે, એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતા નથી; અને ભક્તિમાર્ગ પ્રત્યે પણ જુગુપ્સિત થતા નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા**

પામતી જાય છે.' હવે આનો પુરાવો શું ? વચનોના પુરાવા આપણી પાસે બે બહુ મોટા પુરાવા છે. એક 'નિયમસાર' પરમાગમ છે.

'નિયમસાર'માં ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' સ્વરૂપની ભાવના એટલી જોરથી ભાવી છે કે ક્ષાયિક પર્યાય પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય છે. હવે ત્યાં Danger point શું છે ? પર્યાયને એટલી ગૌણ કરી છે કે જો યથાર્થપણે સ્વરૂપના અવલંબને એ વાત ન આવે તો એ પર્યાયની ગૌણતા એને શુષ્કતામાં લઈ જાય. ત્યાં એ ગ્રંથનો બીજો પુરાવો શું છે ? કે ત્યાં જ્યાં જ્યાં જિનભક્તિનો વિષય હોય ત્યાં એટલી ઉત્કૃષ્ટતામાં ચાલ્યો છે કે એટલી ઉત્કૃષ્ટતામાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'માં જોવા નહિ મળે. એમના ચાર અધ્યાત્મ ગ્રંથોમાં 'નિયમસાર'માં જે જિનેન્દ્ર ભક્તિ જોવા મળશે એ તમને ક્યાંય જોવા નહિ મળે. જે 'આનંદઘનજી'ની વાત છે અને 'કૃપાળુદેવ'ની વાત છે એનો આ પુરાવો છે.

બીજો પુરાવો 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં દૃષ્ટિના જોરથી અધ્યાત્મનો વિષય બહુ જોરથી આવ્યો છે. ઉપયોગ બહાર નીકળ્યો કે જમનો દૂત સમજો. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉપયોગ થાય તો ભઠ્ઠી જેવું દુઃખ લાગે. બરાબર ? હવે એમની ભક્તિ જુઓ તમે. જે ગુરુદેવથી એમને આત્મલાભ થયો છે, અનંત તીર્થંકરોથી એ અધિક છે મારા માટે તો. કેવી ભક્તિ આવી છે ! મારા માટે તો આ અનંત તીર્થંકરોથી અધિક છે. એ ભક્તિ પણ એટલી જ જોરથી આવે. આમ થવાનું કારણ શું ? કે સાધક અવસ્થામાં પૂર્ણ શુદ્ધ દશા, પૂર્ણ અધ્યાત્મદશા નથી, અધૂરી અધ્યાત્મદશા, અધુરી સાધકદશા છે. અને એનું Balance રહે છે એ આ પ્રકારે રહે છે, કુદરતી રીતે. જો એ Balance ન રહે તો એમાંથી Danger point છે એ Danger zone માં આવી જાય અને એમાંથી દુર્ગુણની ઉત્પત્તિ થાય, અવગુણની ઉત્પત્તિ થાય. જે ગુણનો વિકાસ કરવો જોઈએ એના બદલે આખી વિપરીત દશા થઈ જાય. એટલે આત્માર્થી જીવને એ રીતે દરેક સિદ્ધાંતમાં.

.. એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી. .. પછી શાસ્ત્ર અને સદ્‌ગુરુ બેયને ઉડાડી શકાય છે. 'સમયસાર' પોતે એમ કહે છે. પણ 'સમયસાર'ના વચનો એ આત્માને કાંઈ કરી શકતા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી તો આ શાસ્ત્ર વાંચવું પણ બેકાર છે. અને સમાગમ સત્પુરુષના યોગમાં જાવું નકામું છે, સત્સંગમાં રહેવું નકામું છે. કેમકે પરદ્રવ્યથી તો કાંઈ લાભ થવાનો નથી. તો એ બધા Danger point છે. દ્રવ્યાનુયોગના, અધ્યાત્મના જે Danger point છે ત્યાં શું હોય તો ન એમાં થાય એ બધી લાલબત્તી મહાપુરુષોએ જ્યારે જ્યાં જ્યાં જે વીતરાગી સિદ્ધાંતોનું

નિરૂપણ કર્યું છે ત્યાં એ વાતનો ખુલાસો કરતા ગયા છે.

એનો પુરાવો છે 'સમયસાર'ની ૧૧ ગાથા અને ૧૨ ગાથા. ૧૧ ગાથામાં કીધું કે સઘળો વ્યવહાર અભૂતાર્થ છે. શું કીધું ? ૧૧મી ગાથામાં 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દૃષ્ટિ થાય છે માટે સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે. આ ટીકામાં 'અમૃતચંદ્રાચાર્ય' ત્યાંથી જ ૧૧મી ગાથાની ટીકા શરૂ કરી. સીધી બારમી ગાથા લીધી કે તે કાળે જાણેલો વ્યવહાર પ્રયોજનવાન છે. અગિયારમી પછી સીધી બારમીમાં એ વાત લેવાનું શું કારણ ? કે અગિયારમીનો Danger point છે ઈ તને સમજાવીએ છીએ. તે કાળે ઉત્પન્ન થયેલો વ્યવહાર તે જાણેલો પ્રયોજનવાન છે. એટલું જો ન લે તો એ ત્યાં એવી ભૂલ થઈ જાય કે ક્યાં એ ખોવાય જાય એને પોતાને ખબર ન રહે.

એટલે એ પ્રકારે એ મહા વિચિક્ષણ આચાર્યો હોય છે, જ્ઞાનીઓ હોય છે, તત્ત્વનું પ્રતિપાદન કરનારાની વિચિક્ષણતા ઘણી હોય છે. જે જે પ્રકારનું પોતે જ્યાં જ્યાં જોર દેવા યોગ્ય હોય છે ત્યાં એટલું જોર દે કે કોઈને એમ લાગે કે આ તો એકાંત કરે છે. પણ સાથે સાથે એમનો ખુલાસો હોય છે કે વસ્તુ સ્વરૂપ આ પ્રકારે છે. આ જ્ઞાનમાં, ખ્યાલમાં રાખીને કહીએ છીએ. ક્ષાયિક પર્યાય કેવળજ્ઞાનની પર્યાયને પરદ્રવ્ય, પરભાવ ને હેય કહેતી વખતે એ ક્ષાયિક પર્યાય જીવની છે એવું એનું જે વસ્તુનું સ્વરૂપજ્ઞાન છે એમાં વિપરીતતા થાય એવું કદી બનતું નથી. સ્વરૂપજ્ઞાન તો એમ જ રહે છે.

મુમુક્ષુ :- મુમુક્ષુને સંતુલનમાં આવવાની યોગ્યતા કેવી રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- એક જ વાત છે. કેમકે આ વિષય બહોળો પણ ઘણો છે અને ઊંડો પણ ઘણો છે. કેમકે અનેક ન્યાયો અને અનેક સિદ્ધાંતો છે અને બધાને કોઈ બધા ગોખી શકે નહિ, સ્મરણમાં રાખી શકે નહિ. એટલે એ બાબતમાં તો એક એને Master key જેવી એક ચાવી હાથમાં જો આવી જાય તો ક્યાંય ભૂલે નહિ. અને એ Master key છે એકલું આત્મકલ્યાણનું લક્ષ રહેવું તે. મારે મારું આત્મકલ્યાણ કરવા સિવાય બીજું કાંઈ પ્રયોજન નથી. બસ. તો એને ક્યાંય વિપર્યાસ થવાનો અવકાશ નથી અને નહિતર ક્યાં ક્યાં વિપર્યાસ થાય એનું કાંઈ કહી શકાય નહિ. કેટલું યાદ રાખે ? બધા ન્યાયો તો વાંચવામાં અને સાંભળવામાં પણ ન આવ્યા હોય. અને વાંચ્યા-સાંભળ્યા હોય તો સ્મરમણમાં રહેવું એ બધાને માટે શક્ય નથી. તો એ વિષય તો બહુ કઠિન થઈ જાય. તો એનો કોઈ સુગમ અને સહેલો ઉપાય છે ? હા છે.

મારે જન્મ-મરણથી મુક્ત થવું છે, મારે પરિપૂર્ણ નિર્દોષ થવું છે. એક પણ દોષને કરવું, કરાવું, અનુમોદવું એ મારું કામ નથી. ખલાસ ! પછી લગભગ બચી જાય છે.

આ એક લક્ષ ઉપર વળગેલું જેનું મુખ્ય વલણ છે પછી એ લગભગ બચી જાય છે. કેમકે એની નિર્દોષતાની ભાવના એના જ પરિણામમાં ઉત્પન્ન થયેલા દોષથી હલે છે, એને ઠેસ લાગી જાય છે. એ ભાવના બહુ કોમળ ચીજ છે. એટલે એ સહન નથી થતું. ભાવનાવાળો જીવ પોતાના દોષને સહન નથી કરી શકતો. એના હૃદયને ઠેસ લાગે છે એટલે એ પાછો પડે છે. એ દોષમાં આગળ નથી વધતો પણ પાછો પડી જાય છે. નહિ.. નહિ.. નહિ. મુમુક્ષુ છે, આત્માર્થી છે, હજી જ્ઞાનપ્રાપ્તિ નથી થઈ, દોષમાં આવી પણ જાય. પણ એનું લક્ષ નિર્દોષ થવાનું છે, પવિત્ર થવાનું છે, આત્મકલ્યાણનું છે તો એની ભાવનાને ઠેસ વાગશે. અંદરમાં લાલબત્તી આ જગ્યાએ થાશે અને ત્યાંથી એ પાછો વળશે. કે નહિ, આ જગ્યાએ આગળ વધવાનું મારું કામ નથી. એમ થઈ જશે.

આ તો પ્રયોગથી વાત નીકળી. કૃત્રિમ પ્રયોગ શું ? સહજ પ્રયોગ શું ? બીજી ૫૬મી ગાથા છે. આ 'દ્રવ્યસંગ્રહ'ની ગાથા છે ને ? ઉપર ૪૯-૫૦ 'દ્રવ્યસંગ્રહ'ની ગાથા છે. નીચેની ૫૬મી ગાથા છે. 'દ્રવ્યસંગ્રહ' છે એ ભગવાન 'નેમિચંદ્રસિદ્ધાંત ચક્રવર્તી'નો રચેલો ગ્રંથ છે. જે દક્ષિણમાં થઈ ગયા અને આ 'ગોમ્મટસાર' જેમણે લખ્યું. 'દ્રવ્યસંગ્રહ' લખ્યું, 'ગોમ્મટસાર' લખ્યું અને એના ઉપરથી આ 'ગોમ્મટગિરી' કહેવાય છે. 'શ્રવણબેલગોલા'માં પર્વત છે તેને 'ગોમ્મટગિરી' કહે છે. એના ઉપરના બાહુબલી ભગવાનને પણ 'ગોમ્મટેશ્વર' કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પ્રતિષ્ઠા એમણે કરાવેલી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમણે પ્રતિષ્ઠા કરાવેલી છે. 'ચામુંડરાય' કરીને એમના શિષ્ય હતા. સમ્યગ્દૃષ્ટિ રાજા હતા. એ જમાનામાં રાજાઓ પણ સમ્યગ્દૃષ્ટિ હતા. એમના માતુશ્રીને સ્વપ્નું આવેલું. એ સ્વપ્નના આધારે એ મૂર્તિ ઘડાણી છે, લ્યો ! નહિતર એ પરંપરા નહોતી. આપણે ત્યાં મુનિઓની પ્રતિમા કરવાની પરંપરા ઓછી છે. અને એ તો સારું છે. શાસ્ત્ર આગમ વિરુદ્ધ નથી. આગમ સંમત છે. મુનિઓની પ્રતિમા થઈ શકે છે. એ બાહુબલી ભગવાનની મુનિની પ્રતિમા છે. મુનિદશાની પ્રતિમા છે. કેવળજ્ઞાન દશાની પ્રતિમા નથી. કેમકે વેલીએ વિંટાયેલી છે ને ? એ કેવળજ્ઞાન હોય ત્યારે એક વીતરાગમૂર્તિ, અરિહંતમૂર્તિ બધી સરખી. અનાદિઅનંત બધી કૃત્રિમ અને અકૃત્રિમ જિન પ્રતિમાઓ બધી એકસરખી હોય છે. એમાં કોઈનો ચહેરો, મોહરો, સંયોગ, વિયોગ બીજું કાંઈ હોતું નથી. આ પાર્શ્વનાથ ભગવાનને જે ફેણ નાખે છે એ મુનિપણાનો વિષય છે. એ કોઈ અરિહંતનો પ્રકાર નથી. એમના માતાજીને સ્વપ્નમા આવેલી વાત છે. એવી પ્રતિમા આબેહુબ ઘડાવી છે. નિતરતી વીતરાગતા જોઈ લ્યો. એવી પ્રતિમા બહુ સુંદર કરેલી છે. એ 'દ્રવ્યસંગ્રહ'ની આ ગાથાઓ છે.

जं किंचि वि चितंतो णिरीहवित्ती हवे जदा साहू,
लद्धूणय एयत्तं तदाहु तं तस्स णिच्चयं झाणं।।५६।।

'ધ્યાનમાં એકાગ્રવૃત્તિ રાખીને સાધુ નિઃસ્પૃહ વૃત્તિવાન અર્થાત્ સર્વ પ્રકારની ઈચ્છાથી રહિત થાય તેને પરમ પુરુષો નિશ્ચય ધ્યાન કહે છે.' જે નિશ્ચય ધ્યાનમાં આખા જગતની વિસ્મૃતિ થાય છે. આખું જગત વિસ્મરણ થઈ જાય છે ત્યારે એ નિઃસ્પૃહ થાય છે. જગતના કોઈ પદાર્થની સાથેનો લગવાડ નહિ, સ્પૃહા નહિ. એવું ધ્યાનમાં, સ્વરૂપધ્યાનમાં એકાગ્ર ચિત્ત રાખીને સાધુ નિઃસ્પૃહ વૃત્તિવાન અને સર્વ પ્રકારની ઈચ્છાથી રહિત નિરિચ્છક વૃત્તિમાં (રહે). નિરિચ્છિક સ્વભાવ એવો જે આત્મા, એમાં એકાગ્ર ચિત્તવાળા, એકાગ્ર પરિણામવાળા જે મુનિઓ છે તેને પરિણામમાં પણ ઈચ્છાનો અભાવ થાય છે. નિરિચ્છિક સ્વભાવાકાર પરિણામ થઈ ગયા. નિરિચ્છિક સ્વરૂપાકાર પરિણામ થઈ ગયા. એટલે એ પરિણામમાં ઈચ્છાનો ઉત્પાદ નથી થતો.

'સર્વ પ્રકારની ઈચ્છાથી રહિત થાય તેને પરમ પુરુષો...' વીતરાગ પુરુષોએ એને **'નિશ્ચય ધ્યાન કહે છે.'** આટલી ચંચળતા ઘટે છે એ બધા વ્યવહાર ધ્યાનમાં, જપ-તપ કરે છે એ બધું વ્યવહાર ધ્યાનમાં જાય છે. શું છે કે જીવના પરિણામોની જે સ્થિતિ છે એમાં જે રોગ છે, રાગ-રોગ છે એ કોઈવાર Acute stage માં આવે છે, કોઈવાર Cronic stage માં હોય છે ત્યારે એનો ઈલાજ પણ ભિન્ન-ભિન્ન રીતે કરવામાં આવે છે. તબીબી વિજ્ઞાન જેવું છે. જેવું જે વખતે જે રોગનું Stage હોય એ પ્રકારે ત્યાં એનો એ ઈલાજ કરવાનો આચાર્યોએ, શ્રીગુરુએ માર્ગદર્શન આપેલું છે. એટલે બેય જુદી જુદી વાત એ લેવી છે. એ ૮૫૮ પત્ર થયો. એ પણ કોના ઉપર લખેલો છે એ આમાં મળતું નથી. પણ 'દ્રવ્યસંગ્રહ'ની ગાથાઓ ટાંકીને ધ્યાનના વિષય ઉપર એનો જે અર્થ છે એ ખાલી અર્થ જ કર્યો છે. પોતે કોઈ એના ઉપર વિશેષણ નથી કરેલું. ગાથાઓનો સીધો અર્થ જ લીધો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં શું છે કે પાંત્રીસથી સોળ એના પંચ પરમેષ્ઠીપદના વાચક છે એટલે આગળ-પાછળ ગોઠવીને એના ભેદ કરવામાં આવે છે. પાંત્રીસથી સોળ સુધીના એના ભેદ-પ્રભેદ કરવામાં આવે છે.

મુમુક્ષુ :- નોકારમંત્રના .. ભાગ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જુદા જુદા ભેદ છે. અ સિ આ ઉ સામાં પાચ થઈ જાય. પછી ખાલી અરિહંતમાં ચાર થઈ જાય, એકમાં એકલો ૐ થઈ જાય. એવી રીતે.

ૐમાં પંચપરમેષ્ઠી આવી જાય. અ સિ આ ઉ સામાં પંચપરમેષ્ઠી આવી જાય એમ. તો જુદા જુદા ભેદે એનો જાપ કરવો એમ. એકલું પાંચેપાંચ પદ બોલે રાખવા એમ નહિ. નહિતર શું થશે રટણ થઈ જશે અને ઉપયોગ બીજે વયો જશે. એટલે વાતને ફેરવી નાખવી. ફેરવવા જતા ઉપયોગ જોડવો પડે. એટલે ઉપયોગ બીજે ન જાય. એમ કહેવું છે. ચંચળતા ઘટાડવા માટે જપની વાત છે.

આપણે અહીંયાં એક શેઠ હતા ને ? માસ્ટર મીલના માલિક. બહુ મોટો મહિવટ હોય, ઘણું માથાકૂટવાળું કામ હોય એનો ઉપયોગ તો બહુ ચંચળ થઈ જાય. કેમકે કેટલી જાતની લપ્પન, છપ્પન. અત્યારે તો Industryવાળાને તો માથુ ખરાબ થવાની બહુ પરિસ્થિતિ છે. એ પછી કહે કે હું.. હવે જ્યારે નવરા પડે ત્યારે માણસ શું કરે ? પછી તો બહુ તકલીફ થાય. એકાંતમાં માણસ હોય ત્યારે બહુ તકલીફ થાય. કુદરતી એમના ઘરમાં વસ્તી ઓછી હતી. પોતે અને દીકરા અને દીકરાની વહુ. મોટો મહેલ જેવો બંગલો હોય. કરે શું ? કહે હું એકલો જાવ, ગાડીમાં એકલો હોવ, ઘરે એકલો હોઉં તો માળા લઈને બેસી જાઉં. પછી મને થોડી શાંતિ રહે છે. નહિતર અશાંતિ બહુ વધી જાય. ચંચળતા વધી જાય, આકુળતા બહુ વધી જાય. અને અશાંતિ એટલી બધી થાય કે પોતાને માનસિક રીતે તકલીફ થઈ જાય. એટલે મનને શાંત પાડવા માટે જપ છે એ સહેલામાં સહેલું સાધન છે. એ તો અન્યમતિ આ પ્રયોગ તો કરે છે ને ? પોત પોતાના ઈશ્વરનો જપ કરે. અને એ માળા ગણવા બેસી જાય, માળામાં ઉપયોગ લગાવે, ઈષ્ટદેવના સ્મરણની અંદર. એટલે એને ચંચળતા ઘટી જાય છે અને માનસિક શાંતિ રહે છે. એ એક પ્રકાર છે. નહિતર ઓલી વકરીને ક્યાં જાય, એ અશાંતિ વકરીને ક્યાં જાય એ કહેવું મુશ્કેલ છે. માણસ પાગલ થઈ જાય. એકલો એકલો માણસ જો તીવ્ર અશાંતિમાં કાંઈ સાધન ન કરે, બાહ્ય સાધન, આ તો બાહ્ય સાધન છે, એમાં-કૃત્રિમ સાધનમાં ન પ્રવર્તે તો પાગલ થઈ જાય ત્યાં સુધી એની પરિસ્થિતિ બગડે છે. એટલા માટે જ્યાં જેવું રોગનું Stage છે ત્યાં તેવો તેવો ઈલાજ બતાવવામાં આવ્યો છે. એટલી વાત છે.

પત્રાંક-૮૫૯

ઈડર, પોષ સુદ ૧૫, ગુરુ, ૧૯૫૫

ૐ

તમે લખેલો ૧ કાગળ તથા મુનદાસે લખેલા ૩ કાગળ મળ્યા છે.

વસોમાં ગ્રહણ કરેલા નિયમાનુસાર લીલોતરીમાં વિરતિપણે મુનદાસે વર્તવું. બે શ્લોકના સ્મરણનો નિયમ શારીરિક ઉપદ્રવ્ય વિશેષ વિના હમેશ નિર્વાહવો. ઘઉં અને ઘી શારીરિક હેતુથી ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી.

કિંચિત્ દોષ સંભાવ્યમાન થયો હોય તો તેનું પ્રાયશ્ચિત્ત શ્રી દેવકીર્ણ મુનિ આદિની સમીપે લેવું યોગ્ય છે.

તમારે અથવા કોઈ બીજા મુમુક્ષુઓએ નિયમાદિનું ગ્રહણ તે મુનિઓ સમીપે કર્તવ્ય છે. પ્રબળ કારણ વિના તે સંબંધી અમને પત્રાદિ દ્વારા ન જણાવતાં મુનિઓ પ્રત્યેથી તે સંબંધી સમાધાન જાણવું યોગ્ય છે.

ૐ

તા. ૧૦-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૫૯ થી ૮૬૫
પ્રવચન નં. ૪૧૨

'**કિંચિત્ દોષ સંભાવ્યમાન થયો હોય તો તેનું પ્રાયશ્ચિત શ્રી દેવકીર્ણ મુનિ આદિની સમીપે લેવું યોગ્ય છે.**' તેમ છતાં કાંઈ એમાં ભૂલ થઈ હોય તો 'દેવકીર્ણ મુનિ' પાસે એની ક્ષમાયાચના કરી લેવી. એ કહે કે તમે એના બદલે આમ પ્રાયશ્ચિત લઈ લ્યો. તો એનું પ્રાયશ્ચિત પણ લઈ લેવું. સંપ્રદાયમાં હોય છે ને એવું કાંઈક ? દોષ થાય તો પ્રાયશ્ચિત આપવાનું. આમ તો મૂળ વિધિમાં પણ એવું છે. મુનિઓની વિધિમાં પણ એ પ્રકારનું શ્રીગુરુ પ્રાયશ્ચિત આપે છે.

'**તમારે અથવા કોઈ બીજા મુમુક્ષુએ નિયમાદિનું ગ્રહણ તે મુનિઓ સમીપે કર્તવ્ય છે.**' તમારે અથવા બીજા કોઈપણ મુમુક્ષુએ નિયમાદિનું કોઈપણ નિયમનું ગ્રહણ કરવું હોય તો એ મુનિઓ પાસે કરવું. કેમકે એ બહારમાં ત્યાગી છે ને ? એટલે.

ગૃહસ્થી અત્યાગી હોય એ બીજાને ત્યાગ ન આપી શકે. કેમકે પોતાને જ ત્યાગ વર્તતો નથી. એ નિયમ છે એટલે. **'પ્રબળ કારણ વિના તે સંબંધી અમને પત્રાદિ દ્વારા ન જણાવતાં મુનિઓ પ્રત્યેથી તે સંબંધી સમાધાન જાણવું યોગ્ય છે.'** અને આવી ચર્ચા કરવાની કાંઈ અમારી સાથે જરૂર નથી. મુનિઓ સાથે તમે જે કાંઈ ચર્ચા કરવી હોય એ કરીને સમાધાન લઈ લેવું. કોઈ ખાસ એવું પ્રબળ કારણ હોય તો જુદી વાત છે, સામાન્ય એવી કોઈ બાબત હોય તો અમને લખવાની જરૂર નથી. એ 'મનુદાસભાઈ' કાંઈક ત્યાગ કરવાના પરિણામમાં છે એટલે એટલી સૂચનાઓ કરી છે.

મુમુક્ષુ :- કિંચિત્ દોષ હોય તો પ્રાયશ્ચિત્ત લેવું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈએ પોતે પ્રતિજ્ઞા લીધી હોય અને એમાં પ્રતિજ્ઞા તોડવાનો થોડો દોષ થયો હોય તો એ દોષનું પ્રાયશ્ચિત માગી લેવું. કેમકે પ્રતિજ્ઞાબદ્ધ છે એટલે પ્રતિજ્ઞાબદ્ધ છે. પ્રતિજ્ઞા દઢ પરિણામ દ્વારા જ લેવાય છે. પોતાના પરિણામની શક્તિ હોય એ પ્રમાણે જ લેવાય છે અને છતાં પણ એમાં કાંઈ ભૂલ થઈ જાય, ચૂક થઈ જાય તો એનું પ્રાયશ્ચિત લેવું ઘટે છે. અને એ પ્રાયશ્ચિત લેનાર પણ પરિણામની દઢતાને જ સૂચવે છે. પ્રાયશ્ચિત કોણ લે છે ? એના પરિણામની દઢતા વિશેષ છે ત્યારે એ પ્રાયશ્ચિત લે છે. એ ૮૫૯ થયો.

પત્રાંક-૮૬૦

મોરબી, ફાલ્ગુન સુદ ૧, રવિ, ૧૯૫૫

ૐ નમઃ

પત્ર પ્રાપ્ત થયું.

'નાકે રૂપ નિહાળતા' એ ચરણનો અર્થ વીતરાગ મુદ્રાસૂચક છે. રૂપાવલોકન દૃષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે સ્વરૂપાવલોકનદૃષ્ટિમાં પણ સુગમતા પ્રાપ્ત થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકનદૃષ્ટિ પરિણમે છે.

મહત્પુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના, અને ગુણજિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે. તેથી સ્વરૂપદૃષ્ટિ સહજમાં પરિણમે છે.

૮૬૦. 'છગનલાલ નાનજી' કોઈ 'છગનલાલ નાનજી' કરીને મુમુક્ષુ છે. 'મોરબી'થી પત્ર લખે છે. **'પત્ર પ્રાપ્ત થયું. 'નાકે રૂપ નિહાળતા' એ ચરણનો અર્થ વીતરાગમુદ્રાસૂચક છે.'** ભગવાનની દૃષ્ટિ વીતરાગદશામાં નાસિકાગ્ર દૃષ્ટિ હોય છે. એટલે સામાન્ય રીતે જેના પરિણામો અંતર્મુખ થાય છે, એ અંતર્મુખ થાય છે ત્યારે નેત્રો ઢળી જાય છે. અને એ ઢળેલા નેત્રોનો Angle વિચારવામાં આવે તો નાકનું ટેરવું કોઈ જોવે અને જે પ્રમાણે આંખનું પોપચુ ઢળેલું હોય એવો દેખાવ થાય છે.

એટલે 'નાકે રૂપ નિહાળતા.' આમ તો શું છે કે નાક એક મુખાકૃતિ ઉપરનો એવો અવયવ છે કે જેના ઉપરથી મુખાકૃતિની નમણાશ, ઘાટીલાપણું છે એ પણ એક રૂપનુ અંગ છે. મુખાકૃતિના રૂપનુ અંગ છે. એટલે પદ તો ક્યાંથી છે, કોનું છે એ ખબર નથી. પાછળ ખ્યાલ આવે તો જુઓ. 'નાકે રૂપ નિહાળતા' કોઈ ધાર્મિકપદ છે ? કે કોઈ લૌકિક પદ છે ? કેમકે લૌકિક પદમાં આ રીતે અર્થ થાય. પોતે તો અલૌકિક અર્થ ઉતાર્યો છે. એ ચરણનો અર્થ, એવા પદનો અર્થ એટલે હશે ધાર્મિક અર્થ કેમકે ચરણ શબ્દ વાપર્યો.

મુમુક્ષુ :– પ્રશ્નવાચક.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રશ્નવાચક મૂક્યું છે. ઠીક ! એટલે મળ્યું નથી. ક્યાંથી પદ લેવાણું છે એ મળ્યું નથી.

'એ ચરણનો અર્થ વીતરાગમુદ્રાસૂચક છે.' એટલે કે વીતરાગમુદ્રા હોય ત્યારે આ પ્રમાણે નાસિકાગ્ર દૃષ્ટિ થાય છે. **'રૂપાવલોકન દૃષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે સ્વરૂપાવલોકનદૃષ્ટિમાં પણ સુગમતા પ્રાપ્ત થાય છે.'** રૂપ એટલે બહારનું રૂપ. ભગવાનની મુદ્રાનું બહારનું રૂપ, એનું અવલોકન કરતા પરિણામની ચંચળતા ઘટે છે. કેમકે એ પણ સ્થિર છે. ધ્યાનસ્થમુદ્રા છે. એટલે એ દૃષ્ટિથી અંદરમાં સ્થિરતા પ્રાપ્ત થાય, એટલે ચંચળતા ઘટે. તો પછી પોતાનું નિજ સ્વરૂપ અવલોકનદૃષ્ટિમાં પણ સુગમતા થાય છે.

ચંચળતા વિશેષ હોય તો પોતાના સ્વરૂપ અવલોકનમાં અસુગમતા છે. સુગમતા નથી પણ અસુગમતા છે. એટલે **'રૂપાવલોકન દૃષ્ટિથી...'** આ રૂપસ્થ ધ્યાન છે ને ? એ રૂપસ્થ ધ્યાન એટલે ભગવાનનું રૂપ જોઈને ધ્યાન કરવું. પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું છે પણ ભગવાનનું રૂપ જોઈને ધ્યાન કરવુંદ, અને એ સુગમતા થાય છે. સીધું જેને સ્વરૂપનું ધ્યાન ન લાગે કે સ્વરૂપ જ્ઞાનમાં સીધુ ન આવે એને બાહ્ય આલંબનમાં ઘણી સુગમતા છે. સ્વરૂપ ધ્યાનમાં ભગવાનની પ્રતિમા સામે બેસીને ધ્યાન કરવામાં ઘણી સુગમતા છે. એટલે એ જ્ઞાનીઓને ધ્યાનનું કારણ લીધું છે. ભગવાનની પ્રતિમા

જ્ઞાનીઓને ધ્યાનનું કારણ છે. ભેદજ્ઞાનનું કારણ છે. મુમુક્ષુને પણ ભેદજ્ઞાનનું કારણ છે. કેવળ શુભભાવનું કારણ નથી.

એટલે '**રૂપાવલોકન દષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે સ્વરૂપાવલોકન-દષ્ટિમાં પણ સુગમતા પ્રાપ્ત થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકનદષ્ટિ પરિણમે છે.**' જેનો દર્શનમોહનો અનુભાગ ઘટ્યો હોય, દર્શનમોહનો રસ ઘટ્યો હોય એટલે કે પરિણામમાં દર્શનમોહની-ભાવદર્શનમોહની શક્તિ ઘટી હોય એને પોતાના સ્વરૂપ અવલોકનની દષ્ટિ પરિણમે છે. અને તીવ્ર જેને દર્શનમોહ હોય, અનુભાગ જેનો ઘણો હોય એને સ્વરૂપ અવલોકન થઈ શકતું નથી. સારી ચર્ચા કરી છે. કોઈ 'છગનલાલ નાનજીભાઈ' કરીને છે. ક્યાંના છે ?

મુમુક્ષુ :- 'લીંબડી'.

પૂજ્ય ભાઈશ્રી :- 'લીંબડી' ? ઠીક. સારો વિષય ચાલ્યો છે.

'**મહત્પુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના, અને ગુણજિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે.**' જુઓ ! શાસ્ત્રમાં આવી સંકલના ક્યાંથી મળે ? દર્શનમોહનો અનુભાગ ઘટાડવો હોય તો એણે શું શું કરવું જોઈએ ? મુમુક્ષુજીવે સમ્યગ્દર્શનની પ્રાપ્તિની તૈયારી કેવી રીતે કરવી ? બીજી ભાષામાં કહીએ તો જે સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકા છે એ દર્શનમોહનો અનુભાગ ઘટવાની છે. અને દર્શનમોહનો અનુભાગ ઘટે છે એ ક્યા કારણથી ઘટે છે ? કે મહત્પુરુષનો નિરંતર અથવા વિશેષપણે સમાગમ કરવો. જેટલો થાય એમાં વિશેષપણે સમાગમ કરવો. એટલે પોતાના ભાવની વિશેષતા હોય તો સમાગમ વિશેષપણે થાય છે. પોતે ઉપરછલ્લો સમાગમ કરે તો એ સામાન્ય સમાગમ છે. પોતે ઊંડાણમાં જાય. સત્પુરુષના સમાગમમાં, એમના ભાવોના ઊંડાણમાં જાય તો વિશેષ સમાગમ થાય છે.

એનો '**વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના,...**' જેમાં સ્વરૂપ અને સ્વરૂપ પ્રાપ્તિની વિધિ છે એવા વીતરાગશ્રુતનું ચિંતવન કરવું. '**અને ગુણજિજ્ઞાસા....**' ગુણ પ્રાપ્તિની જિજ્ઞાસા. પોતાના ગુણ પ્રગટ થાય એવી એની ભાવાના અને જિજ્ઞાસા છે. એવા બધા પરિણામ દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે. બે વાત લીધી છે. એક પ્રત્યક્ષ સત્સમાગમ વિશેષપણે, એક વીતરાગ શ્રુતની ચિંતવના અને ત્રીજી ગુણપ્રાપ્તિની જિજ્ઞાસા. એ બંનેનો હેતુ લીધો છે. શા માટે સત્સમાગમ કરવો ? શા માટે સત્શ્રુતની ઉપાસના કરવી ? કે પોતામાં ગુણનો આવિર્ભાવ થાય, ગુણ પ્રગટ થાય તે હેતુથી કરવી. એ હેતુ સાથે હોય છે. એટલે એને દર્શનમોહનો અનુભાગ અવશ્ય ઘટે છે. અને '**તેથી સ્વરૂપદષ્ટિ સહજમાં પરિણમે છે.**' લ્યો ઠીક ! પરિસ્થિતિ જ એવી થાય છે

કે સહજમાં સ્વરૂપદષ્ટિ પરિણમે છે. એવો પુરુષાર્થ પણ સહેજે ઉત્પન્ન થાય છે એમ કહેવું છે.

પોતાનો તો અનુભવ છે ને ? પોતાનો અનુભવ છે. કેવી રીતે સમ્યગ્દર્શન થાય છે ? સ્વરૂપદષ્ટિનું કેવી રીતે પરિણમન થાય છે એ પોતાના નિજ અનુભવથી એમણે એ વાત કરી છે. ૮૬૦ થયો.

પત્રાંક-૮૬૧

મોરબી, ફાલ્ગુન સુદ ૧, રવિ, ૧૯૫૫

ૐ નમઃ

પત્ર પ્રાપ્ત થયું.

'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'નું ભાષાંતર ગુર્જરભાષામાં કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી.

'આત્મસિદ્ધિ' સ્મરણાર્થે યથાઅવસર આજ્ઞા પ્રાપ્ત થવા યોગ્ય છે.

વનમાળીદાસે 'તત્ત્વાર્થસૂત્ર' વિશેષ કરી વિચારવું યોગ્ય છે.

હિંદી ભાષા ન સમજાતી હોય તો ઊગરીબહેને કુંવરજી પાસેથી તે ગ્રંથ શ્રવણ કરી સમજવો યોગ્ય છે.

શિથિલતા ઘટવાનો ઉપાય જીવ જો કરે તો સુગમ છે.

હવે ૮૬૧. 'પોપટલાલ મોહકમચંદ'. 'ઈડર'વાળા 'ભોગીભાઈ'ના પિતાશ્રી. '**પત્ર પ્રાપ્ત થયું. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નું ભાષાંતર ગુર્જરભાષામાં કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી.**' જરા વિદ્વાન હતા. એટલે 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' જે ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'નો ગ્રંથ છે. એનું ગુજરાતી ભાષાંતર કરવું હોય તો ખુશીથી તમે કરો. આમ નથી લખતા. અમારી આજ્ઞા છે એમ નથી લખતા. લખવાની પદ્ધતિ જોઈ ! અમારી આજ્ઞા છે તમે કરો એમ નથી લખતા. એવું કાર્ય કરો તો અમારી આજ્ઞાનું ઉલ્લંઘન થયું નથી. એટલે કે તમે કરો. એમ. નાસ્તિમાંથી અસ્તિ સમજી લેવાની વાત છે. પદ્ધતિ એવી લે છે.

મુમુક્ષુ :- મીઠા બોલથી કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મીઠા બોલથી. પોતે ગૃહસ્થ છે, ઉપદેશક તરીકે કોઈ ધ્વનિ લેતા નથી. બને ત્યાં સુધી ઉપદેશકનો ધ્વનિ અને ઉપદેશકના Toneથી સામાને વાત કરતા નથી.

'વનમાળીદાસે 'તત્ત્વાર્થસૂત્ર' વિશેષ કરી વિચારવું યોગ્ય છે.' 'વનમાળીદાસ' કરીને 'કલોલ'ના ઘણું કરીને મુમુક્ષુ છે. જે ૯૧૩ નંબરનો પત્ર છે એ ઘણું કરીને 'વનમાળીદાસ' ઉપરનો છે. ગોધાવીના છે. 'વનમાળીદાસ ઉમેદરામ, ગોધાવી'. 'ગોધાવી' 'ઈડર' પાસે આવ્યું છે. 'ઈડર' પાસેનું ગામ છે. ઉત્તર ગુજરાતના છે.

'વનમાળીદાસે 'તત્ત્વાર્થસૂત્ર' વિશેષ કરી વિચારવું યોગ્ય છે. હિન્દી ભાષા ન સમજાતી હોય તો ઊગરીબહેને કુંવરજી પાસેથી તે ગ્રંથ શ્રવણ કરી સમજવો યોગ્ય છે.' 'કલોલ'ના 'ઊગરીબહેન' હતા. એમની સાથેનો એમનો પરિચય હતો. હિંદી ભાષા ન સમજાતી હોય. બહેનોને એ વખતમાં હિન્દી તો ક્યાંથી આવડતું હોય. અત્યારે જે થોડા ઘણા ભણેલા-ગણેલા હોય એને આવડે છે. હજી પણ જૂના માણસોને હિન્દી નથી આવડતું. એ 'કુંવરજીભાઈ' પાસેથી શ્રવણ કરવું.

'શિથિલતા ઘટવાનો ઉપાય જીવ જો કરે તો સુગમ છે.' પોતાનો પ્રમાદ છે, શિથિલતા છે એનો ઉપાય કરે, એના ઉપર લક્ષ જાય, જાગૃતિ આવે તો જાગૃતિથી તો શિથિલતા ઘટવી એ તો સુગમ વાત છે. એ કોઈ મોટી વાત નથી. એ કોઈ એમની પ્રશ્નચર્ચા ચાલતી હશે. કેમકે 'પોપટભાઈ' તો ઘણા વિચારક હતા. એ વિષયમાં કોઈ ચર્ચા કરતા હશે.

પત્રાંક-૮૬૨

મોરબી, ફાલ્ગુન સુદ ૧, રવિ, ૧૯૫૫

વીતરાગવૃત્તિનો અભ્યાસ રાખશો.

૮૬૨મો પત્ર તો ખાલી એક વાક્યનો છે અને એમાં કોના ઉપર લખ્યો છે એ પણ આમાં નથી. **'વીતરાગવૃત્તિનો અભ્યાસ રાખશો.'** વીતરાગ પરિણામ થાય એનો પ્રયત્ન કરજો. અભ્યાસ એટલે વારંવાર પ્રયત્ન કરવો. એટલું લખીને એ વાત એમણે છોડી દીધી છે.

પત્રાંક-૮૬૩

વવાણિયા, ફા. વદ ૧૦, બુધ, ૧૯૫૫

આત્માર્થીએ બોધ ક્યારે પરિણમી શકે છે એ ભાવ સ્થિરચિત્તે વિચારવા યોગ્ય છે, જે મૂળભૂત છે.

અમુક અસદ્વૃત્તિઓનો પ્રથમ અવશ્ય કરી નિરોધ કરવો યોગ્ય છે. જે નિરોધના હેતુને દઢતાથી અનુસરવું જ જોઈએ, તેમાં પ્રમાદ યોગ્ય નથી. ૐ

૮૬૩. 'શ્રી નગીનદાસ ધર્મચંદ' 'અમદાવાદ'. 'અમદાવાદ'ના કોઈ મુમુક્ષુ ઉપરનો પત્ર છે. '**આત્માર્થીએ બોધ ક્યારે પરિણમી શકે છે એ ભાવ સ્થિર ચિત્તે વિચારવા યોગ્ય છે, જે મૂળભૂત છે.**' 'નગીનદાસભાઈ'ને આ વાત બહુ મહત્ત્વની કરી છે. બોધની પ્રાપ્તિ તો દરેક જીવ ઈચ્છે છે કે મને જ્ઞાનપ્રાપ્તિ થાય. બોધ એટલે મને જ્ઞાનપ્રાપ્તિ થાય. પણ પોતાને ક્યારે એ જ્ઞાન પરિણામે ? બોધ ક્યારે પરિણમે ? કેવી યોગ્યતા હોય તો પરિણમે એ ભાવ સ્થિર ચિત્તે વિચારવા યોગ્ય છે. આની વિચારણા બહુ સ્થિર ચિત્તે કરવા યોગ્ય છે. એટલે પોતાના ઉપાદાનમાં કેવી તૈયારી હોય તો જ્ઞાન પરિણમે ? એનો વિચાર ન કરે. એ વિષયનો વિચાર ન કરે અથવા એ વિષય ઉપર લક્ષ નથી. વિચાર નથી કરતો એનું કારણ કે એનું લક્ષ નથી કે મારી યોગ્યતા કેવી હોવી જોઈએ. એમ જેનું પોતાના ઉપરનું જ લક્ષ નથી. એને મુળભૂત વાત જે છે, આ મૂળભુત વાત છે, જે મુળભૂત વાત છે એ ચૂકેલો જીવ છે. અને તેથી એને જ્ઞાનપ્રાપ્તિ થવાનો કોઈ અવસર નથી, કોઈ યોગ્યતા પણ એનામાં નથી. કેવી સરસ વાત કરી છે ! શાસ્ત્રોમાંથી વાત કાઢવી મુશ્કેલ પડે એવી વાતો છે. અવલોકનમાં એ સહેજે આવે. જે પોતાનું અવલોકન કરતો હોય એને સહેજે ખ્યાલ આવે કે મારી લાયકાત કેવી છે ? મને આ જ્ઞાન પરિણમે કે ન પરિણમે ? કેવા મારા પરિણામ છે તો જ્ઞાન પરિણમે ? કેવા મારા પરિણામ નથી કે જ્ઞાન પરિણમે ? એની વિચારણા એને અંતર અવલોકનથી ચાલે છે.

એટલે આત્માર્થી જીવે પોતાને બોધ ક્યારે પરિણમી શકે છે એ ભાવની સ્થિરચિત્તે વિચારણા કરવી યોગ્ય છે. અને આ પ્રકારની વિચારણા આત્માર્થી જીવ માટે મૂળભૂત છે એમ કહેવું છે. આ બહુ પાયાની વાત છે. આ પાયાની વાત ન હોય તોપણ એને શ્રવણ છે, સત્સમાગમ છે એ ઉપરછલ્લો થાય છે અને એથી એને કોઈ આત્મલાભ થવાનું કારણ બનતું નથી. બહુ સારુ માર્ગદર્શન (છે). કોઈ કોઈ જગ્યાએ માર્ગદર્શન આવે છે. એમની શૈલી, એમની ભાષા પદ્ધતિ છે એ બહુ સારી છે.

વાંચનારને એકવાર એ અંદર સ્વલક્ષમાં મૂકે છે. એવી વાત કરીને એ વાતને કોઈ ગ્રહણ કરવા માગે તો એને જાવું પડે-સ્વલક્ષમાં જાવું પડે. એ પ્રકારની એમની શૈલી છે. એ તો કોઈને પણ છાપ પડે એવી વાત છે. એમના વચનોની કોઈ વિશેષતા છે એ આ પ્રકારની છે. કોઈને પણ છાપ પડે એવી વાત છે. એ લીધું છે આપણે આમાં. તારવ્યું ને ત્યારે એ વાત ઉપર પહેલેથી જ ધ્યાન હતું એટલે એ વાત લીધી છે. '**તેઓશ્રીના લખાણની શૈલી...**' એ પ્રકાશકીય નિવેદનમાં નાખ્યું છે. '**તેઓશ્રીના લખાણની શૈલીની વિશિષ્ટતામાં...**' આ એક એમની વિશિષ્ટતા છે લખાણની શૈલીની. '**પરલક્ષે**

ચાલતી વિચારમાળાને સ્વલક્ષ પ્રતિ વાળવામાં નિમિત્ત થાય તેવી સચોટતાનો પ્રકાર રહેલો છે.' એક વાક્ય નાખ્યું છે. ૩૩ની સાલમાં. ૩૪ની સાલમાં સંકલન કર્યું ત્યારે. આવી વાતો અનેક જગ્યાએ આવે છે, હોં ! આ જગ્યાએ નહિ, અનેક જગ્યાએ આ પ્રકારની એમની પદ્ધતિ છે.

'અમુક અસદ્વૃત્તિઓનો પ્રથમ અવશ્ય કરી નિરોધ કરવો યોગ્ય છે.' અસરળતાદિ હોય, જે પારમાર્થિક બાધક કારણોમાં ગણાતી વૃત્તિઓ હોય એવી અમુક અસદ્ વૃત્તિઓનો પ્રથમ, પહેલેથી જ **'અવશ્ય કરી નિરોધ કરવો યોગ્ય છે.'** એ પહેલેથી જ અટકી જાય એ જરૂરી છે. **'જે નિરોધના હેતુને દઢતાથી અનુસરવું જ જોઈએ,...'** અને એ નિરોધ થાય એવા હેતુને, એવા કારણને બળવાનપણે અનુસરણ કરવું જોઈએ. એમાં શિથિલતા કે પ્રમાદ કરવો યોગ્ય નથી અથવા એને જરાપણ ગૌણ કરવું તે યોગ્ય નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એક તો અસરળતાનો પ્રકાર છે એ ખાસ કરીને મુમુક્ષુને વિશેષ બાધક કારણ થાય છે. પછી ખાસ કરીને આરંભ પરિગ્રહ, અનુકૂળતાનું લક્ષ, શાતાનું લક્ષ છે એ અસદ્વૃત્તિઓ છે. એના નિરોધના હેતુની દઢતાથી અનુસરવું જ જોઈએ અને તેમાં પ્રમાદ કરવો યોગ્ય નથી. એમ કરીને એ ૮૬૩મું Post card પણ પૂરું કર્યું છે. બધા નાના ના Post card ના પત્રો છે.

મુમુક્ષુ :- બે-બે લીટીમાં કેટલું...!

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક લીટી લખે, દોઢ લીટી લખે પણ કસ ઘણો છે એની અંદર. આ તો શું છે બધા મંથન કરવા જેવા વચનો છે. પોતામાં અંતરલક્ષ કરીને એ વિષય ઉપર પોતાના પરિણામો ઉપરનું પોતાને મંથન ચાલે, અવલોકનપૂર્વક મંથન ચાલે. પરિણામ આ થયું, કેમ થયું ? શું કારણ થયું ? કેમ રસ પડ્યો ? શું કિંમત આપી દીધી હતી ? એમાં સુખાભાસ કેમ થયો ? સુખ આમાં કેવી રીતે લાગે છે ? સુખનું કારણ શું છે ? છે કે નહિ ? શું છે આ બધું ? એ રીતે પોતાના સ્વલક્ષે જો ચાલતી વિચારમાળા હોય તો દર્શનમોહનો અનુભાગ ઘટ્યા વિના રહે નહિ. એ ૮૬૩ થયો.

પત્રાંક-૮૬૪

વવાણિયા, ફાગળ વદ ૦)), ૧૯૫૫

'ચરમાવર્ત હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપતિ પ્રવચન વાક. ૧
પરિચય પાતિક ઘાતિક સાધુ શું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ, મનન કરી રે, પરિશીલન નયહેત. ૨
મુગધ સુગમ કરી સેવન લેખવે રે, સેવન અગમ અનુપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે, આનંદઘન રસરૂપ.' ૩

આનંદઘન, સંભવજિનસ્તવન.

કોઈ નિવૃત્તિમુખ્ય ક્ષેત્રે વિશેષ સ્થિતિ અવસરે સત્શ્રુત વિશેષ પ્રાપ્ત થવા યોગ્ય છે. ગુર્જર દેશ પ્રત્યે તમારું આગમન થાય એમ ખેરાળુક્ષેત્રે મુનિશ્રી ઈચ્છે છે. વેણાસર અને ટીકરને રસ્તે થઈ ધાંગ્રધા તરફથી હાલ ગુર્જર દેશમાં જઈ શકાવા સંભવ છે. તે માર્ગે પિપાસા પરિષહનો કંઈક સંભવ રહે છે.

૮૬૪મો. 'લલ્લુજી' મુનિ ઉપરનો પત્ર છે. પહેલાં શરૂઆતમાં 'આનંદઘનજી'ની 'સંભવનાથ' જિનેન્દ્ર ભગવાનના સ્તવનની પહેલી ત્રણ કડી ટાંકી છે.

'ચરમાવર્ત હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપતિ પ્રવચન વાક. ૧
પરિચય પાતિક ઘાતિક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ, મનન કરી રે, પરિશીલન નયહેત. ૨
મુગધ સુગમ કરી સેવન લેખવે રે, સેવન અગમ અનુપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે, આનંદઘન રસરૂપ.' ૩

ત્રણ કડીનું જ પદ હશે. આપણે 'આનંદઘનજી'ની ચોપડી રાખી છે ને નથી રાખી ? મારા ઘરે છે. 'આનંદઘનજી'ની ચોવીશી છે ને ? એમાં બધા અર્થ છે. કેટલાક શબ્દો આપણને અજાણ્યા પડે છે. એ વખતનું છે ને એટલે કેટલાક શબ્દો અજાણ્યા પડે છે.

'ચરમાવર્ત હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક' તમારી પાસે છે ? ભાઈ પાસે હશે આ. અર્થવાળી Book લેતા આવજો. કાલે જોઈશું. કારણકે આમ સીધો અર્થ બહુ 'ચરમાવર્ત' શબ્દ આપણને અજાણ્યો પડે છે. પછી 'ચરમકરણ' લીધું છે એ

પણ અજાણ્યો શબ્દ છે. અને 'ભવપરિણતિ પરિપાક...'માં તો નીકળે છે કે જેનો ભવ્યતાનો પરિપાક થયો એને કોઈ પરિભ્રમણનું કારણ છે એ લગભગ નજીક આવી ગયા હોય. એને 'દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે,...' એને દોષ ટળતા જાય છે, એને દૃષ્ટિ, આત્માની દૃષ્ટિ, ભલી દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ ખૂલે છે. 'પ્રાપ્તિ પ્રવચન વાક.' અને ભગવાનના પ્રવચનની પ્રાપ્તિ એને થાય છે.

મુમુક્ષુ :- ચરમ એટલે છેલ્લું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચરમ એટલે છેલ્લું. પણ આવર્ત એટલે શું ? ચરમ એટલે છેલ્લું બરાબર છે. પણ આવર્ત એટલે શું ? મને એમ છે એટલે પરિભ્રમણનું ચક્કર કે એવું કાંઈ હોવું જોઈએ. આવર્તનો અર્થ. પછી 'ચરમકરણ'નો અર્થ શું છે ?

મુમુક્ષુ :- છેલ્લું કાર્ય...

પૂજ્ય ભાઈશ્રી :- ચરમકરણ-છેલ્લું કાર્ય. 'ચરમાવર્ત હો ચરમકરણ...' અહીંયાં ચરમ શબ્દનો છેલ્લું થાય છે. કરણ એટલે કાર્ય લઈએ ઠીક છે.

મુમુક્ષુ :- ચરમશરીરી કહીએ છીએને આપણે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો બરાબર. ચરમનો અર્થ છેલ્લું જ થાય છે. એ બે મળે છે. કેમકે ભવપરિણતિ પરિપાક છે અને એ બધું છેલ્લું જ હોય છે ને. છેલ્લે બધું થાય.

મુમુક્ષુ :- છેલ્લો પુદ્ગલ...

પૂજ્ય ભાઈશ્રી :- ચરમઆવર્તનો અર્થ છે. પાછળ અર્થ કરેલો છે ? કર્યો છે ? પાછળ જોયું હશે. પાછળ અર્થ કર્યા છે ને એમાં જોયું હશે. ચરમાવર્ત. પાનું-૮૮૩. નથી લીધું. ચરણાનુયોગ, ચરમશરીર, ચર્મરત્ન, ચાર આશ્રમ નથી લીધું. એ તો અપરિભ્રમણનું ચક્કર એવો અર્થ બેસે છે. આમાં એમના અર્થમાં જોઈશું. આ લોકોએ બધા અર્થ કરેલા છે.

'**પરિચય પાતિક ઘાતિક સાધુશું રે,...**' પાતિક એટલે પતનના. જે ઘાત થાય એવો પરિચય સાધશું. એટલે સત્સંગ સાધશું. '**પરિચય પાતિક ઘાતિક સાધુશું રે,..**' પાતિકનો ઘાત કરે. પાતિક એટલે પાપ. આત્માને પતનનો હેતુ છે તેને પાતિક કહેવામાં આવે છે. એવો પરિચય સાધશું રે, '**અકુશલ અપચય ચેત;...**' અપચયનો અર્થ શું કરે છે તમારે ? ખ્યાલ નહિ હોય એને. '**અપચય ચેત;...**' અકુશલ એટલે કુશલ નથી તે.

'**ગ્રંથ અધ્યાત્મ શ્રવણ, મન કરી રે, પરિશીલન નયહેત.**' આત્માના પરિશીલન માટે. અનુશિલન, પરિશિલન અર્થ વારંવારનો અભ્યાસ એને અનુશિલન, પરિશિલન એમ કહે છે. તેના હેતુથી અધ્યાત્મ ગ્રંથોનું શ્રવણ અને મનન કરશો. '**મુગધ સુગમ કરી**

સેવન લેખવે રે, સેવન અગમ અનુપ; દેજો કદાચિત્ સેવક યાચના રે,...' પછી ભગવાનને યાચના કરી છે કે આપની સેવા હું ચાહું છું અને કોઈ અગમ-અનુપમ સેવા થાય એટલે એ નિશ્ચયસેવા થઈ ગઈ. અગમ-અનુપમ એટલે નિશ્ચયસેવા થઈ. એનો અર્થ કર્યો છે. આમણે ભાવાર્થમાં અર્થ કર્યો છે. હિન્દીમાં. હિન્દી અનુવાદ છે ને એમાં.

'જબ અંતિમ પુદ્ગલ પરાવર્તન આ પહુંચે.' બસ એ જ કર્યો છે. ચરમાવર્તનો અર્થ એ કર્યો છે. **'જબ અંતિમ પુદ્ગલ પરાવર્તન આ પહુંચે, ...'** ત્યારે ત્રણ કરણમાંથી ત્રીજું કરણ એટલે ચરમકરણ. ઠીક. ત્રીજું કરણ અનિવૃત્તિ કરણ. એ ત્રણ કરણ છે ને કરણમાંથી ? પછી તરત જ સમ્યગ્દર્શન થાય છે ને ? એટલે એ ચરમકરણ થઈ ગયું. બરાબર છે. **'પહલી વૃત્તિ કરણ હો તો સંસારમેં ભટકને કી આદત કા અંત પહુંચે તબ તીન દોષ ભય, દ્વેષ ઔર ખેદ દૂર હો જાતે હૈ. વહી દષ્ટિ ખુલ જાતી હૈ ઔર પ્રવચન સિદ્ધાંત કે વચનકા લાભ હોતા હૈ.'** લાખ એટલે લાભ થવો એમ થાય છે ? તમારે કાંઈ મારવાડીમાં આવે છે ? લાખ. કેમકે આમની થોડીક રાજસ્થાનની છે અને થોડી ગુજરાતની છે, થોડી કચ્છની છે. 'આનંદઘનજી'ની ભાષા છે એ ત્રણે મિશ્રભાષા છે.

મુમુક્ષુ :- મારવાડના છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે મારવાડના અને ગુજરાતમાં રહ્યા છે. અને ઉત્તર ગુજરાતમાં રહ્યા છે એટલે થોડીક કચ્છની ભાષા પણ આવી છે. 'ડિસા' ને એ બાજુ રહેલા છે એટલે એ બાજુ કચ્છનું રણ છે ને એટલે એ ભાષાનો પણ અંદર પ્રભાવ છે.

'ફિર પાપ કે નાશક સાધુ કે સાથ પરિચય બઢતા ચલે.' 'પરિચય પાતિક ઘાતિક સાધુશું રે,...' સાધુશું રે. આપણે સાધશું આમાં લીધું છે. સાધુ બરાબર છે. સાધુની સાથેનો પરિચય. પાપના નાશક એવા સાધુની સાથેનો પરિચય વધતો ચાલે, મન સંબંધી અકલ્યાણકારીતાથી **'કમી હોતી જાય...' 'અકુશલ અપચય ચેત;...'** ચેત એટલે મન લીધું છે. મન સંબંધી અકલ્યાણકારી પોતાની કમી... અકુશલ એટલે કમ થતું જાય. અપચય એટલે અકલ્યાણકારી. અકલ્યાણકારી. પચય એટલે કલ્યાણ અને અપચય એટલે અકલ્યાણ.

'આત્મિક સેવન કે લિયે તથા દષ્ટિબિંદુ ધારણ કરને કે લિયે અધ્યાત્મિક ગ્રંથો કા શ્રવણ એવં મનન બન પાયે. ભોલે ભાલે મનુષ્ય...' 'મુગધ...' મુગધ એટલે **'ભોલે ભાલે મનુષ્ય સરલ એવં સહજ માનકર સેવા કા કાર્ય શુરુ કર દેતે હૈ. પરંતુ ઉન્હેં સમજના ચાહિયે કિ સેવા કાર્ય તો અગમ્ય ઔર અનુપમ હૈ.'** જગતના સામાન્ય ભોળા માણસો ભગવાનની સેવા કરવા લાગી જાય છે. પણ આ તો કોઈ અગમ્ય સેવા છે. ભગવાનની સેવા કોઈ અનુપમ સેવા અને અગમ્ય સેવા છે. **'વહ તો કઠિન ઔર**

બેજોડ હૈ.' અને બહુ કઠીન છે. **'દેજો કદાચિત્ સેવક યાચના રે,...'** **'હે આનંદઘન કે રસમય પ્રભુ ! ઈસ સેવક કી માંગ કો કભી સફલ કીજે.'** મારી યાચના છે કે આપની એવી અગમ અનુપમ સેવા મને પણ પ્રાપ્ત થાય. આનંદનો ઘન રસ ઉત્પન્ન થાય, ઘનિષ્ટ રસ ઉત્પન્ન થાય એવી સેવાની હું યાચના કરું છું. એ નિશ્ચય યાચના થઈ ગઈ.

'કોઈ નિવૃત્તિમુખ્ય ક્ષેત્ર વિશેષ સ્થિતિ અવસરે સત્શ્રુત વિશેષ પ્રાપ્ત થવા યોગ્ય છે.' નિવૃત્તિના ક્ષેત્રે એમ કે સમાગમ થશે તો એ અવસરે સત્શ્રુતની વિશેષ પ્રાપ્તિ તમને થવા યોગ્ય છે. એટલે એ વખતે સત્સમાગનો, સત્શ્રુતનો વિષય વિશેષપણે થશે. એમ કે ચાલશે. **'ગુર્જરદેશ પ્રત્યે તમારું આગમન થાય એમ ખેરાળુક્ષેત્રે મુનિશ્રી ઈચ્છે છે.'** આ કચ્છમાં હશે. કચ્છમાંથી તમે 'ખેરાળુ'માં રહેલા જે મુનિ છે. 'ખેરાળુ' છે એ 'મહેસાણા' પાસે છે ને ? એટલે કહે છે કે તમે આ બાજુ આવો.

'વેણાસર અને ટીકરને રસ્તે થઈ ધાંગધ્રા તરફથી હાલ ગુર્જર દેશમાં જઈ શકાવા સંભવે છે.' તે રસ્તો ઠીક છે. એમ કહે. તે માર્ગે પિપાસાનો, પરિષહનો કાંઈક સંભવ રહે છે. પિપાસા એટલે તૃષા લાગે. રણનો પ્રદેશ છે ને ? એટલે ત્યાં કાંઈ ગામડા ન હોય એટલે પાણીનો ક્યાંય યોગ ન થાય. એ દૃષ્ટિએ. એ બાજુના રસ્તાનો પણ પોતાને કાંઈક ખ્યાલ છે. આ રસ્તે થઈને તમે ગુજરાત તરફ આવો. એમ એમણે સંકેત કર્યો છે. એ ૮૬૪ થયો.

પત્રાંક-૮૬૫

વવાણિયા, ચૈત્ર સુદ ૧, ૧૯૫૫

उवसंतखीणमोहो, मग्गे जिणभासिदेण समुवगदो,
णाणाणुमग्गचारी, निव्वाणपुरं वज्जदि धीरो. पंचास्तिकाय ७०

દર્શનમોહ ઉપશાંત અથવા ક્ષીણ થયો છે જેનો એવો ધીર પુરુષ વીતરાગોએ દર્શાવેલા માર્ગને અંગીકાર કરીને શુદ્ધચૈતન્યસ્વભાવ પરિણામી થઈ મોક્ષપુર પ્રત્યે જાય છે.

મુનિ મહાત્મા શ્રી દેવકીર્ણસ્વામી અંજાર તરફ છે. જો ખેરાળુથી મુનિશ્રી આજ્ઞા કરશે તો તેઓ ઘણું કરી ગુજરાત તરફ આવવાનું કરશે. વેણાસર કે ટીકરને રસ્તેથી ધાંગધ્રા આવવું હોય તો રણ ઊતરવાની હરકત પડવાનો સંભવ ઓછો છે. મુનિશ્રીને અંજાર લખશો.

કોઈ સ્થળે વિશેષ સ્થિરતાનો યોગ બન્યે અમુક સત્શ્રુત પ્રાપ્ત થવા યોગ્ય છે.

૮૬૫મો પણ 'લલ્લુજી' ઉપરનો પત્ર છે. 'પંચાસ્તિકાય'ની ૭૦મી ગાથાનું ઉદ્ધરણ કર્યું છે.

उवसंतखीणमोहो, मग्गे जिणभासिदेण समुवगदो,
णाणाणुमग्गचारी, निव्वाणपुरं वज्जदि धीरो. पंचास्तिकाय ७०

'**દર્શનમોહ ઉપશાંત અથવા ક્ષીણ થયો છે જેનો...**' '**उवसंत**' ઉપશાંત થયો છે. '**खीणमोहो**' અથવા ક્ષય થયો છે. દર્શનમોહ જેનો ક્ષય થયો છે અથવા ઉપશાંત થયો છે. કેમકે બંને નિર્મળ દશા છે. ક્ષયોપશમમાં કેવળીગમ્ય ક્ષતિ છે. બાકી આ તો બંને પૂરી નિર્મળદશા છે. '**એવો ધીર પુરુષ વીતરાગોએ દર્શાવેલા માર્ગને અંગીકાર કરીને શુદ્ધચૈતન્યસ્વભાવ પરિણામી થઈ મોક્ષપુર પ્રત્યે જાય છે.**' એટલે કે દર્શનમોહનો ઉપશમ થયા વગર કે ક્ષય થયા વગર કોઈ વીતરાગોએ દર્શાવેલા માર્ગમાં, જિનેન્દ્રના માર્ગને અંગીકાર કરી શકતા નથી.

મિથ્યાદષ્ટિ હોય, ત્યાગ કરે કે શાસ્ત્ર વાંચે માટે એને વીતરાગનો માર્ગ પ્રાપ્ત થઈ જાય એવું કાંઈ નથી. જેનો દર્શનમોહ ક્ષય થયો છે અથવા ઉપશાંત થયો છે તો એને ધીર પુરુષ કહ્યા છે. એવા સમ્યગ્દષ્ટિ જીવને ધીરપુરુષ કહ્યા છે. '**એવો ધીર પુરુષ વીતરાગોએ દર્શાવેલા મોક્ષ માર્ગને અંગીકાર કરીને...**' પછી પંચમ ગુણસ્થાન, છઠ્ઠું-સાતમું ગુણસ્થાન. આગળ વધે છે. તે '**માર્ગને અંગીકાર કરીને શુદ્ધચૈતન્યસ્વભાવ પરિણામી થઈ...**' પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં એકાકાર પરિણામ કરીને '**મોક્ષપુર...**' એટલે નિર્વાણ '**પ્રત્યે જાય છે.**' '**निव्वाणपुरं वज्जदि धीरो**' મૂળમાં પણ ધીર શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- મન-વચન-કાયાથી રાગ થાય...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ ચીજનું દર્શન થતાં જ મોહ થાય એનું નામ દર્શનમોહ. બહુ સહેલુ લેવું હોય તો. આમ તો દર્શન એટલે અહીંયાં શ્રદ્ધા છે. પણ એ શ્રદ્ધા ન પકડાતી હોય તો Practically આવી રીતે લેવું. કોઈને કોઈ ચીજ જ્ઞાનમાં આવતા, દર્શન થતા એટલે ખાલી ચક્ષુઇન્દ્રિયથી નહિ. કેમકે એ તો માત્ર રંગને જ જોવે છે, વર્ણને જ જોવે છે. પણ કર્ણેન્દ્રિયથી અવાજ મીઠો લાગે, સ્પર્શ સારો લાગે. એવો કોઈ પણ અન્ય પદાર્થ જ્ઞાનમાં આવતા એ ઠીક છે કે અઠીક છે એવું થવું તે વ્યામોહ છે, તે દર્શનમોહ છે. કેમ ? કે પદાર્થ એવો નથી. કોઈ પદાર્થ સારો નથી અને કોઈ પદાર્થ ખરાબ નથી. છતાં લાગે છે એ મોહનો વશ લાગે છે. તે કયો મોહ ? તે દર્શનમોહ.

દર્શનમોહ એટલે ભ્રાંતિ. ભ્રાંતિ શું કરે છે જ્ઞાનમાં ? કે ચીજ (બીજી) રીતે દેખાય

છે. જેમ કમળો થયો હોય ને સફેદ વસ્તુ પીળી લાગે. પણ વસ્તુ તો પીળી થતી નથી કાંઈ. સફેદની સફેદ રહે છે. પણ એ દૃષ્ટિનો દોષ છે. આંખનો એ રોગ છે. એમ અહીંયાં જ્ઞાનનો આ રોગ છે. ભ્રાંતિ છે એ જ્ઞાનનો રોગ છે. સામી ચીજ સારી પણ નથી અને ખરાબ પણ નથી. છતાં જીવને સારું કે ખરાબ એવી કાંઈ કલ્પના છે. એ કલ્પના દર્શનમોહને લઈને થાય છે. આમ લેવું. અને એ દર્શનમોહ તમામ પ્રકારના દોષનું જડ છે, મૂળ છે એ. ત્યાંથી બધા દોષ પછી પાંગરે છે. કતલખાનાથી માંડીને બધું એમાં આવી જાય છે પછી. નાનામાં નાનો દોષ લ્યો કે આ કેરી બહુ મીઠી છે. મીઠી હોવી બીજી વાત છે. પણ મીઠી છે માટે બહુ સારી છે. ત્યાંથી માંડીને Atom bomb બનાવીને કોઈના દેશ ઉપર નાખવાની જે વૃત્તિ છે (કે) કરોડો માણસો મરી જાય, એવા શસ્ત્રો છે કે એક Bomb થી કરોડો માણસોનો ઘાણ વળી જાય. એ બધું એક દર્શનમોહમાંથી પાંગરે છે. એટલે સાતમી નારકીથી માંડીને ઠેઠ નિગોદ સુધી જવાના બધા પરિણામ એક દર્શનમોહમાં ગર્ભિત છે. એવો ભયંકર રોગ છે એ. કેવો ? ભયંકરમાં ભયંકર રોગ છે.

'શ્રીમદ્‌જી'એ એક જગ્યાએ કહ્યું છે કે મને કોઈ એમ કહે કે તમારે બે ચીજની પસંદગી કરવાની છે. કાં તો સાતમી નારકીએ જાવ અને કાં તો દર્શનમોહ સહિત લીલાલહેર કરો. વાહ ભાઈ વાહ ! અમારે વાડીવજીફા છે, બધી અનુકૂળતાઓ છે અને અમે તો મજા કરીએ છીએ. અમારા ઘરમાં અમે મજા-લીલા લહેર કરીએ છીએ. તો તમે એ દર્શનમોહને પસંદ કરો કે તમે સાતમી નારકી પસંદ કરો ? ત્યારે એણે એમ કહ્યું કે હું રવરવ નરકને પસંદ કરું. દર્શનમોહ મને સંમત નથી. જાવ. આ એમણે મત આપ્યો. મત આપવાની વાત હતી કે તમે કોને મત આપો ? દર્શનમોહને મત આપો કે તમે સાતમી નારકીને મત આપો ? બેમાંથી એકને મત આપવાનો છે. તો કહે, સાતમી નારકી મને પસંદ છે. દર્શનમોહ મને પસંદ નથી. આમ છે.

મુમુક્ષુ :- સામાન્ય સારું કહેવાય તો વિશેષ સારું થઈ જાય...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સામાન્ય સારું કે વિશેષ સારું એ બે દર્શનમોહમાં જ જાય છે. આમાં ચારિત્રમોહની તીવ્રતા થઈ ગઈ પછી. જે વિશેષ સારું લાગ્યું એમાં ચારિત્રમોહ ભેગો ભળ્યો. દર્શનમોહની સાથે ચારિત્રમોહ તીવ્ર થયો. એટલે એ પરિણામ સ્થુળ થયું અને પકડાવામાં આવ્યું કે, ભાઈ ! આ તો બહુ સારું લાગ્યું. આ તો ખોટું થઈ ગયું. સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિણામ નહિ થવું જોઈએ. દર્શનમોહનું સૂક્ષ્મ પરિણામ પણ નહિ થવું જોઈએ.

એટલા માટે એમણે મુમુક્ષુની યોગ્યતામાં એક વાત નાખી છે કે આ લોકની અલ્પ પણ સુખેચ્છા. એટલે આ લોકના કોઈપણ પદાર્થની અલ્પ પણ સુખેચ્છા એ જીવને

યોગ્યતામાં રોકે છે એટલે શું છે કે એને દર્શનમોહ છે એ એને પકડાવી રાખે છે. દર્શનમોહથી ખસતો નથી. દર્શનમોહને તોડી નથી શકતો. એની યોગ્યતા રોકાઈ જાય છે. ૨૫૪માં જે વાત લીધી ને ? એ દર્શનમોહ સંબંધિત વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખાલી ૮૫. પાનું-૨૦૧. ૨૩મા વર્ષમાં.

'સમજીને અલ્પભાષી થનારને પશ્ચાતાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.' બહુ બોલી નાખે એને પછી બોલવામાં પાછું વળવું પડે. એટલે એને પશ્ચાતાપ કરવાનો વારો આવે છે. 'હે **નાથ ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહીની સમ્મત થતી નથી.**' આ જગતમાં આ પદાર્થ સારો છે અને જગતમાં આ પદાર્થ સારો નથી, એ દર્શનમોહ છે. એ સંમત નથી. સાતમી નરકની તમતમ પ્રભા. છેલ્લી પૃથ્વી. એ પૃથ્વીનું નામ છે તમતમ પ્રભા. ઘોર અંધકાર. આ ... એમણે ૮૫માં લીધો છે. પછી નીચે લખ્યું છે કે '**આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી...**' એટલે પરિચયનો ત્યાગ કરવો.

'**જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઈચ્છે છે તેટલા હલકા સંભવે.**' માન માગે છે એ હલકા છે એમ કહે છે. '**પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણચિંતવન કરો.**' આ ૨૩મા વર્ષે એમની વિચારધારાઓ બધી ઘણી આવી છે. સમ્યક્ સન્મુખ થયા છે ને ? છેલ્લી સમ્યગ્દર્શનની તૈયારી બધી થઈ જાય છે. ૨૩મા વર્ષમાં ઘણી વાતો સારી આવી છે.

મુમુક્ષુ :- શુભ વિકલ્પમાં.. ભગવાનની ભક્તિ સારી...

પૂજ્ય ભાઈશ્રી :- શુભ વિકલ્પમાં ઠીકપણું તે દર્શનમોહ. ઠીકપણું તે દર્શનમોહ છે. શુભ વિકલ્પ તો મુનિને પણ હોય છે. પંચ મહાવ્રતનો શુભવિકલ્પ જ છે ને. મને એ લાભનું કારણ છે, એ ધર્મ છે, એમાં મારું આત્મકલ્યાણ છે, એ દર્શનમોહ છે. શુભથી ધર્મ થાય એ દર્શનમોહ છે. અને એ તો ગૃહીત મિથ્યાત્વ છે. દર્શનમોહ છે નહિ, તીવ્ર દર્શનમોહ છે. ગૃહીત મિથ્યાત્વનો અર્થ શું થાય ? તીવ્ર દર્શનમોહ છે. લ્યો ! કેમકે બુદ્ધિપૂર્વકની ભૂલ છે. દેહાત્મબુદ્ધિ છે એ અગૃહીત મિથ્યાત્વ છે. કેમકે એ તો તિર્યંચને પણ દેહાત્મબુદ્ધિ છે અને મનુષ્યને પણ (છે). એમાં કાંઈ એને વિચાર નથી કરવો પડતો કે દેહ તે હું છું. વિચાર કરવો પડે છે ? કે નહિ. માટે એ અગ્રહિત મિથ્યાત્વમાં જાય છે. પણ જે શુભ વિકલ્પ આત્માના વિભાવ પરિણામની જાતિવાળો છે એમાં અહંપણું કર્યું-એ મેં કર્યો. સારો એમ નહિ, એ મેં કર્યો. એ મારું કાર્ય છે અને કર્તવ્ય

છે. એમ થઈ ગયું ને ? કે આ મારું કાર્ય છે એટલે કર્તવ્ય થઈ ગયું. એ ગૃહીતમિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે એમ નહિ, ગૃહીત મિથ્યાત્વ છે.

એટલે તો અન્યમતમાં નાખ્યાને. શ્વેતાંબરને 'ટોડરમલ્લજી'એ અન્યમતમાં શું કરવા નાખ્યા ? કે અધ્યાત્મ વયુ ગયું. એકલા શુભભાવની ક્રિયા રહી અને એને પણ ધર્મ માનવા, મનાવવા લાગ્યા. એટલે નાખ્યા છે. અન્યમતિમાં શું છે ? અધ્યાત્મ છે નહિ. જે સમ્યક્ સન્મુખ થઈને અધ્યાત્મ થાય એ અધ્યાત્મનો પ્રારંભ (શું એ) વિષય નથી ક્યાંય. સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેમ થાય એ વિષય નથી. આ તો 'આનંદઘનજી'એ આત્મામાંથી કાઢ્યું છે. એના શાસ્ત્રોમાં નથી કાંઈ. 'ગુરુદેવ' એટલે 'આનંદઘનજી'ના પદ દોહરાવે છે. સંપ્રદાયવાદી હોય એ કહે કે 'આનંદઘનજી' તો શ્વેતાંબર હતા. પણ તું કાઢને તારા આત્મામાંથી. એટલું તો કાઢ. 'આનંદઘનજી'એ કાઢ્યું એટલું તો કાઢ. એમ કહે છે.

'આનંદઘનજી' શ્વેતાંબર હતા પણ તું 'આનંદઘનજી' જેટલું તો આત્મામાંથી કાઢ. તને સમજણ પડે કેટલી યોગ્યતાએ એ વિષય આવે છે. અને જ્યારે કોઈ મહાપુરુષ એનું નામ લે ત્યારે તો પોતે ઊભા રહી જવું જોઈએ. 'ગુરુદેવ' આમ બોલે છે. આપણી યોગ્યતાને સંભાળી લેવી. એ દર્શનમોહનો વિષય બહુ વિચારવો. પ્રયોજન સિદ્ધિ ફરીને જરાક જોવું. ઘણી વાતો લીધી છે. પછી પોતાને જે લાગુ પડે એના ઉપર વિશેષ વિચાર-મંથન-ચિંતન કરવું જોઈએ.

ફરીને. '**દર્શનમોહ ઉપશાંત અથવા ક્ષીણ થયો છે જેનો એવો ધીર પુરુષ વીતરાગોએ દર્શાવેલા માર્ગને અંગીકાર કરીને શુદ્ધચૈતન્યસ્વભાવ પરિણામી થઈ મોક્ષપુર પ્રત્યે જાય છે.**' એ પ્રતિ સમય અનન્ય ભાવે નિર્વાણના માર્ગે સંચરે છે. જેને સમ્યગ્દર્શન થયું, દર્શનમોહનો નાશ થયો એ ધીર પુરુષ તો અનન્યપણે ક્ષણે-ક્ષણે, સમયે-સમયે નિર્વાણના માર્ગે ચૈતન્ય સ્વભાવ પરિણામી થઈને આગળ વધે છે. એ ગાથા મથાળામાં ટાંકી છે. એનો અર્થ પણ પોતે લખ્યો છે.

'**મુનિ મહાત્મા શ્રી દેવકીર્ણસ્વામી અંજાર તરફ છે.**' એટલે 'કચ્છ'માં. '**જો ખેરાળુથી મુનિશ્રી આજ્ઞા કરશે તો તેઓ ઘણું કરી ગુજરાત તરફ આવવાનું કરશે.**' એટલે આ 'લલ્લુજી' એમને આજ્ઞા કરશે તો ગુજરાત તરફ આવવાનું કરશે. '**વેણાસર કે ટીકરને રસ્તેથી ધાંગ્રધા આવવું હોય તો રણ ઊતરવાની હરકત પડવાનો સંભવ ઓછો છે.**' ચાલીને આવે છે ને ? અને ચૈત્ર મહિનો છે એટલે ઉનાળાનો દિવસ છે. ઉનાળાના દિવસોની અંદર તો રણ પાર કરવું એટલે જરા એ દિવસોમાં બહુ કઠિન વિષય છે. '**મુનિશ્રીને અંજાર લખશો.**'

'કોઈ સ્થળે વિશેષ સ્થિરતાનો યોગ બન્યે અમુક સત્શ્રુત પ્રાપ્ત થવા યોગ્ય છે.' એટલે અમારો કોઈ સ્થળે સ્થિરતાનો યોગ બન્યે, ઘણા દિવસ સુધી કોઈ નિવૃત્તિ સ્થળે રહેવાનું થશે તો સત્શ્રુત છે એટલે કે કોઈ આગમનો વિષય, કોઈ અધ્યાત્મનો, શાસ્ત્રનો વિષય તમને અમે સંભળાવશું, સમજાવશું. એમ કહેવાનો ત્યાં અભિપ્રાય છે. એ ૮૬૫ થયો.

૮૬૬મું પત્તું છે 'ધારશીભાઈ કુશળચંદ, મોરબી'. 'મોરબી'ના Judge હતા ને 'ધારશીભાઈ', એમના ઉપરનો પત્ર છે. 'ધારશીભાઈ' ઉપર ઘણા પત્રો લખાણા છે. 'સોભાગભાઈ', 'લલ્લુજીસ્વામી' પછી આ 'અંબાલાલભાઈ' પછી 'ધારશીભાઈ'નો પત્ર વ્યવહાર 'કૃપાળુદેવ' સાથે વિશેષ છે. આ પત્ર બહુ સારો આવ્યો છે. દ્રવ્યાનુયોગ ઉપરના પોતાના વિચારો બહુ સારી રીતે વ્યક્ત કર્યા છે. અને ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ સર્વોત્કૃષ્ટ છે એનું આ પત્રની અંદર પ્રતિપાદન થયું છે.

દ્રવ્યાનુયોગ છે એ ચારે અનુયોગમાં મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે નિકટતમ નિમિત્ત છે. ચારે અનુયોગમાં એ નિકટતમ નિમિત્ત છે. અને આપણે જોઈએ કે 'ગુરુદેવશ્રી'એ પણ મુખ્યપણે દ્રવ્યાનુયોગનું જ અધ્યયન અને પ્રવચનો કર્યા છે. મુખ્યપણે પ્રવચન અને અધ્યયનનો વિષય દ્રવ્યાનુયોગનો જ રહ્યો છે. 'ગુરુદેવ'નો તો ખાસ વિશેષ વિષય હતો કે આ જીવે સમ્યગ્દર્શનને પ્રાપ્ત ન થાય એવા બાહ્ય પરિણામે, સમ્યગ્દર્શનને પ્રાપ્ત ન થાય એવા બાહ્ય પરિણામે બધું કરી લીધું છે. કાંઈ બાકી રાખ્યું નથી. જે ૨૪મા વર્ષમાં પદ લખ્યું છે કે 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો, સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે' શાસ્ત્રજ્ઞાનથી માંડીને, સંયમથી માંડીને, ત્યાગથી માંડીને બધું કરી ચૂક્યો છે. બધું બાહ્ય પરિણામે કરી ચૂક્યો છે. દિશા બદલી નથી અને જે કાંઈ ખરેખર પરમાર્થે રહી જવું જોઈએ તે રહી ગયું છે. એટલે 'ગુરુદેવે' એ એક જ વાત, જે રહી ગઈ છે એ એક જ વાત ૪૫ વર્ષ સુધી અનંત કરુણા કરીને આપી. આમ છે. એટલું મહત્ત્વ, વિષયનું એટલું મહત્ત્વ સમજવા યોગ્ય છે. એ એક જ વિષય, શા માટે આ એક જ વિષય લીધો ? કે બીજું બધું તો આ જીવ કરી ચૂક્યો છે, આ બાકી રહી ગયું છે. અને એ બધું ન થાય છતાં પણ આ થાય તો બધું થઈ ગયું છે. એ ૫૩૭માં 'કૃપાળુદેવ' પોતે કહે છે. ૪૩૬ લ્યો. છેલ્લો Paragraph. વચ્ચેથી.

'તેમ અજ્ઞાનદશારૂપ સ્વપનરૂપ યોગે...' ત્યાંથી લેવાનું છે. **'તેમ અજ્ઞાનદશારૂપ સ્વપનરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવા બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે,...'** અથવા દર્શનમોહ છે. **'નરકાદિ ગતિનો હેતુ તેજ છે,...'** ચારે ગતિની પરિભ્રમણનો હેતુ પણ તે જ છે.

'તે જ જન્મ છે, મરણ છે...' જન્મ-મરણના કારણ પણ તે જ છે. **'તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે,...'** એટલે બીજા જીવમાં પુત્રની કલ્પના થવી, બીજા જીવમાં પિતાની કલ્પના થવી, બીજા જીવમાં શત્રુની કલ્પના થવી કે બીજા જીવમાં મિત્રની કલ્પના થવી. બધાને કલ્પના લગાડવી. એ આ અજ્ઞાનને કારણે છે. એ દર્શનમોહ છે, લ્યો ! આ મારો પુત્ર છે એ દર્શનમોહ છે. આ મારા પિતા છે એ દર્શનમોહ છે. આ શત્રુ છે અને આ મિત્ર છે એ બધી કલ્પના દર્શનમોહની છે.

'અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે; અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે;...' જુઓ ! સાધનમાં બે જ લીધા. પૂજા-ભક્તિ એ ન લીધું. યાત્રા, દયા, દાન ન લીધા. એના **'અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે...'** એમાં પણ પોતાના આત્મકલ્યાણનો પુરુષાર્થ મુક્તપણે કરે **'તો જ સિદ્ધ છે.'** તો જ પ્રાપ્તિ થાય. **'વધારે શું કહીએ ? આટલો જ સંક્ષેપ...'** મારાપણું છોડવાનો, પરદ્રવ્યમાં પોતાપણું છોડવાનો **'આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી.'** અને નહિતર બધું કરી ચૂક્યો છે અને આ એક જ બાકી રહી ગયું છે- દર્શનમોહ છોડવો એ. નહિતર એ બધું કરી ચૂક્યો. જેણે ભલે ને કાંઈ ન કર્યું હોય. જાત્રા પણ ન કરી હોય અને જપ-તપ પણ ન કર્યા હોય, યમ, નિયમ, સંયમ ન પાળ્યા હોય. પણ જો દર્શનમોહ છોડ્યો તો એ બધી કરી ચૂક્યો. અને નહિતર એ બધું કર્યું એ બધું નકામું અનંતવાર ગયું છે. એમ કહેવાનો 'ગુરુદેવશ્રી'નો આશય હતો. એટલે સર્વ જ્ઞાનીઓનો કહેવાનો એ આશય હોય છે.

પરિણામનો સ્વભાવ એકત્વ કરવાનો છે. સ્વરૂપમાં જ એકત્વ રહે તેવો દ્રવ્ય - સ્વભાવ છે, પરંતુ સ્વભાવથી અજાણ એવો આ જીવ અનાદિથી પરમાં એકત્વ કરી મમત્વ કરી દુઃખી થઈ રહ્યો છે. (અનુભવ સંજીવની-૧૪૨૦)

પત્રાંક-૮૬૬

શ્રી વવાણિયા, ચૈત્ર સુદ ૫, ૧૯૫૫

દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે.

જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ 'દ્રવ્યાનુયોગ' થાય છે.

સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમવીતરાગ દૃષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્મપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.

કોઈ મહત્ પુરુષના મનનને અર્થે ૧પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે.

હે આર્ય ! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષના વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું ? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

જુઓ આંક ૭૬૬

તા. ૧૧-૧૦-૧૯૯૨, પત્રાંક - ૮૬૬
પ્રવચન નં. ૪૧૩

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૬૬. પાનું-૬૩૨. 'ધારશીભાઈ' ઉપરનો પત્ર છે. દ્રવ્યાનુયોગનું આત્મકલ્યાણમાં કેટલું મહત્ત્વ છે એ દર્શાવતો આ પત્ર છે.

'દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે. નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુકલ ધ્યાનનું અનન્ય કારણ છે.' શું કહે છે ? કે દ્રવ્યાનુયોગ છે એ પરમ ગંભીર છે એટલે એનું ઊંડાણ ઘણું છે. વચન તો વચન છે પણ વચનનું વાચ્ય છે એ ઘણું ઊંડુ છે. અને એટલું ઊંડુ છે કે કેટલુંક એનું ઊંડાણ તો વચન અગોચર છે. વચનમાં પણ ગોચર ન થઈ શકે અને વિકલ્પમાં પણ ગોચર ન થઈ શકે. ઈન્દ્રિયજ્ઞાન એને માપી ન શકે. મનવાળું ઈન્દ્રિયજ્ઞાન એને માપી ન શકે. અને કેવળ અતીન્દ્રિય જ્ઞાનગોચર થાય એવું એ દ્રવ્યાનુયોગનું ઊંડાણ છે, એની પરમ ગંભીરતા છે. ગંભીરતાનો અર્થ ઊંડાણને મળતો આવે છે. અને ઉપમા આપવામાં આવે છે સાગરની. ...(ભગવાનને પણ એ) ઉપમા આપવામાં આવે છે. 'સાગરવર ગંભીરા' સાગર જેવા ગંભીર છે. કેમકે સાગરના પેટમાં કેટલા રત્નો છે ? સાગરના પેટમાં શું શું પડ્યું છે ? આ બધી Steamer ડૂબી જાય છે ને ? એમાં ક્યાંક ક્યાંક ટનબંધ સોનું પડ્યું છે. કેવું ? ટનબંધ સોનું પડ્યું હોય છે. Steamer નો ક્યાંય પત્તો લાગે નહિ. ડૂબી ગઈ હોય તો ક્યાં ગઈ એનો પત્તો ન લાગે. એટલા રત્નો એમાં પાકે છે. એટલી નીચે વનસ્પતિ છે, એટલા પ્રાણીઓ છે. કહેવાય સાગર પણ એનું પેટ બહુ ઊંડુ છે. એટલે એની ગંભીરતાનું માપ આવતું નથી, ઊંડાણનું માપ આવતું નથી. અને આ મનુષ્યમાં પણ કોઈ ગંભીર પ્રકૃતિવાળા મનુષ્ય હોય તો એનું ઊંડાણ જલ્દી માપી શકાતું નથી. કેમકે એ બોલે ઓછું. એની વિચારણા, એનું જ્ઞાન ઘણું હોય પણ ભાષામાં ઓછું આવે ત્યારે એમ કહે કે, ભાઈ ! એની એ વિષયની ગંભીરતા છે. એમ નહિ ખબર પડે. એને એવી રીતે ઉપર ઉપરથી એનું Judgement લઈ શકાય નહિ.

મુમુક્ષુ :- સોગાનીજીનો દાખલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ દાખલો છે. બહુ ઓછું બોલેલા છે. આટલું બહાર આવ્યું છે. 'પૂજ્ય બહેનશ્રી' ઘણા ગંભીર હતા. એમની ગંભીરતા વિશેષ હતી. ગમે તે પરિસ્થિતિમાં એમના મુખની રેખા લગભગ ફરે નહિ. સામાન્ય રીતે નહિતર વક્તવ્ય દેનારને એવું હોય છે કે જ્યાં વજન દેવાનું હોય, જ્યાં વજન ઓછું દેવાનું હોય ત્યાં ભાષાનો આરોહ-અવરોહ આવે. એટલે અવાજ ધીમો થાય, અવાજ મંદ થાય, પાછો અવાજ કાંઈ વિશેષ તીવ્ર થાય. પણ એકધારું, બધું એકસરખું એકધારુ બોલી જાય. એટલે એમાંથી તો જેની નજર પડે, જે ઊંડાણ માપી શકે, એ જ પકડી શકે કે આમાં કેવી ઊંડી વાત ક્યારે ક્યાં આવી ગઈ ! સામાન્ય માણસો બધા એને માપી શકે નહિ.

એમ દ્રવ્યાનુયોગનો વિષય ચારે અનુયોગમાં ઘણો ઊંડો છે, પરમ ગંભીર છે અને એની સૂક્ષ્મતા પણ ઘણી છે. કેમકે આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે. પરિણામમાં

પરિણામરસ એ એનો સ્વભાવ છે તો એ સૂક્ષ્મ છે. સ્વભાવ કે વિભાવ હોય. અને દ્રવ્ય-ગુણમાં એનો જે સ્વભાવ છે એ સ્વભાવ સૂક્ષ્મ છે. હજી ભેદ છે એ સ્થુળ છે. સ્વભાવના જે ભેદો છે એ સ્થુળ છે. અને એ બધાનું એકરૂપ તત્ત્વ છે એ સૂક્ષ્મ છે. એમ જે દ્રવ્યનો વિષય છે એને દ્રવ્યાનુયોગ કહે છે, જે દ્રવ્યનો વિષય છે એ ઘણો સૂક્ષ્મ છે. અને '**નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે,...**' ભગવાન જિનેન્દ્ર વીતરાગદેવના પ્રવચનનું એ રહસ્ય છે. રહસ્ય એટલે Top secret એને રહસ્ય કહેવામાં આવે છે. જે વાત ખુલ્લી ન હોય અને ખુલ્લી થઈ શકે એવી ન હોય.

એવું એ '**નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે.**' જે નવમા-દસમા ગુણસ્થાને શરૂઆ થઈને બારમા-તેરમા ગુણસ્થાન સુધી રહે છે એવું જે શુક્લધ્યાન છે, આત્માનું પરમ ધ્યાન છે. તેનું તે નિમિત્ત છે. અનન્ય નિમિત્ત છે. અનન્ય નિમિત્ત છે એટલે અન્ય નિમિત્ત, આ સિવાય શુક્લધ્યાનને હોતું નથી. જોકે ધર્મધ્યાન પણ દ્રવ્યાનુયોગના નિમિત્તે પરિણમે છે, તો શુક્લધ્યાન બીજા અનુયોગના નિમિત્તે પરિણમે એ તો વિચારવાયોગ્ય પણ નથી. કેમકે ધર્મધ્યાન પણ નીચે (દ્રવ્યાનુયોગના) નિમિત્તે જ પરિણમે છે. પણ અહીંયાં એનું ફળ બતાવવું છે એટલે ઉત્કૃષ્ટ ફળ બતાવે છે કે દ્રવ્યાનુયોગનું અનન્ય કારણ પડે છે, અનન્ય નિમિત્ત પડે છે શુક્લધ્યાનને વિષે. કે જે શુક્લધ્યાન પરમાત્મદશારૂપ છે. તેરમા ગુણસ્થાને તો એ સ્વયં પરમાત્મદશારૂપ છે. એવું એ શુક્લધ્યાનનું અનન્ય કારણ છે.

'**શુક્લ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે.**' બારમા ગુણસ્થાનનું જે શુક્લધ્યાન છે તે તેરમા ગુણસ્થાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ થાય છે. અને '**મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે.**' અને જેને એ દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે, પ્રાપ્તિ નામ દ્રવ્યાનુયોગ અનુસાર અનુભવ થાય છે એ જીવને સંસાર પરિભ્રમણનો નાશ થતો હોવાથી તેનું તે મહાભાગ્ય છે એમ ગણવું જોઈએ અથવા સમજવું જોઈએ.

એ વિષય ઉપર આપણે થોડો વિચાર કરીએ. કે દ્રવ્યાનુયોગ એટલે શું ? કે જેમાં દ્રવ્યોનું સ્વરૂપ, છએ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું છે એને દ્રવ્યાનુયોગ કહે છે. એને દ્રવ્ય સામાન્યનો અધિકાર કહ્યો છે. 'પંચાધ્યાયી'માં એને દ્રવ્ય સામાન્યનો અધિકાર કહ્યો છે. 'પંચાધ્યાયી' છે ને અહીંયાં ? ઉત્તરાર્ધ અને પૂર્વાર્ધ છે ને ? એમાં જે પૂર્વાર્ધ છે એ દ્રવ્ય સામાન્ય અધિકાર છે અને ઉત્તરાર્ધ છે એ દ્રવ્ય વિશેષ અધિકાર છે. એ દ્રવ્ય સામાન્ય અધિકારમાં છએ દ્રવ્યોનું સ્વરૂપ એમણે વિસ્તારથી લીધું છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવનો વિષય ઘણો લીધો છે. પાછળ નયનો વિષય લીધો છે. દ્રવ્ય સામાન્ય

અધિકારમાં અનુક્રમણિકા માટે એ વાત નાખી છે. સત્તા, દ્રવ્ય, કારક એના, સ્વભાવના લક્ષ-લક્ષણ, પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદો, ઉત્પાદ-વ્યય-ધ્રુવના ભેદો. પછી તો પોતે તર્ક બહુ ઉઠાવે છે. આમ માનીએ તો આમ, આમ નહિ માનીએ તો શું ? આમ માનીએ તો શું ? એના તર્ક પોતે બહુ ઉઠાવેલા છે. એને વિષય કરનારા નય. પછી સદ્‌ભુત-અસદ્‌ભુત એ બધા લીધા છે. દ્રવ્ય સામાન્ય અધિકારમાં એ વાત લીધી છે. એટલે બધા છએ દ્રવ્યોને જે સિદ્ધાંતો લાગુ પડે.

દ્રવ્ય સામાન્યનો અર્થ શું ? કે જેના સિદ્ધાંતો છએ દ્રવ્યનું નિરૂપણ કરવામાં એકસરખા લાગે એ દ્રવ્ય સામાન્ય. અને દ્રવ્ય વિશેષની અંદર આત્માની વાત લેવી છે. પછી એકલા જીવની વાત લેવી છે. અને જીવમાં સંસારી જીવો કેવા હોય છે, સંસારી જીવનું સ્વરૂપ શું છે. પછી સંસાર જેનો સમાપ્ત થવામાં આસન્ન ભવ્યતા આવે છે. ત્યાંથી માંડીને સમ્યક્ સન્મુખ જીવો થાય છે એનો વિષય લીધો છે. સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય છે એનો વિષય લીધો છે. બંધ કેમ થાય છે ? બંધનો અભાવ કેમ થાય છે ? એ બધો વિષય લીધો છે.

પછી સમ્યગ્દૃષ્ટિ અને દેવ-ગુરુ-શાસ્ત્રનો, જ્ઞાનચેતનાનો, લબ્ધ- ઉપયોગનો, પાંચ ભાવો એ બધું દ્રવ્ય વિશેષમાં એકલા જીવનું પ્રકરણ પછી લીધું છે. એ દ્રવ્ય વિશેષ અધિકાર છે. આ દ્રવ્યાનુયોગનો વિશેષ ગ્રંથ છે. બે અધિકાર આવ્યા છે આમ તો. ગ્રંથ કર્તાએ કુલ પાંચ અધિકાર લખવા ધારેલા છે. એમાં બે અધિકાર લખ્યા છે. એની લગભગ ૧૭૦૦-૧૮૦૦ જેટલી ગાથા છે.

એ દ્રવ્યાનુયોગમાં આત્મહિતનો જે વિષય છે એ જીવદ્રવ્યનો પોતાનો સ્વભાવ છે અને એ સ્વભાવનું ઊંડાણ ઘણું છે. માત્ર સ્વભાવના વર્તમાન અવલંબને સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન પર્યંતની દશા પ્રગટે છે તો એને ત્રણે કાળનું સામર્થ્ય કેટલું ! ત્રણે કાળનું એનું સામર્થ્ય કેટલું !! અથવા વર્તમાન છે એની માત્ર ઉપલી સપાટી લઈએ, કેમકે ત્યાં વિચાર-વિકલ્પ નથી, માત્ર વર્તમાન છે એનું અવલંબન જ આવે છે કે આ હું છું. અને તત્ક્ષણ અહીંયાં અનુભવદશા પ્રગટે છે અથવા કેવળજ્ઞાન પ્રગટે છે. એનું સામર્થ્ય છે એ અનંત-અનંત સામર્થ્ય છે કે જે સામર્થ્યનો ક્યાંય અંત નથી. વિચારવા જાય તોપણ ક્યાંય અંત નથી. જ્ઞાનમાં અનંતતા જ ભાસે છે. જ્ઞાન પણ અનંત અને એનો વિષય પણ અનંત. બંને અનંત જ રહે છે, Parallel પણે. અને એ વિષય ઘણો સૂક્ષ્મ છે.

પરદ્રવ્યથી ભિન્નતાનો, પરદ્રવ્ય નાસ્તિ હોવાથી એનો વિષય તેની અપેક્ષાએ સ્થૂળ છે તોપણ અનાદિથી પરદ્રવ્ય સાથે એકત્વ થઈ રહ્યું છે. અને તેથી આ જીવ

આખા જગત સાથે સંબંધ ધરાવવાનો અભિપ્રાય રાખે છે કે મારો સંબંધ એક પરમાણુ સાથે છે, તો મારો સંબંધ આખા જગત સાથે છે. એવો એક અભિપ્રાય એમાંથી ઉત્પન્ન થઈ જાય છે. એક પરમાણુ જોઈએ છે એને આખું જગત જોઈએ છે. એને જગતમાંથી કાંઈ નથી જોઈતું એ પ્રશ્ન રહેતો નથી. એવી જે જીવની મિથ્યાત્વ અવસ્થામાં વિપરીત દશા (છે), એ વિપરીત દશા પણ અનંતકાળથી, અનાદિના અનંતકાળથી વર્તતી હોવાથી એના જે સંસ્કાર દઢ થયા છે અને એનું જે મિથ્યાત્વનું બળ છે એને તોડવા માટે એનું ભિન્નત્વ પરિણમી જવું, ભિન્નત્વ દઢ થઈને પરિણમી જવું એ એક પણ મહત્વનો મુદ્દો છે. એ રોગના નિવારણ માટેનો. પછી તંદુરસ્તી આવ્યા પછી શક્તિ વધવા માટે સ્વદ્રવ્યનું જેટલું જેટલું આલંબન આવે છે એટલી એટલી પરિણામમાં શક્તિ વધતી જાય છે અને એ શુક્લધ્યાનનું કારણ થઈ પડે છે. અને એમાં સ્વદ્રવ્યનું અવલંબન છે. બંને વાત સંબંધિત એટલા માટે છે કે જ્યાં સુધી સ્વદ્રવ્યનું અવલંબન આવતું નથી ત્યાં સુધી પરદ્રવ્યના અવલંબનથી આ જીવ મુક્ત થઈ શકતો નથી.

પરદ્રવ્યનું અવલંબન છોડવું છે એવા વિકલ્પમાત્રથી, વિચારમાત્રથી પરદ્રવ્યનું અવલંબન છૂટી શકતું નથી. પરિણામ કાં તો સ્વદ્રવ્યના અવલંબનમાં રહે, કાં તો પરિણામ પરદ્રવ્યના અવલંબનમાં રહે. પણ અવલંબન વિનાનું પરિણામ રહે એમ કદી બનતું નથી. એટલે પરદ્રવ્યનું અવલંબન છે એ દુઃખદાયક છે એવું જેને સમજાય છે તેનું તેને અવલંબન છોડવાનો ભાવ આવે છે, એનું હેયત્વ આવે છે. અને સ્વદ્રવ્ય છે એનું અવલંબન સુખદાયક છે એમ જાણતા એની ઉપાદેયતા, ઉપાદેયત્વ એને જ્ઞાનમાં આવે છે. અને એ પરિણમન એકસાથે છે. સ્વદ્રવ્યના અવલંબનમાં જ પરદ્રવ્યના અવલંબનનો ત્યાગ છે. પરદ્રવ્યના અવલંબનનો ત્યાગ થાય તો સ્વદ્રવ્યના અવલંબનમાં આવવું જ ઘટે છે. બીજો કોઈ એમાં ત્રીજો ઉપાય નથી. ત્રીજું કોઈ સ્થાન નથી. આમ બંને દ્રવ્યોની વચ્ચે આ પ્રકારનું સંબંધપણું છે. તેથી દ્રવ્યાનુયોગમાં બે દ્રવ્યનો વિષય સાંકળવામાં આવ્યો છે. હેય અને ઉપાદેયના દૃષ્ટિકોણથી. અને એ યથાર્થ પરિણમે તો એને ભગવાનના પ્રવચનનું રહસ્ય હાથમાં આવ્યું એમ કહેવામાં આવે છે અને એનું ઉત્કૃષ્ટ ફળ પરમાત્મદશા છે કે જે કેવળજ્ઞાન સહિતની હોય છે. અને એની પ્રાપ્તિ, આ વિષયની પ્રાપ્તિ, દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ મહાભાગ્ય વડે થાય છે. તેથી દ્રવ્યાનુયોગના ઉપદેશ કરતા કોઈ જ્ઞાની મળે તો એ મહાભાગ્યનો પ્રસંગ ગણવામાં આવે છે. કેમકે બીજી બીજી વાતો કરનારા તો મળશે. કરણાનુયોગની વાત કરનારા મળશે, ચરણાનુયોગની વાત કરનારા મળશે, કથાનુયોગની વાત કરનારા મળશે પણ

દ્રવ્યાનુયોગનો વિષય છે એ ઉત્કૃષ્ટ છે. ચારે અનુયોગમાં એ ઉત્કૃષ્ટ છે. હવે કોને પરિણમે છે ? પ્રાપ્તિ કોને થાય છે ? એવી દ્રવ્યાની પ્રાપ્તિ કોને થાય ? કે '**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...**'

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વનું જાણપણું કર્યું તો એણે નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય જાણ્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- રહસ્ય નથી હાથમાં આવ્યું. અગિયાર અંગ, નવ પૂર્વમાં દ્રવ્યાનુયોગ આવે પણ નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય જાણ્યું નથી. અને આમ નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે એનો મુખ્ય ભાગ છે એ વિશેષપણે બાકીના પાંચ પૂર્વમાં છે. સામાન્યપણે તો ગમે ત્યાં આવી જાય. કથાનુયોગમાં પણ આવી જાય. સાવ ન આવે એવું બને. કરણાનુયોગમાં આવી જાય, ચરણાનુયોગમાં આવી જાય. પણ જે ચૌદ પૂર્વ છે એમાં અગિયાર અંગ ને નવ પૂર્વ પછીનો જે વિભાગ છે એમાં વિશેષ કરીને છે. અને એ સમ્યગ્દૃષ્ટિનો જ અધિકાર છે. ત્યાંથી આગળ ચાલવાનો અધિકાર કોનો છે ? સમ્યગ્દૃષ્ટિનો જ અધિકાર છે. મિથ્યાદૃષ્ટિનો પછી અધિકાર નથી. યોગ્યતા નથી. એમ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ ૪૫ વર્ષ દ્રવ્યાનુયોગનો જ વિષય લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- એમણે દ્રવ્યાનુયોગનો જ વિષય લીધો. મુખ્યપણે એમણે એ જ વાત કરી. પોતે કહેતા હતા કે બીજી વાતો કરનારા તો જગતમાં ઘણાં છે. બીજી વાતો કરનારા તો જગતમાં ઘણાં છે. ન્યાયની, નીતિની, લૌકિકતાની, સજ્જનતાની, બીજી, ત્રીજી ઘણી વાતો કરનારા લોકો છે. અને મુખ્યપણે તો સંપ્રદાયમાં કથાનુયોગ જ ચાલતો હોય છે. પણ સમ્યગ્દર્શનનો અને દ્રવ્યાનુયોગનો ગંભીર વિષય લેનારા કોઈક જ અનુભવી મહાપુરુષો હોય છે. એટલે એ વિષય ઘણો મહત્ત્વપૂર્ણ છે.

મુમુક્ષુ :- ઉપવાસ કરવાની વાત તો કુંભાર પણ કરે છે. ભગવાનની વાણીમાં...

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. સામાન્ય વાતો તો સામાન્ય માણસો પણ કરી શકતા હોય છે. વ્રત લેવા, પચ્ચખાણ લેવા, ઉપવાસ કરવા, બીજું છે, ત્રીજું છે. એ તો આ વાળંદ પણ વાળ કાપતા-કાપતા બધી Philosophy હાંકે છે કે નહિ ? હિન્દુસ્તાનમાં એ વાત બહુ સામાન્ય છે. ધર્મપ્રધાન દેશ છે, શ્રદ્ધાપ્રધાન દેશ છે એટલે તત્ત્વજ્ઞાનનો વિષય તો સામાન્ય માણસો ઓછા-વત્તા પ્રમાણમાં લે છે. પણ વસ્તુના મૂળ સ્વરૂપનો વિષય, મૂળ વસ્તુનો જે વિષય છે એ વિષય સર્વત્ર મળે એવું નથી. એ કોઈક જગ્યાએ મળતો હોય છે. તેથી એનું મહત્વ ઘણું છે.

જગતમાં પણ શાકભાજીની લારી ગલીએ-ગલીએ ફરતી હોય. રીંગણા, બટેટા,

શક્કરીયા, મૂળા, ભાજી વેચવાવાળા ગલીએ-ગલીએ ફરતા હોય. પણ કાંઈ લાખોના હિરા ને ઝવેરાત લઈને કોઈ ગલીએ ગલીએ ફરતા હોય છે ? એના માટે તો એની દુકાને જાવું પડે. પછી ગમે ત્યાં એની દુકાન હોય ત્યાં જાવું પડે. એની ફેરી કરનારા હોય નહિ. એમ આ વિષય કિંમતી છે. ક્યાંક જ મળે છે. અને જેને જોઈતો હોય અને જ્યાં મળતું હોય ત્યાં જવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- લોકો પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજા અનુયોગ વાંચતા નથી. બાકી તો ગ્રંથો તો ઘણાં વંચાયા ત્યાં. પણ બીજા અનુયોગ જાહેરમાં વાંચતા નથી. પણ બીજા અનુયોગ જાહેરમાં વાંચીને પ્રયોજન મૂળ પ્રયોજન... નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે એને છોડીને પછી બીજું શા માટે પકડવું ? અને સામાન્ય વાત તો ચારે અનુયોગની એક પ્રવચનમાં આવી જ જાય છે. એક પ્રવચનની અંદર ચારે અનુયોગની સંક્ષેપમાં વાત તો આવી જ જતી હોય છે.

મુમુક્ષુ :- કથાનુયોગની પણ આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કથાનુયોગની થોડી આવી જાય, થોડી કરણાનુયોગની આવી જાય, થોડી આચરણાની આવી જાય. એ તો આવી જ જાય.

હવે કોને એ દ્રવ્યાનુયોગ પરિણમે છે ? કે '**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...**' આ વિષય 'શ્રીમદ્જી' ભિન્ન-ભિન્ન જગ્યાએ અવારનવાર લે છે કે દ્રવ્યાનુયોગ છે એમાં ચાંચ નહિ બૂડે. અને એનું બહુ સરસ દૃષ્ટાંત છે 'આદિ શંકરાચાર્ય'નું એ 'આદિ શંકરાચાર્ય' થયા એ બહુ ક્ષયોપશમવાળા હતા. એની સંસ્કૃતની અંદર, ઉપનિષદો ઉપર ટીકાઓ લખી છે. મોટા સંસ્કૃતના આવડા મોટા Volume છે. એક વાત હાથમાં લે તો એની ચારેય પડખેથી બહુ ચર્ચા કરી શકે. ઘણો ક્ષયોપશમ. પણ જૈનદર્શનમાં એમણે એમ કહ્યું કે નહિ. આ સ્યાદ્વાદની વાત છે એ બધી સંશયવાદ જેવી છે. કાંઈ વસ્તુ સ્વરૂપ ઠેકાણે પડતું નથી, ચોક્કસ થતું નથી. વસ્તુ સ્વરૂપના ઠેકાણા નહિ એટલે ચોક્કસ થતું નથી. એક પણ છે અને અનેક પણ છે. કેમ બને ? એક હોય ત્યાં અનેકપણું ન બને, એકમાં અનેકતા ન આવે અને અનેકતામાં એકતા ન આવે. આ કાંઈ સમજાતું નથી.

કેમ દ્રવ્યાનુયોગમાં ચાંચ ન ડૂબી ? કે દર્શનમોહનો અનુભાગ ઘટેલો નથી. ત્યાં જ્ઞાનનો ઉઘાડ ઘણો છે પણ દર્શનમોહનો અનુભાગ ઘટેલો નથી. એટલે એની દ્રવ્યાનુયોગમાં ચાંચ બૂડે નહિ. એ તો જૈનેત્તર હતા એટલે સીધો ખ્યાલ આવે કે દર્શનમોહ ત્યાં તીવ્ર છે. પણ નામે જૈન હોય કે સંપ્રદાયના જૈન હોય તેથી પણ

દર્શનમોહનો અનુભાગ ઘટે તો દ્રવ્યાનુયોગનું પરિણમન થવાનો અવસર છે. નહિતર દ્રવ્યાનુયોગના પરિણમન થવાનો અવસર નથી.

'**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...**' એટલે મંદ થાય. '**અથવા નાશ પામવાથી,...**' મંદ થઈને નાશ પામે છે. એટલે બેય તબક્કા લઈ લીધા છે. '**વિષય પ્રત્યે ઉદાસીનતાથી...**' ઉપેક્ષાથી. એને તીવ્ર આસક્તિના પંચેન્દ્રિયના વિષયમાં પરિણામ હોય શકે નહિ. કેમકે જેનો દર્શનમોહ મંદ થાય એનો ચારિત્રમોહ આપોઆપ જ એની પાછળ મંદ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- .. દ્રવ્યાનુયોગ....

પૂજ્ય ભાઈશ્રી :- અહીં પરિણમનની વાત છે. દ્રવ્યાનુયોગ એને વાંચવાનો પુણ્યયોગ છે. જૈનમાં આવ્યો એને દ્રવ્યાનુયોગનો સંપર્ક થવાનો, સંયોગ થવાનું પુણ્ય છે. સંયોગ થાય એટલે એને શ્રવણ-વાંચનનો યોગ છે એ પુણ્યયોગ છે. પણ અહીંયાં પરિણમે કોને એ વાત છે. અહીંયાં વાંચવા મળે, સાંભળવા મળે એની વાત નથી. 'ગુરુદેવે' ૪૫ વર્ષ સુધી સંભળાવ્યું. પોતે દર્શનમોહના અનુભાગને મંદ ન કરે અને તીવ્ર કરી જાય તો દ્રવ્યાનુયોગ સાંભળતા-સાંભળતા દર્શનમોહને તીવ્ર કરી જાય. આમ ન હોય. શું કહે ? આ કહેનાર આમ કહે છે પણ એમ નહિ આમ હોવું જોઈએ. એ દર્શનમોહની તીવ્રતા સૂચવે છે. અને એ 'ઋષભદેવ' ભગવાનની વાણીમાં થયું.

'ઋષભદેવ' ભગવાનની વાણી ખરી ત્યારે ૩૬૩ અન્યમત ક્યાંથી થયા ? આના બદલે આમ હોય.. આના બદલે આમ હોય. થઈ રહ્યું. એ દર્શનમોહ. દ્રવ્યાનુયોગ સાંભળતા-સાંભળતા જ અન્યમત થયો છે. સાંખ્ય એમાંથી નીકળ્યો છે. સમ્યગ્દર્શનના વિષયમાંથી સાંખ્ય નીકળ્યો છે અને વર્તમાન અવલંબનમાંથી બૌદ્ધ નીકળ્યો છે. કેમકે ભૂત-ભવિષ્યનું અવલંબન થતું નથી. કારણ શુદ્ધપર્યાયનો જે વિષય છે એમાંથી બૌદ્ધ નીકળેલો છે. સમ્યગ્દર્શનના વિષયમાંથી સાંખ્ય નીકળ્યો અને કારણ શુદ્ધપર્યાયના વિષયમાંથી બૌદ્ધનો જન્મ થયો છે. કેમકે એ વર્તમાનને જ સ્વીકારે છે. અવલંબન વર્તમાન સિવાય ભૂત-ભવિષ્યને સ્વીકારતું નથી. એમ છે.

એટલે '**દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે.**' આ વાત વિશેષ સાથે સાથે લે છે કે એ જીવને... જે જીવ સ્વદ્રવ્યમાં ઊંડા ઉતરવા માટેનો પ્રયત્ન કરે, સ્વદ્રવ્યમાં ઊંડા ઉતરતી વખતે એ પરદ્રવ્યથી ઉદાસીન થાય ત્યારે એક ત્રીજો Factor એના પરિણામમાં હોવો ઘટે છે અને તે છે જેની પાસેથી એને આ રહસ્ય જોઈએ છે તેના પ્રત્યે તેને અત્યંત ગરજવાનપણાની

બુદ્ધિ હોવી જોઈએ. છેલ્લી હદનું ગરજવાનપણું કીધું છે. તો એ સત્પુરુષ હોય, સદ્‌ગુરુ હોય એને પરમેશ્વરના સ્થાને એ જોવે છે, પરમાત્માના સ્થાને જોવે છે. બીજા સ્થાને જોતો નથી. એ પૂરી ગરજ ઊભી થાય. એને અહીંયાં ચરણકમળની ઉપાસના કહેવામાં આવી છે.

મુમુક્ષુ :- ઈન્દ્ર પણ ગલુડિયાની જેમ બેસે છે એ વાત આમાં...

પૂજ્ય ભાઈશ્રી :- ઈન્દ્ર પણ ગલુડિયાની જેમ બેસે છે. એના કરતા પણ વિશેષ છે. કેમકે એ તો સામે પરમેશ્વર છે. પણ સામે પરમેશ્વર ન હોય અને છદ્મસ્થ જીવ હોય એને પરમેશ્વર જોવે છે. ચોથા ગુણસ્થાનના સત્પુરુષ હોય કે છઠ્ઠા ગુણસ્થાનના નિર્ગ્રંથ ગુરુ હોય તો એને પરમેશ્વરના સ્થાને જોવે છે.

એટલે તો 'સોભાગભાઈ'ને એ પ્રશ્ન પૂછ્યો છે કે મહાવીર સ્વામીની... અત્યારે મહાવીર સ્વામી કેવળી નથી, પરમેશ્વર નથી પણ એની પ્રતિમા, એની સામે કોઈ ભક્તિ કરે છે અને કોઈ સત્પુરુષની ભક્તિ કરે છે એ બેમાં તમે કોની ભક્તિને વિશેષ સ્થાન આપો છો ? મહત્ત્વવાળી ગણો છો ? પ્રશ્ન પૂછ્યો છે. સામાન્ય બુદ્ધિમાં તો સૌ કહે કે એ તો સીધી જ વાત છે કે ભગવાનની ભક્તિ જ વધારે હોય ને. ના. તો એમને એ પ્રશ્ન પૂછવાની જરૂર નહોતી. જો એનો ઉત્તર એમ હોત તો એને પ્રશ્ન પૂછવાની જરૂર નહોતી. એવા ગૂઢ પ્રશ્નો પૂછ્યા છે એમને.

મુમુક્ષુ :- ૬૨ નંબરના પત્રમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- આમાં ? પહેલું મથાળુ બાંધ્યું છે. બરાબર છે. ૬૨માં. '**પરમાત્માને ધ્યાયવવાથી પરમાત્મા થવાય છે;...**' નિજ પરમાત્માનું ધ્યાન કરવાથી પરમાત્મા થવાય છે. '**પણ તે ધ્યાવન...**' એ ધ્યાન જે થાય છે તે ધ્યાનની ક્રિયાને ધ્યાવન કહે છે. '**તે ધ્યાવન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી, એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે.**' એટલે આ એક રહસ્યનું રહસ્ય પકડ્યું છે એમણે. કે એ જીવને ગરજ કેટલી છે ? ભલે એ પરદ્રવ્યથી ઉદાસીન થાય છે એ તો ઘણા થઈ ગયા. બધું છોડીને બાવા થઈને જંગલમાં વયા ગયા અને આહાર છોડીને ઉપવાસમાં ઉતરી ગયા. પછી તો કાંઈ જરૂર નહિ રહી. તો પરદ્રવ્યથી તો ઉદાસીન થાય છે. એ તો શુક્લલેશ્યામાં આવે છે મિથ્યાદૃષ્ટિ જીવ પણ. અને એ તો ૩૧ સાગરે શુક્લલેશ્યા વગર જાય નહિ. તો પરદ્રવ્યથી ઉદાસીન થાય એ સામાન્ય વાત છે.

સ્વદ્રવ્ય જે છે એની અંદર તો માણસ શાસ્ત્ર વાંચીને પણ ઊંડો ઊતરે. શું કહેવા માગે છે ? હજી આમાં સૂક્ષ્મ શું છે ? ફલાણું શું છે ? બીજું શું છે ? પણ મહત્પુરુષના

ચરણકમળની ઉપાસનાનું બળ છે એ એક બહુ વિશેષ મહત્વનો મુદ્દો છે. નહિતર સ્વદ્રવ્યનું ધ્યાન કરનારા નીકળે છે. એમણે ૬૨માં એ લીધું કે પરદ્રવ્યથી ઉદાસીન થનારા ઘણા છે, સ્વદ્રવ્યના ધ્યાનના પ્રયોગ કરનારા પણ ઘણા છે. અને એવા સ્વદ્રવ્યના ધ્યાનના પ્રયોગમાં જાય કે ખરેખર આલંબન હાથ ન લાગે એમને પણ રિદ્ધિ-સિદ્ધિ બીજી હાથમાં આવી જાય. લબ્ધિઓ પ્રગટી જાય.

... અધૂરી ગરજ હોય ત્યાં સુધી પણ નહિ. એમાં પોતે છેતરાઈ જશે. ઓછી ગરજ હશે તો પોતે છેતરાઈ જશે. એને વંચનાબુદ્ધિ કહી. ૬૬૧માં કીધું ને ? જેટલી ગરજ આવવી જોઈએ એટલી ગરજ ન આવે, એટલી મહાનતા ન ભાસે, એટલી પોતાની લઘુતા ન ભાસે, સત્પુરુષની મહાનતા ન ભાસે તો હું માનુ છું, હું એમની ભક્તિ કરું છું એમ સંતોષ લઈને વંચનામાં છેતરામણમાં રહી જશે. એ પણ એક બહુ મહત્વની વાત કરી ગયા છે વંચનાબુદ્ધિવાળી.

એટલે '**મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી...**' જુઓ ! આ ઉપાસનાનું બળ ભારે લીધું છે. ખરેખર તો શું છે કે આ પ્રકારના પરિણામમાં દર્શનમોહ અત્યંત અનુભાગ ઘટી જાય એવો થઈ જાય છે. દર્શનમોહની પરિસ્થિતિ કેવી થાય છે ? એનો અત્યંત અનુભાગ ઘટી જાય એવી પરિસ્થિતિ આ જગ્યાએ થાય છે. એટલે ત્યાં એનું બળ લીધું છે. '**દ્રવ્યાનુયોગ પરિણમે છે.**' એમ તો અન્યમતમાં તો ગુરુને પરમેશ્વરના સ્થાને લીધા છે. પરમેશ્વરથી અધિક પણ લીધા છે અન્યમતિઓએ. 'ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય, બલિહારી ગુરુરાજ કી જિસને ગોવિંદ દિનો બતાય.' એ ગોવિંદ એક બાજુ ઊભા રહે. પહેલા મારા ગુરુ, પછી બધું. ઠીક ! એવી રીતે ઘણી મહત્તા ગાય છે. પણ એ વાત નીકળી છે, બધી આવી છે દિવ્યધ્વનિમાંથી. અને તેથી પોતે પણ .. જ્ઞાન ધરાવે છે અને કેટલી રખડપટ્ટી કરી છે અને કેટલો પરિશ્રમ કર્યો છે એ પોતાને ખબર છે. અને એ બધા પરિશ્રમનું ફળ કાંઈ નહિ આવતા સત્પુરુષ પ્રત્યેનું જે દિ' ગરજવાનપણું થયું તે દિ' એનું સહજમાત્રમાં ફળ આવ્યું. એ પણ એમને અનુભવગોચર થયું છે. એટલે એ વાત અનેક જગ્યાએ એમણે વિશેષ કરીને સ્થાપી છે.

મુમુક્ષુ :- ૫૨૭ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૫૨૭ ? વચ્ચેનો Paragraph છે.

'**શ્રી મહાવીર સ્વામીથી હાલનું જૈન શાસન પ્રવર્ત્યું છે,...**' બરાબર ? '**તેઓ વધારે ઉપકારી ? કે પ્રત્યક્ષ હિતમાં પ્રેરનાર અને અરિહંતથી નિવારનાર એવા અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુ વધારે ઉપકારી ? તે પ્રશ્ન માકુભાઈ તરફથી છે.**' એમના

ભાગીદાર જે વડોદરા રહેતા હતા 'માણેકચંદભાઈ' એને 'માકુભાઈ' કહેતા હતા. એમના ભાગીદારોના Group માં એક સભ્ય છે. અને એ ભાગીદારીમાં જોડાણા પછી એમને એમના પ્રત્યે બહુમાન સારુ એવું થયું હતું.

મૂળ તો એમણે પરખ કરી હતી આ શતાવધાન કર્યા ત્યારે. આ કોઈ છે અસાધારણ વ્યક્તિ. એટલે એમણે Commercial view point થી એમની ભાગીદારી શરૂ કરી હતી. કોઈ કુશળ માણસ છે. ૧૮ વર્ષની ઉંમરે શતાવધાન કરે છે. કોઈ અસાધારણ વ્યક્તિ છે. એટલે એ ઝવેરાતનું પણ એની પાસેથી જ શિખ્યા છે. ઝવેરાતની પરીક્ષા કેમ કરવી એ 'માકુભાઈ' પાસેથી શિખ્યા છે. પણ આ તો બહુ વિચિક્ષણ હતા એટલે એ તો થોડીક વાત સમજીને શીખી લે. એમને કાંઈ વધારે શિખવાડવું પડે નહિ. પછી એ જેમ જેમ પરિચયમાં રહ્યા એમ એમના પ્રત્યેથી 'માકુભાઈ'ને બહુ બહુમાન થયું છે.

એમણે પ્રશ્ન કાઢ્યો છે કે જેનું શાસન પ્રવર્તે છે એવા અંતિમ તીર્થાધિનાથ ભગવાન મહાવીર સ્વામી એ વધારે ઉપકારી ? કે અત્યારે કોઈ પ્રત્યક્ષ હિતમાં પ્રેરનાર હોય અને અહિતથી છોડાવનાર હોય એવા સત્પુરુષ કે સદ્‌ગુરુ વધારે ઉપકારી ? '**તે પ્રશ્ન માકુભાઈ તરફથી છે. અત્ર એટલો વિચાર રહે છે...**' હવે આ વિષયમાં એટલો વિચાર થાય છે '**કે મહાવીરસ્વામી સર્વજ્ઞ છે...**' તેરમા ગુણસ્થાને પરમાત્મદશાએ વર્તતા હતા. '**અને પ્રત્યક્ષ પુરુષ આત્મજ્ઞસમ્યગ્દૃષ્ટિ છે,...**' એટલે ચોથા ગુણસ્થાનવર્તી છે.

'**અર્થાત્ મહાવીરસ્વામી વિશેષ ગુણસ્થાનકે વર્તતા એવા હતા. મહાવીર સ્વામીની...**' અત્યારે તો છે નહિ. પણ '**મહાવીર સ્વામીની પ્રતિમાની વર્તમાનમાં ભક્તિ કરે, તેટલા જ ભાવથી પ્રત્યક્ષ સદ્‌ગુરુની ભક્તિ કરે...**' પરમેશ્વરવત્. '**એ બેમાં હિતયોગ્ય વિશેષ કોણ કહેવા યોગ્ય છે ?**' તો કોની ભક્તિ વધારે લાભદાયક થાય ? મહાવીર સ્વામીની ? કે પ્રત્યક્ષ સત્પુરુષની ? કોની લાભદાયક થાય ? જો મહાવીર સ્વામીની લાભદાયક થતી હોત તો આ પ્રશ્ન ઉઠાવ્યો હોત નહિ. એ વાત કાઢી છે એમણે. '**તેનો ઉત્તર તમે બન્ને વિચારીને સવિસ્તર લખશોજી.**' 'સોભાગભાઈ'ને પ્રશ્ન પૂછ્યો છે આ.

'સોભાગભાઈ'ના પત્રો મળતા નથી. નહિતર એ જવાબ આપવામાં પણ એવા જ તૈયાર હતા. બહુ તૈયાર હતા. પાત્રતા ઘણી હતી ને ! ઉત્કૃષ્ટ પાત્રતામાં આવેલા. એટલે વગર શાસ્ત્રો વાંચ્યે પણ એવા સરસ ઉત્તર આપતા હતા કે 'શ્રીમદ્‌જી'ને બહુમાન થઈ જતું હતું. આ તો જ્ઞાની જ કહી શકે અને કાં જ્ઞાનીનો આશ્રિત કહી શકે. આ વાત બીજું કોઈ ન કહી શકે. એમ એમને લાગતું હતું. ક્યાંથી કાઢે છે આ ? વગર ભણ્યે કાઢે છે ક્યાંથી ? એમને આશ્ચર્ય થતું હતું. એવી યોગ્યતા હતી.

'જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે,...' સમ્યગ્દૃષ્ટિને. સમ્યગ્દૃષ્ટિના સંયમની વાત છે, હોં ! **'જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે.'** કેમકે વિશેષ વિશેષ દ્રવ્યાનુયોગમાં તે ઊંડો ઉતરતો જાય છે. જેમ જેમ ઊંડો ઉતરતો જાય છે તેમ તેમ ઉપર ઉપરના ગુણસ્થાને જાય છે, તેમ તેમ સંયમ વર્ધમાન થાય છે. જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે તેમ તેમ વિશેષ ઊંડો ઉતરતો જાય છે. એક બાહ્ય સંયમ અને પરમાર્થ સંયમ એકબીજાના પુરક થઈ જાય છે. **'તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે.'**

'સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્દર્શનનું નિર્મલત્વ છે,...' એ સંયમ ઓલો મિથ્યાદૃષ્ટિનો સંયમ નથી. અહીંયાં જે સંયમ વધે છે એનું કારણ સમયગ્દર્શનનો પુટ લાગે છે. એનું જે સમ્યગ્દર્શનમાં નિર્મળપણું છે, નિર્મલત્વ એટલે જે સમ્યગ્દર્શનમાં નિર્મળપણું છે, દૃષ્ટિની જે નિર્મળતા છે એટલે પાયામાં સમ્યગ્દર્શન છે. એમ કહીને એ કહ્યું કે જે ચારિત્ર છે, સમ્યગ્દૃષ્ટિને જે સ્વરૂપાચરણરૂપ ચારિત્ર ઉપર ઉપરના ગુણસ્થાનનું સ્વરૂપમાં સ્થિરતારૂપ જે ચારિત્ર છે એનું કારણ એનું સમ્યગ્દર્શન છે, એની દૃષ્ટિ છે. એ દૃષ્ટિના જોરે આગળ વધે છે.

'પૂજ્ય બહેનશ્રી' એ વાત લે છે કે દૃષ્ટિના જોરે સાધક મોક્ષમાર્ગમાં આગળ વધે છે. કેમકે દૃષ્ટિનો પુટ લાગ્યા જ કરે છે. દૃષ્ટિનું પરિણમન થયા કરે છે. જેમ જેમ પરિણમન થયા કરે છે તેમ તેમ અનંતે અનંત ગુણનું નિર્મળપણું, પવિત્રપણું, પ્રગટપણું વિકાસ પામીને એ કેવળજ્ઞાન અને પૂર્ણ દશા તરફ આગળ વધતું જાય છે.

મુમુક્ષુ :- દૃષ્ટિનો પુટ એટલે શ્રદ્ધાનો પુટ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શ્રદ્ધાનો પુટ લાગે છે. એ 'અનુભવપ્રકાશ'માં લીધું છે કે શ્રદ્ધાનો પુટ લાગે છે. સમ્યગ્દર્શન થઈ ગયું એટલે પછી એકકોર અધ્ધર રહી ગયું એમ નથી. પ્રતિક્ષણ એ દૃષ્ટિનું જે પરિણમન છે એ સંયમ વૃદ્ધિનું કારણ છે, એ સ્વરૂપ સ્થિરતાનું કારણ છે. સંયમ વૃદ્ધિ કહો કે સ્વરૂપ સ્થિરતાનું એ કારણ છે. અને એ દૃષ્ટિને કોણ કારણ છે ? કે એ દૃષ્ટિનું કારણ દ્રવ્યાનુયોગ છે. દ્રવ્યાનુયોગ વગર દૃષ્ટિ પ્રગટે નહિ. આમ ફેરવીને વાત દ્રવ્યાનુયોગ ઉપર લઈ આવ્યા પાછા. જોયું ! ઉત્કૃષ્ટ વાત તો સ્વરૂપ સ્થિરતાની છે, કેવળજ્ઞાનાદિની છે. એનું કારણ કોણ ? કે સ્વરૂપદૃષ્ટિ છે. એનું કારણ કોણ ? કે દ્રવ્યાનુયોગ છે. આમ લે છે. શૈલી બહુ સુંદર કરે છે ! એમને જે વાત કરવી હોય અને જે વિષયનું મહત્વ એમના જ્ઞાનમાં ભાસ્યું હોય, એને સ્થાપવું હોય તો એને રજુ કરવા માટે એમની પાસે બહુ વિચિક્ષણતા હતી. એ જાતનો વિચારયોગ, વચનયોગ એ બધો બહુ સારો યોગ હતો.

મુમુક્ષુ :- એટલે કારણના કારણ સુધી પહોંચે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કારણના કારણ સુધી. એ તો કહ્યું ને 'આનંદઘનજી'એ 'સંભવનાથ સ્તવન'માં. કે કારણ-કાર્યથી વસ્તુ વિચારે અને કારણ વગર જો કાર્યને વિચારે તો એ નિજ મતનો ઉન્માદ સિવાય બીજું કાંઈ નહિ. 'એ નિજ મત ઉન્માદ સંભવ...' 'સંભવનાથ'ની સ્તુતિ કરી છે.

'**તેનું કારણ પણ 'દ્રવ્યાનુયોગ' થાય છે. સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે.**' સર્વસામાન્ય બધા જીવોને એવી યોગ્યતા થાય એવું બનતું નથી, એ અસંભવિત છે. એ દુર્લભ છે એટલે કોઈ કોઈ જીવોને જ. દુર્લભનો અર્થ શું છે ? કે કોઈ કોઈ જીવોને જ. 'ગુરુદેવ' પાસે હજારો માણસો દ્રવ્યાનુયોગ સાંભળવા આવ્યા. કોઈ જીવને એની યોગ્યતા પ્રાપ્ત થાય છે. એ દુર્લભ છે. '**આતમરામપરિણામી, પરમવીતરાગદષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.**' એટલે મુનિદશા છે એ તો બરાબર દ્રવ્યાનુયોગમાં આવેલા જીવો છે. સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગની જઘન્ય અવસ્થા છે પણ જે જીવો મુનિદશામાં આવી ગયા એને તો સરખાઈનો દ્રવ્યાનુયોગ પરિણમી ગયો. ભાવલિંગ જેણે પ્રગટ કર્યું, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને પહોંચ્યા તે એના મુખ્ય પાત્ર છે. એમણે દ્રવ્યાનુયોગ સરખાઈનો ગ્રહણ કરી લીધો છે.

એ જીવો કેવા છે ? કે આત્મારામપરિણામી છે. આત્મામાં મસ્ત પરિણામી છે એટલે આત્મામાં મસ્ત છે. જગતથી છૂટા પડી ગયા છે. ખરેખર એ જગતનું વિસ્મરણ કરી ચૂક્યા છે. જગતને ભૂલી ગયા. જગત છે કે નહિ મારે શું છે. એ પોતાની મસ્તીમાં પડ્યા છે. '**પરમવીતરાગદષ્ટિવંત,...**' છે. એ વીતરાગદષ્ટિ કહો કે સમ્યગ્દષ્ટિ કહો. એ પરમવીતરાગદષ્ટિવંત છે. '**પરમઅસંગ...**' છે. કોઈનો સંગ કરતા નથી. '**એવા મહાત્માપુરુષો તેના મુખ્ય પાત્ર છે.**' એવા મહાપુરુષો તો એના મુખ્ય પાત્ર છે. 'ગુરુદેવ' તો એવા મહાપુરુષોનું સ્મરણ કરે ત્યારે એમ કહેતા કે કોઈ એવા અત્યારે એવા ભાવલિંગીના દર્શન થાય, ભેટો થાય તો એની વાંહે ચાલી નીકળીએ. એના પગના તળીયા ચાટીએ. બહુ ભક્તિથી બહુમાન કરતા હતા.

જ્ઞાનીપુરુષોને પણ કેટલું ગુણનું બહુમાન છે. વ્યક્તિનું નથી પણ ગુણનું બહુમાન છે, એ આત્માનું બહુમાન છે. કેટલી ગુણ વધારવાની ગરજ છે ! ગુણ પ્રાપ્ત થયા પછી, ગુણ વૃદ્ધિ થાય અને ગુણ પૂર્ણ થાય એની કેટલી ગરજ છે ! ભક્તિ ગરજને સૂચવે છે બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ગુણવાન પ્રત્યે બહુમાન ન આવે...

પૂજ્ય ભાઈશ્રી :- એને ગુણ જોતા નથી.

મુમુક્ષુ :- પોતાને પોતાના ગુણ જોતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એના પોતાના આત્માના જ ગુણ જોતા નથી. એમ છે ખરેખર તો. કારણ કે દોષદૃષ્ટિ તીવ્ર થઈ છે અથવા મિથ્યાદૃષ્ટિ તીવ્ર થઈ છે.

'કોઈ મહત્ પુરુષના મનનને અર્થે પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું;...' એ ૭૬૬નો આંક છે ને ? એ 'પંચાસ્તિકાય'નો અનુવાદ છે. **'તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે.'** એટલે કોઈના મહત્ પુરુષના મનન અર્થે એટલે મને એમ છે કે 'સોભાગભાઈ' માટે એમણે લખ્યું હશે. બીજા તો એમના પરિચયમાં કોઈ ઉત્કૃષ્ટ પાત્ર નથી. પણ એ યોગ નથી બન્યો.

'હે આર્ય ! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.' 'ધારશીભાઈ'ને આર્ય કહીને સંબોધન કર્યું છે.

મુમુક્ષુ :- કેટલો કરુણાભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સરળ પરિણામી હતા. સરળ પરિણામી હતા. એની પરીક્ષા કરેલી ને ? 'ધારશીભાઈ'ની પરીક્ષા કરેલી. ત્યાં Judge હતા ને ? 'મોરબી'ના Judge હતા. 'મોરબી'ની બજાર એટલે એ વખતની બધી જાહોજલાલી Stage ની હતી. ભરબજારમાં છત્રી માથે રાખીને નીકળ્યા હતા. બજાર સોંસરા 'શ્રીમદ્જી' નીકળ્યા ત્યારે પોતે હાથમાં છત્રી લઈને એમના માથે છત્રી રાખીને નીકળ્યા હતા. પોતે જોયું કે આ ગામના Judge છે. કોઈ નાની ઉંમરના... આ તો છોકરડા જેવા લાગે ને. એમણે જોયું કે ગામની પડી નથી, લોકો શું કહેશે એની પડી નથી. લોકો મારા માટે શું કહેશે એની પડી નથી. મારે મારી ગુણપ્રાપ્તિ કરવી હોય એમાં લોકો શું કરે ? મારે ગુણ-અવગુણનો સવાલ છે. એ સરળતા એમની હતી.

'હે આર્ય ! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.' જેને દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય, સ્વદ્રવ્યમાં ઊંડા ઉતરે એના પરિણામ બધા અન્ય ભાવોથી વિરામ પામી જાય. એનું બીજું નામ સંયમ કહેવામાં આવે છે. **'તે આ પુરુષના વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં.'** જુઓ ! એમના કરતા ઉંમરમાં મોટા છે ને ? પણ બહુ પ્રેમથી સંબોધન કર્યું છે. આ પુરુષના જે આ વચન છે એ તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહિ. એટલે કે દ્રવ્યાનુયોગનો વિષય આવે ત્યાં સાવધાન અને જાગૃત થઈ જજે. ત્યાં અદ્દર થઈ જઈશ નહિ તું. બેદરકારીથી, અસાવધાનીથી વર્તીશ નહિ. દ્રવ્યાનુયોગનો વિષય આવે ત્યાં બહુ સાવધાની અને જાગૃતિથી એને અંગીકાર કરવાની તૈયારી રાખવી. એમાં શિથિલપણું

રાખવું નહિ.

'**વધારે શું** ?' આથી વધારે તને વિશેષ શું કહીએ ? કે '**સમાધિનું રહસ્ય એ જ છે.**' નિર્વિકલ્પ સમાધિનું રહસ્ય દ્રવ્યાનુયોગ છે. જોકે સ્વદ્રવ્ય છે એ સ્વરૂપે જ નિર્વિકલ્પ છે. અવિકલ્પ સ્વરૂપ છે. નિર્વિકલ્પ તો હજી એને એમ કહેવાય કે વિકલ્પ મટે તેને દશામાં નિર્વિકલ્પ કહીએ. પણ જેને અનાદિઅનંત વિકલ્પના ભેદ નથી અથવા પર્યાયના વિકલ્પ ઉત્પન્ન થવાનો અવકાશ નથી અથવા અનંત કાળના વિકલ્પની સ્પર્શના સુદ્ધા પણ ત્યાં નથી. એવો જે અવિકલ્પ સ્વરૂપ આત્મા છે એ પોતે જ દ્રવ્ય છે. એટલે દ્રવ્યના આલંબનમાં નિર્વિકલ્પ સમાધિ ઉત્પન્ન થાય તે નિર્વિકલ્પ સમાધિ કોઈ રીતે થતી નથી ને આ જીવને વિકલ્પ છૂટતો નથી એનું રહસ્ય શું ? કે એનું રહસ્ય આ અવકિલ્પસ્વરૂપ દ્રવ્ય છે એ જ એનું રહસ્ય છે. એ એને હાથમાં આવી ગયું છે.

કોઈ માણસ એમ કહે કે આ માણસ ખાતો નથી છતાં જીવતો કેમ રહે છે ? નવાઈ લાગે કે નહિ ? આહાર-પાણી લેતો નથી ને જીવતો કેમ રહે છે ? આનું રહસ્ય શું છે ? તો કહે ભાઈ ! કોઈક જડીબુટ્ટી સુંઘી લીધી છે. એમ કહેવાય ને ? એમ એના જેવું છે. જે વિકલ્પ છોડ્યા જાય નહિ, છોડ્યા છૂટે નહિ એ જીવ નિર્વિકલ્પ થઈ ગયો એનું રહસ્ય શું છે ? કે એના હાથમાં એક જડીબુટ્ટી આવી ગઈ. એનું જે સ્વદ્રવ્ય અવિકલ્પસ્વરૂપ છે એનું આલંબન એને હાથમાં લાગ્યું, દૃષ્ટિ એની પ્રગટી એ સમાધિનું રહસ્ય પણ દ્રવ્ય જ છે.

અને '**સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.**' અને જગતના ચારેય ગતિના, ચાર ગતિના પેટામાં જન્મ-મરણથી માંડીને જેટલા પ્રકારના, અનંત પ્રકારના દુઃખ છે એ તમામ પ્રકારના દુઃખથી મુક્ત થવાનો આ એક જ ઉપાય છે. આ જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. માટે દ્રવ્યાનુયોગની પાત્રતામાં આવીને, ગરજવાન થઈને દ્રવ્યાનુયોગનું અધ્યયન અને અભ્યાસ કરવો. અથવા સત્પુરુષ પાસે પણ દ્રવ્યાનુયોગની માગણી કરવી, એમ કહે છે. બીજી બીજી આડીઅવળી વાતની-અપ્રયોજનભૂત વાતની ચર્ચા કરવી નહિ, એમ કહેવું છે. કેમકે એ '**સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.**'

દુઃખ થોડું પણ જોતું નથી. થોડું દુઃખ નથી જોતું તો બધું તો જોતું જ નથી. એ કહેવાની જરૂર નથી. તો સર્વ દુઃખ નાશ પામવા માટેનો ઉપાય જ્યાંથી મળતો હોય અને જે રીતે મળતો હોય એનું મૂલ્યાંકન એની વિચારદશામાં તો થવું જોઈએ કે નહિ ? વિચારદશાનું આ એક Stage છે કે એના મૂલ્યાકંન સુધી જીવ આવે તો એ (દર્શનમોહને) એ ઘટાડી શકે છે. વિચારદશામાં નિર્વિકલ્પ અતીન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન થયા

પહેલાંની ભૂમિકામાં પણ, ભલે ઈન્દ્રિયજ્ઞાન મન સાથેનું (હોય), દર્શનમોહને જીવ ઘટાડી શકે છે. દર્શનમોહને ન ઘટાડી શકે એવું કાંઈ નથી. અને દર્શનમોહ ઘટે તો દ્રવ્યાનુયોગ પરિણમે, તો એને અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ થાય. બીજો તો કોઈ ઉપાય નથી. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એક જ ઉપાય છે. અને એ માર્ગની સુંદરતા છે કે ઉપાય એક છે. જો હજાર ઉપાય હોત તો માણસને હજાર ઠેકાણે હજાર રસ્તા કરવા પડત. આમેય કરો... આમેય કરો... આમેય કરો... આમેય કરો... આ બધું પૂરું કરો પછી વારો આવશે. ત્યારે આ વીતરાગમાર્ગની સુંદરતા એક છે કે આ એક જ ઉપાય છે. આ એક ઉપાય કર, બધો ફેંસલો થઈ ગયો તારો. એ રીતે ૮૬૬માં દ્રવ્યાનુયોગની બહુ સુંદર વાત આવી ગઈ છે. 'ધારશીભાઈ'ના પત્રમાં. વિશેષ લઈશું...

કોઈ જીવ નિજદોષના અવલોકનપૂર્વક મુમુક્ષુતામાં આગળ વધે છે, ત્યાં સ્વચ્છંદ ઘટે છે, અને ચંચળતા ઓછી થઈ, પરિણામમાં બાહ્ય શાતા આદિ વર્તે છે, તે જો પ્રિય લાગે અને તેની મુખ્યતા વર્તે, તો જીવની યોગ્યતા રોકાઈ જાય છે. કારણકે ત્યાં હજી બાહ્ય સુખની અપેક્ષા ગઈ નથી, તેથી માનસિક શાંતિ ઠીક લાગી તે લૌકિક સુખની જાતિ એક જાતિનું સુખ પ્રિય લાગ્યું. ત્યાં આત્મા 'સત્-પરમાનંદરૂપ' છે,એમ નિશ્ચય નથી. તેમ જ તેવો નિશ્ચય થવામાં, ઉક્ત ભાવોની મુખ્યતા પ્રતિકૂળ છે. વાસ્તવમાં તો અપૂર્વ જિજ્ઞાસાવૃત્તિએ સ્વરૂપ નિશ્ચય થવામાં પરિણામો લાગવા જોઈએ. ઉદાસીનતા વૃદ્ધિગત થવી જોઈએ.

(અનુભવ સંજીવની-૧૪૭૩)

પત્રાંક-૮૬૭

વવાણિયા, ચૈત્ર વદ ૨, ગુરુ, ૧૯૫૫

હે આર્ય ! જેમ રણ ઉતરી પારને સંપ્રાપ્ત થયા, તેમ ભવસ્વયંભૂરમણ તરી પારને સંપ્રાપ્ત થાઓ !

મહાત્મા મુનિશ્રીની સ્થિતિ હાલ પ્રાંતીજ ક્ષેત્રે છે. કંઈ વિજ્ઞપ્તિ પત્ર લખવું હોય તો પરી. ઘેલા કેશવલાલ પ્રાંતીજ એ સરનામે લખવા વિનંતી છે.

આપની સ્થિતિ ધાંગ્રધા તરફ થવાના સમાચાર અત્રેથી તેઓશ્રીને આજે લખવાનું બન્યું છે.

વધારે નિવૃત્તિવાળા ક્ષેત્રે ચાતુર્માસનો યોગ બનવાથી આત્મ ઉપકાર વિશેષ સંભવે છે. મુનિ શ્રીમદ્‌ને પણ તેમ જણાવ્યું છે.

તા. ૧૬-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૬૭ થી ૮૭૫
પ્રવચન નં. ૪૧૪

૮૬૭. 'દેવકરણજી' ઉપરનો છે. '**હે આર્ય ! જેમ રણ ઉતરી પારને સંપ્રાપ્ત થયા.**' 'વવાણિયા'થી લખેલો પત્ર છે. '**તેમ ભવસ્વયંભૂરમણ તરી પારને સંપ્રાપ્ત થાઓ !**' સ્વયંભૂરમણ એટલે મોહ. મોહસમુદ્રને પાર કરો. દર્શનમોહ છે એને સ્વયંભૂરમણ સમુદ્રની ઉપમા આપવામાં આવે છે. એવો એ ઊંડો અને વિશાળ છે. જેણે દર્શનમોહને જીત્યો એ જાણે સમુદ્ર તરી ગયા એમ ગણવામાં આવે છે. '**મહાત્મા મુનિશ્રીની સ્થિતિ હાલ પ્રાંતીજ ક્ષેત્રે છે. કંઈ વિજ્ઞપ્તિ પત્ર લખવું હોય તો પરી. ઘેલાભાઈ કેશવલાલ પ્રાંતીજ એ સરનામે લખવા વિનંતી છે.**'

'**આપની સ્થિતિ...**' 'લઘુજી' ત્યાં 'પ્રાંતીજ'માં છે અને આ પણ 'કચ્છ'થી આ બાજુ આવી ગયા છે. '**આપની સ્થિતિ ધાંગ્રધા તરફ થવાના સમાચાર અત્રેથી તેઓશ્રીને આજે લખવાનું બન્યું છે.**' તમે 'કચ્છ'માંથી 'ધાંગ્રધા' આવ્યા છો એ પણ અમે લખ્યું છે. '**વધારે નિવૃત્તિવાળા ક્ષેત્રે ચાતુર્માસનો યોગ બનવાથી આત્મ ઉપકાર વિશેષ સંભવે છે, મુનિ શ્રીમદ્‌ને પણ તેમ જણાવ્યું છે.**' એટલે તમારે લોકોએ કોઈ નિવૃત્તિ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવો. ચૈત્ર મહિનો ચાલે છે ને ? અષાઢ મહિનાથી ચાતુર્માસ બેસી જશે એટલે એની સૂચના કરી છે.

પત્રાંક-૮૬૮

વવાણિયા, ચૈત્ર વદ ૨, ગુરુ, ૧૯૫૫

પત્ર પ્રાપ્ત થયું. કોઈ વિશેષ નિવૃત્તિવાળા ક્ષેત્રમાં ચાતુર્માસ થાય તો આત્મોપકાર વિશેષ થવા યોગ્ય છે. એ તરફ નિવૃત્તિવાળા ક્ષેત્રનો સંભવ છે.

મુનિઓ કચ્છનું રણ સમાધિપૂર્વક તિરી ધાંગ્રધા તરફ વિચરવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

તેઓ આપનો સમાગમ ત્વરાથી ઈચ્છે છે.

તેમનું ચાતુર્માસ પણ નિવૃત્તિવાળા ક્ષેત્રમાં થાય તેમ કરવા વિજ્ઞાપન છે.

૮૬૮. એ 'કેશવલાલ ઘેલાભાઈ' જે 'પ્રાંતીજ'માં 'લઘુજી' છે એના ઉપરનો પત્ર છે. '**પત્ર પ્રાપ્ત થયું. કોઈ વિશેષ નિવૃત્તિવાળા ક્ષેત્રમાં ચાતુર્માસ થાય તો આત્મોપકાર વિશેષ થવા યોગ્ય છે. એ તરફ નિવૃત્તિવાળા ક્ષેત્રનો સંભવ છે.**' આ 'ઈડર' વગેરે કોઈ એ બાજુના ઉત્તર ગુજરાતના. '**મુનિઓ કચ્છનું રણ સમાધિપૂર્વક ઉતરી ધાંગ્રધા તરફ વિચરવાના સમાચાર પ્રાપ્ત થયા છે.**' બેય પત્ર એક જ દિવસે લખેલા છે. એટલે આમાં એમણે Reference આપ્યો છે કે અમે ત્યાં 'પ્રાંતીજ' પત્ર લખ્યો છે. એના સમાચાર એને આપ્યા છે.

'**તેઓ આપનો સમાગમ ત્વરાથી ઈચ્છે છે. તેમનું ચાતુર્માસ પણ નિવૃત્તિવાળા ક્ષેત્રમાં થાય તેમ કરવા વિજ્ઞાપન છે.**' એટલે જુદાં જુદાં કરે તોપણ નિવૃત્તિવાળા ક્ષેત્રમાં, સાથે કરો તોપણ નિવૃત્તિવાળા ક્ષેત્રમાં કરવો. એટલે કોઈ શહેરની અંદર ચાતુર્માસ ન કરવા.

મુમુક્ષુ :- 'પ્રાંતિજ' એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા એ જ. આ 'કેશવલાલ ઘેલાભાઈ'ના વંશજો કોઈ અત્યારે હશે. હોવા જોઈએ. 'પ્રાંતિજ'માં છે ને. એ ઉત્તર ગુજરાતમાં એ વખતે 'પ્રાંતિજ' હતા. 'ઈડર'થી 'પ્રાંતિજ'ને એ બાજુ જ એ દિવસોમાં વિચરતા હતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ લોકો તો હજી સ્થાનકવાસી મુનિઓ તરીકે .. મુહપત્તિ કાઢી નાખી હતી પણ આમ હજી વાહનનો ઉપયોગ નહોતા કરતા. ચાલીને વિહાર કરતા હતા. એટલે સંપ્રદાયની અંદર વિશેષ વિરોધનું કારણ ન થાય. બીજું કાંઈ નહિ, વિરોધનું કારણ ન થાય.

મુમુક્ષુ :- મુહપત્તિ કાઢી નાખી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- બનતા સુધી કાઢી નાખી છે. એના ફોટા તો બધા મુહપત્તિ વગરના જ છે.

મુમુક્ષુ :- અત્યારે જે છે એ ?

પૂજ્ય ભાઈશ્રી : હા. અત્યારે છે. એ વખતે રાખી હોય કદાચ. કેમકે મુહપત્તિ કાઢી નાખે તો તો વધારે વિરોધ થાય. એ વખતે તો રાખી હશે.

મુમુક્ષુ :- મુહપત્તિ તો સંપ્રદાયમાં જોઈએ જ તે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ એ એકલા સ્થાનકવાસીમાં છે. એકલા સ્થાનકવાસીમાં છે.

મુમુક્ષુ :- આ બધા સ્થાનકવાસી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ સ્થાનકવાસી છે. એ નામ છે ને ? દેરાવાસીમાં નામ બદલે છે. દેરાવાસીમાં નામ બદલી નાખે છે. દિગંબરમાં જેમ નામ બદલી નાખે છે. સંસારનું નામ ન રાખે. નામ બદલી નાખે. ત્યારે સ્થાનકવાસીમાં એ પદ્ધતિ નથી. પાછળ ખાલી 'જી' લગાડી દે. 'લલ્લુભાઈ' હોય તો 'લલ્લુજી'.

મુમુક્ષુ :- 'ચંપકલાલજી'.

પૂજ્ય ભાઈશ્રી :- 'ચંપકલાલ' હોય તો 'ચંપકલાલજી'. બસ. ખાલી પાછળ 'જી' લાગી જાય. બીજું કાંઈ નહિ. એવી રીતે. ત્યારે આ લોકો નામ બદલે છે. એટલે તરત ખબર પડી જાય કે આ કયા સંપ્રદાયના છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સ્થાનકવાસી સંપ્રદાયના મુનિઓને શું છે કે કોઈ જૈનની વસ્તી ન હોય એ ગામમાં પણ એ લોકો જાય. અને ગમે ત્યાંથી આહાર લે. ભરવાડના ઘરે જઈને ઉભા રહે તો એનો પણ આહાર લઈ લે. દરજીના ઘરે જાય. ગમે એના ઘરે જાય. એમ સ્થાનકવાસી.. તમને લોકોને તો ખ્યાલ હશે. સ્થાનકવાસીમાં તો આ જૈનને ત્યાંથી આહાર લેવાનો એવું કાંઈ નહિ. ગમે એના ઘરે જઈને ઉભા રહે અને આહાર લઈ લે. પાતરામાં થોડુંક લઈ લે. એક ઘરેથી ન લે. કોઈ વિશેષ એવી રીતે બે-ચાર ઘરેથી ભેગું કરે. એટલે કોઈને તકલીફ ન પડે. કોઈને ત્યાંથી એક રોટલી લે, કોઈને ત્યાંથી બીજી એક રોટલી લે. ચાર ઘરેથી ચાર રોટલી લે. સ્થાનકવાસીનો એવો બધો પ્રકાર છે. એટલે કોઈને પોતાના નિમિત્તે ભૂખ્યું રહેવું પડે કે ઓછું પડે કે રાંધવું ન પડે. ફરીને રાંધવું ન પડે. ઉદ્દેશિકની દૃષ્ટિએ ન થઈ જાય. એવી પદ્ધતિ છે.

પત્રાંક-૮૬૯

વવાણિયા, ચૈત્ર વદ ૯, ગુરુ, ૧૯૫૫

ૐ નમઃ

પત્ર અને વર્તમાનપત્ર મળ્યાં. 'આચારાંગસૂત્ર'ના એક વાક્ય સંબંધીનું ચર્ચાપત્રાદિ જોયું છે. ઘણું કરી થોડા દિવસમાં કોઈ સુજ્ઞ તરફથી તેનું સમાધાન બહાર પડશે. ત્રણેક દિવસ થયાં અત્ર સ્થિતિ છે.

આત્મહિત અતિ દુર્લભ છે એમ જાણી વિચારવાન પુરુષો અપ્રમત્તપણે તેની ઉપાસના કરે છે. તમારા સમીપવાસી સર્વે આત્માર્થી જનોને યથાવિનય પ્રાપ્ત થાય. ૐ

૮૬૯. 'વાડિલાલ મોતીલાલ' 'મોરબી'. '**પત્ર અને વર્તમાનપત્ર મળ્યાં. 'આચારાંગસૂત્ર'ના એક વાક્ય સંબંધીનું ચર્ચાપત્રાદિ જોયું છે.**' એ વર્તમાનપત્રમાં કોઈ આચારાંગ સૂત્ર ઉપર ચર્ચા આવી હશે. '**ઘણું કરી થોડા દિવસમાં કોઈ સુજ્ઞ તરફથી તેનું સમાધાન બહાર પડશે.**' એટલે કોઈ હોય તો જવાબ. કોઈ ચર્ચા કરી હશે વિરોધમાં કે ગમે તેમ. એનો ખુલાસો કોઈ બહાર પાડશે. નામ પોતે નથી આપ્યું. '**ત્રણેક દિવસ થયાં અત્ર સ્થિતિ છે.**' 'વવાણિયા'થી 'મોરબી' આવેલા છે.

'**આત્મહિત અતિ દુર્લભ છે એમ જાણી વિચારવાન પુરુષો અપ્રમત્તપણે તેની ઉપાસના કરે છે.**' આત્મહિત છે એ ઘણું દુર્લભ છે અને મનુષ્યભવનો કાળ થોડો અને અનિશ્ચિત છે. એક તો અલ્પ છે અને અનિશ્ચિત છે. એમ જાણીને વિચારવાન પુરુષો અપ્રમત્તપણે એટલે ગફલતમાં રહ્યા વિના જાગૃતપણે રહીને તેની ઉપાસના કરે છે. આ વિષયની જાગૃતિ રાખે છે કે આ દુર્લભ કાર્ય છે અને એ કરી લેવા જેવું છે અને કરી જ લેવું જોઈએ એવું એમનું વજન હોય છે.

'**તમારા સમીપવાસી સર્વે આત્માર્થી જનોને યથાવિનય પ્રાપ્ત થાય.**' જે કોઈ એ બાજુના આત્માર્થી છે 'મોરબી'માં.. એટલે પોતે 'મોરબી'થી પત્ર લખ્યો છે અને ...

મુમુક્ષુ :- 'અમદાવાદ'

પૂજ્ય ભાઈશ્રી : 'અમદાવાદ' હા. 'મોરબી' લખાઈ ગયું છે અહીંયાં. પણ 'વાડિલાલ મોતીલાલ' 'અમદાવાદ' હોવું જોઈએ.

મુમુક્ષુ :- 'ખોખારી' જોઈએ...

પૂજ્ય ભાઈશ્રી : 'ખોખારી' ગામ છે એમ ને ? 'ખોખારી' અટક છે કે ગામ છે ?

મુમુક્ષુ :- અટક છે.

પૂજ્ય ભાઈશ્રી :- અટક છે. આમાં હશે ૮૬૯ કોને લખાયો છે. કોને લખાયેલો છો, જુઓને ! ક્યા ગામ લખાયેલો છે ?

મુમુક્ષુ :- 'અમદાવાદ'

પૂજ્ય ભાઈશ્રી : ૮૭૩. 'વાડિલાલ મોતીલાલ ખોખારી' 'મોરબી'થી લખેલો છે અને 'અમદાવાદ' છે. લખવામાં ફેર થયો છે. 'મોરબી'થી તો પત્ર લખેલો છે. પણ ત્યાં બાજુમાં 'મોરબી' લખેલું છે એટલે લખાય ગયું હશે.

કોઈ વર્તમાનપત્ર આવ્યું છે એના સંબંધમાં બિડેલું છે. એની પહોંચ આપી છે. અને એ વિષયમાં ખુલાસો અને સંકેત કરેલો છે.

પત્રાંક-૮૭૦

મોરબી, વૈશાખ સુદ ૬, સોમવાર, ૧૯૫૫

ૐ

આત્માર્થી મુનિવરો હાલ ત્યાં સ્થિત હશે. તેમને સવિનય નીચે પ્રમાણે નિવેદન કરશો.

ધ્યાન, શ્રુતને અનુકૂળ ક્ષેત્રે ચાતુર્માસ કરવા ભગવત્ આજ્ઞાનું સંરક્ષણ થશે. સ્તંભતીર્થમાં જો તે અનુકૂળતા રહી શકે તેમ હો તો તે ક્ષેત્રે ચાતુર્માસ કરતાં આજ્ઞાનું સંરક્ષણ છે.

જે સત્શ્રુતની મુનિ શ્રી દેવકીર્ણાદિએ જિજ્ઞાસા દર્શાવી તે સત્શ્રુત લગભગ એક માસની અંદરમાં પ્રાપ્ત થવા યોગ્ય છે.

જો સ્તંભતીર્થમાં સ્થિતિ ન થાય તો કંઈક અન્ય નિવૃત્તિ ક્ષેત્રે સમાગમ યોગ બની શકે. સ્તંભતીર્થના ચાતુર્માસથી તે બનવું હાલ અશક્ય છે. જ્યાં સુધી બને ત્યાં સુધી કોઈ અન્ય નિવૃત્તિક્ષેત્રની વૃત્તિ રાખશો. કદાપિ બે વિભાગે મુનિઓએ વહેંચાઈ જવું પડે તો તેમ કરવામાં પણ આત્માર્થ દૃષ્ટિએ અનુકૂળ આવશે. અમે સહેજ માત્ર લખ્યું છે. આપ સર્વને જેમ દ્રવ્યક્ષેત્રાદિ જોઈ અનુકૂળ શ્રેયસ્કર લાગે તેમ પ્રવર્તવાનો અધિકાર છે.

એ પ્રમાણે સવિનય નમસ્કારપૂર્વક નિવેદન કરશો. વૈશાખ સુદ પૂર્ણિમા પર્યંત ઘણું કરી આ ક્ષેત્રો તરફ સ્થિતિ થશે. ૐ

૮૭૦મો છે 'લલ્લુજી' ઉપરનો. **'આત્માર્થી મુનિવરો હાલ ત્યાં સ્થિત હશે. તેમને સવિનય નીચે પ્રમાણે નિવેદન કરશો.'** જુઓ ! મુનિવરો લખે છે પણ આત્માર્થી શબ્દ વાપરે છે. આત્માર્થીની ભૂમિકામાં છે ને એટલે. **'તેમને સવિનય નીચે પ્રમાણે નિવેદન કરશો. ધ્યાન, શ્રુતને અનુકૂળ ક્ષેત્રે ચાતુર્માસ કરવાથી ભગવત્ આજ્ઞાનું સંરક્ષણ થશે.'** એટલે નિવૃત્તિ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવો એ યોગ્ય છે. પ્રવૃત્તિ ક્ષેત્રમાં, બહુ મોટા શહેરોની અંદર ચાતુર્માસ કરવો તે યોગ્ય નથી. પણ અત્યારે તો શું વિચારે છે કે શહેરની અંદર વસ્તી ઘણી હોય એટલે ઘણાં જીવોને ધર્મલાભ થાય. પોતાને થાય કે ન થાય પણ બીજાને ધર્મલાભ થાય. પોતાને ન થાય તો બીજાને ક્યાંથી થાય ? પદ્ધતિ બીજાનો વિચાર કરવાની, લોકોનો વિચાર કરવાની મુખ્ય થઈ ગઈ છે.

'સ્તંભતીર્થમાં જો તે અનુકૂળતા રહી શકે તેમ હોય તો તે ક્ષેત્રે ચાતુર્માસ કરતાં આજ્ઞાનું સંરક્ષણ છે.' 'ખંભાત'માં કરવો હોય તોપણ ઠીક છે એમ પોતે સલાહ આપી છે. **'જે સત્શ્રુતની મુનિ શ્રી દેવકીર્ણાદિએ જિજ્ઞાસા દર્શાવી તે સત્શ્રુત લગભગ એક માસની અંદરમાં પ્રાપ્ત થવા યોગ્ય છે.'** કોઈ ગ્રંથ મગાવેલો છે અને એ ગ્રંથ એકાદ મહિનામાં એમને મળી જશે એ જણાવ્યું છે. **'જો સ્તંભતીર્થમાં સ્થિતિ ન થાય તો કંઈક અન્ય નિવૃત્તિક્ષેત્રે સમાગમ યોગ બની શકે.'** એટલે પોતે પણ કદાચ આવે. કેમકે એમને તો ચાતુર્માસમાં હરવા-ફરવાનો કાંઈ પ્રતિબંધ ગૃહસ્થને હિસાબે નથી. તો કોઈ નિવૃત્તિ ક્ષેત્રે હશે તો કદાચ અમારો સમાગમ પણ બની શકશે.

'સ્તંભતીર્થના ચાતુર્માસથી તે બનવું હાલ અશક્ય છે.' સ્તંભતીર્થના ચાતુર્માસથી તે બનવું હાલ અશક્ય છે એટલે 'ખંભાત' અમે નહિ આવીએ. એમ. **'જ્યાં સુધી બને ત્યાં સુધી કોઈ અન્ય નિવૃત્તિક્ષેત્રની વૃત્તિ રાખશો.'** 'ખંભાત' સિવાય અને કોઈ મોટા શહેર સિવાય. **'કદાપિ બે વિભાગે મુનિઓએ વહેંચાઈ જવું પડે તો તેમ કરવામાં પણ આત્માર્થ દૃષ્ટિએ અનુકૂળ આવશે.'** બે વિભાગમાં શું કે ઘણા દિવસો રહેવાનું હોય અને એક જ સમાજ ઉપર એક સાથે સાત-આઠ જણાનો બોજો આવે તો બે-ત્રણ-ચાર જણા વહેંચાય જાય એ પણ ઠીક છે. સાત-આઠ જણા હોય અને બે-ચાર દિવસ રહેવાના હોય કે આઠ-દસ દિવસ રહેવાના હોય તો ઠીક છે. પણ ચાર મહિના, સાડા ચાર મહિના રોકાવાના હોય તો એ સમાજ ઉપર બોજો આવે. એટલે વહેંચાઈ જવાની પણ વાત લખી છે.

'અમે સહેજ માત્ર લખ્યું છે. આપ સર્વને જેમ દ્રવ્યક્ષેત્રાદિ જોઈ અનુકૂળ શ્રેયસ્કર લાગે તેમ પ્રવર્તવાનો અધિકાર છે.' આ તો એક અમારી સામાન્ય સૂચના છે.

બાકી તમને ઠીક પડે એમ કરજો. **'એ પ્રમાણે સવિનય નમસ્કારપૂર્વક નિવેદન કરશો. વૈશાખ સુદ પૂર્ણિમા પર્યંત ઘણું કરી આ ક્ષેત્રો તરફ સ્થિતિ થશે.'** એટલે ચૈત્ર મહિનામાં પત્ર લખે છે. હજી વૈશાખ સુદ પૂનમ સુધી એ બાજુ જ રહેવાના છે. 'વવાણિયા-મોરબી' બાજુ. કોઈ તત્ત્વનો વિષય આ પત્રોમાં હજી નથી ચર્ચાણો. એમના વિહાર સંબંધી પત્રવ્યવહાર ચાલ્યો છે.

પત્રાંક-૮૭૧

મોરબી, વૈશાખ સુદ ૭, ૧૯૫૫

ૐ

જો કોઈ નિવૃત્તિવાળા અન્ય ક્ષેત્રમાં વર્ષા-ચાતુર્માસનો યોગ બને તો તેમ કર્તવ્ય છે. અથવા સ્તંભતીર્થે ચાતુર્માસથી અનુકૂળતા રહે એમ જણાય તો તેમ કર્તવ્ય છે.

ધ્યાન, શ્રુતને ઉપકારક એવી યોગવાઈવાળા ગમે તે ક્ષેત્રે ચાતુર્માસની સ્થિતિ થવાની આજ્ઞાનો અતિક્રમ નથી, એમ મુનિ શ્રી દેવકીર્ણાદિને સવિનય જણાવશો.

અત્રે તરફ એક અઠવાડિયા પર્યંત સ્થિતિનો સંભવ છે. શ્રી વવાણિયે આજે ઘણું કરીને જવું થશે. ત્યાં એક અઠવાડિયા સુધી સ્થિતિ સંભવે છે.

જે સત્શ્રુતની જિજ્ઞાસા છે, તે સત્શ્રુત થોડા દિવસમાં પ્રાપ્ત થવાનો સંભવ છે એમ મુનિશ્રીને નિવેદન કરશો.

વીતરાગ સન્માર્ગની ઉપાસનામાં વીર્ય ઉત્સાહમાન કરશો.

૮૭૧ પણ 'લઘુજી' ઉપરનો છે. **'જો કોઈ નિવૃત્તિવાળા અન્ય ક્ષેત્રમાં વર્ષા-ચાતુર્માસનો યોગ બને તો તેમ કર્તવ્ય છે. અથવા સ્તંભતીર્થે ચાતુર્માસથી અનુકૂળતા રહે તો એમ જણાય તો તેમ કર્તવ્ય છે. ધ્યાન, શ્રુતને ઉપકારક એવી યોગવાઈવાળા ગમે તે ક્ષેત્રે ચાતુર્માસની સ્થિતિ થવાથી આજ્ઞાનો અતિક્રમ નથી, એમ મુનિશ્રી દેવકીર્ણાદિને સવિનય જણાવશો.'** એ પણ એ જ સૂચનાનો પત્ર છે. **'અત્રે તરફ એક અઠવાડિયા પર્યંત સ્થિતિનો સંભવ છે. શ્રી વવાણિયે આજે ઘણું કરીને જવું થશે. ત્યાં એક અઠવાડિયા સુધી સ્થિતિ સંભવે છે.'** 'મોરબી'થી 'વવાણિયા' જવાના છે.

'જે સત્શ્રુતની જિજ્ઞાસા છે, તે સત્શ્રુત થોડા દિવસમાં પ્રાપ્ત થવાનો સંભવ છે

એમ મુનિશ્રીને નિવેદન કરશો.' એટલે કોઈ શાસ્ત્ર મોકલવાની વાત જે આગળના પત્રમાં છે એ જ વાતને અહીંયાં પણ દોહરાવી છે. બીજે દિવસે જ પત્ર લખ્યો છે ને ? વૈશાખ મહિનામાં સુદ છઠ પછી સુદ સાતમે લખ્યો છે. 'વીતરાગ સન્માર્ગની ઉપાસનામાં વીર્ય ઉત્સાહમાન કરશો.' એટલે સન્માર્ગની ઉપાસનામાં ઉત્સાહિત વીર્યથી પ્રવર્તજો. આત્મહિતનું, આત્મલાભનું મહાન કારણ છે એમ જાણીને ઉત્સાહમાં રહેજો. જરા પણ શિથિલતા નહિ રાખતા. એમ.

પત્રાંક-૮૭૨

વવાણિયા, વૈશાખ સુદ ૭, ૧૯૫૫

ૐ

ગૃહવાસનો જેને ઉદય વર્તે છે, તે જો કંઈ પણ શુભ ધ્યાનની પ્રાપ્તિ ઈચ્છતા હોય તો તેના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તનપૂર્વક રહેવું યોગ્ય છે. જે અમુક નિયમમાં 'ન્યાયસંપન્ન આજીવિકાદિ વ્યવહાર' તે પહેલા નિયમ સાધ્ય કરવો ઘટે છે. એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે. આ પ્રથમ નિયમ ઉપર જો ધ્યાન આપવામાં આવે, અને તે નિયમને સિદ્ધ જ કરવામાં આવે તો કષાયાદિ સ્વભાવથી મંદ પડવા યોગ્ય થાય છે, અથવા જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે, જે પર ધ્યાન આપવું યોગ્ય છે.

૮૭૨. એ છે 'મનસુખભાઈ દેવશી', 'લીંબડી' ઉપરનો પત્ર છે. '**ગૃહવાસનો જેને ઉદય વર્તે છે, તે જો કંઈ પણ શુભ ધ્યાનની પ્રાપ્તિ ઈચ્છતા હોય તો તેના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તનપૂર્વક રહેવું યોગ્ય છે.**' શું અહીંયાં માર્ગદર્શન આપ્યું છે ? કે સામાન્ય રીતે મુમુક્ષુજીવ ગૃહવાસમાં વર્તે છે. કોઈ ત્યાગી હોય એની જુદી વાત છે. સામાન્યપણે અને આ જેને પત્ર લખે છે એ તો ગૃહવાસમાં વર્તે છે. તો ગૃહવાસનો જેને ઉદય હોય, તે જો કાંઈ પણ શુભ ધ્યાનની પ્રવૃત્તિ ઈચ્છતા હોય એટલે એને તો અશુભ વધી જાય. ગૃહવાસમાં વર્તવાવાળાને તો કુટુંબ-પરિવાર અને વ્યવસાયના કારણે અશુભ વધી જાય છે એટલે એનું અશુભ ધ્યાન પણ વધી જાય છે. તો એણે કાંઈપણ એ ઘટાડો કરવો, એણે શુભધ્યાનમાં રહેવું હોય એવું '**ઈચ્છતા હોય તો એ શુભધ્યાનના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તનપૂર્વક રહેવું યોગ્ય છે.**' એણે કેટલોક

નિમય કરી નાખવો જોઈએ કે જેને લઈને એની વર્તના છે એ એને કારણે અશુભ ઘટી જાય. એવું સદ્વર્તન રાખવું જોઈએ. જેમકે વ્યવસાય હોય તો એની અંદર પ્રમાણિકતાથી વ્યવસાય કરવો વગેરે. અર્થ ઉપાર્જન કરવું હોય તોપણ પ્રમાણિકતા રાખવી. અથવા બીજા કોઈની પણ સાથે જે કાંઈ વ્યવહાર છે એ વ્યવહારની અંદર કષાયની તીવ્રતા ન થાય એ પ્રકારના પોતાના વ્યવહારની ગોઠવણી રાખવી યોગ્ય છે.

જે અમુક નિયમમાં 'ન્યાયસંપન્ન આજીવિકાદિ વ્યવહાર'' એ જ વિસ્તાર કર્યો છે કે **'જે અમુક નિયમમાં 'ન્યાયસંપન્ન આજીવિકાદિ વ્યવહાર' તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે.'** આ વાત પહેલી રાખવી એમ કહે (છે). એમાં અભિપ્રાય ફેર થઈ જાય તો માણસ ગમે તેટલું ખોટું કરી નાખે છે. જેમ કે એમ વિચારે કે ખોટું કર્યા વગર ચાલે જ નહિ. હવે એ અભિપ્રાયનો દોષ એવો છે કે ગમે તેટલું ખોટું કરી નાખશે. તો ખોટું કરવું ન જોઈએ પછી જે થઈ જાય. અભિપ્રાયમાં એમ હોય કે આપણે ખોટું, અન્યાય સંપન્ન મેળવવું ન જોઈએ એવો અભિપ્રાય થયા પછી કોઈ પોતાને દોષ થઈ જાય તો એને એનો ખેદ થાય, એ સંબંધી જાગૃતિ રહે અને એ ઘટાડવાનો એ પ્રયત્ન કરે, ત્યાંથી છૂટવાનો પ્રયત્ન કરે એમ થાય. એટલે પહેલો નિયમ તે સાધ્ય કરવો ઘટે છે. અને એમાં અભિપ્રાય તો સ્પષ્ટ થઈ જવો જોઈએ. અભિપ્રાય ખોટું કરવાનો હોય તો એ દોષ સુધરવો કોઈ રીતે સંભવ નથી. નહિતર અભિપ્રાય વિરૂદ્ધ પરિણામ થાય તો એ દોષ સુધરવાનો અવકાશ છે. એટલે એ નિયમ પહેલો સાધ્ય કરવો ઘટે છે.

'એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે.' જોયું ! એ નિયમ જ ન રાખ્યો હોય તો આત્મગુણોની ઉત્પત્તિ થવાની પછી આગળ યોગ્યતા પ્રાપ્ત જ થતી નથી, પાત્રતા જ આવતી નથી. માટે પાત્રતા જ્યાં નથી આવતી ત્યાં પછી આગળની કોઈ વાત, આત્મલાભની ઉત્પન્ન થવાનો અવસર જ આવતો નથી. એટલે **'આ પ્રથમ નિયમ ઉપર જો ધ્યાન આપવામાં આવે, અને તે નિયમને સિદ્ધ કરવામાં આવે...'** ધ્યાન આપવામાં આવે, લક્ષ આપવામાં આવે અને એનો પ્રયત્ન કરવામાં આવે, એ નિયમને સફળ કરવા માટે જીવ પ્રયત્નવાન હોય **'તો કષાયાદિ સ્વભાવથી મંદ પડવા યોગ્ય થાય છે,...'** તો એ જીવનો કષાય મંદ પડી જાય છે.

સામાન્ય રીતે તો આત્માર્થી જીવને વિશેષ જરૂરિયાત પોતાને નહિ હોવાને લીધે એ વિશેષ અનીતિથી મેળવવાની પ્રવૃત્તિઓમાં જવાનું એ પોતે બંધ રાખી દે છે. અને જે કાંઈ વર્તમાન વ્યવસાય હોય એમાં પણ કેવી રીતે સંક્ષેપ કરવો અને કેવી રીતે નિવૃત્ત થઈને આત્મલાભના કાર્યમાં પ્રવર્તવું, આત્માર્થમાં પ્રવર્તવું એ જ મુખ્ય વિચારણાને

અનુસરીને એ પોતાનું બાહ્ય જીવન ગોઠવે છે. એવી એમાં ગોઠવણી હોય છે. એટલે સહેજે સહેજે કષાય મંદ રહે છે. અથવા જેને દર્શનમોહ મંદ કરવાનો પ્રયત્ન વર્તે છે તેને ચારિત્રમોહ તો મંદ કરવાનો પ્રયત્ન હોય, હોય ને હોય જ.

'અથવા જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે,...' એકલો કાંઈ અહીં મંદ કષાયનો ઉપદેશ નથી, માત્ર અહીંયાં મંદ કષાયનો ઉપદેશ નથી પણ જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે એટલે કે જ્ઞાનીના માર્ગે ચડવા બાજુ જાય છે, એટલે દર્શનમોહની મંદતામાં જાય છે, પાત્રતામાં આવે છે **'જે પર ધ્યાન આપવું યોગ્ય છે.'** અને આ ઉપર પણ તમારે ધ્યાન દેવું યોગ્ય છે. કેમકે આ ભાઈ છે એ આમ સારા પ્રમાણિક હતા. એમના પત્રો આપણે 'વવાણિયા'માં જોયા હતા. બહુ પ્રમાણિક માણસ હતા. વેપારમાં ખોટ ગઈ છે. વચમાં આ જ આવે છે ને ? 'ભાવનગર'માં નોકરી કરવા પણ આવ્યા છે. એ આત્માર્થી માણસ છે. કાંઈ પોતે પત્ર લખ્યો હશે અને એ વિષયમાં માર્ગદર્શન આપ્યું છે આ પત્રમાં. ૮૭૨ થયો એ.

પત્રાંક-૮૭૩

ઈડર, વૈશાખ વદ ૬, મંગળવાર, ૧૯૫૫

ૐ

શનિવાર પર્યંત અહીં સ્થિરતા સંભવે છે. રવિવારે તે ક્ષેત્રે આગમન થવાનો સંભવ છે.

આથી કરીને મુનિશ્રીને ચાતુર્માસ કરવા યોગ્ય ક્ષેત્રે વિચરવાની ત્વરા હોય, તે વિષે કંઈ સંકોચ પ્રાપ્ત થતો હોય, તો આ કાગળ પ્રાપ્ત થયેથી જણાવશો તો એક દિવસ અત્ર ઓછી સ્થિરતા કરવાનું થશે.

નિવૃત્તિનો યોગ તે ક્ષેત્રે વિશેષ છે, તો 'કાર્તિકેયાનુપ્રેક્ષા'નું વારંવાર નિદિધ્યાસન કર્તવ્ય છે એમ મુનિશ્રીને યથાવિનય જણાવવું યોગ્ય છે.

બાહ્યાભ્યંતર અસંગપણું પામ્યા છે એવા મહાત્માઓને સંસારનો અંત સમીપ છે, એવો નિઃસંદેહ જ્ઞાનીનો નિશ્ચય છે.

૮૭૩. એ 'લલ્લુજી' ઉપરનો છે અને પોતે 'ઈડર' આવ્યા છે. પાછા ફરીને પોતે ૩૨મા વર્ષમાં પણ છેલ્લે 'ઈડર' આવ્યા છે. આ બે વર્ષનું આયુષ્ય બાકી છે ને ? વૈશાખ વદ છઠ છે ને ? ૩૩. ૩૪ના ચૈત્ર વદ પાંચમે દેહાંત છે.

મુમુક્ષુ :- માગશર મહિનામાં 'ઈડર' આવ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. માગશરમાં આવ્યા હતા. પછા વૈશાખ મહિનામાં ફરીને 'ઈડર' આવ્યા છે. 'વવાણિયા'થી પછી 'ઈડર' આવેલા છે.

'શનિવાર પર્યંત અહીં સ્થિરતા સંભવે છે.' મંગળવારે પત્ર લખ્યો છે અને શનિવાર સુધી રોકાવાના છે. **'રવિવારે તે ક્ષેત્રે આગમન થવાનો સંભવ છે.'** આ મુનિઓ ઉત્તર ગુજરાતમાં છે ને ? એટલે રવિવારે જ્યાં આ લોકો છે ત્યાં આવવાનો સંભવ છે. **'આથી કરીને મુનિશ્રીને ચાતુર્માસ કરવા યોગ્ય ક્ષેત્રે વિચારવાની ત્વરા હોય, તે વિષે કંઈ સંકોચ પ્રાપ્ત થતો હોય, તો આ કાગળ પ્રાપ્ત થયેથી જણાવશો તો એક દિવસ અત્ર ઓછી સ્થિરતા કરવાનું થશે.'** હવે એ વિષયની અંદર કોઈ નિર્ણય કરવો છે તો એક દિવસ વહેલા નીકળીને મળવાનું થશે. અને મળીને કાંઈ નિર્ણય કરી લઈશું. હજી નિર્ણય નથી કરી શક્યા કે કઈ જગ્યાએ ચાતુર્માસ કરવો.

'નિવૃત્તિનો યોગ તે ક્ષેત્રે વિશેષ છે,...' એટલે જ્યાં અત્યારે આ.. ક્યાં પત્ર લખ્યો છે એમાં નથી લખ્યું. ગામનું નામ નથી લખ્યું. આગળના પત્રમાં ક્યાંક હોવું જોઈએ. આગળના કોઈ પત્રમાં પણ નથી. આમ તો લગભગ એમણે પત્ર ૮૬૭થી આપણે લખે છે એમ સમજોને. ૮૬૫ થી.

મુમુક્ષુ :- ૮૭૧માં 'ખંભાત' છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'ખંભાત' છે ? ૮૭૧માં 'ખંભાત' લખ્યું છે ?

'નિવૃત્તિનો યોગ તે ક્ષેત્રે વિશેષ છે, તો 'કાર્તિકેયાનુપ્રેક્ષા'નું વારંવાર નિદિધ્યાસન કર્તવ્ય છે, એમ મુનિશ્રીને યથાવિનય જણાવવું યોગ્ય છે.' એટલે ત્યાં નિવૃત્તિમાં એ ક્ષેત્રમાં વિશેષ નિવૃત્તિ છે. 'કાર્તકેયાનુપ્રેક્ષા' વારંવાર વાંચજો. **'બાહ્યાભ્યંતર અસંગપણું પામ્યા છે એવા મહાત્માઓને સંસારનો અંત સમીપ છે, એવો નિઃસંદેહ જ્ઞાનીનો નિશ્ચય છે.'** જે જીવો બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારે અસંગપણું પામ્યા છે એટલે અંતરંગ પણ પરિણામ જેના છૂટી ગયા છે. બહારમાં તો જંગલમાં રહે જ છે પણ અંતરંગથી પણ જેના પરિણામ લોક પરિચય કરવાના છૂટી ગયા છે. **'એવા મહાત્માઓને સંસારનો અંત સમીપ છે,...'** એવા મુનિદશામાં જે આવ્યા હોય...

'ગુરુદેવ' પણ કહેતા કે આ કાળમાં કોઈ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના પુરુષાર્થને યોગે આવે એટલે મુનિદશા સુધી પહોંચે એ પ્રાયઃ એકાવતારી જ હોય. 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' એ બધાની વાત કરતા કરતા કોઈ વાર આવી રીતે વાત કરતા હતા. કેમકે આ દુષમકાળમાં મુનિપદ સુધીના પુરુષાર્થમાં, ભાવલિંગી મુનિપદ સુધીમાં આવવું

એ ઘણા પુરુષાર્થનો પ્રકાર છે. અને એના પ્રમાણમાં કાળ ઘણો હીણો છે. કેમકે બાહ્ય વ્યવસ્થા સચવાય એવી પરિસ્થિતિ શ્રાવક સમાજની નથી. છતાં કોઈ આવી જાય છે તો એનો ઘણો અલ્પ સંસાર હોય છે. એમ નિઃશંક (લાગે છે).

અહીંયાં તો એમણે એમ લખ્યું છે કે નિઃશંક એમ લાગે છે. અમને નિઃસંદેહ જ્ઞાનીઓનો આ નિશ્ચય છે. એટલું પોતાને નિઃશંકપણે લાગ્યું છે. કેમકે પોતાનો પુરુષાર્થ એકાવતારીપણાનો ગૃહસ્થમાં જોયો તો આથી આગળ હવે મુનિપણું તો છે. જે પુરુષાર્થમાં પોતે વર્તતા હતા આ પુરુષાર્થ એકાવતારીપણાનો હતો. મુનિદશા તો એથી આગળની હતી. '**એવો નિઃસંદેહ જ્ઞાનીનો નિશ્ચય છે.**' ૮૭૩ થયો એ. નીચે ક્યાંય પોતે લિખિતન કરીને સહી નથી કરતા. એમ જ પત્ર મૂકી દે છે.

પત્રાંક-૮૭૪

ઈડર, વૈશાખ વદ ૧૦, શનિવાર, ૧૯૫૫

ૐ

હવે સ્તંભતીર્થથી કિસનદાસજી કૃત 'ક્રિયાકોષ'નું પુસ્તક પ્રાપ્ત થયું હશે. તેનું આદ્યંત અધ્યયન કર્યા પછી સુગમ ભાષામાં એક નિબંધ તે વિષે લખવાથી વિશેષ અનુપ્રેક્ષા થશે; અને તેવી ક્રિયાનું વર્તન પણ સુગમ છે એમ સ્પષ્ટતા થશે, એમ સંભવ છે. સોમવાર પર્યંત અત્રે સ્થિતિનો સંભવ છે. રાજનગરમાં પરમ તત્ત્વદૃષ્ટિનો પ્રસંગોપાત્ત ઉપદેશ થયો હતો, તે અપ્રમત્ત ચિત્તથી વારંવાર એકાંતયોગમાં સ્મરણ કરવા યોગ્ય છે. એ જ વિનંતિ.

પછી 'ઈડર' આવ્યા છે. 'ઈડર'થી પત્ર લખે છે શનિવારે. 'સુખલાલ છગનલાલ' 'વિરમગામ'ના મુમુક્ષુ છે. એને પત્ર લખ્યો છે. પુસ્તકો સંબંધીના પત્રો એમને લખતા. ગમે તે (હોય) એની પાસે કોઈ દિંગબર સાહિત્યનો Source હોવો જોઈએ કોઈ. ઉપલબ્ધ થવાનું કારણ હોવું જોઈએ. લગભગ કોઈ શાસ્ત્ર મંગાવવા-કરવા હોય તો એ પત્ર આ મુમુક્ષુને એમણે અગાઉ પણ લખેલા છે.

'**હવે સ્તંભતીર્થથી કિસનદાસજી કૃત 'ક્રિયાકોષ'નું પુસ્તક પ્રાપ્ત થયું હશે.**' આ 'ક્રિયાકોષ' નામનું પુસ્તક ત્યાંથી 'અગાસ'થી અત્યારે પણ પ્રકાશિત થયેલું છે. કોઈ 'કિસનદાસજી' કરીને છે. '**તેમનું આદ્યંત અધ્યયન કર્યા પછી સુગમ ભાષામાં એક નિબંધ તે વિષે લખવાથી વિશેષ અનુપ્રેક્ષા થશે;...**' એટલે એનું અધ્યયન કર્યા પછી એ શું વિષય છે એના ઉપર તમે એક નિબંધ જેવું લખશો તો તમને એ ગ્રંથના

અધ્યયનની વધારે અનુપ્રેક્ષા થશે. એટલે તમારે વિચારવું પડે. જ્યારે એ પુસ્તક ઉપર જ લખવું હોય તો પોતે શું વાંચ્યું છે એ વિચારીને લખે કે એમ ને એમ લખે ? પ્રાયઃ તો કોઈ માણસો, મુમુક્ષુ ગ્રંથ વાંચે છે અને એ વિસ્મૃત થઈ જાય છે કે મેં શું વાંચ્યું અને એમાં શું વિષય હતો ? પણ વારંવાર જો એ ગ્રંથ વાંચે તો પછી વિસ્મરણ ન થાય. જેમકે આપણે 'સમયસાર' અનેકવાર વાંચીએ તો ક્યા કઈ ગાથા છે, ક્યા ક્યો અધિકાર છે, શું છે એ બધું લગભગ ખ્યાલમાં હોય. કેમકે એ વારંવાર અનુપ્રેક્ષા થયેલી હોય છે.

મુમુક્ષુ :- શેના ઉપર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- યાદ નથી. 'ક્રિયાકોષ'ની અંદર શું વિષય છે. જોયો તો છે. આપણે આ વખતે 'અગાસ' ગયા ત્યારે લીધો હતો. જોઈ લીધો છે. વાંચ્યો તો છે પણ યાદ નથી રહ્યું શું છે એમાં.

મુમુક્ષુ :- .. દિગંબર...

પૂજ્ય ભાઈશ્રી :- આ 'કિસનદાસજી'નો ? નહિ. દિગંબર નથી ? તો બે ક્રિયાકોષ છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ લોકોએ બંને પ્રકાશિત કર્યા છે ? ત્યાંથી તો આપણે લીધું હતું એ 'કિસનદાસજી'નું છે. 'અગાસ'થી આપણે એ વખતે લાવેલા છીએ. એ 'ક્રિયાકોષ' અને એક બીજો બે ગ્રંથ લાવ્યા હતા. બે ગ્રંથના નામ આમાં આવે છે. એટલે એ લોકોએ સંસ્થા તરફથી પ્રકાશિત કરેલું છે.

'**અને તેવી ક્રિયાનું વર્તન પણ સુગમ છે એમ સ્પષ્ટતા થશે,...**' અને જે ક્રિયાનો ત્યાં વિસ્તાર ચાલ્યો છે એ ક્રિયાનું વર્તન કરવું સુગમ છે એમ પણ તમને સમજાય જશે. '**સ્પષ્ટતા થશે, એમ સંભવ છે. સોમવાર પર્યંત અત્રે સ્થિતિનો સંભવ છે.**' પહેલા શનિવાર સુધી લખ્યું હતું ને ? હવે બે દિવસ લંબાવ્યું છે. '**સોમવાર પર્યંત અત્રે સ્થિતિનો સંભવ છે. રાજનગરમાં પરમ તત્ત્વદૃષ્ટિનો પ્રસંગોપાત્ત ઉપદેશ થયો હતો, તે અપ્રમત્ત ચિત્તથી વારંવાર એકાંતયોગમાં સ્મરણ કરવા યોગ્ય છે.**' એટલે જ્યારે 'ઈડર' આવ્યા હશે ત્યારે 'રાજનગર' થઈને આવ્યા હશે. 'રાજનગર' છે એ 'અમદાવાદ'ની બાજુનું પરુ છે. અત્યારે તો 'અમદાવાદ'માં જ ભળી ગયું છે. 'વીરનગર' Side માં 'રાજનગર' કરીને પરુ છે. અત્યારે તો 'અમદાવાદ'નો જ Area ગણાય છે. એ વખતે 'અમદાવાદ' એટલું મોટું નહિ હોય. એટલે 'રાજનગર'માં ક્યાંક રોકાણા હશે. અને એ વખતે બધા મુમુક્ષુઓ પણ ત્યાં મળ્યા હશે. 'વિરમગામ'થી આ 'સુખલાલભાઈ' પણ ત્યાં ગયા હશે. એટલે ત્યાં જે તત્ત્વચર્ચા થયેલી એ તત્ત્વચર્ચા બહુ

સારી થઈ હશે એટલે એમ કહે છે કે જરા એમાં જાગૃતિ લાવીને, અપ્રમત્ત ચિત્તથી એટલે શું કે જરાક એ વિષયમાં સાવધાન થઈને, જાગૃત થઈને, ગંભીરતા લાવીને એ વિષય ઉપર તમે વધારે વિચાર કરજો. એ ચર્ચા કાંઈક લાભ થાય એવી ચર્ચા થઈ છે. એમ એમણે ધ્યાન ખેંચ્યું છે.

ઘણીવાર શું થાય છે કે કોઈ એવી સારી વાત નીકળી ગઈ હોય અને એમને એમ ખ્યાલ ગયો હોય કે જેટલું લક્ષ જવું જોઈએ એટલું શ્રોતાઓનું લક્ષ નથી ગયું. એ વિષય ઉપર જે ગંભીરતા વિષયની ભાસવી જોઈએ અને મહત્તા ભાસવી જોઈએ એ નથી ભાસી તો ફરીને પણ ધ્યાન ખેંચ્યું છે કે આ વિષય ચાલી ગયો હતો એ ફરીને તમે યાદ કરી અને એના ઉપર જરા વધારે સ્મરણ કરજો. એકાંતયોગમાં વધારે ધ્યાન દેજો.

'**વારંવાર એકાંતયોગમાં સ્મરણ કરવા યોગ્ય છે.**' એટલે કોઈ વાત સારી ચાલી ગઈ છે. એમ કહેવાનો ત્યાં એમનો વિચાર છે કે ત્યાં જે પ્રસંગોપાત વાત ચાલી છે એ વાત ઘણી સારી ચાલી ગઈ છે. તમારું ધ્યાન ન ગયું હોય તો ફરીને એ વાતનું સ્મરણ કરજો.

... ઘણું કરીને છેલ્લે છેલ્લે 'મુંબઈ' આવ્યા છે. તો ઠેઠ આસો મહિના સુધી 'મુંબઈ' છે. મહા મહિના સુધી 'મુંબઈ' છે, લ્યો. છેવટે મહા મહિના સુધી ૩૩મા વર્ષમાં 'મુંબઈ' છે. પછી જે 'ધર્મપુર'ના પત્રો છે એ 'ધર્મપુર' અહીં આવ્યું 'પેટલાદ' પાસે. 'પેટલાદ' ને આ સ્વામિનારાયણની ગાદી છે ને 'બોરસદ-બોરસદ' બાજુમાં છે. એ 'ધર્મપુર' છે. 'ધર્મજ' પણ છે અને 'ધર્મપુર' પણ છે. 'ધર્મપુર'નો Milestone આવે છે. આપણે 'વાસદ'થી આ બાજુ 'પેટલાદ' ચોકડી તરફ વળી જઈએ તો વચમાં 'બોરસદ' પાસે 'ધર્મપુર'નો Milestone આવે છે. અને ત્યાં તબિયત તેમની અસ્વસ્થ રહી છે. મુંબઈ છોડ્યું છે ત્યારથી તબિયત અસ્વસ્થ રહી છે. આ જગ્યાએ જે 'જવલબેન'ના સસરા છે એમની સાથે ત્યાં 'ધર્મપુર'માં રહ્યા છે. એ સરકારી Engineer હતા અને પછી નિવૃત્ત થઈને ત્યાં 'ધર્મપુર'માં રહ્યા છે. પોતે પણ એમની સાથે રહ્યા છે. પછી એમના જે દીકરા છે એમની સાથે પછી બેનનું-દીકરીનું સગપણ કર્યું છે. લગભગ ત્યાં એ દિવસોમાં રહેવાનું થયું છે. આ જે એમના સગા તરફથી જે ઇતિહાસ થોડો બહાર પડ્યો છે. એમના દીકરીના દીકરાઓ તરફથી જે 'મનુભાઈ' ને એ લોકોએ પુસ્તક બહાર પાડ્યું છે એમાં એ વાત લખી છે કે અમારા દાદાને 'ધર્મપુર'માં નિવૃત્તિક્ષેત્રમાં 'કૃપાળુદેવ' સાથે રહ્યા હતા. ત્યારે વિશેષ એમને લાભ થયો હતો. પછી અમારા પિતાશ્રીના સંબંધ ને એ બધું થયું છે. એ આ છેલ્લે છેલ્લે 'ધર્મપુર' આવ્યા છે. એ દિવસોમાં ત્યાં ઠીક-ઠીક રોકાણા છે.

પત્રાંક-૮૭૫

મુંબઈ, જેઠ, ૧૯૫૫

ૐ

પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમ ભક્તિથી
સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.

અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ ! સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત; - છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૮૭૫. 'લઘુજીમુનિ' ઉપરનો પત્ર છે. '**પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.**' જુઓ ! હવે બહુમાનથી પત્ર લખ્યો છે. આ જગ્યાએથી એમણે ઠીક ઠીક માનથી એમણે સંબોધન કર્યું છે. '**અહો સત્પુરુષના વચનામૃત,...**' મૂળ તો શું કે આ એક પત્ર છે કે જેની અંદર સત્પુરુષનો મહિમા એમણે કર્યો છે. આ પત્ર ઉપરથી અત્યારે જે એ લોકો સ્તુતિ બોલે છે. '**અહો શ્રી સત્પુરુષ કે વચનામૃતમ જગ હિતકરમ્**' એ આ પત્ર ઉપરથી બનાવેલું પદ છે. એટલે આમાં જેટલી જેટલી વાત લખી છે એટલી એ કવિતમાં પછી ઉતારી છે. જેણે એ પદ બનાવ્યું છે એમણે. મંગળાચરણમાં આ પદ એ લોકો ખાસ બોલે છે.

'**અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !**' સત્પુરુષના વચનામૃત છે એ પરમ મહિમા કરવા યોગ્ય છે. એમની મુદ્રા પણ પરમ મહિમા કરવા યોગ્ય છે અને એમનો સત્સમાગમ પણ મહિમા કરવા યોગ્ય છે. કેમ ? કે '**સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,...**' છે. એમના વચનો છે એ અનાદિથી મોહનિંદ્રામાં સુતેલા આત્માને જાગૃત કરનાર છે. સુષુપ્ત અવસ્થા એ ગાઢ નિંદ્રાની અવસ્થા છે. એને સુષુપ્તિ કહે છે. ઘણી ઊંઘ આવી જાય અને પોતે પડખું ફરે એ ખબર ન પડે, કોઈ મોટો અવાજ થાય તો ખબર ન પડે. ઢંઢોળીને ઉઠાડવા પડે એવી ગાઢ નિંદ્રાને સુષુપ્તિ કહેવામાં આવે છે. એટલે મોહનિંદ્રા એટલી બધી જીવની છે કે એ સુષુપ્ત થઈ ગયો છે. એ વચનામૃત છે એ સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર છે. સત્પુરુષની મુદ્રા છે એ પણ સુષુપ્ત ચેતનને જાગૃત

કરનાર છે. અને એમનો સત્સમાગમ પણ સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર છે. એ બધે લાગુ પાડવું.

'પડતી વૃત્તિને સ્થિર રાખનાર,...' છે. એ પણ ત્રણેમાં લઈ લેવું. કે એ એમના વચનામૃત પણ પડતી વૃત્તિને સ્થિર રાખનાર છે. એટલે નીચે નીચેના પરિણામ થતા હોય, હીણા હીણા પરિણામ થતા હોય એને એ અટકાવી દેનાર છે. દર્શનમાત્રથી પણ એ પરિણામો અટકી જાય, એમ કહે છે. અને એમના સમાગમથી પણ જે મુમુક્ષુની કોઈ વૃત્તિ પડતી હોય તો સ્થિર થઈ જાય છે.

'દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક,...' છે. સવાલ એટલો જ છે કે ભાવથી દર્શન કરવા જોઈએ. એ 'ગુરુદેવે' 'પૂજ્ય બહેનશ્રી' માટે એ વાત લખી છે. કોઈ ભાવથી દર્શન કરશે તો લાભ થશે એમ કરીને લીધું છે. 'ધન્ય અવતાર'માં એક વાત એવી લીધી છે. એ માર્મિક લીધી છે.

'દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક,...' પોતાનો જે અપૂર્વ સ્વભાવ છે, પવિત્ર સ્વભાવ છે એની ઝલક એમની મુદ્રામાં હોય છે તો દર્શનમાત્રથી એની પ્રેરણા થાય છે. સ્વભાવ શું ચીજ છે એની પ્રેરણા થાય છે. લ્યો ! ઉપદેશ આપે એમાં તો પ્રેરણા થાય એ સમજી શકાય એવી વાત છે. વગર ઉપદેશે પ્રેરણા થાય એવી વાત છે. દૃષ્ટિ જોઈએ. ખરી વાત એ છે કે એમાં દૃષ્ટિ જોઈએ. એટલે દૃષ્ટિકોણ હોવો જોઈએ. જો ઓળખાણ હોય તો. નહિતર તો મનુષ્ય આકૃતિ તો મનુષ્ય આકૃતિ છે. અને એ મનુષ્ય આકૃતિમાં કોઈ નિયમ નથી કે આવી જ હોવી જોઈએ. એવો કોઈ નિયમ નથી કે આવી જ મુખાકૃતિ હોવી જોઈએ. કાન તો લાંબા જ હોવા જોઈએ, ફલાણું તો આમ જ હોવું જોઈએ. હોઠ તો આવા જ હોવા જોઈએ, આંખ તો આવી જ હોવી જોઈએ એવું કાંઈ છે નહિ. ઓળખાણ હોય તો સત્પુરુષની મુદ્રાના દર્શનમાત્રથી પણ અપૂર્વ આત્મસ્વભાવની પ્રેરણા થાય છે.

એ પોતે તો બહુ અનુભવથી આ વાતો લખેલી છે. અને એ એમ સૂચવે છે કે એમનું એ વિષયનું જ્ઞાન કેટલું ઊંડાણ ધરાવતું હતું ! (પોતાને) તો જાતિસ્મરણ જ્ઞાન છે. ભૂતકાળમાં એમને જે સત્પુરુષ કોઈ મળ્યા છે, ક્યાંય નામોલ્લેખ નથી કર્યો પણ મળ્યા છે એનો ઉલ્લેખ તો અનેક જગ્યાએ એમણે કર્યો છે. એ ૨૩મા વર્ષમાં પણ જોયું, ૨૪મા વર્ષમાં પણ આવે છે. ૨૪મા વર્ષમાં તો પરમદિવસે આપણે પત્ર વાંચ્યો હતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં પણ આવે છે. અનેક જગ્યાએ આવે છે. એ સંકેત આવે છે. આટલી જે વાત લખી છે કે જ્યારે એમને પૂર્વભવમાં કોઈ સત્પુરુષની

ઓળખાણ થઈને જ્ઞાનપ્રાપ્તિ થઈ છે ત્યારે એ જેટલા ઊંડાણમાં ગયા છે એ બધી વાતો એમણે આ ભવમાં વ્યકત કરેલી જોવા મળે છે.

'દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત;...' છે. પછી તો જેને અપૂર્વ સ્વભાવનું જ્ઞાન થાય એને અપૂર્વ સ્વભાવની પ્રેરણા થાય, જાગૃતિ આવે. પ્રેરક થાય એટલે જાગૃતિ આવે. એટલે સ્વસન્મુખતાનો પુરુષાર્થ ચાલે, એને ક્રમે કરીને સ્વરૂપ પ્રતીતિ એટલે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય, અપ્રમત્ત સંયમ એટલે એને ભાવલિંગ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની પ્રાપ્તિ થાય અને છેલ્લે પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ થાય તે બધાનું કારણ આ છે. સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ છે એ નિર્વાણપદનું કારણ થાય છે એટલે વચ્ચેની બધી ભૂમિકા એમણે લઈ લીધી. આત્મસ્વભાવની જાગૃતિ આવે, એની પ્રતીતિ થાય, એની સ્વરૂપરમણતા થાય, પછી આગળ વધીને પૂર્ણ નિર્વિકલ્પ વીતરાગ સ્વભાવનું પ્રગટ થવાનું એ કારણભૂત થાય છે. આ સત્પુરુષના વચનામૃત કહેવા પાછળ આટલો મહિમા છે કે આટલું નિમિત્ત પડે છે, આટલું નિમિત્તત્વ એમાં રહેલું છે.

મુમુક્ષુ :- ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. તો બધાનું મૂળ સત્પુરુષના વચનામૃત, મુદ્રા સમજવું. એમ લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનું મૂળ સત્પુરુષ છે. તે પહેલું સમકિત જ સત્પુરુષ લીધું ને. ૭૫૧માં શું લીધું ? પહેલું સમકિત શું લીધું ? કે એમની આજ્ઞા રુચિરૂપ સમકિત લીધું છે. સ્વચ્છંદ નિરોધપણે ભકિત લીધી છે. એ એની ઓળખાણનો તો વિષય લીધો છે. ત્યાંથી તો મૂળિયું શરૂ થાય છે. એ વગર કોઈને શરૂ થાય છે એ વસ્તુસ્થિતિ નથી. વેદાંતમાં એ લોકો એ વાતનું નિરૂપણ કરે છે. કેમકે વેદાંત છે એ આત્મા ઉપરનો વિષય છે. એમાં આત્માની જ ફિલસૂફી છે. એમાં એમ છે કે કોઈ તારો ગુરુ નથી. તું જ તારો ગુરુ છો. એ વિષય એમાં આવે છે. કોઈ તારે ગુરુ-બુરુ કાંઈ છે નહિ. કેમકે જે ગુરુ છે... એ તો એક તત્ત્વ માને છે ને ? પરમબ્રહ્મને એક તત્ત્વ માને છે. ઈ તું ભૂલી જા ત્યારે તને અનુભવ થશે. સ્વાનુભૂતિ ક્યારે થશે ? કે બે વચ્ચેનો ભેદ ભૂલી જઈશ ત્યારે.

એમાં પણ એ લોકોએ પાછું એ કાઢ્યું છે કે કોઈ ગુરુ નથી એમ સમજીને જો કોઈ ગુરુથી વિમુખ વર્તશે તો એને એ વેદાંતનું, ઉપનિષદનું જ્ઞાન નથી થયું એમ સમજવા યોગ્ય છે. ઠીક ! એટલું સ્થાપ્યું છે. ગુરુનું સ્થાન એટલું એ લોકોએ સ્થાપ્યું છે. એ ભૂલો પડી ગયો છે. એવું વચન વાંચીને એ ભૂલો પડી ગયો છે. એમ એ લોકો જણાવે છે.

મુમુક્ષુ :- ગુરુનું ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. યોગવાસિષ્ઠમાં છે અને એ સંબંધમાં તો એ લોકોના આખા શાસ્ત્ર જ છે. આ 'ગુરુગીતા' છે એ એનું શાસ્ત્ર છે. ગુરુભકિત. એ લોકોના તો એ ઉપરના આખા શાસ્ત્રો છે. પછી આ જે શીખ લોકોનું જે 'ગ્રંથસાહેબ' છે, જેને 'ગ્રંથસાહેબ' કહે છે એ આખો ગુરુ મહિમાનો ગ્રંથ છે. એ લોકોમાં વાહે ગુરુ જે કહે છે એ ભગવાનને યાદ નથી કરતા, જુઓ ! એ લોકો ઈશ્વરને યાદ નથી કરતા. ગુરુને યાદ કરે છે. વાહે ગુરુ... વાહે ગુરુ... વાહે ગુરુ... કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એ લોકોનું પછી તો Area માં બધું એકસરખુ હોય ને ? 'સીંધ', 'પંજાબ', 'હરિયાણા' એ બધું જે છે એ બધો લગભગ એક જ પ્રકાર છે.

મુમુક્ષુ :- 'ગુરુ ગ્રંથસાહેબ'.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુ ગ્રંથસાહેબ'. ગ્રંથનું નામ પણ 'ગુરુ ગ્રંથસાહેબ' છે. ગુરુનો મહિમા ખૂબ ગાયો છે. જોકે એ બધી વાત મૂળ દિવ્યધ્વનિમાં આવેલી છે. પછી કોઈએ એનો અતિરેક કર્યો છે અને એમાં આઘાપાછા થઈ ગયા છે અને તત્ત્વ નથી જળવાણું. અતિરેક કરતા શું થાય છે ? કે નયના વિષયથી આગળ જાય એટલે કોઈ પણ વિષયમાં નયાભાસ થઈ જાય. પછી એ નિશ્ચયનયનો વિષય હોય તો પણ નયાભાસ થાય અને વ્યવહારનયનો વિષય તોપણ નયાભાસ થઈ જાય. પણ મૂળ વિષય એ દિવ્યધ્વનિમાં આવેલો છે.

મુમુક્ષુ :- આ જે વચનામૃત છે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમણે વારંવાર એ વાત લીધી છે. સત્પુરુષનો વિષય તો એમણે અનેક પત્રોમાં ઠામ ઠામ એ વાત લીધી છે. કેમકે એ વગર તો કોઈ શરૂઆત થતી નથી ને. એક તો મુમુક્ષુજીવ અનાદિનો અજાણ્યો છે. વિષય અંતર્મુખની દિશાનો અને અંતર્મુખની દિશામાં જે આત્મસ્વભાવ છે એ વિષય સૂક્ષ્માતિસૂક્ષ્મ છે, ઘણો સૂક્ષ્મ વિષય છે. મુમુક્ષુ સંસારી જીવની સ્થિતિ સ્થૂળ જ્ઞાનમાં ઊભેલો છે. એટલે કોઈ રીતે પાટો બાજે એવું નથી. ત્યારે એને કહે કે 'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે.' 'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે તો પ્રગટે પ્રગટ નિધાન જિનેશ્વર' 'આનંદઘનજી'એ ગાયું. તો એને એક આંખમાં જરાક આંજણ નાખે એટલે એની આંખ ચોખ્ખી થાય. સ્થૂળમાંથી સૂક્ષ્મતામાં જાય. 'પ્રગટે પ્રગટ નિધાન જિનેશ્વર' એને અંદરથી જ નિધાન પ્રગટે. એ તો પ્રગટેલું જ છે પણ એની દૃષ્ટિ પ્રગટે એટલે પ્રગટ્યું એમ કહેવામાં આવે.

મુમુક્ષુ :- ગ્રંથના શરૂઆતમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અહો સત્પુરુષના વચનામૃતને ? બહુ પ્રસિદ્ધ વચન છે. આ ૮૭૫ નું એમનું જે વચનામૃત છે એ ઘણું પ્રસિદ્ધ વચનામૃત છે. એવું સરસ છે કે એની પ્રસિદ્ધિ બહુ થઈ ગઈ છે. આ વચનામૃતની પ્રસિદ્ધિ ઘણી થઈ ગઈ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. આપણે તો 'ગુરુદેવ' બહુ લેતા હતા ને ? 'કૃપાળુદેવ'ના વચનામૃતોનો આધાર તો ભાગ્યે જ કોઈ દિવસ ખાલી ગયો હશે કે જેમાં એમણે એમના વચનામૃતનો આધાર ન લીધો હોય એવું ભાગ્યેજ કોઈ પ્રવચન ખાલી ગયું હશે.

છેલ્લું વચન પણ એ જ છે. સર્વજ્ઞદેવ પરમ ગુરુ, સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ. એ એમનું વચનામૃત છે. 'પૂજ્ય બહેનશ્રી'ને પણ છેલ્લું વચનામૃત એ છે 'સુખધામ અનંત સુસંત ચહિ દિન રાત્ર રહે તદ્ ધ્યાનમહિ.' શું કારણ હશે ? 'સોગાનીજી'એ છેલ્લે દિવસે એ ગ્રંથ હાથમાં લીધો છે. 'શ્રીમદ્જી' સો વર્ષ, પોણોસો-સો વર્ષ પહેલા એ લોકોની પહેલાં થઈ ગયા છે પણ કુદરતી એમના વચનોમાં કોઈ વચન અતિશય એવો યોગ જ કોઈ એવો છે. ઘણા વચનો એવા સુંદર કોઈ નીકળ્યા છે કે એ વચન અતિશયની પ્રતીતિ કરાવે છે. પોતે સદેહે ઉપલબ્ધ નથી. એટલે તો આપણે 'ધન્ય આરાધના'માં એ લીધું છે. સદેહે પોતે વિદ્યમાન નહિ હોવા છતાં એમના અક્ષરદેહે એવી રીતે વિદ્યમાન છે. હજારો લોકોને જાદુ થયો છે, એના ઉપર આકર્ષણ થઈ ગયું છે. એ સમજે સૌ સૌની યોગ્યતા પ્રમાણે. પણ નિમિત્ત ઘણાંને પડ્યા છે. નહિતર સંપ્રદાય છોડવો મુશ્કેલ છે અને એમાં પણ મૂર્તિપૂજક શ્વેતાંબર સંપ્રદાય છોડવો તો બહુ કઠણ છે. સાધુઓની સમાજ ઉપરની પક્કડ બહુ છે. આ જે સ્થાનકવાસી, દેરાવાસી અને વૈષ્ણવોમાંથી સંપ્રદાય છોડીને આ સંપ્રદાય બરાબર નથી, 'કૃપાળુદેવ' કહે છે એ બરાબર છે એટલું તો એ સમજીને આ બાજુ વળ્યા છે. એટલો તો વિશ્વાસ આવ્યો છે. ભલે વધારે કાંઈ ન સમજ્યા હોય, તો એટલો વિશ્વાસ આવ્યો છે કે આપણા સંપ્રદાયોમાં ગડબડ થઈ ગઈ છે. આ પુરુષ કહે છે એ વાત અનુસરવા જેવી છે. આપણી શકિત પ્રમાણે અનુસરણ કરવું જોઈએ. એમ સમજીને લોકો વળી જાય છે.

મુમુક્ષુ :- ... દર્શનમાત્રથી પણ ... શું કહેવા માગે છો ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે. દર્શન કરતા અપૂર્વ સ્વભાવની, આત્મસ્વભાવની પ્રેરણા થાય છે. એમના મુખમુદ્રામાં જે શાંતતા છે એમાં આત્માની શાંતિની ઝલક છે. એમાં જે વીતરાગભાવથી એ મુદ્રાની અંદર જે કાંઈ બાહ્ય ચેષ્ટામાં અંશો આવે છે એ

પણ આત્મસ્વભાવને દર્શાવનારા છે. એમની શાંતતા, અંતર્મુખતા, વીતરાગતા અને સ્વરૂપ જાગૃતિ. એ જાગૃતિનો પણ વિષય છે. પોતાના સ્વરૂપની એ જાગૃત ચૈતન્ય સ્વભાવની ચેષ્ટા હોય છે. મુખમુદ્રા ઉપર પણ એ ચેષ્ટા હોય છે.

મુમુક્ષુ :- જિનેન્દ્ર પ્રતિમામાં હોય એવી રીતે...

પૂજ્ય ભાઈશ્રી : હા. એવું જ છે. હા, એનો અંશ છે એમાં. એમાં એનો અંશ છે. બીજા કોઈ કોઈ પત્રમાં તો આવે છે.

મુમુક્ષુ :- ...નો પ્રકાર તો જોયેલો.

પૂજ્ય ભાઈશ્રી : હા. દૃષ્ટિ હોય તો તો ઘણું મળે છે.

'સોગાનીજી'ની તો બહુ સમીપમાં રહેવાનું થયું. એટલો તો બીજાની સમીપમાં રહેવાનો યોગ ન બને. પણ દૃષ્ટિ હોય તો બધું એમાં જોવા મળે છે. એમાં કાંઈ પ્રશ્ન નથી. જે એમની સ્વરૂપની મસ્તી હોય છે એ પણ જોવા મળે છે. આપણે હમણાં એક પત્ર જોયોને ? ૪૩૮મો.

મુમુક્ષુ :- 'સોગાનીજી'...

પૂજ્ય ભાઈશ્રી :- જુદા પડી જાય છે. જુદા પડી જાય છે. એ તો છે જ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એમાં શું છે કે સાવ અજાણ્યા માણસ હોય અને ઉપેક્ષાથી વર્તતા હોય તો એને કાંઈ ખબર ન પડે. થોડીક આમાં અપેક્ષા છે એ પોતાની યોગ્યતાની અવશ્ય છે. તો જે કાંઈક દેખાવું જોઈએ એ દેખાય અને એ દેખાય તો એનું આકર્ષણ પણ બહુ મોટું છે. એનું આકર્ષણ એટલું મોટું છે કે એક ક્ષણ પણ એના વિયોગમાં એને રહેવાનો અભિપ્રાય નથી રહેતો પછી. એવડું મોટું આકર્ષણ છે.

મુમુક્ષુ :- સત્પુરુષની ઓળખવામાં નેત્ર લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- આ એક જ પત્રમાં એ પ્રાપ્ત થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નેત્રની વાત છે. નેત્ર છે એ પણ દર્શનનો જ વિષય છે અને એ વાત વિશેષે કરીને કોઈ ભાવ વધારે વ્યકત થાય છે તો નેત્ર દ્વારા જ, આંખોથી વ્યક્ત થાય છે. એ તો ભાવ વ્યકત થવાનું એક વિશેષ અંગ છે. એ વાત એમણે લીધી છે.

'**છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી...**' એટલે ચૌદમું ગુણસ્થાન. '**અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર !**' એટલે સિદ્ધપદમાં સ્થિતિ કરાવનાર એવા સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ '**ત્રિકાળ જયવંત વર્તો !**' જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો. એમ કરીને જયકારનું આ વચનામૃત છે. '**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**'

તા. ૧૭-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૭૫ થી ૮૮૧
પ્રવચન નં. ૪૧૫

૮૭૫ ને ? સત્પુરુષના વચનામૃતમાં, સત્પુરુષના દર્શનમાં અને સત્પુરુષના સમાગમમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... એ મથાળું છે એ સામાન્ય રીતે General બાંધવામાં.. જેમ કે ૮૬૬માં છે. મહાત્મા મુનિઓને ... એ મથાળું લીધું પાછું. એ સામાન્ય વાત છે. પાછળ છેલ્લા જે પત્ર આવ્યા એમાં પણ એ પ્રમાણે છે ૮૭૦ પત્રમાં છેલ્લે. ઉપર લખ્યું **'આત્માર્થી મુનિવરો હાલ ત્યાં સ્થિત હશે. તેમને સવિનય નીચે પ્રમાણે નિવેદન કરશો.'** એ ભાષા થોડી **'દેવકીર્ણાદિને સવિનય જણાવશો.'** ૮૭૧માં એમ લખ્યું છે. **'મુનિશ્રી દેવકીર્ણાદિને સવિનય જણાવશો.'**

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ૮૬૭માં આર્ય શબ્દ વાપર્યો છે. પાછા બીજા Paragraph માં **'મહાત્મા મુનિશ્રીની સ્થિતિ હાલ પ્રાંતીજ ક્ષેત્રે છે.'** ત્યાં મહાત્મા શબ્દ વાપર્યો છે. એટલે કારણ-કાર્ય તો લખનાર ઉપર નિર્ભર છે. એક વાત બહુ સ્પષ્ટ છે કે આત્માર્થીની ભૂમિકામાં હતા. અને 'કૃપાળુદેવ' ગૃહસ્થ અવસ્થામાં હોવા છતાં જ્ઞાન પ્રાપ્તિ માટે એમણે પરમ ભકિતથી એમના ચરણકમળમાં સર્વસ્વ સમર્પિત કરેલું હતું. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

આપણે ત્યાં 'અગાસ'માં ન જોયું ? ભાઈએ મેનેજરે વાત કરી હતી કે કૃપાળુદેવનો પત્ર આવે તોપણ એ ભક્તિથી નૃત્ય કરે. મારા ભગવાનનો પત્ર આવ્યો છે. પછી ... જે પરિસ્થિતિ હતી એ તો પરિસ્થિતિ બે વચ્ચેની એ જ હતી કે પોતે શિષ્યના સ્થાને રહ્યા છે. મુનિવેશમાં હોવા છતાં, સંપ્રદાયમાં મુનિવેશમાં હોવા છતાં પોતે શિષ્યના સ્થાને રહ્યા છે અને 'કૃપાળુદેવ'ને એમણે ભગવાન તુલ્ય ગણીને ભક્તિ કરી છે. પરમાત્મ તુલ્ય માનીને ભક્તિ કરી છે. પછી ગમે તે કારણવશ હો. ભગવાન તુલ્ય કહો, સામાન્ય... એવો કોઈ પત્રની અંદર વ્યવહાર હોય તો જેમ કોઈ આપણે પત્ર લખીએ અને પાડોશીની વાત કરીએ અને અંદર વડીલ હોય તો શું લખે ? કે બાજુમાં રહેલા ફલાણા દાદાને અમારા પ્રણામ કહેશો. તો એ પ્રણામ લૌકિક પ્રણામ છે. કોઈ ધાર્મિક પ્રણામ નથી. પત્રવ્યવહાર એ એક લૌકિક વ્યવહાર છે. એ દૃષ્ટિએ કોઈ લૌકિક

વ્યવહારથી પણ હોઈ શકે છે.

એ લોકો વધારે પડતું .. સ્થાન આપે છે. એ લોકો તો પછી આનો લાભ લે કે જુઓ ! એમને આ કાળના મુનિ તરીકે સ્વીકાર્યા છે. માટે મુનિપણું એમને હતું. ચોથું ગુણસ્થાન કોને કહેવાય ? છઠ્ઠું-સાતમું ગુણસ્થાન કોને કહેવાય એ ખબર ન હોય અને માત્ર કાંઈક આવું સંબોધન આવે એટલે એને મુનિ તરીકે, એકવચનને બહુવચન તરીકે, નાની વાતને મોટી વાત તરીકે ગણાવી દેવાની વાત છે.

ખરેખર તો આ વચન લખીને પણ એમણે સત્પુરુષ પ્રત્યેનો એમનો મહિમા જે છે એમાં વૃદ્ધિ થવાનો જ હેતુ છે એમનો લખવાનો. 'લઘુજી'ને જે બહુમાન હતું એ વૃદ્ધિ થવાનો જ હેતુ છે.

'**અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !**' ત્રણેનું બહુમાન કર્યું છે. સત્પુરુષના વચનામૃત પણ અહો ! અહો ! છે, એમની મુદ્રા પણ એવી છે અને એનો સત્સમાગમ પણ એવો છે કે જે '**સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,...**' છે. મોહનિદ્રામાં સૂતેલા જીવોને જગાડનાર, આત્મજાગૃતિ લાવનાર છે. ત્રણે. '**પડતી વૃત્તિને સ્થિર રાખનાર,...**' છે. કોઈ મુમુક્ષુ થોડો આગળ વધ્યા પછી વૈરાગ્યાદિ ઉત્પન્ન થયા પછી, સત્સંગ આદિમાં આવ્યા પછી પછો પાછો પડતો હોય અને એ મુમુક્ષુની ભૂમિકામાં લગભગ બને છે કે ક્યારેક પરિણામ કાંઈક ઠીક પ્રમાણમાં હોય તો એ પાછા પરિણામ ઉતરતા પ્રમાણમાં થઈ જાય.

'**પડતી વૃત્તિને સ્થિર રાખનાર,...**' છે. એમના વચનામૃતોના અવલંબને, એમના દર્શનના અવલંબને, એમના સમાગમના અવલંબને. '**દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક,...**' માત્ર ભાવથી જ્ઞાનીપુરુષના દર્શન કરે તોપણ પોતાના અપૂર્વ સ્વભાવની જાગૃતિ આવે. અપૂર્વ સ્વભાવ, પોતાના સ્વભાવ પ્રત્યે પરિણામની ગતિની ગતિ થાય તેવી પ્રેરણા મળે, એવું તો એમનું દર્શન છે. જેમના '**દર્શનમાત્ર પણ નિર્દોષ અપૂર્વ...**' નિર્દોષ સ્વભાવ પ્રત્યે પરિણામને ગતિ મળે, વળાંક મળે એવી પ્રેરણા જેમાં થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સત્પુરુષ તો એ છે. સત્પુરુષ છે એ ખરેખર તો એમનો આત્મભાવ છે એ સત્પુરુષ છે અને એ અરૂપી પરિણામ છે. તેની ઝલક એમની મુદ્રા ઉપર આવે છે, એમના નેત્રોમાં આવે છે. એટલે એ ભાવ ત્યાં વ્યક્ત થાય છે, પ્રદર્શિત થાય છે એટલે ત્યાંથી એ ભાવને જોવામાં આવે છે. એ ત્યાં સુધી, પરિણતિ સુધી પહોંચવાની Channel છે. એમની મુદ્રા અને નેત્રો દ્વારા એની પરિણતિ સુધી પહોંચી

જાય છે.

તેવા '**અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ,...**'ના કારણભૂત છે. સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ એ સ્વરૂપપ્રતીતિના કારણ છે. સન્મુખતા છે, પછી સ્વરૂપપ્રતીતિ લીધી છે. '**અપ્રમત્ત સંયમ,...**' એટલે છઠ્ઠા ગુણસ્થાનનું પણ એ કારણ છે. '**પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ...**' એ તેરમા ગુણસ્થાનનું પણ કારણભૂત છે. સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ એ બધી દશામાં કારણભૂત છે એમ કહે છે. કેમકે એક દશા થઈ, એના કારણે બીજી થાય છે, એના કારણે ત્રીજી થાય છે, એના કારણે ચોથી થાય છે. એટલે મૂળમાં એકને કારણ થયું એ કારણ બધાને લાગુ પડે છે. જો પહેલું જ કારણ ન બન્યું હોત તો બીજું કારણ ન બને, તો ત્રીજું ન બને, પછી આખરનો કોઈ બનવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ થાય તો નિર્વાણપદ સુધી પહોંચી જાય. જે અહીંયાં વાત લીધી છે એ તો અગાઉ પત્રમાં પણ કહી ગયા છે કે સત્પુરુષની ઓળખાણ એ નિર્વાણપદનું કારણ છે.

'**છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર !**' તેવા સત્પુરુષના વચનામૃત જયવંત વર્તો ! '**ત્રિકાળ જયવંત વર્તો !**' એવા સત્પુરુષો પણ ત્રિકાળ જયવંત વર્તો એમ આવી જાય છે. અને કલ્યાણકારી થાવ. સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો એવી ભાવના ભાવી છે. એ ભાવના આમાં પણ રહેલી છે. એ જયકારનો પત્ર લખાણો છે. આ બહુ પ્રસિદ્ધ પત્ર છે. અત્યારે આ પત્ર ઘણો પ્રસિદ્ધ છે. ૮૭૬.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્વાદશાંગનું રહસ્ય એ સત્પુરુષની મુદ્રામાં, સત્સમાગમાં અને વચનમામૃતમાં છે. બાર અંગનું રહસ્ય છે. કેમકે ત્યાંથી જીવને ઉન્નતિ તરફની શ્રેણીનો પ્રારંભ એ જગ્યાએથી થાય છે. એ સિવાય કોઈ જગ્યાએથી થાય છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. એટલા માટે એ વિષય ઉપર એમણે ખૂબ જ મહત્વ આપ્યું છે. અનંત કરુણા કરીને મુમુક્ષુઓનું ધ્યાન દોર્યું છે, લક્ષ ખેંચ્યું છે.

પત્રાંક-૮૭૬

મુંબઈ, જેઠ સુદ ૧૧, ૧૯૫૫

મહાત્મા મુનિવરોને પરમભક્તિથી નમસ્કાર થાઓ.

'જેનો કાળ તે કિંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણાજળ ત્રૈલોક.
જીવ્યું ધન્ય તેહનું.
દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ તે કેદી લોક. જીવ્યું.
ખાતાં પીતાં બોલતાં નિત્યે, છે નિરંજન નિરાકાર. જીવ્યું.
જાણે સંત સલૂણા તેહને, જેને હોય છેલ્લો અવતાર, જીવ્યું.
જગપાવનકર તે અવતર્યા, અન્ય માત ઉદરનો ભાર. જીવ્યું.
તેને ચૌદ લોકમાં વિચરતાં, અંતરાય કોઈયે નવ થાય. જીવ્યું.
રિદ્ધિ સિદ્ધિ તે દાસીઓ થઈ રહી, બ્રહ્મઆનંદ હૃદે ન સમાય.'
જીવ્યું.

જો મુનિઓ અધ્યયન કરતા હોય તો 'યોગપ્રદીપ' શ્રવણ કરશો. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'નો યોગ તમને ઘણું કરી પ્રાપ્ત થશે.

ૐ

૮૭૬ છે એ ઘણું કરીને અન્યમતિ કોઈ...

'લલ્લુજીમુનિ' ઉપરનો પત્ર છે એમાં એક પદ લખ્યું છે. '**મહાત્મા મુનિવરોને પરમભક્તિથી નમસ્કાર થાઓ.**' અહીંયાં પણ એમણે એ પ્રકારે વ્યવહાર કર્યો છે. '**જેનો કાળ તે કિંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણાજળ ત્રૈલોક.**' જેણે મૃત્યુ ઉપર વિજય મેળવ્યો. કાળ એટલે મૃત્યુ. કાળ એટલે અહીંયાં મૃત્યુ. અર્થ છે. આનો અર્થ તો બેસે એવા છે. પછી આમાંથી .. તો લેશું. '**જેનો કાળ તે કિંકર...**' કિંકર એટલે નોકર, ચાકર. મૃત્યુને જેણે અનુચર-નોકર બનાવી દીધો છે. અને મૃગતૃષ્ણા ત્રણે લોકની જે તૃષ્ણા છે એ મૃગજળ સમાન ગણીને એના ઉપર પણ જેણે વિજય મેળવ્યો છે. અથવા એવું જેને માલુમ પડ્યું છે કે આ તૃષ્ણા છે એ તો મૃગજળ સમાન છે.

'**દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ તે કેદી લોક જીવ્યું ધન્ય તેહનું.**' જેણે આશારૂપી દાસી છે એને પિશાચી ગણી છે. એટલે જેમ પિશાચી કોઈને વળગે તો એ હેરાન-હેરાન થઈ જાય એમ આશાને જેણે દાસી બનાવી નાખી છે. આશાને વશ પોતે

નથી થયો પણ પોતાને વશ આશાને કરી લીધી છે. અને કામ-ક્રોધને કેદી બનાવી દીધા છે. એનું ધન્ય જીવન છે. તેનું જીવવું ધન્ય છે. એ જીવન જીવ્યા તે ધન્ય છે.

'ખાતાં પીતા બોલતાં નિત્યે, છે નિરંજન નિરાકાર, જીવ્યું ધન્ય તેહનું.' ખાય છે, પીવે છે, બોલે છે પણ સદાય તે પોતાનું નિરંજન નિરાકાર સ્વરૂપ છે. એ સ્વરૂપે જ રહે છે, એ જ અનુભવમાં રહે છે. ખાતા, પીતા, બોલતા પણ પોતાના નિરંજન નિરાકાર સ્વરૂપના અનુભવમાં રહે છે. તેનું જીવન જીવ્યું તે ધન્ય છે. **'જાણે સંત સલોણા તેહને, જેને હોય છેલ્લો અવતાર, જીવ્યું ધન્ય તેહનું.'** જે સારા સલોણા સંત એટલે બહુ સારા સંત છે. સલોણા શબ્દનો અર્થ અહીંયાં કર્યો છે. સલોના સંત. અર્થ કર્યો છે. સલોણા એટલે જેને .. શુભવાચક છે. જે બહુ સરળ છે એવા જે સંતો છે એને જાણીને, જેને છેલ્લો અવતાર છે એને પણ હવે પછી જેને વિશેષ સંસાર નથી.

'જગત કો પાવન કરને કે લિયે અવતાર લિયા હૈ.' 'જગત પાવનકર તે અવતર્યા, અન્ય માત ઉદરનો ભાર. જીવ્યું ધન્ય તેહનું.' તે જગતમાં બીજા જીવોને પવિત્ર કરવા માટે અવતર્યા છે. એમનો અવતાર છે એ બીજાના કલ્યાણમાં પણ... પોતાનું કલ્યાણ તો થઈ ગયું પણ બીજાના કલ્યાણમાં જેઓ નિમિત્ત પડશે. બાકી તો બધા જન્મ્યા એ એની માતાના ઉદરમાં ભાર સમાન રહ્યા.

'તેને ચૌદ લોકમાં વિચરતાં, અંતરાય કોઈયે નવ થાય. જીવ્યું ધન્ય તેહનું.' ચૌદ રાજલોકમાં ગમે ત્યાં તે વિચરે, ગમે ત્યાં તે હોય એને પોતાની સાધનામાં કોઈ અંતરાય નથી. એના સ્વરૂપમાં અંતરાય નથી અને એની સાધનામાં પણ કોઈ અંતરાય નથી. **'રિદ્ધિ સિદ્ધિ તે દાસીઓ થઈ રહી, બ્રહ્માનંદ હૃદે ન સમાય. જીવ્યું ધન્ય તેહનું.'** રિદ્ધિ સિદ્ધિ જે જગતની લૌકિક છે એ બધી તો એના પગમાં આળોટે છે. એની તો એ સામું પણ જોતા નથી. અને એમનો જે આત્માનંદ છે, બ્રહ્માનંદ છે એ જાણે પરિણામમાં સમાતો નથી એટલો ઉછળી ઉછળીને બહાર આવે છે. એવા મહાત્માઓનું જીવ્યું તે ધન્ય છે. એમનું જીવન ધન્ય છે.

'જો મુનિઓ અધ્યયન કરતા હોય તો 'યોગપ્રદીપ' શ્રવણ કરશો. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'નો યોગ તમને ઘણું કરી પ્રાપ્ત થશે.' હવે જો શાસ્ત્ર સ્વાધ્યાય હોય તો 'યોગપ્રદીપ' નામનો કોઈ ગ્રંથ છે એ આપણા સાહિત્યમાં અજાણ્યો છે, 'યોગપ્રદિપ' ગ્રંથ. અને 'કાર્તિકેયાનુપ્રેક્ષા' એમને મોકલવા વિચાર્યું છે. એ વાત પણ ફરીને મૂકી છે.

પત્રાંક-૮૭૭

મુંબઈ, જેઠ વદ ૨, રવિ, ૧૯૫૫

જે[1] વિષય ચર્ચાય છે તે જ્ઞાત છે. તે વિષે યથાવસરોદય.

૧. શ્રી આચારાંગસૂત્રના એક વાક્ય સંબંધી. જુઓ આંક ૮૬૯

૮૭૭માં ખાલી એક જ વાક્યમાં Post card પૂરું કરી નાખ્યું છે. 'મનસુખલાલ કિરચંદ' 'મોરબી'ના એ વિદ્વાન સાક્ષર મુમુક્ષુ છે એના ઉપરનો પત્ર છે. છેલ્લે છેલ્લે એ વખતમાં 'કિરચંદભાઈ' પણ 'મોરબી'માં એમના પરિચયમાં આવ્યા છે. અને એ જે .. 'ભગવાનદાસ ...' છે એ 'ભગવાનદાસ' એમના દીકરા છે. જેમણે 'અધ્યાત્મ રાજચંદ્ર'માં ૧૦૮ પ્રકરણ લખ્યા છે. 'અધ્યાત્મ રાજચંદ્ર'.. જે ગ્રંથ છે એમાં એમની ભિન્ન-ભિન્ન દશાઓનું એક એક પ્રકરણ લખ્યું છે. ૧૦૮ પ્રકરણનું. સારું લખ્યું છે. એમાં એમનો ઈતિહાસ પણ લગભગ આવી જાય છે. સાક્ષર હતા. 'ભગવાનદાસ' પણ .. હતા. એમના દીકરા પણ.

'**જે વિષય ચર્ચાય છે તે જ્ઞાત છે.**' 'આચારંગસૂત્ર'. કહ્યું ને કે કોઈ સુજ્ઞ તેનો હમણા ઉત્તર આપશે. થોડા વખતમાં કોઈ સુજ્ઞ મુમુક્ષુ તરફથી એનો ઉત્તર બહાર પડશે. કહે છે કે '**જે વિષય ચર્ચાય છે તે જ્ઞાત છે. તે વિષે યથાવસરોદય.**' આગળ જેવો વખત હશે અને ઉદય હશે એ પ્રમાણે બનશે જે બનવું હશે એ. એમ કરીને પોતે સમાધાન આપ્યું છે. આગલો પત્ર એમણે 'અમદાવાદ'ના 'વાડીલાલ મોતીલાલ' ઉપર લખેલો છે. 'આચારંગસૂત્ર' સંબંધી. એ જ વિષયમાં એક લીટી એમણે 'મનસુખલાલ કિરચંદ'ને લખી છે.

પત્રાંક-૮૭૮

મુંબઈ, જેઠ વદ ૭, શુક્ર, ૧૯૫૫

'કાર્તિકેયાનુપ્રેક્ષા'નું પુસ્તક ચાર દિવસ થયાં પ્રાપ્ત થયું તથા કાગળ એક પ્રાપ્ત થયો.

વ્યવહારપ્રતિબંધથી વિક્ષેપ ન પામતાં ધૈર્ય રાખી ઉત્સાહમાન વીર્યથી સ્વરૂપનિષ્ઠ વૃત્તિ કરવી યોગ્ય છે.

ૐ

૮૭૮. 'પોપટલાલ મોહકમચંદ' 'અમદાવાદ'. ''**કાર્તિકેયાનુપ્રેક્ષા'નું પુસ્તક ચાર દિવસ થયાં પ્રાપ્ત થયું તથા કાગળ એક પ્રાપ્ત થયો.**' એ પુસ્તક મગાવ્યું હતું ને એમને મુનિઓ માટે, એ પ્રાપ્ત થયું છે, કાગળ પણ મળ્યો છે. '**વ્યવહારપ્રતિબંધથી વિક્ષેપ ન પામતાં ધૈર્ય રાખી ઉત્સાહમાન વીર્યથી સ્વરૂપનિષ્ઠ વૃત્તિ કરવી યોગ્ય છે.**' કોઈ પ્રસંગો વ્યવહારમાં ગમે તે પ્રકારના અનુકૂળ-પ્રતિકૂળ કોઈપણ વિક્ષેપકારક પ્રસંગો બને તોપણ તેનાથી વિક્ષેપ ન પામતા ધીરજ રાખવી અને ઉત્સાહિત વીર્યથી સ્વરૂપની આરાધના કરવા માટે સ્વરૂપમાં નિષ્ઠા-શ્રદ્ધા પ્રાપ્ત થાય તેના માટે વૃત્તિ કરવી યોગ્ય છે. સ્વરૂપ શ્રદ્ધાન માટેની વૃત્તિ કરવી યોગ્ય છે અને તેમાં સંયોગોને લઈને વિક્ષેપ પડે એમ નહિ થવું જોઈએ. સંયોગોનો વિક્ષેપ એણે ગૌણ કરી નાખવો જોઈએ. ભલે ગમે તે પ્રકારના સંયોગો તો પૂર્વકર્મ અનુસાર થવાના જ છે.

પત્રાંક-૮૭૯

મોહમયી, અસાડ સુદ ૮, રવિ, ૧૯૫૫

ૐ

'ક્રિયાકોષ' એથી બીજો સરળ નથી. વિશેષ અવલોકન કરવાથી સ્પષ્ટાર્થ થશે.

શુદ્ધાત્મસ્થિતિનાં પારમાર્થિક શ્રુત અને ઈંદ્રિયજય બે મુખ્ય અવલંબન છે. સુદૃઢપણે ઉપાસતા તે સિદ્ધ થાય છે. હે આર્ય ! નિરાશા વખતે મહાત્મા પુરુષોનું અદ્‌ભુત આચરણ સંભારવું યોગ્ય છે. ઉલ્લાસિત વીર્યવાન, પરમતત્ત્વ ઉપાસવાનો મુખ્ય અધિકારી છે.

૮૭૯. 'સુખલાલ છગનલાલ' 'વિરમગામ' ઉપરનો છે. ''**ક્રિયાકોષ' એથી બીજો સરળ નથી. વિશેષ અવલોકન કરવાથી સ્પષ્ટાર્થ થશે.**' 'ક્રિયાકોષ' સંબંધમાં એ ગ્રંથ પોતે વાંચેલો હશે એટલે એનાથી બીજો કોઈ સરળ નથી. 'ક્રિયાકોષ' નામનો ગ્રંથ '**વિશેષ અવલોકન કરવાથી...**' એ વખતે તમને સ્પષ્ટ સમજાશે. '**શુદ્ધાત્મસ્થિતિના પારમાર્થિક શ્રુત અને ઈંદ્રિયજય તે મુખ્ય અવલંબન છે.**' આ એક એમના પારમાર્થિક શ્રુત સંબંધિનો ઉલ્લેખ છે એ બીજે અનેક જગ્યાએ પણ મળે છે.

જે જીવોને શુદ્ધાત્મામાં સ્થિતિ પ્રાપ્ત કરવી હોય એને બાહ્ય સાધનમાં બે પ્રકાર છે. એક જે પારમાર્થિક શ્રુત છે એટલે શાસ્ત્ર છે એનું અધ્યયન કરવું, અવગાહન કરવું. પણ ક્યા પ્રકારે ? કે ઈન્દ્રિયજયપૂર્વક. શાસ્ત્ર સ્વાધ્યાય કલાક, બે કલાક કરી લીધો. હવે જે

કાંઈ વ્યવહારિક જીવનમાં છે એમાં ખાવુ, પીવુ એમાં કાંઈ પણ પછી વૃત્તિ ઉપર જરા પણ નિયંત્રણ ન હોય, અનુકૂળતા હોય એટલે ગમે તેમ જીવન જીવે. પ્રતિકૂળતા હોય એને તો ઉદય નથી. પણ ઉદય હોય છતાં પણ એને ઈન્દ્રિય જય એટલે કે પાંચેય ઈન્દ્રિયોના વિષયોમાં સંક્ષેપ કરી નાખવો જોઈએ, નિરસપણું એને આવી જવું જોઈએ. આ પારમાર્થિક શ્રુતના અવગાહન સાથે સાથે આ પ્રકાર કુદરતી હોવો ઘટે છે. સુસંગતપણે હોવો ઘટે છે. એ પ્રકાર જો ન હોય તો શાસ્ત્ર અધ્યયન સુસંગતપણે થઈ રહ્યું નથી. અને તે શુદ્ધાત્મામાં સ્થિતિનું કારણ પણ નહિ થાય.

ખરેખર તો પારમાર્થિક શ્રુત છે એ શુદ્ધાત્મ સ્થિતિનું કારણ છે, નિમિત્ત છે. પણ ક્યારે ? કે સાથે સાથે ઈન્દ્રિયજયપૂર્વક તે આરાધન કરવામાં આવતું હોય તો. નહિતર નહિ. એ પડખું જો ભૂલી જાય અને એમ વિચારે કે ચક્રવર્તીને પણ આટલા ભોગ-ઉપભોગ હોય છે, તો એ એણે ખોટું અવલંબન લીધું છે. અવલંબન સાચું લીધું નથી. અનેક જ્ઞાનીઓ અને અનેક મુમુક્ષુઓનો વૈરાગ્ય હોય એનું અવલંબન લેવાને બદલે કોઈ એવા ચક્રવર્તી આદિનું અવલંબન લે તો એને પોતાની જે પરદ્રવ્ય-પરવિષયોની રુચિ છે એ રુચિને પોષવી છે, બીજું કાંઈ એને કરવું નથી. અને સંતોષ લેવો છે કે આપણે શાસ્ત્ર તો વાંચીએ છીએ. અમે તો 'સમયસાર'નો રોજ સ્વાધ્યાય કરીએ છીએ. પણ પછી ? કે પછી કોઈ ઠેકાણું નહિ. એ 'સમયસાર'નો સ્વાધ્યાય એને લાભનું કારણ તો નહિ થાય, કદાચ નુકસાનનું કારણ થઈ જશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... પણ નિવૃત્તિ માટે બહાર જઈએ છીએ ત્યારે.. રાખીએ છીએ. ... લેવામાં .. આહાર, વિહાર આ તે બીજું ત્રીજું. ... અનુકૂળતા છે માટે આજે સારું બનાવો, સારું ખાવ. જીભ ઉપર તો પહેલાં Control આવવો જોઈએ. અથવા એ વિષયમાં નિરસ થયા વિના બીજા વિષયોમાં નિરસ થવાશે નહિ. એટલે એ મુખ્ય અવલંબન છે. આ શુદ્ધાત્મસ્થિતિમાં એ મુખ્ય અવલંબન છે. એક અસ્તિનું પડખું છે, એક નાસ્તિનું પડખું છે. અને બંને બરાબર થશે ત્યારે જ કાર્ય પર્યાપ્ત માત્રામાં સંપન્ન થશે. નહિતર કાર્ય સંપન્ન જ નહિ થાય. પર્યાપ્ત માત્રામાં એટલે અધૂરું થશે એમ પણ નહિ. બિલકુલ થશે નહિ. એ પરિસ્થિતિ આવશે.

મુમુક્ષુ :- ખાવામાં...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. રસ ઘટાડવાની વાત છે. ઈન્દ્રિયજય એટલે વિષયોનો

ત્યાગ કરવો એમ નથી. એનો રસ ઘટાડવાની વાત છે. દમન કરવાની વાત નથી. પણ પારમાર્થિક શ્રુતમાં જે કાંઈ વિષય અધ્યાત્મનો ચાલે છે અથવા શુદ્ધાત્માનો ચાલે છે એ વિષયની પાછળની વૃત્તિ જ એવી છે, અધ્યાત્મ તત્ત્વનું અધ્યયન અને એ વિષય જ એવો છે કે જે બાહ્ય પરિણામોના પંચેન્દ્રિયના વિષયોના પરિણામને નિરસ કરી નાખે. Automatic છે અને એ જ એ વિષયની સુસંગતા છે. પણ જો એમ ન થતું હોય તો એમ સમજવા યોગ્ય છે કે અયથાર્થ પ્રકારે એ અધ્યયન થઈ રહ્યું છે, યથાર્થ પ્રકારે થઈ રહ્યું નથી. આમ વિચારવા યોગ્ય છે.

'સુદૃઢપણે ઉપાસતાં તે સિદ્ધ થાય છે.' અને આત્મહિતની દૃઢ ભાવનાથી તે ઉપાસતા અવશ્ય એની સિદ્ધિ થાય છે, એ સિદ્ધ થાય છે. તેમાં પછી કોઈ શંકાને સ્થાન નથી. એટલે એ વિચારવા યોગ્ય છે કે ઘણાં લાંબા સમય સુધી સત્શ્રુતની ઉપાસના થવા છતાં જો આત્મલાભ થતો નથી તો એમ સમજવા યોગ્ય છે કે બીજું પડખું છે એમાં ગડબડ છે. એટલે ...

'હે આર્ય ! નિરાશા વખતે મહાત્મા પુરુષોનું અદ્‌ભુત આચરણ સંભારવું યોગ્ય છે.' જ્યારે જ્યારે પરિણામમાં નિરાશા આવી જાય ત્યારે મહાપુરુષોના અદ્‌ભુત આચરણને સંભારવું કે એમણે પ્રતિકૂળ સંયોગોમાં પણ એમને આત્માની નિષ્ઠા અને આત્મજ્ઞાનને કેવી રીતે ટકાવી રાખ્યું ? એ જે એમનું આચરણ છે એ સંભારવા યોગ્ય છે. આગળ એક પત્રમાં લીધું છે ને ? 'સોભાગભાઈ'ને આર્થિક પ્રતિકૂળતા ઘણી છે અને એ વિષય ઉપર જરા મચક ખાય છે વારંવાર. ત્યારે એમને (લખે છે કે), આ તમે અમને લખો છો પણ આ વાતમાં તમને, અમને કાંઈ દુઃખ નથી. શું લખ્યું છે ? તમને-અમને કાંઈ દુઃખ નથી પડ્યું. 'રામચંદ્રજી'ના ચૌદ વર્ષના વનવાસનો એક દિવસ પણ નથી. અને 'પાંડવો'ના તેર વર્ષના વનવાસની એક ઘડી પણ નથી. એ ૩૭૪ પાને છે. પત્રાંક ૪૫૦, પાનું-૩૭૪. છેલ્લેથી ઉપરના Paragrpah માં છેલ્લી લીટીઓ છે. છેલ્લી ત્રણ લીટી.

'તમે અમે કંઈ દુઃખી નથી. જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષનાં દુઃખનો એક દિવસ પણ નથી. પાંડવના તેર વર્ષના દુઃખની એક ઘડી નથી, અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી, તો પછી અમને એ અત્યંત કારણ ક્યારેય જણાવવું સંભવતું નથી.' એમ કે તમારા સંયોગની કોઈ ચર્ચા તમે કરો નહિ. તમારા પરિણામ ઘણાં નબળા થાય છે અને તે તમને નુકસાનનું કારણ છે. હું ઈચ્છતો નથી કે તમારા આત્માને નુકસાન થાય એવું હું ઈચ્છતો નથી.

એટલે કહે છે કે **'નિરાશા વખતે મહાત્મા પુરુષનું અદ્‌ભુત આચરણ સંભારવું**

યોગ્ય છે.' એમણે સંભાર્યું છે ને ? 'સોભાગભાઈ' નિરાશ થઈ જતા હતા, હતાશ થઈ જતા હતા. '**ઉલ્લાસિત વીર્યવાન પરમતત્ત્વ ઉપાસવાનો મુખ્ય અધિકારી છે.**' આ વાક્ય અહીંયાં ૮૭૯માં નાખ્યું છે. 'સુખલાલભાઈ'ને. '**ઉલ્લાસિત વીર્યવાન, પરમતત્ત્વ ઉપાસવા...**' માટેનો મુખ્ય પાત્ર છે એમ કહ્યું, મુખ્ય સુપાત્ર છે. એનો અર્થ શું છે ? કે એવું જોર આવવું જોઈએ, વૃત્તિમાં એવું જોર થવું જોઈએ કે મારે મારું પરમતત્ત્વ છે એ આ ભવમાં ઉપાસી લેવું છે, કોઈપણ કિંમતે ઉપાસી લેવું છે. ગમે તે પરિસ્થિતિ ઊભી થાય, જોયું જાશે પણ આ કામ કરી લેવું છે. આ ઉત્કૃષ્ટ પાત્રતામાં જીવ આવી જાય છે.

'બહેનશ્રી'નો દાખલો જોયો હતો ને ? પેલા લુહાણા બહેન 'બોરીવલી'થી આવ્યા હતા ને ? એનો એ પ્રકાર હતો. બહુ ઉલ્લાસ હતો એનો. ઉલ્લાસ બહુ દેખાતો હતો. સ્વાધ્યાય એવો કાંઈ નહોતો, સમજણ પણ એવી કાંઈ લાંબી નહોતી. ઉલ્લાસ બહુ દેખાતો હતો. એ વખતે જો સત્પુરુષનો યોગ ચાલુ રહે તો એ કામ કરી લે. કેમકે આ કામ કરતા વાર નથી લાગતી. સહજમાત્રમાં થઈ જાય છે. એક ઘડી બરાબર સાચવી લે, વર્તમાન સાચવી લે, જ્યારે એ ઉલ્લાસિત વીર્યમાં આવે અને એ વર્તમાન સાચવી લે તો એ દોડી જાય છે આગળ. વિકાસ કરી જાય છે, માર્ગમાં પ્રવેશ કરી જાય છે. વાર નથી લાગતી. એવું છે. એટલે '**ઉલ્લાસિત વીર્યવાન, પરમતત્ત્વ ઉપાસવાનો મુખ્ય અધિકારી છે.**' આ 'કૃપાળુદેવ'નું પાત્રતા સૂચક એક સૂત્રવચન જેવું વચન છે. સૂત્ર જેવું વચન છે.

એ એક જરા લક્ષ ખેંચવા જેવો વિષય છે કે મુમુક્ષુ શિથિલ, ઢીલાઢસ થઈને બધું જે-તે સ્વાધ્યાય આદિ કર્યા કરે એવી રીતે પાત્રતા વિશેષ થતી નથી. મુખ્ય અધિકારીમાં મુખ્ય પાત્ર લેવો છે. મુખ્ય પાત્રો કહો કે ઉત્કૃષ્ટ પાત્ર કહો. એ પરિણામનો બહુ સારો પ્રકાર છે કે જેમાં સ્વરૂપ પ્રાપ્તિના ઉલ્લાસિત પરિણામો વર્તતા હોય એ કાળ મુમુક્ષુ માટે બહુ સુયોગ્ય કાળ છે. માર્ગમાં આગળ વધવા માટેનો એ બહુ સારામાં સારો કાળ છે.

કેટલાક જીવોને તો પ્રારંભ જ એ રીતે થાય છે. એનું કારણ છે. પ્રારંભ થવાનું કારણ સમજણમાં થયેલું મૂલ્યાંકન છે. જ્યાં વધુ લાભ થવાનો હોય ત્યાં રસનો ઉલ્લાસ વધી જાય. ઉલ્લાસિત રસે જીવના પરિણામ પ્રવર્તવા લાગે તે બહુ સ્વાભાવિક છે કે નહિ ? મોટો લાભ થવાનો હોય, જબરજસ્ત લાભ થવાનો હોય, તમારી પચ્ચીસ પેઢી સુધી વાંધો નહિ આવે આ એક જ પ્રસંગ સાચવી લ્યોને તમે. તમારે પચ્ચીસ પેઢી સુધી વિચારવાનું (નહિ રહે). આજીવન તો નહિ. વધુ ટીંગાઈ જાય કે નહિ એ પ્રસંગમાં ? હવે આ તો અનંત કાળનું સાજુ થઈ જાય એવી વાત છે. એમ ખબર પડે કે આ એક

પ્રસંગ એક ભવમાં સાચવી લેવામાં આવે તો મોક્ષમાર્ગ સુધી પહોંચી જાવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સુધી પહોંચી જાવું છે અને આ બરાબરની તક મળી ગઈ છે. તો બીજું બધું જે થાવું હશે એ થાશે. આ એક કામ કરી લેવું છે. એવા ઉલ્લાસમાં આવે છે.

પહેલીથી જો એ મૂલ્યાંકન થઈ ગયું હોય અને પહેલેથી એ ઉલ્લાસ ચડી જાય તો શરૂઆતમાં જ જીવ પામી જાય. બહુ શરૂઆત થાય, સીધી શરૂઆત થાય એ ભેગો જ પામી જાય છે. એવો એક પરિણામોનો જે આ કાળ છે એ ઘણો સારો કાળ છે. પાત્રતાના બીજા બધા જે પ્રકારો અને જે કાંઈ કારણો છે, નિમિત્તો છે એમાં બધામાં ઉત્કૃષ્ટ Position છે એમ કહીએ તો ચાલે. એ વચન નીકળી ગયું છે. પત્ર લખતા લખતા એમનાથી આ વચન નીકળી ગયું છે.

કેવળજ્ઞાનની લબ્ધિ લઈને બેઠેલા જ્ઞાનીઓને ક્યારે એમના શ્રીમુખેથી ક્યું વચનામૃત સરી પડશે એનો કોઈ નિયમ નથી. એના માટેનો કોઈ નિયમ નથી. એટલા માટે તો 'ગુરુદેવ' આંટા મારે તો બધા સાથે આંટા મારતા. ચાલો દસ Minute માં કોઈ એવી વાત નીકળી જાય. અને આ તો તીર છે. હૃદયને ભેદીને ઓરમોર નીકળી જાય. કોઈ તીરથી એકવાર જો એનું અંતર ભેદાય ગયું તો સડસડાટ આગળ વધવા લાગે. જીવમાં અનંત શક્તિ તો ભરી છે. શક્તિ નથી એવું કાંઈ નથી. અંદરમાં તો અનંત શક્તિ ભરેલી છે.

'ગુરુદેવ' સવારમાં પાંચ વાગે બહાર જતા તોપણ બધા સાથે જતા. એનું પણ એ કારણ છે. કોઈ વાતચીત થાય, ચર્ચા થાય, અરે..! મૌન રહે તોપણ. મુમુક્ષુને સત્પુરુષનો સમાગમ ક્યાંથી ? એ દૃષ્ટિએ, એ હેતુથી એ સમાગમ કરવામાં (આવે છે). હેતુ બરાબર, લક્ષ બરાબર હોવું જોઈએ. એ ૮૭૯માં એક Post card છે. પણ છેલ્લું વચન છે એ મુમુક્ષુઓને માટે અતિ ઉપયોગી વાત એક વચનમાં લખેલી છે.

પત્રાંક-૮૮૦

મોહમયી, અસાડ સુદ ૮, રવિ, ૧૯૫૫

ૐ

બન્ને ક્ષેત્રે સુસ્થિત મુનિવરોને યથાવિનય વંદન પ્રાપ્ત થાય.

પત્ર પ્રાપ્ત થયું. સંસ્કૃત અભ્યાસ અર્થે અમુક વખતનો નિત્ય નિયમ

રાખી પ્રવૃત્તિ કરવી યોગ્ય છે.
અપ્રમત્ત સ્વભાવનું વારંવાર સ્મરણ કરીએ છીએ.
પારમાર્થિક શ્રુત અને વૃત્તિજયનો અભ્યાસ વર્ધમાન કરવો યોગ્ય છે.

૮૮૦. 'લઘુજીમુનિ' ઉપરનો પત્ર છે. '**બન્ને ક્ષેત્રે સુસ્થિત મુનિવરોને યથાવિનય વંદન પ્રાપ્ત થાય.**' આમાં યથાવિનય લીધું છે. જે પ્રમાણે યોગ્ય હોય તે પ્રમાણે. '**પત્ર પ્રાપ્ત થયું. સંસ્કૃત અભ્યાસ અર્થે અમુક વખતનો નિત્ય નિયમ રાખી પ્રવૃત્તિ કરવી યોગ્ય છે.**' કેમકે એ ભાષામાં થોડું પ્રાકૃત પણ ઉતરી આવી છે, માગધી ઉતરી આવી છે, હિન્દી-ગુજરાતી ઉતરી આવી છે. મૂળ ભાષા સંસ્કૃત છે. તો એનો જો અભ્યાસ હોય તો સત્શ્રુતમાં પારમાર્થિક શ્રુતની અંદર જે કોઈ ગૂઢ ભાવો છે એના શબ્દો એ ભાષામાં છે, એવા શબ્દો બીજી ભાષામાં નથી. એટલે ભાવભાસનમાં એ ભાષા .. તો એમને એ ભાષા શીખવાનો વિચાર આવ્યો છે. આખો દિવસ નહિ પણ રોજનો અમુક વખત Period જેને કહીએ કે એક કલાકનો Period રાખ્યો હોય. કોઈ વિદ્વાન આવીને સંસ્કૃત શિખવાડી જાય તો યોગ્ય છે.

'**અપ્રમત્ત સ્વભાવનું વારંવાર સ્મરણ કરીએ છીએ.**' અમે તો અપ્રમત્ત સ્વભાવનું, મુનિદશાનું વારંવાર સ્મરણ કરીએ છીએ કે આવી દશા ક્યારે પ્રાપ્ત થાય. '**પારમાર્થિક શ્રુત અને વૃત્તિજયનો અભ્યાસ વર્ધમાન કરવો યોગ્ય છે.**' જુઓ ! અહીંયાં પણ નાખ્યું એ. જે વાત એમણે 'સુખલાલભાઈ'ને લખી હતી એ જ દિવસે આ પત્ર લખ્યો છે. અસાડ સુદ આઠમ. એટલે એમને એ વિચારો બરાબર કાંઈક ચાલી રહ્યા છે. એટલે બીજાને પત્ર લખ્યો છે એમાં પણ એ વાત આવી ગઈ છે. 'લઘુજી'ના પત્રમાં પણ એ જ વાત આવી છે, 'સુખલાલભાઈ'ના પત્રમાં પણ એ વાત આવી છે. એક જ દિવસે બંને પત્ર લખાણા છે. અસાડ સુદ આઠમે.

'**પાર્માર્થિક શ્રુત અને વૃત્તિજયનો અભ્યાસ...**' એટલે Practice. જુઓ ! અભ્યાસ એટલે Practice '**વર્ધમાન કરવો યોગ્ય છે.**' વધારવા જેવી વાત છે. એ ઓછું ન થવું જોઈએ પણ વધવું જોઈએ. 'ગુરુદેવ'ની કૃપાથી પારમાર્થિક શ્રુત તો મુમુક્ષુ સમાજના હાથમાં આવ્યું છે પણ વૃત્તિજયવાળો વિષય એક ખામી ભરેલો રહ્યો છે. એટલે એનો જે લાભ મળવો જોઈએ એ લાભ થતો નથી. એ મુખ્ય કરીને વિચારવા યોગ્ય છે.

પત્રાંક-૮૮૧

મુંબઈ, અષાડ વદ ૬, શુક્ર, ૧૯૫૫

ૐ

પરમકૃપાળુ મુનિવર્યનાં ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.

આવતી કાલે રાત્રિના મેલમાં અત્રેથી ભાઈ ત્રિભોવન વીરચંદ સાથે 'પદ્મનંદી પંચવિંશતિ' નામનું સત્શાસ્ત્ર મુનિવર્યના મનનાર્થે મોકલવાની વૃત્તિ છે. તો મેલ વખતે તમે સ્ટેશન પર આવવાનું કરશો. મહાત્માશ્રી, તે ગ્રંથનું મનન કરી રહ્યા પછી પરમ કૃપાળુ મુનિ શ્રીમદ્ દેવકીર્ણસ્વામીને તે ગ્રંથ મોકલાવશો.

બીજા મુનિઓને સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.

૮૮૧મો પત્ર પણ 'લઘુજી' ઉપરનો છે. '**પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.**' એ જ વચન છે. Heading છે એટલે આપણને મથાળું લાગે. હવે તો કાંઈ પ્રશ્ન રહેતો નથી. બરાબર છે ? '**આવતી કાલે રાત્રિના મેલમાં અત્રેથી ભાઈ ત્રિભોવન વીરચંદ સાથે 'પદ્મનંદી પંચવિંશતિ' નામનું સત્શાસ્ત્ર મુનિવર્યના મનનાર્થે મોકલવાની વૃત્તિ છે.**' મને એમ છે એ વખતે બીજા મુનિઓ સાથે હશે. સંપ્રદાયના કોઈ કોઈ મુનિઓ બીજા આ ઉત્તર ગુજરાતમાં છે ત્યારે સાતેક જણા સાથે હતા. નહિતર તો આમ તો 'લઘુજી' અને 'દેવકીર્ણજી' બેજ સાથે રહે છે. આ વખતે સાત જણા સાથે છે. એ કારણથી પણ લખતા હોય કદાચ. બીજા લોકોને એમ ન થાય કે આ તો જુઓ ! 'રાયચંદભાઈ' તો મહારાજનો વિનય પણ સાચવતા નથી. એ તો 'રાયચંદભાઈ' જ સમજે. પત્ર આવે ત્યારે તો બધાની વચ્ચે વંચાય. તો બીજાને નુકસાનનું કારણ ન થાય એટલા ખાતર પણ લખતા.

એના ઉપરથી વિચાર આવ્યો કે ''**પદ્મનંદી પંચવિંશતિ' નામનું સત્શાસ્ત્ર મુનિવર્યના મનનાર્થે મોકલવાની વૃત્તિ છે.**' એટલે ઓલો મુનિવર્ય શબ્દ ફરીને દોહરાવ્યો છે. '**તો મેલ વખતે તમે સ્ટેશન પર આવવાનું કરશો. મહાત્માશ્રી, તે ગ્રંથનું મનન કરી રહ્યા પછી પરમ કૃપાળુ મુનિ શ્રીમદ્ દેવકીર્ણસ્વામીને તે ગ્રંથ મોકલાવશો.**' ઠીક ! એમાં પણ પરમકૃપાળુ મુનિશ્રી દેવકીર્ણસ્વામી. એ છે એ બીજા મુનિઓ સાથે છે ને એટલે વ્યવહારમાં જરા અજુગતુ ન લાગે. અજુગતુ ન લાગે એટલા માટે...

મુમુક્ષુ :- ઘણો વિચિક્ષણ વ્યવહાર હતો.

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતે વિચિક્ષણ હતા. એટલે તો એમ લીધું છે ને કે સત્પુરુષનું સર્વ આચરણ વંદનીય છે. એ જે કાંઈ કરે છે એ બહુ સમજપૂર્વક કરે છે. જે કાંઈ કહે છે તે પણ બહુ સમજપૂર્વક કહે છે. એનું ઊંડાણ હાથમાં ન આવે તો જીવને તર્ક-વિતર્ક કે શંકા થાય તે શમાવવા જેવી છે. એ વધારવા જેવી (નથી), વૃદ્ધિગત ન થાય પણ એ શમાવવા જેવી છે. કેમ ? કે એમની દશા જોઈને એમના ઉપરનો જે વિશ્વાસ છે એમાં ક્યાંય પણ Puncture ન પડે એ વાતનો ખ્યાલ રાખવા જેવો છે. નહિતર અભક્તિના પરિણામ એક Second માં થતા વાર નહિ લાગે. અહીંયાં ભૂલ કરી લાગે છે. થઈ રહ્યું. ગયો એ. સીધી અભક્તિ થઈ ગઈ. શ્રદ્ધા તો ગઈ પણ અશ્રદ્ધા થઈ ગઈ. આ તો વ્યવહારિક બાબત છે. સિદ્ધાંતમાં તો પ્રશ્ન રણરહેતો નથી. સિદ્ધાંતની વાત તો એ તો સિદ્ધાંતને ઉતારી ગયેલા છે.

જેમણે સ્વાનુભવ કર્યો એ તો બારેય અંગના સિદ્ધાંતને અંતરમાં ઉતારી ગયા છે. એટલે સિદ્ધાંતમાં તો કાંઈ વિકલ્પ જ કરવા જેવો નથી. એ પોતાને ... એમ લઈ લેવા જેવું છે. પણ બહારના વ્યવહારમાં પણ ક્યાંય શંકા રાખવા જેવી નથી હોતી. આ તો બહુ વિશિષ્ટ પ્રજ્ઞાવંત પુરુષ હતા. એટલે એમના બહારના વિષયોમાં પણ એ ખૂબ જ વિચિક્ષણપણે વર્ત્યા છે. અતિ વિચિક્ષણપણે વર્ત્યા છે. વિચિક્ષણપણે એમ નહિ પણ અતિ વિચિક્ષણપણે વર્ત્યા છે. એવું અનેક જગ્યાએથી સમજી શકાય એવું છે.

મુમુક્ષુ :- .. ભગવાનને વિનયમાં એમ કહે કે તમે તારનાર છો.

પૂજ્ય ભાઈશ્રી :- અને તમે તારનાર છો એમ વિનય કરવામાં પણ રહસ્ય છે. દર્શનમોહની મંદતા થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષનો વિયન કરતા દર્શનમોહ મંદ થાય છે. એ એનું રહસ્ય છે. એવી વાત છે. અભિપ્રાય સિદ્ધાંતજ્ઞાન બીજો વિષય છે. પોતે જે જગ્યાએ ઊભો છે અને જે આત્મગુણોની એને પ્રાપ્તિ કરવી છજ એ આત્મગુણોની પ્રાપ્તિ અર્થે એને કેવા કેવા વ્યવહારના પરિણામ હોય એ પણ નિયત મોક્ષમાર્ગનો એક નિયત વિભાગ છે. એમાં પણ આડુઅવળું ચાલતું નથી. અને આપણે તો એ વાત કરીએ છીએ કે જ્યાં ઉત્કૃષ્ટ નિશ્ચયનું પરિણમન હોય, દૃષ્ટિનો ફાટ ફાટ Power હોય ત્યાં ભક્તિ પણ ઉત્કૃષ્ટપણે આવ્યા વિના રહે નહિ. કેમકે બાહ્ય વૃત્તિ છે. એમાં પણ એ જ વીર્ય પ્રવર્તવાનું છે કે જે વીર્ય અંતર વૃત્તિમાં પ્રવર્તે છે. તે મહાપુરુષનું અંતર વીર્ય એટલું બળવાનપણે કામ કરે છે તો એ વખતે સિદ્ધ તો થયા નથી. તો એ વખતે જે સાધકપણું છે એ સાધકપણામાં જે આંશિક બાહ્ય વૃત્તિ છે એમાં એ જ વીર્ય પ્રવર્તવાનું છે તો ભક્તિ એટલા જ જોરથી આવવાની છે. એ બહુ સ્વાભાવિક છે, બહુ

સ્વાભાવિક છે.

'બીજા મુનિઓને સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.' બીજા મુનિઓ હશે ત્યાં. એનું કારણ છે. એ ક્યાંથી ખ્યાલ આવ્યો ? 'ઈડર'માં સાત મુનિનો Photo છે. છેલ્લે છેલ્લે બધા આવ્યા હતા. છેલ્લે પોતે કારતક-માગશરમાં 'ઈડર' આવ્યા છે ત્યારે એ ત્યાં 'ઈડર' આવેલા છે. અને 'ઈડર' ત્યાં સત્સંગ કરેલો છે. ત્યારે એ સાત જણા સાથે હતા. પછી પોતે જુદા પડી ગયા છે. પણ ઓલા મુનિઓ સાથે ને સાથે રહ્યા છે પછી. એમ છે.

મુમુક્ષુ :- બાકીના જે સાત હતા એમણે ...

પૂજ્ય ભાઈશ્રી :- એ બહુ ખાસ.. જેટલું 'લલ્લુજી'ને એટલું કોઈને નહિ. 'દેવકીર્ણજી' તો શરૂ શરૂમાં એમના ઉપર શંકા કરતા હતા. પણ કાંઈ પાત્રતા અંદરની ઠીક હતી, બહારમાં એટલી નહોતી પણ અંદરની ઠીક હતી એટલે એમણે Treament આપીને એમને Line ઉપર લીધા છે. બાકીના પાંચ મુનિઓ સંબંધી કોઈ ઉલ્લેખ નથી મળતો એ એમ બતાવે છે કે એ બહુ સમીપ આવેલા નથી. આ બે જીવો જે સમીપ આવ્યા એટલા સમીપ બીજા મુનિઓ નથી આવ્યા. એટલે એ તો પછી જે રીતે સંપ્રદાયમાં જે ભાવમાં હોય એ જ ભાવમાં ને એ જ રીતે એની વિચારધારા એ પ્રકારની હોય. એટલે એ રીતે પછી બધાની સાથે તો એ જ રીતે..

શરૂઆતમાં પણ 'લલ્લુજી'ને બહુ ભક્તિ થઈ. પહેલાવહેલા એકલા પરિચયમાં આવ્યા ત્યારે. બધાની વચમાં એમણે વંદન-નમસ્કાર કર્યા. પછી એમણે ના પાડી, કે તમારે અમને વંદન ન કરવા. એટલે પછી એકાંતમાં ગયા. કહે, મને તો આપના પ્રત્યે એટલી બધી ભક્તિ આવે છે કે હું તો રોકી શકતો નથી. એટલે મેં નમસ્કાર કરી લીધા. પણ આપનો એમાં અવિનય થયો હોય તો મારે સમજવું છે. બીજા લોકોને ગડબડનું કારણ થાશે, કેટલાયને તર્ક-વિતર્કનું કારણ થશે, સમાજમાં ઉહાપોહ થાશે કે આ મહારાજ થઈને શ્રાવકને વંદે છે. તો કહે, એક રજા આપો કે આપ એકાંતમાં બેઠા હોય ત્યારે મને વંદન કરવાની છૂટ આપો. હું એમ ને એમ વંદન કર્યા વગર બેસી જાઉં એ તો મારા આત્માને દખલ લાગે છે. મને અંદરમાં દુઃખ થયા કરશે કે અરે..! આ વિનય પણ સાચવવાનો નહિ. આ જુઓ ! વેષ પરિધાન કરીને કેવા ... પડે છે. વેશ લીધા પછી કેવું બંધન થઈ જાય છે ! પછી એટલે એમણે છૂટ માગી કે આપ એકાંતમાં આપના રૂમમાં જાવ ત્યારે મને વંદન કરવા આવવા માટેની છૂટ આપો. પછી એ રીતે એકાંતમાં વંદન કરતા હતા. એવી એમને (એ) પ્રકારની ભક્તિ જરા વિશેષ હતી. પણ બીજા મુનિઓને એટલો પરિચય નહોતો એટલે એ રીતે વ્યવહાર સાચવ્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમના પ્રત્યે ?

મુમુક્ષુ :- શિષ્ટાચાર...

પૂજ્ય ભાઈશ્રી :- શિષ્ટાચાર. એ તો બીજાની સાથે છે ને ? આ વખતે તો બધા મુનિઓ સાથે છે એટલે શિષ્ટાચાર ન જળવાય તો મહાપુરુષ પ્રત્યેની કલ્પના વિરૂદ્ધ બહુ મોટી વાત ઊભી થાય કે આમને તો શિષ્ટાચારની પણ ખબર નથી પડતી. સામાન્ય શિષ્ટાચાર પણ આમનામાં નથી. આમનો ઉપદેશ શું સાંભળવો ? એ પૂર્વગ્રહમાં આવી જાય. એક નવો Prejudice શરૂ થઈ જાય. પછી તો જ્યારે એને પ્રત્યક્ષ યોગ મળે ત્યારે ઓલો Prejudice આગળ રહે અને બાકીનું સાંભળવાનું બધું દુર્લક્ષ થઈ જાય. એટલે એ રીતે પણ એમણે વ્યવહાર સાચવ્યો હોય એવું લાગે છે. બહુ વિચિક્ષણ હતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સીધી વાત છે. કોઈને નુકસાન થાય અને પોતાને ખ્યાલ આવે તો ભલે નુકસાન થાય એમ કાંઈ થોડું વિચારાય ? કોઈ જીવને નુકસાન થતું હોય અને એ પણ આત્મિક નુકસાન થતું હોય તો ભલે નુકસાન થાય એવી તો કોઈ સત્પુરુષની વૃત્તિ હોય નહિ. મુમુક્ષુની એવી વૃત્તિ ન હોય. સત્પુરુષનો તો પ્રશ્ન જ ક્યાં છે. એટલે એ પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- ત્યાં પણ કરુણાનો ભાવ હોય....

પૂજ્ય ભાઈશ્રી :- એનો તો પ્રશ્ન જ નથી. એટલે તો સત્પુરુષની કરુણાને અનંત કરુણા કહેવામાં આવે છે. ક્યાંય એને મર્યાદા નથી. અંત નથી એટલે મર્યાદા નથી. મર્યાદા વિનાની એ કરુણા છે. એને કોઈ મર્યાદા જ નથી. એમ છે.

એ રીતે સંભવ છે આ તો. બાકી તો અંદરનો અભિપ્રાય હોય એ તો એ જ જાણતા હોય. અનુમાન થાય છે કે એ ... થી એ પ્રકારે લખાયું હશે.

પુણ્યનું મૂળ સ્વરૂપ અલૌકિક છે. પરંતુ રુઢિગત તે વિકૃતપણે પ્રસિદ્ધ છે. સત્પુરુષના અનુગ્રહે પાત્ર જીવને શાતા ઉપજે છે, જગતના ત્રિવિધ તાપથી જીવ દૂર થઈ શાતાનો અનુભવ કરે છે, તેવો સત્પુરુષનો અપૂર્વયોગ તે ખરું પુણ્ય છે. જે પુણ્ય યોગે જીવ પૂર્ણપદ પામશે. (અનુભવ સંજીવની-૧૪૬૭)

પત્રાંક-૮૮૨

મુંબઈ, અષાડ વદ ૮, રવિ, ૧૯૫૫

ૐ

મુમુક્ષુ તથા બીજા જીવોના ઉપકારને નિમિત્તે જે ઉપકારશીલ બાહ્ય પ્રતાપની સૂચના-વિજ્ઞાપન દર્શાવ્યું, તે અથવા બીજા કોઈ કારણો કોઈ અપેક્ષાએ ઉપકારશીલ થાય છે. હાલ તેવા પ્રવૃત્તિસ્વભાવ પ્રત્યે ઉપશાંતવૃત્તિ છે.

પ્રારબ્ધયોગથી જે બને તે પણ શુદ્ધ સ્વભાવના અનુસંધાનપૂર્વક થવું ઘટે છે. મહાત્માઓએ નિષ્કારણ કરુણાથી પરમપદનો ઉપદેશ કર્યો છે, તેથી એમ જણાય છે કે તે ઉપદેશનું કાર્ય પરમ મહત જ છે. સર્વ જીવ પ્રત્યે બાહ્ય દયામાં પણ અપ્રમત્ત રહેવાનો જેના યોગનો સ્વભાવ છે, તેનો આત્મસ્વભાવ સર્વ જીવને પરમપદના ઉપદેશનો આકર્ષક હોય, તેવી નિષ્કારણ કરુણાવાળો હોય તે યથાર્થ છે.

તા. ૧૮-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૮૨ થી ૮૮૬
પ્રવચન નં. ૪૧૬

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૮૨, પાનું-૬૩૬. 'મનસુખલાલ મોહકમચંદ' 'મોરબી' ઉપરનો પત્ર છે. '**મુમુક્ષુ તથા બીજા જીવોના ઉપકારને નિમિત્તે જે ઉપકારશીલ બાહ્ય પ્રતાપની સૂચના-વિજ્ઞાન દર્શાવ્યું, તે અથવા બીજાં કોઈ કારણો કોઈ અપેક્ષાએ ઉપકારશીલ થાય છે. હાલ તેવા પ્રવૃત્તિસ્વભાવ પ્રત્યે ઉપશાંતવૃત્તિ છે.**' 'મનસુખલાલભાઈ'એ એમ લખ્યું હશે કે આપનો ઉપકાર મુમુક્ષુઓને થઈ શકવા યોગ્ય છે. મુમુક્ષુઓ નથી એવા બીજા જીવોને પણ ઉપકાર થઈ શકવા યોગ્ય છે એવો આપનો બાહ્ય પ્રતાપ છે. એવી કોઈ સૂચના એટલે કે વિજ્ઞાપન એવી પોતે પોતાના તરફથી કોઈ વાત રજુ કરી છે. વિજ્ઞાપન એટલે રજુઆત કરી છે કે આપનો અનેક મુમુક્ષુઓ અને બીજા જીવો ઉપર ઉપકાર થાય એવી આપની બાહ્ય પ્રભાવ.. છે. અને બીજા કારણો પણ કોઈ અપેક્ષાએ ઉપકારશીલ થાય એવું છે. એ સિવાય પણ ઘણી વાતો છે એમ કે. અમારા ખ્યાલમાં છે.

પરંતુ '**હાલ તેવા પ્રવૃત્તિસ્વભાવ પ્રત્યે ઉપશાંતવૃત્તિ છે.**' પણ અમારો વિકલ્પ

એ વિષયમાં અત્યારે શાંત છે, ઠંડો છે. અમને એવો વિશેષે કરીને વિકલ્પ આવતો નથી. **'પ્રારબ્ધયોગથી જે બને તે પણ શુદ્ધ સ્વભાવના અનુસંધાનપૂર્વક થવું ઘટે છે.'** એટલે કોઈ એવો પૂર્વકર્મનો યોગ હોય, થોડા અથવા ઘણાં કોઈપણ મુમુક્ષુઓ એ રીતે ધર્મ સમજવામાં પરસ્પર સમાગમમાં આવવામાં નિમિત્તભૂત થતા હોય તોપણ પોતાના શુદ્ધ સ્વભાવના અનુસંધાનપૂર્વક એ બાહ્ય પ્રવૃત્તિ થવી ઘટે છે. એકાંતે એ બાહ્ય પ્રવૃત્તિ તો અમે કરવા ઈચ્છતા નથી. પણ સામે ચાલીને પણ કાંઈ કરવા ઈચ્છતા નથી. યોગાનુયોગ પ્રમાણે, પ્રારબ્ધયોગ પ્રમાણે જો બની આવે તો એ પણ અમારા સ્વરૂપ અનુસંધાનની મુખ્યતા રાખીને જે થાય તે બાહ્ય ધર્મપ્રભાવનાની પ્રવૃત્તિ થાવ. એની સાથે અમારો વિરોધ નથી. બાહ્ય ધર્મપ્રભાવના થાય એનો વિરોધ નથી પણ સ્વરૂપ અનુસંધાનપૂર્વક પ્રારબ્ધયોગમાં જે જે જીવોને યોગ, સમાગમ, સંયોગ થવો હોય તે થાવ. જેનું જેટલા અંશે કલ્યાણ થવું હોય એટલું થાવ. એ પ્રકારે અમે પ્રવર્તવા માગીએ છીએ. અને તે પ્રકાર યથાર્થ છે. તે પ્રકાર છે તે યથાર્થ છે.

'મહાત્માઓએ નિષ્કારણ કરુણાથી પરમપદનો ઉપદેશ કર્યો છે,...' પૂર્વના મહાત્માઓએ ભૂતકાળમાં પણ મહાન પુરુષોએ જે કાંઈ પરમપદની પ્રાપ્તિનો ઉપદેશ કર્યો છે એ પણ નિષ્કારણ કરુણાથી કર્યો છે. કોઈએ પોતાના અંગત કારણોથી એ ઉપદેશ કર્યો નથી. **'તેથી એમ જણાય છે કે તે ઉપદેશનું કાર્ય પરમ મહત જ છે.'** તેથી તેવી બાહ્ય પ્રભાવના થાય તો તે મોટું કામ છે, અનેક જીવને હિતનું કારણ છે. તે મહત્ એટલે મોટું કામ છે, મહાન કાર્ય છે એ અમારા ખ્યાલમાં છે. એ વાત પણ અમે બરાબર સમજીએ છીએ. એમ કહે છે.

'સર્વ જીવ પ્રત્યે બાહ્ય દયામાં પણ અપ્રમત્ત રહેવાનો જેનો યોગનો સ્વભાવ છે, તેનો આત્મસ્વભાવ સર્વ જીવને પરમપદના ઉપદેશનો આકર્ષક હોય, તેવી નિષ્કારણ કરુણાવાળો હોય તે યથાર્થ છે.' શું કહે છે ? સર્વ જીવ પ્રત્યે બાહ્ય દયામાં પણ અપ્રમત્ત રહેવાનો જેનો યોગનો સ્વભાવ છે. યોગ એટલે મન, વચન, કાયાના યોગ. મન, વચન, કાયાના યોગનો સ્વભાવ પણ મહાત્માઓનો એવો છે કે સર્વ જીવ પ્રત્યે એ બહારમાં પણ દયામાં વર્તે છે. જેમકે મુનિરાજ છે. તો મન-વયન-કાયાથી એવી રીતે પ્રવર્તે છે કે બધા જ જીવોની એને કરુણા અને દયા વર્તે છે, સુરક્ષાનો ભાવ વર્તે છે. એવો બાહ્ય યોગનો એમનો સ્વભાવ છે. એમના યોગનો સ્વભાવ પણ એવો છે.

એટલે મન-વચન-કાયામાં પણ એ પ્રકાર ઉતર્યો છે. તોપછી તેનો આત્મસ્વભાવ છે એ **'સર્વ જીવને પરમપદના ઉપદેશનો આકર્ષક હોય,...'** એમાં શું કહેવું છે ? તો પછી આત્મસ્વભાવ છે એ તો સર્વ જીવને પરમપદના ઉપદેશ તરફ આકર્ષે એવો એનો

આત્મસ્વભાવ હોય તે સમજી શકાય એવી વાત છે. અને '**તેવી નિષ્કારણ કરુણાવાળો હોય...**' અને એ સંબંધમાં કોઈ કારણ એમને ન હોય, કોઈના પ્રત્યે કોઈ કારણ ન હોય, પ્રિય-અપ્રિયતાનું પણ કારણ ન હોય, પોતાનું અંગત કારણ પણ કાંઈ ન હોય અને '**તે યથાર્થ છે.**' અને એવો જે પ્રકાર છે તે યથાર્થ છે.

હવે આ પત્રનો વિષય એ રીતનો છે કે બહારમાં ધર્મ પ્રભાવનાનો પ્રભાવ 'કૃપાળુદેવ'ના વિષે વિશેષેપણે હતો એ એમના ખ્યાલમાં છે. કેમકે પોતે પણ એક સારા વિદ્વાન અને સાક્ષર હતા. તોપણ એમણે જોયું કે વિદ્વતાથી પણ કોઈ અલૌકિક આગળની ચીજ એમની પાસે છે. અને એ ચીજ જગતના જીવોને મળે, મુમુક્ષુઓને મળે તો ઘણો ઉપકાર થાય. ત્યારે એ વિષયમાં પોતે સ્પષ્ટીકરણ આપ્યું, કે એ તો આવો પ્રકાર છે. વીતરાગ માર્ગમાં તો વીતરાગી મહાત્માઓએ એવું મહાન કાર્ય અવશ્ય કર્યું છે. અનેક મહાત્માઓએ એવું કાર્ય કર્યું છે. તોપણ એ શુદ્ધ સ્વભાવના અનુસંધાનપૂર્વક કર્યું છે. શુદ્ધ સ્વભાવના અનુસંધાનને છોડીને જરા પણ કર્યું નથી. અને એ પણ નિષ્કારણ કરુણાપણે કર્યું છે. કોઈ કારણ નહિ જેમાં. ફક્ત પોતની અંતરવૃત્તિ સંપૂર્ણપણે નથી થઈ તેથી જેટલી કોઈ બાહ્ય વૃત્તિ છે એમાં પોતાને જે કાંઈ આત્મલાભ થયો છે, પોતે જે કાંઈ માર્ગમાં અને મોક્ષના ઉપાયમાં પ્રવર્તે છે એ વાત બીજાને નિષ્કારણપણે દર્શાવી દે છે.

અંતર-બાહ્ય તેવો પ્રકાર, '**તે જ યથાર્થ પ્રકાર છે.**' એમ કરીને એમણે એ વિષયમાં પોતાના વિચારો અને અભિપ્રાયો દર્શાવ્યા છે. અને એમ કહીને એ કહ્યું એ જે કાંઈ યોગાનુયોગપણે જેટલા જીવોને સમાગમમાં આવી અને લાભ થવાનો હશે તે થશે. જેવું જેનું પ્રારબ્ધ. અમે તો અમારા રસ્તે ચાલીએ છીએ, આત્માના અનુસંધાનમાં છીએ. અને જે કાંઈ પ્રારબ્ધ અનુસાર યોગાનુયોગ બને છે ત્યારે એ જ વાત અમે કરીએ છીએ. બીજો વિષય તો અમારી પાસે છે પણ નહિ. કોઈ લૌકિક વાતમાં તો એ રસ લેતા નહિ. કોઈ લૌકિક વાત આવે તો એ વાતને પોતે સ્થાન પણ આપતા નહિ. એ પ્રકાર છે એમનો. એ ૮૮૨ થયો. કોઈ કોઈ વિષય આડકતરી રીતે બહાર આવી ગયા છે. આ રીતે કે ગૃહસ્થયોગમાં જ્ઞાનીપુરુષ હોય તો એણે માર્ગપ્રભાવના કેવી રીતે કરવી જોઈએ. યથાર્થ પ્રકાર એનો કેવો હોવો જોઈએ. એ ૮૮૨ થયો.

પત્રાંક-૮૮૩

મુંબઈ, અસાડ વદ ૮, રવિ, ૧૯૫૫

ૐ નમઃ

'बिना नयन पावे नहीं बिना नयनकी बात'[1]

એ વાક્યનો હેતુ મુખ્ય આત્મદૃષ્ટિ પરત્વે છે. સ્વાભાવિક ઉત્કર્ષાર્થે એ વાક્ય છે. સમાગમના યોગે સ્પષ્ટાર્થ સમજાવા યોગ્ય છે. તેમજ બીજા પ્રશ્નોનાં સમાધાન માટે હાલ પ્રવૃત્તિ બહુ અલ્પ વર્તે છે. સત્સમાગમના યોગમાં સહજમાં સમાધાન થવા યોગ્ય છે.

'બિના નયન' આદિ વાક્યનો સ્વકલ્પનાથી કંઈ પણ વિચાર ન કરતાં, અથવા શુદ્ધ ચૈતન્યદૃષ્ટિ પ્રત્યેનું વલણ તેથી વિક્ષેપ ન પામે એમ વર્તવું યોગ્ય છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા' અથવા બીજું સત્શાસ્ત્ર થોડા વખતમાં ઘણું કરીને પ્રાપ્ત થશે.

દુષમકાળ છે, આયુષ્ય અલ્પ છે, સત્સમાગમ દુર્લભ છે, મહાત્માઓના પ્રત્યક્ષ વાક્ય, ચરણ અને આજ્ઞાનો યોગ કઠણ છે. જેથી બળવાન અપ્રમત્ત પ્રયત્ન કર્તવ્ય છે.

તમારી સમીપ વર્તતા મુમુક્ષુઓને યથાવિનય પ્રાપ્ત થાય. શાંતિઃ.

૧. જુઓ આંક ૨૫૮

૮૮૩. 'મનસુખલાલ છગનલાલ' 'વિરમગામ'ના મુમુક્ષુ ઉપરનો છે. '**ૐ નમઃ**' 'બિના નયન પાવે નહિ બિના નયનકી બાત'. આ એક પદ એમણે અગાઉ લખ્યું છે. ૨૫૮મો આંક છે એમાં આખું પદ છે. Footnote માં એનું અનુસંધાન આપ્યું છે કે આખું પદ છે એ ૨૫૮ પત્રાંકમાં આવી ગયું છે. એની એક કડી, એક પંક્તિ અહીંયાં Heading તરીકે લખી છે. એટલે એમ લખ્યું છે કે આ કોઈ ચર્મચક્ષુની વાત નથી. 'બિના નયન'ની વાત છે એટલે કે નયનની વાત નથી. નયન એટલે ચક્ષુ. ચર્મચક્ષુની વાત નથી. આ બિના નયનની વાત છે એટલે કોઈ જ્ઞાનચક્ષુની વાત છે. અને તે જ્ઞાનચક્ષુ વગર પામી શકાય એવી નથી. જ્ઞાનચક્ષુની વાત જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વગર પામી શકાય એવી નથી. એવું એક હેતુપૂર્વક Heading બાંધ્યું છે.

સામા મુમુક્ષુજીવને કોઈ પ્રકાર એવો વર્તતો હોય કે જે બુદ્ધિ અને મનની પહોંચથી

આ વિષયને પહોંચવા માટે પ્રયત્ન કરતો હોય. એટલે કે બહિર્મુખ પરિણામે. બુદ્ધિથી એટલે બહિર્મુખ પરિણામે આ વિષયને પ્રાપ્ત કરવા મથતો હોય, પ્રયત્ન કરતો હોય ત્યારે એને એ દિશા બંધ કરાવવા માટે એમ કહે છે કે એ દિશા નથી, દિશા કોઈક બીજી છે. આ દિશા અંતરની છે, બહારની આ દિશા નથી.

'**એ વાક્યનો હેતુ મુખ્ય આત્મદૃષ્ટિ પરત્વે છે.**' જુઓ ! પત્રમાં ખુલાસો કરે છે કે ઉપરનું જે વચન છે એનો '**હેતુ મુખ્ય આત્મદૃષ્ટિ પરત્વે છે.**' આત્મદૃષ્ટિ થયા વિના, આત્મદૃષ્ટિની વાતો સમજાય એવી નથી. '**સ્વાભાવિક ઉત્કર્ષાર્થે એ વાક્ય છે.**' અને એ પદ્ધતિ એવી વાપરી છે એ ઉત્કર્ષ અર્થે વાપરી છે કે સામા જીવને વિચારતો કરી મૂકે. સાદી ભાષામાં લખે તો એટલો વિચાર ન આવે એટલે એમણે અનેક પ્રકારે શૈલી કરી છે. વસ્તુના સ્વરૂપને નિરૂપણ કરવાનું આ પણ એક એમનું સામર્થ્ય છે અથવા ઉપદેશનો પ્રકાર, કોઈ વિલક્ષણ પ્રકારથી જુદો કરવો હોય તો આવો પ્રકાર છે.

'બિના નયન પાવે નહિ, બિના નયનકી બાત'. માણસ વિચારતો થઈ જાય કે વગર નેત્રે જેમ મળે નહિ વગર નેત્રની વાત. આ કઈ જાતની વાત હશે ? વિચારતો થઈ જાય. એટલે એ સ્વભાવિક વિચારના ઉત્કર્ષ અર્થે, સ્વભાવિકપણે જ એ વિચારનો ઉત્કર્ષ લંબાય જાય, જિજ્ઞાસાવૃત્તિ સતેજ થઈ જાય. તત્ત્વના નિરૂપણમાં આ એક કાર્યપદ્ધતિ છે, કે તત્ત્વનું નિરૂપણ જિજ્ઞાસુ જીવો પાસે જ કરવામાં આવે છે. જે જીવોને જિજ્ઞાસા ન હોય એ જીવોને જિજ્ઞાસા ઉત્પન્ન થાય એવી શૈલી શરૂ કરે કે જેથી એ જિજ્ઞાસામાં આવી જાય અને જિજ્ઞાસામાં આવતાં એ તત્ત્વની રજુઆત કરે. કેમકે તત્ત્વ ગ્રહણ કરવામાં જિજ્ઞાસાકાળ એ જ એક યથાર્થ કાળ છે, યોગ્ય કાળ છે. વગર જિજ્ઞાસાનો કાળ એ તત્ત્વ શ્રવણનો કે તત્ત્વ પ્રાપ્તિનો યોગ્ય કાળ નથી પણ અયોગ્ય કાળ છે. એટલે મુમુક્ષુને સાદી ભાષામાં જિજ્ઞાસુ પણ કહેવામાં આવે છે કે આ જિજ્ઞાસુ જીવ છે. જીજ્ઞાસુ જીવ છે એટલે તત્ત્વ પ્રાપ્તિ માટે એ જિજ્ઞાસામાં રહે છે, લાલાયતપણે રહે છે એટલે એની ભૂમિકા તત્ત્વ ગ્રહણ કરવા માટેની યોગ્ય ભૂમિકા છે.

એટલે '**સ્વાભાવિક ઉત્કર્ષાર્થે...**' અથવા સ્વાભાવિકપણે જિજ્ઞાસા ઉત્પન્ન થવા અર્થે એ વાક્ય એ પદ્ધતિથી કહેવામાં આવ્યું છે. તત્ત્વ પ્રતિપાદનમાં કેટલી વિચિક્ષણતા છે ! સામાન્ય માણસોની વિચિક્ષણતાની કોઈ એની પાસે બરાબરી કરી શકાય એવી સ્થિતિ ન હોય. એ જ માણસો વિચારે કે આમ કેમ ? અહીંયાં આમ કેમ ? અહીંયાં આમ કેમ ? જેની કોઈ સરખામણીમાં, ટકાવારીમાં આવી શકે એવું ન હોય. એટલી બધી વિચિક્ષણતાથી પોતે પ્રતિપાદન કર્યું છે.

'**સમાગમના યોગે સ્પષ્ટાર્થ સમજાવા યોગ્ય છે.**' રૂબરૂમાં. સમાગમના યોગે એટલે

પ્રત્યક્ષપણે આપણે જ્યારે મળશું ત્યારે સ્પષ્ટપણે એનો અર્થ તમને સમજાવીશું, એ સમજાવા યોગ્ય છે અથવા એ વાત તમારે પ્રત્યક્ષ મળવાનું થાય ત્યારે બરાબર સમજવાની જિજ્ઞાસા રાખવી. એટલે કદાચ પોતે વિસ્મૃતિ કરે તો એણે સ્મરણ આપવું જોઈએ કે આપે આ વાત લખી હતી અને સમાગમમાં એ વાત સ્પષ્ટ સમજાશે એમ લખ્યું હતું તો મારે સમજવાની જિજ્ઞાસા છે.

કોઈવાર તો જ્ઞાનીપુરુષ પોતાને ખ્યાલમાં હોય તોપણ એક વાત લખી હોય પત્રમાં કે આ વાત આપણે રૂબરૂમાં વધારે કરશું. પત્ર કરતા રૂબરૂમાં સમજવામાં તમને તે વધારે અનુકૂળ થશે અથવા લાભનું કારણ થશે. પછી પોતાને ખ્યાલ હોય તોપણ પોતે યાદ ન કરે. એનું ધ્યાન ગયું છે કે નહિ ? ધ્યાન દઈને એણે એ વાત ઉપર વજન રાખીને સ્મરણમાં રાખ્યું છે કે એનું વજન નથી એટલે વિસ્મરણ થઈ ગયું છે ? ત્યાં સુધી એનો Test કરે છે. અને યોગ્યતાની એ પરીક્ષા છે. એવી રીતે પણ કોઈવાર પ્રસંગ બને છે.

'તેમજ બીજા પ્રશ્નોના સમાધાન માટે હાલ પ્રવૃત્તિ બહુ અલ્પ વર્તે છે.' આ સિવાયના બીજા તમારા કોઈ પ્રશ્ન હોય તો અમારી ઉત્તર દેવાની પ્રવૃત્તિ હમણાં અલ્પ વર્તે છે. એટલે કે બાહ્ય પરિણામોમાં વૃત્તિ સંક્ષેપ થઈ ગયો છે. શું કહેવું છે ? બાહ્ય પ્રવૃત્તિ કરવા જતાં પરિણામોમાં વૃત્તિ સંક્ષેપાઈ ગઈ છે એટલે બીજા પ્રશ્નનો ઉત્તર પણ અત્યારે નથી લખતા. **'સત્સમાગમના યોગમાં સહજમાં સમાધાન થવા યોગ્ય છે.'** હવે એમની બાહ્ય પરિણામોની પરિસ્થિતિ એવી સમજાય છે કે જે એમના માથે આવી પડેલો ઉદય હતો, પોતાના પૂર્વ પ્રારબ્ધને લઈને જે માથે આવી પડેલું હતું એ પરાણે-પરાણે કરતા હતા અને એમાં પણ ઓછું ધ્યાન દેતા, ઓછો ઉપયોગ દેતા. એટલો સંક્ષેપ ત્યાં પણ કરી નાખ્યો હતો. તો પછી ત્યારપછીની બીજી વાતોમાં તો એમને જરાપણ બાહ્ય પરિણામની પ્રવૃત્તિમાં જવું પોસાતુ નહોતું. એવી સ્થિતિ થઈ હતી. એવું સમજાય છે. કેમકે અનેક જગ્યાએ પત્રનો ઉત્તર લખવામાં આ પ્રકારે જવાબ આપી અને ઉત્તર નથી આપ્યા.

''બિના નયન' આદિ વાક્યનો સ્વકલ્પનાથી કંઈ પણ વિચાર ન કરતાં, અથવા શુદ્ધ ચૈતન્યદૃષ્ટિ પ્રત્યેનું વલણ તેથી વિક્ષેપ ન પામે એમ વર્તવું યોગ્ય છે.' 'બિના નયન' આદિ વાક્યનો. કેમકે એમાં આંખની વાત લખી છે. તો એમાં કોઈ કલ્પનાથી બીજું કોઈ અર્થઘટન તમે નહિ કરતા. ભાષા ચોખ્ખી, ધાર્મિક ભાષા નથી વાપરી માટે તમે કોઈ બીજી કલ્પનાથી એનું અર્થઘટન નહિ કરતા, એનો વિચાર નહિ કરતા. **'અથવા શુદ્ધ ચૈતન્યદૃષ્ટિ પ્રત્યેનું વલણ તેથી વિક્ષેપ ન માપે એમ વર્તવું યોગ્ય છે.'**

એટલે કે એમાં જે શુદ્ધ ચૈતન્યદષ્ટિ કરાવવા પ્રત્યેનું જે વલણ છે એ વલણની મુખ્યતા રાખજો. એ વલણમાં વિક્ષેપ થાય એવું પણ કાંઈ અર્થઘટન વિચારતા નહિ. **''કાર્તિકેયાનુપ્રેક્ષા' અથવા બીજું સત્શાસ્ત્ર થોડા વખતમાં ઘણું કરીને પ્રાપ્ત થશે.'** ત્યાં મોકલ્યું છે, ઉત્તર ગુજરાતમાં મોકલ્યું છે. ત્યાંથી વંચાયા પછી આમને વાંચવા મોકલવાનો એમનો અભિપ્રાય લાગે છે આમાં.

હવે વર્તમાનકાળ સંબંધી થોડી પ્રેરણા આપી છે કે '**દુષમકાળ છે, આયુષ્ય અલ્પ છે, સત્સમાગમ દુર્લભ છે, મહાત્માઓના પ્રત્યક્ષ વાક્ય, ચરણ અને આજ્ઞાનો યોગ કઠણ છે. જેથી બળવાન અપ્રમત્ત પ્રયત્ન કર્તવ્ય છે.**' લ્યો ! આ ચોખ્ખી સૂચના આપી કે આ પ્રકારની વર્તમાન પરિસ્થિતિમાં શું કરવું જોઈએ. મુમુક્ષુજીવે શું કરવું જોઈએ ? કે બહારમાં અસત્સંગ અને કુસંગ બે પ્રકારનો ઘણો જ પ્રકાર વર્તે છે એટલે માણસ ઘેરાય ગયો છે. મુમુક્ષુ ઘેરાય જાય એવી પરિસ્થિતિ વર્તે છે. આયુષ્ય અલ્પ અને અનિશ્ચિત છે. આ કાળમાં થોડું આયુષ્ય છે. ૬૦-૭૦-૮૦ આસપાસમાં ૯૯ ટકા પૂરા કરે અને એ પણ અનિશ્ચિતપણે. એ પહેલાં પણ કોઈનું આયુષ્ય સમાપ્ત થાય છે. એટલે આયુષ્ય અલ્પ છે, અનિશ્ચિત છે. અને સત્સમાગમ તો ઘણો દુર્લભ છે. સત્સંગ મળે એ વસ્તુ તો એટલી બધી દુર્લભ છે કે ભાગ્યે જ એના માટે શોધ કરે તોપણ ભાગ્યે જ મળે એવી જ અત્યારે પરિસ્થિતિ થઈ ગઈ છે.

એમાં પણ મહાપુરુષોના, સત્પુરુષોનું પ્રત્યક્ષ વચન મળે એ તો ઘણું કઠણ છે. એમના ચરણમાં નિવાસ થાય એ તો વળી એથી પણ ઘણું કઠણ છે. અને એમની આજ્ઞા અનુસાર, એમની આજ્ઞા પોતાને સીધી થાય. એ ક્યારે થાય ? કે એવી પાત્રતાવાળો જીવ હોય એને સીધી આજ્ઞા કરે કે તમારે આમ કરવાનું છે અને આમ નથી કરવાનું. બીજાને ન કહે. કેમકે એને તો શંકા પડશે કે આમ કેમ મને કહે છે ? એટલે એને તો અભક્તિના પરિણામ થતા વાર નહિ લાગે. અત્યંત પાત્ર જીવ હોય કે જેને સ્વપ્ને પણ શંકા ઉત્પન્ન થવાની પરિસ્થિતિ ન દેખાય તો એણે પ્રત્યક્ષ આજ્ઞા પણ કરે. એવો આજ્ઞા યોગ તો ઘણો કઠણ છે.

એવી પરિસ્થિતિમાં બળવાનપણે ઘણા જોરથી, પ્રમાદમાં એટલે બીજા કાર્યોમાં વ્યસ્ત રહેવું પડે છે એમાંથી સમય કાઢીને. એમ. અપ્રમત્ત એટલે પ્રમાદ ઓલું કાંઈ નવરો બેઠો બેઠો (કાંઈ ન કરે) એમ નહિ. બીજા સંસારના કાર્યો કરે એમાં પણ સંક્ષેપ કરીને બળવાનપણે પ્રયત્ન, આત્મહિતનો પ્રયત્ન કર્તવ્ય છે.

એનો અર્થ એ થાય છે કે મનુષ્યના જીવનમાં આત્મહિતની પ્રધાનતા રહેવી ઘટે છે. ઉદય અનુસાર બીજી પ્રવૃત્તિ માથે આવી પડેલી હોય છે તો એમાં પણ બને એટલો

વૃત્તિ સંક્ષેપ કરીને, ઉપેક્ષા કરીને એટલે પોતાની અપેક્ષાઓ ઘટાડીને એમ છે એમાં. ઉપેક્ષા કરીને એનો અર્થ શું છે ? કે સામાન્ય રીતે સંસારીજીવ અનેક પ્રકારની અપેક્ષામાં ઊભો છે. આ આમ થાય તો ઠીક... આ આમ થાય તો ઠીક.. આ આમ થાય તો ઠીક... આ આમ થાય તો ઠીક... અનેક કાર્યો આમ થાય.. આમ થાય.. એની એ ઘટમાળ ચાલતી હોય છે એ અભિપ્રાયમાં અપેક્ષાવૃત્તિ છે. એ સ્થાનમાં ઊપેક્ષા થાય, ઉદાસીનતા થાય અને વૃત્તિ સંક્ષેપ થાય તો જ એનો આત્મકાર્યની અંદર પ્રયત્ન છે એ પ્રયત્ન સાર્થક થાય. નહિતર ઉપર ઉપરનો બાહ્ય પ્રયત્ન નિરર્થક થાય એવી પરિસ્થિતિ હંમેશાં રહી છે અને હવે એવી પરિસ્થિત ન રહે એ વિચારવાનું છે.

'તમારી સમીપ વર્તતા મુમુક્ષુઓને યથાવિનય પ્રાપ્ત થાય.' એટલે કે બીજા મુમુક્ષુઓ પણ ત્યાં હશે એને યથાયોગ્ય કહેશો. **'શાંતિઃ'** એ ૮૮૩ પત્રમાં વર્તમાકાળમાં મુમુક્ષુએ આત્મકલ્યાણ માટે વિશેષ જાગૃત રહેવું, આત્મકલ્યાણના નિમિત્તની પ્રાપ્તિ નહિવત્ હોવાને કારણે વિશેષપણે જાગૃત રહેવું. એ એક ખાસ પ્રેરણા એમણે આ પત્રમાં આપી છે. બાકીની વાત તો પ્રાસંગિક છે.

પત્રાંક-૮૮૪

આ દુષમકાળમાં સત્સમાગમ અને સત્સંગપણું અતિ દુર્લભ છે. ત્યાં પરમ સત્સંગ અને પરમ અસંગપણાનો યોગ ક્યાંથી છાજે ?

૮૮૪. **'આ દુષમકાળમાં સત્સમાગમ અને સત્સંગપણું અતિ દુર્લભ છે. ત્યાં પરમ સત્સંગ અને પરમ અસંગપણાનો યોગ ક્યાંથી છાજે ?'** આમાં પણ વર્તમાનકાળ સંબંધીની વાત લીધી છે. પત્ર કોના ઉપર છે એ નથી. એક Post card લખ્યું છે કોઈના ઉપર. Post card માં તો સામાન્ય રીતે પાછળ સરનામું હોય. પણ ઘણા એવા પત્રો છે કે જેમાં કોને લખાયો છે એ વાત નથી મૂકાણી. **'આ દુષમકાળમાં સત્સમાગમ અને સત્સંગપણું અતિ દુર્લભ છે. ત્યાં પરમ સત્સંગ...'** એટલે જ્ઞાનીનો સંગ મળે **'અને પરમ અસંગપણાનો યોગ ક્યાંથી છાજે ?'** અને પોતે અંતરમાં સ્વરૂપમાં લીન થઈને પરમ અસંગ થાય એવો યોગ તો ક્યાંથી બને એમ કહે છે. હજી તો બહારમાં સત્સંગ નથી મળતો.

મુમુક્ષુઓ, સત્સંગ કરવા લાયક એવા જે મુમુક્ષુઓ. નામધારી મુમુક્ષુઓ નહિ. મુમુક્ષુ એટલે બધા મુમુક્ષુ નામ છે એટલે મુમુક્ષુ નથી. પણ સત્સંગ કરવા યોગ્ય એવા જે મુમુક્ષુઓ છે એનો સત્સંગ મળવો તે અતિ દુર્લભ છે. અને ત્યાં જ્ઞાનીનો સત્સંગ

મળે અને પોતે અસંગવૃત્તિમાં આવી જાય, પરમ અસંગવૃત્તિમાં આવી જાય એવું તો ક્યાંથી બને એમ કહે છે. એ પરિસ્થિતિ ઘણી વિષમ પરિસ્થિતિ છે એમ એમનો કહેવાનો આશય છે અહીંયાં.

પત્રાંક-૮૮૫

મુંબઈ, શ્રાવણ સુદ ૩, ૧૯૫૫

ૐ

પરમ પુરુષની મુખ્ય ભક્તિ, ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવા સદ્વર્તનથી પ્રાપ્ત થાય છે. ચરણપ્રતિપત્તિ (શુદ્ધ આચરમની ઉપાસના) રૂપ સદ્વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે, જે આજ્ઞા પરમપુરુષની મુખ્ય ભક્તિ છે.

ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવામાં ગૃહવાસીજનોએ સદુદ્યમરૂપ આજીવિકાવ્યવહાર સહિત પ્રવર્તન કરવું યોગ્ય છે.

ઘણાં શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણા શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.

૮૮૫. 'મનસુખભાઈ દેવશીભાઈ' 'લીંબડી'. 'લીંબડી'ના મુમુક્ષુ છે એના ઉપરનો પત્ર છે. '**પરમ પુરુષની મુખ્ય ભક્તિ, ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવા સદ્વર્તનથી પ્રાપ્ત થાય છે.**' આ તો ભક્તિ ક્યારે પ્રાપ્ત થાય ? કે પોતાના ગુણ વૃદ્ધિનો અભિપ્રાય હોય અને એ અનુસાર પોતાનું વર્તન હોય. આત્મગુણોમાં વૃદ્ધિ કરવી, આત્મગુણોને પ્રગટ કરવા એવા અભિપ્રાયથી પોતાનું વર્તન હોય તો પરમ પુરુષની મુખ્ય ભક્તિ પ્રાપ્ત થાય છે. તો કોઈ મહાપુરુષની મુખ્ય ભક્તિનો અવસર આવે છે અથવા પરમ પુરુષની ભક્તિનો બીજો અર્થ જ એ છે કે પોતાને પોતાના આત્મહિતની અત્યંત ગરજ છે. એ ભક્તિ શું સૂચવે છે ? એ ગરજને સૂચવે છે. કે મને આત્મકલ્યાણ કરવું છે એના માટે મારી ઘણી તૈયારી છે. સર્વાર્પણબુદ્ધિએ જે આત્મકલ્યાણ માગે છે એને અહીંયાં પરમ પુરુષની મુખ્ય ભક્તિ ગણવામાં આવી છે.

'**ચરણપ્રતિપતિ (શુદ્ધ આચરણની ઉપાસના) રૂપ સદ્વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે, જે આજ્ઞા પરમપુરુષની મુખ્ય ભક્તિ છે.**' લ્યો ! મુમુક્ષુજીવનું વર્તન, જ્ઞાનીની આજ્ઞા અને ભક્તિ આ ત્રણેને એકસાથે લઈ લીધા છે. એટલે અવિનાભાવી હોય છે. આ ત્રણે પ્રકારના પરિણામ મુમુક્ષુજીવમાં અવિનાભાવીપણે હોય છે. શુદ્ધ

આચરણની ઉપાસના, સરળતા, મધ્યસ્થતા, વિશાળતા એ આદિ. એવું જે સદ્વર્તન. જિતેન્દ્રિયતા, એમણે જે ૪૦મા આંકમાં લીધું છે ને ? મધ્યસ્થતા, સરળતા, જિતેન્દ્રિયપણું એ વગેરે.

મુમુક્ષુ :- વિશાળબુદ્ધિ.

પૂજ્ય ભાઈશ્રી :- અને વિશાળબુદ્ધિ. એ જે સદ્વર્તન છે એ જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે. અને એ આજ્ઞા એ જ પરમપુરુષની મુખ્ય ભક્તિ છે. એ આજ્ઞાએ વર્તે તે જ પરમપુરુષની મુખ્ય ભક્તિ છે. ભક્તિ એટલે પગચંપી કરે કે બીજું કરે એમ અહીંયાં કહેવું નથી. એ અન્યમતમાં એવી વાતો વિશેષ છે કે તમારે ગુરુનું આમ કરવું ને આમ કરવું ને આમ કરવું. તમારે સેવા કરવી, તમારે કામ કરવું, તમારે ફલાણુ કરવું, ઢીકણું કરવું, સમર્પણ કરવું, ગુરુને દક્ષિણા આપવી એ બધું ત્યાં વિશેષ છે. જૈનદર્શનમાં એ પ્રકારનો ઉપદેશ નથી. કેમકે જૈનદર્શનમાં ગુરુ છે એ નિષ્કામપણે વર્તતા ગુરુ હોય છે. એટલે એમની અપેક્ષાવૃત્તિ ન હોવાથી એમનો ઉપદેશ પણ એ પ્રકારનો નથી આવતો કે તમે આમ કરો, અમને તમે આમ કરી દ્યો, તમે અમને આમ કરી દ્યો. એવો ઉપદેશ એમનો નથી આવતો. એટલે એમ કહ્યું.

જે શુદ્ધ આચરણ છે એ જ્ઞાનીપુરુષની આજ્ઞા છે અને એ આજ્ઞાનું પાલન એ જ એની મુખ્ય ભક્તિ છે. જાવ ! એ જ એની મુખ્ય ભક્તિ કહેવામાં આવી છે. એટલે જ્ઞાનીના સમાગમમાં રહેનારો જીવ સદ્વર્તનવાળો હોય છે ત્યારે એમ કહેવાય છે કે...

'ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવામાં ગૃહવાસી જનોએ સદુદ્યમરૂપ આજીવિકાવ્યવહાર સહિત પ્રવર્તન કરવું યોગ્ય છે.' હવે જેઓ ગૃહસ્થ છે, ગૃહવાસી એટલે જેઓ ગૃહસ્થ છે, તે પોતાનામાં ગુણવૃદ્ધિ કરે. ઉત્તરોત્તર એટલે જેમ જેમ સમય જાય એમ ગુણવૃદ્ધિ વધારે થતી જાય, વધતી જાય. તો એણે આજીવિકારૂપ વ્યવહાર છે એના સદ્ઉદ્યમરૂપ એની પ્રવૃત્તિ હોવી જોઈએ. એટલે એની અંદર સરળતા, પ્રમાણિકતા એ આદિ એને બરાબર હોવું જોઈએ. નહિતર ત્યાં જો ગડબડ હોય તો પછી અહીંયાં ધાર્મિક ક્ષેત્રની અંદર, ધાર્મિક ક્રિયાઓથી એને કોઈ ગુણ પ્રાપ્તિ થાય કે ગુણ વૃદ્ધિ થાય એવું બની શકતું નથી. એટલે એ વાત લીધી છે.

'ઘણા શાસ્ત્રો અને વાક્યનોના અભ્યાસ કરતા પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.' કેવી સરસ વાત લખી છે ! સામાન્ય રીતે જે તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં લાગેલા જીવો છે એ અનેક શાસ્ત્રો અને ઘણાં શાસ્ત્રો વાંચી જાય છે, વાંચી લે છે, સમજવાની મહેનત કરે છે. પણ એના કરતા એક બીજો રસ્તો એમણે બતાવ્યો કે એ શાસ્ત્રમાં પોતાને લાગુ પડતી

એવી કોઈ એક વાત. કેમકે એ શાસ્ત્ર તો Medical store જેવું છે. અનેક પ્રકારની વાતો કરી છે એ અનેક પ્રકારની દવાઓ છે, ભિન્ન ભિન્ન પ્રકારના રોગીઓ માટેની. બધી વાત એક જીવને કામમાં આવે એવું હોતું નથી. એટલે બધી વાત પોતાને કામમાં આવે એવી ન હોય ત્યારે એણે એ વિચારવું ઘટે છે કે કઈ વાત મને કામમાં આવે એવી છે. મારા આ પ્રકારના દોષમાં આ વાત મને ઉપયોગી છે એવું એણે પોતે પ્રયોજનની તીક્ષ્ણ દૃષ્ટિથી અને સૂક્ષ્મ દૃષ્ટિથી શોધી કાઢવું રહે છે અને એને એ ઉપાસે. ઘણાં શાસ્ત્રો વાંચવાને બદલે ત્યાં વજન જાય અને ત્યાં એ ફેરફાર કરી નાખે, એ વાતને પોતાના પરિણમનમાં લાગુ કરે, પોતાના પ્રયોગમાં લાગુ કરે તો એ ઘણા શાસ્ત્રોથી જે ફળ થાય એ સહજમાત્રમાં અલ્પ પ્રયાસે થાય. અને આ પ્રકાર યોગ્ય છે. આવો પ્રકાર હોવો જોઈએ. ઘણાં શાસ્ત્રો વાંચવા કરતા .. કોઈ શાસ્ત્રમાંથી પોતાને જે ઉપયોગી હોય એવી વાતને ગ્રહણ કરી લેવી, એવી વાતને પ્રયોગમાં લઈ લેવી અને એ રીતે એના ઉપર વધારે વજન આપીને એકાગ્ર થવું. ત્યાં પોતાના પુરુષાર્થને વધારે લાગુ કરવો. તો ઘણાં શાસ્ત્રોથી જે ફળ થાય એ થોડામાં-અલ્પમાં સહેજે થઈ જાય. કદાચ ઘણાં શાસ્ત્રોથી ન થાય એટલું પણ થઈ જાય. એમ કહેવું છે. જુઓ ! કેવું માર્ગદર્શન આપ્યું છે ! દોઢ લીટીની અંદર મુમુક્ષુજીવે, તત્ત્વજ્ઞાનના અભ્યાસ કરનારા જીવે ક્યા પ્રકારે શાસ્ત્રનો અભ્યાસ કરવો એ વાત લીધી છે.

એટલે સામાન્ય રીતે શાસ્ત્રો જેને ઘણો સમય થઈ ગયો છે એને તો બધા શાસ્ત્રો લગભગ વંચાઈ ગયા હોય છે. હવે શું કરવું ? કે ફરી ફરીને તેને તે શાસ્ત્રો આખાં વાંચી જવા એના બદલે પોતાને ઉપયોગી આખા શાસ્ત્રમાંથી કેટલી-કેટલી, ક્યાં-ક્યાં વાતો છે ? એ જ વાતો ઉપર પોતે વધારે ધ્યાન આપે, લક્ષ આપે અને પોતાના ઉદયમાં એ વાતોને લાગુ કરે અને તે તે પ્રકારના ઉપદેશથી પોતાના દોષને મોળો પાડે એટલે દોષનો રસ મોળો પડે એ પ્રકારમાં પ્રવર્તે તો એને પોતાને આત્મલાભ થાય, યોગ્યતાની પ્રાપ્તિ થાય. આત્મલાભ થવામાં પહેલાં તો યોગ્યતાની એને પ્રાપ્તિ થાય કે જે યોગ્યતા એને જ્ઞાન પ્રાપ્તિમાં કારણ થઈ શકે. એ જાતનું માર્ગદર્શન છે એમાં. એ ૮૮૫ થયો.

૮૮૬. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે.

મુમુક્ષુ :- ગુરુની આજ્ઞા શું છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુરુની આજ્ઞા એ છે કે પોતાનું સદ્વર્તન હોવું જોઈએ. એ તો ૮૮૫માં એ લીધું. ચરણપ્રતિપત્તિ. પોતાનું જે સદ્વર્તન છે એ જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે અને એ આજ્ઞા જ પરમપુરુષની મુખ્ય ભક્તિ છે. નહિતર ભક્તિ કરતો હોય તોપણ ખરેખર એ ભક્તિ નથી પણ અભક્તિ થઈ જાય છે એની અંદર. એટલે એક

પત્રમાં આચરણની પણ વાત લીધ અને એ જ પત્રમાં શાસ્ત્ર અધ્યયનમાં કયો પ્રકાર હોવો ઘટે છે એ વાત પણ લીધી.

પત્રાંક-૮૮૬

મોહમયીક્ષેત્ર, શ્રાવણ સુદ ૭, ૧૯૫૫

શ્રી 'પદ્મનંદી શાસ્ત્ર'ની એક પ્રત કોઈ સારા સાથયોગે વસોક્ષેત્રે મુનિશ્રીને સંપ્રાપ્ત થાય એમ કરશો.

બળવાન નિવૃત્તિવાળા દ્રવ્યક્ષેત્રાદિ યોગમાં તે સત્શાસ્ત્ર તમે વારંવાર મનન અને નિદિધ્યાસન કરશો. પ્રવૃત્તિવાળાં દ્રવ્યક્ષેત્રાદિમાં તે શાસ્ત્ર વાંચવું યોગ્ય નથી.

ત્રણ યોગની અલ્પ પ્રવૃત્તિ, તે પણ સમ્યક્ પ્રવૃત્તિ હોય ત્યારે મહત્પુરુષના વચનામૃતનું મનન પરમ શ્રેયનું મૂળ દઢીભૂત કરે છે; ક્રમે કરીને પરમપદ સંપ્રાપ્ત કરે છે.

ચિત્ત અવિક્ષેપ રાખી પરમશાંત શ્રુતનું અનુપ્રેક્ષણ કર્તવ્ય છે.

૮૮૬. 'અંબાલાભાઈ' ઉપરનો પત્ર છે. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર ઘણાં વખતે આવ્યો. ''**શ્રી પદ્મનંદી શાસ્ત્ર'ની એક પ્રત કોઈ સારા સાથયોગે વસોક્ષેત્રે મુનિશ્રીને સંપ્રાપ્ત થાય એમ કરશો.**' 'વસો' આવી ગયા છે. કોઈ કોઈ 'વસો'માં છે. કોઈ કદાચ ઉત્તર ગુજરાતમાં રહ્યાં હોય. 'વસો' તો લગભગ 'ખેડા' જિલ્લામાં છે. '**બળવાન નિવૃત્તિવાળા દ્રવ્યક્ષેત્રાદિ યોગમાં તે સત્શાસ્ત્ર તમે વારંવાર મનન અને નિદિધ્યાસન કરશો.**' બળવાન નિવૃત્તિવાળા દ્રવ્યક્ષેત્રાદિ યોગમાં. આ 'પદ્મનંદિ પંચવિંશતિ' છે એમણે એ શાસ્ત્રને ઉપનામ આપ્યું છે. વનશાસ્ત્ર નામનું ઉપનામ આપ્યું છે. આ શાસ્ત્ર એવું સરસ છે. પોતાને ઘણું ગમ્યું છે. જંગલમાં જઈને વાંચવું. ઘરમાં બેસીને ન વાંચવું પણ જંગલમાં જઈને વાંચવું. આ તો વનશાસ્ત્ર છે. વનમાં જઈને વાંચવા જેવું શાસ્ત્ર છે. એટલો બધો ભાવ એમને 'પદ્મનંદિ પંચવિંશતિ' શાસ્ત્ર ઉપર આવ્યો છે.

એટલે મુનિઓને પણ એમ લખ્યું છે કે '**બળવાન નિવૃત્તિવાળા દ્રવ્યક્ષેત્રાદિ યોગમાં તે સત્શાસ્ત્ર તમે વારંવાર મનન અને નિદિધ્યાસન કરશો.**' આમ તો એ ચોમાસામાં છે. શ્રાવણ મહિનો છે એટલે ચોમાસું ચાલે છે ને ?

મુમુક્ષુ :- 'અંબાલાલભાઈ' છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'અંબાલાલભાઈ' છે. બરાબર છે. 'અંબાલાભાઈ'નો પત્ર છે. ખરું. શાસ્ત્ર ત્યાં મુનિને પ્રાપ્ત થાય એમ કરશો. 'અંબાલાલભાઈ'ની વાત છે. હા બરાબર છે.

'**બળવાન નિવૃત્તિવાળા દ્રવ્યક્ષેત્રાદિ યોગમાં તે સત્શાસ્ત્ર...**' એટલે નિવૃત્તિક્ષેત્રમાં લઈ જઈને વાંચજો. '**પ્રવૃત્તિવાળાં દ્રવ્યક્ષેત્રાદિમાં તે શાસ્ત્ર વાંચવું યોગ્ય નથી.**' કેટલી હદે Treatment આપી છે ! જેમ કોઈ...

મુમુક્ષુ :- 'અંબાલાલભાઈ' તો કેવા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ પાત્ર જીવ છે. છતાં એને આવી સૂચના આપી છે. છતાં આવી સૂચના આપી છે. એટલે દર્દીને ક્યારે કેટલી માત્રામાં દવા આપવી ? કે આ દવા તમારે આટલા વાગે જ લેવાની છે. એના જેવી વાત છે. એના બદલે તમારે આ શાસ્ત્ર જંગલમાં જઈને જ વાંચવાનું છે. તમે ઘરે વાંચશો નહિ, ચોખ્ખું એમ કહ્યું છે. એમને જે પ્રત્યક્ષ યોગ છે એ એમની સૂચનાઓ કેટલી ઉપકારી હતી. આવી પ્રત્યક્ષ આજ્ઞા તો બહુ પાત્ર હોય એવા જીવને જ કરે. ઉપર કહ્યું ને ? કે પ્રત્યક્ષ આજ્ઞા છે એ યોગ તો ઘણો કઠણ છે. આજ્ઞાનો યોગ તો ઘણો કઠણ છે. ૩૮૩માં જે કહ્યું એ પ્રકાર એમને છે.

'**ત્રણ યોગની અલ્પ પ્રવૃત્તિ, તે પણ સમ્યક્ પ્રવૃત્તિ હોય ત્યારે મહત્પુરુષના વચનામૃતનું મનન પરમ શ્રેયનું મૂળ દઢીભૂત કરે છે; ક્રમે કરીને પરમપદ સંપ્રાપ્ત કરે છે.**' ત્રણ યોગની અલ્પ પ્રવૃત્તિ. મન, વચન અને કાયાની પ્રવૃત્તિ ઓછી હોય ત્યારે અને તે પણ સમ્યક્ પ્રવૃત્તિ એટલે આત્માભિમુખ હોય ત્યારે. પરિણામની પ્રવૃત્તિ આત્માભિમુખ હોય ત્યારે. '**મહત્પુરુષના વચનામૃતનું મનન પરમ શ્રેયનુ મૂળ દઢીભૂત કરે છે;...**' અને ત્યારે એ મહાપુરુષના વચનામૃતમાં રહેલું જે રહસ્ય છે, જે ઊંડાણ છે એ ઊંડાણ મનન કરતાં હાથ આવે છે. અને પરમશ્રેયનું મૂળિયું મજબૂત કરે છે. જે પરમશ્રેય એટલે મોક્ષ, પરમશ્રેય એટલે મોક્ષ જે છે. શ્રેય એટલે કલ્યાણ. પરમશ્રેય એટલે પરમકલ્યાણ. પરમકલ્યાણ એટલે મોક્ષ. એના મૂળિયાને દઢીભૂત કરવામાં આ મહાપુરુષોના વચનામૃત છે એ નિમિત્ત પડે છે. ક્યારે ? કે સમ્યક્ પ્રવૃત્તિમાં એનું મનન કરવામાં આવે ત્યારે.

આત્માને લક્ષમાં લઈને અથવા આત્મકલ્યાણના લક્ષે મહાપુરુષોના વચનામૃતનું મનન કરવામાં આવે એટલે કે પોતાના આત્માને એ વચનામૃત કેવી રીતે પરિણમનમાં ઉપયોગી થાય છે અથવા પરિણમનમાં આ વાતને, વચનામૃતને પોતે કેવી રીતે લાગુ

કરી શકે એવી કોઈ પદ્ધતિથી જ્યારે મહાપુરુષના વચનામૃતનું મનન કરવામાં આવે છે, અવગાહન કરવામાં આવે છે એટલે ઊંડી વિચારણા, અવગાહન એટલે ઊંડી વિચારણા કરવામાં આવે છે ત્યારે પરમશ્રેયનું મૂળ દઢ થાય છે. મોક્ષનું મૂળ દઢ થાય છે. આવું છે. એમણે બહુ સૂક્ષ્મ વાતો લખી છે.

શાસ્ત્ર સ્વાધ્યાય કરવાની પદ્ધતિ. મહાપુરુષના વચનામૃત એ શાસ્ત્રો છે. એને જ આપણે શાસ્ત્ર કહીએ છીએ. ભલે એ છૂટા છૂટા કહેવાયા હોય તો એને ગ્રંથારૂઢ કરીને એને શાસ્ત્ર કહેવામાં આવે છે. જેમકે આ પણ આ ગ્રંથને 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'ને શાસ્ત્ર કહીએ છીએ કે 'ગુરુદેવ'ના વચનામૃતને શાસ્ત્ર કહીએ છીએ. એ કેવી રીતે એનું મનન કરવું એની પણ ઘણી સરસ સૂચનાઓ કરી છે એમણે. અને એવું જે મોક્ષનું મૂળ દઢ થાય ત્યારે ક્રમે કરીને પરમપદની એટલે મોક્ષની પ્રાપ્તિ પણ થાય છે. આ પ્રકારનું શાસ્ત્ર અધ્યયન છે એ મોક્ષની પ્રાપ્તિનું ઊંડે ઊંડે પણ કારણ બને છે. મનન કરવામાં પણ પદ્ધતિ કેવી હોવી જોઈએ. અનુપ્રેક્ષા જેને કહે છે. શ્રુતની અનુપ્રેક્ષા એ સંબંધીનું માર્ગદર્શન છે. માર્ગદર્શનની શાખાઓ અનેક છે. એમાં શ્રુતની અનુપ્રેક્ષા કેવી રીતે કરવી એનું માર્ગદર્શન અહીંયાં આપ્યું છે. બોલો ! શાસ્ત્રમાં કેવી રીતે ગોતશો ? મુમુક્ષુજીવને વર્તમાન પરિસ્થિતિમાં જે જગ્યાએ એ ઊભો છે ત્યાં એણે કયા પ્રકારે શાસ્ત્ર સ્વાધ્યાયની આ પ્રવૃત્તિ કરવી જોઈએ કે જેથી એને મોક્ષનું મૂળ દઢ થઈ જાય. આ એવી વાતો કરી છે.

'**ચિત્ત અવિક્ષેપ રાખી...**' વિક્ષેપ એટલે Disturbance જેને કહેવામાં આવે. વિક્ષેપને શું કહેવામાં આવે છે ? ડહોળાયેલું મન. ચિત્ત ડહોળાઈ ગયું હોય એમ નહિ. શાંત ચિત્ત હોય અથવા ચિત્ત જ્યારે આત્મકલ્યાણમાં પોતાના હેતુને પ્રવર્તવા તૈયાર થયું હોય. આત્મકલ્યાણના હિતને પ્રવર્તવા માટે ચિત્ત તૈયાર થઈ ગયું હોય ત્યારે એને બીજો વિક્ષેપ પડતો નથી. એવી રીતે ચિત્ત રાખી '**પરમશાંત શ્રુતનું અનુપ્રેક્ષણ કર્તવ્ય છે.**' પરમ શાંતરસ જેમાં મુખ્યપણે પ્રતિપાદન કરવામાં આવ્યો છે એવા જે સત્શાસ્ત્રો છે એનું વારંવાર ભાવનાથી પરિચર્યન કરવું એને અનુપ્રેક્ષા કહેવામાં આવે છે. ભાવનાપૂર્વક, ભાવતા એમ લે છે. એ વાત એમણે સત્શાસ્ત્રમાં અગાઉ પણ આગળ કરી છે. કે ભાવનાથી વાત છે, ભાવનાથી વિચારવું, ભાવતા-ભાવતા આમ કરવું એમ કરીને લખે છે.

૪૬૦ આસપાસનો પત્ર છે. ખાસ કરીને પાનું-૩૭૯, પત્ર-૪૬૦. શું કહે છે ? કે '**વ્યાધિરહિત શરીર હોય...**' ત્યારે એટલે તંદુરસ્ત શરીર હોય. વિષય ચાલ્યો છે. રોગવાળું શરીર હોય, શારીરિક વેદના હોય ત્યારે કેમ પ્રવર્તવું ? અને શારીરિક વેદના ન

હોય ત્યારે કેમ પ્રવર્તવું ? બેય માર્ગદર્શન આપ્યા છે એમણે આ પત્રમાં. અને બેમાંથી એક સ્થિતિ તો હોય જ. કાં તો વેદનાવાળી હોય અને કાં તો (વ્યાધિ વિનાની હોય), કાં તો વ્યાધિ હોય અને કાં તો વ્યાધિ ન હોય.

'**વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાંપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યા હોય, તો તે મોટું શ્રેય છે;...**' તંદુરસ્ત શરીર હોય ત્યારે પણ શરીરનું ભિન્નપણું જાણ્યું હોય, અનિત્યપણું જાણ્યું હોય અને મોહ ઓછો કર્યો હોય તો તે કલ્યાણનું મોટું કારણ છે. '**તથાપિ તેમ ન બન્યુ હોય...**' જ્યારે તંદુરસ્ત શરીર હોય ત્યારે તો આડેધડ ગમે તેમ ખાય-પીવે, મોજ-મજા કરે. '**તથાપિ તેમ ન બન્યું હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી;...**' શું કહે છે ? કે હવે જ્યારે રોગ થયો હોય ત્યારે ભિન્નપણાની ભાવના ભાવવી. ભિન્નપણું જાણવું એટલું નહિ, જાણીને મોહ-મમત્વ ઘટે એવી ભાવનાથી એ ભિન્નપણું જાણવું. જાણવું એક વાત છે, જાણીને ભાવના થવી ઘટે છે. એટલે જ્ઞાન છે એ ભાવનાની ઉત્પત્તિનું કારણ થવું ઘટે. જો ભાવનાની ઉત્પત્તિનું કારણ જ્ઞાન ન થાય તો એ જ્ઞાન શુષ્કતામાં ચાલ્યા વગર રહે નહિ. ચાલી જ જાય. શુષ્કતામાં વયુ જાય. એણે ભાવનામાં આવવું જોઈએ. એ વાત એમણે અનેક પત્રોમાં લીધી છે.

જે જીવ ભાવનામાં આવે તે જ જીવ ભેદજ્ઞાનનો યથાર્થ પ્રયોગ કરી શકે. જ્યાં સુધી એ ભાવનામાં ન આવે ત્યાં સુધી એનું જાણપણું કોરું છે એમ સમજવા યોગ્ય છે. અને એ શુષ્કતાને લઈને પોતે પ્રયોગમાં પ્રવેશી શકતો નથી. પ્રયોગની ભૂમિકામાં જ પ્રવેશ ન થાય તો પછી આગળની કોઈ વાત તો સિદ્ધ થવાનો અથવા યથાર્થ સમજણ થવાનો પણ ત્યાં અવસર નથી. ઓઘસંજ્ઞાની સમજણ એમ ને એમ રહી જાય. બાકીની સમજણ તો બધી ઓઘસંજ્ઞાની છે. એટલે ભાવનાના વિષય ઉપર એ ઘણી જગ્યાએ વજન આપે છે. અને સામન્ય રીતે એમના સંપ્રદાયના અનુયાયીઓમાં ભાવનાનું પ્રમાણ સારું જોવામાં આવે છે. ભાવનાવાળા જીવો ત્યાં અનેક જોવા મળે છે. થોડી એ સંપ્રદાયમાં પણ વિશેષતા એમના વચનામૃતને લીધે છે. એમના વચનામૃતમાં એ પ્રકાર વિશેષ આવ્યો છે એટલે એ વાત લીધી છે.

૮૮૬માં શાસ્ત્ર સ્વાધ્યાય પણ ઊંડે ઊંડે કાર્યકારી થાય તો કયા પ્રકારે કાર્યકારી થાય ? એનો એક સૂક્ષ્મ વિષય અહીંયાં નિરૂપણ થઈ ગયો છે. અને એ સંબંધીનું માર્ગદર્શન પણ ગ્રહણ કરવાયોગ્ય છે.

મુમુક્ષુ :- ત્રણે યોગની અલ્પપ્રવૃત્તિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અલ્પપ્રવૃત્તિ. એટલે બીજા કામની વચ્ચે વચ્ચે તમે શાસ્ત્ર વાંચી લ્યો એમાં કાંઈ મેળ પડે નહિ. ત્રણે યોગની અલ્પપ્રવૃત્તિ હોય અને ચિત્તમાં આત્મકલ્યાણની મુખ્યતા વર્તતી હોય. સમ્યક્ સન્મુખ થયા હોય એ વાત તો ઘણી જુદી જ છે. પણ મુમુક્ષુની એવી પરિસ્થિતિ તો લગભગ નથી દેખાતી ત્યારે આત્મકલ્યાણની મુખ્યતા પરિણામમાં વર્તતી હોય ત્યારે મહાપુરુષોના વચનામૃતનું મનન કરવામાં આવે. મનન કરવામાં આવે એટલે કે પોતાને લાગુ કેવી રીતે થાય ? એ પ્રકારથી એનુપ્રેક્ષણ ભાવનામાં આવીને કરવામાં આવે તો એ પરમપદની પ્રાપ્તિના મૂળમાં એ કાંઈક કામ કરે છે. ભલે બહાર તો મોટો એનો અંકુર ફૂટશે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનો ત્યારે ખબર પડશે કે કામ થયું. પણ એ પહેલા મૂળમાં પણ કાંઈક કામ થાય છે. મોક્ષમાર્ગમાં આવ્યા પહેલાં મૂળમાં કાંઈક કામ થાય છે એ આવા બધા પ્રકારથી કામ થાય છે એ વાતને એમણે પોતાના સ્વાનુભવથી અનેક જગ્યાએ ભિન્ન ભિન્ન રીતે સ્પષ્ટ કરીને ખોલેલી છે. અહીં સુધી રાખીએ...

પક્ષાંતિક્રાંત થવા માટે આત્માર્થી જીવ સ્વરૂપ લક્ષે થતા વિકલ્પની પણ ઉપેક્ષા કરે છે. જેથી સ્વાનુભવ યોગ્ય સ્થિતિ થાય છે. આ સિદ્ધાંતથી સ્વતઃ સિદ્ધ થાય છે કે આત્માર્થી જીવ તે પહેલાં સર્વ અન્ય દ્રવ્ય-ભાવથી સારી રીતે ઉદાસીન થયેલો હોય છે.

તેથી, જ્યાં સુધી આત્માર્થીની ભૂમિકામાં અપેક્ષાભાવ રહ્યા કરે ત્યાં સુધી પરમાર્થ માર્ગમાં આગળ વધી શકે નહિ. પરની અપેક્ષાવૃત્તિ જ જીવને સ્વરૂપ પ્રતિ અંતર્મુખ વળવામાં રૂકાવટ કરે છે. જેથી જે જીવ અંતરમાં વળવા ઈચ્છે છે, તેણે પોતાની પર - અપેક્ષિત વૃત્તિને મટાડવી ઘટે છે. પર અપેક્ષિત વૃત્તિ સ્વયં દીન ભાવ છે, જે સ્વયંના અનંત સામર્થ્યનો અનાદર ભાવ છે.

(અનુભવ સંજીવની-૧૫૦૫)

પત્રાંક-૮૮૭

મોહમયી, શ્રાવણ વદ ૦)), ૧૯૫૫

ૐ

અગમ્ય છતાં સરળ એવા મહત્પુરુષોના માર્ગને નમસ્કાર

સત્સમાગમ નિરંતર કર્તવ્ય છે. મહત્‌ભાગ્યના ઉદય વડે અથવા પૂર્વના અભ્યસ્ત યોગ વડે જીવને સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે, જે અતિ દુર્લભ છે. તે સાચી મુમુક્ષુતા ઘણું કરીને મહત્પુરુષના ચરણકમલની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે, અથવા તેવી મુમુક્ષુતાવાળા આત્માને મહત્પુરુષના યોગથી આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થાય છે; સનાતન અનંત એવા જ્ઞાનીપુરુષોએ ઉપાસેલો એવો સન્માર્ગ પ્રાપ્ત થાય છે. સાચી મુમુક્ષુતા જેને પ્રાપ્ત થઈ હોય તેને પણ જ્ઞાનીનો સમાગમ અને આજ્ઞા અપ્રમત્તયોગ સંપ્રાપ્ત કરાવે છે. મુખ્ય મોક્ષમાર્ગનો ક્રમ આ પ્રમાણે જણાય છે.

વર્તમાનકાળમાં તેવા મહત્પુરુષનો યોગ અતિ દુર્લભ છે. કેમકે ઉત્તમ કાળમાં પણ તે યોગનું દુર્લભપણું હોય છે; એમ છતાં પણ સાચી મુમુક્ષુતા જેને ઉત્પન્ન થઈ હોય, રાત્રિદિવસ આત્મકલ્યાણ થવાનું તથારૂપ ચિંતન રહ્યા કરતું હોય, તેવા પુરુષને તેવો યોગ પ્રાપ્ત થવો સુલભ છે.

'આત્માનુશાસન' હાલ મનન કરવા યોગ્ય છે.

શાંતિઃ

તા. ૨૩-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૮૭ થી ૮૯૬
પ્રવચન નં. ૪૧૭

પાનું-૬૩૭. પત્રનું મથાળું છે 'ૐ' કરીને. '**અગમ્ય છતાં સરળ એવા મહત્પુરુષોના માર્ગને નમસ્કાર**' માર્ગ સરળ છે છતાં અનાદિનો જીવ અજાણ હોવાને લીધે એને જલ્દી અંતર્મુખનો, આત્મકલ્યાણનો માર્ગ સમજાતો નથી, સૂઝતો નથી, ગમ્ય થતો નથી. એટલે અનુભવમાં આવતો નથી. છતાં એ સરળ માર્ગને પોતે ઉપાસતા હોવાથી અને સર્વ જીવોને ઉપાસવા યોગ્ય હોવાથી અહીંયાં નમસ્કાર કર્યા છે.

'સત્સમાગમ નિરંતર કર્તવ્ય છે.' પહેલું જ વચન એ લખ્યું છે. પત્ર તો કોને લખ્યો છે એ આમાં નથી મળતું. પણ પહેલાં Paragraph માં સત્સંગ વિષેનો પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે **'સત્સમાગમ નિરંતર કર્તવ્ય છે.'** સત્સમાગમ, એની રુચિ મુમુક્ષુજીવને જરા પણ ઓછી ન થવી જોઈએ. દિન-પ્રતિદિન વધવી જોઈએ પણ ઓછી ન થવી જોઈએ. **'મહત્ભાગ્યના ઉદય વડે અથવા પૂર્વના અભ્યસ્ત યોગ વડે જીવને સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે, જે અતિ દુર્લભ છે.'** શું કહે છે ? કે કાં તો પૂર્વે કાંઈ પણ આત્મકલ્યાણ માટેનો અભ્યાસ કર્યો હોય તો એવા પૂર્વના અભ્યસ્ત યોગ વડે એટલે કાંઈ પણ મુમુક્ષુઓને આત્મકલ્યાણ અને મુમુક્ષુતા વિષે કાંઈ પણ જીવના પરિણામ એ પ્રકારના અભ્યાસમાં ગયા હોય અથવા એવો ભૂતકાળ ન હોય તોપણ કોઈ હોનહાર સારી હોય. જીવનું કલ્યાણ કાંઈક નજીકમાં હોય તો એને મહત્ભાગ્યનો ઉદય ગણવામાં આવે છે. ભલે ભૂતકાળમાં એણે કાંઈ ઉપાસના નથી કરી તોપણ અત્યારે જે મુમુક્ષુતા પ્રગટ થઈ એ મુમુક્ષુતા એના સદ્ભાગ્યને સૂચવે છે, એના હોનહારને સૂચવે છે. અને એ રીતે સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થવી અતિદુર્લભ છે. મુમુક્ષુતા શબ્દ નહિ વાપરતા સાચી મુમુક્ષુતા એવો શબ્દ વાપર્યો છે. કેમકે મુમુક્ષુ તો સામાન્યપણે મોક્ષની ઈચ્છાવાળાને મુમુક્ષુ કહેવામાં આવે છે અને આસ્તિક્ય દર્શનની અંદર તો બધાય પોતાને મુમુક્ષુ એટલે મોક્ષની ઈચ્છાવાળા માનતા હોય છે. પણ ખરી મુમુક્ષુતા કહીએ, સાચી મુમુક્ષુતા કહીએ એ તો એવી છે કે જે મોક્ષને માટે જ યત્ન કરે છે-છૂટવા માટે જ યત્ન કરે છે. એ સિવાય બીજો યત્ન કરતા નથી. બીજું કરે છે એ અપ્રયત્ન દશાએ કરે છે. આ પ્રયત્ન દશાએ કરે છે. એટલો ફેર છે. એ સાચી મુમુક્ષુતા અતિદુર્લભ છે.

'તે સાચી મુમુક્ષુતા ઘણું કરીને મહત્પુરુષના ચરણકમલની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે.' જુઓ ! એમાં પણ એવી મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું બહુભાગ કારણ, ઘણું કરીને એ બહુભાગ કારણ તો એ છે કે કોઈ મહાપુરુષનો, સત્પુરુષનો યોગ થઈ જાય, જીવને આત્મકલ્યાણ સહેજે કરવાની વિશેષે પ્રેરણા ઉત્પન્ન થાય, વિશેષ ભાવના થાય અને સાચી મુમુક્ષુતા આવે. અથવા તેવી મુમુક્ષુતાવાળા આત્માને મહત્પુરુષના યોગથી આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થાય છે. અને જો સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થઈ હોય તો એવા જીવને મહત્પુરુષના યોગને કારણે સ્વરૂપમાં શ્રદ્ધાન ઉત્પન્ન થાય છે. આત્મનિષ્ઠા. નિષ્ઠા એટલે શ્રદ્ધા અહીં લેવી. આત્મામાં આત્માની નિષ્ઠા થાય કે આ જ મારા અવલંબનનું કારણ છે, અનંતસુખનું ધામ હું પોતે જ છું. તેવી આત્મનિષ્ઠા મહત્પુરુષના યોગથી સાચા મુમુક્ષુને ઉત્પન્ન થાય છે, પ્રાપ્ત થાય છે. એટલે એના જન્મ-મરણનો નાશ થઈ જાય છે.

'સનાતન અનંત એવા જ્ઞાનીપુરુષોએ...' ત્રણે કાળના. સનાતન એટલે ત્રણે કાળમાં થયા, થશે એવા અનંત જ્ઞાનીપુરુષોએ **'ઉપાસેલો એવો સન્માર્ગ પ્રાપ્ત થાય છે.'** અલ્પવિરામ કર્યું છે ને ? એ મુમુક્ષુતાવાળા આત્માને આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થાય છે અને આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થતાં એને સન્માર્ગની પ્રાપ્તિ હોય છે. કે જે સન્માર્ગ અનંત જ્ઞાનીઓએ ત્રણે કાળે ઉપાસ્યો છે. **'સાચી મુમુક્ષુતા જેને પ્રાપ્ત થઈ હોય તેને પણ જ્ઞાનીનો સમાગમ અને આજ્ઞા...'** એટલે જ્ઞાનીની આજ્ઞા **'અપ્રમત્તયોગ સંપ્રાપ્ત કરાવે છે.'** સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થઈ ગઈ છે, હવે વાંધો નથી એમ નથી લેતા. જ્યારે જ્ઞાનીઓ સ્વયં સત્સમાગમને ઈચ્છે તો મુમુક્ષુએ સત્સમાગને ઈચ્છવો એ વાત તો કહેવાની જરૂર રહેતી નથી.

'સાચી મુમુક્ષુતા જેને પ્રાપ્ત થઈ હોય તેને પણ...' તેને પણ એમ કરીને વજન દીધું છે. **'જ્ઞાનીનો સમાગમ અને આજ્ઞા...'** જ્ઞાનીનો સમાગમ એકલો નહિ પણ જ્ઞાનીની આજ્ઞા. કાલે જોયું હતું ને ? આજ્ઞાંકિતપણે સત્સમાગમમાં આવેલો જીવ હોય તો જ એને પરમાર્થ સમજાય છે. નહિતર ક્ષયોપશમ યોગે સિદ્ધાંત સમજાવા છતાં પરમાર્થ સમજાતો નથી. એટલે કે એ સિદ્ધાંતથી આત્મહિત કેમ કરવું એ નથી સમજાતું. સિદ્ધાંત સમજાય છે પણ આત્મહિત કેમ કરવું તે એને નથી સમજાતું. એટલે એકલો સમાગમ ન લીધો, સમાગમમાં શરત નાખી.

'જ્ઞાનીનો સમાગમ અને આજ્ઞા અપ્રમત્તયોગ સંપ્રાપ્ત કરાવે છે.' એટલે એની જ્ઞાનદશા પ્રાપ્ત કરીને એને મુનિદશા સુધી પણ લઈ જાય છે. **'મુખ્ય મોક્ષમાર્ગનો ક્રમ આ પ્રમાણે જણાય છે.'** લ્યો ઠીક ! આ ક્રમનો વિષય આવ્યો. આપણે ક્યારેક ક્યારેક ક્રમના વિષયની ચર્ચા કરીએ છીએ. આ પોતે શબ્દપ્રયોગ કર્યો છે કે જે મહાપુરુષોનો માર્ગ છે એનો ક્રમ અમને તો આ પ્રમાણે જણાય છે. અમારો અનુભવ તો આમ બોલે છે, અમને એમ લાગે છે કે આ પ્રકારે ક્રમ છે. આ પ્રકારે ક્રમમાં જીવ પ્રવેશ કરે તો તો એનો વિકાસ થાય એમાં કોઈ સવાલ નથી. અક્રમે સાધવા જાય તો કાંઈ વસ્તુની સિદ્ધિ થતી નથી. કેટલું મધ્યસ્થ રહીને કહ્યું છે !

'મુખ્ય મોક્ષમાર્ગનો ક્રમ આ પ્રમાણે જણાય છે.' આ ક્રમ અમને અનુભવમાં આવ્યો છે. એ સિવાય બીજો રસ્તો અમને કાંઈ દેખાતો નથી. એટલે એમ કે કોઈ જાત્રા કરી લે અને દાન આપી દે અને ઉપવાસ કરી લે અને પોતાની મેળે શાસ્ત્ર વાંચી લે સત્સમાગમ વગર. અમે તો ઘરે ઘણું વાંચીએ છીએ. અમે ઘરે એ જ કામ કરીએ છીએ. એમ કહે. એમ કાંઈ પત્તો લાગે એવું નથી. કેમકે પોતે ક્યાં અર્થનો અનર્થ કરશે ?

પોતાના બુદ્ધિદોષને લઈને, મતિદોષને લઈને કેવી રીતે ભૂલ કરશે ? એ કોઈ પુસ્તક તો એને કહી શકે એવું નથી.

'**વર્તમાનકાળમાં તેવા મહત્પુરુષનો યોગ અતિ દુર્લભ છે.**' આ કાળને વિષે તો આવા મહાનપુરુષનો યોગ મળવો ઘણો દુર્લભ છે. '**કેમકે ઉત્તમ કાળમાં પણ તે યોગનું દુર્લભપણું હોય છે;...**' ચોથા કાળમાં જેનું દુર્લભપણું હોય તો હુંડાવસર્પિણી એવા પંચમકાળમાં એનું દુર્લભથી દુર્લભપણું હોય એ સ્વાભાવિક છે. '**કેમકે ઉત્તમ કાળમાં પણ તે યોગનું દુર્લભપણું હોય છે; એમ છતાં પણ...**' અને દુર્લભપણું હોવા છતાં પણ નિરાશ થવા જેવું નથી.

'**સાચી મુમુક્ષુતા જેને ઉત્પન્ન થઈ હોય,...**' જુઓ ! બધે સાચી મુમુક્ષુતા નાખે છે. જો '**સાચી મુમુક્ષુતા જેને ઉત્પન્ન થઈ હોય, રાત્રિદિવસ આત્મકલ્યાણ થવાનું તથારૂપ ચિતંન રહ્યા કરતું હોય,...**' જુઓ ! સાચી મુમુક્ષુતાનો અર્થ શું ? સાચી મુમુક્ષુતા કોને કહેવી એ વાત એમણે આગળ ચાલતા ખોલી નાખી. '**રાત્રિદિવસ આત્મકલ્યાણ થવાનું તથારૂપ ચિંતન રહ્યા કરતું હોય,...**' એ ચિંતના રહેતી હોય. અરે..રે..! અનંત કાળમાં હજી મેં મારું કલ્યાણ સાધ્યું નથી. મારું આત્મકલ્યાણ કેવી રીતે થાય ? એની ચિંતના જેને રહેતી હોય. એ ચિંતનામાં રહેવાવાળાને પ્રાયે કેટલાક દોષ તો થતા જ નથી. કેટલાક જે વિશેષ અનર્થકારી દોષ છે, જે મુમુક્ષુને પણ ભૂલથી થઈ જાય છે, અણસમજણથી થઈ જાય છે એવા દોષ તો એને ઉત્પન્ન જ થતા નથી.

એવી સાચી મુમુક્ષુતાવાળા જીવને '**તેવા પુરુષને તેવો યોગ પ્રાપ્ત થવો સુલભ છે.**' કેમકે એને તો સત્પુરુષના યોગની ભાવના તીવ્ર રહે છે અને એ ભાવના ફળવાન થયા વિના રહેતી નથી. થોડી વહેલે કે થોડી મોડે પણ એની ભાવના કદી નિષ્ફળ જતી નથી. એટલે એને યોગ પ્રાપ્ત થવો સુલભ છે. અથવા જે જીવ આત્મકલ્યાણને ઝંખે છે એ આત્મકલ્યાણ કહેનારા હોય છે એ એની નજરમાં આવી જાય છે. કોઈને કોઈ હોય છે પણ એની નજરમાં ન આવે ત્યાં સુધી એને મળ્યા એમ કહેવામાં આવતું નથી. કેમકે ધર્મની અને તત્ત્વજ્ઞાનની વાતો તો ઘણાં કરનારા હોય છે અને ઘણોં કરે છે. પણ આત્મકલ્યાણ ખરેખર કેમ થાય એ કહી શકે છે, દર્શાવી શકે છે અથવા પોતે સાધી રહ્યા છે તેથી બીજાને સાધવામાં નિમિત્ત થઈ શકે છે એવી ઓળખાણ જે શોધતો હોય એને થાય છે.

મુમુક્ષુ :- આ પત્ર અમને જ લખ્યો લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે તો એવું જ. મુમુક્ષુને લખેલો છે. મુમુક્ષુ પોતે હોય તો એમ

લાગે કે આ મને જ લખ્યો છે. ખરેખર આ મારા કામની વાત છે.

''આત્માનુશાસન' હાલ મનન કરવા યોગ્ય છે.' 'આત્માનુશાસન' ગ્રંથનું આગળ પણ કોઈને લખ્યું છે. અહીંયાં પણ મનન કરવાનું લખ્યું છે. 'આત્માનુશાસન'. એમના ઉપરનો જ કદાચ પત્ર હોય.

મુમુક્ષુ :- ગુણભદ્રાચાર્ય

પૂજ્ય ભાઈશ્રી :- ગુણભદ્રાચાર્યનો. અહીંયાં આગળ કોને ભલામણ કરી છે એ કહું છું.

મુમુક્ષુ :- 'પોપટલાલ'ને.

પૂજ્ય ભાઈશ્રી :- 'પોપટલાલ મોહકમચંદ'ને. બરાબર. કદાચ એમના જ ઉપરનો પત્ર હોઈ શકે. 'પોપટલાલ મોહકમચંદ' ઉપર. એમને દસ વર્ષનો આંતરો પડી ગયો હતો. ૧૯૪૫ની સાલમાં પ્રથમ પરિચયમાં આવ્યા ત્યારે લક્ષ ન ગયું. એટલે ઉપેક્ષામાં રહી ગયા. દસ વર્ષે ફરીને પાછી કાંઈક આત્મકલ્યાણની વિશેષ ભાવના થઈ ત્યારે પરિચયમાં આવ્યા અને છેલ્લા બે-ત્રણ વર્ષ બરાબર પરિચયમાં રહ્યા. બહુ સારી રીતે પરિચયમાં રહ્યા છે. ઘણી ભક્તિથી પરિચયમાં રહ્યા છે. એ ૫૭ સુધી છેક સીધી પરિચયમાં રહ્યા છે.

મુમુક્ષુ :- 'વડવા' આશ્રમ સ્થાપ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- પછી એમણે ૧૯૭૨માં લગભગ 'વડવા' આશ્રમની સ્થાપના કરી છે.

મુમુક્ષુ :- ૮૮૯માં...

પૂજ્ય ભાઈશ્રી :- એ 'મનસુખલાલ છગનલાલ' વનવાસી શાસ્ત્ર મોકલ્યું છે. 'હાલ 'આત્માનુશાસન' મનન કરશો.' એના ઉપરનો પણ હોઈ શકે.

પત્રાંક-૮૮૮

મુંબઈ, ભાદ્રપદ સુદ ૫, રવિ, ૧૯૫૫

ૐ

જે વચનોની આકાંક્ષા છે તે ઘણું કરીને થોડા વખતમાં પ્રાપ્ત થશે

ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક સત્શ્રુત અને સત્સમાગમ નિરંતર ઉપાસવા યોગ્ય છે.

ક્ષીણમોહ પર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે.

આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવ વડે કિંચિત્ જે અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમાની યાચના છે. શમમ્.

૮૮૮. 'મનસુખલાલ કીરતચંદ' 'મોરબી'ના મુમુક્ષુ ઉપરનો પત્ર છે. '**જે વચનોની આકાંક્ષા છે તે ઘણું કરીને થોડા વખતમાં પ્રાપ્ત થશે.**' કોઈપણ વિષય ઉપર વચનોની માગણી કરી છે. અને એ થોડા વખતમાં પોતે લખી મોકલશે એવું આશ્વાસન આપ્યું છે. '**ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક સત્શ્રુત અને સત્સમાગમ નિરંતર ઉપાસવા યોગ્ય છે.**' સત્શ્રુતની ઉપાસના કરવી પણ ઈન્દ્રિનિગ્રહના અભ્યાસપૂર્વક. બીજું પડખું સાથે સાથે સંભાળવાનું છે. પંચેન્દ્રિયના વિષયોમાં ઉદયકાળે જીવ તીવ્ર રસ લઈ લ્યે અને પાછો નવરો પડે ત્યારે શાસ્ત્ર પણ વાંચે, એ સત્શ્રુતની એ પ્રકારે ઉપાસના થવા યોગ્ય નથી.

એનો અર્થ એ થાય છે કે જે જીવને એ પ્રકારની ઉપેક્ષા, ઉદાસીનતા, નીરસપણું પોતાના ઉદય પ્રસંગોમાં નથી વર્તતું અને છતાં તત્ત્વજ્ઞાનનો શાસ્ત્રના માધ્યમથી અભ્યાસ કરે છે. એને જે વિષયનો એ અભ્યાસ કરે છે એ વિષયની ખરેખર ગંભીરતા જ ભાસી નથી. એમ સમજવા યોગ્ય છે. આ કેટલો ગંભીર વિષય છે કે જેનું અધ્યયન કરતાં, અભ્યાસ કરતાં સહેજે બીજી બાજુના ઉદયના પ્રસંગોમાં નીરસપણું આવી જાય. કેમકે પોતાપણું છોડાવે છે. આ સત્શ્રુત છે એ તો સર્વ અન્ય દ્રવ્યોમાં અને કર્મપ્રસંગોમાં પોતાપણું છોડાવે છે. અને જ્યાં પોતાપણું ન હોય ત્યાં રસ કોને આવે ? રસ તો પોતાનું હોવાને લીધે આવે છે. પારકાના પ્રસંગમાં કોઈને રસ આવે છે ? નહિ આવે.

મુમુક્ષુ :- એમ થાય કે શાસ્ત્રનો અભ્યાસ કરીને થોડું સમજ્યો છું એવું અભિમાન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી તો અનર્થ જ થાય ને ? પછી તો ક્ષયોપશમને લઈને સમજાણુ છે એનું અહંપણું આવ્યા વિના રહે નહિ અને એ બધા બીજા દુર્ગુણોને ઉત્પન્ન કર્યા વગર રહે નહિ.

'**ક્ષીણમોહ પર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે.**' જુઓ! બારમા ગુણસ્થાન સુધી લીધું. ક્યાં સુધી જ્ઞાનીના આજ્ઞાંકિતપણે રહેવું ? કે તું છદ્મસ્થ છો ત્યાં સુધી. ઠીક ! ક્ષીણમોહનો અર્થ શું કર્યો ? કે જ્યાં સુધી છદ્મસ્થ અવસ્થા છે

ત્યાં સુધી જ્ઞાનીની આજ્ઞાએ રહેવું છે. કેવળજ્ઞાની થઈ ગયા પછી તો તું પોતે પરમગુરુ થઈ ગયો. એવી વાત છે. એટલે આ અભિપ્રાયમાં, જ્યારે જીવનો આ પ્રકારનો અભિપ્રાય થાય છે ત્યારે પછી એને ક્યાંય સ્વચ્છંદ થવાનો અવસર આવતો નથી. પછી સ્વચ્છંદ ન આવે. અરે..! મારે તો બારમા ગુણસ્થાન સુધી જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું છે. પછી એને સ્વચ્છંદ થવાનો પ્રશ્ન રહેતો નથી.

'**આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે...**' ભાદરવા સુદ પાંચમ છે ને ? સંવત્સરી. '**આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવ વડે...**' મન, વચન, કાયાના યોગના પ્રમાદને લઈને '**કિંચિત્ જે અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમાની યાચના છે.**' એ પોતે પણ મુમુક્ષુઓને ક્ષમાપના પત્ર લખતા હતા. એ ક્ષમાપના લખીને પત્ર પૂરો કર્યો છે.

પત્રાંક-૮૮૯

મુંબઈ, ભાદ્રપદ સુદ ૫, રવિ, ૧૯૫૫

ૐ

જે વનવાસી શાસ્ત્ર[1] મોકલ્યું છે તે પ્રબળ નિવૃત્તિના યોગમાં સંયત ઇંદ્રિયપણે મનન કરવાથી અમૃત છે.

હાલ 'આત્માનુશાસન' મન કરશો.

આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તો તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ.

ૐ શાંતિઃ

૧. શ્રી પદ્મનંદી પંચવિંશતિ

૮૮૯ છે 'સુખલાલ છગનલાલ' 'વિરમગામ' પ્રત્યે.

મુમુક્ષુ :- આ શમમ્

પૂજ્ય ભાઈશ્રી :- શમમ લખ્યું છે. હા. મારા પરિણામ ઉપશમ થાઓ, મારા બાહ્ય પરિણામો શાંત થાઓ. શમમ્ એટલે શમાય જાઓ. અથવા હું આત્મામાં સમાયને રહું. એમ.

'**જે વનવાસી શાસ્ત્ર મોકલ્યું છે...**' 'પદ્મનંદી પંચવિંશતિ'ને હવે પોતે વનવાસી

શાસ્ત્ર કહે છે. વનમાં જઈને વાંચવા યોગ્ય એવું શાસ્ત્ર. જેનું અધ્યયન કરવા માટે ખાસ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પસંદગી કરવાની વાત લીધી છે. આ એક શાસ્ત્ર માટે એમણે એમ લખ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઊંડાણ ઘણું હતું ને. પોતાના ઉપયોગમાં ઘણું ઊંડાણ હતું. જ્ઞાનીઓ શાસ્ત્ર વાંચે છે ત્યારે લખનારની દશા સુધી પહોંચી જાય છે કે કેવી આત્મરમણતામાં જંગલમાં એકાંતમાં બેસીને આ બધા શાસ્ત્રોની રચના થઈ ગઈ છે. ત્યાં સુધી પહોંચી જાય છે. પોતાને પણ એવી આત્મદશાના સ્મરણથી વિશેષ આત્મદશામાં આવિર્ભાવ થાય છે અથવા ગુણ પ્રગટ થાય છે, પોતાને વિશેષ ગુણ પ્રગટ થાય છે.

'**જે વનવાસી શાસ્ત્ર મોકલ્યું છે તે પ્રબળ નિવૃત્તિના યોગમાં સંયત ઈન્દ્રિયપણે મનન કરવાથી અમૃત છે.**' આ શાસ્ત્ર તો અમૃત છે એમ કહે છે. '**જે વનવાસી શાસ્ત્ર મોકલ્યું છે તે પ્રબળ નિવૃત્તિના યોગમાં...**' એકદમ નિવૃત્ત રહીને વાંચજો એમ કહે છે અને '**સંયત ઈન્દ્રિયપણે...**' એટલે એકદમ ચારે બાજુથી ઉપયોગને સંયમમાં લઈ લઈને મનન કરશો તો અમૃત છે. અજર-અમર થઈ જવાય એવું શાસ્ત્ર છે. 'પદ્મનંદિ પંચવિંશતિ' કેટલા અધિકાર ! ૨૬ અધિકાર લખ્યા છે એમાં ભક્તિના અધિકાર પણ લીધા છે. 'પદ્મનંદી મહારાજે' ભક્તિના અધિકાર પણ લખ્યા છે. એ ભાવનાના અધિકાર વિશેષપણે લખ્યા છે.

મુમુક્ષુ :- દાનનો અધિકાર...

પૂજ્ય ભાઈશ્રી :- દાનનો અધિકાર પણ લખ્યો છે. 'ગુરુદેવ'શ્રી દાનનો અધિકાર એમાંથી વાંચતા હતા. એટલે શાસનના જીવોને અનુલક્ષીને ઉપકારી થાય એ પ્રકારે એ શાસ્ત્રની રચના થઈ છે.

'**હાલ 'આત્માનુશાસન' મનન કરશો. આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ. ૐ શાંતિઃ**' એમને પણ ભાદરવા સુદ પાંચમના જ બધા પત્રો છે. અને એ લગભગ આ બાજુના ૮૯૪ સુધીના પત્રો છે એ ભાદરવા સુદ પાંચમ સુધીનો છે. બધામાં ક્ષમાપનાના એક જ દિવસે બધાને Post card લખેલા છે અને ક્ષમાપના લખી છે.

પત્રાંક-૮૯૦

મુંબઈ, ભાદ્રપદ સુદ ૫, રવિ, ૧૯૫૫

ૐ

શ્રી અંબાલાલ આદિ મુમુક્ષુજનો,

આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તો તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ. ૐ શાંતિઃ

૮૯૦. '**શ્રી અંબાલાલ આદિ મુમુક્ષુજનો,...**' 'ખંભાત'. બધાને સંભારીને સંભારીને ક્ષમાપના લખી છે. ૩૨મું વર્ષ છે ને ? '**આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ. ૐ શાંતિઃ**' એટલે મુમુક્ષુ ભાઈઓ અને મુમુક્ષુ બહેનો પ્રત્યે પોતે ક્ષમાયાચના વ્યક્ત કરી છે.

પત્રાંક-૮૯૧

મુંબઈ, ભાદ્રપદ સુદ ૫, રવિ, ૧૯૫૫

ૐ

તમારા તથા ભાઈ વણારસીદાસ વગેરેના લખેલા કાગળો મળ્યા હતા.

તમારા કાગળોમાં કંઈ ન્યુનાધિક લખાયું હોય એવો વિકલ્પ દર્શાવ્યો તેવું કંઈ ભાસ્યમાન થયું નથી. નિર્વિક્ષિપ્ત રહેશો. ઘણું કરીને અત્ર તેવો વિકલ્પ સંભવિત નથી.

ઈન્દ્રિયોના નિગ્રહપૂર્વક સત્સમાગમ અને સત્શાસ્ત્રથી પરિચિત થજો. તમારા સમીપવાસી મુમુક્ષુઓનો ઉચિત વિનય ઈચ્છીએ છીએ.

ક્ષીણમોહ પર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે. આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તો તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ. શમમ્

પત્રાંક-૮૯૧. 'વણારસીદાસ તુલસીભાઈ' કરીને કોઈ છે. એના ઉપરનો પત્ર છે. ગામ ક્યું છે ? 'વણારસીલાલ તુલસીભાઈ'. પહેલું-વહેલું નામ લગભગ આવ્યું છે. ૮૯૧ છે ને ?

મુમુક્ષુ :- ગામનું નામ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નથી એમ ને ? કોઈ કોઈના નામ લખ્યા છે તો ગામના નથી આવ્યું. ૮૯૧. 'વણારસીદાસ તુલસીભાઈ' ગામનું નામ નથી લખાણું.

'તમારા તથા ભાઈ વણારસીદાસ વગેરેના લખેલા કાગળો મળ્યા હતા. તમારા કાગળોમાં કંઈ ન્યૂનાધિક લખાયું હોય એવો વિકલ્પ દર્શાવ્યો તેવું કંઈ ભાસ્યમાન થયું નથી.' લખનારે એમ લખ્યું છે કે કાંઈક અમારાથી આઘુપાછું લખાઈ ગયું હોય એવું લાગે છે. આપનો વિનય કદાચ નહિ સચવાણો હોય એવું અમને લાગે છે. તો કહે છે, એવું કાંઈ અમને તો લાગ્યુ નથી. **'નિર્વિક્ષિપ્ત રહેશો.'** એટલે તમને ચિત્તમાં વિક્ષેપ થવાની જરૂર નથી. **'ઘણું કરીને અત્ર તેવો વિકલ્પ સંભવિત નથી.'** ઠીક ! કદાચ તમારાથી લખાઈ ગયું હોય તોપણ અમને એવો વિકલ્પ આવે એવી અમારી સ્થિતિ નથી.

'ઈન્દ્રિયોના નિગ્રહપૂર્વક સત્સમાગમ અને સત્શાસ્ત્રથી પરિચિત થજો.' બધે સત્શાસ્ત્રનું અધ્યયન ઈન્દ્રિયોના નિગ્રહપૂર્વક જ લે છે. નહિતર એનો ગુણ થાય નહિ એમ કહે છે. સામાન્ય સંસારી જીવો જે રીતે ઉદયમાં રસથી પ્રવર્તે છે એવા ઉદય પ્રસંગોમાં એમ ને એમ પ્રવર્તે અને શાસ્ત્ર વાંચે મુમુક્ષુ એ વાત પોતે સ્વીકારતા નથી, મંજુર કરતા નથી. સત્શાસ્ત્રનું અધ્યયન કરનારા જીવને બીજું પડખું ભલે એને નાસ્તિનું છે તોપણ એ જો ન સંભાળે તો એનું શાસ્ત્ર અધ્યયન નિષ્ફળ જાય અથવા અવગુણની ઉત્પત્તિનું પણ કારણ થાય. ખાસ લાલબત્તી મૂકી છે.

'ઈન્દ્રિયોના નિગ્રહપૂર્વક સત્સમાગમ અને સત્શાસ્ત્રથી પરિચિત થજો. તમારા સમીપવાસી મુમુક્ષુઓનો ઉચિત વિનય ઈચ્છીએ છીએ. ક્ષીણમોહ પર્યંત...' નમસ્કાર, વિનય એ તો એમનો એક સામાન્ય વ્યવહાર છે. મુમુક્ષુઓને પત્ર લખવાનો એક સામાન્ય વ્યવહાર છે. પછી મુનિઓને નમસ્કાર લખે એમાં કાંઈ મોટી વાત નથી. એ તો એમણે બીજા કોઈ મુમુક્ષુને પત્ર લખતા બીજા મુમુક્ષુને નમસ્કાર લખ્યા છે. **'ક્ષીણમોહ પર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે.'** એ પાછું ત્યાં દોહરાવ્યું છે કે છદ્મસ્થ અવસ્થા સુધી જ્ઞાનીની આજ્ઞામાં રહેવું એ પરમહિતકારી છે.

'આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે તથા તમારા સમીપવાસી બાઈઓ, ભાઈઓ પ્રત્યે કિંચિત્ અન્યથા યોગના પ્રમત્ત સ્વભાવથી થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમા ઈચ્છીએ છીએ.' એમાં પણ 'શમમ્' શબ્દ વાપર્યો છે.

પત્રાંક-૮૯૨

મુંબઈ, ભાદ્રપદ સુદ ૫, રવિ, ૧૯૫૫

ૐ શાંતિઃ

શ્રી ઝવેરચંદ અને રતનચંદ આદિ મુમુક્ષુઓ, કાવિઠાબોરસદ

આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તો તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ. ૐ શાંતિઃ

૮૯૨. '**શ્રી ઝવેરચંદ અને રતનચંદ આદિ મુમુક્ષુઓ, કાવિઠા-બોરસદ.**' 'બોરસદ' તાલુકાનું આ 'કાવિઠા' ગામ છે. અહીંયાં નજીક જ છે. 'અગાસ'થી આ નજીક છે. '**આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે તથા તમારા સમીપવાસી બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્તસ્વભાવ વડે જે કંઈ, કિંચિત્ પણ અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ. ૐ શાંતિ.**'

પત્રાંક-૮૯૩

મુંબઈ, ભાદ્રપદ સુદ ૫, રવિ, ૧૯૫૫

ૐ

કાગળ મળ્યો છે. કોઈ માણસે જણાવેલા સ્વપનાદિ પ્રસંગ સંબંધે નિર્વિક્ષિપ્ત રહેશો, તથા અપરિચયી રહેશો. તે વિષે કંઈ ઉત્તર પ્રત્યુત્તરાદિનો પણ હેતુ નથી.

ઈન્દ્રિયોના નિગ્રહપૂર્વક સત્સમાગમ અને સત્શ્રુત ઉપાસનીય છે.

આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તો તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ. શમમ્

૮૯૩. '**કાગળ મળ્યો છે. કોઈ માણસે જણાવેલા સ્વપ્નાદિ પ્રસંગ સંબંધે નિર્વિક્ષિપ્ત રહેશો, તથા અપરિચયી રહેશો.**' એવા માણસનો પરિચય પણ કરશો નહિ. સ્વપ્ના આવતા હોય અને એ સ્વપ્નાના આધારે કાંઈક કલ્પના ને તર્ક-વિતર્ક કરતા હોય એવા મનુષ્યનો પરિચય પણ કરવા યોગ્ય નથી. લ્યો, આડકતરી રીતે આ શિખામણ

આવી ગઈ. ઘણાંને એવી ટેવી હોય છે. સ્વપના બહુ આવે અને પછી એ સ્વપના આવે એના જુદાં જુદાં અર્થ કર્યા કરે. આ સપનાથી મને તો આમ લાગે છે, આ સ્વપનું આવ્યું હતું તો મને તો આમ લાગે છે. તો કહે છે, એવા જીવોનો પરિચય પણ કરવા જેવો હોતો નથી. ઠીક ! એ અસત્સંગમાં જાય છે અથવા કુસંગમાં જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ જાતની પ્રકૃતિ હોય છે. પણ એ પરિચય કરવા યોગ્ય જીવો નથી.

'**તે વિષે કંઈ ઉત્તર પ્રત્યુત્તરાદિનો પણ હેતુ નથી.**' અને એનો કાંઈ ઉત્તર કે પ્રતિઉત્તર દેવા યોગ્ય નથી. એ વાતને એમ જ અદ્ધરથી છોડી દેવા જેવી છે. જોયું ! સામાન્ય પત્રમાં પણ કેવું માર્ગદર્શન મળી જાય એવી વાત છે ! '**આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે તથા તમારા સમીપવાસી બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવ વડે કિંચિત્ જે અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ.**'

મુમુક્ષુ :- સ્વપના આવતા હોય તો દોષ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ? સપનું આવવું એ તે કાળની કોઈ એવી દશાનું કારણ છે. એ તો અહેતુક છે. જેમ બીજા વિકલ્પ આવે છે એમ સ્વપના પણ એક પ્રકારના નિંદ્રા અવસ્થામાં ઉત્પન્ન થતા વિકલ્પો છે, બીજું કાંઈ નથી. પણ જાગ્રત અવસ્થામાં એ વિકલ્પોની વિચિત્રતા હોય છે એના કરતા... જાગ્રત અવસ્થામાં પણ વિકલ્પોની વિચિત્રતા તો ઘણી છે પણ સ્વપ્ન અવસ્થામાં તો અમર્યાદ એની વિચિત્રતા છે.

જેમકે કોઈ સ્વપનામાં પોતાનું મૃત્યુ જોવે છે. જાગ્રત અવસ્થામાં એ સંભવિત નથી. મૃત્યુનો ભય, મૃત્યુનો વિકલ્પ આવે પણ પોતે પોતાના મરણ પ્રસંગની બધી વિધિ જોતો હોય એવું ક્યાંથી બને ? કેમકે પોતે તો ચાલ્યો ગયો છે. સ્વપન અવસ્થામાં એ બને છે. એ તો વિચિત્ર પ્રકારના જીવના પરિણામ છે. સિવાય બીજું કાંઈ એનું મૂલ્ય છે નહિ. કોઈ મહાન પુરુષોને અમુક કોઈ સાંકેતિક સ્વપના આવે છે એના કોઈ અર્થઘટન હોય છે. એ કોઈ વિશેષ વાત છે.

મુમુક્ષુ :- પરિણતિ બની ગઈ હોય એવા સ્વપ્ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એવા પણ આવે અને નહિ ધારેલા પણ આવે. એનો કોઈ નિયમ નથી. તમે કોઈ પ્રાણી ન જોયું હોય એવું પ્રાણી તમે સ્વપનમાં જોવો. તમે જિંદગીમાં એવી કલ્પના પણ ન કરી હોય, વિચાર પણ ન કર્યો હોય એવું પ્રાણી તમને સ્વપનામાં દેખાય, એવા પ્રસંગો સ્વપનામાં આવે. એનો કોઈ નિયમ નથી. સ્વપનાનો કોઈ નિયમ નહિ. આખરમાં સ્વપનું એ સ્વપનું જ છે એમ સમજો ને. એ કોઈ

વાસ્તવિકતા નથી. એમ છે.

મુમુક્ષુ :- પૂર્વ ઉદય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉદય છે. પૂર્વ ઉદય છે. ઉદયમાં જોડાણ વગર તો બાહ્ય પરિણામ છે જ નહિ.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉદય છે ને. પૂર્વ ઉદય છે, ઉદય ચોક્કસ છે. અનુદય પરિણામ નથી. છે ઉદય પરિણામ એમાં કાંઈ સવાલ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એવા કોઈ તર્કવાળા જીવો હોય છે એ બીજા મુમુક્ષુજીવની વિચારદશાને નિર્બળ થવામાં કોઈને કોઈ પ્રકારે કારણ બને છે અથવા કલ્પનાએ ચડવામાં કારણ બને છે, દર્શનમોહની વૃદ્ધિ થવામાં પણ કારણ બને છે. એવા અનિષ્ટ પ્રકાર જોઈને એનો નિષેધ કર્યો છે કે એવા જીવોનો સંગ કરવો નહિ. અપરિચયી થવું એટલે.. ભાષા બહુ મૃદુ વાપરે છે પણ ચોખ્ખી વાત એ છે કે એવા જીવોનો સંગ કરવા જેવો નથી. એનો સંગ ન કરવો એમ કહે છે.

મુમુક્ષુ :- એવું સ્વપનું આવ્યું એનું ફળ આમ હોવું જોઈએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનું આમ ફળ હોવું જોઈએ અથવા પૂર્વભવમાં આમ હોવું જોઈએ, કાં ભવિષ્યમાં આમ હોવું જોઈએ, ફલાણું આમ હોવું જોઈએ. એ બધું દૂર રહેવા જેવી વાત છે. એ બધા પ્રકારથી મુમુક્ષુ જીવે દૂર રહેવા જેવી વાત છે.

પત્રાંક-૮૯૪

મુંબઈ, ભાદ્રપદ સુદ ૫, રવિ, ૧૯૫૫

ૐ

પરમકૃપાળુ મુનિવરોને નમસ્કાર.

આજ દિવસ પર્યંત તમારા તથા તમારા સમીપ વસતાં બાઈઓ, ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવને લીધે કિંચિત્ પણ અન્યથા થયું હોય તો તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ.

ભાઈ વલ્લભ આદિ મુમુક્ષુઓને ક્ષમાપનાદિ કંઠસ્થ કરવા વિષે આપ યોગ્ય આજ્ઞા કરશો. ૐ શાંતિઃ

૮૯૪ છે 'લલ્લુજી' ઉપરનો. '**પરમકૃપાળુ મુનિવરોને નમસ્કાર.**' આ નમસ્કાર કર્યો એટલે પૂજ્યબુદ્ધિથી કર્યો એમ સમજવાની જરૂર નથી. એ એમની લખવાની એક પદ્ધતિ છે. બીજા મુમુક્ષુઓને પણ નમસ્કાર લખે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- લખતા હોય છે. વડીલોને લખાય, મુમુક્ષુઓને લખે. આપણે બોલવામાં નથી આવતું ? આ ટેલીફોન કરે ત્યારે તમારે હિન્દી પ્રદેશમાં તો વધારે છે. નમસ્કાર બાબુજી ! એમ કહે છે કે નહિ ? એટલે એને કાંઈ પૂજ્યબુદ્ધિથી નમસ્કાર કર્યો ? નાના હોય તોપણ નમસ્કાર કરે. ઓલો નમસ્કાર કરે તો એ પણ સામે એમ જ કહે કે નમસ્કાર. નમસ્કાર બોલે તો કહે નમસ્કાર. બોલવાનો એક વ્યવહાર છે. જેને Tradition કહેવાય. એક જાતની બોલવાની પદ્ધતિ છે.

મુમુક્ષુ :- શિષ્ટાચાર...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શિષ્ટાચાર છે. રૂઢિગત શિષ્ટાચાર જેને કહીએ.

'આજ દિવસ પર્યંત યોગના પ્રમત્ત સ્વભાવને લીધે આપના પ્રત્યે જે કંઈ, કિંચિત્ અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમા યાચીએ છીએ.'

'ભાઈ વલ્લભ આદિ મુમુક્ષુઓને ક્ષમાપનાદિ કંઠસ્થ કરવા વિષે આપ યોગ્ય આજ્ઞા કરશો.' ચાતુર્માસ છે ને ત્યાં લખ્યું હશે. કોઈ હશે બીજા મુમુક્ષુ. '**ૐ શાંતિ.**'

પત્રાંક-૮૯૫

મુંબઈ, આસો, ૧૯૫૫

ૐ

જે જ્ઞાનીપુરુષોને દેહાભિમાન ટળ્યું છે તેને કંઈ કરવું રહ્યું નથી એમ છે, તોપણ તેમને સર્વસંગપરિત્યાગાદિ સત્પુરુષાર્થતા પરમ પુરુષે ઉપકારભૂત કહી છે.

૩૨માં વર્ષનો છેલ્લો પત્ર છે ૮૯૫. 'મનસુખલાલ કીરતચંદ' ઉપરનો છે. '**જે જ્ઞાનીપુરુષોને દેહાભિમાન ટળ્યું છે તેને કંઈ કરવું રહ્યું નથી એમ છે, તોપણ તેમને સર્વસંગપરિત્યાગાદિ સત્પુરુષાર્થતા પરમ પુરુષે ઉપકારભૂત કહી છે.**' પરમપુરુષ એટલે તીર્થંકરદેવ. સર્વજ્ઞ પરમાત્માએ જ્ઞાનીઓને પણ આ ઉપદેશ કહ્યો છે એમ કહે છે. મુમુક્ષુઓને વિશેષે કરીને ઉપદેશનો મોટો ભાગ મુમુક્ષુઓ માટે શાસ્ત્રોમાં છે.

જ્ઞાનીઓને ઉપદેશ આપવાના શાસ્ત્રો થોડા છે. મુમુક્ષઓને, અજ્ઞાનીઓને જ્ઞાની થવાના શાસ્ત્રો ઘણાં છે. કેમકે એની સંખ્યા પણ ઘણી છે અને તે મુમુક્ષુઓ અજાણ્યા છે. માર્ગથી એ અજાણ્યા છે. જ્યારે જ્ઞાનીઓએ માર્ગ જાણ્યો છે, આત્મા જાણ્યો છે, અનુભવ્યો છે. એમને ઉપદેશની એટલી આવશ્યકતા નથી જેટલી આવશ્યકતા મુમુક્ષુઓને છે.

મુમુક્ષુ :- જ્ઞાની પોતે જ શાસ્ત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતે જ શાસ્ત્ર છે. તોપણ તીર્થંકરદેવોએ છદ્મસ્થ જ્ઞાનીઓને પણ ઉપદેશ કર્યો છે.

કહે છે કે જ્ઞાનીઓ કેવા છે ? કે '**દેહાભિમાન ટળ્યું છે.**' જે જ્ઞાનીઓને આત્મામાં આત્મબુદ્ધિ થઈ અને દેહાત્મબુદ્ધિનો નાશ થયો. દેહ તે હું છું એવી બુદ્ધિ હવે રહી નથી. તેને જોકે ખરેખર એક ન્યાયે હવે કાંઈ કરવાનું બાકી રહેતું નથી. એણે કરવાયોગ્ય લગભગ કરી લીધું છે. તોપણ થોડું-અલ્પ બાકી રહ્યું છે તે એ છે કે તેમને પણ સર્વસંગપરિત્યાગ કરવા યોગ્ય છે. અસંગદશામાં રહેવાયોગ્ય છે. સંસારીઓનો સંગ કરવા જેવું નથી એમ કહે છે. ઠીક !

કેમ ? કે એક એવો નય છે જે પર્યાયાર્થિકનયનો નય છે. પર્યાયમાં એવી ક્ષણિક ઉપાદાનની યોગ્યતા છે કે એ ઉપયોગ જ્યાં જ્યાં પરપદાર્થ તરફ જાય ત્યાં ત્યાં તે પરપદાર્થ સંબંધિત સંસ્કાર પોતે જીલે. સંસ્કારનય એને કહ્યો છે. ૪૭ નયમાં એને સંસ્કારનય કહ્યો છે. અને એને દૃષ્ટાંત આપ્યું છે કે જેમ પેન્સિલને અણી કાઢવામાં આવે છે. જ્યારે કાંટો છે એને અણી કાઢવામાં આવતી નથી. એ અસંસ્કારનયે કાંટા જેવો જીવ છે. અને એ જ જીવ સંસ્કારનયે જેને કોઈ સાધનથી અણી કાઢવામાં આવે છે એવો છે. એટલે એ પણ એક નય છે. એ જ્ઞાનીઓના જ્ઞાનમાં છે.

જીવની પર્યાયમાં છદ્મસ્થ અવસ્થા સુધી એ જેના જેના નિવાસમાં અને સંગમાં જાય ત્યાંના સંસ્કાર ગ્રહણ કરવા લાગી જાય છે. આ એની અનાદિની વિપરીત ધર્મની એક પરિસ્થિતિ જોઈને જ્ઞાનીઓને પણ ઉપદેશ આપ્યો છે કે સર્વસંગપરિત્યાગ કરો, અસંગદશામાં રહેવું તો તમને આત્માની આરાધના અને સાધાના સારી રીતે અવિક્ષેપપણે થશે. એવી '**સત્પુરુષાર્થતા...**' અને તેથી પુરુષાર્થ વિશેષ થવાનો અવકાશ થાય. એમ '**પરમ પુરુષે ઉપકારભૂત કહ્યું છે.**' એ વાતને આત્મામાં ગુણ થવાનું કારણ ગણવામાં આવ્યું છે.

હવે જ્ઞાનીઓની વાત લખવાનું મુમુક્ષુને શું કારણ છે ? કે જો જ્ઞાનીને આ ઉપદેશ આપ્યો છે તો તમે તો પરિચય વધારશો નહિ એમ કહેવું છે. મુમુક્ષુએ તો પરિચય

વધારવા યોગ્ય નથી. બને એટલું ઓછામાં ઓછા તીવ્ર રુચિવાન જે જીવો હોય એના સંગમાં અને પરિચયમાં રહેવું. અને કાં જ્ઞાનીના પરિચયમાં રહેવું. વિશેષ પરિચય વધારવા જેવો નથી. અને હંમેશા રુચિવાન મુમુક્ષુઓ તો ઓછા જ હોય છે. એ કાંઈ વધારે સંખ્યામાં મુમુક્ષુ સમાજમાં પણ મળી શકે એવી પરિસ્થિતિ હોતી નથી. એ ૩૨મું વર્ષ પૂરું થયું. છેલ્લા પત્રો લગભગ તો ક્ષમાપનાની મુખ્યતાથી લખાયેલા છે.

પત્રાંક-૮૯૬

મુંબઈ, કારતક, ૧૯૫૬

ૐ

પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું, યથાખ્યાત ચારિત્રથી
પ્રગટેલું એવું પરમ અસંગપણું નિરંતર
વ્યક્તાવ્યક્તપણે સંભારું છું.

આ દુષમકાળમાં સત્સમાગમનો યોગ પણ અતિ દુર્લભ છે, ત્યાં પરમ સત્સંગ અને પરમ અસંગપણાનો યોગ ક્યાંથી બને ?

સત્સમાગમનો પ્રતિબંધ કરવા જણાવે તો તે પ્રતિબંધ ન કરવાની વૃત્તિ જણાવી તો તે યોગ્ય છે, યથાર્થ છે, તે પ્રમાણે વર્તશો. સત્સમાગમનો પ્રતિબંધ કરવો યોગ્ય નથી, તેમ સામાન્ય પણે તેમની સાથે સમાધાન રહે એમ વર્તન થાય તેમ હિતકારી છે.

પછી જેમ વિશેષ તે સંગમાં આવવું ન થાય એવાં ક્ષેત્રે વિચરવું યોગ્ય છે, કે જે ક્ષેત્રે આત્મસાધન સુલભપણે થાય.

પરમ શાંત શ્રુતના વિચારમાં ઈન્દ્રિયનિગ્રહપૂર્વક આત્મપ્રવૃત્તિ રાખવામાં સ્વરૂપસ્થિરતા અપૂર્વપણે પ્રગટે છે.

સંતોષ આર્યા આદિએ યથાશક્તિ ઉપર દર્શિત કર્યું તે પ્રયત્ન યોગ્ય છે.
ૐ શાંતિઃ

વર્ષ ૩૩મું. ૮૯૬મો પત્ર. પત્રનું મથાળું છે. 'લલ્લુજી મુનિ' ઉપરનો પત્ર છે. **'પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું, યથાખ્યાત ચારિત્રથી પ્રગટેલું એવું પરમ અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્તપણે સંભારું છું.'** જુઓ ! ભાવના એમની. પૂર્ણ દશાની ભાવના છે ને એનું સ્મરણ કરે છે. કે **'પરમ વીતરાગોએ...'** એટલે

કેવળીઓએ, તીર્થંકરોએ અને અરિહંતોએ '**આત્મસ્થ કરેલું,...**' આત્મામાં સ્થિર થઈને રહેલા. '**આત્મસ્થ કરેલું, યથાખ્યાત ચારિત્રથી પ્રગટેલું...**' બારમા ગુણસ્થાને પ્રગટ થયેલું એ આત્મસ્થપણું છે કે જે પછી અચંચળપણાને, અસ્થિરપણાને પ્રાપ્ત થતું નથી. સંપૂર્ણ આત્મામાં સ્થિર થયેલું જે યથાખ્યાત ચારિત્ર એટલે જેવો ચારિત્રગુણ છે તેવો જ, યથા એટલે તેવો જ. ખ્યાત એટલે પ્રસિદ્ધ-પ્રગટ થઈ ગયો. એને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે. આત્મામાં પૂર્ણ સ્થિરતા એ યથાખ્યાતચારિત્ર છે. પછી એને કહેવાની જરૂર નથી કે બહારમાં એને કોઈ વિકલ્પ હોય, એ વિકલ્પ અનુસાર કોઈ ક્રિયા થાય એવી ક્રિયા હોય એવું બનતું નથી.

'**આ દુષમકાળમાં સત્સમાગમનો યોગ પણ અતિ દુર્લભ છે,...**' આ દુષમકાળમાં સત્સમાગમનો યોગ પણ અતિ દુર્લભ છે, '**ત્યાં પરમ સત્સંગ અને પરમ અસંગપણાનો યોગ ક્યાંથી બને ?**' જ્યાં આ દુષમકાળમાં સત્સમાગમનો યોગ પણ અતિ દુર્લભ છે ત્યાં પરમ સત્સંગ જ્ઞાનીઓનો અને પરમ અસંગપણું પોતાને ઉત્પન્ન થાય એવું તો ક્યાંથી બને ? એ તો ઘણી દૂરની વાત થઈ જાય છે. સત્સમાગમ પણ મળે એવો યોગ આ કાળમાં દેખાતો નથી. એટલે વધારેમાં વધારે આ કાળમાં કિંમત હોય તો વધારેમાં વધારે સત્સંગની છે. બીજા સંયોગો સુગમ અને સહેલા છે. પ્રાપ્ત થઈ શકવા યોગ્ય છે, સુલભ છે. સત્સંગ સુલભ નથી.

ખાસ કરીને કોઈ મુમુક્ષુઓને બહુ પ્રવૃત્તિ ક્ષેત્રે સંયોગોવશાત જવાનું થાય ત્યારે એ વિચાર ખાસ આવે છે કે સત્સંગ ક્યાંથી મળશે ત્યાં ? પરિસ્થિતિવશ ત્યાં પૈસા મળી જશે પણ સત્સંગ મળશે નહિ. અને એ તો માણસ દેશ-વિદેશ જાય જ છે. વિદેશ સુધી પણ જાય છે. સત્સંગ મળવો એ કોઈ સુલભ નથી. એનું મૂલ્ય ઘણું છે.

'**સત્સમાગમનો પ્રતિબંધ કરવા જણાવે તો તે પ્રતિબંધ ન કરવાની વૃત્તિ જણાવી તો તે યોગ્ય છે, યથાર્થ છે, તે પ્રમાણે વર્તશો.**' સમાજમાંથી એમના ઉપર દબાણ હતું કે તમારે સત્સમાગ કોઈનો કરવો નહિ. ખાસ કરીને 'કૃપાળુદેવ'ના પરિચયમાં ન જવું. અને એમના પરિચયી જે સત્સંગીઓ છે એનો તમારે સમાગમ કરવો નહિ. તમારે અપાસરામાં રહેવું અને આપણા જે ભાઈઓ, બાઈઓ આવે એની સાથે તમારે ગમે તે વાત કરવી. તમારે ઓલી બાજુ ન જાવું. એવો '**પ્રતિબંધ ન કરવાની વૃત્તિ જણાવી તો તે યોગ્ય છે,...**' પ્રતિબંધ કરવા કોઈ જણાવે, આવી રીતે અમને જણાવે છે પણ અમારી વૃત્તિ ના પાડે છે તો એ યોગ્ય છે. એનો નિષેધ આવે છે તે યોગ્ય છે.

સત્સંગ ઉપર કોઈ મૂકે છે તો એ પ્રતિબંધ મુમુક્ષુજીવ મંજૂર કરતો નથી અને એ

નહિ મંજૂર કરવા માટે ગમે તે પરિસ્થિતિ મંજૂર કરે છે. એનો અર્થ આમ છે. કોઈ સત્સંગ ઉપર પ્રતિબંધ મૂકે તો એ સ્થિતિ મંજૂર ન થાય. પછી કહે કે તો પછી અમારે આમ કરવું. તો કહે, એ બધું મંજૂર છે. તમારે આમ ને તમારે તેમ જે કરવું હોય એ કરો. અમને બધું મંજૂર છે. સત્સંગ અમારાથી છોડી શકાય એવું નથી. આ એક મુમુક્ષુજીવનો સર્વથી વધારેમાં વધારે મૂલ્યવાન કોઈ પ્રસંગ હોય કે સ્થાન હોય તો તે સત્સંગ છે મુમુક્ષુ માટે. એટલે એમ કે સત્સંગથી વધારે મૂલ્ય કોઈપણ પ્રસંગને દેવા જેવું નથી. પછી ન ચાલતા સત્સંગના યોગથી દૂર થવું પડે એ બીજી વાત છે. પરવશપણે. પણ સ્વવશપણે મુમુક્ષુનો અભિપ્રાય સત્સંગથી દૂર થવાનો હોઈ શકે નહિ.

એમ કહ્યું કે, પ્રતિબંધ ન કરવાની તમારી વૃત્તિ જણાવી તો તે યોગ્ય છે, તે યથાર્થ અને તે પ્રમાણે જ કરશો. ભલે ગમે તે પરિસ્થિતિ ઊભી થાય. બહુ બહુ તો તમને સંઘાડામાંથી બહાર કાઢશે. એ જ છે ને ? બહુ બહુ તો તમને સંપ્રદાયવાળા નહિ વ્હોરાવે એટલું જ છે ને ? પણ એથી કરીને કાંઈ મૂંઝાવા જેવું નથી. કેમકે બીજા જીવો જે પરિચયમાં આવ્યા હોય છે એ કાંઈ એને ભૂખ્યા-તરસ્યા રહેવા દે છે એવું તો કાંઈ બનવાનું નથી.

'સત્સમાગમનો પ્રતિબંધ કરવો યોગ્ય નથી, તેમ સામાન્યપણે તેમની સાથે સમાધાન રહે એમ વર્તન થાય તેમ હિતકારી છે.' એમની સાથે કોઈ ઉગ્રતાવાળું વર્તન નહિ રાખતા. સામાન્ય શાંતિ રહે એવું વર્તન રાખવું. **'પછી જેમ વિશેષ તે સંગમાં આવવું ન થાય એવા ક્ષેત્રે વિચરવું યોગ્ય છે, કે જે ક્ષેત્રે આત્મસાધન સુલભપણે થાય.'** પછી જેમ વિશેષ તે સંગમાં આવવું ન થાય એવા ક્ષેત્ર એટલે આ કારતક મહિનો આવી ગયો છે, ચાતુર્માસ પૂરા થશે એટલે કોઈ એવા ક્ષેત્રે ચાલ્યું જવું કે પછી એવા સંગમાં આવવાનું ન થાય કે જે લોકો સત્સંગ ઉપર પ્રતિબંધ મૂકતા હોય એમની વચ્ચે રહેવાનું ન થાય. એવા ક્ષેત્રે વિચરવું કે જે ક્ષેત્રે આત્મસધાન સુલભપણે થાય.

'પરમ શાંત શ્રુતના વિચારમાં ઈન્દ્રિયનિગ્રહપૂર્વક આત્મપ્રવૃત્તિ રાખવામાં સ્વરૂપસ્થિરતા અપૂર્વપણે પ્રગટે છે.' આ સ્વરૂપસ્થિરતા અને અપૂર્વભાવ પ્રગટવાનું કારણ છે. **'પરમ શાંત શ્રુતના વિચારમાં ઈન્દ્રિયનિગ્રહપૂર્વક...'** આ શરત જ રાખી છે એમણે. શાસ્ત્ર વાંચવું તો ઈન્દ્રિયનિગ્રહપૂર્વક વાંચવું એમ ને એમ વાંચવું નહિ. આમ છે. લ્યો ! એ તપાસતા જાવું કે જીવના પરિણામ નીરસ થયા છે ? જે ઉદય વર્તે છે એમાં જીવના પરિણામ નિરસ થયા છે ? અવલોકન કરતા જાવું, તપાસતા જાવું તો સત્શાસ્ત્ર વાંચવાનો અધિકાર છે. નહિતર સત્શ્રુત વાંચવાનો અધિકાર નથી.

મુમુક્ષુ :- ... પંચ મહાવ્રતને પાળે છે છતાં આવી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનું કારણ છે. ખાવા, પીવામાં તો રસ જાય ને. બીજો એને ઉદય ન હોય. પણ ખાવા-પીવામાં તો રસ જાય ને ? ખાસ કરીને જે લોકો ત્યાગી હોય, ત્યાગી અવસ્થામાં રહેતા હોય, બ્રહ્મચર્ય પાળતા હોય એટલે બીજી ચાર ઈન્દ્રિયોના વિષયોનો એને બહુ ઉદય પ્રસંગ નથી. પણ પછી શું છે કે એક જ આ જે આહારનો વિષય છે એ જોર કરી જાય છે. લગભગ આ પરિસ્થિતિ થાય છે કે એને રસનાનો વિષય જોર કરી જાય છે. અને એ પાંચેય ઈન્દ્રિયના વિષયમાં જીવના પરિણામને ખેંચી જાય છે. એટલે ખાસ કરીને ભલે ત્યાગી અવસ્થા હોય તોપણ જ્યાં સુધી સમ્યક્ પ્રકારે જીવ સંયમના ગુણસ્થાનમાં પ્રવેશ કરતો નથી એટલે સ્વરૂપસ્થિરતા પૂર્વક વીતરાગતાના સદ્ભાવમાં, ત્યાં સુધી એને બુદ્ધિપૂર્વક પણ એણે એ વાત તપાસવી રહે છે કે મારું સત્શાસ્ત્રનું અધ્યયન છે એ ઈન્દ્રિયનિગ્રહપૂર્વક ચાલે છે કે નહિ ? આ તપાસવું રહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વસો લખ્યું છે. વસોમાં ચોમાસુ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ દબાણ હશે. સમાજના કોઈપણ વ્યક્તિઓનું દબાણ હશે એના ઉપર. સત્સંગ માટેનું દબાણ હશે.

મુમુક્ષુ :- ૮૯૪.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર ૮૯૪.

'સંતોષ આર્યા આદિએ યથાશક્તિ ઉપર દર્શિત કર્યું તે પ્રયત્ન યોગ્ય છે.' એની સાથે કોઈ આર્યા છે એમને પણ પરમશાંત શ્રુતના વિચારમાં ઈન્દ્રિયનિગ્રહપૂર્વક આત્મપ્રવૃત્તિ રાખવામાં અપૂર્વતા પ્રગટે છે એ જાતનો પ્રયત્ન અથવા બીજાના સંગમાં આવવામાં પણ વિવેક કરવો, કોનો સંગ કરવો એ પણ વિવેકપૂર્વક કરજો. એ વાતની એમને પણ ત્યાં સૂચના કરી છે. અહીં સુધી રાખીએ...

જ્યારે સત્પુરુષ પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ થાય છે, ત્યારે સર્વ પ્રાણી પ્રત્યે દાસત્વ આવે છે, અર્થાત્ તે જીવને ભક્તિનું અહ્મ કદી આવતું નથી, પરંતુ ઉલ્ટાનું તેનું માન અત્યંત ગળી જાય છે. **(અનુભવ સંજીવની-૧૪૯૧)**

વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

	ગ્રંથનું નામ તેમજ વિવરણ	મૂલ્ય
૦૧	અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો)	૦૨-૦૦
૦૨	અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો)	અનુપલબ્ધ
૦૩	આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૦૪	અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન)	૧૫૦-૦૦
૦૫	અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૮	અધ્યાત્મ પરાગ -	
૦૯	બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૦	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) -	
૧૧	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) -	
૧૨	ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૩	દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત	૦૨-૦૦
૧૪	દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા)	૦૪-૦૦
૧૫	દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો)	૦૬-૦૦
૧૬	ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન)	૧૦-૦૦
૧૭	દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો)	૧૦-૦૦
૧૮	ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ)	૦૫-૦૦
૧૯	ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૨૦	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૧	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૨	જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૮-૦૦
૨૩	કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦

૨૪	કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૨૫-૦૦
૨૫	કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૩૦-૦૦
૨૬	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૭	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૮	ક્રમબદ્ધપર્યાય -	
૨૯	મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૧૫-૦૦
૩૦	નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)	૧૦-૦૦
૩૧	પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત)	૧૫-૦૦
૩૨	પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત)	૧૧-૨૫
૩૩	પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	અનુપલબ્ધ
૩૪	પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	૨૫-૦૦
૩૫	પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો)	૩૫-૦૦
૩૬	પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો)	૭૫-૦૦
૩૭	પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	૬૫-૦૦
૩૮	પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	-
૩૯	પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ)	૦૩-૦૦
૪૦	પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૬-૦૦
૪૧	પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૪૨	પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૩	પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૮૫-૦૦
૪૪	પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૫	પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૬	પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૭	પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૮	પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૪૯	પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૦	પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૧	પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૨	પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૩	પ્રવચનસાર	અનુપલબ્ધ
૫૪	પ્રચારિસ્તકાય સંગ્રહ	અનુપલબ્ધ
૫૫	પદ્મનંદીપંચવિશતી	-
૫૬	પુરુષાર્થ સિદ્ધિ ઉપાય	અનુપલબ્ધ

૫૭	રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૮	રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૯	રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૬૦	રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૬૧	સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક)	૧૫-૦૦
૬૨	જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો)	૦૬-૦૦
૬૩	સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૬૪	સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૫	સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો)	૩૫-૦૦
૬૬	સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન)	૨૫-૦૦
૬૭	સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૮	સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૩૦-૦૦
૬૯	તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ)	-
૭૦	વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૭-૦૦
૭૧	વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો)	૨૫-૦૦
૭૨	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧)	-
૭૩	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨)	-
૭૪	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩)	-
૭૫	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪)	-
૭૬	યોગસાર	અનુપલબ્ધ
૭૭	ધન્ય આરાધક	-
૭૮	અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૭૯	અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૮૦	છ ઢાળા પ્રવચન (ભાગ-૧)	૨૦-૦૦
૮૧	છ ઢાળા પ્રવચન (ભાગ-૨)	૨૦-૦૦
૮૨	છ ઢાળા પ્રવચન (ભાગ-૩)	૨૦-૦૦
૮૩	મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન)	૨૦.૦૦

૮૪	રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૫	રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૬	રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૭	રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૮	રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૦	રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૧	રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૪	રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૫	રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૬	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૭	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૮	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૯	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦

૧૦૦	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૧	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૨	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૩	રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૪	રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦

श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
उपलब्ध प्रकाशन (हिन्दी)

	ग्रंथ का नाम एवं विवरण	मुल्य
०१	अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल)	–
०२	आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
०३	अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन)	१५०-००
०४	आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा)	५०-००
०५	आत्मअवलोकन	–
०६	बृहद द्रव्यसंग्रह	अनुपलब्ध
०७	द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा)	३०-००
०८	दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन)	०६-००
०९	दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार)	०६-००
१०	धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन)	–
११	दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१२	धन्य पुरुषार्थी	–
१३	धन्य अवतार	–
१४	गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति)	१५-००
१५	गुरु गिरा गौरव	–
१६	जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन)	०८-००
१७	कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१८	कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	३०-००
१९	मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन)	०८-००
२०	मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	–
२१	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन)	१०-००
२२	निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई)	१०-००
२३	परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त)	–
२४	प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई)	०४-००
२५	परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
२६	प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२७	प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२८	प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन)	२०-००
२९	प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन)	२०-००
३०	प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००

३१	प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३२	पथ प्रकाश	२०.००
३३	प्रवचनसार	अनुपलब्ध
३४	प्रंचास्तिकाय संग्रह	अनुपलब्ध
३५	सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक)	१५-००
३६	ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त)	-
३७	सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	१८-००
३८	सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
३९	सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	४०-००
४०	समयसार नाटक	अनुपलब्ध
४१	समयसार कलश टीका	अनुपलब्ध
४२	समयसार	अनुपलब्ध
४३	स्मरण संचिका	२०.००
४४	स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन)	२०-००
४५	तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई)	२०-००
४६	तत्थ्य	अनुपलब्ध
४७	विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन)	१०-००
४८	वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन	२०-००
४९	भगवान आत्मा	२०.००
५०	जिन प्रतिमा जिन सारखी	२०.००
५१.	छः ढाला प्रवचन (भाग-१)	२०.००
५२.	छः ढाला प्रवचन (भाग-२)	२०.००
५३.	छः ढाला प्रवचन (भाग-३)	२०.००
५४.	प्रवचनसुधा (भाग-६)	३०.००

वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

०१	प्रवचनसार (गुजराती)	१५००
०२	प्रवचनसार (हिन्दी)	४२००
०३	पंचास्तिकायसंग्रह (गुजराती)	१०००
०४	पंचास्तिकाय संग्रह (हिन्दी)	२५००
०५	समयसार नाटक (हिन्दी)	३०००
०६	अष्टपाहुड (हिन्दी)	२०००
०७	अनुभव प्रकाश	२१००
०८	परमात्मप्रकाश	४१००
०९	समयसार कलश टीका (हिन्दी)	२०००
१०	आत्मअवलोकन	२०००
११	समाधितंत्र (गुजराती)	२०००
१२	बृहद द्रव्यसंग्रह (हिन्दी)	३०००
१३	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती)	१०००
१४	योगसार	२०००
१५	अध्यात्मसंदेश	२०००
१६	पद्मनंदीपंचविंशती	३०००
१७	समयसार	३१००
१८	समयसार (हिन्दी)	२५००
१९	अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित)	३०००
२०	द्रव्यदृष्टि प्रकाश (गुजराती)	१०,०००
२१	द्रव्यदृष्टि प्रकाश (हिन्दी)	७६००
२२	पुरुषार्थसिद्दिउपाय (गुजराती)	६१००
२३	क्रमबद्धपर्याय (गुजराती)	८०००
२४	अध्यात्मपराग (गुजराती)	३०००
२५	धन्य अवतार (गुजराती)	३७००
२६	धन्य अवतार (हिन्दी)	८०००
२७	परमामगसार (गुजराती)	५०००
२८	परमागमसरा (हिन्दी)	४४००
२९	वचनामृत प्रवचन भाग-१-२-३-४	५०००
३०	अनुभव प्रकाश (हिन्दी)	२०००
३१	निर्भ्रांत दर्शननी केडीए (गुजराती)	५०००
३२	निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी)	७५००

३३	गुरुगुण संभारणा (गुजराती)	३०००
३४	गुरुगुण संभारणा (हिन्दी)	७५००
३५	जिण सासणं सव्वं (गुजराती)	२०००
३६	जिण सासणं सव्वं (हिन्दी)	२०००
३७	द्वादश अनुप्रेक्षा (गुजराती)	२०००
३८	दस लक्षण धर्म (गुजराती)	२०००
३९	धन्य आराधना (गुजराती)	१०००
४०	धन्य आराधना (हिन्दी)	१५००
४१	प्रवचन नवनीत भाग-१-४ (गुजराती)	५८५०
४२	प्रवचन प्रसाद भाग-१-२	२३००
४३	पथ प्रकाश (गुजराती)	२०००
४४	पथ प्रकाश (हिन्दी)	५००
४५	प्रयोजन सिद्धि (गुजराती)	३५००
४६	प्रयोजन सिद्धि (हिन्दी)	२५००
४७	विधि विज्ञान (गुजराती)	२०००
४८	विधि विज्ञान (हिन्दी)	२०००
४९	भगवान आत्मा (गुजरात)	२०००
५०	भगवान आत्मा (हिन्दी)	१५००
५१	सम्यक्ज्ञानदीपिका (गुजराती)	१०००
५२	सम्यक्ज्ञानदीपिका (हिन्दी)	१५००
५३	तत्त्वानुशीलन (गुजराती)	४०००
५४	तत्त्वानुशीलन (हिन्दी)	२०००
५५	बीजुं कांई शोध मा (गुजराती)	४०००
५६	दूसरा कुछ न खोज (हिन्दी)	२०००
५७	मुमुक्षुता आरोहण क्रम (गुजराती)	२५००
५८	मुमुक्षुता आरोहण क्रम (हिन्दी)	३५००
५९	अमृत पत्र (गुजराती)	२०००
६०	अमृत पत्र (हिन्दी)	२५००
६१	परिभ्रमणना प्रत्याख्यान (गुजराती)	१५००
६२	परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी)	४०००
६३	आत्मयोग (गुजराती)	१५००
६४	आत्मयोग (हिन्दी)	३०००
६५	अनुभव संजीवनी (गुजराती)	१०००
६६	अनुभव संजीवनी (हिन्दी)	१०००
६७	ज्ञानामृत (गुजराती)	३५००

६८	ज्ञानामृत (हिन्दी)	१५००
६९	वचनामृत रहस्य (गुजराती)	१०००
७०	वचनामृत रहस्य (हिन्दी)	१०००
७१	दिशा बोध (हिन्दी-गुजराती)	३५००
७२	कहान रत्न सरिता (भाग-१)	१०००
७३	कहान रत्न सरिता (भाग-२)	१०००
७४	कुटुम्ब प्रतिबंध (गुजराती)	१५००
७५	कुटुम्ब प्रतिबंध (हिन्दी)	२५००
७६	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती)	१५००
७७	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी)	२०००
७८	गुरु गिरा गौरव (हिन्दी-गुजराती)	३५००
७९	समयसार दोहन (गुजराती)	७५०
८०	समकितनुं बीज (गुजराती)	१०००
८१	स्वरूपभावना (गुजराती)	१०००
८२	स्वरूपभावना (हिन्दी)	१०००
८३	सुविधि दर्शन (गुजराती)	१०००
८४	सुविधिदर्शन (हिन्दी)	१९००
८५	आत्मसिद्धि शास्त्र पर प्रवचन	१२५०
८६	प्रवचन सुधा (भाग-१) (गुजराती)	१४००
८७	प्रवचन सुधा (भाग-२) (गुजराती)	७५०
८८	प्रवचन सुधा (भाग-३) (गुजराती)	१०००
८९	प्रवचन सुधा (भाग-४) (गुजराती)	१०००
९०	प्रवचन सुधा (भाग-५) (गुजराती)	१०००
९१	प्रवचन सुधा (भाग-६) (गुजराती)	१०००
९२	प्रवचन सुधा (भाग-७) (गुजराती)	७५०
९३	प्रवचन सुधा (भाग-८) (गुजराती)	७५०
९४	प्रवचन सुधा (भाग-९) (गुजराती)	७५०
९५	प्रवचन सुधा (भाग-१०) (गुजराती)	७५०
९६	प्रवचन सुधा (भाग-११) (गुजराती)	७५०
९७	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती)	१०००
९८	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती)	१०००
९९	द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती)	१०००
१००	द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती)	१०००
१०१	राज हृदय (भाग-१) (गुजराती)	१५००
१०२	राज हृदय (भाग-२) (गुजराती)	१५००

१०३ राज हृदय (भाग-३) (गुजराती)	७५०
१०४ अध्यात्मस्धा (भाग-१) (गुजराती)	१०००
१०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती)	१०००
१०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती)	१०००
१०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती)	७५०
१०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती)	७५०
१०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन)	१०००
११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन)	७५०
१११ मुक्तिनो मार्ग (गुजराती)	१०००
११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी)	१०००
११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी)	१०००
११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी)	१०००
११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी)	१०००
११६ धन्य आराधक (गुजराती)	७५०
११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१)	१०००
११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२)	१०००
११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३)	१०००
१२० जिन प्रतिमा जीन सारखी	५००
१२१ स्मरण संचिका	१५००
१२२ दंसण मूलो धम्मो	३५००
१२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी)	१०००
१२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी)	१०००
१२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी)	१०००
१२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी)	१०००
१२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी)	१०००
१२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी)	१०००
१२७ धन्य पुरुषार्थी (गुजराती)	१५००
१२८ धन्य पुरुषार्थी (हिन्दी)	६५००
१२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१)	१०००
१३० राज हृदय (भाग-४) (गुजराती)	५००
१३१ राज हृदय (भाग-५) (गुजराती)	५००
१३२ राज हृदय (भाग-६) (गुजराती)	५००
१३३ राज हृदय (भाग-७) (गुजराती)	१५०
१३४ राज हृदय (भाग-८) (गुजराती)	१५०
१३५ राज हृदय (भाग-९) (गुजराती)	१५०

१३६ राज हृदय (भाग-१०) (गुजराती)	१५०
१३७ राज हृदय (भाग-११) (गुजराती)	१००
१३८ राज हृदय (भाग-१२) (गुजराती)	१००
१३९ राज हृदय (भाग-१३) (गुजराती)	१००
१४० राज हृदय (भाग-१४) (गुजराती)	१००
१४१ राज हृदय (भाग-१५) (गुजराती)	१००
१४२ राज हृदय (भाग-१६) (गुजराती)	१००
१४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती)	१५०
१४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती)	१५०
१४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती)	१५०
१४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती)	१५०
१४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती)	१५०
१४८ अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती)	१५०
१४९ अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती)	१५०
१५० अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती)	१००
१५१ अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती)	१००
१५२ अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती)	१००
१५३ राज हृदय (भाग-१७) (गुजराती)	२००
१५४ राज हृदय (भाग-१८) (गुजराती)	२००

પાઠકોની નોંધ માટે